॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા - ૨૩

# સદ્‌ગુરુ શ્રીભૂમાનંદ સ્વામીની વાતો



-: પ્રસિદ્ધ કર્તા :-

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૨૩

# સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો

(શ્રીહરિલીલામૃતમ્ વાર્તા)

કોરૂ પેજ

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૨૩

# સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો

(શ્રીહરિલીલામૃતમ્ વાર્તા)

સદ્‌ગુરુ શા. સ્વા. પુરૂષોત્તમવલ્લભદાસજી (પ્રભુ સ્વામી-જૂનાગઢ)
દ્વારા સંશોધિત

દક્ષિણ વિભાગ વડતાલ શ્રીલક્ષ્મીનારાયણ દેવ ગાદીના
સનાતન ધર્મમાર્તણ્ડ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્ય શ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રીની**
**આજ્ઞાથી**

**-: સંપાદક એવં પ્રકાશક :-**

શ્રી વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી
મુખ્ય કોઠારીશ્રી ડૉ. શા. સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Litt.)
શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન.

વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી ગ્રંથમાળા-૨૩

**સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો**

(શ્રીહરિલીલામૃતમ્ વાર્તા)

**પ્રકાશક :**

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ

મુ. વડતાલ, તા. નડિયાદ, જી. ખેડા.

ફોન : (0268) 2589728, 2589776. (મો.) 7203092605

**E-mail :** vadtaldhamvikas@gmail.com, **Web :** www.vadtalmandir.org

**પ્રકાશન તિથિ :** વડતાલધામ શ્રીલક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ સં. ૨૦૮૧, તા. ૭ થી ૧૫ નવેમ્બર-૨૦૨૪

**આવૃત્તિ :** ચતુર્થ (૪)

**પ્રત :** ૧,૦૦૦

**કુલ પ્રત :** ૧૦,૦૦૦

**પડતર કિંમત :** ₹૧૪૨/-

**સૌજન્યને આભારી વેચાણ કિંમત :** ₹૭૫/-

**પ્રાપ્તિ સ્થાન :**

શ્રીહરિકૃષ્ણ ધાર્મિક સ્ટોર, વડતાલધામ

ફોન નં. +૯૧ ૭૨૦૩૦૯૨૬૨૦

**મુદ્રક :** શ્રીજી આર્ટ, અમદાવાદ.

(૦૭૯) ૪૦૦૦૬૬૮૬, ૭૬૦૦૦૨૬૬૮૬, ૯૮૭૯૬૦૬૬૮૬


**E-mail :** shreejiart@gmail.com, **Web :** www.shreejiarts.org



આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજ - વડતાલધામ



શ્રી રણછોડરાયજી     શ્રી લક્ષ્મીનારાયણદેવ - વડતાલધામ



સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામી

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥



**सनातन धर्मधुरंधर आचार्य श्री १००८ श्री राकेशप्रसादजी महाराजश्री**

श्री लक्ष्मीनारायण देव दक्षिण देश गादी

संस्थान : वडताल - पीन : ३८७ ३७५

आचार्य जा. र. नं. ૯૯/૨૦૫૦

તા. ૨૦-૧૦-૨૦૨૪

## આશીર્વાદપત્ર

વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ તથા આરાધ્ય ઈષ્ટદેવ શ્રી હરિકૃષ્ણ મહારાજના ચરણકમળથી લિ.વડતાલવાસી શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદીના પીઠાધિપતિ **પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ના શુભાશીર્વાદપૂર્વક જય શ્રી સ્વામિનારાયણ વાંચશો.


સ્વામિનારાયણ ભગવાનના સમકાલીન પરમહંસીય પરંપરાના નંદસંતો માહીં સદ્‌ગુરુવર્ય ભૂમાનંદ સ્વામીજીએ મહારાજની સાથે રહી અને વિશેષમાં ચરોતર દેશમાં વિચરણ કરી અને અનેક જીવોને સત્સંગના રંગે રંગ્યા, તેમજ મહારાજની મહિમા ભરી વાતો કરી; જે વાતોનો સંગ્રહ **શાસ્ત્રી પુરૂષોત્તમવલ્લભદાસજી સ્વામી** (પ્રભુ સ્વામી – જૂનાગઢ) દ્વારા સંશોધિત **"ભૂમાનંદ સ્વામીની વાતો"** નામનો ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો. આ ગ્રંથની **ચતુર્થ આવૃત્તિ**નું પ્રકાશન **શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ** અંતર્ગત વડતાલ મંદિર દ્વારા થઈ રહ્યું છે, તે પ્રશસંનીય કાર્ય છે.

શ્રીહરિના ચરણ કમળમાં પ્રાર્થના કરીએ છીએ કે, આ સેવા કાર્યમાં સંપાદનની સેવા કરી છે એવા શ્રી અમૃતવલ્લભદાસજી સ્વામી (વડતાલ) તેમજ આ સેવા કાર્યમાં તન-મન-ધનથી સેવા કરનાર તમામ પર અવિરત મહારાજની પ્રસન્નતા વરસતી રહે તેવી ભગવાન શ્રીહરિના ચરણમાં પ્રાર્થના સહ અમારા ભાવથી જય શ્રી સ્વામિનારાયણ.

આચાર્ય મહારાજ શ્રી

श्री निलकण्ठ ! हरिकृष्ण ! हरे ! दयालो, स्वामिन् ! परात्परवराक्षर धामवासिन् ॥
हारिप्रसाद ! पुरुषोत्तम ! धर्मपुत्र ! नारायणं सुखनिर्धिप्रणमाम्यह त्वाम् ॥

## સમર્પણમ્



**પાર્ષદવર્ય શ્રી હીરાભગતજી - વડતાલધામ**
**ગુરુ : પુરાણી સ્વામી શ્રી માધવપ્રસાદદાસજી (સાઠીવાળા)**

જેમણે સંપ્રદાયની પાર્ષદ પરંપરાને ગૌરવ અપાવ્યુ છે,
જેમણે ''વડતાલ મારૂ અને હુ વડતાલનો'' સૂત્ર સાર્થક કર્યુ છે,
જેમણે વડતાલ મંદિર સહિત અનેક
હરિમંદિરોનો જીર્ણોદ્ધાર તેમજ નિર્માણ કાર્ય કરાવ્યુ,
વર્ષો સુધી સંધ્યા આરતી અને ચેષ્ટા
અખંડીતતા દ્વારા અનેકને પ્રેરણા આપી,
જેમણે પોતાનાં યોગમાં આવનાર
અસંખ્ય જીવાત્માઓને દિશાનિર્દેશ કરી
દેવસેવાનાં અડીખમ નીડર સૈનિક બનાવી
સંપ્રદાયને નિઃસ્વાર્થભાવે સમર્પિત કર્યા છે.
જેમનો ''રોટલો અને ઓટલો''
આજે પણ શા. નૌતમ સ્વામીજી વિગેરે તેઓના
મંડળમાં અખંડ જીવંત જોવા મળે છે.
શ્રીજી પ્રસાદીની વસ્તુના પારખુ એવા શ્વેત વસ્ત્રધારી
''સંત પાર્ષદવર્ય શ્રી હીરાભગતજીનાં''
કરકમળમાં આ ગ્રંથપુષ્પ અર્પણ કરતા
અમો સહૃદય હર્ષની લાગણી અનુભવીએ છીએ.

**ચેરમેનશ્રી**
પ.પૂ. કો. દેવપ્રકાશદાસજી સ્વામી
વડતાલધામ

**મુખ્ય કોઠારીશ્રી**
શા. સંતવલ્લભદાસજી સ્વામી
વડતાલધામ

## પ્રસ્તાવના

સાહિત્ય સામ્પ્રદાયિક અસ્મિતાનું પ્રમુખ પરિબળ છે. સૌભાગ્યવશાત્ શ્રીસ્વામિનારાયણ સમ્પ્રદાયના ઈતિહાસમાં સાહિત્ય રચનાના અનેક સુવર્ણપૃષ્ઠો આલેખાયેલા છે. પોતાના ઈષ્ટદેવનાં જે જન્મથી કરીને દેહ મૂકવા પર્યંત ચરિત્ર તેનું જે શાસ્ત્ર, તેણે કરીને સંપ્રદાયની પુષ્ટિ થાય છે. (વ.ગ.મ.૫૮મું) શ્રીહરિના આ રહસ્યને મર્મને સમજીને અનેક પરમહંસોએ અપાર સાહિત્ય આપ્યું છે.

ખૂબ જ ટુંકા સમયમાં આપણો સમ્પ્રદાય દુનિયાના ખૂણે ખૂણે પ્રસરી રહ્યો છે. તેની પાછળ મૌલિક આધાર સાહિત્યનો છે. આ સમ્પ્રદાય પાસે એક કરતા વધુ પ્રજ્ઞાપ્રતિભા સમ્પન્ન પ્રકાંડ પંડિતો, કલ્પનાના સહારે નહિ પરંતુ પ્રત્યક્ષાનુભૂતિની અભિવ્યક્તિના સ્વરૂપે કાવ્યકુસુમાંજલિ સર્જતા કવિઓ અને લાલિત્યમય લેખ - ગદ્ય - સર્જન માટે સમર્થ લેખકો હતા અને છે. સમ્પ્રદાયને ફલતઃ સમ્પ્રદાયને વિપુલ સાહિત્યનો ભંડાર પ્રાપ્ત થયો છે.

મહામુનિ સદ્. શ્રી મુક્તાનંદ સ્વામી, આર્ષદ્રષ્ટા સદ્. શ્રી શતાનંદ સ્વામી, બ્રહ્મ બોલના કવિ સદ્. શ્રી બ્રહ્માનંદ સ્વામી, પંડિતાગ્રગણ્ય સદ્. શ્રી નિત્યાનંદ સ્વામી, સદ્. શ્રી વૈરાગ્યમૂર્તિશ્રી નિષ્કુળાનંદ સ્વામી, પ્રેમસખી સદ્. શ્રી પ્રેમાનંદ સ્વામી - દેવાનંદસ્વામી અને ભૂમાનંદ સ્વામી વિગેરે સંતોએ આપણને અમર્યાદિત સાહિત્ય આપ્યું છે, પરંતુ સમય સંજોગવશાત્ તેનું પ્રકાશન ખૂબ જ મર્યાદિત સંખ્યામાં થયું છે.

પ્રત્યક્ષાનુભૂતિના ઓડકાર સ્વરૂપે આલેખાયેલ અને પ્રકાશિત સત્ સાહિત્યને સમ્પ્રદાયનો વિશાળ વાંચકવર્ગ તેને વાંચે છે અને અપ્રકાશિત

સાહિત્યને વાંચવા ઈચ્છે છે, પણ પૂર્વે આલેખાયેલ સાહિત્યનું સંશોધન - સંપાદન ખૂબ જ મુશ્કેલીભર્યુ નહિ તો એવું મહેનતવાળું અને કપરૂં કામ તો છે જ, જે સૌ કોઈ સહેલાઈથી આ કામ કરી શકતા નથી.

પરંતુ આપણે સૌ ભાગ્યશાળી છીએ કે, જૂનાગઢવાસી શ્રી રાધારમણદેવની છત્રછાયામાં એક એવા **પ્રભુ શાસ્ત્રીજી**ના નામે ઓળખાતા સાહિત્ય તત્ત્વાન્વેષી સંત થયા, જેના પુરૂષાર્થના પુણ્ય પ્રતાપે આપણને અનેક અમૂલ્ય ગ્રન્થોની ભેટ મળી છે. તેઓશ્રીએ જ આ ''ભૂમાનંદ સ્વામીની વાતો''ની હસ્તપ્રત પરથી સંશોધન કરીને પ્રથમાવૃત્તિને પ્રસિદ્ધ કરેલી. તેમની અત્રે સાભાર નોંધ સાથે અનુમતિથી આજ આ વાતો પુનર્મુદ્રિત થઈ રહી છે.

ગદ્ય - પદ્યાત્મક શ્રીહરિલીલારસામૃતથી તરબતર થયેલા ગ્રન્થોની સાથે સાથે વાર્તા સાહિત્ય પણ વિશિષ્ટ અસરકારક હોઈ વિપુલમાત્રામાં સર્જાયું છે. વાર્તાગ્રન્થો બહુધા ઉપદેશ પ્રધાન હોય છે પણ સામ્પ્રત પ્રાપ્ત અનેકાનેક વાર્તા ગ્રન્થોમાં આ વાતો અલગ તરી આવતો - અનોખો વાર્તા ગ્રન્થ છે. તેમાં ઉપદેશ નહી પણ શ્રીહરિના લીલાચરિત્રો જ સંગ્રહીત થયા છે અને એ પણ તીથિ તવારીખ સાથે, જાણે કે શ્રીહરિની સંક્ષિપ્ત રોજનીશી જ જોઈ લોને ! વિ.સં. ૧૮૬૨ થી ૧૮૮૫ સુધીની લીલાની નોંધ આ ગ્રન્થમાં લેવાણી છે. અલબત દરેક પ્રસંગ નથી છતાં જેની જેની છે તેની ચોક્કસ નામ - ગામ સાથેની સંદર્ભ સહિત લીલાઓ છે.

આમ શ્રીહરિના ચરિત્રામૃતથી તરબતર આ વાર્તા ગ્રન્થના વાંચનથી દરેક સત્સંગીઓના હૃદયમાં દિવ્યાનંદની અનુભૂતિ સાથે શ્રીહરિના સાક્ષાત્કારનો આનંદ મળશે એવા ઉમદા આશયથી શ્રી લક્ષ્મીનારાયણદેવ પીઠાધિપતિ

**પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજશ્રી**ની આજ્ઞા અને આશીર્વાદથી વડતાલ બોર્ડ કમિટીના ત્યાગી-ગૃહી તમામ સભ્યો દ્વારા આજે જ્યારે સમગ્ર સત્સંગમાં **''શ્રી લક્ષ્મીનારાયણદેવ દ્વિશતાબ્દી મહોત્સવ વડતાલમાં સં. ૨૦૮૧''** નો સોનેરી અવસર આવી રહ્યો છે ત્યારે આ મહામહોત્સવમાં ઉપક્રમે સાહિત્યની અનેક શ્રૃંખલાઓ પ્રકાશિત થઈ રહી છે, એમાં આ **''સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો'' ત્રેવીસ (૨૩) માં પુષ્પરૂપે** પ્રકાશિત કરવાનું નિરધાર્યુ છે. તો કાર્યમાં જેઓએ તન, મન, ધનથી સેવા કરી છે, તે સર્વનું ભગવાન શ્રી હરિ મંગળ વિસ્તારો. એજ પ્રાર્થના સહ જય શ્રી સ્વામિનારાયણ.

| **ચેરમેનશ્રી** | **મુખ્ય કોઠારીશ્રી** |
|---|---|
| પ.પૂ. કો. દેવપ્રકાશદાસજી સ્વામી | શા. સંતવલ્લભદાસજી સ્વામી |
| વડતાલધામ | વડતાલધામ |

## પ્રથમ આવૃત્તિનું નિવેદન

પરમાત્માની પ્રેરણા અને કૃપાથી સાંપ્રદાયિક સાહિત્ય પ્રકાશનની પ્રવૃત્તિ થાય છે. સ.ગુ. ભુમાનંદસ્વામિ લિખિત ''શ્રીહરિલીલામૃતમ્'' નામની એક હસ્ત લિખિત પ્રત અમોને પ્રાપ્ત થઈ. એ પ્રતનું અમોએ તથા અમારા આ સાહિત્ય પ્રકાશનમાં હરહંમેશ સાથે રહેનારા ભાઈ શ્રી ખુશાલ પાટડિયાએ વાંચન કર્યું. ત્યારબાદ ભાઈ શ્રી ખુશાલ પાટડિયાએ તે પરત્વેનો અભિપ્રાય જણાવતા કહ્યું કે આ ગ્રંથનું પ્રકાશન થાય તો જીજ્ઞાસુ ભાવિકોને તેનો જરૂર લાભ મળે.

અમોએ તેઓના આ અભિપ્રાયને અનુમોદન આપી આ શુભ કાર્ય માટે સંમતિ દર્શાવી. દેવનાગરિ લિપિમાં લખાયેલ આ પુસ્તકનાં પદો, વાક્યો વગેરેને સામાન્ય લોકો સમજી શકે તેવી ભાષામાં રૂપાંતર કરવાનું કાર્ય ઘણું કપરું હતું છતાં ભાઈશ્રી ખુશાલ પાટડિયાએ આ કપરા કાર્ય માટે ઉત્સાહપૂર્વક તૈયારી દર્શાવી અને પરિણામ સ્વરૂપ આ પુસ્તક પ્રકાશનનું કાર્ય આરંભિત થયું. લાંબા સમય સુધી મહેનત કરીને તેઓશ્રીએ આ પુસ્તકની પ્રેસકોપી તૈયાર કરી. તે દરમ્યાન તેમાનાં કેટલાક હસ્તલિખિત શબ્દો, તેના અર્થો તથા વાક્યોના સંબંધો સમજવામાં તેઓને જ્યાં જ્યાં શંકા થતી તે શંકાનું નિવારણ તેઓ શબ્દકોષ, સાંપ્રદાયિક ગ્રંથો દ્વારા તેમજ અમોને રૂબરૂ પૂછીને કરતા અને પછી જ તેનું લેખન કાર્ય કરતા. આ રીતે શ્રદ્ધા, ખંત અને ભક્તિભાવથી તેમણે આ પુસ્તકની પ્રેસકોપી તૈયાર કરી છે.

શ્રીહરિની સાથે રહીને શ્રીહરિના ચરિત્રો નજરે નિહાળી પોતાના શ્રેય માટે પોતાના હસ્તે જ એ ચરિત્રો લખનાર સ.ગુ. ભૂમાનંદસ્વામી અને આ પુસ્તકનું વાંચન કરનારા ભગવદ્ ભક્તોની પ્રસન્નતા માટે અમોએ આ પુસ્તકનું પ્રકાશન કરેલ છે.

આ પુસ્તકને જીજ્ઞાસું વાંચકો સુધી પહોંચાડવા માટેનું ઉત્તમ સેવા કાર્ય કરનાર ભાઈશ્રી ખુશાલ પાટડિયા ઉપર ભગવાન સ્વામિનારાયણ તથા તેઓના એકાંતિક સંતો - ભકતોનો રાજીપો હરહંમેશ રહે એજ અભ્યર્થના.

**લી.** પ્રભુશાસ્ત્રીના જય શ્રી સ્વામિનારાયણ

# સદ્ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીનું જીવન ચરિત્ર

**''ભૂમાનંદ પુરાણી દોય, કરે ભક્તિ હરિની સોય''**

**(નંદમાળા - મંજુકેશાનંદજી)**

ભૂમાનંદ નામના બે સંત હતા. તે પૈકીના એક સંત કવિ હતા તે 'મોટા ભૂમાનંદસ્વામી' નામથી પ્રસિદ્ધ હતા. જ્યારે ભૂમાનંદ નામના બીજા જે સંત હતા તે ઉત્તમ કોટિના વિદ્વાન અને કથાવાર્તા કરીને સત્સંગ પ્રચાર કરવામાં કુશળ હતા. નિત્યાનંદસ્વામીના શિષ્ય આ ભૂમાનંદસ્વામી વડતાલ મંદિરમાં રહેતા અને 'નાના ભૂમાનંદસ્વામી' નામથી સત્સંગમાં પ્રસિદ્ધ હતા. શ્રીહરિલીલામૃત ગ્રંથમાં તેની પ્રશસ્તિ આ પદ્યથી કરી છે.

**નિત્યાનંદ તણા સુશિષ્ય સુમતિ જ્ઞાતાજનો સહુ કહે,**
**ભૂમાનંદ મુનિ ભલા ભગવદી વૃત્તાલયે તે રહે ।**
**સાધુતા ગુણ શ્રેષ્ઠ શ્રીહરિતણી લીલા સદા ઉચ્ચરે,**
**બેસીને દ્રઢ આસને પ્રભુ તણું ધ્યાન નિત્ય ધરે ॥**

સ્વામિનારાયણ ભગવાનની સાથે રહીને સ્વામીશ્રીએ શ્રીહરિના જે જીવન પ્રસંગો નજરે નિહાળેલા તથા સંત હરિભક્તોના મુખેથી સાંભળેલા તે જીવન પ્રસંગોનું પોતાને નિત્ય સ્મરણ રહે આવા શુભ હેતુથી તેમણે પોતે જ એક વાર્તા સંગ્રહ ગ્રંથ લખેલ છે. તે વાર્તા સંગ્રહનું 'હરિલીલામૃતમ્' એવું શુભ નામ પોતે જ આપેલ છે. એ વાર્તા સંગ્રહને આ પુસ્તક સ્વરૂપે અમોએ પ્રકાશિત કરેલ છે.

આ ભૂમાનંદસ્વામીના કેટલાક આદર્શ જીવનપ્રસંગો અત્રે આપીએ છીએ.

**ભાગવતી દીક્ષા :** અમદાવાદ હેરની સાલેપરી નામની પોળમાં રહેતા પાટીદાર કડવા પટેલ જ્ઞાતિમાં જન્મેલા ભૂમાનંદસ્વામીનું પૂર્વાશ્રમનું નામ

'કહળાભાઈ' હતું. અમદાવાદના વતની કહળાભાઈ અને તેના ભાઈજી (મોટાબાપુ)ના પુત્ર આ બન્ને મુમુક્ષુઓ તેમના માતાપિતા અને પરિવારજનોનો સંમતિપત્ર લઈને સાધુ થવા માટે અમદાવાદથી ગઢપુર આવ્યા. શ્રીહરિના દર્શન કરીને દંડવત પ્રણામ કરીને તે સંમતિપત્ર શ્રીહરિને આપ્યો અને સાધુ દીક્ષા આપવા માટે વિનંતી કરી. શ્રીહરિએ આ બન્ને મુમુક્ષુઓની યોગ્યતા જોઈને સ.ગુ. નિત્યિાનંદસ્વામીના મંડળમાં રાખ્યા અને યોગ્ય સમયે આ બન્ને મુમુક્ષુઓને ભાગવતી દીક્ષા આપીને કહળાભાઈનું નામ ભૂમાનંદસ્વામી અને તેની સાથે આવેલા મુમુક્ષુને દીક્ષા આપીને તેનું નામ પવિત્રાનંદસ્વામી રાખ્યું.

સાધુ દીક્ષા લીધા બાદ ભૂમાનંદસ્વામીએ સ.ગુ. નિત્યાનંદસ્વામી સાથે રહીને સંસ્કૃત વિદ્યાનો અભ્યાસ કર્યો તથા નિત્યાનંદસ્વામીની સેવા કરીને સ્વામીશ્રીના કૃપાપાત્ર બન્યા.

**બીમાર સંતો ઉપર શ્રીહરિનો અનુગ્રહ :** એક સમયે શ્રીહરિ વડતાલમાં બિરાજમાન હતા. તે સમયે ત્યાં રહેલા વિદ્યાર્થી સંતો કોઈક ચેપી રોગને કારણે બીમાર થયા. શ્રીહરિ તે બીમાર સંતોને દર્શન દેવા તેઓની પાસે ગયા અને તેઓની ખબર અંતર પૂછીને તે બીમાર સંતોની સેવા અને ભોજન વગેરેની વ્યવસ્થા સંબંધમાં તે સંતોને પૂછ્યું. ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું કે અમે બીમાર સંતો ભિક્ષા માંગવા જઈ શકતા નથી અને અમોને રસોઈ કરીને જમાડે તેવા કોઈ સંત છે નહિ માટે તે વ્યવસ્થા થાય તો સારુ. ત્યારે તે બીમાર સંતો ઉપર કરુણાદ્રષ્ટિ કરતા શ્રીહરિએ ભૂમાનંદસ્વામીને કહ્યું કે તમે કોઈ એક સંતને મારે રસોડે મોકલજો. હું મારા થાળમાંથી તમારા સર્વે માટે ભોજનની વ્યવસ્થા કરીશ. તમે ભોજન સંબંધી ચિંતા કરશો નહિ. શ્રીહરિના કહેવાથી ભૂમાનંદસ્વામીએ નારાયણાનંદસ્વામીને શ્રીહરિના રસોડે મોકલ્યા અને

શ્રીહરિએ પોતાના રસોડેથી પોતાના થાળની પ્રસાદી બીમાર સંતો માટે તેઓની સાથે મોકલી અને પોતાનો નિત્ય થાળ બનાવનારને કહ્યું કે તે બીમાર સંતો માટે તમારે નિત્ય મારા થાળમાંથી ભોજન મોકલવું. શ્રીહરિની આજ્ઞાથી રસોઈ કરનાર સેવકે આ વ્યવસ્થા ચાલુ રાખી. આ રીતે પંદર દિવસ સુધી શ્રીહરિએ તે બીમાર સંતોની ભોજન વ્યવસ્થા કરીને વિદ્યાર્થી સંતોને નીરોગી કર્યા. થોડા દિવસ પછી નિત્યાનંદસ્વામી વડતાલ આવ્યા ત્યારે શ્રીહરિએ કહ્યું કે તમારા વિદ્યાર્થી બીમાર થયા હતા. તેમની સેવા કરીને નીરોગી કર્યા છે. હવે ચિંતા કરશો નહિ. આમ, શ્રીહરિ પણ બીમાર સંતોની ખૂબ સંભાળ રાખતા.

**રસોઈકળામાં નિપુણ સ્વામીશ્રી :** સ.ગુ. મુક્તાનંદસ્વામીએ એક સમયે રૂદ્રસ્વરૂપ કાળને તૃપ્ત કરવા માટે શ્રીહરિ, બ્રહ્મચારી, સંત, પાર્ષદોને જમાડવાનો સંકલ્પ કર્યો. સ્વામીશ્રીના સંકલ્પને સિદ્ધ કરવા શ્રીહરિએ મોતૈયા લાડુ અને જલેબી વિગેરે મિષ્ટાન્ન અને ફરસાણ બનાવવાનું આયોજન કર્યું અને તે કાર્ય ભૂમાનંદસ્વામી અને પવિત્રાનંદસ્વામીને સોંપ્યું. તે બન્ને સંતોએ તે માટે સીધા સામગ્રી તૈયાર કરી કંદોઈને બોલાવીને મિષ્ટાન્ન અને ફરસાણ તૈયાર કરાવડાવીને તે બધી સામગ્રી કીડી, મકોડા કે અન્ય જીવજંતુ નુકશાન કરે નહિ તે રીતે સુરક્ષિત સ્થળે રખાવી. બીજે દિવસે સંતોની પંક્તિમાં પિરસવા શ્રીહરિ પધાર્યા ત્યારે તે બધી સામગ્રીને જોઈને તેને તૈયાર કરનાર તે બન્ને સંતો ઉપર શ્રીહરિ ખૂબ પ્રસન્ન થયા.

**બીમાર સંતોની સેવામાં સ્વામીશ્રી :** વડતાલમાં રહેનાર કોઈ સંત બીમાર થાય તેની સેવા-સુશ્રુસાની જવાબદારી શ્રીહરિએ ભૂમાનંદસ્વામી અને દામોદરાનંદસ્વામીને સોંપેલી. તે બન્ને સંતોએ જીવનભર તે જવાબદારી નિભાવીને સંતો અને શ્રીહરિની પ્રસન્નતા મેળવેલી.

**શ્રીહરિ અને સંતોની સેવામાં સ્વામીશ્રી** : એક વખત ગઢપુરથી જૂનાગઢ જતા શ્રીહરિ અને સંતો વાંકીયા ગામમાં રાત્રી રહ્યા. એ પ્રસંગે સવારમાં સંતોને જમાડવા માટે રસોઈ કરવાનું કાર્ય ભૂમાનંદસ્વામી વગેરે સંતોએ કર્યું. સવારે જમીને સંતો અને શ્રીહરિ ચાલ્યા. રસ્તામાં નદી આવી ત્યાં શ્રીહરિએ શૌચવિધિ કર્યો. એ સમયે શ્રીહરિને સ્નાન કરવા માટે ભૂમાનંદસ્વામીએ ગરમ જળ તૈયાર કરીને શ્રીહરિને સ્નાન કરાવ્યું અને પોતાની પાસે જે ભાતું હતું તે શ્રીહરિને જમાડીને શ્રીહરિની પ્રસન્નતા મેળવી.

**સાહસવીર સ્વામીશ્રી** : એક સમયે ગઢપુરમાં વાસુદેવનારાયણના ઓરડાની પાછળ કોઈ વણિકની દુકાનમાં આગ લાગી. તે આગને ઠારવા માટે શ્રીહરિની આજ્ઞાથી સંતો પ્રયત્ન કરતા હતા. તે સમયે ભૂમાનંદસ્વામી સાહસિકતાથી દુકાનમાં મોતીયાનું લાકડું પકડીને ઉપર ચડી ગયા અને ઉપરનો ભાગ ખુલ્લો કરીને પાણી વડે આગને કાબુમાં લીધી. ત્યાર પછી નિત્યાનંદસ્વામીએ નિસરણી લાવીને ભૂમાનંદસ્વામીને નીચે ઉતાર્યા. એ સમયે શ્રીહરિએ કહ્યું કે, તમે કેવી રીતે ઉપર ચડ્યા હતા. ત્યારે ભૂમાનંદસ્વામીએ તે વિષયક બધી વાત કરી. તે સાંભળીને શ્રીહરિ તેઓની ઉપર ખૂબ પ્રસન્ન થયા અને સ્વામીશ્રીની પ્રશંસા કરતાં મોટેરા સંતોને કહ્યું કે, 'આવા સાહસિક શૂરવીર સંતને આપણી સાથે રાખવા. વિપત્તિવેળામાં તે જરૂર સહાયક બને.' એમ કહીને ભૂમાનંદસ્વામીને બાથમાં ભીડીને મળ્યા અને હાર પહેરાવીને સન્માનિત કર્યા.

**વીંછીના દુઃખથી મુક્તિ** : શ્રીહરિ અને સંતો કારીયાણીમાં હતા તે સમયમાં ભૂમાનંદસ્વામીને વીંછી કરડ્યો. તેની વેદના સ્વામીશ્રીને ખૂબજ થતી હતી. તે જોઈને શ્રીહરિએ તરત જ ઘી અને સાકર મંગાવીને સ્વામીશ્રીને ખવડાવીને તેઓને વીંછીના વિષના અસહ્ય દુઃખથી મુક્ત કર્યા.

**કુશળ કારીગર :** શ્રીહરિની આજ્ઞાથી જુદા જુદા સંતો અનેક શાસ્ત્રોની હસ્તલિખિત પ્રતો તૈયાર કરીને શ્રીહરિનો રાજીપો મેળવતા. આ હસ્તલિખિત પુસ્તકના કાગળોને ક્રમશઃ ગોઠવીને તેને પુસ્તક આકારે બાંધવું, મજબૂત આવરણ પૃષ્ઠથી સીવીને પુસ્તકને યોગ્ય આકાર આપવો, આવરણપૃષ્ઠને રંગીન સુતર કે રેશમી પટ્ટીઓથી સુશોભિત કરવું વગેરે કાર્ય કરવામાં ભૂમાનંદસ્વામી કુશળ કારીગર હતા. શ્રીહરિની આજ્ઞા મુજબ હસ્તલિખિત પાનાઓને ક્રમશઃ ગોઠવી તેના નાના મોટા ગુટકા બનાવીને તેના આવરણ પૃષ્ઠો સુશોભિત કરીને ભૂમાનંદસ્વામી શ્રીહરિને આપતા અને શ્રીહરિ તે પુસ્તકો વિદ્યાર્થી અને વિદ્વાન સંતોને આપતા. આ પ્રકારના કાર્ય માટે એક વખત શ્રીહરિએ ભૂમાનંદસ્વામીને પોતાની પાસે રાખેલા. શ્રીહરિની આજ્ઞા મુજબ સ્વામીશ્રી હસ્તલિખિત પુસ્તકોનાં નાના મોટા ગુટકા તૈયાર કરીને શ્રીહરિને આપતા. સ્વામીશ્રીની આ પ્રકારની સેવાથી પ્રસન્ન થયેલા શ્રીહરિ પ્રતિદિન સ્વામીશ્રીને પોતાના થાળની પ્રસાદી આપતા અને તે રીતે સ્વામીશ્રી ઉપર રાજીપો દર્શાવતા.

**મંદિર નિર્માણ કાર્ય :** સોરઠ પ્રદેશના ઉના ગામના નગરશેઠ શ્રી ગણેશ શેઠ મંદિર કરવા માટે પોતાનું મકાન સ્વામીશ્રીને અર્પણ કરેલું. તે મકાનનો મંદિર સ્વરૂપે જરૂરી ફેરફાર કરીને ભૂમાનંદસ્વામીએ તે મંદિરમાં શ્રીહરિના આપેલ બાળસ્વરૂપ લાલજી અને શાલિગ્રામ પધરાવેલા ને તે દેવની સેવા-પૂજા વિધિની સૌ પ્રથમ શરૂઆત કરાવેલી.

**સુપ્રતિષ્ઠિત સંતવર્ય સ્વામીશ્રી :** શ્રીહરિ સ્વધામ પધાર્યા પછીથી જ્યારે જ્યારે કોઈ પણ મહત્વના કાર્યો કરવાના હોય ત્યારે સત્સંગમાં સર્વ પ્રકારે યોગ્ય અને પ્રતિષ્ઠિત સુજ્ઞ સંતોની સંમતિથી જ તે મહત્વના કાર્યોનો નિર્ણય કરવામાં આવતો. એ સમયમાં ભૂમાનંદસ્વામીની ધર્મનિષ્ઠ અને

સુપ્રતિષ્ઠિત સંત તરીકે સત્સંગમાં પ્રસિદ્ધિ હતી. તેના કેટલાક ઉદાહરણો જોઈએ તો-ગોંડલમાં શિખરબદ્ધ મંદિર કરવાનો નિર્ણય થયો ત્યારે ભૂમાનંદસ્વામીની સંમતિ લેવામાં આવેલી તેનો ઉલ્લેખ હરિલીલામૃતમાં આ મુજબ કરાયો છે.

**'હતો તેમાં હુય મુનિજન મળ્યું મંડળ તહા'** (હ.લી. કળશ ૧/૧૦)

સં. ૧૯૨૮ની સાલમાં ગોંડલ મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા પ્રસંગે અન્ય સંતો સાથે ભૂમાનંદસ્વામી પણ હતા તેનો ઉલ્લેખ આ મુજબ છે.

**'લીધો મને ત્યાં પણ તેહ સંગે'** (હ.લી. કળશ ૧/૧૧)

આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે હરિલીલામૃત ગ્રંથ રચવા સમયે પણ ભૂમાનંદસ્વામીની સંમતિ લીધેલી તેનો ઉલ્લેખ આ મુજબ છે.

**'વિજ્ઞાનાનંદ સ્વામી વિદુષજનમણિ, હું હતો તેની પાસે'**

આમ અનેક પ્રસંગોમાં સ્વામીશ્રીને સુપ્રતિષ્ઠિત અને વિદ્વાન જાણીને તેઓની જે તે પ્રસંગોમાં સંમતિ લેવામાં આવતી.

**સત્સંગની દ્રઢતાના આગ્રહી સ્વામીશ્રી :** ભૂમાનંદસ્વામી અને પવિત્રાનંદસ્વામી બન્ને કાકા, મોટાબાપા અને મોશીયાઈ એમ પરસ્પરના સંબંધથી બન્ને ભાઈ હતા તેમજ તે બન્ને સ.ગુ. નિત્યાનંદસ્વામીના શિષ્ય હતા. એક વખત પવિત્રાનંદસ્વામી બીમાર થયા તેથી નડિયાદ રહીને વૈદ્યની દવા લઈને શરીરની સારવાર કરાવતા હતા. એ સમયમાં ભૂમાનંદસ્વામી સ્વામીશ્રીના ખબર અંતર પૂછવા તેઓની પાસે ગયા. ત્યારે પૂર્વાશ્રમના તે બન્ને બંધુઓએ પરસ્પર શ્રીહરિની લીલાઓ તથા મોટા મોટા સંતોનું સ્મરણ કરીને તે સમયના સત્સંગમાં ધર્મનિયમો સંબંધી ચર્ચા કરી ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું કે, શ્રીહરિ ધામમાં ગયા પછી દેશકાળ ખૂબજ વિપરિત થયા છે. ધર્મ નિયમોમાં અને આચાર-વિચારમાં ઘણો જ ફેરફાર થયો છે.

સંપ્રદાય પ્રત્યે ચિંતાતુર ભૂમાનંદસ્વામીની આ વાત સાંભળીને પવિત્રાનંદસ્વામીએ કહ્યું કે, 'સ્વામી ! તમારી વાત સાચી છે પરંતુ આપણે તો આપણા ધર્મનિયમોમાં દ્રઢ નિષ્ઠા રાખીને રહેવું. ધાર્યું તો ભગવાનનું થાય છે. આમ, તે બન્ને સંતો પરસ્પર એકબીજાનો મહિમા સમજીને સત્સંગની દ્રઢતાની વાતો કરતા.

**કથાવાર્તા દ્વારા સત્સંગ પ્રચાર :** પુરાણો, ઇતિહાસો ધર્મશાસ્ત્રો વગેરેનો અભ્યાસ કરીને ભૂમાનંદસ્વામીએ કથાવાર્તા અને સત્સંગ પ્રચારમાં ખૂબ જ કુશળતા પ્રાપ્ત કરેલી. તેથી જ વસો ગામના નિવાસી વાઘજીભાઈ અમીન અને ભૂમાનંદસ્વામીનો સંવાદ હરિલીલામૃતના પ્રારંભમાં વર્ણવેલ છે. વસો ગામના વાઘજીભાઈ અમીન કથાવાર્તા સાંભળવામાં ખૂબજ શ્રદ્ધાવંત હતા. તેઓશ્રી સ.ગુ. ગુણાતીતાનંદ સ્વામીનો સમાગમ કરવા વસોથી જૂનાગઢ જતા તથા પ્રતિવર્ષ પોતાના વતનમાં સંતોને બોલાવીને આદરભાવથી સંતોની કથાવાર્તા સાંભળતા. ભૂમાનંદસ્વામીની કથાવાર્તા સાંભળીને સ્વામીશ્રીની પ્રેરણા મુજબ સત્સંગની સેવા કરીને વાઘજીભાઈએ ભૂમાનંદસ્વામીને પ્રસન્ન કરેલા.

આ રીતે આજીવન સંપ્રદાયની વિવિધ સેવા કાર્યોમાં રત રહેનાર વિદ્વતવર્ય, બ્રહ્મનિષ્ઠ સંત સ.ગુ. ભૂમાનંદસ્વામી **સં. ૧૯૩૮ના ચૈત્ર સુદ-૨ના** દિવસે **વડતાલ** મંદિરમાં પંચભૌતિક દેહ તજીને અક્ષરવાસી થયા. આવા વિરલ સંતવર્યના ચરણમાં શત શત પ્રણામ.

જૂનાગઢ. લેખક – પ્રભુશાસ્ત્રી

વિ.સં. ૨૦૬૦, શરદપૂર્ણિમા

તા. ૨૮/૧૦/૨૦૦૪, ગુરૂવાર

॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

॥ શ્રી હરિકૃષ્ણાય નમો નમઃ ॥

# સદ્‌ગુરુ શ્રી ભૂમાનંદ સ્વામીની વાતો

(શ્રીહરિલીલામૃત)

(અથ લીલા શ્રીજી મહારાજની દેશ ચરોતરની તથા દંઢાવ્યની, કાઠીયાવાડ, હાલાર, સોરઠ, કચ્છ એ સર્વની સંક્ષેપે લખી છે.)

સંવત ૧૮૬૨ના વર્ષે શ્રીજી મહારાજશ્રી ભૂજથી ગામ ભચાઉ થઈને ગામ વાંઢિયે પધાર્યા ને ત્યાં રાત રહીને ચાલ્યાં તે રણ ઉતરીને ગામ **માળીયે** પધાર્યા, ને ત્યાં બજારમાં ઉતર્યા ને લોહાણા ભક્તે ટીમણ લાવી દિધું, તેને પોતે જમ્યા. ને પછી ત્યાંથી ગામ મોરબી પધાર્યા ને ભટ્ટ અભૈદાસની વખારમાં ઉતર્યા. તે ભટ્ટના વાણોતરે થાળ કરીને જમાડ્યા, ને પછી ત્યાંથી એકાદશીને દિવસે ચાલ્યાં તે ગામ **દેવળીયાના** તળાવ ઉપર ઘડી એક બેસીને ગામ **હળવદ** પધાર્યા, ને તળાવ ઉપર ઉતર્યા. તે ગામના બ્રાહ્મણ શિવા જાની આદિ ઘણાક તે તળાવ ઉપર સંધ્યાને કરતા હતા તેમને જોઈને પોતે ઘણા પ્રસન્ન થયા, ને પોતે વેદસ્તુતિનાં ગદ્યને બોલ્યા. તેને સાંભળીને જોષી નારાયણજીએ "આ તો કોઈક મોટા પુરુષ છે." એમ પોતે મનમાં જાણીને શ્રીજી મહારાજને લક્ષ્મીનારાયણનાં મંદિરમાં પધરાવ્યા ને પછી પોતાને ઘેર તેડી ગયો ને આસન પાથરીને તે ઉપર પધરાવ્યા ને પછી જમવાનું પુછ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, "આજ તો એકાદશી કરી છે." ત્યારે બ્રાહ્મણે કહ્યું, "જે ઠીક મહારાજ." પછી ત્યાંથી પોતે બારસને દિવસે ધ્રાંગધ્રે પધાર્યા, ને સથવારાનાં ચોરામાં ઉતર્યા. પછી અવલબાઈએ થાળ કરીને જમાડ્યા ને ત્યાં રાત રહ્યા. તે રાતે ગામ **મેથાણના** હરિભક્ત **કાકા**ભાઈને સ્વપ્ન થયું જે, મહારાજ પગપાળા ચાલ્યા

આવે છે ને પગમાં ફોલ્લા પડ્યા છે. તે સ્વપ્ન સત્ય જાણીને સવારમાં વહેલાં ઉઠીને કાકાભાઈ ઘોડું લઈને મહારાજને સામા ગયા, તે ગામ ગાળાની નદિમાં ભેળા થયા. પછી મહારાજને ત્યાંથી ઘોડે બેસારીને ગામ મેથાણે ગાજતે વાજતે કાળા પુંજાભાઈને ઘેર પધરાવ્યા. ત્યાં પાંચ દિવસ સુધી ફૂલ મંડળી ભરીને ઘણિક લીલા ત્યાં કરીને પછી ત્યાં ગામ હળવદના શુક્લ મકનજી તથા લીલાધર આદિક શ્રીજીમહારાજના આશ્રિત થયા. આવી રીતે ઘણિક લીલા કરીને ત્યાંથી પોતે મેથાણના હરિભક્તનાં ઘોડા, ગાડા સહિત એમને ભેળા લઈને ગામ રામગ્રી પધાર્યા ને પટેલ જીવરાજને ઘેર ઉતર્યા ને ત્યાં એક દિવસ રહીને ગામ ડુમાણે પધાર્યા ને પટેલ વશરામ કુબેરને ઘેર ઉતારો કરીને ત્યાં થાળ જમીને ત્યાંથી ચાલ્યા તે વિરમગામનાં મુનસર તળાવમાં નાહીને ગામ વચ્ચે થઈને ગામ રામપર પધાર્યા ને ત્યાં રાત રહીને ગામ દેતરોજ થઈને ગામ રુદાતલામાં રાત રહીને ત્યાંથી ગામ વિજાપરડે પધાર્યા ને ત્યાં ઠાકોર ખેંગારજી તથા ડુંગરજીને ઘેર ઉતર્યા ને ત્યાં થાળ જમીને ત્યાંથી ગામ ઉંજે પધાર્યા ને તળાવને કાંઠે વડને સમીપે જે ચોતરો તે ઉપર વિરાજમાન થયા ને ત્યાં સર્વ સંતમંડળ આવ્યા તેમને પોતે મળ્યા ને દેશાંતરથી આવ્યા. જે સર્વે હરિજન તેમને દર્શન દઈને આનંદ પમાડતા હવા ને સર્વ સંતને તીર્થમાત્રની વાતું પૂછીને રાજી કર્યા. પછી ત્યાંથી સવારમાં ગાજતે વાજતે ગુલાલ ઉડાડતે ઉડાડતે ગામ સિદ્ધપુરને માર્ગે ચાલ્યા ને ગામ બિલિયાને સિમાડે ગયા ત્યારે ત્યાં એક ગાયનું ટોળું આવ્યું. તે મહારાજને દેખીને સન્મુખ દોડ્યું તે સમીપે આવીને બે ત્રણ પ્રદક્ષિણા કરીને અતિ હેતે કરીને મહારાજની મૂર્તિ સામું જોઈ રહ્યું ને સર્વે સ્થિર થઈ ગયું ને તે ગોવાળ હાકિ હાકિ ફરીને થાક્યો પણ ખસ્યુ નહિ. ત્યારે તે રબારીયે કહ્યું જે આ મારી ગાયું રોકિ રહે નહિ ને હાકિ પણ ખસતી નથી ને સામુ જોઈને સ્થિર થઈ ગઈ છે માટે તમારા સંત મંડળમાં જરૂર શ્રીકૃષ્ણ ભગવાન છે. પછી શ્રીજીમહારાજ તેને હસ્તકમળની સાન કરી તે ગાયું ચાલી નિસર્યું.

આવી રીતે ચમત્કાર દેખાડીને સંતને હરિજન સર્વેને આનંદ આપતાં થકા ચાલ્યા એવા જે શ્રીજીમહારાજ તે જેતે **સંવત્ ૧૮૬૨** (અઢાસોને બાસઠ)માં **મહાવદી ૧૨ (બારસ)**ને દિવસે પ્રથમ **સિદ્ધપુર** પધાર્યા ને સરસ્વતિને કાંઠે

આંબલિયુમાં ઉતર્યા ને ત્યાં સરસ્વતિમાં સ્નાન કરીને નિત્ય વિધિ કરીને પોતે થાળ જમીને સર્વ સંતને જમાડ્યા ને પછી ત્યાં સાંજની સભા કરીને બિરાજમાન થયા ને પછી તે ગામનાં બ્રાહ્મણોને તીર્થના મહિમા સંબંધી ને ધર્મ સંબંધી ને તે તીર્થમાં પાપ કરે તેના પ્રાયશ્ચિત સંબંધી એ સર્વ વાર્તા કરીને સર્વલોકને સુખ આપતા થકા રાત્રિને વિશે પોઢી જાતા હવા. બીજે દિવસે શિવરાત્રીને પોતે જાણીને સર્વ સંતને સર્વ સંઘને સાથે સાથે લઈને ગાજતે વાજતે બિંદુ સરોવરે સવારમાં પધાર્યા ને તે સરોવરને વિષે સંત મંડળ સર્વે તથા સત્સંગી સહિત પોતે નાહિને બ્રાહ્મણોને બહુ પ્રકારની દક્ષિણા આપીને ઉતારે પધાર્યા ને બ્રાહ્મણોની સભા કરીને તેમને ત્રાંબાના ચરુ કરાવીને દાન કર્યું. બીજે દિવસે સંતને સત્સંગી સહિત ગાજતે વાજતે શહેરમાં થઈને વટેશ્વર મહાદેવે પધાર્યા ને ત્યાં દર્શન કરીને બ્રાહ્મણોને ઘોડાનું દાન કરતા હવા ને દર્શન દેતા થકા ને પોતાના ઐશ્વર્યનો પ્રતાપ દેખાડતા થકા ઉતારે પધારતા હવા ને નિત્ય પ્રત્યે રાત્રિને વિષે નારાયણ ધૂન તાલીયુ પાડીને કરાવે તે પ્રાતઃકાળ પર્યંત સુધી કરીને ન્હાવા જાય; એવી રીતે પાંચ દિવસ પર્યંત લીલા કરતા હવા.

પછી બ્રહ્માનંદ સ્વામીના મંડળને લુણાવાડે સત્સંગ કરાવવાની આજ્ઞા કરતા હવા ને નાનાભાઈને, બીજા સર્વ હરિભક્તને પોતાના પુરુષોત્તમપણાંને ગુપ્ત રાખવાને અર્થે એમ કહેતા હવા જે, ‘‘અમને પરમેશ્વર કહેવા નહિ અમને તો તપસ્વિ કહેવા.’’ બીજા સંતમંડળને પણ એવી રીતે ગામોગામ વાર્તા કરવાની આજ્ઞા કરીને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ બિલિયાના હરિભક્તને દર્શન આપીને ગામ ઉંઝે પાછા પધાર્યા. ત્યાં પોતે જમીને તથા સંતને જમાડીને ગામ અઠોરમાં રાત રહ્યા, ને ત્યાં પોતે જમીને તથા સંતને જમાડીને વિશનગર પધાર્યા ને ભીમનાથ મહાદેવમાં ઉતર્યા ને બલદેવ પંડ્યાને ઘેર થાળ જમવા પધાર્યા. તે જમીને ગાજતે વાજતે ઉતારે પધાર્યા ને ત્યાં રાત રહીને ચાલ્યા. તે ગામ મેઉ પધાર્યા ને ભૂખણ ભાવસારે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને ભારે રસોઈ કરાવીને જમાડ્યા ને ચંદન પુષ્પે કરીને પૂજ્યા એવા જે શ્રીહરિ તે રાત રહીને ચાલ્યા. તે ગામ માણસે અસવારીયે સહિત ગાજતે વાજતે પંડ્યા અંબારામને ઘેર પધાર્યા ને ઢોલિયા ઉપર ગાદિ તકીયો નંખાવીને

પધરાવ્યા. પછી ત્યાં થાળ થયો તેને પોતે જમ્યા ને પાર્ષદને જમાડીને ત્યાં બે રાત્રિ રહીને સર્વ હરિજનને સુખ આપતા થકા ચાલ્યા તે ગામ ઉવારસદ પધાર્યા. ત્યાં પોતે જમીને ત્યાં સંતને જમાડીને ચાલ્યા તે ગામ અડાલજની વાવ ઉપર વિરાજમાન થયા. તે વાવમાં પથ્થર ઉપર લખેલા જે અક્ષર તેને પોતે વંચાવીને બોલ્યા જે, " આ વાવમાં, જે મનુષ્ય તથા પશુ તેમણે કામ કર્યું હશે તે સર્વેનું કલ્યાણ થાઓ." એમ કહીને પોતે પાર્ષદ સહિત તે વાવમાં સ્નાન કરીને જળપાન કર્યું ને પછી તે વાવને ચારેકોર ફરીને જોતા થકા તે અક્ષર લખેલા પથ્થર ઉપર પોતે હાથ ફેરતા થકા વાંચીને બોલ્યા જે, "આ વાવ કરાવનાર બાઈ બહુ મુમુક્ષુ છે ને સત્સંગમાં જન્મ લીધો છે." એમ વાર્તા કરીને પોતે વાવને જોઈને બહુ રાજી થઈને પછી ત્યાંથી સાયંકાળે શ્રીનગર મધ્યે વાજતે ગાજતે ચોક્સી હિરાચંદને ઘેર પધાર્યા. ત્યાં કેટલાક દિવસ રહીને હરિજનને અતિ સુખ આપીને ત્યાંથી ગામ અશ્લાલીયે થઈને જેતલપુર ફૂલડોલના સમૈયા ઉપર પધાર્યા ને ગાજતે વાજતે સર્વ હરિભક્તે મંદિરમાં પધરાવ્યા. પછી પોતે ત્યાં રહીને સર્વ દેશમાં કંકોત્રીઓ લખાવીને સર્વે સંતમંડળ તથા હરિભક્તોને તેડાવ્યા તે સાધુ ભાઈરામદાસજી તથા મુક્તાનંદ સ્વામી તથા આનંદાનંદ સ્વામી સર્વે સંતમંડળ આવતા હવા ને પોતે ગામ વહેલાલના પટેલ જેસંગભાઈના પિતા રૂગનાથદાસ માંદા હતા તેમને દર્શન દેવા ગયા હતા તે પાછા વળતા સર્વે બાઈભાઈ હરિભક્તને પ્રસન્ન કરીને ગામડી ગામમાં હરિભક્તને દર્શન આપીને આવતા હતા. **અશ્લાલીથી** જમીને આવતા જે સર્વે સંતમંડળ તેમને શ્રીજીમહારાજ તળાવને ખૂણે જોરા ખાંટના વડને સમીપે ભેળા થયા ત્યારે તે સંત સર્વે દંડવત્ નમસ્કાર કરતા હવા. પછી તે સર્વે સંતમંડળને પોતે મળતા હવા ને સર્વે ભેળા થઈને જેતલપુરનાં મંદિરમાં પધાર્યા ને પાટ ઉપર વિરાજમાન થયા ને સર્વે સત્સંગીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી વાર્તા કરતા હવા. બીજે દિવસે હૂતાસનીનો સમૈયો આવ્યો. તે સમે ગામના સત્સંગી સર્વે રંગના ભારે ભારે રંગાડા ભરીને લાવતા હવા. ને ગુલાલ ને અબીલના ગાડા ભરીને લાવતા હવા. પછી શ્રીજીમહારાજના હાથમાં રૂપાની પિચકારી આપી તથા સંતોને વાંસની પિચકારીઓ આપી. પછી પરસ્પર રંગ નાંખતા હવા. ને ગુલાલને અબીલની ફાંટો ભરીને નાંખતા. તે સમે દેવ વિમાન

ઉપર બેસીને આકાશને વિષે સ્થિર થાતા હવા. ને પુષ્પની વૃષ્ટિ કરીને મહારાજને વધાવતા હવા. ને જય જય શબ્દને કરતા હવા ને તે સમે ભારે શોભા થાતી હવી.

સર્વે સંત તથા સત્સંગીને રંગમાં રસબસ કરીને પોતે અતિ પ્રસન્ન થકા હોરિયું ગાતા તળાવને વિષે ન્હાવા પધાર્યા, ને સર્વ સંત તથા પોતે રંગ ભર્યા તળાવમાં નાહીને મંદિરમાં પધાર્યા. પછી સર્વે સંતોએ મહારાજની પૂજા બહુ પ્રકારે કરી ને કંઠને વિષે પુષ્પના હાર ઘણાક પહેરાવ્યા તથા વસ્ત્ર અલંકાર પહેરાવીને ફૂલનો હિંડોળો બાંધીને મહારાજને તેમાં વિરાજમાન કરીને ઝૂલાવતા હવા. તે દિવસ ગામના હરિભક્તોએ માલપુવાની રસોઈ કરાવી. તેને પોતે જમીને સર્વે સંતને જમાડ્યા ને એવી રીતે ઘણીક લીલા કરીને હૂતાસનીનો સમૈયો કર્યો તેમાંથી દિસ માત્ર લખી છે.

**(ઈતિ બાસઠની હૂતાસની સંપૂર્ણ.)**

પછી ત્યાંથી સવારમાં ચાલ્યા તે ગામ **મછીયાવ** પધાર્યા. ત્યાં થાળ જમીને ગામ **શિયાળ** રાત રહીને ચાલ્યા તે ગામ અડવાલ થઈને ગામ કારીયાણીયે પધાર્યા ને ત્યાં તળાવ ખોદાવતા હવા. ને ત્યાં દેશાંતરથી હરિજનના સંઘ આવે તેમની પાસે તે સેવા ભક્તિ કરાવે. તે પોતે સવારથી તળાવે પધારે તે મધ્યાહ્‌ને થાળ જમવા ગામમાં પધારે. વળી સાંજના સંઘ લઈને કીર્તન ગાતા તળાવે પધારે ને તળાવ ગળાવે. આવી રીતે પંદર દિવસ સુધી લીલા કરતા થકા માંચા ભક્તનાં ફળીયામાં લીંબડાના વૃક્ષ હેઠે સભા કરીને બિરાજીને પોતાના ભક્તજનને સમાધિ કરાવીને બહુ સુખ દેતા હવા. પછી ત્યાંથી મુક્તાનંદ સ્વામી આદિક સંત મંડળને ગામ ધ્રાંગધ્રે મોકલ્યા. ને પોતે ગુજરાતના સંઘને લઈને ગામ ખરડ સુધી વળાવીને સંઘને રજા દઈને પોતે અસવારીયે સહિત ચાલ્યા તે માર્ગમાં હરિભક્તોને દર્શન દેતા થકા દેશ ચરોતરમાં ગામ **બોચાસણમાં કાશીદાસને** ઘેર પધાર્યા. ત્યાં રાત રહીને થાળ જમીને **વરતાલ** પધાર્યા ને પછી **બાપુજીને** ઘેર રાત રહીને ગામ **પીજ** પધાર્યા ને **મકનદાસ**ની ખડકીયે ઉતર્યા ને થાળ જમીને રાત રહ્યા ને ત્યાંથી ગામ **ડભાણ** પધાર્યા ને **વિષ્ણુદાસે** પોતાને ઘેર ગાજતે વાજતે પધરાવ્યા, ને થાળ કરીને જમાડ્યા. ત્યાં રાત રહીને **વસો** પધાર્યા ને શેઠ **ઝવેરે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા

ને ભારે રસોઈ કરાવીને મહારાજને મુનિ મંડળે સહિત સર્વને જમાડ્યા ને મુખવાસ આપીને ચંદન પુષ્પે કરીને પૂજ્યા થકા ત્યાં રાત રહીને ચાલ્યા તે **ચાંગે** થઈને **વરતાલ** પાછા પધાર્યા. જોબન પગીએ ગાજતે વાજતે પોતાની મેડી ઉપર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. તેમની પૂજા અંગીકાર કરીને ગામ ઉમરેઠ પધાર્યા. ઠાકર **નંદુભાઈ**એ ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને ષોડષ ઉપચારે કરીને પૂજા કરીને પછી ભારે પકવાન કરીને તથા વ્યંજન કરીને જમાડ્યા ને સર્વ સંતને જમાડ્યા. આવી રીતે ચાર દિવસ લીલા કરીને ત્યાંથી ગામ **ડડુસર**માં **ગલુજી** આદિક હરિભક્તની સેવાને અંગીકાર કરીને ગામ **સરખેજ**માં પાટીદારને ઘેર રાત રહીને ત્યાંથી ગામ **ધમીજ** પધાર્યા. **વિપ્રશંકરને** ઘેર જમીને ત્યાં રાત રહીને ત્યાંથી ગામ **વાસણા**ના હરિજનની સેવા ગ્રહણ કરીને ગામ **દેગામ** પધાર્યા. પટેલ **ગણેશે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને ત્યાં રાત રહ્યા ને ગંગાડોસીને ઘેર થાળ જમીને ગામ **પ્રાંતિજ** પધાર્યા. **પંડ્યા મયારામ** આદિ સર્વે હરિભક્ત સામૈયું કરીને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરીને જમાડ્યા. ત્યાં સર્વે હરિભક્તની સેવા અંગીકાર કરીને સર્વેને આનંદ ઉપજાવતા થકાં ત્યાં બે-ત્રણ દિવસ રહીને ચાલ્યા તે સાભર ઉતરીને ગામ સંઘ પર થઈને ગામ **વિજાપર** પધાર્યા. **પ્રાગજી ભક્તે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા ને પછી ત્યાં રાત રહ્યા ને ત્યાંથી ગામ ગેરીતે પધાર્યા. પટેલ હરિસંઘે ગાજતે વાજતે પોતાની ખડકીમાં ઉતાર્યા ને ત્યાં થાળ કરાવ્યો તેને પોતે જમીને સર્વ સંતને જમાડ્યા તથા તેની પૂજા અંગીકાર કરીને ગામ **વસઈ** પધાર્યા. ને **પૂંજે ભાવસારે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **મેઉ** પધાર્યા ને **ભુખણ ભાવસારે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને ષોડષ ઉપચારે કરીને પૂજા કરીને પછી થાળ કરાવીને જમાડ્યા. ત્યાંથી ગામ **લાંઘણજ** પધાર્યા ને સામૈયું કરીને **એમે ભાવસારે** પોતાને ઘેર ઉતાર્યા ને થાળ કરાવીને જમાડીને તેણે પૂજા કરી તેને પોતે અંગીકાર કરીને ત્યાંથી ગામ **કરજીસણ** પધાર્યા ને **પટેલ ગોવિંદજીએ** ગાજતે વાજતે ઘણી શોભાએ યુક્ત સામૈયું કરીને શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવ્યા. પછી પોતે મુક્તાનંદસ્વામી આદિક સંત મંડળને ધ્રાંગધ્રે મોકલ્યા હતા તે પણ ગામ કરજીસણ આવતા

હવા. ને સર્વે મહારાજને દંડવત્ પ્રણામ કરતા હવા. તે જોઈને પોતે પણ તે સંતોને દંડવત્ કર્યા. પછી મુક્તાનંદ સ્વામીએ ના પાડી ને ઉપાડી લઈને છાતીમાં ભીડીને મળ્યા. પછી સર્વે સંતને મળીને બહુ રાજી થયા ને સર્વેને પાસે બેસાડીને સમાચાર પૂછતા હવા. પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! ત્યાં તો વેરાગીયે બહુ ઉપાધિ કરીને સર્વ સાધુને લૂંટી લીધા ને ગામમાંથી કાઢી મુક્યા ને સિંહાસન ભાંગી નાખ્યું તે લાલજીની મૂર્તિ લઈ ગયા. પછી અમે હળવદ રાજ પાસે ફરિયાદે ગયા ત્યારે તેણે કાંઈ સહાય ન કરી ને કહ્યું જે, 'અમે કોને કહીએ ? તમે ગાયો ને એ પણ ગાયો.' એમ ઉત્તર આપ્યો પછી અમે તમારી પાસે આવ્યા. તે વાત સાંભળીને પછી પોતે બહુ કચવાઈ ગયા ને કહ્યું જે, ''હવે રાજા કોણ છે ? સર્વે નપુંસક છે ને હવે અસુરનો થોડા દિવસમાં નાશ થશે.'' એમ કહીને પછી પટેલ ગોવિંદજીએ ભારે પાંચ પકવાનની રસોઈ કરાવીને તેડવા આવ્યા, તે સર્વે સંત મંડળને લઈને પોતે જમવા પધાર્યા તે થાળ જમીને સર્વે સંતને જમાડ્યા. પછી ચંદન પુષ્પવતે કરીને શ્રીજીમહારાજની ગોવિંદજીભાઈએ પૂજા કરીને લાભ લેતા હવા.

પછી ત્યાં રાત્રી રહીને બીજે દિવસે મુક્તાનંદસ્વામી તથા સુખાનંદસ્વામીનાં બે મંડળ બાંધ્યા. ને મુક્તાનંદસ્વામીને અમદાવાદ મુક્યા ને સુખાનંદસ્વામીનું મંડળ લઈને ગામ **ડાંગરવે** પોતે પધાર્યા. **પટેલ વેણિદાસે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. સંતમંડળને જમાડીને સુખાનંદ સ્વામીનું મંડળ ત્યાં મૂકીને પોતે ચાલ્યા તે માર્ગમાં હરિભક્તોને દર્શન દેતા થકા શહેર **અમદાવાદ** પધાર્યા ને **નથુ ભટ્ટે** પોતાને ઘેર સૈમૈયું કરીને પધરાવ્યા ને વિવિધ ભાતના પકવાન કરીને થાળ જમાડતા હવા. પોતે જમીને ત્યાં સંતને જમાડીને ત્યાં એક રાત રહીને શ્રીજીમહારાજ ગામ **જેતલપુર** પધાર્યા ને ત્યાંના સર્વે હરિભક્તે સામૈયું કરીને મંદિરમાં ઉતાર્યા ને **આશારામ બ્રાહ્મણને** ઘેર થાળ જમ્યાને સર્વે હરિભક્તને આનંદ પમાડીને ચાલ્યા તે ગામ **ચોસરમાં** પટેલ **ભવાનીદાસને** ઘેર ઉતર્યા ને જમીને ત્યાંથી **ગામડી** ગામે પધાર્યા ને **પટેલ બાપુજી તથા કાકુજી** તથા રઘુનાથદાસ આદિ સત્સંગીએ સામૈયું કરીને ગાજતે વાજતે મંદિરમાં ઉતાર્યા. પટેલ બાપુજીને ઘેર

તથા કાકુભાઈને ઘેર તથા રઘુનાથદાસને ઘેર એ સર્વેને ઘેર થાળ જમ્યા ને તેમની સેવા અંગીકાર કરીને ત્યાંથી ગામ **કણભે** પધાર્યા ને **નાથ ભક્તે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. ત્યાં બે દિવસ રહીને સભા કરીને વિરાજમાન થયા ને ત્યાગ, વૈરાગ્ય ને ધર્મ સંબંધી વાર્તા કરીને અનેક જીવને ભગવાનને વિષે પ્રીત કરાવતા હવા પછી ત્યાંથી શ્રીજીમહારાજ **ભુવાવડી** પધાર્યા ને ત્યાં મુક્તાનંદસ્વામી આદિ સંત હતા તે સામૈયું લઈને સન્મુખ જઈને ગાજતે વાજતે મંદિરમાં પધરાવ્યા. પછી સંત મંડળ સહિત પોતે પટેલની ખડકીમાં રસ રોટલીની રસોઈ થઈ હતી ત્યાં થાળ જમીને સર્વ સંતને જમાડીને પછી પોતે ઢોલીયા ઉપર વિરાજમાન થયા. પછી પટેલ રાઈજીભાઈ શ્રીજીમહારાજના ચરણારવિંદને વિષે ઉર્ધ્વરેખા આદિક ચિહ્ન જોઈને શ્રી પુરુષોત્તમપણાનો નિશ્ચય કરતા હવા. પછી તેમણે વર્તમાન ધરાવ્યા. પછી શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું જે, "તમે સવારમાં આવજો." એમ કહીને પોતે ડુંગરજી આદિ પાળા લઈને ગામ **વહેલાલ** પધાર્યા ને **પટેલ જેસંગભાઈએ** ગાજતે વાજતે પોતાની ખડકી ઉપર વિરાજમાન કર્યા ને પછી પોતે થાળ જમીને સંતમંડળને જમાડીને જેસંગભાઈના બાગમાં પધાર્યા ને ત્યાં સર્વે સંતને જ્ઞાન વાર્તા બહુ કરી જે, "જાગ્રત, સ્વપ્ન, સુષુપ્તિથી પર પોતાના આત્માને સમજવો ને પ્રત્યક્ષ પુરુષોત્તમનારાયણનું મન, કર્મ, વચને કરીને ભજન કરવું." એમ કહીને વળી બીજી પણ અંગની ઘણીક વાર્તા કરતા હવા.

નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ કોઈક સાધુને પોતાના માબાપના કલ્યાણ કરવાની ઈચ્છા રહેતી હવી તે ઉપર શ્રીજીમહારાજે બહુ વાર્તા કરી જે, "જ્યાં જ્યાં દેહ ધર્યા હશે ત્યાં ત્યાં ઘણાક માબાપ કર્યા હશે, માટે જો આ દેહના માબાપનું કલ્યાણ ઈચ્છવું તો તેનું પણ ઈચ્છવું. એમ સમજીને આ દેહના માબાપનો જે સ્નેહ તેનો ત્યાગ કરવો." આ પ્રકારે શ્રીજીમહારાજે ઘણીક વાર્તા કરી તેને સાંભળીને નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંત તે શ્રીજીમહારાજને પગે લાગીને એવી રીતની જે અંતરની ઈચ્છા તેનો ત્યાગ કરતા હવા. મુક્તાનંદસ્વામી તથા ગોવિંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ સંતમંડળને પરમહંસ દીક્ષા આપીને દાસાંત નામ

હતા તે આનંદાંત નામ કર્યા. પછી મુક્તાનંદસ્વામી બોલ્યા જે, ‘‘આ મહાનુભાવાનંદસ્વામી એ બે ભાઈ છે તે બહુ સારા છે.’’ ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘‘બે ભાઈને જુદા જુદા મંડળમાં મૂકવા.’’ એમ કહીને પછી સર્વે પરમહંસને પાંચ પાંચ વ્યક્તિની મંડળી કરીને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરવા હવા. મહાનુભાવાનંદસ્વામીના મંડળને વિશનગર જવાની આજ્ઞા કરતા હવા. તે પછી પોતે **શ્રીનગર** પધાર્યા ને સર્વે હરિભક્તે વાજતે ગાજતે પધરાવ્યા ને બે દિવસ ત્યાં રહીને સર્વેને દર્શન દઈને ગામ **મોટેરે** પધાર્યા. ત્યાંથી ગામ **ઉવારસદ** પધાર્યા ને ત્યાંથી આદરજ આવ્યા. ને ત્યાંથી ગામ **ગેરીતે** પધાર્યા ને સર્વે હરિભક્તે ગાજતે વાજતે પધરાવ્યા. ત્યાં પંદર દિવસ પર્યંત રહીને સંતને કેરીઓ જમાડતા થકા બહુ પ્રકારે લીલા કરીને પછી ત્યાંથી **વિશળનગર** પધાર્યા ને શલાટોની જગ્યામાં ઉતર્યા ને શલાટ તથા બેચર આદિ હરિભક્તોને ઘેર જમતા હવા. તે પછી બ્રાહ્મણ તથા શલાટ તથા વાણિયા તથા ભાવસાર તથા મોઢવાણિયા એ આદિ સર્વે હરિભક્તો શ્રીજીમહારાજને **પિંડરીચા** તળાવ પર્યંત વળાવવા જાતા હવા. પછી પોતે ત્યાંથી **વડનગર** પધાર્યા ને વાંસેથી સંતદાસજી પૂર્વદેશમાંથી આવ્યા તે શુકાનંદસ્વામીના મંડળ ભેળા થયા ને ત્યાં પંદર દિવસ પર્યંત રહ્યા ને પછી શ્રીજીમહારાજને ભેળા થઈને બદ્રિકાશ્રમમાં ગયા. ને મહારાજને વડનગરના હરિભક્તોએ ગાજતે વાજતે તળાવ ઉપર બંગલામાં ઉતાર્યા ને આચારજ વનમાળી આંસકરણને ઘેર થાળ જમવા પધાર્યા. તે જમીને તથા સંતમંડળને જમાડીને ઉતારે પધાર્યા ને બે દિવસ રહીને એવી રીતે લીલા કરીને સર્વની પૂજાને અંગીકાર કરીને **સિદ્ધપુર** પધાર્યા. **ચોપદાર ભગવાનજીયે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યાને જમાડીને લાવ લીધો. પછી બીજે દિવસે સરસ્વતીમાં નાહીને રુદ્રમાળા જોવા પધાર્યા ને તેને જોઈને પોતે બોલ્યા જે આપણે અહિં મંદિર કરાવવું છે. એમ કહીને ઉતારે પધાર્યા ને પછી સર્વ હરિભક્તની સેવાને અંગીકાર કરીને ત્યાંથી **પાટણ** શહેર પધાર્યા. **પુરુષોત્તમ ભાવસારે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. બીજે દિવસ પટેલ ઈચ્છાભાઈને ઘેર થાળ જમ્યા ને ત્યાં રાત રહ્યા.

**(ઈતિ બાસઠની લીલા સંપૂર્ણમ્)**

પછી ત્યાંથી ગામ **ગોત્રકા** મધ્યે સદાવ્રત લઈને ગામ **સાંતલપર** થઈને **આડેશર** થઈને ગામ **આધોઈ** પધાર્યા. **લાધાજીના** દરબારમાં ગાજતે વાજતે પધરાવ્યા ને ષોડશઉપચાર કરીને પૂજા કરીને જમાડ્યા. પછી પોતે ત્યાં બે માસ પર્યંત રહીને કબીર્યા સાથે ચર્ચા કરીને તેમનો પરાભવ કરીને ત્યાંથી ગામ **કંથકોટ** પધાર્યા ને **ઠક્કર મુળજીએ** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવીને લાવ લેતા હવા. ત્યાં કેટલાક દિવસ રહીને લીલા કરીને ગામ **ભચાઉ** પધાર્યા ને હરિભક્તોને દર્શન દઈને ગામ **ખોખરે** હરિજનની સેવાને અંગીકાર કરીને ભુજનગર પધાર્યા. સુતાર રાજ્યકારભારી હીરજીભાઈ તથા સુંદરજીભાઈએ ગાજતે વાજતે પોતાના વંડામાં ઉતાર્યા ને ષોડશઉપચારે કરીને પૂજ્યા થકા ત્યાં રહીને પ્રાગજી દવે પાસે શ્રીમદ્ ભાગવત વંચાવતા હવા. ત્યાં કેટલાક માસ પર્યંત રહેતા હવા ને ત્યાં રહ્યા થકા પોતે બહુ ચમત્કાર દેખાડતા હવા.

એક દિવસ પોતે સભા કરીને વિરાજમાન થયા હતા તે સમે આકાશને વિષેથી એક પક્ષી ઉડીને સામે વરગણી ઉપર આવીને બેઠું. તેને પોતે કૃપાદ્રષ્ટિ કરીને જોયું ત્યારે તે પક્ષી ઉડીને ચરણારવિંદ ઉપર આવીને બેઠુ. પછી પોતે તેની ઉપર હસ્તકમળને ફેરવીને ચપટી વજાડી એટલે તે પક્ષી ઉડીને ઉંચે ચડીને આકાશને વિષે અદ્રશ્ય થઈ ગયું. તેને જોઈને સુંદરજીભાઈ આદિ હરિજને પૂછ્યું જે, "હે મહારાજ ! એ કાંઈ પક્ષી નહિ એતો કાંઈક કારણરૂપ છે. માટે એ તે કોણ હશે?" પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "એ તો બ્રહ્મા હતા તે નિત્યે અમારે દર્શને આવે છે પણ આજ તો પક્ષીરૂપે થઈને સર્વને દેખાણા." આ વાત સાંભળીને તે સભાને વિષે બેઠા જે જન તે સર્વેને શ્રીજીમહારાજને વિષે 'આ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ પોતે છે.' એમ નિશ્ચય કરીને સર્વે આશ્રિત થતા હવા.

પછી સંતદાસજીને પોતે વિશનગરથી આજ્ઞા કરી હતી જે, કામરૂ દેશને વિષે સદ્‌ગુરુનો અવતાર જે દલુજીત તેમને મળી આવો. પછી તે સંતદાસજી ત્યાં દલુજીતને મળીને પાછા વિશળનગરને વિષે સંતમંડળને ભેળા થયા ને પછી તે મંડળે સહિત ત્યાંથી ચાલ્યા તે ભુજનગરને વિષે આવીને મહારાજનાં દર્શન કરતા હવા. તેમજ દેશાંતરને વિષેથી સંતના મંડળ આવીને દર્શન કરતા

હવા. તેમને પોતે મળીને ઘણુ સુખ દેતા થકા, ત્યાં રાખીને પોતે કથા સંભળાવીને ત્યાગ માર્ગની વાર્તા કરતા થકા, ત્યાં એવી રીતે કેટલાક દિવસ લીલા કરીને પછી તે સંતના બે મંડળ ત્રીસ તથા ચાલીસ વ્યક્તિના કરીને; એક મંડળને ગામ બળદીયે જવાની આજ્ઞા કરીને બીજા મંડળને ગામ માનકુવે જવાની આજ્ઞા કરીને ત્યાં પોતે પણ પધાર્યા. ત્યાં સંતમંડળ હતું તેમને માંડવી બંદર જવાની આજ્ઞા કરતા હવા. ને પોતે ત્યાં રહીને સર્વે હરિજનની સેવાને અંગીકાર કરીને પાછા ભુજનગર પધાર્યા ને ત્યાં હીરજીભાઈના વંડામાં કેટલાક માસ પર્યંત રહીને લીલા કરીને પછી પોતે સંતમંડળ પ્રત્યે કહી મેલ્યુ જે, "તમે સર્વે સંત કારીયાણીમાં કથા સાંભળવા સારુ ભેળા થાજો ને અમે પણ ત્યાં આવશું." એમ કહીને પ્રાગજી દવેને મોકલ્યા ને પોતે ન પધાર્યા ને ત્યાં રહ્યા થકા આનંદાનંદસ્વામીને **ચૈત્રી પૂર્ણિમાસિના** ઉત્સવનો સામાન કરવા સારુ **જીર્ણગઢ** મોકલ્યા ને કંકોતરીયો લખીને દેશ દેશના હરિભક્તને ત્યાં બોલાવતા હવા.

ભુજના સુતાર ભગવાનજીએ કીનખાપની ડગલી તથા સુરવાલ તથા માથે બાંધ્યાનું સેલુ તથા કેડે બાંધ્યાનું સેલું એ આદિક વસ્ત્ર તથા ઘરેણા તેણે કરીને મહારાજની પૂજા કરીને સર્વે વસ્ત્ર ધારણ કરાવ્યા ને પછી તે વસ્ત્રને પોતે પહેરીને ત્યાંથી ચાલ્યા તે માર્ગના હરિભક્તોને દર્શન દેતા થકા ને તેમની સેવાને અંગીકાર કરતા થકા ગામ ધોરાજી પધાર્યા. ત્યાં લાલવડ હેઠે પોતે આવીને ઉતર્યા ને ત્યાં ગુજરાતનો સંઘ આવ્યો તેને પોતે દર્શન દઈને પછી તે ગામના હરિભક્ત જીજીભાઈ તથા અજુભાઈ આદિની સેવા અંગીકાર કરીને ચાલ્યાં તે ગામ **જીર્ણગઢ** પધાર્યા. ત્યાં દેશાંતરથી ભેળા થયા જે સંત તથા હરિભક્ત તે સર્વે સન્મુખ આવીને ગાજતે વાજતે શહેર વચ્ચે થઈને **ઝીણાભાઈ**ની મેડીયે પધરાવ્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થઈને તે કીનખાપના વસ્ત્રે સહિત સર્વને દર્શન દેતા હવા. ને ત્યાં બ્રાહ્મણોને તથા સર્વ સંઘને જમાડ્યા ને ત્યાં રહીને પોતે **સંવત્ ૧૮૬૩ની ચૈત્ર પૂર્ણમાસિનો સમૈયો** કરીને પછી ત્યાં સંતની ને પરમહંસદીક્ષા વાળાની વ્યવસ્થા પોતે કરી જે, સંતમંડળને સોરઠમાં ફરવા મેલ્યા ને પરમહંસ મંડળને પોતે ભેળા લઈને ત્યાંથી ગાજતે વાજતે શહેર બાહર પધાર્યા. સર્વે હરિભક્તને દર્શન દઈને ચાલ્યા તે રસ્તામાં આવ્યા જે ગામ, ત્યાંના સર્વે હરિભક્તોને આનંદ ઉપજાવતા

થકા ને તેમની સેવાને અંગીકાર કરતા થકા ગામ **ચુડારાણપર** પધાર્યા. ત્યાંથી **દુર્ગપુર** પધાર્યા ને ગાજતે વાજતે **દાદાખાચરે** પોતાના દરબારમાં પધરાવ્યા ને ષોડશઉપચારે કરીને વિવિધ પ્રકારનો થાળ કરાવીને જમાડ્યા. ત્યાં બે દિવસ રહીને પછી ત્યાંથી કાઠીયાવાડમાં ફરતા ફરતા સર્વ હરિજનને દર્શન દેતા થકા પાછા સોરઠ દેશમાં **ગોંડલ** પધાર્યા. ત્યાનાં હરિજનની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **ધોરાજી** થઈને જીજીભાઈ તથા અજુભાઈ આદિની સેવાને અંગીકાર કરીને **કાલવાણી** પધાર્યા ને ત્યાં સંતમંડળને તેડાવ્યાને ત્યાં થોડાક દિવસ રહીને પછી પોતે સાધુને પરમહંસની દીક્ષા ધારણ કરાવીને તેમનાં પાંચ પાંચના મંડળ કરીને દેશ દેશ પ્રત્યે ફરવા મેલ્યા ને સત્સંગ કરાવ્યાની આજ્ઞા કરતા હવા. એવી રીતે ત્યાં લીલા કરી.

**(ઈતિ ત્રેસઠની લીલા સંપૂર્ણમ્)**

પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **ભાદરે** પધાર્યા ને સૂતાર **વશરામે** ગાજતે વાજતે પોતાની ખડકીયે પધરાવ્યા ને પછી થાળ કરાવી જમાડીને લાવ લેતા હવા. પછી પોતે ત્યાં એક મહિના પર્યંત રહીને સત્સંગમાં વચન પત્ર લખ્યો જે, ‘જે સત્સંગીને સાધુ થાવું હોય તે આ પત્ર વાંચીને **ભાઈ રામદાસજી** પાસે જઈને પરમહંસ થઈને અમારે પાસે આવજો.’ એવી રીતે પત્ર લખીને મોકલ્યો ને પછી પોતે ત્યાંના હરિભક્તોને શ્લોક, કીર્તન તથા વાતુ શિખવતા હવા. ત્યાંથી ભાઈ રામદાસજી તથા ગોવિંદસ્વામી પ્રત્યે જેતલપુર મહારુદ્ર કરવાનો સામાન કરવા સારુ પત્ર લખીને મેલ્યા ને પછી પોતે ત્યાંથી ચાલ્યા તે નિષ્કુળાનંદસ્વામીને સાધુ કરવા સારુ ભેળા લઈને ગામ **પીપળીયે** પધાર્યા ને **પટેલ ગણેશ** કોઠિયે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવીને થાળ જમાડીને ષોડ્શઉપચારે કરી જે પૂજા તેને અંગીકાર કરીને ચાલ્યા, તે માળીયાના રણમાં જાતા પોતાને તરસ લાગી ત્યારે તે પોતા ભેળો હતો જે સેવક; તેને કહ્યું જે, “અમને તરસ લાગી છે તે પાણી પાવો. ત્યારે નિષ્કુળાનંદસ્વામીએ કહ્યું જે, મહારાજ ! પાણી તો મારી પાસે નથી ને આ તો પાણી સર્વે ખારુ છે. પછી પોતે બોલ્યા જે પાણી વિના તો નહિ ચલાય માટે આ પાણીને તમે ચાખી તો જુઓ. ત્યારે તે પાણી નિષ્કુળાનંદસ્વામીએ ચાખી જોયું ત્યારે મીઠું લાગ્યું. પછી તે

પાણી ભરીને શ્રીજીમહારાજને પાયું ને પછી ફરી ને પાણી ચાખી જોયું ત્યારે ખારું લાગ્યું.

એવી રીતે પોતે સેવકને ચમત્કાર દેખાડીને ચાલ્યા તે રણ ઉતરીને ગામ **વાંઢિયે** પધાર્યા ને ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **લાકડીયાને** પાદર નિષ્કુળાનંદસ્વામીને સાધુ કર્યા. પછી ત્યાંથી ગામ **આધોઈ** શહેર પધાર્યા ને ત્યાં દરબાર **લાધાજીયે** ગાજતે વાજતે પોતાના દરબારમાં ઉતર્યા ને ષોડશઉપચારે કરીને પૂજા કરીને જમાડ્યા ને પછી ઢોલિયો ઢાળીને ઉપર વિરાજમાન કર્યા. એવી રીતે પોતે તે સેવાને અંગીકારતા થકા એક માસ પર્યંત રહીને હરિભક્તોને બહુ સુખ આપતા હવા.

એક દિવસ પોતે માળા લઈને બેઠા હતા તે જોઈને હરિભક્તે કહ્યું જે, “હે મહારાજ ! અમે તમારું ભજન કરીએ છીએ ને માળા ફેરવીયે છીએ ને તમે કોનું ભજન કરો છો ને માળા ફેરવો છો ?” પછી પોતે બોલ્યા જે, “અમે ભક્તજનનું ભજન કરીએ છીએ.” એવી રીતે અનેક પ્રકારની લીલા કરીને હરિભક્તોને સુખ આપીને ભચાઉ થઈને પોતે **ભુજનગર** પધાર્યા. હીરજીભાઈ તથા જેઠી ગંગારામભાઈ આદિ હરિજન સન્મુખ જોઈને ગાજતે વાજતે શહેરમાં થઈને પોતાને ઘેર પધરાવ્યા ને એક માસ રહીને લીલા કરીને જ્ઞાન વૈરાગ્યની વાતુ બહુ કરતા હવા. એવી વાતુને સાંભળીને હરિભક્તોએ કહ્યું જે, “હે મહારાજ ! તમે એવી ત્યાગ વૈરાગ્યની વાતું કરો છો તે એવાતો અમે કોઈ વૈરાગ્યવાન દીઠા નહિ.” પછી તે વાત સાંભળીને પોતે બોલ્યા જે, “એવા વૈરાગ્યવાન પણ છે તે તમને દેખાડીશું.” પછી પોતે ગામ ભાદરેથી વચન પત્ર લખીને તેડાવ્યાતા જે સંત નવા તે ત્યાં બે-ચાર દિવસમાં આવ્યા ને મહારાજ ને દંડવત્ કરીને બેઠા. તેમને પોતે પ્રસન્ન થઈને તે સર્વે પરમહંસને મળીને તુલસીભાઈના ઘરમાં ઉતર્યા. તે નવા સંતનો ત્યાગ વૈરાગ્ય જોઈને સર્વે હરિજન વિસ્મયને પામતા હવા. પછી તે સંતને પોતે ઘણાક દિવસ રાખીને બહુ સુખ દેતા હવા ને પછી તે સર્વેને વાતુ કરીને પાછાં ઘેર જવાની આજ્ઞા આપતા હવા. ત્યારે તે નવા પરમહંસે કહ્યું જે, “હે મહારાજ! અમને તમે ભગવા વસ્ત્ર પહેરાવ્યા ને મૂછું ઉતરાવિયું ને હવે ઘેર જવાનું કહો છો તે ઘટતું નથી. માટે

અમે નહિ જઈએ.'' પછી મહારાજે કહ્યું જે, ''તમે અમારે વચને કરીને સંત થયા છો ને અમારે વચને કરીને ઘેર જાવું છે તે માટે વચનમાં સર્વે સુખ રહ્યું છે. માટે વસ્ત્ર ધોળા પહેરીને મૂછું ન રખાવજો ને ઘેર જઈને સુખેથી અમારું ભજન કરજો ને તમારું કલ્યાણ હું નારદ સનકાદિકની હારે કરીશ. માટે તમે સર્વે ઘેર જાઓ.'' પછી તે સર્વે શ્રીજીમહારાજનાં વચન માથે ચડાવીને પોતાને ઘેર ગયા ને સર્વે સાંખ્યયોગીના વર્તમાન જીવનપર્યંત રાખીને ભગવાનને રાજી કર્યા ને જનક વિદેહીનાથી મોટી પદવીઓ પામ્યા.

પોતે એવી રીતે હરિજનને સુખ આપતા થકા ત્યાં એક માસ રહીને પાર્ષદે સહિત માનકુવે પધાર્યા. અદાભાઈ આદિ હરિજને ગાજતે વાજતે પધરાવ્યા ને ત્યાં પંદર દિવસ રહીને ઘણું સુખ દઈને ત્યાંથી ગામ કેરે પધાર્યા. તે ગામની સમીપે સજીવન પાણી ઉપર થઈને વહે છે તે કુંડને વિષે પોતે નાહીને સદાબાને ઘેર પાર્ષદે સહિત જમવા પધાર્યા. જમીને તેમની સેવા અંગીકાર કરીને ગામ **બળદિયે** પધાર્યા ને પટેલ **ગંગાદાસને** ઘેર થાળ જમીને તેમને સુખ દઈને ગામ **ગજોડ** પધાર્યા ને સુતાર ધનજીભાઈએ ગાજતે વાજતે પધરાવ્યા ને થાળ જમાડીને પૂજા કરીને લાવો લીધો. તે હરિજનની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા તે ગામ **માંડવી** બંદર પધાર્યા. ત્યાંના હરિભક્તે ગાજતે વાજતે શહેરમાં ફેરવીને તળાવને કાંઠે વડની હેઠે ઉતાર્યા. ત્યાં રહીને દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખાવીને સર્વે પરમહંસોને તેડાવ્યા ને ત્યાં પોતે રહ્યા થકા લક્ષ્મીનાથ ભટ્ટ પાસે કથા વંચાવતા હવા ને વિશેષ પણે કરીને તો વેદાંતની વાર્તા કરતા હવા. પછી મુક્તાનંદસ્વામીને, બ્રહ્માનંદસ્વામીને, નિત્યાનંદસ્વામીને, મહાનુભાવાનંદસ્વામી આદિ મોટા મોટા સંતને અધ્યાત્મ શાસ્ત્ર ભણવાની આજ્ઞા કરતા હવા.

એક દિવસ પોતે બ્રહ્માનંદસ્વામીને કહ્યું, ''તમે કહો તો સર્વે પરમહંસને ધૂળ નંખાવું ને તમે કહો તો લાડુ જમાડું.'' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, ''ધૂળ તો દુરિજન સર્વે ઠેકાણે નાંખે છે પણ લાડુ જમાડો તો બહુ સારું. મહારાજ પછી પોતે એક દિવસ વડના વૃક્ષ તળે રેતીનો ઓટો કરાવીને તે ઉપર બ્રહ્માનંદસ્વામીને બેસારીને પોતે હેઠા બેઠા. પછી વેદાંતિ મનુષ્ય જે

આવે તેને પોતે વેદાંતની વાર્તાયે કરી પરાજય કરતા હવા. પછી વેદાંતિમાં મુખ્ય એવો જે ખયો ખત્રી તે આવ્યો. તે વેદાંતના શ્લોક બોલતો બોલતો આવીને બેઠો. પછી વેદાંતના અતિ ઝીણા એવા પ્રશ્નો ઉપર પ્રશ્ન પૂછતો હવો. પછી તેને મહારાજે કહ્યું જે, ‘‘લ્યો ! અમે તમારા પ્રશ્નના ઉત્તર કરીએ ને અમને નહિ આવડે ત્યારે અમારા ગુરુ ઉત્તર કરશે.’’ એમ કહીને પોતે ઉત્તર કરવા માંડ્યા. તે એકદમ સર્વેના ઉત્તર કર્યા ને પછી તેનાં પ્રશ્નની પુષ્ટિ કરીને તેમાંથી તેને પ્રશ્ન પૂછતા હવા. પછી તેમાં તેની નજર પહોંચી નહિ ને કહ્યું જે, ‘‘હે મહારાજ ! તેનો ઉત્તર તમે કરો.’’ પછી તેનો ઉત્તર પણ પોતે જ કર્યો. તેને જોઈને અતિ વિસ્મયને પામીને સુખી થઈને બોલ્યો, ‘‘હે મહારાજ ! તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ પરબ્રહ્મ પરમાત્મા કહીયે તે તમે છો. કેમ જે, મારા પ્રશ્નનો ઉત્તર ભલ ભલા વેદાંતિ આવી ગયા પણ કોઈથી થઈ શક્યો નથી ને મારા શિષ્ય થઈને ગયા છે પરંતુ તમે તો મારા પ્રશ્નના ઉત્તર કરીને મારા મનની વૃત્તિ તમારી મૂર્તિને વિષે ખેંચી લીધી. માટે સહજાનંદસ્વામી તો તમે છો પણ આ ઉંચા બેઠા એ બાવો નહિ. પછી બ્રહ્માનંદસ્વામી ઉતરીને હેઠા બેસીને કહ્યું જે, ‘‘ચંદ્ર છુપૈ નહિ બાદલ છાયા’’ એમ કહીને મહારાજને ઉપર બેસાર્યા. પછી શ્રીજીમહારાજની ઈચ્છાયે કરીને શહેરના લોકોને તથા ખયાખત્રીના શિષ્ય સર્વે ઉપર નોતરા દઈને ભારે ભારે રસોઈઓ કરાવીને જમાડતા હવા. એવી રીતે અનેક પ્રકારની લીલા કરતા થકા એક માસ પર્યંત રહેતા હવા. તેમાંથી આ તો દિશ માત્ર લખી છે.

પછી પોતે સર્વે પરમહંસોને અમદાવાદ ચાતુર્માસ રહેવાની આજ્ઞા કરતા હવા ને પોતે ત્યાંથી ચાલ્યા તે રસ્તામાં સહુને દર્શન દેતા થકા પાછા **ભુજનગર** પધારતા હવા ને હિરજીભાઈના ડેલામાં ઉતર્યા. ત્યાં થોડાક દિવસ રહીને પછી ત્યાંથી ચાલ્યા તે પોતાના પાર્ષદ જે ડુંગરજી આદિકને લઈને ગામો ગામના હરિજનને દર્શન દેતા થકા ગામ **પંચાળે** પધાર્યા. ઠાકોર **ઝીણાભાઈએ** ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા ને ત્યાં આસરે બે માસ રહીને લીલા કરતા થકા રહેતા હવા.

**(ઈતિ ચોસઠની લીલા સંપૂર્ણમ્)**

પછી ત્યાંથી ચાલ્યા તે રસ્તાના હરિભક્તોને દર્શન દેતા થકા ત્યાંથી ગામ **ઝીંઝાવદર** પધાર્યા. ત્યાંના હરિભક્તોને સુખ દેતા થકા બે માસ રહીને ગામ **કારીયાણી** પધાર્યા ને બે માસ રહીને લીલા કરીને ગામ **સાળંગપુર** પધાર્યા. ત્યાં બે માસ રહીને સર્વે હરિભક્તોને અતિ આનંદ આપીને ત્યાંથી ગામ **કુંડળ** પધાર્યા. ત્યાં બે માસ રહીને ચાલ્યા તે ગામ ભીમનાથ ગયા ને ત્યાં બ્રાહ્મણોને ઘણિક દક્ષિણા આપીને બાવા ઉમાનગર ને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપીને પોતાને આશ્રિત કરતા હવા. પછી ત્યાંથી ગામ **કારીયાણીમાં** વિષ્ણુયાગ કરવાનો આરંભ કરવા સારુ ત્યાં પધાર્યા. વસ્તા ખાચરે ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા ને ષોડશોઉપચારે કરીને પૂજા કરતા હવા. પછી પોતે ત્યાં રહીને ઉત્સવ ઉપર સર્વે પરમહંસને તથા સર્વે સત્સંગીઓને કંકોત્રીઓ લખીને બોલાવતા હવા. પછી ત્યાં પોતે દેશાંતરથી આવ્યા જે હરિજન તેમની પાસે તળાવ ખોદાવવાનો આરંભ કરતા હવા તે પોતે નિત્યે ઘોડે ચડીને પાર્ષદો સહિત ને માથે છતર ધરે ને આગળ સાધુ ઉત્સવ કરે ને વાંસે હરિભક્ત કીર્તન ગાતા આવે. એવી શોભાએ યુક્ત તળાવે પધારે તે કાંઠે સમડો હતો તે હેઠે પાટ ઉપર ગાદિ તકિયો નંખાવીને વિરાજે ને તળાવ ગળાવે અને ગામમાં પધારે ત્યારે તેવી જ રીતે પધારે ને થાળ જમીને સંતને પોતે પિરસીને જમાડે. એવી રીતે લીલા કરે તે તળાવ ગળાવે. પછી પાતાળનું પાણી આવ્યું તેમાં બે કુંડ કર્યા. એક **રામકુંડ** ને **ભીમકુંડ**. એ બે મધ્યે બાજોઠ ઢાળીને ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યાને પછી સંતે તે જળે કરીને ખૂબ નવરાવ્યા. તે સમે ગામ કરજીસણનાં નાનોભાઈ સંઘ લઈને આવ્યા તે સર્વે હરિભક્તોએ ફરીને કીર્તન ગાયા. તેની ઉપર પોતે બહુ રાજી થયા ને પછી ગામમાં ગાજતે વાજતે પધાર્યા. સંઘને ઉતરાવીને સમાચાર પૂછીને કહ્યું જે, "તમારે કાંઈ જોઈએ છે?" ત્યારે તે સર્વે બોલ્યા જે, "તમારી કૃપા જોઈએ છે." પોતે રાજી થયા ને ઉતારે પધાર્યા.

એક દિવસ તે હરિભક્તોએ મહારાજની પૂજા કરી ત્યારે તેમાં એક પ્રેમી ભક્ત હતો તેણે પૂજા કરીને મુખમાં સાકરનો કાંકરો મોટો આપ્યો તેને પોતે જમી ગયા પછી તે જોઈને સર્વે હરિભક્તો તેવી જ રીતે પૂજા કરીને મુખમાં

સાકર આપીને પૂજા કરતા હવા. એવી રીતે સર્વે હરિજનની સેવા અંગીકાર કરીને સર્વેને રાજી કર્યા. પછી પોતે યજ્ઞ કરવાને અર્થે દેશાંતરથી બ્રાહ્મણ તેડાવીને તળાવને કાંઠે ચાલીસ ચોકા કર્યા. તેને પોતે ખબર જોવા ઘોડે ચડીને પધારે. તે પૂછીગાછીને પાછા પધારે ને માંચા ભક્તના દરબારમાં લિંબડા હેઠે બિરાજે ને સમાધિયું કરાવે. લિંબડાને ઉગમણીકોરે યજ્ઞકુંડમાં પડનારે ઘી હોમે. ચારે વેદના બ્રાહ્મણ તેમને પોતે દર્શન દેવા નિત્ય પધારે ને ખબર પૂછે ને તે પછી યજ્ઞની સમાપ્તી કરાવીને બ્રાહ્મણોને ઘણાક પ્રકારની દક્ષિણા દેતા હવા. એવી રીતે યજ્ઞ ઉત્સવ કરીને સ્વરૂપાનંદસ્વામીના મંડળને નગર મેલ્યું ને ભાઈ રામદાસજીના મંડળને સુરત જવા આજ્ઞા કરતા હવા. પછી પોતે ત્યાંથી મુક્તાનંદસ્વામીને ને બ્રહ્માનંદસ્વામીને લઈને ગામ **વઢવાણ** પધાર્યા ને **તુલસી દવે** પોતાને ઘેર પધરાવીને થાળ જમાડીને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી. તેને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **ભદ્રેસી** રાત રહ્યા ને ત્યાંથી ગામ **મેથાણ** પધાર્યા. ત્યાંના હરિભક્તની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **અંકેવાળિયે** પધાર્યા ને ભક્તોની સેવાને ગ્રહણ કરીને ગામ **રામગ્રીચે** પધાર્યા. ત્યાં રહીને સર્વે હરિભક્તોની સેવા અંગીકાર કરીને ચાલ્યા તે ગામ વાટુ થઈને **મછિયાવ** પધાર્યા ને **ઠાકોર દાજીભાઈ**એ ગાજતે વાજતે સામૈયું કરીને પોતાના દરબારમાં પધરાવ્યા ને ઢોલિયા ઉપર વિરાજ્યા. બ્રહ્મચારી થાળ કરીને લાવ્યા તેને જમીને સર્વે સંત ને પાર્ષદને જમાડ્યા ને રાત રહીને ચાલ્યા તે ગામ **જેતલપુર** પધાર્યા. **આસજીભાઈ** આદિ સર્વે હરિજને ગાજતે વાજતે મંદિરમાં પધરાવ્યા ને ત્યાં રહીને સર્વે હરિજનના થાળ બ્રહ્મચારી પાસે કરાવીને ઘરોઘર પોતે જમતા હવા.

એવી રીતે ઘણિક લીલા કરીને ત્યાંથી **શ્રીનગર** પધાર્યા. લાલદાસ ગોરા તથા કુબેરસિંહજી આદિ હરિજન સર્વે છત્રીસે પ્રકારના વાજા લઈને ગાજતે વાજતે શહેર વચ્ચે થઈને બરકતરામની હવેલીમાં ઉતર્યા. ત્યાં પણ હરિભક્તોને પ્રસન્ન કરવા સારુ પોતે બ્રહ્મચારી પાસે થાળ કરાવીને સર્વે હરિભક્તોને ઘેર જમતા હવા. ને સંતને પાર્ષદને ભારે પકવાન કરાવીને પોતે પીરસીને જમાડીને હરિજનને બહુ સુખ આપતા હવા. પંડિત અંધ સાધુ પુષ્કરદાસજીના મંદિરમાં

પધાર્યા, ને તેણે મહારાજના આજાનબાહુનો સ્પર્શ કરીને ઈશ્વરપણાનો નિશ્ચય કરીને આશ્રિત થયા. પછી ત્યાંથી ઘાંચીની વાડીમાં ગૌરીશંકર મહાદેવના દર્શન કરીને ઉતારે પધાર્યા. એવી રીતે આસરે દશ દિવસ રહીને નિત્ય નવી ને નવી લીલા કરીને પાછા **જેતલપુર** પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે **નવે ગામ** પધાર્યા ને પટેલ રઘુનાથદાસે પોતાને ઘેર ગાજતે વાજતે પધરાવ્યા ને બ્રહ્મચારી પાસે થાળ કરાવીને જમાડ્યા. તે તેની પૂજા ને ગ્રહણ કરીને ચાલ્યા તે ગામ માતર પધાર્યા. સોની ગિરધરે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને, જમાડીને, પૂજીને બહુ સુખ લીધું. ત્યાંથી ચાલ્યા તે ગામ **રઘવાણજ** પધાર્યા ને **રામદાસ** આદિ હરિભક્તે ગાજતે વાજતે પધરાવ્યા ને થાળ કરીને જમાડ્યા ને પૂજા કરી તેને અંગીકાર કરીને ગામ **ડભાણ** પધાર્યા. પટેલ **રઘુનાથદાસે** ગાજતે વાજતે પોતાની મેડી ઉપર પધરાવ્યા ને બ્રહ્મચારીને પાસે થાળ કરાવીને જમાડ્યા ને પછી ત્યાંથી ગામ **પિજ** પધાર્યા. **બચાભાઈની** ખડકીમાં ઉતર્યા ને બ્રહ્મચારીએ થાળ કર્યો તેને પોતે જમ્યાને ત્યાં દર્શને આવ્યા એવા જે ભક્તજન તેમને ગર્ભવાસનું દુઃખ તથા જીવે કરી જે પ્રાર્થના તે સંબંધી વાર્તા બહુ કરીને સર્વેને સુખ દઈને ત્યાંથી **નડીયાદ** પધાર્યા. હરિભક્ત **ગંગારામ** તથા **મોહનરામ** તથા કડિયા **કેવળરામ** તથા પટેલ **ગંગાદાસ** આદિક હરિભક્તને ગાજતે વાજતે પોતાના ઘેર પધરાવ્યા. મોહનરામે તથા તેમની વહુએ થાળ કર્યો તેને પોતે જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી ત્યાં પોતે રહીને હજારો મનુષ્યોને દર્શન આપીને ત્યાંથી ગામ **ઉમરેઠ** પધાર્યા. ત્યાં હજારો મનુષ્ય દર્શને આવ્યા જે સર્વે બ્રાહ્મણાદિક તે જેતે શ્રીજીમહારાજને પૂછતા હવા જે, "હે મહારાજ! પૂર્વે શંકરાચાર્ય મોટા પુરુષ થયા તેમણે પાડાને વેદ બોલાવ્યા હતા, માટે તમે પણ જો એવો પરચો દેખાડો તો મોટા પુરુષ ખરા." ત્યારે મહારાજે કહ્યું જે, "પશુને વેદ બોલાવવો તે સંભવે નહિ પણ વિદ્યારહિત જે મનુષ્ય તેને શાસ્ત્ર પશુતુલ્ય કહે છે." ત્યારે તે બ્રાહ્મણે કહ્યું જે, "આ બ્રાહ્મણ નિરક્ષરી છે. તેને વેદ બોલાવો." પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "એ તો બ્રાહ્મણ છે તે વેદ બોલશે જ." એમ કહીને તેની સામે જોયું ત્યારે તે બ્રાહ્મણ તરત વેદની કાંડિયું બોલવા લાગ્યો. તેને સાંભળીને સર્વે બ્રાહ્મણ જે તે બહુ આશ્ચર્યને પામતા હવા ને મહારાજને શંકરાચાર્ય જેવા સમર્થ જાણતા હવા ને કેટલાકને તો

પરમેશ્વરપણાનો નિશ્ચય થાતો હવો. સર્વે ખેડાવાળ બ્રાહ્મણે પોતાને ઘેર થાળ કરીને જમાડીને ષોડશોઉપચારે કરીને પૂજતા હવા. પટના તળાવને ઉગમણે આરે સાત દિવસ સુધી નાહ્યા. એવી રીતે ઘણિક લીલા કરીને **વરતાલ** પધાર્યા.

ત્યાંથી ગામ **ચાંગે** થઈને **મોરજ** પધાર્યા ને **ગોકળ ગઢવી**એ ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યાને પછી પોતે ત્યાં પાંચ દિવસ રહીને તેમને અફીણ મેલાવ્યું ને પછી તે ગઢવીએ મહારાજની પૂજા કરીને પાંચસો રૂપિયા પગે મેલીને લાવો લીધો. પછી ત્યાં ગામ **ચલોડે** પધાર્યા ને અમીન **નથુભાઈ**નાં દીવાનખાનામાં ગાજતે વાજતે ઉતાર્યા. બાઈ જીતબાએ થાળ કરાવીને મહારાજને તથા પાર્ષદને જમાડીને ચંદન અતરે કરીને પૂજતા હવા. તેમની પૂજાને અંગીકાર કરીને પાછા **જેતલપુર** પધાર્યા. ત્યાં મંદિરમાં ગાજતે વાજતે પધરાવ્યા. ત્યાં આનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંતના મંડળ આવ્યા. તેમને કૌમુદિ ભણવાની આજ્ઞા કરીને પછી પોતે બીજે દિવસે પ્રાતઃકાલે તળાવે ન્હાવા પધાર્યા. નાહીને પાછા સાધુ તથા સર્વે હરિભક્તો સહિત વડતાલ આવીને વિરાજમાન થયા ને તે સમે પોતે એમ બોલ્યા જે, “આજ તો અમારે ગામડીયે જાવું છે.” ત્યારે ગંગાદાસ તથા ભિખારીદાસ તથા ત્રવાડિ આશારામ તથા દયારામ દવે તથા ઠાકોર વાલાભાઈ એ આદિ સર્વે હરિભક્તે કહ્યું જે, “હે મહારાજ ! નહિ જવાય. કેમ જે, કાલ મોટુ પર્વ ઉત્તરાયણ છે.” ત્યારે પોતે બોલ્યા જે, “ઉત્તરાયણ પર્વને વિષે શું કરાય ?” ત્યારે હરિભક્તોએ કહ્યું જે, “બ્રાહ્મણ, સાધુને જમાડાય ને દાન-પુણ્ય થાય.” ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, “લ્યો ! આપણે બ્રાહ્મણ જમાડિયે.” એમ કહીને બોલ્યા જે, “આ ગામની ચોરાસી કરીએ તો કેટલો સામાન જોઈએ ?” ત્યારે આશારામ બોલ્યા જે, “આ ગામની ચોરાસીમાં બારમણથી થાય છે.” ત્યારે પોતે કહ્યું જે, “ઘી તથા બીજો સામાન મંગાવો. કેમ જે આપણે અહિં મહારુદ્ર કરીશું.” એમ કહીને પછી કંકોત્રીઓ લખાવીને દેશદેશના સર્વે બ્રાહ્મણોને તેડાવ્યા તથા ચારવેદમાં ભણેલા બ્રાહ્મણ કાશીપર્યંત દેશાંતરથી તેડાવીને મહારુદ્ર કરવાનો પ્રારંભ કરતા હવા. તે સમાને વિષે નવાનગર થકી સ્વરૂપાનંદસ્વામીનું મોટું મંડળ ત્યાં આવ્યું તથા સુરત થકી ભાઈ રામદાસજીનું મંડળ આવ્યું તથા

સરસવણીથી મુક્તાનંદસ્વામીને બ્રહ્માનંદસ્વામી આદિ સમસ્ત સંત મંડળ આવતા હવા ને હરિભક્ત પણ સર્વે દેશાંતરના આવતા હવા. તેમને જોઈને પોતે બહુ પ્રસન્ન થયા ને સર્વેને મહારુદ્રના કામમાં જેવું જેને ઘટે તેને તેવા કામમાં પ્રેરતા હવા.

પ્રાતઃકાળે ઉત્તરાયણના દિવસ થકી બ્રહ્મભોજન ચાલતો કરાવતા હવા તથા દેશાંતરથી આવ્યા જે ચારે વેદના ભણેલા બ્રાહ્મણ તેમને વરુણીમાં વરાવીને યજ્ઞસંબંધી હોમ ચાલતો કરાવતા હવા. ગામના હરિભક્ત બળતણ તથા ચોખા એ બે જણસ જેટલી જોઈએ તેટલી પૂરી કરતા હવા ને બીજો સામાન જે ઘઉં, ખાંડ તથા ઘી, દાળ, આદિક સામાન તે એ ગામના હરિભક્ત ગાડા જોડી જોડીને દેશ દેશમાંથી સર્વે સામગ્રી લાવી આપતા હવા. ગામ કરજીસણના હરિભક્ત નાનોભાઈ તેમણે મહારાજ યજ્ઞ કરે છે, એવું સાંભળીને તે દંઢાવ્ય દેશમાં વિશનગર આદિ ગામમાંથી ઘણુક ઘી ભેગું કરીને ગાડા ભરીને ત્યાં લાવતા હવા. એ ઘી જોઈને મહારાજ એમની ઉપર બહુ રાજી થયાને કહ્યું જે, "આ ઘી જે પશુનું હશે તેનું પણ કલ્યાણ થાશે." એવી રીતે દેશાંતરમાંથી બહુ સામાન આવતો હવો. તે જોઈને સર્વે મનુષ્યના મનમાં એમ જણાતું હવું જે ભગવાન હોય ત્યાં અષ્ટસિદ્ધિ ને નવનિધિ આવીને હાજર રહે એમાં શું આશ્ચર્ય છે ? એવી રીતે મહારુદ્રને વિષે લક્ષાવધિ બ્રાહ્મણોને અઢાર દિવસ પર્યંત જમાડતા હવા.

એક દિવસને વિષે યજ્ઞ સમાપ્તિને સમે બ્રાહ્મણોની રસોઈ થાતી હતી તે ટાણે ઘી ખૂટ્યું ત્યારે બ્રાહ્મણે જઈને અધિકારી આનંદસ્વામીને કહ્યું ત્યારે તેમણે મહાનુભાવાનંદસ્વામીને મહારાજ પાસે મોકલ્યા ત્યારે મહારાજે તે વાત સાંભળીને તરત ઘીના કુંડલા પાસે આવ્યા ને તે કુંડલા ખાલી જોઈને સોટી મારીને કહ્યું જે, "આ કુંડલમાંથી ઘી કાઢ્યા કરો. ઘી નહિ ખૂટે." એમ કહીને પોતે લાડુના કોઠા ઉપર પધાર્યા ને નાનાભાઈને કહ્યું જે, "અહિં થાળ જમાય ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા મહારાજ ! જમાય." ત્યારે પોતે જ્યાં થાળ જમ્યા તે સમે એક પાર્ષદ સમિપે હતો તેણે તળાવને નીચે જોયું ત્યારે હેઠળ લાડુ નાખી દિધેલા તેને જોઈને કહ્યું જે લાડુ તો બહુ છે. એમ કહીને પોતાને ઉતારે

પધાર્યા ને આનંદાનંદસ્વામીને બોલાવીને કહ્યું જે, "લાડુ તો ઘણા છે તે ગામમાં સર્વેને ઘેર પાંચ પાંચ લાડુ આપજો." પછી મહારુદ્રની સમાપ્તિ કરાવીને પછી સર્વે બ્રાહ્મણને ભેગા કરીને સભા કરતા હવા. પછી તે બ્રાહ્મણોને ભારે ભારે શાલ-દુશાલા તથા પાઘડીયો ને ઘરેણા તથા સોનામોરુ ને રૂપામોરો ને કડા તથા ઉતારીયો એ આદિક દક્ષિણાઓ બ્રાહ્મણોને બહુ પ્રકારે સન્માન કરીને આપતા હવા.

પછી તે બ્રહ્મસભા પ્રત્યે શ્રીજીમહારાજ પ્રશ્ન પૂછતા હવા જે, "શક્તિ પૂજન ચારે વર્ણ કરે છે તે મદ્ય માંસે કરીને કરે કે તેનો કાંઈ જુદો જુદો પ્રકાર છે ? જો સર્વેને મદ્યમાંસ કરીને જ શક્તિ પૂજન થાતું હોય તો તેનું અમને સત્‌શાસ્ત્રે કરીને પ્રતિપાદન કરી આપો. તે પ્રશ્ન આ સર્વે સભાને અમે પૂછીએ છીએ." ત્યારે તે સભાને વિષે બેઠા એવા જે અગ્રેસર બ્રાહ્મણ અમદાવાદના નરભેરામ શાસ્ત્રી તથા વિરમગામના આશારામશાસ્ત્રી તથા વડોદરાના રૂપશંકરશાસ્ત્રી એ આદિક શાસ્ત્રી બોલ્યા જે, હે મહારાજ ! શક્તિ પૂજનનો પ્રકાર તો ચારે વર્ણને શાસ્ત્રમાં જુદો જુદો કહ્યો છે. બ્રાહ્મણવર્ણને તો ઘીયે કરીને શક્તિનું પૂજન કરવું ને ક્ષત્રિય વર્ણને દૂધે કરીને કરવું ને વૈશ્યને મધે કરીને કરવું ને શુદ્રને મદ્યે કરીને, તેમાં શૂદ્રને પૂજન કરીને મદ્યનો સુગંધ લેવો પણ પીવો નહિ." એ પ્રકારે ચારે વર્ણને જુદા પૂજનનું પ્રમાણ વેદ તથા વ્યાસ વચને કરીને કહીને દેખાડ્યું. તે સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે બ્રાહ્મણ થઈને શક્તિની આગળ મદ્ય માંસનું નૈવેદ્ય ધરીને તે પ્રસાદ લે પછી તેને કેવા જાણવા ? ત્યારે તે સર્વે બ્રાહ્મણો બોલ્યા જે, "તેને તો દુરાચારી જાણવાં." ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમારામાં જે મોટેરા હો તે ઉભા થઈને સર્વે સભાને એ વાત સંભળાવો." ત્યારે અમદાવાદના નરભેરામ શાસ્ત્રી ઉભા થઈને તે સભા પ્રત્યે એમ બોલ્યા જે, "બ્રાહ્મણ વર્ણ થઈને મદ્યમાંસે કરીને જે શક્તિનું પૂજન કરે તેને દુરાચારી જાણવો." એ પ્રકારે સર્વ સભાને સાંભળતે સતે કહેતા હવા. પછી તે સાંભળીને પોતે બહુ રાજી થયા ને બ્રાહ્મણોની સભાને પ્રદક્ષિણા કરીને પગે લાગતા હવા. એવી રીતે શ્રીજીમહારાજ દિન દિન પ્રત્યે અહિંસાદિક ધર્મનું પ્રતિપાદન કરતા હવા. પછી સર્વે સભા સહિત

સરોવરમાં નાહિને પોતે બ્રાહ્મણોને ઘણુક દાન દેતા હવા ને પોતે એમ કહ્યું જે, “આ સરોવર તો જેવા માન સરોવર તિરથ છે તેવું છે ને ગંગા, ગોમતી, જમુના સર્વે તીર્થ આવીને આ સરોવરને વિષે વસ્યા છે.” એવી રીતે તે તળાવનો મહિમા પોતે કહીને ઉતારે પધાર્યા. પછી સર્વે બ્રાહ્મણ શ્રીજીમહારાજની આજ્ઞા માંગીને પગે લાગીને પોતાના દેશ દેશ પ્રત્યે જાતા હવા ને યજ્ઞના ઉત્કર્ષની તથા ધર્મના પ્રતિપાદનની વાર્તા વિસ્તારીને સર્લે લોક પ્રત્યે કહેતા હવા. એવી રીતે યજ્ઞને વિષે ચમત્કાર બહુ દેખાડ્યા છે પણ આતો દિશ માત્ર લખી છે.

**(ઈતિ પાસઠનો યજ્ઞ સમાપ્ત)**

એવી રીતે યજ્ઞ પૂરો કરીને સર્વે સંત ને પાર્ષદ સહિત ત્યાંથી **ગામડીયે** પધાર્યા ને પોતાને સન્મુખ તે ગામના હરિભક્તે સામૈયુ લઈને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને ભારે ભારે થાળ કરાવીને જમાડ્યા ને મુખવાસ જમાડીને પૂજા કરીને લ્હાવો લેતા હવા. પછી પોતા ભેળા ગામ **ડાંગરવાના** ગરાસીયા **પ્રતાપસિંહજી** આદિ હતા, તેમને ગામ ગોધાવિયે મોકલ્યા. બીજે દિવસે તેને પકડવાને અમદાવાદથી ફોજ આવીને તેણે કહ્યું જે તમારી ભેળા ડાંગરવાના ગરાસીયા છે તે બતાવો. ત્યારે મહારાજે કહ્યું જે જ્યાં હોય ત્યાંથી ગોતીને લઈ જાઓ. પછી તેમને ન જોઈને ફોજ પાછી ગઈ. ફોજ પાછી ગઈ ત્યાર પછી અમદાવાદનો સુબો વિઠ્ઠબાભાઉ તેણે સભા કરીને પછી પોતે પણ ત્યાં પધાર્યા. શહેરના હરિભક્તોએ સામૈયુ કરીને ગાજતે વાજતે શહેરમાં ફેરવીને અંબારામ વૈદના ઘરને મેડે વિરાજમાન થયા. પછી સુબાની કચેરીમાં પધાર્યા ને ત્યાં ઘણીવાર સુધી પ્રશ્નોત્તર કર્યા. પછી સુબે કહ્યું જે તમારી જ્ઞાતિ બતાવો. તમે કઈ જ્ઞાતિના છો ? પછી મહારાજે કહ્યું જે અમે તો **અયોધ્યાના** સરવરીયા બ્રાહ્મણ છઈએ ને જે અમને કોઈ ના પાડતા હોય તો તે વાતનો દશ દશ હજારનો મચરકો લખીયે જે જો અમે બ્રાહ્મણ ન હોઈએ તો દશહજાર રૂપિયા અમે આપીએ, નહિ તો તમે આપો. વળી ત્યાં અમારા ભાઈ ઉપર કાગળ લખીયે ને એક માણસ તમારું મૂકો ને એક મનુષ્ય અમારું મૂકીએ ને ત્યાં ખબર કઢાવિએ. એમ કહ્યું ત્યારે જે દુષ્ટ લોકો હતા તે તુરત ચાલી નીકળ્યા.

પછી મહારાજ ત્યાંથી પ્રાણનાથ શુક્લની ગાડિયે બેસીને અંબારામ વૈદને ઘેર મેડા ઉપર વિરાજમાન થયા ને તે પ્રાણનાથ શુક્લ ઉપર પોતે બહુ પ્રસન્ન થયા ને પોતાના કંઠને વિષેથી ઉતરી કાઢીને તેને આપતા હવા. પછી પોતે સર્વે હરિભક્તોને દર્શન દેતા થકા **ઈડરીયે** દરવાજે થઈને ગામ **મોટેરે** પધાર્યા. ત્યાં સર્વે હરિભક્તોની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ વેલાલ પધાર્યા ને પટેલ જેસંગભાઈએ ગાજતે વાજતે પોતાની ખડકી ઉપર ઉતાર્યા ને થાળ કરાવીને જમાડ્યા ને સંતને તથા સર્વે પાર્ષદને જમાડ્યા ને રાત્રી રહીને ત્યાંથી વાસદે પધાર્યા ત્યાં જમીને ગામ સલકિ પધાર્યા ને પગી દયાલજીયે ગાજતે વાજતે પોતાને ઘેર ઉતાર્યા ને થાળ બ્રહ્મચારીયે કર્યો તેને પોતે જમ્યા ને સર્વે પાર્ષદને જમાડ્યા. ત્યાં રહીને બ્રાહ્મણોની ચોરાસી કરવાનો સામાન કરાવ્યો ને સંત મંડળ પણ મહારાજ પધાર્યા એવી વાત સાંભળીને ત્યાં આવતા હવા. પછી મહારાજે ગામ નાંદોલના બ્રાહ્મણોને કહ્યું જે તમે સર્વે જમશો ? ત્યારે તે બ્રાહ્મણોએ કહ્યું જે હમણા તો અમારી નાતમાં ડખ્ખો છે તે નહિ જમીયે. ત્યારે ચોરાસીનો સામાન હતો તે કોળી, ઠાકોર સર્વેને ભેળા કરીને જમાડી દેતા હવા ને ચોરી, અવેરી, દારૂ, માટી મૂકાવતા હવા. એવી રીતે ત્યાં પંદર દિવસ સુધી રહીને લીલા કરતા હવા ને નિત્ય પ્રત્યે પોતે ખારી નદીયે પાર્ષદે સહીત ન્હાવા પધારે ને જળલીલા કરે. પછી ત્યાં એક દિવસ પગી દયાળજીયે કહ્યું જે, હે મહારાજ ! આ નદીમાં પાણી રહેતુ નથી. ત્યારે પોતે રાજી થઈને કહ્યું જે જાઓ ! આજથી પરમેશ્વરની ઈચ્છાયે કરીને પાણી નહિ ખૂટે. એમ વચન કહીને ઉતારે પધાર્યા.

પછી ભાઈ રામદાસજીના મંડળને ગામ લુણાવાડે ફરવા જવાની આજ્ઞા કરીને ભેળા મહાનુભાવાનંદસ્વામી આદિ વીશ-પચ્ચીશ મૂર્તિને મેલ્યા ને બીજા પણ સર્વે સંતને દેશ દેશમાં ફરવાની આજ્ઞા કરીને પોતે ત્યાંથી ચાલ્યા તે મારગમાં સર્વે હરિભક્તોને દર્શન દેતા દેતા ગામ **સાળંગપુર** પધાર્યા. **જીવાખાચર** આદિક સર્વે હરિભક્તે ગાજતે વાજતે દરબારમાં પધરાવ્યા ને થાળ પ્રેમીભક્તે કર્યો તેને પોતે જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. ત્યાં ફૂલડોલના ઉત્સવને દિવસે પોતે સર્વે હરિભક્તોની ઉપર રંગની તાસળીયું ભરીને નાંખતા હવા ને પાર્ષદ

પણ પોતાની ઉપર નાખે એવી રીતે બહુવાર સુધી રંગ રમીને ઘોડે ચઢીને સર્વે પાર્ષદ સહિત રંગભર્યા નદીયે ન્હાવા પધાર્યા. નાહિને પાછા હોરીના પદ ગાતા ગાતા દરબારમાં પધાર્યા ને થાળ જમ્યા ને સંતને જમાડ્યા. એવી રીતે પાંચ દિવસ રહીને લીલા કરીને ગામ **નાગડકે** પધાર્યા. **સુરાખાચરના** દરબારમાં ગાજતે વાજતે પધરાવ્યા ને પછી ષોડ્ષઉપચારે કરીને પૂજા કરીને પછી ભારે પકવાન કરીને જમાડ્યા ને સર્વ પાર્ષદને જમાડીને સુરાખાચરે હાથ જોડીને કહ્યું જે, હે મહારાજ ! અહિં ઘણા દિવસ રહીને સંતને નવી નવી રસોઈયું ભારે પકવાનની કરાવીને જમાડો તો હું બહુ સુખી થાઉ. પછી પોતે કહ્યું જે તમે રાજી થાઓ તેમ કરીએ. એમ કહીને એક માસ પર્યંત રહીને નિત્યે લાડુ, બિરંજ ને જલેબી આદિ ભારે ભારે પકવાન કરાવે ને પોતે પીરસે ને સંત અને પાર્ષદ જમે. એવી રીતે લીલા બહુ કરતા હવા.

પછી ભાઈ રામદાસજી અને મહાનુભાવાનંદસ્વામી આદિ સંત મંડળ લૂણાવાડેથી ડભાણ આવ્યુ ત્યારે તે ગામના પટેલીયાઓ ભાઈ રામદાસજીને અરજ કરી જે જેવો જેતલપુરમાં રુદ્ર કર્યો તેવો આહિ પણ મહારુદ્ર કરો. ત્યારે ભાઈએ કહ્યું જે તમે સર્વે મતદાર કાગળ લખી આપો તો હું મહારાજ પાસે સંતને મોકલું. પછી પટેલીયાઓએ મળીને કાગળ લખી આપ્યો તે લઈને ભાઈએ બે સાધુને મહારાજ પાસે મોકલ્યા ને તે લઈને ગામ નાગડકામાં મહારાજના હાથમાં આપ્યો. ત્યારે તે પત્ર વાંચીને કહ્યું જે ડભાણ મહારુદ્ર કરવા ચાલો. એમ સર્વેને કહીને પોતે ત્યાંથી અસવારીયે સહિત ચાલ્યા તે ગામ **માલપર** પધાર્યા ને **કાળા હાલાજીયે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને સર્વે સહિત જમાડીને રાત રાખીને લાવ લીધો. પછી સવારમાં ગામ **બળોલ** પધાર્યા. પટેલ રયાખટાણે ગાજતે વાજતે પોતાને ઘેર ઉતાર્યા ને પછી થાળ કરાવ્યો તેને પોતે જમ્યા ને સર્વે પાર્ષદને જમાડી પોતે તૈયાર થયા ત્યારે ગામના પટેલીયાઓએ બહુ તાણ કરી ત્યારે ત્યાં મહાનુભાવાનંદસ્વામીને મંડળે સહિત મેલીને ત્યાંથી ચાલ્યા તે ગામ **જેતલપુર** આવીને રાત રહ્યા. ત્યાં થાળ જમીને વિરાજમાન થયા તે સમે એક દુષ્ટ અભિપ્રાયવાળો અતિત પાસે આવ્યો. તેને ડુંગરજીયે હાફાળીને કાઢી મૂક્યો. ત્યાંથી પોતે ચાલ્યા તે ગામ **કાસંદરે** પધાર્યા

ને વિપ્ર કનુએ ગાજતે વાજતે પોતાને ઘેર ઉતાર્યા ને થાળ જમાડ્યો ને સર્વે પાર્ષદને જમાડ્યા ને ત્યાં પોતે રાત રહ્યા ને તે વિપ્ર ઉપર રીઝીને પ્રસાદીનો રેંટો આપ્યો ને પછી પોતે સવારમાં થાળ જમીને ચાલ્યા તે નવે ગામ પધાર્યા. પટેલ **રઘુનાથદાસે** સન્માન કરીને પોતાની મેડી ઉપર ઉતાર્યા ને વિવિધ પ્રકારના થાળ જમાડ્યા. પછી પોતે રાત રહ્યા ને મહાનુભાવાનંદસ્વામી પણ ત્યાં આવીને દર્શન કરતા હવા. તે સમે ગામ જેતલપુરના પટેલ ગંગાદાસ આદિ હરિજન તેડવા આવ્યા તે પોતે પાછા અસવારીયે સહિત તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળ સહિત જેતલપુર પધાર્યા ને ગાજતે વાજતે મંદિરમાં ઉતર્યા. તેવામાં કડવા પટેલીયાના વિવાહ હતા તે ભારે ભારે રસોઈયુ કરાવીને પોતે પીરસીને સંતને નિત્ય જમાડે ને તળાવમાં સંત પાર્ષદે સહિત ન્હાવા પધારે. જળમાં તાળીયું પાડીને કીર્તન ગાઈને લીલા કરે ને મહોલમાં સભા કરે ને જ્ઞાન, વૈરાગ્યની વાતુ કરે ને મંદિરમાં પધારે. એવી રીતે વીશ-પચ્ચીસ દિવસ રહીને લીલા કરીને સર્વે હરિજનને બહુ સુખ આપીને ત્યાંથી પોતે વિવાહ થઈ રહ્યા પછી ગામ ખોખરા મેમદાવાદ પધાર્યા.

નથુભટ્ટે પોતાના ઘેર વાજતે પધરાવ્યા ને થાળ કરીને જમાડ્યા. પછી ત્યાં સંતમંડળ સર્વે આવ્યા તેમને પોતે મળ્યા ને પછી નિત્યે સવારમાં પોતે કાંકરીયે તળાવ ન્હાવા પધારે ને દોઢ પહોર દિવસ ચડે ત્યાં સુધી ત્યાં વિરાજે ને "કિલા લીયા આતનકા નિરંજન નિર્ગુન કા પાંચ પચ્ચીસ કું ઝોહર કીના" એ પ્રકારનાં કીર્તન પોતે બોલેને પછી ગામમાં પધારે. થાળ જમીને સાંજના પહોરની સભા ગામ બહાર આંબલી હેઠે કરીને શૂરવીરના અંગની વાતુ કરે ને આરતી કરીને રાતે પાછા ગામમાં પધારે એવી રીતે લીલાલ્હેર નિત્ય પ્રત્યે કરતા થકા ત્યાં રહેતા હવા. પછી એકાદશીને દિવસે કાંકરીયે ન્હાવા પધાર્યા ને બાઈ શિવકુંવરે કેળા તથા પેંડા, બરફીનું ફરાળ આપ્યું તે સંતને ફરાળ કરાવ્યું.

પછી એક દિવસ સંત શહેરમાંથી ભિક્ષા માંગીને આવતા હવા તેવા સમામાં વેરાગીની મોટી જમાત આવી હતી તેમણે સંતને ઝાલીને તેમને માથે લાકડાની ભારીઓ મેલીને બંદૂકોના કંદા મારીને ગોમતીપુરમાં લઈ ગયા

ત્યારે તેમાં વૃદ્ધ વૈરાગી હતો તેને દયા આવી તે સાધુને છોડાવી મૂક્યા ત્યારે તે સંત રોતા રોતા મહારાજ પાસે આવ્યા ત્યારે તે સંતને જોઈને પોતે બોલ્યા જે, હે સંતો ! સુરતમાં ફિરંગીનું રાજ છે ત્યાં સર્વે જાઓ. એમ કહીને વળી પોતે બોલ્યા જે, "અમારે ધનદોલત સર્વે સંત છે." એમ કહીને અંતરને વિષે અતિ ઉદાસ થઈને સર્વે સંતને આજ્ઞા કરી તે સુરત ગયા. પછી પોતે સવારમાં કાંકરીયે ન્હાવા પધાર્યા. તે નાહીને પોતે ગરનારા ઉપર વિરાજમાન થઈને પાર્ષદને કહ્યું જે તમે અડધા હથિયાર બાંધીને અમારી પાસે ઉભા રહો ને અડધા ન્હાવા જાઓ. પછી સૌ નાહીને ત્યાર થયા ત્યારે પોતે ઘોડા ઉપર બેસીને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ સંત ને ભગુજી આદિ પાળા સહિત પોતે ગામમાં પધાર્યા તે ગામથી ઉગમણી ભાગોળે આંબલીયુંમાં પાટ ઉપર વિરાજમાન થયા. ત્યાર પછી થાળ થયો તે શ્રીજીમહારાજ ગામમાં જમવા પધાર્યા ને મુક્તાનંદસ્વામીને કહ્યું જે આ પાટ ઉપર બેસીને વાતુ કરો. પછી સ્વામી પાટ ઉપર વાતુ કરવા બેઠા ને પોતે જમવા પધાર્યા. વાંસેથી તો વેરાગીની જમાત સોયે સો માણસની ત્રણ કોરથી આવી તે ગામને વિટીવળી ને મુક્તાનંદસ્વામી પાટ ઉપર બેઠા હતા તે નાઠા તે ગામમાં બ્રાહ્મણના ઘરમાં પેસી ગયા. કેડે વેરાગી મારવા દોડ્યો આવતો હતો તેને ગામ ડાંગરવાના ડાભી અગરાજીયે તલવારે કરીને તેના પગ કાપી નાખ્યા તે મરી ગયો. ત્યાર પછી તે વેરાગીની જમાત હલ્લો કરીને આવી તે પ્રથમ હાથરોલીના ભુગુ ખાંટને ઝટકો માર્યો. ત્યારે ગામ સલકીના દયાળજી પગીએ મહારાજને કહ્યું જે અમારો એક આદમી ઘવાયો. ત્યારે મહારાજે કહ્યું જે જેમ તમથી થાય તેમ કરો. પછી તે દયાળજી પગીએ વેરાગીને તીરે કરીને મારવા માંડ્યા. ત્યારે તે વૈરાગીએ પણ બંદૂકોની ગોળીઓ સત્સંગી ઉપર નાખવા માંડીયું પણ શ્રીજીમહારાજના પ્રતાપેથી કોઈને ગોળી વાગી નહિ ને તે વૈરાગીને તો તીરે કરીને બહુ મારવા માંડ્યા. સત્સંગી ભાઈઓએ ઘર ઉપર ચડીને નળીયે કરીને બહુ માર્યા તે વેરાગી ભાગ્યા. તેમાંથી કેટલાક તો પડ્યા રહ્યા ને મરી ગયા ને કેટલાકને ઘાયલ કર્યા. એવી રીતે મારવા માંડ્યા તે વેરાગી ભાગ્યા તે એક ગાઉ સુધી મારતે મારતે પાછળ ગયા ને ત્યાં જાતા એક મોટા માનતને પાડ્યો. તે સમે શ્રીજીમહારાજે એવો ચમત્કાર દેખાડ્યો તે એક એક વેરાગી વાંસે

અસંખ્ય માણસ જણાયા તે કોઈની તલવારો પડી રહ્યું ને કોઈની ઢાલું પડી રહી ને બંદૂકો ને તીરના ભાથા એ આદિ હથિયાર પડ્યા રહ્યા. જેમ ગ્રામ્ય પશુ ભાગે તેમ ભાગી ગયા. પછી મહારાજના પાર્ષદ હતા તે પાછા આવ્યા. આવી રીતે લડાઈ ઘણી થઈ પણ આ તો સંક્ષેપ માત્ર લખી છે.

તે પાર્ષદો લડાઈમાંથી પાછા આવ્યા તેમને પોતે વાત પૂછી ત્યારે તેમણે કહ્યું જે આ વાત કાઈ સારી ન થઈ. તે સાંભળીને પોતે જાડેજા રાયધણજીના ઘોડા ઉપર બેસીને પોતાના પાર્ષદ સહિત ગામ **વેલાલ** પધાર્યા. પટેલ જેસંગ ભાઈએ પોતાને ઘેર સામૈયુ કરીને પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા ને પાર્ષદને જમાડીને બહુ લ્હાવો લેતા હવા. પછી ગામ સલકીના દયાળજી પગીના ઉપર પોતે બહુ રાજી થઈને ભારે સિરોહી તલવાર આપીને કહ્યું જે હવે તમે ઘેર જાઓ. અમે ત્યાં આવીએ છીએ. પછી તે દયાળજી પગી પોતાનો સંઘ લઈને ઘેર ગયા ને મહારાજ જેસંગભાઈને ઘેર રહ્યા ને થાળ થયો તે પોતે જમીને સર્વે પાર્ષદને જમાડ્યા. ત્યાં રાત્રી રહીને ગામ **સલકી** પધાર્યા ને **દયાળજી પગીએ** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા ને પાર્ષદને પણ જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ જાખોરે પધાર્યા ને હરિજનને દર્શન દઈને ગામ સાદરે પધાર્યા. ચોરામાં રાત રહીને ચાલ્યા તે ગામ **લાકરોડે** પધાર્યા. નદીમાં નાહીને પોતે દ્વારે ઉભા રહ્યા. તે સમે એક ભાવસાર આવ્યો તેણે પોતાના મનમાં એવો સંકલ્પ કર્યો જે મને એમ કહે જે તું અમારું ધોતીયું ધો તો સ્વામિનારાયણ ભગવાન ખરા, ને ન કહે તો નહિ. પછી પોતે એનો સંકલ્પ જાણીને કહ્યું જે તમે અમારું ધોતીયું ધૂઓ. ત્યારે તેને ભગવાન પણાનો નિશ્ચય થયો ને આશ્રિત થયો. પછી તે નદીમાં પાષાણની શિલા પડી હતી તે ઉપર બેસીને જમ્યા. પછી ત્યાંથી ગામ **અનોડીયે** થઈને **વિજાપુર** પધાર્યા. પ્રાગજીભક્તે સામૈયું કરીને પોતાને ઘેર ઉતાર્યા. થાળ જમીને પાર્ષદને જમાડીને ચાલ્યા તે ગામ ગવાડે વાણિયાની દુકાનમાં ઉતર્યા ને ત્યાં રાતે પોતે વાણિયાને કહ્યું જે તું અમને જમવાનું આપ તો તને વૈકુંઠ ધામમાં પહોંચાડુ. ત્યારે તેણે કહ્યું જે વૈકુંઠધામનો પતિ હોય તે ભીખ ન માંગે. ત્યારે વળી પોતે કહ્યું જે મૂઠી દાળીયા આપ તો ગોલોકમાં પહોંચાડુ તોય પણ પૈસાભાર અન્ન આપ્યું નહિ

ને હાટવાસીને સુતો. ત્યારે મહારાજે કહ્યું જે આપણે વારાફરતી જાગો. ત્યારે ઉમાભાઈ જાગવા બેઠા. તે અઢધી રાત થઈ ત્યારે મહારાજ જાગવા બેઠા. ત્યારે વાણિયે કમાડ ઉઘાડીને તલવાર, ચોફાળ, કળસીયો ને તાંસળી એ સર્વે લીધા પણ મહારાજ કાંઈ બોલ્યા નહિ. પછી ઉમાભાઈએ જાગીને કહ્યું જે આ સામાન કોણ લઈ ગયો? ત્યારે પોતે બોલ્યા જે નારાયણ જાણે. એમ કહીને ત્યાંથી ચાલ્યા તે મારગમાં જોઈને કહ્યું જે એ તો વાણિયે લીધા પણ અમે ન બોલ્યા કેમ જે અમારા ઉપયોગમાં ન આવ્યા ત્યારે લેવા દીધાં ત્યારે ઉમાભાઈએ કહ્યું જે, હે મહારાજ ! એ મારામાં મોટી ભૂલ આવી.

ત્યાંથી ગામ **મેઉ** પધાર્યા ને ત્યાંથી જમીને ચાલ્યા તે ગામ **કાલરી** આવ્યા ને ત્યાં ભક્ત **મેઘા** ને ઘેર ઉતર્યા ને ત્યાંથી જમીને ચાલ્યા તે ગામ **ગોતરકે** થઈને ગામ **સાંતલપર** પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **આડેસર** ગયા ને ત્યાંથી ચાલ્યા તે ગામ **ભીમાસર** પધાર્યા ને ગરાસીયાને ઘેર રાત રહ્યા ને ત્યાંથી પોતે ચાલ્યા તે ગામ **સાપર** થઈને ગામ **આધોઈ** પધાર્યા ને જાડેજા **રાયધણજીએ** ગાજતે વાજતે પોતાને ઘેર ઉતાર્યા. ત્યાં મહિના પર્યંત રહીને બહુ લીલા કરીને સુખ આપતા હવા ને પછી ત્યાંથી ગામ **કંથકોટ** પધાર્યા ને ઠક્કર **કચરા** ભક્તને ઘેર ઉતર્યા. ત્યાં થાળ જમીને પાર્ષદને જમાડીને રાત રહીને તે હરિજનની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **ભચાઉ**માં હરિજનને દર્શન દઈને ગામ ધમકડે પધાર્યા. જાડેજા **રામસંઘજીએ** ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા ને ષોડ્‌શઉપચારે કરીને પૂજા કરીને ભારે થાળ કરાવીને જમાડ્યા ને ત્યાં રાત રહીને ત્યાંથી ગામ દુધઈ થઈને ગામ **ચાંદ્રાણિયે** રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા તે પોતે શ્રી **ભુજનગર** પધાર્યા.

**(ઈતિ પાસઠની લીલા સંપૂર્ણ)**

સુતાર સુંદરજીભાઈ આદિ હરિજન ભારે અસવારી લઈને સામૈયું કરીને ગાજતે વાજતે શહેર વચ્ચે થઈને પોતાને ઘેર ઉતારતા હવા. પછી પોતે ત્યાં રહ્યા થકા પોતાનું અનેક પ્રકારે કરીને ઐશ્વર્ય જણાવતા હવા. તળાવમાં નિત્ય પ્રત્યે સ્નાન કરવા પધારે ને જળમાં તાળી દઈને કીર્તન ગાયને લીલા કરીને ગામમાં પધારે ને પ્રેમી ભક્ત થાળ કરે તેને પોતે જમી સભા કરીને બેસે ને

સમાધિયું કરાવેને વાતુ કરીને હરિભક્તોને બહુ સુખ દેતા હવા. નિત્ય પ્રત્યે હરિક્તોને ઘેર જમવા પધારે ને બહુ ચમત્કાર દેખાડે ને તે સમે ઘણાક મનુષ્ય શ્રીજીમહારાજના આશ્રિત થયા ને ભગવાન પણાનો નિશ્ચય કરતા હવા. એવી રીતે નિત્યે નવી ને નવી લીલા કરે, ને એક સમયે પોતે જેઠી ગંગારામભાઈને કહ્યું જે તમે કાયસ્થ લાધીબાઈને તેડીને લાવો. પછી તેને તેડવા ગયા તે જઈને કહ્યું જે, ''તમને મહારાજ બોલાવે છે.'' ત્યારે તે બાઈએ કહ્યું જે, ''હું તો રામાનંદસ્વામીની શિષ્યા છું તે સર્જુદાસને દર્શને નહિ આવું.'' ત્યારે ગંગારામભાઈએ આવીને તેવી જ રીતે મહારાજને કહ્યું. મહારાજે તે વાત સાંભળીને કહ્યું જે, ''તમે તે બાઈને એમ કહો જે મહારાજ પણ રામાનંદસ્વામીના શિષ્ય છે ને તમે સ્વામીના શિષ્ય હો તો દર્શને આવો.'' પછી ગંગારામભાઈએ તેમ જોઈને કહ્યું ત્યારે લાધીબાઈ આવ્યા તે દર્શન કરતા વેંત સમાધિ થઈ ગઈ. પછી મહારાજની મૂર્તિને વિષે સ્વામીના દર્શન થયા ને પછી રામાનંદસ્વામી મહારાજને વિષે લીન થઈ ગયા. તે જોઈને લાધીબાઈ મહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરતાં હવા. વળી એક દિવસ પોતે સગડી કરાવીને તાપતા હતા ને લાધીબાઈ તે સમયે દર્શને આવ્યા. તે સમે કોઈક દંભી સમાધિવાળો બાવો આવ્યો તેણે બહુ દંભ કર્યો. પછી તે જોઈને બાઈ લાધીને સમાધિ કરાવી ને પછી પોતે સગડીમાંથી અંગારા ચિપીએ ઝાલીને બે કાડાં ઉપર મેલ્યા તે બે કાંડામાં બળીને ખાડા પડી ગયા. તે જોઈને દંભીવૈરાગી નાશી ગયો. પછી પોતે ફરીને અંગારા મેલ્યા. તે વખતે સુતાર નારાયણજી પાસે હતા. પછી સુતાર હીરજીભાઈના ઘરના મનુષ્ય બાઈ અમર દર્શને આવ્યા. તે જોઈને અતિ વિસ્મય પામ્યા ને પછી વઢવા લાગ્યાં. પછી મહારાજે કહ્યું જે, ''તમે એને જગાડો તો ખરાં.'' પછી તેને જગાડવા એણે મહેનત ઘણી કરી ને કાનમાં મોઢું ઘાલીને રાડ્યુ પાડી પણ જાગ્યા નહિ. પછી અમરબાઈએ કહ્યું જે, ''આવો પાખંડ કરશો તો તમને કોઈ માનશે નહિ. પછી મહારાજે કહ્યું જે, ''નારાયણની ઈચ્છા હશે તેમ થાશે.'' એમ કહીને ધીરે બોલીને તે બાઈને જગાડ્યા ને પૂછ્યું જે, ''તમને કાંઈ જણાય છે ?'' ત્યારે લાધીબાઈએ કહ્યું જે, ''મુને તો કાંઈ જણાતું નથી.'' પછી મહારાજે કહ્યું જે, ''તમારા હાથ સામું જુઓ.'' ત્યારે તેમણે હાથ સામું જોઈને હસીને કહ્યું જે, ''હવે થોડીક પીડા થાય

છે પણ તમારા દર્શન કરીને પીડા સર્વે નાશ થઈ ગઈ.'' પછી હરજીભાઈને ઘેરથી મલમ મંગાવીને પટ્ટી મારી. એવી રીતે પોતાના ભક્તોને ઘણુક સુખ આપતા થકા માસ બે પર્યંત રહીને ગામ **માનકુવે** પધાર્યા.

બ્રાહ્મણ કેશવજી તથા જાડેજા અદોભાઈ તથા સુતાર તેજસી તથા શામજી આદિ સર્વેએ સામૈયું કરીને ગાજતે વાજતે કેશવજીને ઘેર ઉતર્યા ને પછી થાળ કરાવીને જમાડ્યાને ષોડશઉપચારે કરીને લાવ લેતા હવા. પછી તે સર્વે હરિજનની સેવાને અંગીકાર કરીને ગામ દહીંસરે પધાર્યા ને બ્રાહ્મણ ગોવરધન વ્યાસને ઘેર થાળ જમીને ચાલ્યા તે ગામ **સરલીમાં** ગરાસીયા **મોનજીએ** પોતાને ઘેર સામૈયું કરીને પધરાવ્યા. થાળ જમીને તે ગામની સમીપે વિરડો છે તેમાં નાહીને ગામ **રામપરે** આવતા હવા ને પટેલ **રાવજીએ** ગાજતે વાજતે પોતાને ઘેર ઉતાર્યા. ત્યાં રહ્યા થકા ગામની આથમણી કોરે જે ગંગા છે તેનદીની ભેખડમાંથી પાણીની સેર નીકળે છે તે ઠેકાણે નાનો કુંડ છે તેમાં પથ્થરનું નાલવું ગૌમુખ છે તેમાંથી ધારા પડે છે તેની હેઠે બેસીને પોતે નિત્યે ન્હાતા. તે સ્થાન બહુ રમણીય દેખીને પોતે એમ બોલ્યા જે, ''આ સ્થાનક તો મોટા યોગેશ્વરને રહ્યા જેવું છે.'' એમ કહીને વખાણતાં થકા પોતાના પાર્ષદે સહિત દિવસ પંદર રહીને બહુ લીલા કરતા હવા ને સર્વે હરિજનની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ આસમિયે થઈને માંડવી બંદર પધાર્યા. તે ગામના હરિભક્ત શિવરામ આદિ સર્વે સામૈયું લઈને આવતા હવા ને ગાજતે વાજતે શહેરમાં ફેરવીને દરબારની ટંકશાળમાં એક મોટો પાટ હતો તે ઉપર ગાદી તકિયા નાંખીને વિરાજમાન કર્યા ને પછી સોની બાઈ ગોમતીને ઘેર થાળ જમવા પધાર્યા. તે સમે એક હરિભક્ત પૂજા કરવાને વાસ્તે ગુલાલ, અબીર ને પુષ્પના હાર ને નૈવેદ્યમાં પેંડા ને બરફીનો થાળ ભરીને લાવ્યો. તેને પોતે કહ્યું જે હમણા રહેવા દો. પછી દિવસ પોર ચડતા એક અવધૂત જોગી માથે મોટી જટાને ભભૂત ચોળેલી ને અલમસ્ત થકો ત્યાં ''સ્વામિનારાયણ હે ?'', એમ પૂછતો થકો આવ્યો. તેને હરિભક્તે કહ્યું જે, ''સ્વામિનારાયણ આ બેઠા. પછી તે જોગી અતિ પ્રેમે કરીને મહારાજના દર્શન કરીને બેઠા. તેને જોઈને પોતે પૂજાનો સામાન રખાવેલો તે મંગાવીને તે જોગીની પોતે ચંદન પુષ્પ વતે પૂજા કરીને અબીલ ગુલાલ લઈને તેના મુખ ઉપર લેપન કરીને સર્વ શરીર ઉપર નાંખતા

હવા. વળી, પેંડા બરફી તેને જમાડીને બહુ ખુશી કર્યા ને વધ્યા તે જોગીને રુમાલમાં બંધાવ્યા. પછી તે જોગી અતિ સ્નેહે કરીને મહારાજને પ્રદક્ષિણા કરીને પગે લાગીને હેતનાં આંસુ નેત્રને વિષે આવ્યા તેને લૂઈને ચાલી નિસર્યા. તેને જોઈને પછી સર્વે હરિભક્તે પૂછ્યું જે, "હે મહારાજ ! એ જોગી તે કોણ હશે જે આપે પૂજા કરી." પછી પોતે કહ્યું જે, "એતો શિવજી હતા તે અમારે દર્શને નિત્યે આવે છે પણ આજ પ્રસાદી જમવા સારુ સર્વને દેખાણા." એમ કહીને પછી પોતાને ઉતારે પધાર્યા.

એવી રીતે ચમત્કાર દેખાડીને સર્વ હરિભક્તને રાજી કરીને દિવસ પાંચ રહીને ચાલ્યા તે ગામ **કાળેતળાવ** પધાર્યા. સુતાર **ભીમજી** તથા **રવજી** તથા **મનજી** તેમને ઘેર પાંચ દિવસ રહીને પાછા ગામ તેરે સુતાર માવજી તથા નથુ તથા નોઘા તથા નાગજી તથા સંઘજી તેમણે ગાજતે વાજતે પોતાને ઘેર ઉતાર્યા. ત્યાં રહીને પ્રાગજી દવેને તેડાવીને શ્રીમદ્ ભાગવતની કથા વંચાવતા હવા ને બ્રહ્માનંદસ્વામીને ગામ તેરેથી કાઠીયાવાડમાં ઘી ઉઘરાવવા મોકલ્યા. ગામ કરજીસણના નાનાભાઈ ઉપર કાગળ લખી મોકલ્યો જે દેશ દેશમાં જે હરિભક્ત હોય તેમની પાસેથી મનુષ્ય દીઠ એક મણ ઘી લેજો ને ગરીબ હોય તેને પાસેથી ઓછું લેજો. એવી રીતે અમારી આજ્ઞા છે તે શા સારું તો અમારે **ડભાણમાં** મહારુદ્ર કરવો છે તે સારું. પછી સુરતમાં સ્વરૂપાનંદસ્વામી ને વ્યાપકાનંદસ્વામીનું મંડળ હતું તે ત્યાં ગોળાનું પ્રકરણ બહુ આકરું કર્યું ને પીવા પાણી પણ બહુ ખારું. તેથી સાધુને શરીરે બહુ મંદવાડ થઈ ગયો. ત્યારે તેમાંથી સંત નાસીને ગામ તેરે મહારાજ પાસે આવીને ફરીયાદ કરી જે, "હે મહારાજ! ત્યાં તો મોધરીયો પંથ ચાલ્યો છે તેનાથી કેટલાક સંત માંદા થઈ ગયા ને કેટલાક નાસી ગયા ને કેટલાક સંત દેહ મૂકીને ભગવાનના ધામમાં ગયા. આવી રીતના આકરા વર્તમાન સાંભળીને આનંદાનંદસ્વામીને ત્યાં મૂક્યા ને કહ્યું જે, "તમે ત્યાં જઈને સાધુને સુખ થાય તેવો ઉપાય કરો." એમ કહીને પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીને ગામ ડભાણમાં જવાની આજ્ઞા કરી જે તમે ત્યાં જઈને મહારુદ્રનો સામાન કરાવો ને અમે પછી ત્યાં આવીશું. એમ કહીને થોડાં દિવસ ત્યાં રહીને કથાની સમાપ્તિ કરાવીને પોતે ત્યાંથી પાછા **ભુજનગર** પધાર્યા. ત્યાં રહીને પછી પોતે અમદાવાદ મોટા મોટા વૈરાગીના

મહંત હતા તે ઉપર કાગળ લખ્યો જે ખોખરા મહેમદાવાદમાં અમે થોડા હતા તે તમારી ચાકરિ પૂરી થઈ શકી નથી. માટે અમે ડભાણ યજ્ઞ કરવાના છીએ તે ત્યાં તમે આવજો. તમારી ચાકરિ જેવી બનશે તેવી કરશું. એમ લખીને મેલ્યો તે વાંચીને તે વૈરાગી બહુ દાઝે બળ્યા. પછી પોતે ત્યાં થોડાક દિવસ રહીને ચાલ્યા તે ગામ **બંદરે રાયસિંગજીને** ઘેર પધાર્યા. ત્યાંથી જમીને તેની સેવાને અંગીકાર કરીને **અંજાર** પધાર્યા. ત્યાને હરિભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને તેજબાઈએ તથા ચાંગબાઈએ પોતાને ઘેર થાળ કરીને જમાડ્યા. તેમની સેવાને અંગીકાર કરીને તેમને પોતાના સ્વરૂપનું જ્ઞાન થાય તે સંબંધી વાર્તા કરતા થકા ત્યાં બે-ચાર દિવસ રહીને ગામ **ભચાઉ** આવ્યા. ત્યાં વાણિયા વાઘા તથા લખુએ સામૈયુ કરીને પોતાને ઘેર પધરાવ્યા ને ત્યાં પોતે હાથે બાટી ને શાક કરીને જમ્યા. પોતાના પાર્ષદ ડુંગરજી આદિને વાણિયાને ઘેર જમાડીને ત્યાંથી ચાલ્યા તે કોઈક બ્રાહ્મણ ગરીબ અડવાણે પગે ચાલ્યો આવતો હતો. તેને જોઈને પોતે ચોફાળ ને મોજડીયું આપી દઈને પછી સર્વે સત્સંગીને પાછા વળ્યા ને ડુંગરજી આદિ પાર્ષદ તેમને પણ કહ્યું જે, ‘‘તમે ગુજરાતમાં જાઓ.’’ એમ કહીને પોતે એકલા ત્યાંથી ચાલ્યા તે ગામથી બે ખેતર દૂર એક કૂવો હતો ત્યાં બાઈઓ થાળ કરીને બેઠી હતી તેમણે પ્રાર્થના કરીને કહ્યું જે, ‘‘હે મહારાજ ! અમે થાળ કરી લાવ્યા છીએ તે જમવા પધારો.’’ ત્યારે પોતે તેની પ્રાર્થનાના વચન સાંભળીને તે કૂવા ઉપર લિંબડાના વૃક્ષ તળે બેસીને થાળ જમીને તેમને રાજી કરીને ચાલ્યા તે ગામ **આધોઈ** પધાર્યા. રાયધણજીના દરબારમાં છાના એક થાંભલાને ઓથે પોતે ઊભા રહ્યા તે કરણીબાએ દિઠા તે હાથે ઝાલીને ઢોલિયા ઉપર પધરાવ્યા ને સમાચાર પૂછવા લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘હમણા પૂછવું રહેવા દો અમને ભૂખ લાગી છે તે જમવાનું લાવો.’’ ત્યારે બાએ કહ્યું જે, ‘‘આ ટાણે તો સર્વે જમીને પરવારીને બેઠા છીએ તે જરીક ખમો તો થાળ કરીએ.’’ ત્યારે પોતે કહ્યું જે, ‘‘અમને બહુ ભૂખ લાગી છે તે ખમાય એમ નથી. જે હોય તે લાવો.’’ ત્યારે તેમણે કહ્યું જે, ‘‘હમણા તો કાંઈ નથી.’’ પછી મહારાજે કહ્યું જે, ‘‘દહીં છે કે નહિ ? દહીં લાવો.’’ ત્યારે તે બાઈએ દહીંના ત્રણ ગોરસા લાવીને મેલ્યા. ત્યારે પોતે ત્રણેય ગોરસા જમી ગયા ને પછી કહ્યું જે, ‘‘હવે થાળ કરો.’’ પછી કરણીબાએ થાળ કરવા માંડ્યો. તે

સમયમાં કરણીબા એ મહારાજના પગમાંથી અઢાર કાંટા કાઢ્યા ને તે પછી થાળ થયો તે જમાડ્યા. પછી તે કરણીબાએ મુખવાસ આપ્યો તેને પોતે જમ્યા. પછી કરણીબાએ મહારાજની મરજી જાણીને સર્વે અલંકાર વસ્ત્ર પહેરાવ્યા ને ફરીને કીર્તન ગવરાવ્યા. તેવામાં રાયધણજી આવ્યા ત્યારે તેમને પોતે કહ્યું જે, "ડભાણનો મહારુદ્ર કરવા જઈએ ચાલો." એમ કહીને તેમને તૈયાર કરીને ચાલ્યા તે ભેળા રાયધણજી તથા જેમલજી તથા હિંદુજી આદિ પાંચ અસવાર લઈને ગામ માળીયે પધાર્યા.

ત્યાંથી ખાખરેચીએ તળાવમાં ઘોડા પાઈને ગામ **વાટાવદર** ને રાયસંગપર થઈને ગામ **હળવદ** પધાર્યા. હરિભક્તોએ સામૈયું કર્યું ને પોતે તળાવ ઉપર ઘડી વાર વિરાજમાન થયા ને પછી ગાજતે વાજતે રૂડી રીતે ગામમાં પધાર્યા ને દવે ઈશ્વરના ડેલામાં ઊતર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થાય. તે ગામના ઘણા હરિભક્તો સાકર તથા પેંડા, બરફી તેની ભેટ લાવ્યા તે સર્વે પોતે જમી ગયા. પછી હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! થાળ થયો છે." ત્યારે પોતે બોલ્યા જે, "ભૂખ તો બહુ લાગી છે." એમ કહીને શિવા જાનીને ઘેર જઈને થાળ જમ્યા તે વાત ઘણી આશ્ચર્યકારી સર્વેને લાગી. કેમ જે સાકર, પેંડા, બરફી એક મણ તે સર્વે જમીને તરત થાળ જમ્યા. પછી પાર્ષદને જમાડીને ઉતારે પધાર્યા. સર્વે હરિભક્તે પંચામૃતે કરીને પગ ધોઈને ચરણામૃત લીધું ને બહુ પ્રકારે પૂજા કરી. તે દિવસ ત્યાં રહ્યાને સવારમાં ત્યાંથી ચાલ્યા તે ગામ ધ્રાંગધ્રે થઈને ગામ મેથાણ પધાર્યા ને ઝાલા પૂંજાભાઈને ઘેર ગાજતે વાજતે પધરાવ્યા ને થાળ કરીને જમાડ્યા ને ચંદન, પુષ્પ ભારે ભારે વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરીને પછી પોતે ત્યાં પાંચ દિવસ વિરાજમાન થયા ને સર્વે હરિભક્તને ઘેર થાળ જમ્યા. તેમને રાજી કરીને ત્યાંથી અશ્વારીએ સહિત પોતે ચાલ્યા તે ગામ ખેરવે થઈને ગામ રામગ્રીએ પધાર્યા. પટેલ જીવરાજને ઘેર રાત રહ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ વાટુના હરિભક્તોને દર્શન દઈને દદુકે થઈને ગામ **મછિયાવ** પધાર્યા. દાજીભાઈના દરબારમાં ગાજતે વાજતે વિરાજમાન થયા ને ત્યાં થાળ જમીને ગામ ભાત્ય થઈને ગામ **જેતલપુર** પધાર્યા ને મંદિરમાં ગાજતે વાજતે પધરાવ્યા. ગંગામાએ થાળ કર્યો તે ત્યાં જમવા પધાર્યા. પછી

જમીને રાત રહીને ગામ **ડભાણ** પધાર્યા ને મુક્તાનંદસ્વામીને તથા બ્રહ્માનંદસ્વામીને મળ્યા ને કહ્યું જે, “તમે યજ્ઞનો સામાન ભેળો કરાવોને, અમે ઘોડાસર તથા હાથરોલી જઈને પંદર દિવસ રહીને પછી અમે આવીશું.” એમ આજ્ઞા કરીને પોતે ઘોડાસરને માર્ગે ચાલ્યા. મારગમાં ટીમણ કરીને ચાલ્યા તે ઘોડાસરના ઠાકોર જાલમસિંહને મળીને તેને પ્રસાદી આપીને ચાલ્યા ત્યારે તેમણે પૂછ્યું જે, “બાપો ક્યાં છે ? ત્યારે પોતે બોલ્યા જે બાપો તો વાંસે છે એમ કહીને હાથરેલીને માર્ગે ચાલ્યા ને વાંસેથી બ્રહ્મચારી આવ્યા તેમને પૂછ્યું જે બાપો આવ્યા ? ત્યારે તેમણે કહ્યું જે બાપો તો આગળ ગયા ને હું તો તેમનો બ્રહ્મચારી છઉં. પછી ઠાકોર ઘોડી લઈને વાંસે ગયા ને કહ્યું જે તમને ઓળખ્યા નહિ. એમ કહી દિલગીર થયા. પછી પોતે કહ્યું જે ભેળા થયા વિના ક્યાંથી ઓળખાય ? તેનું દુઃખ ન હોય પછી ઠાકોરે કહ્યું જે, “હે મહારાજ ! ઘોડીએ બેસો. ત્યારે પોતે બેસીને હાથરોલી પધાર્યા. ભગુખાંટને ઘેર ગાજતે વાજતે પધરાવ્યાને પછી ત્યાં સર્વે સંતના મંડળને તેડાવ્યા. તેમાં પ્રથમ મહાનુભાવાનંદસ્વામીનું મંડળ આવ્યું ને તે સર્વે સંતના મંડળ પણ આવ્યા ને પછી પર્વતભાઈ પણ સંઘ લઈને આવ્યા. પછી મહારાજને મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, “આ પર્વતભાઈ તો બહુ સમર્થ છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “એ તો ચૌદ લોકના અંતરજામી છે.” એમ કહીને સર્વે સંતોને આજ્ઞા કરી જે, “તમે દર્શન કરો ને ઝોળી માંગીને જમો. પછી સંત વસ્તીમાં માંગી લાવીને ગામને સમીપે આંબલિયુંમાં ઉતારે આવીને અન્ન જોઈને ભેળું કરીને ગોળા વાળીને જમતા હવા. ને દર્શન કરતા હવા. પછી પોતે પેલી પહોર રાત્રી સુધી તો ભગુખાંટના ફળીયામાં સભા કરીને સંતને ધર્મ, જ્ઞાન, ભક્તિ ને વૈરાગ્યાદિકની વાતુ કરે ને વળી પાછલી પહોર રાત્રી રહે ત્યારે મસાલ કરાવીને સંતને ઉતારે પોતે પધારે ને વાતુ કરે ને મનના સંકલ્પ સંબંધી ઘણીક પ્રકારની વાતુ બહુ આકરી કરે. તેને સાંભળીને એ મુનિ હતા તે વનમાં જોઈને અન્ન જળનો ત્યાગ કરીને બેઠા. તેને જોઈને પોતે આકરી વાતુની સમાપ્તિ કરીને સંતને કહ્યું જે, “તમે હમણા આટલા ગામડામાં ફરો ને અમે ડભાણ બોલાવીએ ત્યારે આવજો.” પછી પોતે ત્યાંથી બારમુવાડે જમવા પધાર્યા.

તે સમે વનને વિષે મારગને સમીપે મહારાજનો શબ્દ સાંભળીને તે સંત ઉઠીને પગે લાગ્યા. તે મુનિ ત્રણ દિવસથી અન્‍ન જળ વિના હતા તેમને પોતે જળને દૂધ પેંડા આપતા હવા. પછી બારમુવાડે જમીને પાછા હાથરોલીયે પધાર્યા. ત્યાં **સુરતનો** સંઘ દર્શને આવ્યો તેણે ભારે ભારે વસ્ત્ર ને ઘરેણા તે બહુ પ્રકારના પહેરાવતા હવા. ત્યાં પંદર દિવસ રહ્યા ને પછી ગામ ઘોડાસરના ઠાકોરની પાલખીયે બેસીને ઘોડાસર પધાર્યા. ઠાકોર જાલમસિંહે પાલખીમાં બેસારીને ગામમાં ઘરોઘર ફૂલેકું ફેરવીને પોતે ઠાકોરે પાલખી ઉપાડીને પોતાના દરબારમાં પધરાવ્યા ને પૂજા કરીને કહ્યું જે, “અમ જેવું કામ હોય તો કહેજો. પછી મહારાજે કહ્યું જે, “ડભાણ યજ્ઞ કરવો છે પણ વેરાગીની ઉપાધિ છે તે તમે સહાય કરો તો કરીએ.” ત્યારે ઠાકોરે કહ્યું જે, “બહુ સારું તમે કહો તે સેવા કરીશ.” મહારાજે કહ્યું કે, “અમારે ભેળા અસવાર છે વાસ્તે થોડું મનુષ્ય લઈને આવો ત્યારે તે ઠાકોર દશહજાર મનુષ્ય લઈને મહારાજને પાલખીમાં બેસારીને ડભાણને માર્ગે ચાલ્યા તેવામાં કાઠીઓના અસવાર સામાં આવ્યા. પછી પોતે પાલખીમાંથી ઉતરીને આસન ઉપર બેઠા. પછી તે કાઠી હરિભક્તે પૂજા કરીને સોનાના કાંડા, સાંકળાને ઉતારી વેઢ, વિંટીને કિનખાબનો સુરવાલ, ડગલી પહેરાવ્યા ને માથે ભારે રેંટો બંધાવ્યો. પછી ભારે ઘરેણા ઘોડાને પહેરાવીને મહારાજને કહ્યું જે, “આ ઘોડા ઉપર વિરાજો. ત્યારે ઠાકોરે કહ્યું જે, “આ ઘોડો બહુ વસમો છે તે પાડી નાંખશે.” ત્યારે અલૈયે ખાચરે કહ્યું જે, “મહારાજ તો ભારે અસવાર છે તે ઘોડો શું પાડશે ! પછી પોતે હસીને તે ઘોડા ઉપર વિરાજ્યા ને સારી પેઠે તેને ફેરવતા હવા. તે જોઈને ઠાકોર બહુ વિસ્મય પામતા હવા. પછી મહારાજે કહ્યું જે, “તમે પાલખીમાં બેસો. એમ કહીને પોતે અસવારીયે સહિત ગામ **ડભાણ** પધાર્યા ને સન્મુખ મનુષ્ય બહુ આવ્યા. તેણે કરીને ભીડ ઘણી થઈ તે વાવેલા ખેતર કચરાઈ ગયા. પછી ઘોડાને ધીરે ધીરે ચલાવતા થકા પોતે ઘણી શોભાએ યુક્ત થકા પટેલ રૂગનાથદાસની મેડીએ ઉતર્યા પછી મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા સર્વે હરિભક્ત પગે લાગીને આગળ બેઠા. પછી પોતે પૂછ્યું જે યજ્ઞનો સામાન કેટલો થયો છે ? પછી મુક્તાનંદસ્વામીને કહ્યું જે, “તમે ખંભાતથી યજ્ઞનો સામાન લઈ આવો. પછી ગાડા પચાસ લઈને ગયા પછી ત્યાં જઈને વિચાર

કરે છે ત્યાં એક શાહુકારે આવીને પૂછ્યું જે, “કેના ગાડા છે ?” પછી પૂંજેભાઈએ કહ્યું જે, “સ્વામિનારાયણના છે.” પછી તેણે કહ્યું જે, “એ તો અમારા આરતિયા છે તે ચાલો મારી વખારમાંથી સામાન ભરી લ્યો જે તમારે જોઈએ. પછી સર્વે ગાડા તે લઈને સામાન સર્વે યજ્ઞનો ઘી, ગોળ આદિ ભર્યો ને પછી પૂંજેભાઈએ તે શેઠને હિસાબનું પૂછ્યું ત્યારે શેઠે કહ્યું જે, “તમે ગાડા લઈને જાઓ. એ તો અમે તપાસ કરીને લખીશું. અમારે એમનો વિશ્વાસ છે. એ વાત સાંભળીને પોતે મુખારવિંદે રૂમાલ દઈને મંદ મંદ હસતા હવા. પછી પોતે કાશી પર્યંતના ચાર વેદના ભણેલા બ્રાહ્મણને બોલાવીને યજ્ઞનો આરંભ કરાવતા હવા ને ગામની આથમણી તરફ મોટો કુંડ કરાવીને પડનાળે ઘી હોમતા હવા ને ગામથી ઉગમણું તળાવને ઉતરાદે કાંઠે પાકશાળા કરાવીને લાખો બ્રાહ્મણની પંગતિ કરાવીને જમાડતા હવા ને તે ઠેકાણે ત્રણ મંચ નંખાવીને એક ઠેકાણે બેસીને સર્વે ઠેકાણે દર્શન દેતા હવા. તે સમે ગામ રણુના બાવો પરભાતગર ને પટેલ દેસાઈભાઈ દર્શન કરીને સનમુખ બેઠાને બાવે મહારાજની રજાઈ જોઈને મનમાં સંકલ્પ કર્યો જે આ ધડકી મને આપે તો સ્વામિનારાયણ ભગવાન ખરા. પછી પોતે તેનો સંકલ્પ જાણીને કહ્યું જે, “બાવા! લ્યો ! આ ધડકી ઓઢો.” એમ અનેક પરચા આપીને પોતાના સ્વરૂપનું જ્ઞાન આપતા હવા ને ઘરેણે જુક્ત જે ઘોડો તેની ઉપર બેસીને સર્વે જરીયાની વસ્ત્ર પહેરીને સોનેરી ઘરેણા એ સહિત તે માથે દશ અવતારનું છત્ર ધરીને પોતે સર્વેને દર્શન દેતા દેતા ફરીને ઉતારે પધાર્યા. પછી ગંગામા ને કાશીદાસ આદિ હરિભક્તે કહ્યું જે, “સંતને ઝોળી માંગવી બંધ કરો ને જમવાની આજ્ઞા કરો.” ત્યારે પોતે કહ્યું જે, “સંતે સર્વનું અન્ન જમીને ને અમોને જમાડીને અનેક જીવના કલ્યાણ કરવા. અમે સંકલ્પ કર્યો છે તે માટે ઝોળી મંગાવું છું ને હું ધારું તો ઝાડવેથી સર્વે પકવાન ઉતારું ને સંતને જમાડું.” પછી ગંગામાએ કહ્યું જે, “તમારો સંકલ્પ સાચો છે પણ સંતને જમવાની આજ્ઞા કરો. પછી મહારાજે ભારે ભારે રસોઈઓ કરાવીને સંતને પોતે પિરસીને જમાડતા હવા.

એક દિવસ **વડતાલના** જોબનપગી ને સુંદર પગી આદિ દશ જણ કાઠીયાવાડી ઘોડા સારા જાણીને ચોરી કરવા આવ્યા તે જે ઘોડા પાસે જાય ત્યાં મહારાજને પાસે ઊભા દેખે એમ બે રાત્રી સુધી ફર્યા પણ ઘોડુ ન લેવાણું. પછી

સવારે મહારાજને સન્મુખ આવીને ઉભા રહ્યા. તેને જોઈને મહારાજે કહ્યું જે, “તમે બે દિવસ ઉજાગરો કર્યો પણ એક પણ ઘોડું હાથ આવ્યું નહિ.” ત્યારે તેણે કહ્યું જે, “હે મહારાજ ! તમે તો સાક્ષાત્ ભગવાન છો ને જ્યાં ગુન્હા છૂટે ત્યાંજ ગુન્હા કર્યા. એમ કહીને સર્વે ફેલ મેલીને વર્તમાન ધારીને મોટા એકાંતિક ભગવાનના ભક્ત થયા ને એક દિવસ પોતે કાશીદાસ મોટાને પૂછ્યું જે કાંઈ બ્રાહ્મણોને આપવા રૂપિયા છે ?” પછી મોટાએ કહ્યું જે, “તે તો નથી.” પછી તે સમે એક ગાડુ આવ્યું. તે જોઈને મહારાજે મોટાને કહ્યું જે, “આ ગાડું ઉતારો.” તેમણે ગાડું જોઈને કહ્યું જે, “બે કોથળા ચોખાના છે ને તળીયે રૂપિયા છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “ઉતારીને ઠેકાણે મેલો. કામ આવશે પછી મોટાએ પૂછ્યું જે આ રૂપિયા ક્યાંથી આવ્યા ? પછી પોતે બોલ્યા જે, “જ્યાં પાકે છે ત્યાંથી આવ્યા.” ઠેકાણે મેલો પછી વળી એક દિવસે આનંદાનંદસ્વામીએ કહ્યું જે, “ઘીનું કુંડલુ એક છે. ત્યારે મહારાજે સોટી મારીને કહ્યું જે, “આમાંથી કાઢ્યા કરો, નહિ ખૂટે.” પછી તે કુંડલાનું ઘી બે દિવસ સુધી કાઢ્યું પણ ખૂટ્યું નહિ. પછી બીજે દિવસે સાત ઘડા ઘીના આવ્યાં. તેને બ્રાહ્મણે પૂછ્યું જે, “આ ઘી ક્યાંથી આવ્યું ? ત્યારે ગાડાવાળાએ કહ્યું જે, “તું ઘી ખાયા કર. તારે પૂછીને શું કામ છે ? એમ કહીને ચાલ્યા તે સહુને જોતે થકે અદૃશ્ય થઈ ગયા. પછી તે બ્રાહ્મણ મહારાજને ઈશ્વર જાણતા હવા ને એવી રીતે પ્રતાપ જણાવતે સતે અઢાર દિવસ થયા ત્યારે પૂનમનો દિવસ પૂર્ણાહુતિનો દિવસ આવ્યો. ત્યારે બ્રાહ્મણોએ ઉપાધિ કરવા માંડી ને બસ્સો જેટલા બ્રાહ્મણો લાકડીયો લઈને પાકશાળાને મોઢે આવીને બેઠા ને પિરસણ નીકળવા દે નહિ. પછી પોતે યુક્તિ કરી જે. રસોઈયાને કહ્યું જે, “તમે બહુ દિવસ રસોઈ કરી માટે સર્વે બહાર આવો. તમને દક્ષિણા આપીએ. એમ કહીને હળવદના હરિભક્ત બ્રાહ્મણને પાકશાળામાં ઘાલ્યા ને પછી પોતે કાઠિના અશ્વાર લઈને તૈયાર થઈ ઘોડે ચડીને પાળાને બંદૂકો બંધાવીને કહ્યું જે, “ગોળી વિના ભડાકા કરવા ને કાઠીઓને કહ્યું જે મારવા નહિ ને ખૂબ ડરાવવા. એમ કહીને પાકશાળાને ચારે કોર પોતે અસવારે સહિત ફરીને તે બ્રાહ્મણોને કહ્યું જે, “તમે રૂડી રીતે જમશો તો દક્ષિણા મળશે ને ઉપાધિ કરશો તો તમને આ કાઠિ મારશે. પછી તેમણે બરછીઓ ઉગામીને બસ્સો બ્રાહ્મણની લાકડીઓ પડાવી

લીધીને પાળાએ પણ બંદૂકનો અવાજ કર્યો. તેણે કરી ને દાળની સોળ કોઠીઓ ફાટી ગઈ. તે સમે એક વૃદ્ધ બ્રાહ્મણને યજ્ઞમાં કુંડમાં નાંખવા લાવ્યા તેને ચોકીદારે કાઢી મેલાવ્યો એવી રીતે નિર્વિઘ્ન યજ્ઞની સમાપ્તિ કરી ને પછી તળાવના કાંઠા ઉપર સભા કરીને વસ્ત્ર, અલંકાર તથા રૂપિયા, સોનામહોર વગેરે દક્ષિણા આપીને પછી પોતે બોલ્યા જે શક્તિ પંથમાં માતાને દારૂ માટીનું નૈવેદ્ય ધરાવે છે તે વાત શાસ્ત્રમાં છે. ત્યારે બ્રાહ્મણ બોલ્યા જે એ મત તો શાસ્ત્રમાં તો નથી ને એવો જે મતછે તે ખોટો છે. ત્યારે મહારાજે કહ્યું જે ઊભાથઈને એમ બોલો કે જે કે શક્તિ પંથમાં દારૂ માટીનું નૈવેદ્ય કરે છે તે ખોટું છે. ત્યારે તેવી રીતે તે બ્રાહ્મણ ઊભા થઈને બોલતા હવા. પછી સર્વે બ્રાહ્મણ મહારાજને વિનંતી કરીને પોતાને ઘેર જાતા હવા ને યજ્ઞ સંબંધી ને ધર્મ સ્થાપન સંબંધી વાતુ સર્વે લોકને વિષે કરતા હવા ને પછી પોતે સર્વ સંતને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા કરી.

**(ઈતિ છાસઠના વરસનો યજ્ઞ સમાપ્ત થયો)**

પછી પોતે ત્યાંથી અસવારીયે સહિત ચાલ્યા તે ગામ **ચલોડામાં** અમિન **નથુબાઈને** ઘેર ઉતર્યા ને ત્યાં જમીને ગામ **કાણોતર કશિયાજી** વાઘેલાના દરબારમાં ઉતર્યા ને ત્યાં રાત રહીને પોતે ચાલ્યા તે ગામ **બળોલને અડવાલ** થઈને ગામ **સાળંગપુરમાં જીવાખાચરને** ઘેર પધાર્યા, ત્યાં પોતે થાળ જમીને પ્રસાદી પાર્ષદને જમાડીને સર્વને દર્શન દઈને ચાલ્યા તે **ગઢડે** પધાર્યા ને **દાદાખાચરે** ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. પછી એભલ ખાચર ને સર્વે પરીવાર ને જીવા ખાચર એ સર્વે દર્શન કરીને બેઠા ને પછી બોલ્યા જે ડભાણમાં યજ્ઞ કર્યો તેમાં પ્રેમીભક્ત કેટલા દર્શને આવ્યા હતા ને તમારી સેવા કઈ રીતે કરી તે અમને કહો. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘તેમની સેવા અને પ્રેમ તેની ઉપમા તો તમારી દેવાય પણ બીજાની દેવાય નહિ. પછી થાળ કરીને લાવ્યા તેને જમીને પ્રસાદી પ્રેમીભક્તને આપીને બે દિવસ રહીને ચાલ્યા ને ગામ **કોટડે** ગયા ને પીઠાવાળાને ઘેર રાત રહીને ચાલ્યા તે ગામ **ગોંડલ** પધાર્યા. દરબાર **હઠીભાઈએ** ગાજતે વાજતે દરબારમાં પધરાવ્યા ને રસોઈ કરાવીને જમાડ્યા ને પ્રસાદી પાર્ષદને તથા સંતને જમાડીને ગામના હરિજનને

દર્શન દઈને રાત રહીને ગામ **કાલાવડમાં** ખત્રી **જાદવજીને** ઘેર ઉતારો કર્યો ને ત્યાં જમ્યા ને સર્વે સંત ને અસવારને જમાડ્યા ને ત્યાં બે દિવસ રહીને ચાલ્યા તે ખત્રી ખેંગારે મોતીયા લાડુનું ભાતું બંધાવ્યું ને ત્યાંથી ગામ **ભાદરામાં** સુતાર **રામજીને** ઘેર રાત રહ્યા ને ત્યાંથી અસવારે સહિત ચાલ્યા તે ગામ **જોડીયે** થઈને **બાલંભે** આવ્યા ને ત્યાંથી આંબરણ તથા ધૂળકોટ થઈને ગામ **પીપળીયે** પટેલ **ગણેશને** ઘેર પધાર્યા ને ત્યાં થાળ જમ્યા ને સર્વને જમાડ્યા ત્યાંથી ગામ **ભેળામાં ગોવિંદજી** બ્રાહ્મણને ઘેર પધાર્યા ને થાળ જમીને ત્યાંથી **માળીયે** પધાર્યા ત્યાં દરબારમાં ઉતારો કર્યો ને દરબારે બહુ સન્માન કર્યું ને રસોઈ કરાવીને જમાડ્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **વાંટીયે** પધાર્યા ને ત્યાં સુતાર રૂડાને ઘેર ઉતર્યા ને ત્યાં પોતે થાળ જમ્યા ને પાર્ષદને જમાડ્યા ને ત્યાંથી ગામ **આધોઈ** માં જાડેજા **લાધાજીને** ઘેર ઉતર્યા ને ત્યાં પોતે જમ્યા ને સર્વેને જમાડ્યા ત્યાં મહાનુભાવાનંદસ્વામી ઘોડાસરના ઠાકોરનો કાગળ લઈને આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, ‘‘દેશમાં શું શું વાતુ થાય છે ?’’ ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, ‘‘મહારુદ્રની વાતુ ઘણી થાય છે જે અવો મહારુદ્ર કોઈથી થાય નહિ. પછી પોતે પણ મહારુદ્રની વાત બહુ પ્રકારે કરીને કરતા હવા. પછી ત્યાં પોતે રહીને બહુ લીલા કરીને સર્વે હરિભક્તને આનંદ પમાડીને ત્યાંથી ગામ **ભચાઉમાં** એક રાત રહીને ગામ **ખોખરે** પધાર્યા. તે ગામમાં પાણી પીવાની કોરનું લોકને બહુ દુઃખ હતું તેને પોતે જોઈને કહ્યું જે, ‘‘તમે આ ઠેકાણે કૂવો ખોદો તો પાણી આવશે.’’ પછી સર્વે હરિભક્તે કૂવો ખોદ્યો એટલે પાણી ઘણું થયું. તે જોઈને સર્વે મનુષ્ય એમ કહેતા હવા જે, ‘‘આ તો સ્વામિનારાયણની કૃપાથી પાણી થયું છે માટે એ તો સાક્ષાત્ પ્રભુનો અવતાર છે.’’ એવી રીતે સૌને ચમત્કાર દેખાડીને ત્યાંથી **ભુજનગર** પધાર્યા ને સુતાર **હીરજીભાઈએ** ભારે સામૈયું કરીને પોતાના ડેલામાં ઉતારો કરાવ્યો ને ષોડશોપચારે કરીને પૂજા કરીને જમાડ્યા ને પછી સર્વે સંતને તથા પાર્ષદને જમાડ્યા ને પછી પોતે ત્યાં રહીને એક દિવસ હીરજીભાઈના ડેલામાં આથમણે કરે ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા ને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યા હતાં તે સમે ચાર સંત તથા સુંદરજીભાઈ ઢોલિયાની સમીપે બેઠા હતા. પછી તે સમે શ્રીજીમહારાજે વાત કરી તેમાં એવો પ્રસંગ નિસર્યો જે

અંતર દ્રષ્ટિ કરીને ભગવાનની મૂર્તિ ધારે છે તેની આવરણ પાર દ્રષ્ટિ થાય છે. એવી વાર્તા સાંભળીને પછી સુંદરજીભાઈ ઉઠીને ડેલાથી ઉતરાદિકોરે પોતાને ઘેર મેડા ઉપર સૂવા ગયા. તે ટાણે મધ્યાહ્ન સમય હતો. પછી મહારાજે વાર્તા કરી હતી તેનો પોતે વિચાર કરવા લાગ્યા તે નિંદ્રા પણ આવી નહિ. એમ વિચાર કરતા કરતા તે ઓરડાની ભીંતની સાથે જે બીજો ઓરડો તેમાં જે પદાર્થ તેને દેખ્યા. પછી થોડીકવાર થઈ ત્યારે તે ઓરડાથી બહાર દ્રષ્ટિ ચાલી તે વંડામાં મહારાજ બેઠા હતા ને પાસે ચાર સંતને વિશનગરના ગોર ગણપતરામ લાલબોરીનો ચોફાળ ઓઢીને બેઠા હતા. તે સહિત મહારાજને દીઠા. ત્યારે સુંદરજીભાઈને વિચાર થયો જે આ તે શું આશ્ચર્ય  થયું ? આમ વિચારીને પોતે મહારાજ પાસે આવીને જોયું ત્યાં તો જેવા મેડે ઓરડામાં દર્શન થયા હતા તેવી જ રીતે દર્શન કરીને વિચાર થયો જે મહારાજે વાર્તા કરી હતી તે વાતનો ચમત્કાર દેખાડ્યો. એવી રીતે ઘણી લીલા કરીને ત્યાંથી ગામ **માનકુવે** પધાર્યા.

માનકુવામાં સુતાર નાથને ઘેર ઉતર્યા ને ત્યાં જમને રાત રહીને ચાલ્યા તે ગામ **રવાપર** પધાર્યા ને **હમીર ભક્ત** તથા શેઠ **હંસરાજે** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. ત્યાંથી જમીને તે શેઠની પૂજાને અંગીકાર કરીને ગામ **કાળાતળાવ** પધાર્યા ને સુતાર **ભીમજીને** ઘેર ઉતર્યા. ત્યાં બે-ત્રણ દિવસ રહીને ઘણું સુખ દઈને સુતાર ભીમજીના ઘોડા ઉપર બેસીને ગામ **માંડવી** બંદર પધાર્યા ને મહેતા **શિવરામભાઈએ** ગાજતે વાજતે ભારે સામૈયું કરીને શહેર વચ્ચે થઈને પોતાને ઘેર પધરાવ્યા ને ષોડશોપચારે કરીને પૂજ્યા ને પછી થાળ જમાડીને બહુ સુખ લીધું. ત્યાંના હરિભક્તે સર્વેએ પોતાને ઘેર થાળ કરીને જમાડીને લાવ લેતા હવા. એક દિવસ પોતે સર્વે હરિભક્તોને ભેળા લઈને ગામથી આથમણી કોરે કોટની બારીએ થઈને સમુદ્રને વિષે ન્હાવા પધાર્યા ને સંત, પાર્ષદને સર્વે હરિજન તેની મંડળી વાળી કીર્તન ગાતા હવા ને પાણીના મોટા લોઢ આવે તેની સામા પોતે ચાલે ને હસીને સર્વેને બહુ ખુશી કરતા હવા. એવી રીતે જલક્રીડા કરીને પાછા વસ્ત્ર પહેરીને ગાતા ગાતા ગામમાં પધાર્યા. એવી રીતે ત્યાં ત્રણ-ચાર દિવસ રહીને બહુ સુખ દેતા હવા. પછી તેમની સેવાને અંગીકાર કરીને ગામ **દ્રોણ** પધાર્યા. ત્યાં સુતાર **વસ્તા** ભક્તના

ફળીયામાં ઉતર્યા ને ત્યાં જમીને રાત રહીને ત્યાંથી ગામ **સંધાણ** પધાર્યા ને ડોસા **સુતારને** ઘેર ઉતર્યા ને ત્યાં થાળ જમીને ગામ **તેરે** પધાર્યા. **માવજી** સુતારને ઘેર ઉતર્યા ને ત્યાં **પ્રાગજીદવે** પાસે શ્રીમદ્ ભાગવતની કથા વંચાવવાનો પ્રારંભ કર્યો ને સર્વે સંતને કાગળ લખીને તેડાવ્યા. ત્યાં દેશ દેશથી સર્વે સંત આવ્યા ને તેમાં સર્વેથી પહેલા સાધુ મહાનુભાવાનંદસ્વામીનું મંડળ આવ્યું ને તેમને અતિ તપસ્વી જોઈને પોતે જમતા હતા તે એમને એમ ઉઠીને સન્મુખ જઈને મળતા હવા. પાછા જમવા બેઠા ને મહાનુભાવાનંદસ્વામીને પોતે સમાચાર પૂછ્યા ને કથા સાંભળતા હરે ! હરે ! એ પ્રકારે શબ્દ ઉચ્ચારતા હવા. તે ગામમાં એક માસ રહીને ભાગવતની કથાની સમાપ્તિ પોતે કરાવીને ત્યાંથી મધ્યાહ્ન સમયે પોતે સંત પ્રત્યે કહ્યું જે, હે સંતો ! તમે ગોળા જમીને આવજો ને અમે ચાલીએ છીએ. એમ કહીને પોતે ચાલ્યાને વાંસેથી મુનિ પણ ચાલ્યા તે પોતાને વાંસે ચાલ્યા આવતા. એવા જે મુનિ તેમને પગે બળતા જોઈને પોતાના પગમાંથી મોજડીયું કાઢીને બ્રાહ્મણને આપી દીધી ને પોતે એમને એમ અડવાણે પગે ઉતાવળા ચાલતા હવા ને સંત પણ વાંસે એમને એમ દોડતા હવા. પછી એક બાવળનું વૃક્ષ આવ્યું તેને હેટળ પોતે બિરાજમાન થયા ને ત્યાં મહાનુભાવાનંદસ્વામીના પ્રથમ શ્રીજીમહારાજને સમીપે આવતા હવા ને પછી બીજા સંતો પણ આવી પહોંચ્યા. પછી મહારાજના પગનાં તળા ઓલાસવા (ઠારવા) માંડ્યા. પછી પોતે બોલ્યા જે હે સંતો ! તમે પગે બહુ બળ્યા. પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, ‘‘આવા પગ તો અમદાવાદમાં ઝોળી માંગીને જાતો હતો તે દિવસ બળ્યા ન હતા તે આજ બળ્યાં પછી પોતે ત્યાગ, વૈરાગ્યના કીર્તન બોલીને વાતુ કરી જે સંતને દેહરૂપે ન વરતવું ને આત્મારૂપે વરતવું. એવી રીતની વાતુ કરીને ત્યાંથી ચાલ્યા તે ગામ **કાળેતળાવ** પધાર્યા.

કાળાતળાવમાં સુતાર ભીમજી તથા હરભમને ઘેર ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંતને પોતાને સમીપે બોલાવીને ત્યાગ-વૈરાગ્યની તથા ભગવત્ સ્વરૂપની વાર્તા કરતા હવા ને સાંજ પડે ત્યારે ગામથી બહાર તળાવ ઉપર રેતીનો ઢગલો કરીને તેની ઉપર વસ્ત્ર નાંખીને ઉપર મહારાજને

પધરાવીને સર્વે સંત સન્મુખ આવીને ચારેકોર બેસતા હવા. તેમને પોતે ધર્મ, ભક્તિ, જ્ઞાન, વૈરાગ્યની પહોર રાત્રી પર્યંત વાર્તા કરીને ગામમાં પધારે ને સંત તળાવને કાંઠે શ્રીજીનું ધ્યાન કરતા થકા નિંદ્રા આવે ત્યારે બે-ચાર ઘડી સૂવેને પાછલી પહોર રાત્રી રહે ત્યારે પાછા પોતે સંત પાસે કાકડો કરાવીને પધારે ને પહોર દિન ચડે ત્યાં પર્યંત ત્યાગ, વૈરાગ્યની વાર્તા કરે. પછી સ્વરૂપાનંદસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી તથા નિરંજનાનંદસ્વામી આદિ સંત સહિત પોતે ગામમાં ભીમજી સુતારને ઘેર પધારે ને પોતે જમીને પ્રસાદી આપે ને વાતુ કરે. આવી રીતે કાળાતળાવમાં પંદર દિવસ રહીને લીલા કરીને પછી સ્વરૂપાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, નિરંજનાનંદસ્વામી, પરમાનંદસ્વામી, હરિયાનંદસ્વામી, નૃસિંહાનંદસ્વામી એમ બાર સાધુના મંડળ બાંધીને કહ્યું જે તમે ગુજરાતમાં જાઓને સર્વે હરિભક્ત પ્રત્યે પત્ર લખ્યો જે એ સંત કહે તે વચન માનજો એવી પરીતે બાર સાધુને મોટેરા કરીને ત્યાંથી પોતે **માનકુવે** થઈને **ભુજનગર** પધાર્યા.

સુંદરજી સુતારે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યાને તે સમયે મહારાજના પગમાં ગૂમડું થયું હતું. તેને જોઈને સુંદરજીભાઈ તથા હીરજીભાઈએ કહ્યું જે, “હે મહારાજ ! હવે ક્યાંઈ જાવુ નહિ ને અમે કહીએ ત્યારે જાવું.” એવી પ્રતિજ્ઞા પ્રથમથી કરી હતી. પછી સુંદરજીને જોવા કચ્છનો કામદાર મેહેતો જગજીવન આવ્યો. તેણે કહ્યું જે, “સ્વામિનારાયણ તમારે ઘેર આવ્યા છે ?” ત્યારે તેનો પોતે શબ્દ સાંભળીને મેડેથી ઉતરીને સુંદરજીને સમીપે આવીને બેઠા. તેમને જોઈને જગજીવન મેહેતો બોલ્યો જે, “તમે ભગવાન કહેવાઓ છો ? ત્યારે મહારાજ બોલ્યા જે, “હા” ત્યારે તેણે કહ્યું જે, “તમે રાધા ને લક્ષ્મીના પતિ છો ?” ત્યારે મહારાજે કહ્યું જે, “હું લક્ષ્મીનો પતિ, રાધાનો પતિ ને સચ્ચિદાનંદ હું, પૂર્ણાનંદ હું એ પ્રકારના ઘણાંક વચન બોલ્યા. તેને સાંભળીને જગજીવન મેહેતો ક્રોધ કરીને કંપતો ને રક્ત છે નેત્ર જેના એવો થકો તત્કાલ ત્યાંથી ઉઠી નિસર્યો. તેને જોઈને હીરજીભાઈ ભય પામીને બોલ્યા જે, “હમણાં ગંગારામ મલ્લને ઘેર પધારો તો બહુ સારું. પછી પોતે જેઠી ગંગારામભાઈને કહ્યું જે, “અમને તમારે ઘેર રાખશો?” ત્યારે તેમણે કહ્યું જે, “તમારું ઘર છે પધારો મહારાજ પછી પોતે કહ્યું જે, “અમને

તમે રાખશો તો ઉપાધિ થાશે.'' ત્યારે ગંગારામભાઈએ કહ્યું જે, ''ભાર કેનો છે જે ઉપાધિ કરે. તમે તો મારા શિર સાટાના છે.'' પછી મહારાજે કહ્યું જે અમથી ચલાય એમ નથી. પછી જેઠી ગંગારામભાઈએ ઉકા ઠક્કરને કહ્યું જે, ''મહારાજને કાજે બેસવા ગાડી લાવો.'' ત્યારે ઉકો ઠક્કર મેહેતા જગજીવનની ગાડી લાવ્યા. તે સમે સર્વે હરિભક્તે શ્રીજીમહારાજના સર્વે અંગને વિષે ચંદન કરીને લેપન કર્યું હતું ને ગુલાબ, મોગરા, ચંપાદિક પુષ્પના હારતોરા, ગુજરા, બાજુબંધ આદિ સર્વે પુષ્પે ગરકાવ કર્યા હતા. તે સમે મહારાજની મૂર્તિ કોટી કોટી કામને લજ્જા પમાડે એવી શોભાએ યુક્ત થકા તે ગાડીમાં બેસીને સર્વે શહેરના મનુષ્યને દર્શન દેતા થકા ગંગારામભાઈને ઘેર પધાર્યા.

ત્યાં એક માસ રહીને લીલા કરતા થકા એક દિવસ તે જ ફળીયામાં ઠક્કર ગંગાધરની સ્ત્રી રાણબાઈએ મહારાજને પોતાને ઘેર પધરાવ્યાને પૂજા કરીને કહ્યું જે, ''હે મહારાજ ! અમારા ઘરના ધણીને દરબારે બે મહિનાની કેદ કરી છે. તે આઠ-દશ દિવસે છૂટે તો બહુ સારું.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''વહેલા છૂટશે'' એમ કહીને ઉતારે પધાર્યા ને ગંગાધર ઠક્કરે બીજે દિવસે દરબારે છોડી મેલ્યા. પછી વળી રાણબાઈએ મહારાજને ફરીને પોતાને ઘેર પધરાવીને નારીયેળ મેલીને દર્શન કરીને પૂછ્યું જે, ''હે મહારાજ ! ઘરનો ધણી તો તમારી દયાથી છૂટ્યા તો ખરા પણ દંડ પચ્ચીસ હજાર કોરી કરીને અમે ક્યાંથી આપીએ ?'' ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે નારીયેળ કેટલા અમને ભેટ મૂક્યા છે ?'' ત્યારે તે બાઈએ ગણીને કહ્યું જે, ''હે મહારાજ ! નારીયેળ તો દશ થયાં'' ત્યારે પોતે કહ્યું જે, ''દરબાર તમને દશ હજાર કોરી ઓછી કરશે'' પછી બાઈએ કહ્યું જે, ''બીજા શ્રીફળ મૂકું.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''એ વાત થઈ રહી. હવે ન થાય.'' પછી દશ હજાર કોરી દરબારે મેલીને પંદર હજાર કોરી લીધી. એવી રીતે ઠક્કર ગંગાધરને મહારાજે અનેક પરચા આપ્યા છે તેમાં કેટલાય લખ્યા વિના રહ્યા છે.

પછી પોતે ત્યાંથી હરિજને આનંદ આપીને ચાલ્યા તે ગામ **અંજાર** પધાર્યા ને **ચાંગબાઈ**એ થાળ કરાવીને જમાડ્યા ને તેમની સેવાને અંગીકાર કરીને ગામ **ભચાઉ** પધાર્યા ને ત્યાં શેઠ **લખુએ** થાળ કરાવીને જમાડ્યા ને રાત રહીને

ચાલ્યા તે વાંઢિયે થઈને ગામ **માળીયે** પધાર્યા ને દરબારમાં ઉતર્યા. તેમણે સન્માન બહુ સારું કર્યું. પછી પોતે રાત્રિ રહીને ગામ **પીપળીયે** પધાર્યા ને પટેલ **ગણેશ** કોઠીયે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવીને થાળ કરાવીને જમાડીને લાવ લીધો. પછી ત્યાંથી ગામ **વણથલી** પધાર્યા ને હરજી સુતારના ફળીયામાં વિરાજમાન થયા ને પછી ત્યાં થોડુક રહીને ચાલ્યા ને ગામ **ભાયાવદર** તથા **માણાવદરમાં ભટ્ટ મયારામને** ઘેર પધાર્યા ને થાળ જમીને, પાર્ષદને જમાડીને રાત રહીને ભટ્ટને બહુ રાજી કરીને પછી ભટ્ટને કહ્યું જે, ''ઓખાઈ જોડા સિવડાવો.'' ત્યારે ભટ્ટે સિવડાવીને મહારાજને પહેરાવ્યા ને કહ્યું જે, ''નવાબના ઘરના મનુષ્યને તમારા દર્શન કરવા છે.'' પછી પોતાના પાર્ષદે સહિત ઓખાઈ જોડા પહેરીને બજારમાં થઈને ચાલ્યા. પછી ભટ્ટે જઈને તે નવાબના ઘરના મનુષ્યને કહ્યું જે તમે ગોખમાં બેસો. મહારાજ પધારે છે. પછી પોતે તેને દર્શન દઈને ચાલ્યા તે અલૈયેખાચરે ને સુરાખાચરે બે ઘોડા મંગાવ્યા તે માર્ગમાં જાતા બે ખુચી ગયા. પછી મહારાજે કહ્યું જે, ''ઘોડા કાઢીને આવો.'' પછી તે હરિભક્તે કહ્યું જે, ''તમે મહારાજ ભેળા જાઓ. અમે કાઢીને લઈ જાશું. પછી માર્ગમાં જાતા પોતે કહ્યું જે, ''અમને ન દેખે તે ઉપવાસ કરે.'' એમ કહીને ઉતાવળા ચાલ્યા. ત્યારે સુરાખાચરે કહ્યું જે, ''મારાથી ચલાતુ નથી. તમે હળવા ચાલો.'' ભેળા થઈ પછી પોતે હસીને આગળ જઈને બેઠા. પછી અતિ વેગવાળી સાંકડા પટની નદી આવી ત્યાં બે ભેળા થયા. પછી પોતે કહ્યું જે, ''આ નદી વસમી છે.'' ત્યારે અલૈયે ખાચરે કહ્યું જે, ''આને તો હેંડતા ઉતરી જાઉ.'' ત્યારે મહારાજ બોલ્યા જે, ''તો ઉતરો.'' પછી ઉતરવા ગયા તે હેંડ્યા. પછી મહારાજે કહ્યું જે, ''આ તો તણાયા.'' એમ કહીને ફેંટો નાંખીને તાણી લીધા. પછી આરો હતો ત્યાં જઈને ઉતરીને જૂનેગઢ પધાર્યા ને ઝીણાભાઈને ઘેર ઉતર્યા. ત્યાં થાળ જમીને પાર્ષદને જમાડીને રાત રહીને ગામ વણથલી થઈને પંચાળે પધાર્યા. ત્યાં જઈને પોતે પ્રકરણ ફેરવ્યું જે ''મન માગે તે ખાવું નહીં.'' ત્યારે કોઈકે ગોળ માંગ્યો, કળથી માંગી. પછી ઝીણાભાઈએ કહ્યું જે, ''જેને મનમાં આવે તે વસ્તુ માંગે છે તે ગામડામાં ક્યાં મળે ?'' પછી મહારાજે કહ્યું જે, 'ખોરી જારના રોટલા સર્વેને આપો.'' પછી અલૈયા ખાચરને તો કટકો મોઢામાં ઘાલેને ઉબકો થાય. પછી મહારાજે કહ્યું જે, ''એમને સારો રોટલો

આપો.'' ત્યારે તેમને મનમાં એમ થયું જે હું સ્વાદીયોને બીજા નિઃસ્વાદી. એમ કહીને વગડે એક તળાવડી હતી ત્યાં જઈને રોવા લાગ્યા. પછી કોઈ માણસે કહ્યું જે, ''તમારો માણસ એક મૂંઝાયો છે. પછી પોતે પરવતભાઈને મેલ્યા તે સમજાવીને તેડી લાવ્યા. પછી ગઢડેથી મોટીબાનો કાગળ આવ્યો જે એભલખાચર ગાંડા થયા છે તે દાદાખાચરને મારી નાંખત. તે અમે ગોખલાણે આવ્યા છીએ. તે સાંભળીને પોતે ત્યાંથી ચાલ્યા.

**(ઈતિ છાસઠની લીલા સંપૂર્ણ)**

ગામ અગતરાઈ પર્વતભાઈને ઘેર જન્માષ્ટમીનો સમૈયો કર્યો ને ત્યાંથી **જૂનેગઢ** પધાર્યાને **ઝીણાભાઈ**ના દીવાનખાનામાં ઉતર્યા. પછી ભુજના સૂતાર નારાયણજીને દેવરામ આદિ હરિભક્તો દર્શન કરીને બેઠા. પછી ઝીણાભાઈએ કહ્યું જે, ''જમવા પધારો.'' પછી પોતે જમીને ઉતારે પધાર્યા ને બીજે દિવસે કાળવા નદીએ પધાર્યા. ત્યાં દાતણ પાણી સર્વે ક્રિયા કરીને ન્હાવા બેઠા. તે પ્રાણાયામ કરતા બ્રહ્મરંધ્રમાં જતું રહેવાણું ત્યારે નાજે જોગીયે ઉંચે સાદે કરીને જગાડ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે ન બોલાવ્યા હોત તો અમારે પૂર્વનો અભ્યાસ છે તે છ મહિને નિસરાત નહિ. એમ કહીને સ્નાન કરીને ગામમાં પધાર્યા ને ઝીણાભાઈની મેડીયે જમીને પોતે ત્યાં પાંચ દિવસ રહીને જેતપુર પધાર્યા. ત્યાંથી ગોંડલ પધાર્યા ને ત્યાંથી સરધાર ગયા. ત્યાંથી કોટડે પધાર્યા ને ત્યાંથી ગામ **ગોખલાણે** પધાર્યા. ત્યાં દાદોખાચર ને તેમની મા સુરબા ને મોટી બાને લાડુબા સર્વે આવીને પગે લાગ્યા ને કહ્યું જે, ''તમે આ સમે પધાર્યા તે બહુ કૃપા કરી. પછી પોતે કહ્યું જે, ''અમારા પાર્ષદને હમણા આકરા વર્તમાન છે જે સંતને મન માગે તે ખાવું નહિ.'' ત્યારે મોટી બાએ કહ્યું જે, ''અમારે સર્વે બાઈઓને આસન જીતવા મટકું મારવું નહિ અને એક પળી પાણી પીવું એવા નિયમ છે. પછી મહારાજે કહ્યું જે, ''તમે તો બહુ કઠણ નિયમ રાખ્યા છે. આવાં કોઈથી રખાય નહિ.'' એમ કહીને પોતે બોલ્યા જે, ''આજથી તમે ને અમારા પાર્ષદ સર્વે નિયમની સમાપ્તિ કરો.'' એમ કહીને ઘઉંના રોટલા ને ગોળ મંગાવીને કહ્યું જે, ''જમો.'' પછી સર્વે જમ્યા. એવી રીતે લીલા કરીને ગામ **કારીયાણે** પધાર્યા.

ત્યાંથી **ગઢડે** પધાર્યા ને થાળ જમ્યા ને સર્વે પાર્ષદને જમાડીને ચાલ્યા તે ગામ **ઝીંઝાવદરમાં** અલૈયાખાચરના દરબારમાં પધાર્યા ને ત્યાં પોતાના પ્રેમી હરિભક્તને દર્શન દઈને થાળ જમીને ગામ **સાળંગપુર** પધાર્યા ને જીવાખાચરના દરબારમાં ઉતર્યા ને પોતાના એકાંતિક ભક્તે રસોઈ કરી તે પોતે જમ્યા ને પાર્ષદને જમાડ્યા. ત્યાં સર્વે કાઠીને ભેળા કરીને કહ્યું જે, "જેને પગપાળા ચાલવું હોય તે ઘોડાં મેલીને અમારી ભેળા ચાલો." પછી સર્વે કાઠી પગપાળા ચાલ્યા તે ગામ **અડવાળ** આવ્યા ને તુલજારામ બ્રાહ્મણને ઘેર ઉતર્યા ને જમીને ત્યાંથી ગામ **બળોલ વશરામ** ચાવડાને ઘેર ઉતર્યા ને ત્યાં થાળ જમ્યાને પાર્ષદને જમાડ્યાને ત્યાંથી જવારજ પધાર્યા ને આધાર બારોટને ઘેર મેડી ઉપર ઉતર્યા ને દહીંને સાકર જમ્યા ને સર્વ હરિભક્તોને બહુ સુખ દઈને ગામ **સિમેજ** પધાર્યા. થાળ જમીને પ્રસાદી પોતાના પાર્ષદને જમાડીને ત્યાંથી **ધોળકે** પધાર્યા. ત્યાં સર્વે હરિભક્તે ગાજતે વાજતે ભારે સામૈયું કરીને શહેર વચ્ચે થઈને મંદિરમાં ઉતર્યા. સર્વે હરિભક્તોની સેવા અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **જેતલપુર** પધાર્યા ને ગાજતે વાજતે મહોલમાં ઉતર્યા ને મુક્તાનંદસ્વામી આદિ સર્વ સંતને તેડાવ્યા. ત્યાં દેશાંતરથી શ્રીજીમહારાજના દર્શન કરવા આવ્યા જે હરિભક્ત તેમણે મહારાજને ગુલાબ, મોગરા, ચંપા આદિ પુષ્પના અગણિત હારતોરા, બાજુબંધ ચડાવતા હવા ને ચંદનનો અંગરાગ સર્વ શરીરે કરતા હવા. મહોલના આગળ આસોપાલવનું જે વૃક્ષ તેને ઓઠીંગણ દઈને નિત્ય બેસે ને નિત્ય પ્રત્યે ચંદન પુષ્પ કરીને પોતાના ભક્તપૂજા કરે ને મહોલથી આથમણી દિશાએ ફૂલબાગ પોતે કરાવતા હવા ને નિત્યે સર્વ સંતને હરિભક્ત સહિત તે બાગમાં ફલઝાડ આદિક વૃક્ષને વાવવું, ખોદવું આદિ કામ કરાવે ને પછી તળાવમાં જળક્રીડા કરીને નાહીને ભારે વસ્ત્ર પોતે પહેરીને પાછા બાગમાં પધારે. બોરસડી તળે સભા કરે ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ તે સંબંધી વાર્તા કરે ને ગંગામાં થાળ કરે તે જમવા પધારે ને પાછા મહોલમાં પધારે ને સભા થાય ને વાતુ કરે. ગાન વિદ્યા કરાવે ને હરિભક્તના થાળ જમીને તેમની પૂજાને અંગીકાર કરે ને સર્વે હરિભક્તોને અતિ સુખ આપે. એવી રીતે લીલા કરતા થકા ત્યાં એક માસ રહેતા હવા.

મહોલથી ઉગમણો તળાવને કાંઠે તુલસીનો ચોતરો છે તે ઉપર બેસીને નિત્યે પોતે દાતણ કરે ને તેની પાસે ઉગમણો ખાંડિયો કૂવો છે તેમાં પોતે ઉપરથી પડતું મેલીને નિત્યે સ્નાન કરે ને પ્રેમી ભક્ત ભારે વસ્ત્ર લાવીને આપે તેને પોતે પહેરીને મહોલમાં પધારે. આસોપાલવની હેઠે સભા કરતા હવાને પછી પોતે ત્યાંથી ગામ **ડભાણના** પટેલ **રઘુનાથદાસ** વિગેરે તેડવા આવ્યા તે પોતે ગામ ખેડે થઈને ડભાણ પધાર્યા. ત્યાં વડના વૃક્ષ હેઠે હિંડોળો બાંધ્યો હતો તે ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ મુનિ તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે ગામ વસોનો બ્રાહ્મણ આવ્યો. તેણે મનમાં સંકલ્પ કર્યો જે મારે છેડે સાકર બાંધી છે તે માંગી લે તો ભગવાન ખરા. ત્યારે પોતે તેનો સંકલ્પ જાણીને સાકર માંગી લીધી. ત્યારે તેણે મહારાજને અંતર્યામી જાણીને આશ્રિત થયો. પછી પોતે ત્યાં નિત્યે સંતોને હરિભક્તોને જમાડે ને પોતાની પ્રસાદી આપીને આનંદ ઉત્સવ કરતા થકા ત્યાં પંદર દિવસ રહેતા હવા. સર્વ સંતને ગામ નડીયાદ જવાની આજ્ઞા કરતા હવા. ત્યાર પછી પોતે પાંચ-સાત દહાડા રહીને **નડીયાદ** પધાર્યા. ગાજતે વાજતે હરિભક્તોએ ગામમાં પધરાવ્યા ને ત્યાં પોતાના એકાંતિક ભક્ત થાળ લાવ્યા તે પોતે જમ્યા ને સંત બહાર ઉતર્યા હતા ત્યાં દર્શન દઈને સર્વને મળીને ગામ **ડભાણ** થઈને **સોરઠ** દેશમાં પધાર્યા. તે માર્ગમાં સર્વે હરિભક્તોને દર્શન દેતા દેતા ગામ **માણાવદરમાં** જઈને રહેતા હવા. ગામ **નડીયાદ**માં સંત હતા તેમને ગોળા ખાવા કઠણ પડ્યા તે દશ વીશ ત્યાંથી બીજે જતા રહ્યા. તે બે સાધુ મહારાજ પાસે ગયા ને, જઈને કહ્યું જે, ‘‘ગોળા ખાવા કઠણ પડ્યા તે માટે અમે તમારી પાસે આવ્યા છીએ.’’ ત્યારે મહારાજે સ્વરૂપાનંદસ્વામી આદિ સંત નડીયાદ હતા તે ઉપર કાગળ લખ્યો જે, ‘‘સર્વે બેમુરત થઈને દેશમાં ફરવા જજો ને જેનું ખપતું હોય તેનું ખાવું ને ન ખપતું હોય તેનું અન્ન ન ખાવું.’’ એ પ્રકારે પત્ર લખાવીને તે સંતને આપ્યો ને તે ગામથી પોતે **જેતપુર** થઈને ગામ **ગોંડલ** પધાર્યા. ત્યાંથી ગામ સરધાર તથા ગામ **કુડકે** થઈને ગામ **પીપરડીયે** પધાર્યા. ત્યાંથી ગામ **બોટાદ** થઈને **સારંગપુર** પધાર્યા. ત્યાં ગઢડાનો સંઘ તેડાવ્યો તે જીવુબાઈ તથા લાડુબાઈની ગાડિયું આવી. ત્યાંથી સર્વ સંઘ લઈ પોતે ચાલ્યા તે ગામ અડવાલ આવીને રાત રહ્યા ને ત્યાંથી ચાલ્યા તે ગામ

**બળોલમાં** થાળ જમીને ગામ **ગુંદિયે** આવીને સંઘ ભેળા થયા. પછી સંઘને **અરણેજ** જવાની આજ્ઞા કરીને પોતે જવારજ પધાર્યા. ત્યાં જમીને અરણેજ સંઘ ભેળા થયા. ત્યાં માતાની જાયગામાં રાત રહ્યા ને ત્યાંથી ગામ કોઠની બજાર વચ્ચે થઈને ધોળકે પધાર્યા. ત્યાં મુળજી રામે થાળ કરાવી જમાડ્યા ને રાત રહીને ચાલ્યા તે ગામ **જેતલપુર** પધાર્યા. ગાજતે વાજતે મહોલમાં ઉતર્યા. પછી પોતે ત્યાં ગઢમાં પધારીને તે સર્વે ચોક વળાવીને ચોખ્ખો કરાવતા હવા. આનંદાનંદસ્વામીને મહારુદ્રનો સામાન કરાવવાની આજ્ઞા કરીને પોતે પાછા મહોલમાં પધાર્યા. પછી મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ બાગમાં ભણતા હતા તેમને પોતે ત્યાં દર્શન દેવા સારુ પધાર્યા. બોરસડી હેઠે જે વેદિકા તે ઉપર પૂર્વમુખે પોતે વિરાજ્યા ને પછી સંતને કહ્યું જે, ‘‘વિદ્યા ભણાવ્યામાં અમારો ઘણો રાજીપો છે. માટે તમે સર્વે વિદ્યા ભણો.’’ તે સમે મહારાજની ઉપર પુષ્પની વૃષ્ટિ થાતી હવી ને સર્વે સંતોએ ને હરિભક્તોએ તે પુષ્પો નજરે જોયા. સર્વ ગામને વિષે લોક તે પુષ્પની સુગંધ લઈને અતિ આશ્ચર્યને પામતા હવા ને પરસ્પર એમ કહેતા હવા જે, ‘‘આવા સુગંધીમાન પુષ્પ જન્મ ધરીને દેખ્યા નહોતા. પછી પોતે બોરસડીથી ઉઠ્યા તે રાયણ તળે સિંહાસન ઉપર વિરાજમાન થયા ને મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી તથા પ્રેમાનંદસ્વામી તથા દેવાનંદસ્વામી આદિ ગવૈયા સંતને તેડાવ્યા. તેમની પાસે વાજીંત્ર વજાડાવિને બહુવાર સુધી ગાન વિદ્યા કરાવતા હવા. પછી મુક્તાનંદસ્વામી વગેરે ભણનાર સંતને ભણવાની આજ્ઞા કરી પોતે મહોલમાં પધાર્યા ને સ્વરૂપાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંત પરસ્પર પ્રશ્ન ઉત્તર કરતા હતા તે સમે રાયણથી પશ્ચિમ દિશામાં અગ્નિની જ્વાળા સરખો મોટો તેજનો સમૂહ પ્રથમ મહાનુભાવાનંદસ્વામીએ દેખ્યો ને પછી ગોવિંદાનંદસ્વામીને પૂછ્યું જે, ‘‘અહીં ખળા છે.’’ ત્યારે તેમણે કહ્યું જે ખળા તો નથી. તેટલાકમાં તેજનો ગોળો ઉંચો કર્યો ને પૂર્વ દિશામાં ચાલ્યો તે ચાલતે ચાલતે રાયણ ઉપર આવ્યો ને ત્યાં એકના બે થયા ને રાયણને પાંદડે પાંદડે દિવા થઈ ગયા. ત્યાંથી તેજનો ગોળો મહોલમાં ત્રણ રૂપે થઈ ગયા ને તે મોહોલને પછવાડે જે વૃક્ષ હતાં તે સર્વે તેજોમય થઈ જાતા હવા ને તે તેજને પ્રતિબિંબે કરીને તળાવનું જળ સર્વ તેજોમય થઈ જાતું હતું. તેને જોઈને સર્વે સંતને આશ્ચર્ય થાતું હવું ને પછી તે

તેજના ગોળા અદ્રશ્ય થઈ જાતા હવા. પછી તે જોઈને સર્વે સંત પરસ્પર કહેતા હવા જે, "આ તે શું હશે ?" એમ કહીને સર્વે શૂન્ય થઈ ગય. પછી બીજે દિવસે પોતે જમવા પધાર્યા તે સમે પોતાના પ્રેમી ભક્ત જે રસોઈયા તેમાં જે મોટેરા ગંગામા તેમણે પૂછ્યું જે, "હે મહારાજ! કાલ્ય રાત્રિએ સંતને તેજનો ગોળો દેખાણો ને પછી અદ્રશ્ય થઈ ગયો તે શું હશે?" પછી પોતે કહ્યું જે, "એ તો બ્રહ્માદિક દેવો અમારે દર્શને આવ્યા હતા તે પાછા અંતર્ધ્યાન થઈ ગયા ને સર્વે દેવ આવ્યા હતા તે પણ અદ્રશ્ય થઈ ગયા. પછી જમીને મહોલમાં પધાર્યા. પછી સર્વે સંત પ્રત્યે બોલ્યા જે, "આ સમૈયો બહુ સાર થયો. એમ વખાણતા થકા પંદર દિવસ રહીને સર્વને દર્શન દઈને પ્રસન્ન કરીને તે સંતને પોતે ફરવાની આજ્ઞા કરી જે, મહારુદ્રને વાર છે માટે તમે હમણા ચરોતરમાં જાઓ." એમ કહીને પોતે પણ ગામ ઉમરેઠ પધાર્યા ને નંદુ ઠાકરે પોતાને ઘેર પધરાવીને ચંદન પુષ્પે કરીને પૂજા કરીને બારસો રૂપિયા આગળ મૂક્યા. તેને જોઈને તેમની ઉપર પોતે બહુ રાજી થયા. પછી તેમને ઘેર થાળ જમીને સર્વે પાર્ષદને જમાડીને ત્યાંથી પાછા ગામ જેતલપુર આવતા હવા.

ગામ ચલોડે બાઈ જીતવા માંદા હતાં તેમને પોતે જોવાને સારુ પધાર્યા ને વાંસેથી અમદાવાદથી ભાઉની અસવારી આવી તેણે કહ્યું જે, "સ્વામિનારાયણ ક્યાં છે ?" પછી સર્વે **જેતલપુરના** મનુષ્યે કહ્યું જે, "સ્વામિનારાયણ તો ફરવા ગયા છે. ત્યારે તે અસવારી સર્વે ઠેકાણે જોઈને પછી અમદાવાદ જાતી હવી. ત્યાર પછી મહારાજ પાછા **જેતલપુર** પ્રત્યે આવ્યા ને પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "અમદાવાદથી ભાઉની અસવારી આવી હતી તે તમને ન દેખીને પાછી વળી ગઈ." તે વાત સાંભળીને પછી પોતે ખેડે પધાર્યા ને સાહેબને મળ્યા ને કહ્યું જે, તમે અમારી સહાય કરો તો અમે જેતલપુર મહારુદ્ર કરીએ." ત્યારે સાહેબે કહ્યું જે, "જેતલપુરમાં અમારું રાજ નથી ને તમે કહો તો અમે ગાડા મોકલીએ તે તમારો સર્વે સામાન અમારા રાજ્યમાં મંગાવીએ." એમ એરણસાહેબ તથા ડગલીસાહેબ ને રોબડસાહેબે કહ્યું. તે વાત સાંભળીને પોતે મનમાં વિચારી રહ્યા ને કાંઈ ન બોલ્યા. પછી તે સાહેબે મહારાજને કહું જે, "હે સ્વામિનારાયણ ! તમે ચોરી આદિ ફેલ મૂકાવો છો તે બહુ સારું કરો છો ને તમારો માર્ગ શાસ્ત્ર પ્રમાણે છે." એમ કહીને મહારાજનું બહુ વિનયપૂર્વક

સન્માન કરતા હવા. પછી પોતે તે દિવસ તો ત્યાં રહ્યાને બીજે દિવસે **ડભાણ** પધાર્યા ને રાયજી કુબેરજીની મેડી ઉપર ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પછી મહાનુભાવાનંદસ્વામી સામે જોઈને કહ્યું જે, ''તમે જેતલપુર જાઓ ને આનંદાનંદસ્વામીને કહેજો જે આપણે મહારુદ્ર નથી કરવો ને સામાન છે તે જે કોઈ અતિથિ, અભ્યાગત ને બ્રાહ્મણ આદિ જે આવે તેને ચાર સેર અન્ન ને નવ હાથ વસ્ત્ર આપજો. એમ અમારી આજ્ઞા છે.'' એમ કહીને તેમને મોકલ્યા ને પછી પોતે પણ ડભાણમાં જે કોઈ અતિથિ, અભ્યાગત આવે તેને ચાર સેર અન્ન ને નવ હાથ વસ્ત્ર તે આપતા થકા લીલા કરતા હવા. ત્યાં સુરતનો સંઘ આવ્યો તે દર્શન કરીને દશ અવતારનું છત્ર તથા ઘોડાનો સાજ આદિક જે સામાન તે મહારાજને અર્પણ કરતા હવા. તે છત્ર મસ્તક ઉપર ધરીને સર્વ સંઘને દર્શન પોતે દીધું ને તે સમે ભુજના ગંગારામભાઈ આદિ મલ્લ રમાડ્યા ને તેમના ઉપર પોતે બહુ રાજી થયા ને ભારે સરપાવ, સેલું, પાઘડી ને કડાં આપીને રાજી કર્યા ને પછી ત્યાંથી ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં એક રાત્રી રહીને ગઢડે પધાર્યા. ત્યાં એકાંતિક ભક્તોને દર્શન દઈને ગામ **કરીયાણે** પધાર્યા. હુતાશનીનો સમૈયો કરીને ત્યાંથી ઝાલાવાડ દેશમાં થઈને માળીયે થઈને રણ ઉતરીને રસ્તાના હરિભક્તોને દર્શન દેતા દેતા ગામ **ભુજનગર** પધાર્યા. ગંગારામભાઈ આદિ હરિભક્તે ગાજતે વાજતે પોતાની મેડી ઉપર ઉતર્યા. ત્યાં બે માસ રહેતા હવા ને ગંગારામભાઈને મલ્લકૂસ્તી રમવાના દાવપેચને પોતે શિખવતા હવા. એક દિવસ પોતે પાટ ઉપર બેઠા હતા ને વાલજી મલ્લ દર્શને આવ્યા તે છાતી કાઢીને ચાલ્યા આવે. તેને જોઈને પોતે પાસે આવવા દઈને પછી પગે લાગવા માથુ નીચું કર્યું તેવું બગલમાં ઘાલી દીધું. પછી જેઠી વાલજીએ માથુ કાઢવા સારુ ઘણી મહેનત કરીને પરસેવેથી પલળીને રેબઝેબ થઈ ગયા ને શ્વાસ તો સમાય નહિ પણ મહારાજ રતિમાત્ર ચલાયમાન થાય નહિ ને મંદ મંદ હસ્યા કરે. પછી તેનો દાખડો જોઈને પોતાને દયા આવી તે માથુ મેલી દીધું. તે જોઈને વાલજી મલ્લે તથા બીજા મનુષ્યો સભામાં બેઠા હતા એ સર્વેને એમ જણાણું જે કંસના રંગ અખાડાને વિષે ચાણુર ને મુષ્ટિકને રમાડ્યાતા તેમ વાલજીભાઈને રમાડ્યા. માટે આતો સાક્ષાત્ શ્રીકૃષ્ણ ભગવાન છે એમ નિશ્ચે સર્વેજન કરીને મહારાજના આશ્રિત થયા.

પછી વાલજી મલ્લે સ્તુતિ કરીને કહ્યું જે, "હે મહારાજ ! આ ભુજનગરને વિષે હજારો મલ્લ આવી ગયા પણ મને કોઈ જીતીને ગયો નથી. દેશાંતરમાં મોટા રજવાડા ને વિષે મારી ખ્યાતિ ખરી જે ભુજને વિષે વાલજી મલ્લ એક છે. પણ આપની આગળ તો કીડીને ક્યા કુંજર (હાથી) એની પેઠે છે. માટે મારા અંતઃકરણને વિષે તમારા સ્વરૂપનો નિશ્ચય થાય તે સારુ ચમત્કાર દેખાડ્યો ને મારે અભિમાન બહુ હતું તે તમે ઉતાર્યું તે મને પાવન કર્યો." એવી લીલા કરતા થકા ત્યાં રહીને વર્તમાન ફેરવ્યાનો પત્ર લખ્યો જે, "આજથી સ્ત્રીનું લાલ લૂગડું પણ દેખાય તો સંતને ઉપવાસ કરવો. તે મોટેરાને એમ આજથી ઘુંઘટના વર્તમાન રાખવા ને બીજા સંત તેમની સેવા કરે." એવી રીતે લખાવીને મોકલ્યા ને ત્યાં ગુજરાતથી મહાનુભાવાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી એ બે દર્શને આવ્યા. તેમને મળીને પોતે કહ્યું જે, "અમે વર્તમાન ફેરવ્યાનો કાગળ મેલ્યો છે તે તમે જાણ્યું છે ?" ત્યારે તે સંતે કહ્યું જે, "અમે તો જાણ્યું નથી." ત્યારે મહારાજે કહ્યું જે, "આજથી તમારે ઘુંઘટના વર્તમાન છે. વાસ્તે આ મેડો ગુફા તુલ્ય છે ને આઈ તમે બેઠા સુખે ભજન કરો ને બીજા સંત છે તે તમને ભિક્ષા લાવી આપશે. એમ કહીને પોતે માનકુવે પધાર્યા ને ઠાકોર અદાભાઈ આદિ હરિજને સામૈયું કરીને પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરીને જમાડ્યા. ત્યાં વાંસે ભુજમાં ભગુજી આવ્યા તે મહાનુભાવાનંદસ્વામી આદિ સંતે પૂછ્યું જે, "મહારાજ ક્યાં છે ?" ત્યારે સંતે કહ્યું જે, "મહારાજ તો માનકુવે વિરાજે છે. પછી ભગુજી મહારાજ પાસે ગયા ને એકાંતિક પાર્ષદ થઈને સમીપે રહ્યા ને પછી પોતે ત્યાં અનંત લીલા કરીને પછિ ભુજ પધાર્યા. ગંગારામ ભાઈને ઘેર મેડા ઉપર ઉતર્યા ને ત્યાં શ્રીજીમહારાજને શરીરે કેસર ચંદનનો અંગરાગ કર્યો હતો ને અગણિત પુષ્પના હાર તોરા, બાજુબંધ, ગજરા પ્રેમીભક્તે ધરાવ્યા હતા ને ફૂલમંડલી બાંધીને હિંડોળામાં શ્રીજીમહારાજને પધરાવીને ઝૂલાવતા હવા. આગળ ગંગારામભાઈ આદિ હરિભક્ત વાજીંત્ર વજાડીને કીર્તન ગાવતા હતા. એવી શોભાએ યુક્ત થકા હિંડોળામાં ઝૂલતા હતા ને પોતાને આગળ ધામધૂમ થઈ રહી હતી. તેને જગજીવન કામદારે સાંભળીને પોતાના ચાકરને જોવાને સારુ મેલ્યો ને તે ચાકર એવી શોભાએ યુક્ત મહારજને જોઈને જગજીવન મેતાને કહ્યું જે,

"સ્વામિનારાયણ તો પ્રભુ થઈને હિંડોળે ઝૂલે છે." તે વાત સાંભળીને તે જગજીવનને રીસ ચડી તે પોતાનું મનુષ્ય મેલીને કહેવરાવ્યું જે તમારે ગામમાં રહેવું નહિ. પછી તે વચનને પોતે સાંભળીને કહ્યું જે, "ગામમાં પાપ કર્મ કરનારા રહે છે ને બીજા સર્વ લોક રહે છે ને અમે શું ભૂંડું કરીએ છીએ તે જોઈએ ને જા તારા મેહેતાને કહેજે જે સ્વામિનારાયણ તો નહિ જાય ને તારાથી થાય તે કરજે." ત્યારે તે ચાકરે તેવી જ રીતે મેહેતાને કહ્યું ત્યારે તે વાત સાંભળીને મેહેતાને ઘણી રીસ ચડી. અહીં મહારાજે સર્વે સત્સંગી કહ્યું જે, "આપણા હરિજનમાં જે કારીગર લોક તલવારના કરનારા છે તેમને ઘેરથી તલવારું જે તૈયાર હોય તે સર્વે લાવો." પછી સોની ભોજો તથા હરચંદ તથા તેજપાલને ભવાન એ સર્વે તલવારો તૈયાર કરીને લાવ્યા. પછી તેને પોતે કહ્યું જે ઉપર મેલો. એમ કહીને સત્સંગીને કહ્યું જે, "જે ન બીવે તે અહીં રહે ને બીતા હોય તે ઘેર જાઓ." પછી અદાભાઈને દાદરા ઉપર ચોકીએ બેસાડીને કહ્યું જે કોઈ અજાણ્યું મનુષ્ય જોરાવરીયે ઉપર આવે તો તેનું માથુ કાપી નાખજો. એમ કહીને વળી કીર્તન ગવરાવતા હવા. પછી તે મેહેતો ક્રોધ કરીને ગંગારામને ઘેર હલ્લો કરતો હવો ને આરબની બેરખ જોઈને ગંગારામભાઈ તથા માનકુવાના ગરાસીયા અદાભાઈ આદિ ક્ષત્રિય હતા તે ઢાલ તલવાર આદિ હથિયાર લઈને ઊભા થયા ને ગંગારામ મલ્લ સિંહનાદ કરીને બોલ્યા જે, " કુણ છે હલ્લાનો કરનારો ?" એનું મોઢું તો હું જોઉં. મશાલ લાવો ને જો ખડકીમાં માહેલી કોરા પગ દીધો તો તેના કટકા કરી નાંખીશ અને જેની માએ સેર સૂંઠ ખાધી હોય તે માહેલી કોરે આવે." એવી રીતનાં ગંગારામભાઈના વચન સાંભળીને જેમ સિંહને દેખીને શિયાળીયા ભાગે તેમ તે ભાગતાં હવા. તેમાંથી એક જણે કહ્યું જે અમને તો મેહેતા જગજીવને સ્વામિનારાયણને તેડવા મેલ્યા છે જે મારે પ્રશ્ન પૂછવા છે ત્યારે ગંગારામભાઈએ કહ્યું જે પ્રશ્ન ઉત્તર કરવાને અમે સવારમાં આવીશું. આ ટાણે અમારા ગુરુ નહિ આવે ને મેતાને કહેજો જે તમારાથી થાય તે કરી નાંખજો ને અમે તૈયાર છીએ. અમે દરબારના ચાકર છીએ પણ કાંઈ મેહેતાના ચાકર નથી જે એનાથી ડરીએ પછી તે હલ્લા પાછી વળી ગઈને પછી સવારમાં જેઠી ખીમજીએ જમાદાર ફતેમામદને કહ્યું જે, "અમારા ધણી તે દરબાર છે કે મેહેતો છે ? જે સ્વામિનારાયણ અમારા

ગુરુ છે. તેમની ઉપર આરબની હલ્લા કરીને પકડવા સારું તોફાન કર્યુ પણ અમે ન બોલ્યાં ત્યાં સુધી ઠીક છે પછી અમે પણ દરબારના ચાકર છીએ તે એનાથી ડરીએ એમ નથી ને એમાંથી સારું નહિ નિસરે. પછી તમે કહેશો જે મુને કહ્યું કેમ નહિ. તે સારું કહીએ છીએ. પછી એ વાત સાંભળીને જમાદારે મેહેતાને પાસે માણસ મેલીને કહ્યું જે, "સ્વમિનારાયણ તો બહુ મોટા ફકીર છે. તેમને શા સારું છેડે છે ? એમને કચવાવ્યે તારુ સર્વે ધૂળધાણી થઈ જાશે ને તું કાંઈ મલકનો સૂબો નથી. માટે ખબડદાર જો એમનો નામ લઈશ તો તારી વાત છે. પછી તે મેહેતો સાંભળીને કાંઈ બોલ્યા નહિ. પછી શ્રીજીમહારાજ ફૂલના શણગાર પહેરીને સર્વે સત્સંગીએ સહિત ગુલાબના ફૂલને ગુલાલે ગરકાવ થકા જમાદારની હવેલી પાસે થઈને ગાજતે વાજતે કીર્તન ગાતા ગાતા નિસર્યા. તે સમે મેહેતો ને બીજા અવિદ્યાવાળા લોક હતા તે જોઈને જેમ જવાસા પાણીને દેખીને બળી જાય તેમ બળીને કાળા સરખાં મોઢા થઈ ગયા ને જમાદાર આદિ જે મુમુક્ષુ હતા તે તો જેમ કમળ ફૂલે તેમ પ્રફુલ્લિત થતા હવા. પછી મહારાજે સર્વે હરિજનને પાછા વાળ્યા ને પોતે સૌને પ્રસાદી આપી એવી રીતે **ષડસઠના ફૂલડોલનો ઉચ્છવ ભુજને વિષે કરીને માનકુવે પધાર્યા.**

ત્યાં ત્રણ ચાર દિન રહીને હરિભક્ત અદાભાઈ આદિએ સેવા કરી તેને અંગીકાર કરીને ગામ **સામત્રે** થઈને ગામ **તેરે** પધાર્યા. ત્યાં પ્રાગજી દવેને તેડાવીને શ્રીમદ્ ભાગવતની કથાનો પ્રારંભ કરાવ્યો. તે વાત સાંભળીને પ્રથમ પોતે **ભચાઉ** મોકલ્યા હતા તે મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળ તે મહારાજનાં દર્શન કરવાને તેરે આવતા હવા. તેમને પોતે કહ્યું, "તમે જ્યાં સુધી અમારા દર્સન કરો ત્યાં સુધી તમારે ઘુંઘટા નિયમ નહિ ને, જ્યારે અમારા દર્શન ન થાતા હોય ત્યારે તમારે ઘુંઘટાનું નિયમ યથાર્થ પાળવું. એમ કહીને પોતે મોટેરા પરમહંસને ભિક્ષા માંગવાની આજ્ઞા કરતા હવા તે સંત ભિક્ષા માંગીને જે અન્ન મળ્યું તે સર્વેના ગોળા કરીને જમવાનો વિચાર કર્યો ત્યારે મહારાજે કહ્યું જે, 'અમને ગોળો આપો." ત્યારે સંતે ગોળો ન આપ્યો. ત્યારે પોતે ઉઠીને તેમાંથી એક ગોળો ઉપાડી લીધો ને પોતે જમવા લાગ્યા તે જમતા

જાય ને વખાણતા જાય જે આ તો ગોળા ચૂર્ણ જેવા ઔષધરૂપ છે. જે આ ગોળાને જમે તેના સર્વે વિકાર માત્રને ટાળી નાંખે એવા છે. એમ કહીને વળી કહ્યું જે, "હું તમને ભિક્ષા મગાવું છું તે કાંઈ દુર્બળતાથી નથી મંગાવતો ને હું તો એવો સમર્થ છું જે પર્વતના શિખર ઉપર તમે બેઠા હો તો ત્યાં તમને લાડુનો વરસાદ વરસાવું એવો છું." એમ કહીને પછી મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળને નલિયા ને કોઠારા આદિ ગામ પ્રત્યે ફરવા મોકલ્યા તે ત્યાં અસુરાંશ એવા જે વિતરાગી તેણે આવીને સંતને માર્યા. ત્યારે તે સંતતો પાછા મહારાજને પાસે આવ્યા ને તે વાગેલ જોઈને પોતે કહ્યું જે, "અસુરનો થોડેકાળે કરીને પરાભવ થઈ જાશે ને ત્યાર પછી મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, "તમે વ્યાકરણ ભણો." ત્યારે તેમણે કહ્યું જે બહુ સારું મહારાજ ભણું. પછી પોતે બોલ્યા જે, "સારી પેઠે દાખડો કરીને ભણો. હું તમારે સાટે માળા-ભજન કરીશ ને તમે ભણો." એમ કહીને કહ્યું જે, "તમે ગુજરાતમાં જાઓ ને મુક્તાનંદસ્વામી આદિ સંતને અમારે પાસે મેલજો." પછી મહાનુભાવાનંદસ્વામી આદિ સંત જઈને સમાચાર કહ્યા તેથી મુક્તાનંદસ્વામી આદિ સંત તેરે આવીને મહારાજનાં દર્શન કરતા હવા. એવી રીતે તેરા ગામમાં બે માસ રહીને લીલા કરીને કથાની સમાપ્તિ કરીને ત્યાંથી સંત મંડળ સહિત ગામ **કાળે** તળાવ પધાર્યા. પોતાના ભક્ત એવા જે સુતાર હરભમ ને મનજીને ઘેર ઉતર્યા ને તે બે ભાઈ ગામ મોઉથી સાઈઠ મણ કેરીઓ ગાડું ભરી આવીને મહારાજને સર્વે સંતને જમાડીને બહુ લાવ લીધો ને તે ગામના લોક સર્વેને કેરીઓ આપીને પછી પોતે એક માસને આસરે રહીને ઘણીક લીલા કરીને ત્યાંથી ગામ **માનકુવે** પધાર્યા. ત્યાંના હરિભક્તોને દર્શન દઈને ત્યાંથી **ભુજનગર** પધાર્યા ને **હિરજીભાઈને** ઘેર ઉતર્યા ને થાળ જમીને સર્વે સંત તથા પાર્ષદને જમાડ્યા ને સર્વે હરિજનને આનંદ પમાડીને ત્યાંથી ગામ **ધમડકે** પધાર્યા. પોતાના એકાંતિક ભક્ત એવા જે અદાભાઈને કલ્યાણસિંહ તથા રામસંહજી તથા રાયધણજી તથા કરણિબા આદિક બાઈઓએ સર્વે ગાજતે વાજતે દરબારમાં પધરાવ્યા. કરણિબાએ થાળ કરીને જમાડ્યા ને ત્યાં સર્વેને અતિ આનંદ પમાડતા થકા ત્યાં ઘણાક દિન રહીને ગામ **ભચાઉ** પધાર્યા. ત્યાંના હરિજનની સેવાને ગ્રહણ કરીને ગામ **વાંઢિયે** પધાર્યા. ત્યાંથી માળિયે થઈને **પિપળીયે** પધાર્યા ને પટેલ

ગણેશ કોઠિએ પોતાને ઘેર સન્માને સહિત પધરાવીને જમાડ્યા ને સર્વે સંત પાર્ષદને જમાડીને ચાલ્યા તે હાલાર દેશના ભક્તોને દર્શન દેતા દેતા દેશ સોરઠના હરિજનને દર્શન દેતા થકા ગામ **પંચાળે** પધાર્યા ને **ઝીણાભાઈના** દરબારમાં ગાજતે વાજતે પધરાવ્યા.

**(ઈતિ સડસઠની લીલા સંપૂર્ણ)**

ત્યાં ઘણાક દિવસ રહીને લીલા કરીને સર્વે હરિજનને સુખ આપીને ગામ **કારિયાણી** પધાર્યા. ત્યાં ગામ ડભાણથી સંતદાસજીને લઈને સ્વરૂપાનંદસ્વામી આદિ સંત આવીને મહારાજના દર્શન કરતા હવા ને પછી સંતદાસજીને જોઈને પોતે કહ્યું જે, ''સર્વે કોરે રહેજો એમને દેહનું ભાન નથી તે કોઈને અડી જશે.'' પછી બાઈઓ ખસી ગઈ. પછી દર્શન કરીને બેઠા ને ત્યારે પોતે બદ્રિકાશ્રમની વાત પૂછી તે સર્વે કહીને ત્યાં પોતે દૂધ પેંડા જમાડ્યા. પછી સુરાખાચરે પૂછ્યું જે, ''બદ્રિકાશ્રમમાં શું છે ? ત્યારે સંતદાસજીએ કહ્યું જે, ''જે છે તે આહિં છે ત્યારે તેમણે કહ્યું જે બદ્રિકાશ્રમમાં કેમ જાઓ છો ? ત્યારે સંતદાસજીએ કહ્યું જે, ''મને આ મૂર્તિ લઈ જાય છે. તે હું શું કરું ?'' પછી મહારાજની મરજી જોઈને સંતદાસજી ચાલી નિસર્યા તે નદી ઉતરીને સામે કાંઠે ગયા ત્યારે ગઢડેથી જીવો ખાચર આવ્યા ને કહ્યું જે, ''હે મહારાજ ! હું સંતદાસજીનાં દર્શન વિના રહી ગયો. ત્યારે મહારાજે આંગળીની સાન કરીને સંતદાસજી પાછા વળ્યા. તે મહારાજને પાસે આવી બેઠા. પછી જીવાખાચરે દર્શન કર્યાં. તે પછી સંતદાસજી પાછા બદ્રિકાશ્રમમાં ગયા ને તે પછી મુક્તાનંદસ્વામી આદિ સંત કરિયાણે આવ્યા ને દેશદેશથી હરિભક્તો પણ આવ્યા ને ત્યાં અષ્ટમીનો સમૈયો કરીને ત્યાંથી ગામ **સુખપર** આવ્યા ને ત્યાંથી **સારંગપુર** પધાર્યા. ત્યાં રહીને પોતે દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખાવી જે સર્વે હરિભક્તો કારતકી પૂનમ ઉપર **વૌઠે** આવજો. એવી રીતે પત્ર લખાવીને મેલ્યો. તે સાંભળીને સર્વે સંતને હરિભક્તો પ્રથમથી વૌઠે આવ્યા હતા ને પછી પોતે ત્યાંથી **બુધેજ** પધાર્યા ને સર્વે હરિભક્તોની સેવાને અંગીકાર કરીને ત્યાંથી વૌઠે પધાર્યા. સર્વે હરિભક્તો વાજા લઈને સામૈયું કરીને ગાજતે વાજતે શ્રીજીમહારાજને નદીને કાંઠે ગામ **વારસિંહની** સીમમાં સંઘનો ઉતારો કર્યો

હતો. તેને મધ્યે વિરાજમાન કર્યા ને સર્વે હરિભક્તો કેશર ચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર તેણે કરીને સારી પેઠે પૂજા કરી. પછી પોતે સર્વે સત્સંગીને કહ્યું જે કાલ સવારમાં આપણે સર્વેને મહાદેવનાં દર્શન કરવા જાવું છે વાસ્તે સર્વે નાહીધોઈને પૂજા કરીને તૈયાર થાજો. એવી રીતે કહીને ઉતારે પધાર્યા. પછી પહોર રાત્રિ ગઈ ત્યારે બ્રાહ્મણ નાના ભાઈએ સર્વે સંઘમાં સાદ પાડ્યો જે, “કાલ મધ્યાહ્ન સમે જેને મહારાજને સારુ થાળ કરવો હોય તે કરીને લાવજો. પછી કુબેરસિંહ છડીદાર પગે લાગીને કહ્યું જે, “મહારાજ ! આપની સન્મુખ ગોસાઈજી ઉતર્યા છે તે એમ બોલ્યા જે સ્વામિનારાયણે આટલી મશાલો કરાવી છે તે એમને એટલું તેલ કોણ આપે છે ? પછી એ વાત સાંભળીને પોતે હસ્યા ને કહ્યું જે, “ગોસાઈજીને રાત્રિ દિવસની ખબર ક્યાં છે ને ભગવાનના પ્રતાપની પણ ખબર ક્યાં છે ? પછી બીજે દિવસ સર્વે સંઘ સહિત પોતે મહાદેવનાં દર્શન કરવા ગાજતે પધાર્યા. સર્વે હરિભક્તો માત્ર થાળ કરીને શ્રીજીમહારાજની આગળ લાવતા હવા ને તે સર્વે નાના પ્રકારના થાળ પોતે જમીને પ્રસાદી સર્વે સંતને આપતા હવા. સંત સર્વે ગોળા કરીને જમ્યા. પછી પોતે ઘોડે ચઢીને સર્વે સંઘને દર્શન દઈને પાર્ષદે સહિત ડભાણ પધાર્યા. સંત પણ તત્કાળ વાંસે ચાલ્યા તે **ડભાણ** આવ્યા. પછી ગામના પટેલોએ રસોઈ કરાવી તે પોતે સંતને જમાડીને **વડતાલ** પધાર્યા. ત્યાં સર્વ સંઘ પણ આવ્યો. ગાજતે વાજતે જોબનપગીએ પોતાની મેડીએ ઉતાર્યા ને સર્વ સંતે દેશ પ્રત્યે ફરવા મેલ્યા ને ભણનારા સાધુ હતા તે વડતાલમાં નિત્યાનંદસ્વામી પાસે ભણતા હવા પછી પોતે બુધેજ પધાર્યા. ત્યાંથી ગામ **બોચાસણ કાશીદાસ**ને ઘેર ઉતર્યા. ત્યાં થાળ જમીને પ્રસાદી કાશીદાસને આપીને રાત રહીને ગામ શેરડી પધાર્યા ને એકલબારાને આરે ઉતરીને ગામ **સરસવણી** પધાર્યા ને ત્યાં કાનુજી ગાયકવાડના મસુદ તેડવા આવ્યા તે ત્યાં પોતે ગામના તળાવથી દક્ષિણે આવેલો વડ ત્યાં સભા કરીને દ્વિજ રામચંદ્ર ને નાગજી આદિ હરિજને ચંદન પુષ્પવતે પૂજીને બરફી પેંડાની ભેટ કરી તેને અંગીકાર કરીને તે ભેળા પોતે પાદરે પધાર્યા. ત્યાં રાત્રિ રહ્યા ને તેનો ભાવ સારો ન દેખ્યો વાસ્તે એકલા ચાલી નિસર્યા તે બામણ ગામ પધાર્યા ને પોતે બહાર બિરાજમાન થયા. હરિભક્ત ભેળું કહી મેલ્યું જે અમે ભૂખ્યા છીએ તે જમવાનું અમારે વાસ્તે લાવજો. પછી

ખોડો પંડ્યો દહીંને રોટલો લાવ્યા તે પોતે જમ્યા. તે સમે બ્રહ્મચારી, સાધુ આવી પહોંચ્યા ને પછી પોતે **સેલડીયે** બારૈયા **મોકમજીને** ઘેર પધાર્યા. તેમને કહ્યું જે અમારે ને કાનુજીને બોલાચાલી થઈ છે તે અમને તમથી રખાશે ? ત્યારે બારૈયે કહ્યું જે, ''મોટો રાજા ચડી આવે તેની મારે બીક નથી. ભલે બિરાજો.'' એવા વચન સાંભળીને પોતે રાજી થયા ને ત્યાં રાત રહીને વડતાલ પધાર્યા. તે સમે ભણનારા સંત ભણતા હતા તે દીવાને હસતો જોઈને મહાનુભાવાનંદસ્વામી બોલ્યા જે, ''આ દીવો હસે છે તે શુભ સૂચવે છે માટે મહારાજ પધારશે કે શું ? પછી બીજા સંત બોલ્યા જે મહારાજ તો કાઠીયાવાડમાં પધાર્યા છે તે અહીં ક્યાં આવે ? એમ વાતુ કરે છે ત્યાં બંદૂકોનો ભડાકો થયો. તે સાંભળીને સંતો પુસ્તક પડ્યા મૂકીને મહારાજને સન્મુખ દોડીને ગયા. પછી જોબનપગીના ફળીયામાં ઉતર્યા ને જ્યાં જ્યાં ફર્યા તે વાત પોતે સંતને કહી. ત્યાંથી ગામ **ઉમરેઠ** પધાર્યા.

નંદુ ઠાકોરને ઘેર રાત્રિ રહીને થાળ જમીને બીજે દિવસ એક બાઈએ થાળ કર્યો તેને પોતે જમ્યા વિના ચાલ્યા તે ગામ **પણસોરે** ગયા. પછી તે બાઈના અંતઃકરણમાં પરિતાપ થયો. પછી પોતે તેનો થાળ દિવ્ય સ્વરૂપે કરીને જમ્યા તે પાર્ષદને અસવારીએ સહિત સર્વ લોકને દર્શન દઈને પણસોરે પધાર્યા. એવી રીતે એક કાલાવછિન્ન બેય ઠેકાણે જમીને એવો અલૌકિક ચમત્કાર દેખાડીને ત્યાંથી ગામ **ડડુસર** પધાર્યા. ભક્ત ગલુજીએ ભારે સન્માન કરીને પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવ્યો. તેને પોતે જમીને પાર્ષદને જમાડીને ગામ કઠલાલ પધાર્યા. નદીને કાંઠે પીપળા તળે ચોતરા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા ને રાયજી પંડ્યાં ને ખુશાલ પંડ્યો તથા સદારામ પંડ્યો થાળ કરી લાવ્યા. તેને પોતે જમ્યા ને તેમની સેવા અંગીકાર કરીને ચાલ્યા તે સીમમાં એક ખેતરવા ગયા ત્યાં એક બાઈ વાંસેથી પાણીનો ઘડો ભરીને આવી ને કહ્યું જે, ''હે મહારાજ ! આ ઘડામાં પગનો અંગુઠો બોળો.'' પછી પોતે અંગુઠો બોળીને કહ્યું જે, ''ડોસી ! આ પાણીને શું કરશો ? પછી તે બાઈએ કહ્યું જે ગામના કૂવામાં નાંખીશ તે જે પાણી પીવે તેનું કલ્યાણ થાય. પછી પોતે તેના નિશ્ચયના બળને વખાણીને ચાલ્યા તે ગામ **તોરણે** પધાર્યા. ત્યાંથી ગામ **આંતરોલી** પધાર્યા ને ભટ્ટ ભાઈશંકર આદિ હરિભક્ત અસવારીને વાજીંત્ર સહિત સન્મુખ

આવીને ગાજતે વાજતે પોતાના ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા. પછી પોતે ભાઈશંકરને ઘેર જમવા પધાર્યા ને બહુ પ્રકારના ભોજન જમતા હવા. પછી જયશંકરને ઘેર પણ થાળ જમતા હવા ને તે ભક્તની સેવાને અંગીકાર કરીને ગામ **શિંગાલીચે** પધાર્યા. તે ગામની આથમણી દિશામાં રાયણના વૃક્ષ હેઠે ડાળખી ઝાલીને ઊભા રહ્યા ત્યારે તે ગામના રૂપો કોટવાલ આદિ ભક્ત તેણે આપ્યા એવા જે ફળ, પુષ્પ આદિ વસ્તુ તેને અંગીકાર કરીને ત્યાંથી ઉંટડીયે મહાદેવ પધાર્યા ને ત્યાં પોતે દર્શન કરીને પોતાના સર્વે વસ્ત્ર મહાદેવ ઉપર મૂકતા હવા. પછી પોતે કહ્યું જે, "આ તો તપ ભૂમિ છે." એમ કહીને પછી તે મહાદેવને સમીપે વહેતી એવી જે વાત્રક નામે નદી તેને વિષે તે સ્નાન કરીને ત્યાંથી ગામ **લવાડ** પધાર્યા. તે ગામના પગી ગેદાલજીએ ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા ને સુખે કરીને તે રાત્રિ ત્યાં રહેતા હવા. પછી ત્યાંથી ગામ **સલકીચે** પધાર્યા. તે ગામના ભક્ત **દયાળજીએ** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને તેમની સેવાને અંગીકાર કરીને તે રાત્રી તો પોતે ત્યાં રહીને તે ભક્તને ઘણુ સુખ દેતા હવા. પછી ત્યાંથી સવારમાં ચાલ્યા તે ગામ **પ્રાંતીજ** પધાર્યા. તે ગામના પંડ્યા **કાશીરામ** ને **મયારામ** પંડ્યા તથા **ગોવિંદરામ** તથા **મંછારામ** તથા **તુલજારામ** આદિ સત્સંગીએ સન્મુખ આવીને ગાજતે વાજતે પુરમાં પધરાવ્યા ને પંડ્યા મયારામને ઘેર ઉતર્યા. ત્યાં થાળ કરાવ્યો તેને પોતે જમતા હવા. પછી નવલબાઈના ઘરના ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને નવલબાએ પૂજા કરી, સ્તુતિ કરી ને બહુ લાવ લેતા હવા. ત્યાં આસપાસથી હરિભક્ત સર્વે આવતા હવા. તેમને પોતે દર્શન દેતા થકા જ્ઞાનની ને ધર્મ સંબંધી ઘણીક વાર્તા કરીને સર્વેને પ્રસન્ન કરતા થકા પોતે બોકમાં ન્હાવા સારુ સંત મંડળ ને સર્વે સત્સંગીએ સહિત કીર્તન ગાતે ગાતે પધારતા હવા ને તે બોકમાં તાલી દઈને કીર્તન ગાતા થકા બહુવાર સુધી જળક્રીડા કરીને પછી ભક્તજને આપ્યા જે ભારે વસ્ત્ર અલંકાર તેને પોતે પહેરીને તે સમે સર્વે હરિભક્તે ચંદન ને પુષ્પના હજારો હાર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. તેને પોતે અંગીકાર કરીને ઘોડે અસવાર થઈને સંત તથા સત્સંગીએ સહિત બજારમાં થઈને કીર્તન ગાતા ગાતા ઉતારાને વિષે ગાજતે વાજતે પધાર્યા. તે શોભા જોઈ તે દેવતા જે પુષ્પની વૃષ્ટિ કરતા હવા.

પછી પોતે ત્યાં રહીને સર્વે હરિભક્તનાં ઘરો ઘર થાળને જમતા થકા ને તેમણે કરી જે બહુ પ્રકારની સેવા તેને અંગીકાર કરતા થકા ત્યાં બહુ દિન રહીને ભક્તોને સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ **વિજાપર** પધાર્યા ને **પ્રાગજી** ભક્ત આદિ સર્વે હરિભક્તે ગાજતે વાજતે બારોટના ચોરામાં ઉતાર્યા. પછી તે ભક્ત પ્રાગજીએ નાના પ્રકારનાં ભોજન કરાવીને મહારાજને પોતાને ઘેર પધરાવીને જમાડ્યા ને સર્વ સંતને પછી પોતે પિરસીને જમાડીને ઉતારે પધાર્યા.

પછી સભા કરીને વિરાજ્યા તે સમે ભાટ સર્વે ભેળા થઈને મહારાજને પ્રશ્ન પૂછતા હવા જે "તમે ભગવાન છો ?" ત્યારે પોતે બોલ્યા જે, "હા ! અમે ભગવાન છીએ." ત્યારે ભાટે કહ્યું જે, "શ્રીકૃષ્ણ ભગવાને ગોવર્ધન તોળ્યો ને પૂતના મારીને રામચંદ્રજીએ સમુદ્ર ઉપર પાળ બાંધી એવા અનેક પરચા આપ્યા છે માટે તમે પરચો આપો તો ભગવાન ખરા." પછી મહારાજે કહ્યું જે, "તમો માગો તે પરચા દઈએ." પછી ભાટે કહ્યું જે, "અમારા ગામનો દરવાજો ઉગમણો છે તે આથમણો કરી દો." ત્યારે મહારાજે કહ્યું જે, "તમે ભાટ સર્વે અમારી કંઠી બાંધીને સત્સંગી થાઓ એવું લખી આપો તો કરીએ. લાવો કાગળ ખડીયો." ત્યારે ભાટે કહ્યું જે, "તમે તો જાદુગર છો તે કરો." એમ કહીને ઉઠ્યા ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તમને પરચા દઈએ ત્યારે અમે જાદુગરા થઈએ. માટે તમારો બાવો છે તે તમને આજથી દશ દહાડે પરચો દેશે એમ કહીને પોતે ગામના બીજા સત્સંગીએ બહુ પ્રકારે સેવા કરી તેને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા તે ગામમાં વાંસેથી બાવો દશ દહાડા થયા ત્યારે ભાટની છોડી (છોકરી)ને લઈને નાસી ગયો. ત્યારે લોક સર્વે કહેવા લાગ્યા જે, "સ્વામિનારાયણ પાસે પરચો માંગીને આડુ બોલ્યા ત્યારે તેમણે કહ્યું જે, "તમોને બાવો પરચો આપશે તેથી તેણે પરચો આપ્યો. માટે મોટા પુરુષના દ્રોહમાં એવું ફળ મળે." આવી રીતે ચમત્કાર દેખાડીને ગામ **ગેરીતે** ભક્ત **મોતીએ** ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કર્યો તેમાં બહુ પ્રકારના ભોજન કરાવી જમાડ્યા ને સર્વે સત્સંગીએ પણ ભારે વસ્ત્ર અલંકાર કરીને સેવા કરી તેને પોતે અંગીકાર કરીને ત્યાંથી ગામ **વિશનગર** પધાર્યા. તે ગામનાં હરિજન સર્વે અસવારી લઈને મહારાજને સન્મુખ જઈને ગાજતે વાજતે રાજબજારમાં થઈને

દેશાઈ લાલદાસની મેડી ઉપર પધરાવ્યા તે મેડીનો ઉગમણો ગોખ તેમાં પોતે બેસીને તે ગામનાં ભક્તોને દર્શન દેતા હવા. પછી બાઈ ઉદેકુંવર તેમણે થાળ કર્યો તેમાં ભારે પકવાન લાડુ, જલેબી, ઘેબર ને બરફી, પેંડા એ આદિ જે નાના પ્રકારના પાકને શાક તે કરાવીને મહારાજને પોતાને ઘેર પધરાવીને જમાડ્યા. તે સમે સર્વે સત્સંગી ને દેશાઈ કેશવદાસ ને બીજા ઘણાકના ઘરના તે પણ આવીને મહારાજના દર્શન કરીને બહુ રાજી થયા. પછી પોતે સર્વેને દર્શન દેતા થકા ઘણી વાર જમતા હવા. પછી પોતે ચળુ કરીને મુખવાસ લઈને ઉતારે પધાર્યા. દેશાઈએ મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા ને પછી સર્વે બ્રાહ્મણના મોટેરાને તેડાવીને પોતે કહ્યું જે, “અમારે બ્રાહ્મણની ચોરાસી કરવી છે તે જો તમને રૂચે તો બેતડવાળા બોલો.” ત્યારે શોભારામ વ્યાસ તડવાળા બોલ્યા જે અમે તો નહિ જમીએ. પછી દેસાઈ કેશવદાસના તડવાળા બોલ્યા જે અમે તો જમશું. એમ કહીને બેઠા. પછી દયારામ જોશી આવ્યા. તેને પોતે કહ્યું જે, “અમારે બ્રાહ્મણની ચોરાસી કરવી છે. તે અમારે ઘી, સાકર, લોટ, દાળ, ચોખા આદિ જે વસ્તુ જોઈએ તે તમે અપાવો ને તમારે ખોળાઘર (બાહેંધરી) જોઈએ તો આ ગોવિંદજીભાઈને લ્યો.” એમ કહીને પછી પોતે નાના પ્રકારની સામગ્રીઓ મંગાવીને પાંચ પ્રકારના પકવાન કરાવ્યા ને તે બ્રાહ્મણોને જમાડીને રૂપિયો રૂપિયો દક્ષિણા આપતા હવા. તે ગામના હરિભક્ત વ્રજજીવન દવે તથા મોતીરામ વ્યાસ તથા હેમદાસ તથા હરિભાઈ તથા પાનાચંદ આદિ સર્વે પોત પોતાને ઘેર પધરાવીને ભારે ભારે વસ્ત્ર અલંકારે કરીને સેવા કરીને બહુ લાવ લેતા હવા. પછી પોતે ઘણાક દિવસ ત્યાં રહીને ત્યાંથી ગામ **ઉંજે** પધાર્યા. તે ગામના હરિભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી બાઈ જયકુંવરે થાળ કર્યો તે તેને પોતે જમ્યા ને ભક્ત મોરાર તથા અમરો એ આદિ સર્વે હરિભક્તની સેવા અંગીકાર કરીને તેમને બહુ સુખ આપીને પછી ત્યાંથી મહેસાણે પધાર્યા. ભક્ત પિતાંબરે ગાજતે વાજતે પોતાના ફળિયામાં પધરાવ્યા ને પછી કસળબાઈએ થાળ કર્યો તેને ઘેર પોતે પધાર્યા. ત્યારે બાઈએ કહ્યું જે, “હે મહારાજ! મારે ઘેર ઘીનું કુંડલું ભર્યું છે તે વાવરીને પછી પધારો. ત્યરે પોતે જમીને સર્વે પાર્ષદને પિરસતા હવા તે ખીચડી ને ઘી ફેરવતાં એમ બોલ્યા જે, “આ કસળબાઈનું ઘી સર્વે વાવરવું છે.” એમ કહીને પાળા ભગુજી આદિ

હતા તેમને પોતે બહુ જમાડ્યા. પછી પોતાને ઉતારે પધાર્યા ને તે હરિભક્ત પિતાંબર આદિની સેવા અંગીકાર કરીને ત્યાંથી ગામ **મોટપ** પધાર્યા. પટેલ તુલસીદાસ આદિ હરિભક્ત ગાજતે વાજતે ગામથી ઉત્તરમાં તળાવને કાંઠે કૂવા ઉપર ઉતાર્યા. તે ગામના હરિભક્ત તુલસીદાસભાઈએ થાળકરાવીને પોતાને ઘેર પધરાવીને જમાડ્યાને ચંદન પુષ્પ વતે કરીને પૂજા કરીને ભારે વસ્ત્ર અલંકારે કરીને સેવા કરી. એવી રીતે સર્વે હરિભક્તની સેવાને અંગીકાર કરીને ગામ ધેણોજ પધાર્યા. હરિભક્ત મુગટરામ તથા બલદેવ તથા ચનુ દવે તથા ઉમિયાશંકર એ આદિ વિપ્રે ગાજતે વાજતે પધરાવ્યા ને બે દિન રહીને તેમની સેવા અંગીકાર કરીને ત્યાંથી ગામ **અંબાસણ** પધાર્યા. ત્યાંના ભક્ત જે પાટીદાર તેમણે ગાજતે વાજતે પધરાવ્યા ને તે પટેલિયે થાળ કરાવ્યો તેને પોતે જમ્યા ને તેમની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **ડુંડાલીચે** પધાર્યા. તે ગામના હરિભક્ત પટેલ બાલચંદ આદિ સર્વે સામૈયું કરીને મહારાજને રૂડે પ્રકારે પધરાવીને થાળ કરાવીને જમાડ્યા. પછી સર્વે બાઈ ભાઈની જે સેવા તેને અંગીકાર કરીને પછી ત્યાંથી ગામ નંદાસણ પધાર્યા. ભક્ત ભવાનસિંહે તથા ભગવાનદાસ આદિ સર્વે ભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને પછી થાળ ભાવસિંહે કરાવ્યો. તેને પોતે જમ્યાને સર્વે સંતને જમાડ્યા. ભગવાનદાસ આદિકની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **માથાસુળ** પધાર્યા. ત્યાં જોઈતા આદિ હરિભક્તે સર્વે પોતાને ગેર પધરાવ્યા ને રાત્રી રહીને મોરાર ભક્તને ઘેર થાળ જમીને ત્યાંથી ગામ **કુંડાળ** પધાર્યા. ભક્ત **કલા** આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરીને જમાડ્યા ને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરીને લાવ લીધો. પછી પોતે ત્યાંથી **કડીએ** પધાર્યા ને ત્રવાડી ઉમેદરામ તથા ભાવસાર દેવચંદ આદિ હરિભક્તે શ્રીજીમહારાજને અસવારીયે સહિત સન્મુખ જાઈને ગાજતે વાજતે શહેરમાં ફેરવીને ઘેર પધરાવ્યા ને ત્રવાડી ઉમેદરામે થાળ કરીને જમાડ્યાં ને ચંદન પુષ્પ તથા વસ્ત્ર અલંકારે કરીને સર્વે હરિભક્તે પૂજા કરીને બહુ સુખ લેતા હવા. પછી પોતે ત્યાં બે દિવસ રહીને ગામ **રાજપર** પધાર્યા. પટેલ જેકણદાસ તથા પટેલ બેચરદાસ આદિ હરિભક્તે પોતાને ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા. સર્વે હરિભક્તની સેવા અંગીકાર કરીને ગામની

ભાગોળે સભા કરીને વિરાજમાન થયા તે સમે ગામના પટેલિયા તથા ગરાશીયા આદિ ઘણુક મનુષ્ય આવીને મહારાજને પૂછતા હવા જે તમે ભગવાન કહેવાવો છો તે કોઈનું ભૂંડુ કરો તો ન થાય ? ત્યારે મહારાજે કહ્યું જે, "ભગવાન તો કોઈનું ભૂંડું કરતા નથી ને જીવે જેવાં કર્મ કર્યા હોય તેને તેવા કર્મનું ફળ આપે છે. ભગવાનના હાથમાં તો સર્વ જીવનાં નાડી પ્રાણ છે." એમ કહીને બે ચકલા હતાં તેના નાડી પ્રાણ સંકેલી લીધા ને સર્વેને કહ્યું જે, "ભગવાન તો આટલી વારામાં જીવનું ભૂંડું કરવું હોય તો કરે પણ ભગવાન તો કલ્પવૃક્ષ તુલ્ય છે તે જેવું ચિંતવે તેવા ફળને આપે છે." એમ કહીને સર્વેને ચમત્કાર દેખાડીને ચાલ્યા તે ગામ **ડાંગરવે** પધાર્યા.

તે ગામનાં **ડાભી** અગરોજી તથા અમરોજી તથા બાઈ જતન એ આદિક એકાંતિક ભક્ત તેણે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. જતનબાએ કર્યો જે થાળ તેને પોતે જમીને સંતને પાર્ષદ તે સર્વેને દહીં ને દૂધે કરીને તૃપ્ત કરીને રૂડી રીતે ગોવાળ લીલા કરીને સર્વે ભક્તજનને આનંદ પામાડીને ઘોડે અસવાર થઈને ગામ **કરજીસણ** પધાર્યા. તે ગામના મુખી પટેલ ગોવિંદજી તથા ડાભી કસળાજી આદિ મહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને સર્વેને ઘેર થાળ જમ્યા. પછી ગામની પૂર્વે ભાગોળે વડતળે ઢોલિયો ઢળાવીને તે ઉપર વિરાજમાન થયા ને પોતાની આગળ સંત ને હરિભક્ત સર્વેની સભા થઈને ભક્તજને હિંડોળો બાંધીને મહારાજને ઝૂલાવતા હવા. એવી રીતે ઘણા દિવસ રહીને લીલા કરીને પછી ત્યાંથી ગામ **ખોરજે** પધાર્યા ને ગામના પટેલ બેચર આદિ હરિજન શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી ગોદડીજીએ થાળ કરાવ્યો. તેને પોતે જમવા પધાર્યા તે સારી પેઠે જમીને સર્વે સંતને જમાડ્યા. પછી તે ભક્તજનની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **મોખાસણ** પધાર્યા. ભક્ત જેઠા તથા પટેલ રાયચંદ આદિ હરિજને શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામને પાણી ભરવાના કૂવાને સમીપે વડતળે ઉતાર્યા. પછી ત્યાં સભા કરીને સર્વ હરિજનને વાતુ કરતા હવા. પછી રાયચંદે થાળ કરાવ્યો તેને ઘેર પોતે જમવા પધાર્યા. તે જમીને સંતને પાર્ષદને જમાડીને તે ભક્તે કેશર ચંદને કરીને પૂજા

કરી તેને અંગીકાર કરીને ગામ **પળીચર** પધાર્યા. જેઠા ભક્ત આદિ મહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે બાઈ ગંગાને ઘેર પધરાવ્યાને થાળ કરીને જમાડીને સર્વે સંતને જમાડ્યા. પછી વિપ્ર ઝૂમખરામ આદિ સર્વે હરિજનની સેવા અંગીકાર કરીને ચાલ્યા તે ગામ નારદિપર પધાર્યા. તે ગામના વિપ્ર નાનાભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી રસોઈ કરીને જમાડ્યા ને સંતને જમાડ્યા. પછી પોતે તે ગામના બ્રાહ્મણની ચોરાસી કરીને બહુ દક્ષિણા આપીને પછી સર્વે હરિભક્તોની સેવા અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **સોજે** પધાર્યા. ભક્ત બાલચંદ આદિ સન્મુખ આવીને પોતાના ઘેર પધરાવ્યા ને થાળ કરાવીને જમાડ્યા ને સર્વે સંતને જમાડ્યા. તે ભક્તની સેવા ગ્રહણ કરીને ગામ **નાદરિયે** પધાર્યા. તે ગામના ભક્તજનો શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવતા હવા. પછી બાઈ રતનને ઘેર થાળ જમ્યા ને સર્વે સંતને જમાડીને પછી પોતે તે ભક્તની સેવા અંગીકાર કરીને ગામને બહાર જઈને ભાગોળે ઉતર્યા. ત્યાં ઢોલિયા ઉપર પોતે વિરાજમાન થયા ને તે સમે પોતાને આગળ ગવૈયા સંત કીર્તન ગાવા લાગ્યા તે ગાવણું સાંભળીને બહુ રાજી થયા ને સર્વે સંતને બહુ વાર સુધી જ્ઞાનવાર્તા કરીને પછી પોતે પોઢી ગયા ને સર્વે સંત પણ સૂઈ રહ્યા તે જ્યારે પ્રાતઃકાલ થયો ત્યારે મહારાજ ઉઠીને સર્વે સંતની સભા થઈ ને સામું પોતે જોઈને એમ બોલ્યા જે, ‘‘આજ તો અમારા દર્શન કરવા સારું શિવજી આવ્યા હતા. તે દર્શન કરીને બહુ પ્રાર્થના કરીને એમ બોલ્યા જે તમે અમારું કાંઈક ચિહ્ન રાખો.’’ એમ શિવજીએ કહ્યું તે સારું તમે સર્વે સંત ને હરિભક્ત એક એક રુદ્રાક્ષનો મણકો કંઠને વિષે રાખો. પછી સર્વે સંત ને હરિભક્તે રુદ્રાક્ષનો મણકો રાખ્યો તે છ મહિના સુધી એ પ્રકરણ રાખ્યું. એમ લીલાને કરતા થકા તે ભક્તોને દર્શન દેતા થકા ત્યાંથી ચાલ્યા પાછા ગામ **વડુ** પધાર્યા ને પટેલ તુલસીદાસ તથા મોનો ગોયલ તથા ચોપરા જેરામ એ આદિ હરિજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા. મોના ગોયલના ફળીયામાં શીરાપૂરીની રસોઈ સંતને જમાડીને પોતે થાળ જમીને સર્વે હરિભક્તની સેવા અંગીકાર કરીને ત્યાંથી ગામ **ઝૂલાસણ** પધાર્યા. તે ગામના પટેલ દેવકરણ ને હીરાચૌધરી આદિ શ્રીજીમહારાજ સન્મુખે જોઈને

સામૈયું કરીને ચોરામાં ઢોલિયા ઉપર વિરાજમાન કર્યા ને ભક્ત હિરા ચૌધરીને ઘેર થાળ જમ્યા. ત્યાંથી ગામ **પાનસર** પધાર્યા. સુતાર પિતાંબરને ઘેર થાળ જમીને તેની સેવા ગ્રહણ કરીને ગામ **ઓલે** પધાર્યા. પટેલ નરોતમને સિધરદાસ આદિ ભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યાને થાળ જમાડીને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરીને પછી ત્યાંથી અડાલજ થઈને **મોટેરે** પધાર્યા. તે ગામના પટેલ ભુધરદાસ આદિ ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવીને દૂધપાક ને પૂરી કરાવીને મહારાજને જમાડતા હવા તે પોતે જમતા જાય ને પોતાના પાર્ષદને જમાડતા જાય. આવી રીતે લીલા કરીને પટેલ પુરુષોત્તમદાસ આદિ ભક્તજનની સેવા અંગીકાર કરીને ત્યાંથી શ્રીનગર થઈને **જેતલપુર** પધાર્યા. પટેલ આસજીભાઈ તથા પટેલ જીવણદાસ તથા શંકરદાસ તથા ગંગાદાસ મુખી તથા આસારામ તરવાડી આદિ હરિભક્ત શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામમાં ફેરવીને મહોલમાં પધરાવતા હવા. પછી મહારાજને શરીરે કસર જેવું હતું તે મહોલને સમીપે ઓરડામાં વિરાજમાન થયા ને સગડી કરાવીને તાપતા હતા. તે સમે વિશનગરથી સંતનું મંડળ આવ્યું તે શ્રીજીમહારાજને સાષ્ટાંગ પ્રણામ કરીને સમીપે બેઠા ને પછી પોતે સર્વેના સમાચાર પૂછ્યા ને કહ્યું જે તમે સર્વે અહીં રહો. પછી મુનિએ કહ્યું જે અહિં અમારે સર્વેને ભિક્ષા પુરી નહિ થાય. પછી મહારાજે કહ્યું જે, “બાઈઓ પાશેર અન્ન જમીને રહે છે માટે તમે પણ જેટલું ભિક્ષામાં અન્ન મળે તેણે કરીને દેહ નિર્વાહ કરો. એવી રીતે પોતે આજ્ઞા કરીને પછી દિન પંદર રહીને ત્યાં સંતને ત્યાગ વૈરાગ્યની ઘણી વાતુ કરતા હવા ને નિત્ય પ્રત્યે ગામમાં ગંગામા થાળ કરે તે પોતે જમવા પધારે. એવી રીતે નિત્ય નવી ને નવી લીલા કરતા થકા જેતલપુરની ભૂમિનાં પોતે બહુ વખાણ કરતા હવા ને વૃક્ષને વેલીયું જોઈને ઘણા પ્રસન્ન થાતા હવા.

પછી તે ગામનાં ભક્તજનની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **ગામડીં** પધાર્યા ને તે ગામના ભક્તે રૂડી રીતે પધરાવ્યાને થાળ જમીને ત્યાંથી ગામ **કુણે** પધાર્યા ને વસ્તા ભક્તને ઘેર ઉતર્યા. ત્યાંથી થાળ જમીને તે ભક્તની સેવાને ગ્રહણ કરીને ત્યાંથી ડભાણ પધાર્યા ને પટેલ રઘુનાથદાસને ઘેર રાત્રી રહ્યા ને રઘુનાથને કહ્યું જે, ‘પાંચસે મણ કોદરા લ્યો. આગળ ખપ આવશે. કેમ

જે, આવતા વરસનો નિરધાર નથી.'' પછી તેમણે કહ્યું જે, ''હે મહારાજ ! ઘણી બાજરી છે.'' પછી ત્યાંથી નાગડકે જઈને સુરાખાચરના દરબારમાં ઉતરતા હવા. એકાંતિક ભક્ત થાળ કરીને લાવ્યા તેને પોતે જમ્યા ને ત્યાં શ્રીમદ્ ભાગવતની કથા વંચાવતા થકા એક માસ પર્યંત રહેતા હવા. ત્યાં આમોદથી મુક્તાનંદસ્વામી આદિ સાત સંત મહારાજને દર્શને આવ્યા. તેમને દશ દિન પોતાની પાસે રાખીને જેતલપુર જવાની આજ્ઞા કરીને કહ્યું જે ત્યાં મહાનુભાવાનંદસ્વામી આદિ સંતને ફૂલડોલ ઉપર અમારે પાસે મેલજો. એવી રીતે કહીને શ્રીજીમહારાજ સારંગપુર પધાર્યા ને ત્યાં ઘણા દિન રહીને **કારીયાણીએ** પધાર્યા. ત્યાંથી ગામ **નસીપર** પધાર્યા. ત્યાંથી પાછા સારંગપુર પધાર્યા ને ત્યાં ફૂલદોલનો સમૈયો કરાવ્યો. ત્યાં દેશ દેશના હરિભક્ત આવ્યા ને જેતલપુરથી મહાનુભાવાનંદસ્વામી આદિ ત્રીસ મૂરત આવ્યા ને શ્રીજીમહારાજના ચરણારવિંદ ચાપતા હતા. તે પોતે પાછા તાણી લીધા. પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, ''હે મહારાજ ! આ ચરણારવિંદ સારુ તો લોકના તિરસ્કાર ઘણાક સહન કરીએ છીએ ને ગામોના લોકો માથે ધૂળ નાંખે છે ને ગામમાંથી કાઢી મૂકે છે તે ચરણારવિંદ કેમ તાણી લ્યો છો ?'' પછી મહારાજે કહ્યું જે, ''તમે તો તીર્થવાસીની પેઠે કરો છો. જેમ એક તીર્થવાસી હતો તે વાણીયાની દુકાનમાં ઝાડુ કાઢીને કહ્યું જે, હે વાણીયા ! દશ સેર સોનું લાવ. પછી તેણે કહ્યું જે બાવા ! સોનું સેનું માંગો છો ? પછી તીર્થવાસી બોલ્યો જે મે તેરી દુકાન મેં ઝાડું નિકાર્યા હે ઈસિકા. પછી વાણીયે કહ્યું જે, ''બાવા ! કાંઈ ઘેલા છો કે શું ? દશ સેર સોનું તે સેનું થાતું હશે? તેની પેઠે તમે કરો છો જે લગારેક ધૂળ નાખીને ગામમાંથી કાઢી મૂક્યા તેટલામાં આ ચરણારવિંદ મળે છે ? એના સારુ તો કેટલાક જોગી વનમાં જઈને હજારો વરસ તપ કરે છે ને માથે ઉધઈ રાફડા કરે છે તોય સ્વપ્નમાં પણ ભગવાનનાં દર્શન થાતા નથી ને તમારા જેવા પ્રેમી તો કેટલાય ભાગી ગયા ને ઘણો પ્રેમ દેખાડતા હતા ને તે ધરમપુરમાં પરમ ચૈતન્યાનંદ જઈને બેઠા છે. પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે એવું તો ન થવાય. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''એમ તમારે ન થવાય ?'' પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, ''એવું તો કોઈ દિવસ ન થવાય.'' પછી શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને પોતાના

ચરણારવિંદ લાંબા કર્યા તે મહાનુભાવાનંદસ્વામી ચાંપવા લાગ્યા. ત્યારે પરમાનંદસ્વામી પણ ચાંપવા લાગ્યા તે બેય જણે સારી પેઠે દાબીને તે ચરણારવિંદને પોતાના મસ્તક ઉપર લીધા ને છાતીમાં લીધા. એમ બહુ વાર સેવા કરીને ત્યાંથી હૂતાસનીનો ઉત્સવ કર્યો. તેમાં પોતાના ભક્તજન સંગાથે બહુવાર સુધી કેસુડાનો રંગ ને પતંગનો રંગ ને ગુલાલ તે બહુવાર ઉડાડીને પોતે ભક્તજનને આનંદ ઉપજાવતા થકા રમતા હવા. બાઈઓ પણ પરસ્પર બહુવાર રમીને શ્રીજીમહારાજ પાસે ગોઠ માંગતા હવા. તેમાં કાઠિયાવાડની જે બાઈઓ તે તો ખજૂર ને ફગવા માંગતી હવી ને જે ગુજરાતની બાઈઓ હતી તેમણે એમ વર માંગ્યો જે, “હે મહારાજ ! તમારા ચરિત્રને વિષે મનુષ્યભાવ આવે નહિ ને અખંડ આવીને આવી મૂર્તિ અંતરને વિષે દેખાય ને દેહને દેહના સંબંધીમાં હેતરૂપી જે તમારી માયા તે અમને નડે નહિ ને તમારા ધામને વિષે રાધિકા ને લક્ષ્મીજીની પેઠે સેવામાં રાખજો એ વર આપો.” ત્યારે મહારાજે કહ્યું જે, “તથાસ્તુ.” એમ કહીને પછી પોતે એમ બોલ્યા જે, “કાઠિયાવાડની બાઈઓ કરતા ગુજરાતની બાઈઓ તે બહુ ડાહીઓ છે.” એમ કહીને પોતાને ઉતારે પધાર્યા. પછી પોતે કાઠિના અસવારે વિંટાણા થકા પોતના પાળા પાસે બંદૂકના ભડાકા કરાવતા થકા ને ગુલાલ ઉડાડતા થકા નદીએ સ્નાન કરવા સંતમંડળને લઈને પધાર્યા. તે બહુવાર સુધી સ્નાન કરીને પોતે વસ્ત્ર પહેરીને અસવારીએ સહિત પાછા આવતા હતા તેવામાં જેતલપુરથી નિત્યાનંદસ્વામી આદિ સંત આવ્યા તે બહુ પુષ્પના હાર લાવ્યા ને શ્રીજીમહારાજની પૂજા કરતા હવા. પછી એવી શોભા ધારણ કરતા થકા જીવાખાચરના દરબારમાં ગાજતે વાજતે પધાર્યા ને પોતે થાળ જમીને સર્વે સંતને પાળાને અસવારને સંઘ સર્વેને પિરસીને પોતે જમાડતા હવા. એવી રીતે સમૈયો કરીને પછી સર્વે સંતને કહ્યું જે તમે તવરાને મેળે સર્વે જાવો ને અમે ને સત્સંગી સર્વે વાંસેથી આવશું. તે સાંભળીને સંત તો ગયા ને સત્સંગી પણ ગયા ને ત્યાં પોતે ન પધાર્યા ને કેડેથી કહાવી મોકલ્યું જે, “તમે સર્વે મુક્તાનંદસ્વામીની પૂજા કરજો.” એમ કહીને પોતે ત્યાંથી**ગઢડે** પધાર્યા ને ત્યાં દાદાખાચર આદિ પોતાના એકાંતિક ભક્તજને ગાજતે વાજતે પધરાવ્યા ને તેમણે બહુ પ્રકારે સેવા કરી તેને અંગીકાર કરીને ત્યાંથી ગામ **પંચાળે** પધાર્યા. ઠાકોર જીણાભાઈના દરબારમાં ગાજતે વાજતે

પધરાવ્યા ને તે ગામના સર્વે સત્સંગી તેમણે શ્રીજીમહારાજની બહુ સેવા કરી તેને પોતે અંગીકાર કરીને એમ બોલ્યા જે તમારે દાણા કેટલા છે ? ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, ''દાણા તો થોડા છે. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''જાર લો.'' ત્યારે તેમણે સો કળશી જાર લઈ ખાણો ભરી ને પછી શ્રીજીમહારાજ પોતે ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ત્યાં વિરાજતા હવા.

### (ઈતિ અડસઠની લીલા સંપૂર્ણ)

પછી ત્યાંથી ગામ **ગઢડે** પધાર્યા ને દાદાખાચરના દરબારમાં છાના રહ્યા તે કોઈને દર્શન પણ ન આપે ને એકાંતે રહે. ગામ બોટાદ દર્શન દેવા કોઈક દિવસ રાત્રિમાં પધારે તથા કારીયાણી ને ઝીંઝાવદર તથા સારંગપુર પધારે ને પાછા ગઢડે આવે. રાંકને ભિખારી ને પોતે રોટલા ને ખીચડી કરાવીને પોતાના માણસ પાસે અપાવતા હવા. દિવાળી ઉપર મુક્તાનંદસ્વામી ગઢડે આવ્યા તે પ્રેમજી ઠક્કરના હાટમાં ઉતર્યા. પછી નાજે જોગીયે જઈને શ્રીજીમહારાજને કહ્યું જે મુક્તાનંદસ્વામી આવ્યા છે. પછી પોતે સ્વામીને ઉતારે દર્શન દેવા રાત્રિએ પધારતા હવા. પછી મુક્તાનંદસ્વામી દંડવત કરતા હવા. પછી પોતે ઉપાડી લઈને છાતીમાં ઘાલીને મળ્યા ને પછી ગુજરાતના સંત હરિભક્તના સમાચાર પૂછતા હવા. પછી સ્વામીએ કહ્યું જે, ''અન્નની કોરનું સર્વેને કઠણ છે પણ પોતે ભૂખ્યા રહીને સંતની ઝોળીમાં અન્ન નાંખે છે.'' તે સાંભળીને પોતે બહુ રાજી થયા ને તે હરિભક્તોને વખાણીને ઉતારે પધાર્યા ને પછી દેવદિવાળી ઉપર પોતે ગુજરાતમાં જે સંત હતા તે ઉપર ખટરસનાં વર્તમાન પાળવાની આજ્ઞા પત્ર લખાવીને મોકલ્યો.

એક દિવસ જીવોખાચર મુંઝાણા તે અફીણ લઈને મરવા તૈયાર થયા પછી અમુલાબાઈએ તે વાત મહારાજને કહી ત્યારે પોતે જીવાખાચરને બોલાવીને પૂછ્યું જે, ''તમે કેમ મુંઝાઓ છો ?'' ત્યારે તેમણે કહ્યું જે, ''મારી ડેલીથી માણસ ભૂખ્યા જાય તે દેખી ન ખમાય.'' ત્યારે મહારાજે કહ્યું જે તમે મૂંઝાશો નહિ. અમે તમારી સહાયમાં છીએ. એમ કહીને મુક્તાનંદસ્વામીને કારીયાણીએ મેલ્યા ને કહ્યું જે, ''તમે વસ્તાખાચરને કહેજો જે તમારા ઘરમાં દાણા હોય તેમાંથી બાર મહીના ચાલે એટલા રાખીને બીજા મોકલી દેજો ને

રૂપિયા હજાર મોકલજો'' પછી તે વાત સાંભળીને વાસ્તાખાચર બહુ રાજી થયા ને દાણા ને રૂપિયા મોકલી દીધા. પછી મહારાજે જીવાખાચરને દાણા ને રૂપિયા આપીને કહ્યું જે આને વાપરો ને વળી જોઈશે ત્યારે અપાવીશું. વળી, અલૈયા ખાચરને કહ્યું જે તમે હજાર રૂપિયા જીવાખાચરે આપો તે આવતે વરસ આપશે. ત્યારે તેમનાથી ન અપાણા. ત્યારે મહારાજે કહ્યું જે, ''વસ્તાખાચર જેવા અલૈયા ખાચર નહિ. તેની સમજણ ભારે.'' ત્યારે અલૈયાને રીસ ચડીને કહ્યું જે મારાથી વસ્તાખાચર સરસ. એમ કહીને દિવસે પાછો પડી ગયો.

પછી અગણોતરાની હૂતાશનીના સમૈયા ઉપર સર્વ સંતને ને સત્સંગનીને તેડાવ્યા ને તે સર્વે આવ્યા. ત્યારે તેમની સામા પોતે ગામ **કુંડળ** સુધી ગયા ને સંતને જોઈને પોતે ઘોડી દોડાવી. ત્યારે સંત પણ સામા દોડ્યા. પછી પોતે ઘોડેથી ઉતરીને સંતને દંડવત કર્યા ને સર્વે સંતે પણ સાષ્ટાંગ દંડવત કર્યા ને હાથ જોડીને કહ્યું જે, ''હે મહારાજ ! તમારે આમ ન કરવું.'' ત્યારે પોતે બોલ્યા જે, ''મને તમે બહુ વ્હાલા છો. કેમ જે અતિ કઠણ વ્રતમાન રાખીને દેશાંતરમાં ફરીને મારા સ્વરૂપનો નિશ્ચય કરાવ્યો છે.'' એમ કહીને સર્વે સંતને મળીને સંતમંડળ સહિત મામૈયા પટગીરને ઘેર ઉતર્યા ને સંતને અર્થે મોળી થૂલી કરાવી તે અડધા સંતને જમવા ઉઠાડ્યા. તેવામાં મોટા કાઠિ મહારાજને દર્શને આવ્યા ત્યારે તેમણે સંતને જમતા જોઈને તથા ખટરસના વ્રતમાને કરીને દેહે અતિ દૂબળા જોઈને શ્રીજીમહારાજની આગળ પાઘડીઓ ઉતારીને અરજ કરી જે, ''હે મહારાજ ! ખટરસના વ્રતમાન સંતને મૂકાવો. એ વર માંગીએ છીએ.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''ઠીક ! એમ કહીને કહ્યું જે હે સંતો ! આજથી તમો ખટરસના વ્રતમાનની સમાપ્તિ કરો.'' પછી મામૈયા પટગીરે પંગતમાં ગોળને ઘી લાવિને ફેરવાવ્યું. તે દિવસ ત્યાં રહીને ગામ કારીયાણીએ પધાર્યા ને વસ્તાખાચરના દરબારમાં ઉતારો કર્યો ને થાળ થયો તેને પોતે જમ્યા ને સંત સર્વને જમાડ્યા. પછી સાયંકાળે સભા કરીને પોતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ આવીને સર્વે સંતની સભા ભરાઈને બેઠી. ત્યારે મહારાજે કહ્યું જે તમે સર્વે વ્હેલા કેમ આવ્યા ? માટે સર્વે પાછા જાઓ. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે કોઈ દેખતા હો તો મારો સતાર લાવો. ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે એક મારું મંડળ દેખે છે. ત્યારે મહારાજે

કહ્યું જે, "તમારું મંડળ દેખે છે ને બીજા કેમ નથી દેખતા?" ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! એ સાધુ સર્વેને રાસૂંદો થયો છે માટે રાત્રીમાં નથી દેખતા ને અમને તો ગામ ડભાણમાં હરિભક્તે બળેલાની ભાજી કરીને ખવડાવી તેણે કરીને એક અમારું મંડળ દેખે છે. ત્યારે શ્રીજીમહારાજને દયા આવી તે સર્વે સંતને રાખ્યા ને પછી પોતે ત્યાંથી સર્વે સંત સહિત શ્રી **ગઢડે** પધાર્યા. ત્યાં એક રસોઈ જીવાખાચરની છે તે જમ્યા ને ફૂલડોલને દિવસ રસોઈ દાદાખાચરની જમ્યા. ફૂલડોલના ઉત્સવને દિવસે શ્રીજીમહારાજ રંગે રમ્યા ને સર્વે સંત તથા હરિભક્તને રંગે રમાડ્યા ને કીર્તન ગાવતે ગાવતે ઘેલા નદીમાં ન્હાવા ગયા. ન્હાઈને પાછા આવીને દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા. ત્યાંથી સર્વ સંઘ સહિત ચાલ્યા તે ગામ **કારીયાણીયે** પધાર્યા ને ત્યાંથી **કુંડળ** પધાર્યા. ત્યાંથી ભાઈ રામદાસજી આદિ સર્વ સંતમંડળને ગુજરાતમાં જાવાની આજ્ઞા કરીને પોતે પાછા **ગઢડે** પધાર્યા. ત્યાં ઉનાળા ચાર મહિના રહેતા હવા ને ત્યાં સર્વ પોતાના ભક્તજન આવતા હવા. તેવામાં ગુજરાતમાંથી મહાનુભાવાનંદસ્વામી કાચી કેરીઓ લઈને શ્રીગઢડે મહારાજ પાસે આવ્યા તે કેરીઓને પોતે જમ્યા ને તે સંતને પ્રસાદી આપતા હવા. એ પ્રકારે લીલાને કરતા થકા વિરાજતા હવા ને તે ભક્તજનને બહુ સુખ આપતા હવા. પછી અમદાવાદના સત્સંગીએ કાગળ મોકલ્યો જે અમારા દેશમાં કેરીઓ બહુ પાકી છે પણ સાધુ તો કેરીઓ જમતા નથી. ત્યારે શ્રીજીમહારાજે કેરીઓ જમ્યાનો કાગળ સંત મંડળને મોકલ્યોને પોતે તો ત્યાં વિરાજતા હવા.

**(ઈતિ ઓગણસીત્તેરની લીલા સંપૂર્ણ)**

પછી ત્યાંથી ગામ **પંચાળે** પધાર્યા. ભક્ત ઝીણાભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને પોતાને ઘેર પધરાવતા હવા ને બહુ સેવા કરતા હવા. પછી ત્યાંથી ગામ **માણાવદર** પધાર્યા. તે ગામના નવાબની અસવારી પોતાને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને ભટ્ટ મયારામને ઘેર ઉતર્યા. ભટ્ટે રસોઈ કરી તેને પોતે જમતા હવા ને ભટ્ટ આદિ સર્વ હરિભક્તે બહુ સેવા કરી તેને પોતે અંગીકાર કરીને પછી ગામ **જાળીયે** પધાર્યા. ત્યાં

પોતાના શરીરમાં મંદવાડ જેવું થયું તે પોતે કોઈ જમે પણ નહિ ને પોતાના એકાંતિક ભક્તજન જે ભગુજી આદિ તેમણે બહુ પ્રાર્થના કરી જે, "હે મહારાજ! તમે જમો." ત્યારે પોતે કહ્યું જે, "અમારે અર્થે તો લક્ષ્મીજીને શિવજી આદિ દેવ થાળ લઈને ઊભા છે પણ અમારે તેણે કરીને કાંઈ સુખ નથી. હું તો આત્માને સુખે કરીને સુખીઓ છું." એમ કહીને કહ્યું જે અમને સવાસો બેડે કરીને નવડાવો. ત્યારે ભગુજીએ હરિજનને કહ્યું જે મહારાજને સવાસો બેડે નવડાવવા છે માટે બાઈઓને કહીએ જે પાણી લાવો. પછી સર્વ બાઈઓએ બેડા લાવીને નવડાવ્યા. તે નદીમાં પાણીનો રેલો પહોંચ્યો ત્યારે પોતે બોલ્યા જે હવે રાખો. એમ કહીને બોલ્યા જે અમને આંબલીના કાતરા જમાડો તો સારુ થાય. એમ કહીને આંબલી પોતે જમતા હવા. એવી લીલા કરતા થકા એક માસ ત્યાં રહીને ભક્તજનને સુખ આપીને ત્યાંથી **ગઢડે** પધાર્યા.

દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા ને પછી ભાઈ રામદાસજી આદિ સંતમંડળ આવ્યા તેને પીપળાવાળી વાડીએથી પાછા વાળ્યા ને દર્શન પણ ન દીધું. પછી મુક્તાનંદસ્વામી આદિ સંત આવ્યા તેને દર્શન આપ્યા ને પછી એભલખાચરે દેહ મૂક્યો તે સમે દેવના વિમાન હજારો આકાશમાં દેખાણા ને દેવતા દુંદુભી વાજા વજાડતા હવા. પછી તેમની પત્ની જે સુરબાઈ તે શ્રીજીમહારાજને પોતાનું સર્વસ્વ આપીને એમ કહેતા હવા જે, "હે સ્વામિ ! આ અમારો પુત્ર તે પણ તમોને અર્પણ કર્યો છે તે તમારે નજરમાં આવે એમ કરો." પછી શ્રીજીમહારાજે દાદાખાચરને કહ્યું જે સારુ ખરચ કરો ત્યારે દાદાખાચરે સાટા કરાવીને અતિ સારુ ખરચ કર્યું ને સર્વે પોતાની જ્ઞાતિ તથા સર્વ ગામને જે કોઈ અન્નાર્થી રાંક આદિક આવ્યું તે સર્વેને જમાડતા હવા ને સર્વ સંતને જમાડતા હવા. ત્યાર પછી મુક્તાનંદસ્વામીને ચરોતરમાં ફરવા સારુ મોકલ્યા ને નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ સંતમંડળને જેતલપુર મોકલ્યા. તે ત્યાં કેટલાક દિન રહીને પછી ગામ **મછીયાવ** ગયા ને પછી તે ગામના ઠાકોર દાજીભાઈએ દેહ મૂક્યો તે સમે શ્રીજીમહારાજ પોતે હજારો મુક્તને વિમાને વિંટાણા થકા આવ્યા તે હજારો મનુષ્યને દેખાતા હવા. તે જોઈને સર્વેને આશ્ચર્ય થાતું હવું ને પછી અનહદ વાજા વાગતા હવા ને

ઠાકોર દાજીભાઈ દેહ મૂકીને અક્ષરધામને પામતા હવા. તેમનો પુત્ર જે બાપુભાઈ તેમણે રૂપિયાનું સવાસેર ઘી લઈને પકવાન કરાવીને અતિ સારું ખરચ કર્યું તેમાં જે કોઈ અન્નાર્થી આવ્યો તે સર્વેને જમાડતા હવા. પછી ત્યાંથી નિત્યાનંદસ્વામી આદિ સંતમંડળ હતુ તે ગઢડે ગયું તે શ્રીજીમહારાજના દર્શન કરીને ત્યાં રહેતા હવા. પછી સર્વે સંતોને વડતાલ જાવાની આજ્ઞા આપીને કહ્યું જે અમે પણ ફૂલડોલ ઉપર આવશું. એમ કહીને પોતે તો ત્યાં રહીને ફૂલડોલ ઉત્સવ કરાવ્યો. પછી ત્યાંથી રંગ સાતમ ઉપર **વડતાલ** પધાર્યા ને ત્યાં રંગ સાતમ જોબન વડતાલની મેડી ઉપર મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળ સાથે પોતે બહુ વાર રમીને પછી સુંદરપગીને કૂવે સંત મંડળે સહિત ન્હાવા પધાર્યા. પાણીનું થાળુ ભર્યું હતું તેમાં પોતે નાહીને પોસો ભરીને તે જળને કૂવામાં પોતે નાંખતા હવા. પછી ગામમાં પધાર્યા ને થાળ જમીને સંત મંડળને જમાડીને પછી મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળને સુરત, ધરમપુર ને પૂના એ દેશમાં જાવાની આજ્ઞા આપીને પોતે ગઢડે પધાર્યા. ત્યાં રામનવમી કરીને કેરીઓ પાકી ત્યારે પોતે સંતમંડળે વિંટાણા થકા ગામ ઉમરેઠમાં પધાર્યા. ત્યાં જગન્નાથ મહાદેવમાં ઉતરતા હવા. પછી ઠાકર નંદુભાઈને ઘેર રસને રોટલીની રસોઈ કરાવીને પોતે જમીને સંતને પાળા સર્વેને જમાડ્યા ને તેમના ઘરની ઉગમણી બારીએ પોતે વિરાજમાન થયા. પછી નંદુભાઈએ ચંદન પુષ્પાદિકે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરીને પોતે ઉતારે પધાર્યા. નરભેરામ મોટા ને ભટ્ટ ગંગાદતને મલિકાર્જુન આદિક સર્વે હરિભક્તને પૂજા કરી તેને અંગીકાર કરીને ત્યાં બે દિવસ રહીને ગામ વડતાલ ગયા. ત્યાંથી સર્વે દેશમાં ભક્તજનને દર્શન અપાતા થકા વિચરતા હવા.

**(ઈતિ સીત્તેરની લીલા સંપૂર્ણ)**

પછી ત્યાંથી ગામ **જેતલપુર** પધાર્યા ને તે ગામના ભક્ત જે આહજીભાઈ આદિ સન્મુખ આવીને શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવ્યા ને નાના પ્રકારના ભોજન કરાવીને જમાડતા હવા. પછી સર્વે સંતોને જમાડતા હવા. પછી સર્વે હરિભક્તે બહુ પ્રકારે કરી જે સેવા તેને અંગીકાર કરીને ત્યાંથી ગામ **અશ્લાલીએ** પધાર્યા. તે ગામના ભક્ત જે વેણીભાઈ તથા હરિભાઈ આદિ

ભક્તજનની સેવાને અંગીકાર કરતા થકા વેણીભાઈની મેડી ઉપર જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી શહેર **અમદાવાદ** પધાર્યા ને ત્યાંના સર્વે હરિભક્તે ગાજતે વાજતે પધરાવ્યા ને ત્યાં પોતે સર્વ હરિભક્તની સેવાને અંગીકાર કરતા થકા ત્યાં પંદર દિવસ રહીને સંતને કેરીઓ જમાડીને બહુ સુખ આપતા થકા ત્યાંથી ગામ **મોટેરે** પધાર્યા તે મારગમાં જાતા પાદસાવાડીને પાસે દરિયાખાનના ઘુમ્મટ પાસે ગયા ત્યારે પોતે દરિયાખાન ને તેનો દીવાન બે જણ ભારે વસ્ત્ર પહેરીને મારગને પડખે છેટે ઉભા રહીને નમસ્કાર કરતા હવા. પછી શ્રીજીમહારાજને હાથની સાને કરીને પાસે બોલાવ્યા તે પોતે ઘોડેથી ઉતરીને તેની પાસે પધાર્યા. પછી તેણે મહારાજની ઘણી પ્રાર્થના કરીને કહ્યું જે, 'હે પ્રભુ ! તમે તો અતિ દયાળુ છો ને આ કળીયુગને વિષે અમારા જેવા અધમ જીવને ઉદ્ધારવાને વાસ્તે પ્રગટ થયા છો. તમે તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છો એમ તમારા સંતને પ્રતાપે કરીને અમે તમને ઓળખીયે છીએ. માટે અમારું કલ્યાણ કરો ને હે પ્રભુ ! અમે તો બહુ દિવસથી આથડીયે છીએ ને જમપુરીથી પણ ઘણું દુઃખ ભોગવીએ છીએ. માટે હે ભગવાન ! આ દુઃખ થકી હવે છોડાવો હવે ઘણી થઈ." તે વચન સાંભળીને મહારાજે કહ્યું જે, "તમારે અમારા સંતનો જોગ ક્યાંથી જેથી અમારા સ્વરૂપનો નિશ્ચય થયો છે. પછી દરિયાખાનના જમાદારે કહ્યું જે, "હે મહારાજ ! તમારા સંત અમારા ઘુમ્મટમાં નિત્ય રહેતા. શહેરમાંથી માંગી લાવીને ગોળા કરીને જમે. પછી ભણેને કોઈ કથા કરે. વાતુ તમારા સ્વરૂપની કરે તે અમે સર્વે ભૂત ભેળા થઈને સાંભળતા પણ કોઈ દિવસ અમે સંતને હરકત કરી નથી ને નિત્ય સવારમાં સંતના દર્શન કરતા તે પુણ્યે કરીને તમારે વિષે પ્રીતિ થઈ ને નિશ્ચય થયો. માટે ભૂતયોનિથી છોડાવો ને તમારે શરણે લ્યો." એવી રીતે દરિયાખાનની વિનંતી સાંભળીને પોતે બહુ પ્રસન્ન થયા ને કહ્યું જે તમે સર્વે તમારી કચેરી લઈને બદ્રિકાશ્રમને વિષે જાઓ ને સર્વે ભૂતયોનિથી છૂટીને તપ કરીને તમે થોડાક કાળમાં મુને પામશો. એવી રીતે વર દઈને **મોટેરે** પધાર્યા. પટેલ પુરુષોત્તમદાસ આદિ હરિજને ગાજતે વાજતે પધરાવ્યા ને ત્યાં પોતે થાળ જમીને સંતને જમાડ્યા. તેમની સર્વ સેવાને અંગીકાર કરીને ગામ **અડાલજ** પધાર્યા. તે ગામના મુળુગઢવી તથા ગેદાલજી આદિક ભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને ત્યાં થાળ કરાવીને

જમાડ્યા. સંતને જમાડીને પછી તે ભક્તની સર્વ સેવા તેને અંગીકાર કરીને ત્યાંથી ગામ **કરજીસણ** પધાર્યા. તે ગામના મુખી ગોવિંદજીભાઈ આદિ ભક્તજન સન્મુખ આવીને પોતાને ઘેર પધરાવ્યા ને નાના પ્રકારની રસોઈ કરીને મહારાજને જમાડ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. પછી ઢોલિયા ઉપર વિરાજમાન કરીને કેસર ચંદનાદિકે કરીને પૂજ્યા એવા જે શ્રીહરિ તે એમ બોલતા હવા જે, "દેશ દેશ પ્રત્યે લાવો કાગળ લખીયે ને સર્વે સત્સંગીને તેડાવીએ ને આપણે અહિં જન્માષ્ટમીનો સમૈયો કરવો છે. એમ કહીને કાગળ લખીને સર્વે દેશ પ્રત્યે મોકલતા હવા. તે પછી સાતમને દિવસે સર્વે સત્સંગી આવતા હવા. પછી જન્માષ્ટમીને દિવસે ગામની ઉગમણી ભાગોળે વડના વૃક્ષ તળે હિંડોળો બાંધ્યો તે ઉપર મહારાજ પોતે સર્વે જરીયાની વસ્ત્રને ધારણ કરીને વિરાજમાન થયા. તે સમે દેશ દેશથી હરિભક્ત આવ્યા તેમને પોતે દર્શન દેતા થકા સર્વે સંત હરિભક્ત પ્રત્યે એમ બોલ્યા જે ગોવિંદજીભાઈના ઘરના મનુષ્યને જેવો સંપ છે એવો સંપ જો હોય તો તેના ઘરમાંથી કૂવાનું પાણી ખૂટે તો અન્ન ખૂટે. એમ સંતની આગળ કહીને પોતાને ઉતારે પધાર્યા. એમ પોતાના એકાંતિક ભક્તને દર્શન દેતા થકા ને તેમની સેવાને અંગીકાર કરતા થકા પંદર દિવસ રહેતા હવા. પછી ત્યાંથી સર્વે સંતમંડળ વિંટાણા થકા ચાલ્યા તે ગામ **ડાંગરવે** પધાર્યા. પટેલ વેણીદાસને ઘેર થાળ થયો તે પોતે સારી પેઠે જમ્યા ને સાધુને પણ જમાડ્યા. પછી તે ભક્તની સર્વે સેવાનો અંગીકાર કરીને પાછા **કરજીસણ** પધાર્યા. ગામથી ઉત્તર દિશામાં નાનાભાઈના કૂવા ઉપર વરખડાના ઝાડ તળે ઓરડીમાં પાંચ દિન સુધી તે ભક્તની સેવાને અંગીકાર કરતા થકા ત્યાં રહેતા હવા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **લાંઘણેજ** ગયા તે ગામના ભાવસાર રામા આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ઘેર પધરાવ્યા. પછી તે ભક્તે થાળ કરાવીને જમાડ્યા ને બહુ પ્રકારે સેવા કરી તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **મેઉ** પધાર્યા. તે ગામના ભૂખણ ભક્ત ભાવસાર આદિકે સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. પછી થાળ કરાવીને જમાડ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. પછી કેસર ચંદનાદકે કરીને પૂજા કરી તેને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા તે ગામ **ખોરજ** પધાર્યા. ત્યાં ગામથી ઉત્તરમાં આંબા તલાવડીની ઉગમણી પાળે ઉતર્યા

તે ભક્ત ગોદડજી આદિ સર્વે સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં લઈ ગયા ને પાટ ઉપર વિરાજમાન કર્યા. પછી થાળ કરીને જમાડીને સર્વે સંતને પણ જમાડ્યા ને તે ભક્તની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ગામ **કરજીસણ** પધાર્યા. તે ગામના ભક્ત ગોવિંદજીને ઘેર પોતે થાળ જમ્યાને સંતને પણ જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ ઓલે પધાર્યા ને તે ગામના ભક્તની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે અડાલજ થઈને ગામ **મોટેરે** પધાર્યા. તે ગામના પટેલ પુરુષોત્તમ આદિ ભક્તજનની સેવાને ગ્રહણ કરીને ત્યાંથી પાછા **અમદાવાદ** પધાર્યા. તે શહેરના ભક્તજન જે હિરાચંદ આદિ તેમણે નાના પ્રકારના વાજીંત્ર લઈને સન્મુખ જાઈને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને નાના પ્રકારના ભોજન કરાવીને જમાડ્યા ને સંતને પોતે પિરસીને જમાડતા હવા ને ચંદન, પુષ્પ, ગુલાબના હાર આદિક જે ઉપચાર તેણે કરીને પૂજા કરીને બહુ લાવ લીધો. એવી રીતે હરિજનની સેવાને અંગીકાર કરતા થકા ત્યાં એક માસ પર્યંત રહેતા હવા ને તે ભક્તોને આનંદ ઉપજાવતા થકા ત્યાં સર્વેને ઘેર થાળ જમવા પધારે. ત્યાં સભા કરીને બિરાજેને શહેરના લોક દર્શને આવે તેને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી વાતુ બહુ કરીને પોતાની મૂર્તિને વિષે સર્વે ચિત્તને ખેચી લેતા હવા ને બહુ ચમત્કાર દેખાડીને પોતાના આશ્રિત બહુ માણસને કરતા હવા. પછી ત્યાંથી ગાજતે વાજતે માણેક ચોક મધ્ય થઈને દૂરીજનના અંતઃકરણને કંપાવતા થકા ને ભક્તજનના અંતઃકરણને વિષે અતિ ઉત્સાહ પમાડતા થકા ચાલ્યા તે અશ્લાલી થઈને **જેતલપુર** પધાર્યા. તે પુરના ભક્ત આહજીભાઈ આદિ સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં ફેરવીને મહોલમાં પધરાવ્યા. ત્યાં રહીને મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ સંતને સુરતથી તેડાવ્યા તે સર્વે સંત આવ્યા ને દેશ દેશના હરિભક્ત પણ આવીને શ્રીજીમહારાજના દર્શન કરતા હવા ને નિત્ય સંતને પાર્ષદે સહિત ગામમાં ગાતા ગાતા જમવા પધારે ને જમીને પાછા તેવી જ રીતે મહોલમાં પધારે ને પાટ ઉપર વિરાજમાન થઈને આસોપાલવ તળે સભા કરીને વિરાજે ને તે સમે સર્વે હરિભક્ત ચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર તોરા, ગજરા, બાજુબંધ આદિકે કરીને શ્રીજીમહારાજની પૂજા કરીને ભારે ભારે વસ્ત્ર અલંકાર પહેરાવીને લ્હાવો લેતા હવા. તે ભક્તોને પોતે વચનરૂપી અમૃતે

કરીને આનંદ પમાડતા હવા ને વળી નિત્ય પ્રત્યે તળાવમાં જળક્રીડા કરે ને ગામની ભાગોળે વડના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થાય ને ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતો કરીને સર્વે હરિભક્તોને ઘણું સુખ દેતા હવા.

એક દિવસે ગાજતે ગાતે ગામમાં જમવા પધાર્યા તે સમે ભગુજીએ માથે છત્ર ધર્યું તેની પોતે કીર્તનના પ્રેમમાં ના કહી તે બે ત્રણ વાર ના કહી પણ ભગુજીએ છત્ર કોરે ન લીધું. પછી પોતે તે છત્રને ભગુજીના હાથમાંથી લઈને પૃથ્વી ઉપર પછાડ્યું. તે પછી ગાતા ગાતા જમવા પધાર્યા. પછી તેવી જ રીતે પાછા ઉતારે જમીને પધાર્યા. એવી રીતે તે ગામના હરિભક્ત આહજીભાઈ તથા વાલોજીને ગંગાદાસ તથા પ્રભુદાસ, જીવણદાસ તથા વિહોજી તથા વિપ્ર ગગજીને જાયમલજી તથા બ્રાહ્મણી બાઈ રળીયાતને બ્રાહ્મણ દેવરામ તથા આણંદરામ તથા બેચર આદિ સર્વ ભક્તને ઘેર પોતે જમ્યા ને પછી એમ બોલ્યા જે, "આ ગામમાં અમો ઘરો ઘર જમ્યા છીએ ને ગામની સીમમાં વિચર્યા છીએ માટે આ જેતલપુરની ભૂમિ તો ગોકુલ મથુરાથી પણ અતિ પવિત્ર છે." એવી રીતે બહુવાર સુધી મહિમા કહીને પછી ત્યાંથી ગામ પાલડી ને કાસંદરે થઈને **મોડાહર** પધાર્યા. તે ગામમાં **કલ્યાણ શેઠ**ને ઘેર રાત્રી રહીને **મછીઆવ** પધાર્યા. ઠાકોર **બાપુભાઈ**ના દરબારમાં વિરાજમાન થયા ને ઠાકોરે નાના પ્રકારના ભોજન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા ને ચંદન પુષ્પે કરીને પૂજ્યા. ત્યાંથી ગામ **દદુકે** પધાર્યા. તે ગામના ભક્ત **ગોદડજી** તથા **કાંધોજી** તથા **અલુભાઈ** તથા **કલ્યાણ** તથા **બેચર** એ આદિભક્તજન સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને પાર્ષદે સહિત મહારાજને દહીં, દૂધ તથા નાના પ્રકારના ભોજને કરીને જમાડ્યા. ત્યાંથી ગામ કઠેચી થઈને તલસાણે થઈને ગામ **શિયાણીએ** પધાર્યા. તે ગામના ભટ્ટ **શિવરામ** આદિ હરિભક્ત સન્મુખ આવીને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા. શિવરામ ભટ્ટને ઘેર થાળ જમ્યા ને ત્યાં રાત્રી રહીને ચાલ્યા ને ભલગામડે થઈને લિંબડી શહેરમાં થઈને ગામ **લાલીયાદ** પધાર્યા. તળાવની પાળે વિરાજમાન થયા ને ઠાકોર **રતનસિંહ** આદિ ભક્તે થાળ કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા. ત્યાંથી ગામ **નાગડકે** પધાર્યા ને સુરાખાચરના દરબારમાં વિરાજમાન થયા. પછી

થાળ કરાવીને જમાડ્યા ને પાર્ષદને જમાડ્યા. ત્યાં ચાર દિવસ રહીને સુરાખાચર આદિ સર્વે હરિભક્તે કરી જે સેવા તેને અંગીકાર કરીને ગામ **બોટાદ** પધાર્યા. તે ગામના હરિભક્ત દાહાખાચર ને ભગોશેઠ આદિ સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા ને માતરા ધાધલ ને ઘેર જમ્યા. ભગા શેઠની રસોઈ સંતને પોતે જમાડીને ત્યાંથી ગામ **ગઢડે** પધાર્યા. ત્યાં દાદાખાચર આદિ સર્વે હરિભક્ત સન્મુખ આવીને ગાજતે વાજતે અસવારીયે સહિત દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં કપિલાછઠ ઉપર મુક્તાનંદસ્વામી આદિ ભણનારા સંતને તેડાવ્યા તે સર્વે આવ્યા. તે સંતને મળીને ઉત્તરાદે બાર ઓરડામાં ઉતર્યા. તે સંતને જમાડવાને અર્થે ગામના ભક્તજન વારંવાર નોતરા દેતા હવા. પછી પોતે જલેબી, મોતૈયા લાડુ આદિ પકવાન કરાવીને નિત્યે પોતાને હાથે પિરસીને જમાડતા હવા ને ચંદન પુષ્પાદિકે કરીને હરિજન સંતની પૂજા કરતા હવા. એવી રીતે એક માસ લીલા કરતા હવા.

એક દિવસ પોતે જમીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા હતા તે સમે જૂનાગઢથી પ્રેમી ભક્ત મોટીબા આવીને મહારાજને પગે લાગીને કહ્યું જે, "મારે પરમહંસને જમાડવા છે." પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "સંત તો ગામમાંથી જમીને હમણા આવ્યા છે." ત્યારે ભક્તે કહ્યું જે, "મારે તો આજ જ જમાડવા છે." પછી પોતે પ્રસન્ન થઈને કહ્યું જે "રસોઈ કરાવો." પછી તે ભક્તે બિરંજને પૂરી કરાવીને સર્વ સંતને જમવાને તેડાવ્યા. પછી પોતે કટી બાંધીને સંતને પિરસતા હવા ને ખૂબ તાણ કરીને જમાડ્યા. જમતા પાણી માંગે ત્યારે થોડુક પાણી પાય પણ અધિક ન પાય. એવી રીતે જમાડીને તૃપ્ત કર્યા. પછી કહ્યું જે જમ્યાનું માંગો તે આપુ. પછી એક ભક્તે બ્રહ્માનંદસ્વામીને સૂચવ્યું જે, "પૂરી નથી તે માંગો." પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ! પૂરી લાવો." પછી શ્રીજીમહારાજ હસીને બોલ્યા જે, "બિરંજ લ્યો પૂરીઓ તો નહિ આપીએ." પછી મહાનુભાવાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને સૂચવ્યું જે, "દૂધ છે." પછી મહારાજે એ વાત સાંભળીને કહ્યું જે, "દૂધ તો નથી ને ગાયુ પણ આવી નથી." પછી ભગુજીએ ગાયો દોહરાવીને પ્રથમથી દૂધ ભેળું કરી રાક્યું હતું તે લાડુબાઈ આદિ ભક્તે સાકર ને દૂધની તાંબડીયું

ભરીને મહારાજની આગળ મેલીયું. પછી પોતે દૂધને સાકર સંતને સારી પેઠે પાયું. તે સંતતો માંડ માંડ ઉતારે પહોંચ્યા. પછી સંતને પરચા જેવું જણાણું જે એ તો દેવ પ્રસાદી જમી ગયા. એવી લીલા કરીને સંતમંડળે વિંટાણા થકા **કારીયાણીએ** પધાર્યા.

જમીને બીજે દિવસે ચાલ્યા તે માર્ગે સર્વે હરિભક્તોને દર્શન દેતા થકા **ધોલેરે** થઈને પીપળીયા દાદાભાઈ ને દર્શન દઈને ચાલ્યા તે ભોગાવો ઉતરીને બોરુ થઈને ભોળાદ થઈને સાભર ઉતરીને ગલીયાણે થઈને સર્વને દર્શન દઈને તેમની સેવાને ગ્રહણ કરીને સિંજીવાડે રાત રહ્યા ને જગરુપ બારોટના ડેલામાં ઉતર્યા. પછી બાપુજીએ થાળ કરાવ્યો તે પોતે જમીને પાર્ષદને જમાડ્યા. પછી બીજે દિવસ દિવાળી ઉપર **વડતાલ** પધાર્યા. ત્યાં ભારે દીપમાળા પૂરાવીને પોતે પાટ ઉપર વિરાજમાન થયા ને બીજે દિવસ અન્નકૂટમાં નાના પ્રકારની સામગ્રીઓ કરાવીને શ્રીજીમહારાજની આગળ અન્નકૂટ ભરીને જમાડ્યા. પછી તે પ્રસાદી સંતને પોતે પિરસીને જમાડ્યા. એવી રીતે અન્નકૂટનો ઉત્સવ કરીને ત્યાં દેવદિવાળી સુધી રહીને ચાલ્યા તે મહેળાવમાં હરિજનને દર્શન દઈને પીપળાવમાં દાજીગોરને ઘેર જમ્યા ને પાર્ષદને જમાડીને રાત રહીને ચાલ્યા તે મારગમાં ભક્તોને દર્શન દેતા થકા બુધેજ જઈને તેમની સેવા ગ્રહણ કરીને ગુડેલ પધાર્યા ને જીજીભાઈની મેડીએ ઉતર્યા. પોતાને હાથે રીંગણાનું શાકને બાટીઓ કરીને પોતે જમીને પ્રસાદી સંતને, જીજીભાઈને તથા પાર્ષદને આપી. પછી સુરાખાચરે કહ્યું જે, “આવો પ્રસાદ નિત્ય જમાડો તો બહુ સારું.” ત્યારે મહારાજે કહ્યું જે, “ભેળા રહેશો તો નિત્ય મળશે.” એમ રમુજ કરીને રાત રહીને ચાલ્યા તે સાભર ઉતરીને વારણે થઈને નાનીબોરુ થઈને ભોળાદ થઈને કમિયાળે સેસાભાઈને ઘેર થાળ જમીને પાર્ષદને દહીં દૂધે તૃપ્ત કરીને રાત રહીને ચાલ્યા તે રોઝકે કાકાભાઈની સેવા અંગીકાર કરીને રાત રહીને ચાલ્યા તે મારગમાં હરિભક્તને દર્શન દેતા થકા અણીયાળીએ પૂંજા શેઠની ઉતરાદી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજ્યા. બરફી, દૂધ, પેંડાનો થાળ ભરીને શેઠે મૂક્યો તે પોતે સંતને ને પાર્ષદને આપીને રસોઈ જમીને સર્વેને જમાડીને રાત રહીને ગામ સુંદરીયાણે વનાસાની સેવા અંગીકાર કરીને સવારમાં ચાલ્યા

તે **સારંગપુર** પધાર્યા ને જીવાખાચરના દરબારમાં પોતે રીંગણાનું ભરથું ને બાટી કરીને જમ્યા ને જીવાખાચર આદિ હરિભક્તને પ્રસાદી આપી તે જમીને સર્વે બોલ્યા જે, ''હે મહારાજ! આવી સ્વાદુ પ્રસાદી કોઈ દિવસ જમ્યા નથી.'' પછી પોતે બોલ્યા જે, ''આ પ્રસાદી સારુ તો બ્રહ્મા માછલુ થયા તો પણ ન્હોતી મળી એવી દુર્લભ છે.'' એમ કહીને ચાલ્યા તે **ગઢડે** પધાર્યા ને ત્યાં સર્વ સંતને તેડાવ્યા ને તે સમે દાદાખાચરનો વિવાહ કર્યો ને તેમાં પાંચ પકવાન કરાવ્યા ને સર્વે સંતને પોતે જમાડતા થકા વારંવાર ફરીને સારી પેઠે તૃપ્ત કર્યા. પછી દહીં સાકર સારી પેઠે ફેરવી તેમાં ફેરવતે ફેરવતે દહીં વધ્યું તે લઈને પોતે એમ બોલ્યા જે, ''આ તો દાદાખાચરનો વિવાહ છે. તે માટે મહાનુભાવાનંદસ્વામીના માત્રા ધાધલ ભાઈબંધ છે તે માટે વેવાઈના પક્ષ વાળા છે તે લાવો દહીં માંગલિક છે તે એમને માથે નાંખીયે. એમ કહીને પોતે દહીં ને સાકર સારી પેઠે નાંખીને ચોળતા હવા. તે જોઈને સર્વે સંતને હરિભક્ત હતા તે બહુ હસ્યા. તે સમે મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ બે જણ ચેલાખાચરને ભગવાનની વાત કરતા હતા. તે એમના દેખ્યામાં તે લીલા ન આવી. ત્યારે તેમણે કહ્યું જે, ''હે મહારાજ ! એ લીલા અમને દેખાડો.'' પછી પોતે કહ્યું જે, ''દેખાડશું.'' એમ કહીને બીજે દિવસે પોતે સંતને જલેબી આદિ પકવાન ફેરવીને બહુ તૃપ્ત કરીને પોતે એમ કહ્યું જે, ''જેટલી જલેબી તમે જમશો એટલી અમે જમીએ.'' ત્યારે સંતે કહ્યું જે, ''સારુ મહારાજ.'' પછી પોતે એક જલેબી જમીને સંતને જમાડે. એમ બહુવાર સુધી લીલા કરીને પછી દૂધની ત્રાંબડી લઈને સંતને પિરસીને પછી મહાનુભાવાનંદસ્વામીને માથે ઢોળીને સર્વ અંગે લેપન કર્યું તે જોઈને બ્રહ્માનંદસ્વામી આદિ સંત સર્વે હસતા હવા એમ લીલા કરતે થકે ત્રીજે દિવસે પોતે પંગતમાં ફેરવતે બ્રહ્માનંદસ્વામીને માથે દૂધનો ઘડો ઢોળીને સર્વેને હસાવતા હવા.

એમ લીલાને કરતે થકે ફૂલડોલનો ઉત્સવ આવ્યો ત્યારે મોટીબાએ તથા લાડુબાએ કહ્યું જે, ''હે મહારાજ ! કાલ ફૂલદોલનો ઉત્સવ આવ્યો.'' ત્યારે પોતે કહ્યું જે, ''સારુ ! ગુલાલને કેસુડાને પતંગનો રંગ કઢાવો.'' ત્યારે ફૂલદોલને દિવસે રંગ ને ગુલાલ તૈયાર થયો તેને પોતે શ્વેતવસ્ત્ર પહેરીને સંતને પાર્ષદ ને

દેશદેશાંતરથી આવ્યા જે સર્વે હરિભક્ત તેમને તાંસળી ભરી ભરીને રંગ નાખ્યો ને પછી ગુલાલની ઝોળી ભરીને નાંખતા હવા. પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "તમારી મરજી હોય તો અમે રંગ નાખીએ." ત્યારે પોતે કહ્યું જે, "નાંખો." ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત સર્વે મહારાજ ઉપર રંગને ગુલાલ નાંખતા હવા. પછી મહારાજે કહ્યું જે તમે પરસ્પર રંગ નાંખો. પછી જોડ બાંધીને પરસ્પર રંગ નાંખતા હવા. પછી પોતે કહ્યું જે, "રંગે બહુ રમ્યા." એમ કહીને રંગ તથા ગુલાલ ઉડાવતા થકા માણકી ઘોડીએ ચડીને ઘેલા નદીમાં ન્હાવા પધાર્યા તે ખળખળીયા પાસે મોટો ધરો છે તેમાં મિલ બાંધીને પરસ્પર પાણી છાંટતા હવા. પછી પોતે કહ્યું જે, "અમે ડૂબકી મારીએ તે તમે ખોળી કાઢો." એમ કહીને પોતે જળમાં ડૂબકી મારી તે ખોળવા સારુ સુરાખાચર આદિ સર્વે સંત ડૂબકી મારતા હવા. ત્યારે તે આથમણા ખોળે ત્યારે પોતે ઉગમણા નીકળે ને ઉગમણે ખોળે ત્યારે પોતે આથમણા નીકલે એમ બહુ જળક્રીડા કરી. પછી મુક્તાનંદસ્વામી આદિ સંતે કહ્યું જે, "આપ થાકી જાશો." પછી પોતે હસીને બહાર નીકળીને કસુંબલ વસ્ત્ર પહેરીને ઘોડે અસ્વાર થઈને ગાજતે વાજતે દરબારમાં પધાર્યા. પછી થાળ જમીન સંતને પાળાને પોતે મોતૈયા લાડુ તથા જલેબી તે પિરસીને જમાડતા હવા. એવી રીતે ઘણી લીલા કરીને પોતે ત્યાં ગઢડાને વિષે રહેતા હવા. મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામીના મંડળને વાળાક દેશમાં ફરવા મોકલ્યા ને નિત્યાનંદસ્વામીને ચૈતન્યાનંદસ્વામીના મંડળને તળાજે ને ગોપનાથ મહાદેવ એ આદિ ગામમાં મોકલ્યા. પછી રામનવમીના ઉત્સવ ઉપર તેડાવ્યા તે આવીને મહારાજના દર્શન કરતા હવા. પછી બ્રહ્માનંદસ્વામી માંદા થયા તે દેહ પડી જાય એવા થયા. ત્યારે શ્રીજીમહારાજ તેમને દર્શન દેવા પધાર્યા ને સર્વેને કહ્યું જે, "બ્રહ્માનંદસ્વામીને આયુષ આપો." ત્યારે તે સંતોએ એક વર્ષ, બે વર્ષ, પાંચ વર્ષ હું આપું છું એમ આપતે સતે પોતાને જેટલો સંકલ્પ હતો એટલા વરસ થયા ત્યારે પોતે ના પાડતા હવા ને એમ કહ્યું જે, "હવે એમનો દેહ નહિ પડે." એમ કહીને રાખ્યા. પછી બ્રહ્માનંદસ્વામીને મળીને ઢોલિયા ઉપર બેસાર્યા. પછી સંતો મહારાજને મળ્યા તે કોઈ એક વાર મળ્યા ને કોઈ પાંચવાર મળ્યા ને કોઈ દશવાર મળ્યા. એવી રીતે સંતો મળ્યા. પછી સર્વે સંતને પોતે ગુજરાત દેશમાં ફરવાની આજ્ઞા

આપતા હવા ને બ્રહ્માનંદસ્વામી આદિ પોતાના ભક્તોને આનંદ ઉપજાવતા થકા ત્યાં પોતે રહેતા હવા.

**(ઈતિ એકોતેરની લીલા સંપૂર્ણ)**

પછી પોતે વડતાલને માર્ગે ચાલ્યા તે સારંગપુર થઈને ધંધુકાને પાદર થઈને ખસ થઈને પચ્છમ ગયા ને પટેલ જેરાજ ને ઘેર શીરાપૂરીની રસોઈ પોતે જમીને દહીં દૂધ પિરસીને ચાલ્યા તે **કમિયાળે** ગયા. કંકોડાનું શાક ને પૂરી જમીને સિહાવણારની સેવાને ગ્રહણ કરીને ગોધા નદીને કાંઠેથી હરિભક્તોને પાછા વાળ્યા ને છાતીમાં ચરણારવિંદ દઈને નદી ઉતરીને બોરુના હરિજનને દર્શન દઈને સાભર ઉતરીને ગલિયાણે થઈને **સિંજીવાડે** પધાર્યા. જગરુપ બારોટને ઘેર શીરો પૂરી દહીં દૂધને કંકોડાનું શાક પોતે જમીને સર્વે સંતને જમાડીને પટેલ બાપુજી આદિની સેવા ગ્રહણ કરીને સોજીત્રે થઈને પટેલ ગોકળભાઈ આદિની સેવા ગ્રહણ કરીને ચાલ્યા તે મહેળાવના તળાવને કાંઠે પીપરના વૃક્ષ હેઠે ઉભા રહીને સર્વે હરિભક્તોને દર્શન દઈને વડતાલ પધાર્યા. પટેલ બાપુજી તથા જોબનપગી તથા સુંદરપગીને બાવો નારાયણગર આદિ સન્મુખ જાઈને ગાજતે વાજતે બાવાની સેવામેડીએ ઉતાર્યા. તે સર્વે હરિભક્તે કરી જે પૂજા તેને અંગીકાર કરીને પછી ત્યાં થાળ થયો તેને પોતે જમતા હવા. પછી સર્વે સંતો ને નાના પ્રકારની રસોઈઓ કરાવીને પોતે જમાડતા હવા. એવી રીતે લીલા કરતા કરતા પછી જન્માષ્ટમીનો દિવસ આવ્યો ત્યારે પોતે સંતને, પાર્ષદને અને સર્વે સત્સંગીને લઈને ગામની દક્ષિણાદી કોર ધનાતલાવડીમાં ન્હાવા પધાર્યા. ત્યાં પોતે જળક્રીડા કરતા હવા ને ભારે ભારે વસ્ત્ર પહેરીને પછી ગાજતે વાજતે ગામમાં પધાર્યા. દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તે ચંદન પુષ્પે કરીને પૂજા કરતા હવા. પછી તે ગામનાં મનુષ્યે ફૂલનો મોટો હિંડોળો બાંધીને તે જન્મ સમયને વિષે મહારાજને પધરાવ્યા. તે સમે સર્વે હરિભક્ત અક્ષરધામને વિષે મૂર્તિ છે તેને શ્રીજીમહારાજની મૂર્તિને એકપણે દેખતા હવા. એમ ચમત્કાર સર્વે હરિજનને દેખાડતા હવા. એમ નિત્ય નવી ને નવી લીલા કરતા થકા અષ્ટમીનો સમૈયો કરીને ચાલ્યા તે **બોચાસણ** પધાર્યા ને **કાશીદાસને** ઘેર જમીને સંતને જમાડીને ચાલ્યા તે રામોલડી

થઈને ઉંટવાળે થઈને **બુધેજ** પધાર્યા. **તેજાભાઈ, ખોડાભાઈ** આદિ સત્સંગીએ ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. તેજાભાઈએ ઘેર રસોઈ કરાવી તેને પોતે જમીને સર્વને જમાડીને સાંજે તેજાભાઈને ઘેર પોઢ્યા. તે સમે ખોડાભાઈ ને તેજાભાઈને મનમાં ચરણારવિંદની સેવાની ઈચ્છા ઘણી થઈ પણ બોલી શક્યા નહિં. પછી પોતે તેના અંતરની જાણીને કહ્યું જે, "તમે અમારા પગ દાબો." પછી બન્ને જણા પગ દબાવતા હવા. પછી ત્યાંથી સવારમાં ચાલ્યા તે **ગુડેલ** પધાર્યા ને થાળ જમ્યા. રાત રહીને ચાલ્યા તે સાભર ઉતરીને પપળી પધાર્યા. દાદાભાઈને ઘેર અડદની દાળને કંકોડાનું શાક ને શીરોપૂરી ને દહીં સાકર જમીને સંતને જમાડીને ચાલ્યા તે આંબલી થઈને **ધોલેરે** પધાર્યા. પૂંજાભાઈ આદિ સન્મુખ આવીને ગાજતે વાજતે શહેરમાં ફેરવીને પોતાને ઘેર થાળ કરાવીને જમાડ્યા. ગામના હરિભક્ત બરફી ને દૂધ, પેંડા આદિક ભેટ મેલીને પગે લાગતા હવા. પછી તે પ્રસાદી સંતને પાળાને પોતે આપીને જમાડ્યા ને રાત રહીને ચાલ્યા તેના વડે શેઠ હીરાસંઘવીની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **વરખડે** શેઠ વીરા **ભૂતાને** ઘેર ઉતર્યા ને પોતે પૂરી શાક ને દહીં સાકર જમ્યા. સર્વે સત્સંગી મોતૈયા લાડુ ને ગાંઠિયા લાવીને કહ્યું જે, "હે મહારાજ ! સંતને પિરસો." પછી પોતે પિરસીને જમાડ્યા. પછી ત્યાંથી **કારીયાણીએ** પધાર્યા ને વસ્તાખાચરની સેવાને અંગીકાર કરીને રાત રહીને **ગઢડે** પધાર્યા. દાદાખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પછી પ્રેમી ભક્તે થાળ કર્યો તેને પોતે જમવા પધાર્યા. તે જમીને સંત પાર્ષદને જમાડીને ઉતારે પધાર્યા. પછી પોતે દેશ દેશથી સર્વ સાધુને તેડાવ્યા ને ત્યાં દિવાળીના ઉત્સવને દિવસ સાંજની સભાને વિષે દાદાખાચરે મહારાજને કિનખાબની ડગલી પહેરાવીને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો ને એક રેંટો કેડે બંધાવ્યો. દીપમાળા પૂરાવીને તેને વિષે મોટી પાટ ઉપર પધરાવ્યા ને આરતી ઉતારીને પછી પોતે સંત પાસે ફરીને કીર્તન ગવરાવતા હવા. પછી અન્નકૂટને દિવસે નાના પ્રકારના શાક એ આદિ મહારાજની આગળ ભારે અન્નકૂટ પૂરતા હવા ને તેને પોતે જમતા હવા. પછી સંતની પંગતિ કરાવીને તે અન્નકૂટની પ્રસાદી પોતે પિરસીને જમાડ્યા.

**(એવી રીતે બોતેરની દિવાળીનો સમૈયો કર્યો.)**

પછી પોતે ત્યાંથી જેતલપુર ચાલ્યા તે માર્ગમાં સર્વે ગામોના હરિભક્તોને દર્શન દેતા દેતા તેમની સેવા અંગીકાર કરતા થકા ગામ **જેતલપુર** પધાર્યા. તે ગામના હરિભક્ત સન્મુખ આવીને ગાજતે વાજતે મહોલમાં ઉતર્યા. પછી ગંગામાએ પોતાને ઘેર થાળ કર્યો તેને પોતે જમવા પધાર્યા તે સારી પેઠે જમ્યા ને તે પ્રસાદી સંતોને આપીને પોતે વડ હેઠે સભાને કરતા થકા ધર્મ, જ્ઞાન, વૈરાગ્યની વાતુ કરીને તે ગામના હરિભક્તોને આનંદ ઉપજાવતા થકા તેમની સર્વે સેવાને અંગીકાર કરીને ત્યાં બહુ દિન રહીને પાછા ગઢડે પધાર્યા. ત્યાં ભક્તજનની સેવાને અંગીકાર કરીને ત્યાંથી કારીયાણી પધાર્યા ને એક દિવસ રહીને રોઝકે પધાર્યા. ત્યાંથી **બુધેજ** પધાર્યા ને ખોડાભાઈના ખેતરમાં ઉતર્યા ને ત્યાં પોતે જમ્યા ને ખોડાભાઈના સેવકને પ્રસાદી આપીને ત્યાંથી ગાડે બેસીને ચાલ્યા તે ગામ વરતાલે જોબનપગીની મેડીમાં ઉતર્યા ને ઈટોળાના પટેલ નારાયણજી વૈંતાક ને ગલકાનું શાક લઈને આવ્યા તે જોબનપગીને કહ્યું જે, “આ મહારાજને આપો. પછી તેમણે આપ્યું ત્યારે પોતે પૂછ્યું જે કોણ લાવ્યા છે ? ત્યારે જોબનપગી કહે જે ઈટોળાના હરિભક્ત છે. પછી તેને પોતે દર્શન દીધાં પછી ગઢડેથી નાજો જોગીયો આવીને જગમાલાને કહ્યું જે, “હું તારી ઘોડી ફેરવીને સારી કરી દઈશ. તું ચાકર મને રાખીશ ?” ત્યારે તેણે કહ્યું જે રાખીશ. પછી જોબનપગીની મેડી ઉપર ચડવા માંડ્યું ત્યારે કરીમે કહ્યું જે પૂછ્યાં વિના ક્યાં જાય છે ? ત્યારે તેણે કહ્યું જે, “અમે તો ચાકર રહ્યા છીએ તે સા સારુ ન જઈએ ? ત્યારે મહારાજે કહ્યું જે, “કોણ છે ?” ત્યારે તેમણે કહ્યું જે નાજો જોગીયા છે. ત્યારે પોતે કહ્યું જે, “આવવા દો.” પછી આવીને પગે લાગ્યા ત્યારે પોતે પૂછ્યું જે, “કાઠિયાવાડમાં સર્વે સુખીયા છે ?” પછી નાજો જોગીયા બોલ્યા જે, “સર્વે સુખીયા છે પણ આપના વિયોગથી દુઃખિયા છે. પછી ત્યાંથી રામદાસભાઈ પાસે પોતે પધાર્યા ને તેમને કહ્યું જે, “અમે ધરમપુર જઈએ છીએ વખતે અમે તેડાવીએ ત્યારે સંતને મોકલજો. એમ કહીને જોબનપગી આદિક દશ ભક્તો લઈને ચાલ્યા તે ગામ **બોચાસણ** ગયા ને કાશીદાસના વિમાનિયા કૂવાના ખેતરમાં ઉતર્યા. પછી કાશીદાસને કહ્યું જે ‘મહારાજ પધાર્યા છે ને પાળા સારુ ખાવાનું મંગાવ્યું છે.” પછી મોટા જમવાનું લઈને આવ્યાને આપ્યુ ને પછી થાળ થયો તે પોતે જમીને સર્વેને જમાડ્યા.

પછી સુખડીનું ભાતુ આપીને મોટાની વેલ ઉપર બેસીને ચાલ્યા તે શારોલનો આરો ઉતરીને સામે કાંઠે જાતા મહી નદીમાં એક મોજડી પડી ગઈ ત્યારે બીજી પણ મહી માતાને પૂજવા આપીને ચાલ્યા તે ગોરીયાદ થઈને સોખડે ગયા ને ખીચડી જમીને ટંકારીયે રાત રહ્યા ને દોરાના બ્રાહ્મણ કાશીરામ રસોઈ કરીને ટોપલામાં ભરીને લાવ્યા તે પોતે જમ્યાને સર્વેને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે માર્ગમાં ગરાસિયે પૂછ્યું જે આ કોણ જાય છે ? ત્યારે તેને કહ્યું જે ગોવિંદજી શેઠ જાય છે. ત્યારે તેણે કહ્યું જે આ તો કોઈક મોટા પુરુષ છે. એમ કહીને બે કાકડીઓ લાવીને મહારાજને આપતો હવો ને એમ કહ્યું જે, હે મહારાજ ! મારું સારું કરજો. પછી ત્યાંથી નર્મદા ઉતરીને મિનપુર માતાના ચોતરા ઉપર ઉતર્યા. પછી તે લોકોએ કહ્યું જે, "તમે માતાના સ્થાનમાં કેમ ઉતર્યા છો ?" ત્યારે મહારાજ બોલ્યા જે, "જેમ તમારે ઘેર ઉતર્યા છો તેમ અમે ઉતર્યા છીએ." ત્યારે તે લોકોએ કહ્યું જે, "તમે માતાના ધણી છો ?" ત્યારે પોતે કહ્યું જે, "હા! ત્યારે તે લોકોએ કહ્યું જે આતો માતાના ધણી આવ્યા છે. એમ કહીને વિંટાઈ વળ્યા. પછી પોતે કહ્યું જે તમારે કાંઈ જોઈતું હોય તો અમે આપીએ. એમ કહ્યું પણ તે લોકો કાંઈ સમજ્યા નહિ એવા દુર્ભાગી. પછી ત્યાં રાત રહીને ચાલ્યા તે માર્ગમાં બ્રાહ્મણની ગાડી દેખીને પદ્મનાભાનંદ સંન્યાસીને પોતે કહ્યું જે, "તમે આ ગાડી ઉપર બેસો તો કળાવાન ખરા." પછી તે સંન્યાસી ગાડી પાસે ગયા. ત્યારે તે બ્રાહ્મણે કહ્યું જે, "હે સ્વામિન્ ! ગાડીએ બેસો." ત્યારે સંન્યાસીએ કહ્યું જે અમે નારાયણ કહેવાઈએ. તું ઉતરીને ચાલ તો હું બેસું. ત્યારે તે ઉતરીને ગાડીએ બેસાર્યા. પછી તે બે ખેતરવા બેસીને ઉતરી પડ્યા ને મહારાજ પાસે ગયા. ત્યારે પોતે હસીને બોલ્યા જે, "તમે કલાવાન ખરા." એમ લીલા કરતા થકા ચોકીએ રાત રહીને **ઉધને** પધાર્યા ને સુરતના હરિભક્તોને ખબર પડી ત્યારે સર્વે પોતાના કામ પડ્યા મૂકીને અતિ વેગે કરીને દર્શને આવતા હવા ને ચંદન પુષ્પ વડે કરીને મહારાજની પૂજા કરીને બરફી, દૂધ, પેંડા ને ખાંડ સાકરનાં રમકડા એ આદિ ભેટ મેલીને સાંજ સુધી દર્શન કરીને ઘેર ગયા. પછી મહારાજ ત્યાંથી ચાલ્યા તે વનમાં રાત રહ્યા ને પછી જોબનપગીને પૂછ્યું જે, "તમે શુકન જાણો ?" ત્યારે તેમણે કહ્યું જે, "હા મહારાજ ! હું જાણું છું." ત્યારે પોતે બોલ્યા જે, "આ સમે કેવા શુકન થાય છે ?" ત્યારે તેણે કહ્યું જે,

"ઉગમણા લોળી બોલે છે ને આથમણી ચિબરી બોલે છે ને દક્ષિણાદો કારડીયો પડદો છે તે આ ટાણે લોહી દેખાવું જોઈએ." તે સમે વાઘે બળદ ઉપર તરાપ નાંખી. ત્યારે મહારાજે હાથ ઉંચો કર્યો ત્યારે તે પાછી ગુલાંટ ખાઈને ભાગી ગયો. પછી પોતે કહ્યું જે તમે શુકનના જાણકાર ખરા.

પછી એમ કહીને ચાલ્યા તે ચિખલીયે રાત રહીને **ધરમપુર** પધાર્યા. તે ગામનો રાજા અસવારી લઈને મહારાજને સન્મુખ આવ્યો ને ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. પોતાના એકાંતિક ભક્ત એવા જે કુશલ કુંવરબાઈ તેને પોતાનું દર્શન આપ્યું. ને તેમને પોતાના સ્વરૂપની ઘણીક વાર્તા કરીને ત્યાં વસંતપંચમીનો ઉત્સવ કર્યો. તે સમે સુરતના સત્સંગીએ મહારાજને મુગટ ધરાવ્યોને એજ દિવસે રાજા વિજય દેવે પોતાની અસવારી કરીને શ્રીજીમહારાજને હાથી ઉપર બેસારીને પોતે રાજા ચમર કરીને ગાજતે વાજતે પુરથી બહાર મહાદેવનું મંદિર ત્યાં પધાર્યા. પછી દર્શન કરીને પાછા પુરમાં પધારીને રાજદરબારમાં દિવાનખાનામાં વિરાજમાન થયા. પછી પોતાના ભક્ત જે કુશળકુંવરબાઈ તેમણે શ્રીજીમહારાજને ભારે રસોઈ કરાવીને થાળ જમવા બોલાવ્યા. પછી પોતે જમ્યા ને સર્વ સંતને પાર્ષદને જમાડતા હવા ને ભારે વસ્ત્ર અલંકાર તેણે કરીને પૂજા કરીને પછી રૂપિયાનો થાળ ભરીને આગળ મેલ્યો. ત્યારે મહારાજે તે રૂપિયા તેમના ચાકરોને આપી દીધા. પછી જેટલા મહારાજ ભેળા અસવાર પાળા હતા તેમને સર્વેને પોશાક આપ્યા ને જેટલા ભણનારા સંત હતા તેમને શ્રીમદ્ ભાગવત આપ્યા. એવી રીતે રૂડે પ્રકારે પૂજા કરીને વિજય દેવ પાસે આરતી ઉતરાવીને પોતે ધ્યાન કરતા હવા. પછી અંતરમાં મૂર્તિ સ્થિર થઈ ત્યારે આરતી રખાવી. પછી બાઈએ કહ્યું જે, "જેને તમારે કહેવું હોય તે કહેજો." ત્યારે મહારાજે બહુ આકરી વાર્તા કરી. તે સાંભળીને બાઈએ કહ્યું જે, "હે મહારાજ ! કોઈ જાતની કસર રહેવા દેશો નહિ. આ દેહે કરીને કસરમાત્ર ટાળીને તમારા ધામમાં લઈ જાવો." એમ કહીને ઘણી સ્તુતિ કરી. પછી ગવૈયે ગાવણું કરવા માંડ્યુ ત્યારે મહારાજે દેવાનંદસ્વામીને કહ્યું જે તમે એક પદ બોલો. ત્યારે દેવાનંદસ્વામીએ રાગ કલ્યાણની આલાપ ચારી કરીને. એક ધ્રુપદ બોલ્યા તે ગવૈયાના વાજા ચાલ્યા નહિ. ત્યારે ગવૈયા બોલ્યા

જે, "હે મહારાજ ! નભાવો તો નભીએ." ત્યારે મહારાજ પ્રસન્ન થઈને કિનખાબની ડગલી કાઢીને દેવાનંદસ્વામીને માથે ઉતરીને તે ગવૈયાને આપી.

પછી એક દિવસ વાંસદાના દરબાર રાયસંગજીએ કુશળ કુંવરબાઈને કહ્યું જે મારે ગામ મહારાજને મોકલો. ત્યારે બાઈએ મહારાજને કહ્યું જે, "રાયસિંહજી તેડવા આવ્યા છે તે પધારો." પછી ગામ **વાંસદે** પધાર્યા ને ત્યાંના રાજા રાયસિંહજી ડંકો અને નિશાન સહિત અસવારી લઈને સામા આવ્યા તે ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યાને ભારે ઢોલિયા ઉપર વિરાજમાન થયા એવા જે શ્રીહરિ તેમને સોના રૂપાના ફૂલે કરીને વધાવતા હવા. પછી હાથ જોડીને મહારાજને જમવાને પોતાના મહોલમાં પધરાવ્યા. પછી પોતે જમીને સર્વે સંત પાર્ષદને જમાડ્યા. પછી રાત્રીને વિષે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી તે સમે રાજાની કાકી કામણટુમણ વાળી હતી તે મહારાજ ઉપર કામણ કરવા લાગી ત્યારે તેને પોતે બરડામાં બે-ત્રણ સોટીઓ મારીને કહ્યું જે, "રાંડ પૂતના ! આવા નઠારા કામ કરે છે ? બાળીને ભષ્મ કરી નાંખીશ. ત્યારે સત્વરે ભાગી ગઈ. ત્યારે રાજા તથા તેની મા એ કહ્યું જે, "હે મહારાજ ! એ તો બહુ ભૂંડી છે તે તમને કાંઈક કરશે. ત્યારે પોતે કહ્યું જે, "મને તમે કેવો જાણો છો ? મારા ભય થકી વાયુ વાય છે ને મારી આજ્ઞામાં સૂર્ય અગ્નિને કાળ તે થર થર ધ્રુજે છે તો એ રાંડનો શો ભાર છે ને અમારા ઉપર કાંઈ ચાલવાનું નથી ને તમારા ઉપર પણ તેનું કાંઈ ચાલવાનું નથી." પછી રાજાએ નિર્ભય થઈને મહારાજનાં ચરણ દાબવા માંડ્યા. પછી પોતે પોઢી ગયા. પછી સવારના સભા કરીને વાતુ ઘણી કરીને તે સમે સમાધિ કરાવીને બહુ ચમત્કાર દેખાડતા હવા. પછી રાયસિંહજીને પૂજવા ચરણારવિંદ પાડી આપ્યા. પછી રાયસિંહજીએ ભારે ભારે વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરી. પછી તેની સેવાને પોતે ગ્રહણ કરીને સંતપાર્ષદે સહિત પોતે **ધરમપુર** પધાર્યા ને કુશળકુવરબાઈએ થાળ કરાવીને ભારે રાજાની રીતે સન્માન કરાવીને સોનાનો પાટલો તે ઉપર પધરાવીને સોનાના થાળમાં ભારે પકવાન પિરસીને જમાડ્યા ને નાના પ્રકારના ચંદન પુષ્પ વતે પૂજા કરીને લાવ લીધો. પછી તે સમે મુક્તાનંદસ્વામી આદિ સંત આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી

તે સંતને પોતે સર્વ દેશના સમાચાર પૂછતા હવા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! આ મહાનુભાવાનંદસ્વામીને બહુ હરિભક્તોનાં નામ લેતા આવડે છે." પછી મહારાજે કહ્યું જે, "બહુ નામ આવડે છે ! એમ કહીને લાજ, માંગરોળ આદિ સોરઠ દેશના સર્વ હરિભક્તના નામ લેવડાવ્યા. પછી તે સર્વ હરિભક્તમાં મોટેરા ભક્તની પરીક્ષા કરાવી. પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "જાદવજી ક્ષત્રીને મયારામ ભટ્ટ તથા ઝીણોભાઈ ને નાનાભાઈ." એ ચારના નામ લીધા. પછી મહારાજે કહ્યું જે, "બહુ સારી નજર પહોંચે છે." એમ કહીને કહ્યું જે, એ ચારમાં કોણ મોટા છે? પછી એ મુનિએ કહ્યું જે, "એ તો મહારાજ તમે કહો." પછી પોતે પ્રસન્ન થઈને બોલ્યા જે, "ઝીણોભાઈ અધિક છે." એ રીતે ભક્તજનને આનંદ પમાડતા હવા ને પોતાના ભક્ત એવા જે કુશળકુંવરબાઈ તે મહારાજની મૂર્તિ વારંવાર નિરખીને પોતાના હૃદયને વિષે ઉતારતા હવા. પછી ત્યાંથી ગામ ઝાડેશ્વર પધાર્યા. ત્યાંથી ગામ **રણુ** પધાર્યા. મારગમાં સંતે બે કોઠા આપ્યાં તેને પોતે ભાંગીને જમ્યા ને તે પ્રસાદી સંતને આપતા હવા. પછી મહી માં પોતાનો ભક્ત જે બ્રાહ્મણ તેણે કંસાર ને રોટલી તથા ભાત-દાળ આપ્યાં તેને પોતે જમીને સંતને જમાડીને ત્યાંથી **બામણ** ગામ પધાર્યા. તે ગામના ભક્ત રણછોડદાસ તેને ઘેર થાળ જમીને ત્યાંથી **વડતાલ** પધાર્યા ને મુક્તાનંદસ્વામી આદિ સંતને વડથલ મેલ્યા. વડતાલમાં પોતે પાંચ દિન રહીને ચાલ્યા તે બોચાસણ થઈને **બુધેજ** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **કમિયાળે** પધાર્યા ને રાત રહીને **કારીયાણી** પધાર્યા. ત્યાંથી **ગઢડે** પધાર્યા. ત્યાં રહીને દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ લખી જે વરતાલે ફૂલદોલનો સમૈયો કરશું ત્યાં સર્વે આવજો. એવી રીતે લખાવીને પોતે ત્યાંથી ચાલ્યા તે બોટાદ રાત રહીને **સુંદરીયાણે** પધાર્યા ને શેઠ વનાસાની સેવાને અંગીકાર કરીને ગામ રોજકે બપોરા કરીને ગાંફ પધાર્યા. ત્યાં દરબારમાં ઉતર્યા ને પોતે જમીને સર્વ સંત પાર્ષદને જમાડીને ચાલ્યા તે કમિયાળે રાત રહીને ચાલ્યા તે વસો પધાર્યા. પટેલ તુલસીભાઈ આદિ હરિભક્તે ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને બરફી, દૂધ, પેંડા આદિ મેવાની ભેટ ધરતા હવા. સર્વે સત્સંગીના નોખા નોખા થાળ જમીને પટેલ તુલસીભાઈ આદિ ભક્તજને ભારે પકવાન કરાવીને સંતને જમાડ્યા ને રાત રહીને વડતાલ પધાર્યા ને જોબનપગીની

મેડીએ ઉતર્યા. સર્વે સંત ગામથી ઉગમણા આંબા તળે ઉતર્યા. પછી પોતે થાળ જમીને સંત તથા પાર્ષદ સર્વેને જમાડ્યા. પછી સાંજે સભા થઈ ત્યારે પટેલ બાપુજીએ તથા જોબનપગી આદિ ભક્તે કહ્યું જે, "મહારાજ! ફૂલડોલ આવ્યો." ત્યારે પોતે કહ્યું જે સામાન રંગનો મંગાવો. પછી બીજે દિવસે પતંગ, કેસૂડા ને ગુલાલના ગાડા ભરીને લાવ્યા ને રંગના બે હોજ ભરીને વાંસનું ગાડુ મંગાવીને તેની પિચકારીઓ કરાવીને સંતને આપતા હવા. પછી ઉત્સવના દિવસે પોતે રંગના હોજ જોઈને બહુ ખુશી થયા ને પછી પથ્થરના ઓટા ઉપર વિરાજમાન થયા. પછી પટેલ બાપુજીએ રૂપાની પિચકારી આપી તેને પોતે લઈને રંગ ભરીને સંત ઉપર નાંખતા હવા ને સંત પણ મહારાજની ઉપર પિચકારીઓની ઝડી વરસાવતા હવા. પછી પોતે ગુલાલની ઝોળી ભરીને સંત ઉપર નાંખતા હવા ને સર્વે સત્સંગી પણ મહારાજ ઉપર રંગને ગુલાલ નાંખતા હવા. પછી એક તરફ સંત ને સત્સંગી તથા એક તરફ મહારાજ, પાર્ષદ ને કાઠી હરિભક્ત થયા. પછી પરસ્પર રંગને ગુલાલની ઝડી વરસતી હવી ને હાર જીતના શબ્દ થઈ રહ્યા છે ને ત્રાસાદિ વાજા પણ શૂરાતન ચડે એ રીતના વાગી રહ્યા છે ને આંબાની ઉપર ભારે નોબત ચડાવીને વજાડતા હવા. એવી રીતની શોભા જોઈની ઈંદ્રાદિક દેવ અતિ સ્થિરતાને પામીને પુષ્પની વૃષ્ટિ ને કરતા હવા. એવી રીતની લીલાને કરતા થકા દેશાંતરથી આવ્યા જે પોતાના ભક્તજન તેમને આનંદ પમાડતા થકા ઘોડે ચડીને સર્વેને દર્શન દેતા થકા ધારુ તળાવડીએ પોતે ન્હાવા પધાર્યા. ત્યાં બહુ જળક્રીડા કરતા થકા પોતે એમ કહ્યું જે, "આ તળાવડી તો ગોમતી તુલ્ય છે." એમ કહીને પોતે બહાર નિસર્યા ને ભારે જે અમૂલ્ય વસ્ત્ર તેને પહેરીને પછી પોતાના ભક્તજને ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારાદિકે કરીને કરી જે પૂજા તેને અંગીકાર કરીને પછી ઘોડે ચડીને ગાજતે વાજતે જોબનપગીની મેડીમાં પધાર્યા. ત્યાં ગંગામાએ કર્યો જે થાળ તેને પોતે જમતા હવા ને સંતને પાળા તેને પિરસીને એમ કહેતા હવા જે હે સંતો ! રંગે રમીને થાકી ગયા હશો. વાસ્તે સારી પેઠે જમજો. એમ કહીને પોતે ઉતારે પધાર્યા ને બીજે દિવસે ગામથી ઉગમણી તરફ આંબલાની સમીપમાં બે ભારે આંબા હતા તેને વચ્ચે પોતાને પ્રેમી ભક્તે ભારે મોટા મોભ નાંખીને તે વચ્ચે હંડોળો બાંધીને સોનેરી રૂપેરી વરખે કરીને થાંભલાને મેરાયુ કરીને તેને ચારે

કોર મોતીની શેર લટકાવતા હવા. એવી રીતે અસંખ્ય શોભાએ યુક્ત જે ભારે હિંડોળો તેને જોઈને પોતે હરિજનની પ્રાર્થના સાંભળીને હિંડોળે મંદ મંદ હસતા થકા વિરાજમાન થાતા હવા. પછી પ્રેમી ભક્તે કિનખાપનો સુરવાલ ને ડગલી પહેરાવીને કેડે ભારે રેંટો બંધાવ્યો ને મોતિની માળાને હીરાકંઠી કંઠને વિષે પહેરાવીને નંગજડીત કડા ને સાંકળા તથા નંગજડીત વીંટીઓ ને વેઢ તે હસ્તને વિષે પહેરાવીને મસ્તકને વિષે નંગ હીરા જડીત એવો મુગટ તે ધરાવતા હવા. સર્વે હરિભક્ત તે સમે જય જય એવો શબ્દ કરતા હવા ને પછી હીરની દોરી તાણીને હીંચકા નાંખતા હવા. તે વેગે કરીને મુગટ નમવા લાગ્યો ત્યારે નિત્યાનંદસ્વામી હિંડોળા ઉપર ચડીને મુગટને જાલી રાખતા હવા ને તે સમે સર્વે હરિભક્તના હાર તે છડીએ કરીને હાથ વતે કરીને લેતા હવા. તે સમે દેવ જે તે વિમાનમાં બેસીને આકાશને વિષે રહ્યા થકા પુષ્પને ચંદનની વૃષ્ટિ કરતા હવા ને શ્વેતદ્વિપના ને બદરિકાશ્રમના મુક્ત તે પણ તે સમે આવીને દર્શન કરતા હવા. તેને સમાધિવાળા દેખતા હવા. એવી રીતે ઘણી શોભાએ યુક્ત જે હિંડોળે તેની ઉપર ઝૂલીને પછી ઘોડે સવાર થઈને ગામમાં પધાર્યા. ગંગામાએ થાળ કર્યો તેને પોતે જમીને સર્વે સંતને પિરસીને જમાડ્યા. બીજે દિવસે ઉગમણી તરફ રાયણ તળે ગંગામા ને બીજી બ્રાહ્મણીઓ થાળ લાવી તેને પોતે રાયણ તળે બેસીને સર્વના થાળ જમીને રંગોળી પૂરાવીને સેવોને ઘી તથા ખાંડ નાંખીને પોતે સંતને પિરસીને ખૂબ જમાડ્યા. એવી રીતે પોતે ફૂલડોલનો સમૈયો કરીને સર્વે હરિભક્તને આનંદ પમાડીને મુક્તાનંદસ્વામી આદિ પંદર સદ્‌ગુરુને પોતાના ભેળા લઈને ચાલ્યા તે માર્ગમાં સર્વે હરિભક્તોને દર્શન દેતા દેતા ને તેમની સેવાને અંગીકાર કરતા થકા **ગઢડે** પધાર્યા. બીજા સંતને દેશદેશાંતરમાં ફરવાની આજ્ઞા કરીને ફરવા ગયા ને પછી પોતે ગઢડાને વિષે રહેતા હવા.

ત્યાં કારીયાણીથી વસ્તોખાચર તેડાવ્યા તે કહ્યું જે, ‘‘હે મહારાજ ! માચા ખાચરના કારજ ઉપર ત્યાં પધારો. પછી પોતે **કારીયાણી** પધાર્યા ને ત્યાં સાટા કરાવીને રૂડે પ્રકારે કારજ કર્યું. પછી સાટા વધ્યા તે ફેર સંતને બોલાવીને આઠ ગળ્યા ને આઠ મોળા તે સર્વે સંતને બંધાવ્યા. પછી સંતો ગુજરાતમાં ફરવા ગયા ને પોતે **ગઢડે** પધાર્યા. કેરીઓ ટાણે પાછા વડતાલને માર્ગે ચાલ્યા તે સર્વે

સત્સંગીઓને દર્શન દેતા થકા ગામ **વડતાલ** પધાર્યા. ત્યાં જોબનપગીની મેડીએ ઉતર્યા ને ત્યાં સર્વે સત્સંગીઓ કેરીની રસોઈઓ આપતા હવા ને ચંદન પુષ્પાદિકે કરીને મહારાજની બહુ સેવા કરતા હવા. ત્યાં દશ દિવસ રહીને પાછા ગઢડાને માર્ગે ચાલ્યા તે ગામ **ગાને** પધાર્યા ને ગામની કોરે તળાવને કાંઠે ઉતર્યા તે કાઠીઓ સારુ રોટલા મંગાવીને આપ્યા. ત્યારે ઉજળો રોટલો જોઈને અલૈયાખાચરે તે માંગી લીધો. પછી જમતી વખતે ખહરક ખહરક થાવા માંડ્યો ત્યારે અલૈયાખાચરે કહ્યું જે, "આ તે શાનો રોટલો છે ? ભણે ઉજળો જાણી લીધો. માળો આ તો ખહુર ખહુર થાતો સે." તે વાત સાંભળીને મહારાજ મુખ આડો રૂમાલ દઈને ઘણુ હસતા થકા પટેલ રૂગનાથદાસને પૂછ્યું જે, "આ ધોળા રોટલા શાના છે ?" ત્યારે તેમણે કહ્યું જે એ તો ચીણાનો રોટલો છે. ત્યારે પોતે કહ્યું જે, "બાજરી નથી થાતી?" ત્યારે તેમણે કહ્યું જે, "બાજરી અમારી સીમમાં થોડી પાકે છે ?" પછી પોતે બોલ્યા જે, "આ તો જમીન બહુ સારી છે વાસ્તે વાવજો. ઘણી પાકશે." એમ વર દઈને ચાલ્યા ને મારગમાં વરસાદ ઘણો થયો ને પોતે **બુધેજ** પધાર્યા ને વાંસે ઉકોખાચર આવતા હતા તે મારગમાં પડી જાય ત્યારે કેરીઓને ગાળ્યું દે જે, "ધત્! તારી માની કેરી ઉકો કાણો ને કેરી કેમી ને ડોશી કિમી ને દિતવાર કિમો" એમ કહેતા ચાલ્યા આવે. પછી એ વાત નિત્યાનંદસ્વામીએ મહારાજને કહી પછી મુખ આડો રૂમાલ દઈને હસતા હવા. એવી રીતે મોજ કરતા થકા ત્યાં રાત રહીને ચાલ્યા તે ગુડેલ થઈને કમિયાળે ગયા ને ત્યાંથી કુંડળ થઈને કારીયાણી થઈને **ગઢડે** પધાર્યા. ત્યાં નિત્યે ઘેલે સંતને પાળાને સત્સંગી સહિત ન્હાવા પધારે ને જળમાં તાલી પાડીને કીર્તન ગાતા હવા. એ પ્રકારે લીલાને કરતા થકા ત્યાં રહેતા હવા.

**(ઈતિ બોતેરની લીલા સંપૂર્ણ)**

અને પછી જન્માષ્ટમી કરીને સર્વ સંતને દર્શન દેતા થકા પોતે ત્યાં રહેતા હવા. દિવાળી ઉપર પોતે ત્યાંથી વડતાલ ચાલ્યા તે ગામ **સારંગપુર** આવ્યા ને ત્યાંથી **સુંદરીયાણે** પધાર્યા ને બીજે દિવસ જમીને ગામ **રોજકે** પધાર્યા. ત્યાંથી કમિયાળે થઈને **સિંજીવાડે** થઈને **વડતાલ** પધાર્યા. ત્યાં દિવાળીને દિવસ દીપમાળ પૂરીને ઘણી શોભા કરીને તેને સમીપે પોતે વિરાજતા થકા સર્વે સંતને

તથા સત્સંગીને દર્શન દેતા થકા બહુ દિવસ રહીને સર્વે હરિભક્તે કરાવી જે ભારે રોસઈઓ તેને પોતે જમીને સંતને જમાડીને તેમની પૂજાનો અંગીકાર કરીને પોતે ત્યાંથી શ્રી **જેતલપુર** પધાર્યા. ત્યાં મુક્તાનંદસ્વામી આદિ સર્વે સંતને તેડાવ્યા તે સર્વે સંત આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત પ્રણામ કરીને છાતીમાં ચરણકમળ લેતા હવા ને દર્શન કરતા થકા ત્યાં રહેતા હવા. પછી પોતે ત્યાં પાંચ દિવસ રહીને સર્વે સંતને દેશ દેશ પ્રત્યે ફરવાની આજ્ઞા આપીને આનંદાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, આદિ ભણનારા સંત તેમને પુરુષોત્તમ શાસ્ત્રી ભેળા બામણગામ આદિક ગામોમાં જવાની આજ્ઞા આપીને ત્યાંથી નિત્યાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી આદિ પાંચ સંતોને પોતે ભેળા લઈને **ગઢડે** પધાર્યા. પછી સર્વે સંત ઉપર કાગળ લખાવી મોકલ્યો જે ફૂલડોલનો ઉત્સવ વડતાલે કરવો છે તે સર્વે સત્સંગીને ખબર કરજો ને તમે સર્વે વડતાલ આવજો. એમ સંત ઉપર કાગળ મોકલીને પોતે વડતાલને માર્ગે ચાલ્યા તે **કારીયાણી** આવ્યા. ત્યાં જમીને ચાલ્યા તે બરવાળે થઈને ગાંફ પધાર્યા ને દરબારમાં ઉતર્યા. ત્યાં પોતે જમીને સંત તથા પાર્ષદને જમાડીને દરબાર મનુભાએ વસ્ત્ર અલંકારે કરીને પૂજ્યાં એવા જે શ્રીહરિ તે બીજે દિવસ **કમિયાળે** પધાર્યા ને ત્યાંથી **બોરુ** પધાર્યા. ત્યાં બ્રાહ્મણે રસોઈ કરી તેને પોતે જમીને સંતને પાળા હરિજન સર્વેને જમાડીને ગોલાણાનો આરો ઉતરીને મોરજ રાત રહીને માણજ પધાર્યા. ત્યાં બપોરા કરીને પોતે જમીને સર્વેને જમાડીને પછી નારના પટેલ કાળીદાસ તેડવા આવ્યા તે ભેળે પોતે નાર પધાર્યા. હરિભક્તે ભારે રસોઈ કરાવી તેને પોતે જમીને સર્વે સંત તથા પાર્ષદને જમાડીને ત્યાંથી ગામ પંડોળીએ પધાર્યા. ત્યાંના હરિજને કહ્યું જે, હે મહારાજ ! આજ રહીને સર્વે સંતને જમાડીને ચાલો. પછી પોતે રહીને ત્યાં જમીને સંતને જમાડીને તેમની પૂજા અંગીકાર કરીને ગામ **પિપળાવ** પધાર્યા. ત્યાંના હરિભક્ત ભાઈશંકર ને દાજીગોર તેને ઘેર જમીને સર્વે સંતને જમાડીને **વડતાલ** પધાર્યા. સર્વે સંતમંડળ તથા સર્વે દેશાંતરના હરિજન ત્યાં ફૂલડોલના ઉત્સવ ઉપર આવતા હવા. પછી પોતે ગામથી પૂર્વ દિશામાં તળાવને સમીપે રંગના હોજ ભરાવીને સર્વે સંત ઉપર ને સર્વે હરિજન ઉપર પિચકારીઓ ભરી ભરીને નાંખતા હવા. એમ પોતે રંગ રમતે સતે બહુ મનુષ્યની ભીડ થઈ ત્યારે ઘોડા

ઉપર ચડીને અશ્વારી કરીને સર્વે સંઘને દર્શન દેતા થકા ચારેકોર ફરતા હવા. પછી સાયંકાળે નિષ્કુળાનંદસ્વામી આદિ સંતમંડળે એ તળાવમાં જોડે જોડે બે આંબા તે ઉપર મોભ નાંખીને મોટો હિંડોળો બાંધીને તેને વિષે શ્રીજીમહારાજને બિરાજમાન કરતા હવા. પછી દેશ દેશના જે હરિજન તે ઘણાક પુષ્પના હાર પહેરાવતા હવા ને સુરતના હરિભક્ત જરીયાની વસ્ત્ર ને ઘરેણાને મસ્તકને વિષે મુગટ ધરાવીને આરતી ઉતારતા હવા. તે સમે ચંદનની વૃષ્ટિ થાતી હવી. એવી રીતે ફૂલડોલનો મોટો ઉત્સવ કરીને પોતાના પ્રેમીભક્તના જે થાળ તે જમીને તેમની સેવાને ગ્રહણ કરીને સર્વે સંતને દેશાંતર ફરવાની આજ્ઞા આપીને પોતે ગઢડે ચાલ્યા તે ગામ સુણાવ પધાર્યા.

ત્યાં રાત રહીને જમીને સંતને જમાડીને હરિજનની સેવા અંગીકાર કરીને ગામ **પાળજ** પધાર્યા સર્વે હરિભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવ્યા. ત્યાં બ્રાહ્મણ હરિભક્તે થાળ કર્યો તેને પોતે જમ્યા ને સંતને જમાડ્યા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, ‘‘આ બ્રાહ્મણે સત્સંગ સારું જેવું કષ્ટ વેઠ્યું છે તેવું કોઈનાથી વેઠાય નહિ.’’ એમ કહીને રાત રહ્યા ને સવારમાં ચાલ્યા તે ગામ પેટલાદ પધાર્યા. શેઠ વજા આદિ હરિભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવીને મુકુંદ બ્રહ્મચારી પાસે વજે શેઠે થાળ કરાવ્યો તેને પોતે જમીને સંતને પાર્ષદને જમાડીને પછી પોતે સાંજને સમે સભાને વિષે વિરાજ્યા. શેઠ વજાએ ચંદન, પુષ્પ, અલંકાર વતે કરીજે પૂજા તેને અંગીકાર કરીને બીજે દિવસ ચાલ્યા તે સર્વે હરિભક્તોને દર્શન દેતા થકા ગામ **પિપલોઈ** પધાર્યા. પટેલ ભાઈબા તેમણે કરી જે સેવા તેને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ ખંભાત પધાર્યા. ત્યાં નારેસર તળાવને સમીપે પહોર એક ટકીને સર્વે સત્સંગીને દર્શન ધઈને ચાલ્યા તે મીતલીનો આરો ઉતરીને ગામ **પિંપળી** પધાર્યા દાદાભાઈના દરબારમાં ઉતર્યા ને ત્યાં પોતે જમીન સંત મંડળને જમાડીને રાત રહીને ચાલ્યા તે ગામ **ધોલેરે** પધાર્યા. પુંજાભાઈની મેડીએ ઉતર્યા ને સર્વે હરિભક્ત દર્શને આવ્યા તે દ્રાક્ષ ને કાજુકળીયા આદિ મેવાની ભેટ મેલતા હવા. તેને સર્વે સંતને હરિભક્તને વહેંચી દેતા હવા. પછી પોતે જમીને સંતને જમાડીને ત્યાં રાત રહીને ચાલ્યા તે **નાવડે** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ **ઝમરાળે** પધાર્યા ને જીવલો

દવે થાળ લાવ્યા તેને પોતે જમીને સંતને જમાડીને ચાલ્યા તે ગામ **રોહીશાળે** પધાર્યા. સર્વે હરિભક્તોને દર્શન દઈને ગામ **કેરીએ** પધાર્યા ને ત્યાં પોતે જમીને સંતને જમાડીને રાત રહીને ચાલ્યા તે ગામની નદીમાં ઘોડા પાઈ ને હરિભક્તોને દર્શન દઈને ચાલ્યા તે ઉગામેડીએ ઉતર્યા. ત્યાંથી **ગઢડે** પધાર્યા ને ત્યાં પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા નિત્ય ઘેલા નદીને વિષે સંત મંડળ સહિત સ્નાન કરવા સારુ પધારે ને ત્યાં પોતે બહુ પ્રકારે જળક્રીડા કરીને પાછા પોતાના ઉતારે આવે. એમ લીલા કરતા થકા ત્યાં બહુ દિન રહીને પછી ભીમ એકાદશી ઉપર **જેતલપુર** પધાર્યા. તે ગામના હરિભક્ત જે આસજીભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે મહોલમાં ઉતર્યા. પછી ગંગામાએ થાળ કર્યો તેને પોતે સારી પેઠે જમ્યા ને સર્વે સંતને જમાડીને પછી પોતે મહોલમાં પધાર્યા. ત્યાં આસોપાલવ હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા તે સમે સાધુ અદ્વૈતાનંદસ્વામીએ ખોટા મોતીનો હાર પહેરાવ્યો. તેને જોઈને રાજી ન થયા ને સર્વે સંતને કહ્યું જે, "તમે જો આવા હાર રાખશો તો ચોર સાચા મોતી જાણીને તમને લૂંટી લેશે ને મારી નાંખશે. માટે ચણોઠીના તથા રતાંજળીના હાર પહેરાવવા અને મોતીના હાર જેના પાસે હોય તે સર્વે લાવો." એમ કહીને તે હાર સંત પાસેથી લઈને સર્વે સત્સંગીને આપતા હવા ને કહેતા હવા જે, "ગૃહસ્થની પેઠે સાધુને સેવા કરવા ન ઈચ્છવી." એમ કહીને સર્વે સંતને હાર રાખવાની ના પાડતા હવા.

એવી રીતે ઘણીક લીલા કરતે થકે નિયમ એકાદશીનો ઉત્સવ આવ્યો તે દિવસ ગામથી ઉત્તર દિશામાં તળાવને કાંઠે વડને ઉગમણે ડાળે હિંડોળો હરિભક્તે બાંધ્યો તે ઉપર પોતે વિરાજમાન થયા. તે સમે આનંદાનંદ સ્વામીએ કેસર ચંદનાદિકે કરીને પૂજા કરીને હરિભક્તે ઘરેણા, વસ્ત્ર આદિકે કરીને પૂજા કરી તે સર્વેને પોતે ધારણ કરતા થકા વિરાજતા હવા. એવી રીતે ભક્તજનની પૂજા અંગીકાર કરતા થકા બહુદિન લીલા કરીને પછી પોતે **ડભાણ** પધાર્યા ને ત્યાં એક દિન રહીને બીજે દિવસે **વડતાલ** પધાર્યા. ત્યાંના હરિભક્તની સેવાને અંગીકાર કરીને દિવસ પાંચ રહીને ચાલ્યા તે ગામ **મહેળાવ** થઈને સોજીત્રાના હરિભક્તને દર્શન દઈને **સિંજીવાડે** પધાર્યા ને રાત રહીને ચાલ્યા

તે ગલીયાણે થઈને સાભર ઉતરીને વારણાના હરિજનને દર્શન દઈને **કમીયાળે** ગયા. ત્યાં એક દિવસ રહીને ગામ **ઝીંઝર** ધાર્યા ને ખોડાભાઈના દરબારમાં ઉતર્યા. ત્યાં પોતે જમીને સંતને જમાડીને પછી સાંજે સભા કરીને પોતાના પુરુષોત્તમપણાની વાત કરતા હવા. ત્યાં રાત રહીને ગામ **કુંડળ** પધાર્યા ને ત્યાં રાત રહીને ચાલ્યા તે સમઢીયાળે થઈને કારીયાણી રાત રહીને ચાલ્યા તે **ઝીંઝાવદર** પધાર્યા.

**(ઈતિ તોતેરની લીલા સંપૂર્ણ)**

અને ત્યાં રહીને પ્રાગજી દવે પાસે કથા કરાવે ને નિત્ય પ્રત્યે ઘેલે ન્હાવા પધારે. એવી રીતે લીલા કરતાં થકા ને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ત્યાં ચાતુર્માસ રહેતા હવા ને ત્યાં જન્માષ્ટમીના સમૈયા ઉપર સર્વે સંત ને હરિભક્ત દર્શને આવતા હવા. પછી પોતે જન્માષ્ટમીને દિવસ સવારમાં ઉઠીને ઓરડાની ઓસરીયે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી સુરાખાચરે કહ્યું જે, ''હે મહારાજ ! આજ જન્માષ્ટમીનો દિવસ છે માટે સારા વસ્ત્ર પહેરો.'' ત્યારે પોતે કહ્યું જે, ''લાવો !'' પછી દાદાખાચરે કિનખાપનો સુરવાલ ને ડગલી પહેરાવીને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો ને હસ્તકમળને વિષે સોનાના કડાં ને સાંકળા પહેરાવ્યા ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા. એવી રીતે શોભાએ સહિત દર્શનદેતા થકા ત્રીજો પહોર થયો ત્યારે ભીડ બહુ થઈ. પછી પોતે ઘોડે ચડીને સર્વને દર્શન દેતા થકા વાડીએ પધાર્યા. પછી બાગમાં ફરીને પાછા ગામમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજ્યા ને ગવૈયા પાસે ગાવણુ કરાવતા હવા. એવી રીતે અર્ધ રાત્રી સુધી દર્શન દઈને પછી પોઢવા પધાર્યા ને સંત ને હરિજન સર્વે ઉતારે ગયા. લાડુબાએ મોતૈયાની રસોઈ કરાવીને સંતને પારણા કરાવવા સારુ બ્રહ્મચારીને કહ્યુ જે મહારાજને કહો જે રસોઈ થઈ છે તે તમે જમીને સંતને જમાડો. પછી પોતાના પ્રેમીભક્તે પિરસીને મૂક્યો જે થાળ તે પોતે જમીને મુખવાસ કરીને સંતને પિરસવા પધાર્યા. પછી સંતોએ મોતૈયાનો ત્રાસ લઈને આગળ ધર્યો તેને પોતે બે હાથમાં લાડુ લઈને પિરસીને સંતને જમાડ્યા. એમ પાંચ દિન લીલા કરીને પછી સર્વે સંતને દેશમાં ફરવાની આજ્ઞા કરીને પોતે ત્યાં રહીને હરિજનને ઘણુ સુખ દેતા હવા.

પછી દશેરાનો દિવસ આવ્યો ત્યારે સોમલાખાચરે કહ્યું જે, "હે મહારાજ! આજ અસવારી કરો." પછી પોતે ભારે સુરવાલ ડગલી પહેરીને મસ્તકે રેંટો બાંધતા હવા ને એક રેંટો કેડે બાંધીને કંઠને વિષે સોનાની ઉતરી પહેરીને પગને વિષે સોનાનો તોડો ધારણ કર્યો. એવી શોભાએ યુક્ત પોતે માણકી ઘોડીએ અસવાર થઈને ગાજતે વાજતે શહેરમાંથી બહાર નિસરીને બોટાદને માર્ગે ઘોડાને ફેરવીને વાડીએ થઈને ગામમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજ્યા ને સર્વે સંત ને હરિજન મહારાજની પૂજા કરતા હવા. એવી રીતે દશેરાનો સમૈયો કર્યો ને પછી પોતાને દર્શને આવ્યા જે સંત તેમને પાંચ દિવસ જમાડીને ફરવા મોકલ્યા ને પોતે ત્યાં રહીને ચાલ્યા તે **બોટાદ** પધાર્યા ને ત્યાંથી સુંદરીયાણે થઈને કમિયાળે થઈને સિંજીવાડે થઈને સર્વેને દર્શન દેતા થકા **વડતાલ** પધાર્યા. ત્યાં દેશ દેશથી સત્સંગીને તેડાવ્યા. ને સંત સર્વેને તેડાવ્યા ને બહુ પ્રકારે સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ સંબંધી વાર્તા કરીને સર્વે ને સુખ દીધું. પછી અન્નકૂટને દિવસે નાના પ્રકારનાં ભોજન ને વ્યંજન તેણે કરીને પોતાના પ્રેમીભક્તે જમાડ્યા તેને પોતે જમીને સંતને જમાડીને સુખ દીધું. એવી રીતે અન્નકૂટનો સમૈયો કરીને પછી મોટા સદ્‌ગુરુને કહ્યું જે, "તમારે અમારે દર્શન આવવાની રજા છે." એમ કહીને ત્યાંથી પોતે ગઢડે ચાલ્યા તે ગામ **બુધેજ** પધાર્યા ને ખોડાભાઈના દરબારમાં રાત રહીને ચાલ્યા તે **ગોરાડ** પધાર્યા. ત્યાં પોતે જમીને સંતને દહીં દૂધ વડે તૃપ્ત કરીને એક રાત રહીને ચાલ્યા તે **ગુડેલ** પધાર્યા ને જીજીભાઈના દરબારમાં મેડીયે ઉતર્યા. ત્યાં જાઝુ ઘી નાંખીને રીંગણાંનું શાક પોતે કર્યું ને પછી તે શાકને પોતે જમતા જાય ને સંતને પાર્ષદને આપતા જાય. પછી સંતોએ કહ્યું જે, "હે મહારાજ ! આવું શાક તો કોઈ દહાડો જમ્યા નથી." પછી તે શાકની પ્રસાદી જીજીભાઈને આપીને પછી રાત રહીને ચાલ્યા તે **બોરુ** પધાર્યા. ત્યાં રાત રહી **કમિયાળે** પધાર્યા ને બીજે દિવસ ચાલ્યા તે **ખરડ** પધાર્યા. ત્યાં સંતને જમાડીને દહીં દૂધ વતે તૃપ્ત કરીને ત્યાં રાત રહીને ચાલ્યા તે **કારીયાણી** થઈને **ગઢડે** પધાર્યા. ત્યાં વીશ-પચ્ચીસ દિવસ રહીને પોતાના એકાંતિક ભક્તને સુખ આપીને ચાલ્યા તે ગામ **પિપળીયે** પધાર્યા ને **ગુડેલ** પધાર્યા. ત્યાં મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને મહાનુભાવાનંદસ્વામી એ આદિક સંત દર્શન કરવા આવતા હતા તે ભેળા થયા. પછી તે સંત મંડળે

સહિત પોતે **વડતાલ** પધાર્યા ને **જોબનપગીને** ઘેર ઉતર્યા. ત્યાંથી મુક્તાનંદસ્વામી આદિક સંતને વેદાંત આચાર્યને તેડવાને વાસ્તે અમદાવાદ મોકલ્યા તેને તેડીને સ્વામી આવતા હવા. પછી તેમને સન્મુખ પોતે શ્રીજીમહારાજ સર્વે સંત તથા સત્સંગી સહિત પધાર્યા ને બહુ સન્માન કરીને વેદાંત આચાર્યને ગામમાં લાવતા હવા ને નારાયણગરબાવાની ધર્મશાળામાં ઉતારો આપ્યો ને સાકરના સીધા દેવડાવ્યાં. પછી પોતે તેને ઘણાક પ્રશ્ન પૂછ્યાં તે ક્યા તો એક તો એ પૂછ્યું જે, ‘‘સુષુમ્ણા નામે નાડી તે આ દેહમાં કઈ રીતે રહે છે અને દેહ થકી બહાર તે કઈ રીતે રહે છે ?'' અને વળી એમ પૂછ્યું જે, ‘‘જાગૃત આદિ ચાર અવસ્થા છે તે એક એક અવસ્થાને વિષે ચાર ચાર અવસ્થા કઈ રીતે રહે છે અને પ્રણવનું સ્વરૂપ તે કેવું છે અને નાદનું સ્વરૂપ તે કેવું છે ? અને દ્રષ્ટાને દ્રશ્ય થકી પર જે બ્રહ્મ તેનું સ્વરૂપ તે કેવું છે અને બ્રહ્મથકી પર જે પરબ્રહ્મ તેનું સ્વરૂપ તે કેવું છે ? અને વેદની ઉત્પત્તિ વિરાટનારાયણ થકી છે કે મહાવિષ્ણુ થકી છે ? વૈકુંઠનાથ થકી છે કે શ્વેતદ્વીપ વાસી થકી છે કે અક્ષરબ્રહ્મ થકી છે કે અક્ષર પર એવા જે પરબ્રહ્મ પુરુષોત્તમ તે થકી છે ? અને એ સર્વેના મધ્યે વેદ તે કોણ પર છે ? ત્યારે તે વેદાંત આચાર્યને શ્રીજીમહારાજનાં સર્વે પ્રશ્નનો ઉત્તર ન આવડ્યો ને તે પછી પોતે તેને સો રૂપિયા આપીને વિદાય કર્યો તે ગામ પિપળાવમાં જઈને મહારાજની નિંદા કરી તે નિંદાનો કાગળ લખ્યો. તે કાગળ શ્રીજીમહારાજને હાથ આવ્યો તે વાંચીને પોતે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી આદિ ભણેલા સાધુને મોકલ્યા. તેમણે જઈને નડીયાદમાં રોક્યો ને કહ્યું જે, ‘‘તમારું મહારાજે બહુ સન્માન કર્યું ને તમે નિંદા શા સારુ કરી ?'' એવી રીતે ઠપકો દીધો ત્યારે તે વેદાંત આચાર્ય સાધુને કરગરવા લાગ્યો ને કહ્યું જે, ‘‘મેં જખમારી ને હું ભૂલ્યો.'' ત્યારે તેને સાધુએ જવા દીધો. સાધુ પાછા મહારાજ પાસે વડતાલ આવ્યા તે વાર પછી સર્વ સંતને ફરવાની આજ્ઞા કરીને પોતે મોટેરા સંતને સાથે લઈને **શ્રીગઢડે** પધાર્યા ને ત્યાં કેટલાક માસ રહેતા હવા.

એક દિવસ પોતે મુક્તાનંદસ્વામીને બ્રહ્માનંદસ્વામી આદિ મોટેરા સંતને કહ્યું જે, ‘‘હું તમને પાકા કરવા સારુ અહીં લાવ્યો છું ને સાધુને તો એક ટંક

ખાવું ને દેહ ઈન્દ્રિયોનું દમન કરવું.'' એવી રીતે ઘણીક વાર્તા કરીને નિત્ય પ્રત્યે લીલા કરતા થકા ત્યાં પોતે રહેતા હવા. એક સમયે અમદાવાદથી નથુ ભટ્ટ ને કુબેર સિંહજી દર્શને **ગઢડે** આવ્યા તે દંડવત પ્રણામ કરીને મહારાજને સમીપે બેઠા. પછી પોતે તેમને શહેરની ખબર પૂછી. ત્યારે તેમણે કહ્યું જે, ''શહેરમાં તો અંગ્રેજ સરકારનું રાજ થયું છે તે દેશકાળ બહુ સારા છે માટે તમે પધારો તો ઘણું સારું.'' ત્યારે પોતે મુક્તાનંદસ્વામીના મંડળને અમદાવાદ મોકલ્યું. પછી સ્વામીએ સાહેબને મનુષ્ય મેલીને કહેવરાવ્યું જે સરકારની મરજી હોય તો સ્વામિનારાયણ આહીં આવે.'' ત્યારે સાહેબે કહ્યું જે, ''સ્વામિનારાયણ ભલે આહીં આવે. અમે બહુ ખુશી છીએ.'' પછી મુક્તાનંદસ્વામી ને સર્વ હરિભક્ત મળીને મહારાજને તેડવા સારું પત્ર લખીને એક હરિભક્તને મોકલ્યો. ત્યારે તે પત્ર વાંચીને પોતે અસવાર સહિત ને સંત તથા પાળા સહિત ત્યાંથી ચાલ્યા તે સર્વને દર્શન દેતા થકા **શ્રીનગરના** સમીપમાં આવ્યા. તે સાંભળીને શહેરના હરિજન સન્મુખ રાજાની અસવારી ને છત્રીસ પ્રકારના વાજા લઈને ગાજતે વાજતે શ્રીજીમહારાજની અસવારીને ધીરે ધીરે શહેરમાં લાવતા હવા. તે સાંભળીને શહેરના સર્વે લોક સ્ત્રી-પુરુષ હલકીને મહારાજને દર્શને આવતા હવા. તે સમે બજારમાં બે બાજુએ ઘણી ભીડ થાતી હવી ને તેમાં જે મુમુક્ષુ જીવ હતા તેને તો એવો નિશ્ચય થયો જે આ શ્રીજીમહારાજ તો સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ ભગવાન છે એવું જાણીને પુષ્પે કરીને વધાવતા હવા. વળી શ્રીજીમહારાજને શહેરમાં આવતા જાણીને ઈન્દ્રાદિક દેવ પણ વિમાનમાં બેસીને દર્શન કરવા આવતા હવા ને પુષ્પની વૃષ્ટિ કરતા હવા. એવી રીતની જે શોભા તેને જોઈને તથા શહેરની શોભા જોઈને પોતાની અમરાવતી જે પુરી તેને અતિ તુચ્છ જાણતા હવા. એવી શોભાએ સહિત શ્રીજીમહારાજ ચોકે ચોકે ને બજારે બજારે સર્વને દર્શન દેતા થકા ને આનંદ ઉપજાવતા થકા નવાવાસમાં ઉતારો કરતા હવા ને ત્યાં સભા કરીને વિરાજમાન થયા. એક દિવસ લાલદાસને ઘેર થાળ કર્યો તેને પોતે જમવા પધાર્યા તે નાના પ્રકારના જે ભોજન તેને પોતે જમીને સર્વ સંતને તથા પોતાના પાર્ષદને જમાડ્યા. પછી પોતે સભા પણ ત્યાં કરતા હવા ને સંત પાસે કીર્તન ગવડાવતા થકા ને પોતાના ભક્તને આનંદ ઉપજાવતા થકા રાત્રી પણ ત્યાં રહેતા હવા. પછી તે લાલદાસે

શ્રીજીમહારાજની વસ્ત્ર અલંકારે તથા ચંદન પુષ્પે કરીને બહુ પ્રકારે પૂજા કરી તેને અંગીકાર કરીને સવારમાં પોતે નવાવાસમાં પધાર્યા ને ત્યાં સભા કરીને પોતે જ્ઞાન, ભક્તિ, વૈરાગ્ય સંબંધી ઘણીક વાર્તા કરતા થકા ને ભક્તજનને પોતાના સુંદર શરદઋતુના કમળની પાંખડી સરખા ને લાંબા ને અણીયાળા જે નેત્ર તેણે કરીને જોતા થકા ને આનંદ ઉપજાવતા થકા તે શ્રીનગરને વિષે રહેતા હવા.

એક દિવસ પોતે સંત સહિત ચોક્સી **હીરાચંદને** ઘેર જમવા પધાર્યા ને ભારે જે બાજોઠ તે ઉપર પધરાવીને નાના પ્રકારના જે ભોજન તે થાળમાં ભરીને મહારાજની આગળ મૂક્યો. તેને પોતે સારી પેઠે જમ્યાને પછી સંતને જમાડીને તે ભક્તની સેવાને અંગીકાર કરીને પોતાને ઉતારે પધાર્યા. એ પ્રકારે દિન દિન પ્રત્યે સર્વ ભક્તજનને ઘેર થાળ જમતા ને તેમની સર્વ સેવાને અંગીકાર કરતા થકા ત્યાં બહુ દિન રહેતા હવા. એક દિવસ તે વિષે **મોહનલાલ શેઠને** ઘેર પધાર્યા ને ત્યાં વિવાહનો ભારે માંડવો કર્યો હતો તેને વિષે મંચ ઉપર પધરાવ્યા ને પછી તે શેઠે મહારાજની ચંદન પુષ્પ વતે પૂજા કરીને ભારે વસ્ત્ર અલંકારને ધરાવ્યા તેને અંગીકાર કરીને પોતાને ઉતારે પધાર્યા. ત્યાં થાળ થયો તેને પોતે જમીને સર્વ સંતને કંસાર ને ઘી સારી પેઠે જમાડીને પછી પોતે તૈયાર થઈને ઘોડે અસવાર થયા ને અસવારને પાળા ને સંત એ સર્વ તૈયાર થયા. પછી શહેરના હરિભક્ત સર્વે નાના પ્રકારના વાજા લાવીને ગાજતે વાજતે **કાલુપુર** દરવાજે થઈને **સરસપુર** વચ્ચે થઈને ઉગમણી ભાગોળે પધાર્યા. પછી ત્યાંથી સર્વે હરિભક્ત શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કરીને પાછા વળ્યા. તેને પોતે બોલાવીને રાજી કરીને ચાલ્યા તે ગામ નીકોલ પધાર્યા. તે ગામના પટેલીયા આવીને રાખવાની બહુ તાણ કરી પણ પોતે ન રહ્યા ને તળાવમાં ઘોડા પાઈને વહેલાલ પધાર્યા. પટેલ જેસંગભાઈ આદિ હરિજન વાજીંત્ર લઈને સન્મુખ જાઈને વાજતે શ્રીજીમહારાજને ગામને મધ્યે થઈને પૂર્વ ભાગોળે તળાવમાં ઉતર્યા ને રાત્રીને વિષે સભા કરીને વિરાજ્યા. પછી જેસંગભાઈએ થાળ કરાવ્યો તે પોતે જમ્યા ને પાળાને અસવાર હતા તેમને ખીચડી કરાવીને જમાડ્યા તેમાં સંત પણ કેટલાક જમી ગયા. પછી તે વાત શ્રીજીમહારાજના જાણ્યામાં આવી

તે બીજે દિન તળાવથી પૂર્વ દિશામાં ખેતરમાં રાયણના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થયા. પછી પોતે સર્વે સંત પ્રત્યે બોલ્યા જે, "સંતને એકવાર જમ્યાની અમે આજ્ઞા કરી છે ને કેમ બીજીવાર જમો છો ? ને બીજીવાર તો જે પંદર વરસનો હોય કે વૃદ્ધ હોય તેને આજ્ઞા છે. પછી તે વચન સાંભળીને તે સર્વે ઉભા થયા તેને જોઈને તેમની પરીક્ષા કરી જે, બાળ ને વૃદ્ધ હતા તેમને બીજીવાર જમ્યાની આજ્ઞા આપીને કહ્યું જે, "એ વિનાના બીજી ફેર જે જમે તે વચનદ્રોહી ને ગુરુ દ્રોહી છે." એવી રીતે સર્વે સંતને વાત કરીને પછી પોતે ગામમાં જમવા પધાર્યા ને પ્રથમ જેસંગભાઈને ઘેર જમીને કહ્યું જે આજ અમારે ચાલવું છે ત્યારે જેસંગભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! જેટલા હરિભક્તના ઘર છે તે સર્વેને ઘેર થાળજમીને ચાલો ત્યારે પોતે બોલ્યા જે, "આજ સર્વેના લાવો થાળ જમીએ." ત્યારે જેસંગભાઈએ કહ્યું જે, "સર્વેને ઘેર સરખું જમવું." ત્યારે મહારાજે કહ્યું જે, "તમારે હાથે જમાડો." પછી સર્વે હરિભક્તને ઘેર થાળ કરાવીને જેસંગબાઈ જમાડવા માંડ્યા. તેમાં સર્વેને ઘેર એક લાડુ જમ્યા. તે લાડુ મોટો જોઈને પોતે બોલ્યા જે, લાડુ આવડા મોટા કેમ કર્યા છે ?" પછી જેસંગભાઈએ કહ્યું જે, "અમે તો જાડા લોક કહેવાઈએ માટે અમે તો લાડુ એવા મોટા કરીએ." તે સાંભળીને પોતે હસતા થકા એવી રીતે જેસંગભાઈને હાથે પોતે અઢાર-ઓગણીસ ઘેર જમીને તેમનો મનોરથ પૂર્ણ કરીને પછી જેસંગભાઈના બહેન જીતબાઈને કહ્યું જે, 'અમે તો હજુ ભૂખ્યા છીએ તે બાજરીનો રોટલો ને તાંદળયાની ભાજી કરો તો જમીએ." પછી તેમણે બાજરીનો રોટલો ને ભાજી કરી તેને પોતે જમીને કહ્યું જે, "હવે તૃપ્ત થયા." એમ કહીને જેસંગભાઈના ફળિયામાં સર્વે સંતને લાડુ પિરસીને સારી પેઠે તૃપ્ત કરીને પોતે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી તે ભક્તે ચંદન પુષ્પના હારે કરીને પૂજ્યા એવા જે શ્રીહરિ તે ચાલવાની તૈયારી કરીને ઘોડે અસવાર થઈને ગામની ભાગોળે પધાર્યા. તે સમે એક ભક્તે કેરીઓનું ગાડુ લાવીને શ્રીજીમહારાજને કહ્યું જે, "આ કેરીઓ સર્વે સંતે આપો." પછી પોતે ગાડા ઉપર ચડીને સર્વ સંતને કેરીઓ આપીને ચાલ્યા તે ભુવાલડી થઈને **કણભે** પધાર્યા ને ગામથી ઉત્તર દિશામાં તળાવમાં ઉતર્યા. તે ગામના નાથજી ભક્ત આદિ હરિભક્તે ગાજતે વાજતે પોતાને ઘેર પધરાવીને નાના પ્રકારના

ભોજન કરાવીને જમાડીને ચંદન પુષ્પાદિકે કરીને પૂજ્યા ને સર્વે સંતને જમાડ્યા. એવી રીતે તેમની સેવાને અંગીકાર કરી રાત રહીને સંત પાળા સહિત ચાલ્યા તે ગામ વચ્ચે થઈને હીરાપર થઈને ગામ **મહેમદાવાદ** પધાર્યા. તે ગામના ભટ્ટ બેચરભાઈને દુર્લભરામ આદિ વિપ્ર સન્મુખ આવીને રૂડે પ્રકારે પૂજા કરતા હવા. પછી પોતે ગામની ભાગોળે સભા કરીને વિરાજમાન થયા. પછી ગામમાં થાળ જમવા પધાર્યા ને સર્વ સંતને જમાડીને ગામ **ખાતરજ** પધાર્યા. તે ગામના સર્વે હરિભક્ત ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને મહાદેવના ઓટલા ઉપર સભા કરીને વિરાજ્યા ને સર્વે હરિભક્ત ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી. તે દિવસ ત્યાં રહીને બીજે દિવસ જમીને ગામ **વાંઠાવાળી** પધાર્યા ને તળાવને કાંઠે પીપરના વૃક્ષ હેઠે વિરાજમાન થયા. પછી તે સમે પટેલ ઓતમદાસને બાવો ગુલાબગરને એક વાલમ બ્રાહ્મણ એ ત્રણ શ્રીજીમહારાજ પાસે કેરીઓની ત્રણ ટોપલીઓ લઈને આવ્યા ને એમ સંકલ્પ કર્યો જે આ કેરીઓ સર્વ સંઘને બબ્બે આપે ને ન ખૂટે તો સ્વામિનારાયણ ભગવાન ખરા. પછી પોતે તેમનો સંકલ્પ જાણીને બબ્બે કેરીઓ આપી પણ ખૂટી નહિ. ત્યારે એ ત્રણે જણ ભગવાન પણાનો નિશ્ચય કરીને આશ્રિત થયા.

એમ ચમત્કાર દેખાડીને ત્યાંથી ગામ **વડથલ** પધાર્યા ને તે ગામના પંડ્યા **રઘુનાથ** ને **કાલીદાસ** તથા **મંછારામ** આદિ સર્વે સન્મુખ આવીને શ્રીજીમહારાજને સન્મુખ બેઠા. તે સમે ગામના લોક કેરીઓના ટોપલા લાવીને શ્રીજીમહારાજને ભેટ કરીને પછી પોતે સર્વે સંતની સભા મધ્યે કેરીઓ આપતા હવા. તેવી રીતે લીલા કરીને પછી ગામમાં ભોજન કરવા પધાર્યા ને જમીને યજ્ઞશાળા પ્રત્યે આવીને સંતને લાડુ પિરસીને પાછા વડતળે બિરાજ્યા. એવી રીતે પાંચ છ દિન રહીને ભક્ત રઘુનાથ પંડ્યા ને કાલીદાસ ને રાયજી જોષી ને બાઈ હરિ એ સર્વેને ઘેર નિત્યે થાળ જમવા પધારે ને સંતને લાડુ પિરસે. એમ લીલા કરીને સર્વેની સેવા અંગીકાર કરીને ગામ **ડડુસર** પધાર્યા ને ભક્ત **ગલુજીના** ફળીયામાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને તે ભક્તે ચંદન પુષ્પાદિકે કરી પૂજ્યા ને થાળ કરાવીને જમાડ્યા. પછી ત્યાંથી ગામ **ચૂણેલ** પધાર્યા ને ગામની આથમણી તરફ તળાવ ને કૂવા વચ્ચે ચોકમાં ઉતર્યા. તે સમે દયારામ

ને નંદુ ઠાકરની ભાણેજ મોના મહારાજના દર્શને આવ્યા તેને મહારાજે કહ્યું જે, "અમારા ઘોડા તરસ્યાં છે ત્યારે મોનાએ ઘડો ને દોરડુ લાવીને કૂવામાંથી પાણી કાઢીને ઘોડા પાયા. પછી પોતે બહુ રાજી થયા. પછી ગામના હરિભક્તે કહ્યું જે, "હે મહારાજ ! રસોઈ કરાવો." ત્યારે પોતે બોલ્યા જે, "સાધુ તો જમીને આવ્યા છે ને તમારે તાણ હોય તો કાઠિઓને રોટલા જમાડો." પછી દ્વિજ મોના મહારાજ સારુ જમવાનુ લાવ્યા તે પોતે જમીને રાત રહીને ગામ **હિરંજ** પધાર્યા. તે ગામના હરિભક્તે રાખવા બહુ તાણ કરી ત્યારે મહારાજે કહ્યું જે અમારે ઉતાવળ છે તે નહિ રહેવાય એમ કહીને ગામથી ઉગમણે તળાવને કાંઠે મોટું વૃક્ષ હતું ત્યાં વિરાજ્યા. પછી સર્વે હરિભક્તે નાના પ્રકારની પૂજા કરી તેને અંગીકાર કરીને હિરંજના પાદરમાં ઉતરીને ઉમરેઠ પધાર્યા ને નંદુઠાકુર આદિક ભક્તજને સન્મુખ આવીને ગાજતે વાજતે પુરમાં પધરાવ્યા. નંદુભાઈએ નાના પ્રકારના ભોજન કરાવીને મહારાજને જમાડ્યા ને સર્વે સંતને રસરોટલીની રસોઈ જમાડીને બીજે દિન નરભેરામ દવેને ઘેર થાળ જમીને સંતને લાડુ પિરસ્યા ને પછી ત્યાંથી ચાલ્યા તે નડિયાદને માર્ગે એક વિશામો મેલીને બીજે વિશામે પોતે વિરાજમાન થયા. નંદુભાઈ ને નરભેરામ ને મલ્લિકાર્જુન એ આદિક હરિભક્તે મહારાજને પગે લાગીને કહ્યું જે, "હે મહારાજ ! આવી રીતે અખંડ અંતરમાં રહેજો." એમ કહીને પાછા વળ્યા ને પોતે સંતને અસવારીએ સહિત ગામ સામરખે પધાર્યા ને વખ્તા પગીને ઘેર રાત્રી રહીને ગામ આણંદ પધાર્યા. તે ગામના લોકે ઉપાધિ કરી તે ગામમાં ન પેઠા ને ત્યાંથી વડતાલ પધાર્યા. સુતાર વાસણને ઘેર ઉતર્યા ને ત્યાં પોતે થાળ જમ્યા ને સંતને જમાડ્યા ને તે જ દિને ગામ ગાને પધાર્યા. ત્યાં રાત રહીને ગામ બોચાસણ પધાર્યા ને પોતાના ભક્ત કાશીદાસ આદિ સર્વની સેવાને અંગીકાર કરીને ત્યાં રહેતા હવા.

**(ઈતિ ચુમોતેરની લીલા સંપૂર્ણ)**

અને પછી ત્યાંથી **ગઢડા**ને માર્ગે ચાલ્યા તે ગામ **બુધેજ** પધાર્યા ને ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ કમિયાળે પધાર્યા ને ત્યાંથી રોજકે પધાર્યા ને **કાકાભાઈ**ના દરબારમાં ઉતર્યા. ત્યાંથી જમીને ગામ સાળંગપુર પધાર્યા ને ત્યાં

રાત રહીને ગઢડે પધાર્યા. ત્યાં દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા ને દાદાખાચરને ઘેર થાળ જમ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી અષાઢ સુદી એકાદશી કેડે મુક્તાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામી આદિ ભણનારા સંતને પોતાને પાસે રાખ્યા ને બીજા રમતા સંતને ફરવાની આજ્ઞા કરી તે ફરવા ગયા ને પોતે ત્યાં રહ્યા થકા સર્વ સંતને તથા ભક્તજનને દર્શન આપતા હવા. શ્રાવણ માસ આવ્યો ત્યારે સર્વ સંત ધારણા પારણા કરવા લાગ્યા તેને પોતે પારણાને દિવસે નાના પ્રકારની રસોઈઓ કરાવીને જમાડતા થકા ને સંતને આનંદ ઉપજાવતા થકા જન્માષ્ટમીનો ઉત્સવ કરતા હવા. ત્યાર પછી મુક્તાનંદસ્વામીને વડોદરે મોકલ્યા. ત્યાં વેદાંતાચાર્ય સંગાથે સભા થઈ તે વેદાંતાચાર્યે કહ્યું જે, ''સ્વામિનારાયણ પગે તુલસી કેમ ચડાવે છે ને મુગટ કેમ ધારે છે ને લોકને સ્ત્રીઓનો કેમ ત્યાગ કરાવે છે ?'' ઈત્યાદિક મુક્તાનંદસ્વામીને ઘણાક પ્રશ્ન પૂછ્યા તે સર્વના મુક્તાનંદસ્વામીએ ઉત્તર કર્યા. પછી મુક્તાનંદસ્વામીએ પ્રશ્ન પૂછ્યા તેનો ઉત્તર વેદાંતાચાર્યથી ન થયો. ત્યારે ભાઉશાસ્ત્રીએ મુક્તાનંદસ્વામી જીત્યા એમ કહીને ચંદન તથા પુષ્પના હારે કરીને સર્વ સંત મંડળની પૂજા કરીને વેદાંતાચાર્યનો પરાજય થયો. તે જોઈને સયાજીરાવ આદિક સર્વને શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાની ભાવના થાતી હવી ને ત્યાં રહ્યા ને પોતે શ્રીજીમહારાજ ગઢડેથી સર્વ સંતનું મંડળ લઈને **બોટાદ** પધાર્યા. તે ગામના ભક્ત હરિભાઈ ઠાકોર તેમણે શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા ને પોતાને ઘેર થાળ કરાવીને જમાડ્યા તે સર્વ સંતને પણ જમાડ્યા. પછી કેસર-ચંદન વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરી તેને પોતે અંગીકાર કરીને ત્યાંથી ગામ **લીંબડીએ** પધાર્યા ને નરભેરામ આચાર્ય ને રણછોડ સોની આદિ ભક્તજન સન્મુખ આવીને શ્રીજી મહારાજની પૂજા કરી. તેને પોતે અંગીકાર કરીને ત્યાંથી ગામ **ભલગામડા** પધાર્યા. તે ગામના ઠાકોર બાપુભાઈના દરબારમાં ઉતર્યા ને ત્યાં થાળ જમ્યા. પછી ત્યાંથી **શીયાણી**એ પધાર્યા. તે ગામના ભક્ત શિવરામ ભટ્ટ તથા વિઠ્ઠલજી પંડ્યા તથા ભીમો શેઠ તથા મેઘજી શેઠ એ આદી ભક્તોએ શ્રીજી મહારાજને સન્મુખ આવીને ગાજતે-વાજતે પોતાના ગામમાં ફેરવ્યા. શિવરામ ભટ્ટને ઘેર ઉતર્યા ને તે ભટ્ટે નાના પ્રકારનાં ભોજન કરીને જમાડ્યા ને સર્વ સંતને જમાડ્યા. પછી શ્રીજીમહારાજની

ને સંતની ચંદન પુષ્પે કરીને પૂજા કરી તે જ પ્રકારે સર્વ ભક્તોને ઘેર જમ્યા ને સર્વને આનંદ પમાડીને ગામ **તાવી** પધાર્યા. તે ગામના ભક્ત ક્ષત્રિય **જેઠીભાઈ, આદોભાઈ તથા અખોભાઈ** તથા **ભારોભાઈ** ને **રઘોભાઈ** આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના દરબારમાં ઉતાર્યા ને ભોજન કરાવીને જમાડ્યા ને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી લાવ લીધો. ત્યાંથી ગામ **દદુકે** પધાર્યા ને તે ગામના ભક્તે સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવીને લાવ લીધો. ત્યાં રાત રહીને ગામ **ચિખલોદ** પધાર્યા ને ત્યાં રાત્રી રહીને ગામ **કલોલ** પધાર્યા. ત્યાંથી ગામ **ઓલે** પધાર્યા ને તે ગામના તળાવમાં ઘોડા પાઈને ગામમાં પધાર્યા ને તે ગામના લોકે તળાવને વિષે ગરબો દીવે સહિત પાણીમાં તરતો મેલેલ તેને જોઈને તે ગામના લોકોને શ્રીજીમહારાજે કહ્યું, “આ ગરબાનું નિશાન તમે પાડો કાં અમારા પાર્ષદ પાડે.” પછી તે લોક સર્વેએ પાડવા માંડ્યુ પણ તે નિશાન કોઈથી પડ્યું નહીં. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, “તમે થાક્યા હો તો અમારા પાર્ષદ પાડે.” ત્યારે સર્વે લોકે કહ્યું જે, “હે મહારાજ ! પાર્ષદ પાસે નિશાન પડવો.” પછી પોતે પાર્ષદને આજ્ઞા કરી જે, “તમે અવળુ જોઈને ભડાકો કરીને નિશાન પાડો.” પછી પાર્ષદે એજ રીતે એક ભડાકે નિશાન પાડ્યું. તે જોઈને સર્વ મનુષ્ય અતિ આશ્ચર્ય પામીને મહારાજને પગે લાગીને કહ્યું જે, “તમે તો સાક્ષાત્ પ્રભુ છો તે તમારા પાર્ષદ નિશાન પાડે. એતો ભગવાનના ઘર વિના એવું બીજે હોઈ નહિ. એમ કહીને શ્રીજીમહારાજને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરીને ઘણાક મનુષ્ય આશ્રિત થયા.

એવી રીતે લીલા કરીને ચાલ્યા તે ગામ **ડાંગરવા** ને કરજીસણના સિમાડામાં મહુડાના વૃક્ષતળે વિરાજમાન થયા ને ડાંગરવાથી **જતનબાઈ** થાળ લાવ્યા તેને પોતે જમ્યા. પછી તે ગામના ભક્ત અગરોજી તથા અમરોજી તથા પટેલ નરોત્તમ આદિ તેમણે ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને બાઈ જતનના ફળિયામાં ઉતર્યા. બાઈ જતને પોતાના ઘરને વિષે ઢોલિયો ઢાળ્યો તે ઉપર પોતે પોઢ્યા ને પછી પ્રાતઃકાળે શ્રીજીમહારાજ ઉઠીને બહિર્ભૂમિ જાવાનો મિસ લઈને એકલા ચાલ્યા તે ગામ **કરજીસણ**ના ચોરામાં જઈને બેઠા. ત્યારે

તે ગામના પટેલ ગોવિંદજી તથા કસળાજી આદિ સર્વે સત્સંગી શ્રીજીમહારાજ પધાર્યા એમ જાણીને પાસે આવ્યા ને પોતાને ઘેર ઢોલિયા ઉપર પધરાવ્યા ને નાના પ્રકારના ભોજન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા ને ચંદન પુષ્પાદિકે કરીને પૂજ્યા. તેને અંગીકાર કરીને ત્યાંથી ગામ વડુ ને માર્ગે ચાલ્યા. તે માર્ગમાં બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામીને મહાનુભાવાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, પરમાનંદસ્વામી, સ્વયંપ્રકાશાનંદસ્વામી આદિ સંતમંડળ ભેળું થયું તે સંતો સાષ્ટાંગ પ્રણામ કરીને શ્રીજીમહારાજને પગે લાગ્યા. પછી પોતે સર્વ સંતને કૃપા કરીને મળીને સમાચાર પૂછતા હવા. પછી પોતે સર્વ મુનિએ સહિત **વડુ** પધાર્યા. તે વડુના હરિભક્ત જેરામ ચોપડો તથા ઉમોજી તથા માનો ગોયલ એ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા. તે ગામની પૂર્વ ભાગોળે વડ તળે વિરાજમાન થયા ને તે ભક્તે સર્વ સંત સહિત મહારાજને ભોજન કરાવીને જમાડીને રૂડી રીતે લ્હાવો લીધો. પછી પોતે ત્યાંથી ગામ **ઝૂલાસણ** પધાર્યા ને તે ગામના હીરા ચૌધરી તથા પટેલ ઝવેર પારેખ આદિ ભક્તે શ્રીજીમહારાજને પોતાના ગામના ચોરામાં પધરાવ્યા ને તે ભક્તે કરી જે સેવા તેને અંગીકાર કરીને ગામ **ઓળે** પધાર્યા. તે ગામના ભક્ત જીવણદાસ તથા નારાયણદાસ આદિ તેમણે પોતાના ગામમાં પધરાવ્યા. પછી ગામની પૂર્વ ભાગોળે અગ્નિ કોણમાં વડતળે પ્રાતઃકાળે સભા કરીને હિંડોળામાં વિરાજમાન થયા ને પ્રેમી ભક્ત હીરની દોરી ઝાલીને હિંડોળતા હવા. તે સમે બ્રહ્માનંદસ્વામી, દેવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિ સંત દુકડ સરોદા વજાવીને કીર્તન ગાતા હવા ને સર્વે ભક્તજન એકાગ્રચિત્ત થઈને શ્રીજીમહારાજના મુખારવિંદ સન્મુખ જોઈ રહ્યા હતા. તે સમે બે સ્ત્રી પુરુષ જાતે બામચા દાંતરડા ને બંધિયા હાથમાં ઝાલીને ત્યાં ઉભા રહ્યા થકા તે સભાને જોઈને પરસ્પર હસ્યા. તેને જોઈને શ્રીજીમહારાજ મંદમંદ હસીને સંત પ્રત્યે બોલ્યા જે, "જુઓને ! પછાત જાતિ છે, મહાદુઃખ પામે છે તો પણ આપણ સર્વને, ગાંડા સમજે છે ને દુઃખિયા સમજે છે પણ જીવને પોતાના દુઃખનું માલુમ નથી." એવી રીતે વાત ઘણી કરીને પછી ગામમાં ભોજન કરવા પધાર્યા.

સર્વે સંત સમાજને જમાડીને ત્યાંથી ગામ **ધમાસણે** પધાર્યા ને તે ગામના વિપ્ર મુળજીરામ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને અન્ન વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરી. તેને અંગીકાર કરીને પછી ગામ **આદરજ** પધાર્યા. તે ગામના રતુખાંટ તથા બાદરખાંટ તથા હવનબા એ આદિ ભક્તજન મહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી તે ગામથી ઉત્તર દિશામાં આંબલીયુના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થયા. પછી બીજે દિને વડોદરેથી મુક્તાનંદસ્વામી આદિ સંત દિવાળીના ઉત્સવ ઉપર ત્યાં શ્રીજીમહારાજને દર્શને આવ્યા ને તે ઉત્સવને દિવસ બીજા પણ દેશ દેશથી હરિજન દર્શને આવ્યા. પછી ઉત્સવને દિવસ આંબલીયે હિંડોળો બાંધીને શ્રીજીમહારાજને ઝૂલાવતા થકા નિત્યપ્રત્યે એવી રીતે લીલા કરતા થકા એક દિવસ મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામી ને આત્માનંદસ્વામી એ ચારને સદ્‌ગુરુ કર્યા. પછી રાત્રીને વિષે સર્વ સંત ફરીને કીર્તન ગાતા હતા. તેમને પોતાને ઉતારેથી દર્શન દેવા આવ્યા ને તેમની ઉપર ઘણા પ્રસન્ન થયા. ને બીજા હરિજન પણ ફરીને કીર્તન ગાતા હતા તેમને જોઈને ઘણુ પ્રસન્ન થયા. એવી રીતે ઘણીક લીલા કરીને હરિજનને આનંદ ઉપજાવતા થકા ત્યાંથી પોતે પાંચસો સંત ને દાદાખાચર, સુરોખાચર આદિક કાઠિના અસવારે સહિત ગામ **કોલવડે** પધાર્યા ને તે ગામથી દક્ષિણાદિ દિશામાં મારગમાં વડતળે સભા કરીને વિરાજમાન થયા ને તે ગામમાં પોતાના ભક્ત બાઈ જીવી તેણે સુખડીના લાડુ કરીને મહારાજની આગળ મેલ્યા. તેને પોતે સર્વ સંત, પાળા ને અસવાર તેમને આપતા હવા. એ રીતે ભક્તજનનની સેવાને ગ્રહણ કરીને ત્યાંથી ગામ **ઉનાવે** પધાર્યા. તે ગામના પટેલ રામદાસ તથા વાલાભાઈ તથા વસંતદાસ ને કુબેરદાસને બાજીભાઈ તથા વણારસીદાસ તથા સુતાર હરખજીભાઈને સુતાર જેઠા તથા બારોટ રઘા તથા બારોટ બાજી એ આદિ સર્વ ભક્તજન શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી ભક્ત રામદાસજીએ નાના પ્રકારના ભોજન કરાવીને શ્રીજીમહારાજને જમાડ્યા. પછી તે ભક્તના ફળિયામાં સર્વ સંતને તથા પાર્ષદને પોતે લાડુ ફેરવીને સારી પેઠે જમાડીને પછી રામદાસજીની ઓસરીયે પાટ ઉપર વિરાજમાન થયા ને સર્વ સંત સન્મુખ

બેઠા પછી રામદાસજીએ ચંદન તથા પુષ્પના હાર ઈત્યાદિક ઉપચારે કરીને પૂજા કરીને પછી સર્વ સંત સહિત ગામની પૂર્વ ભાગોળે વડતળે વિરાજમાન થયા. રાત્રીને વિષે એ વડ થકી ઉત્તર દિશામાં તળાવની પાળે ગામની કોર જે છત્રી ત્યાં વિરાજમાન થયા ને તે ગામના કેટલાક લોકને વર્તમાન ધરાવીને પોતાના આશ્રિત કરતા હવા.

ત્યાંથી ચાલ્યા તે બાલવે થઈને ગામ **માણસે** પધાર્યા. તે ગામના અંબારામ વિપ્ર તથા વજેરામ તથા રાજારામ તથા સાકળચંદ તથા ભાવસાર પિતાંબર તથા ગામ ઠાકોર સબળસિંહ તથા ઠાકોર પિથુભાઈ તથા અણદાભાઈ આદિ ભક્તજન સર્વ અસવારી લઈને તથા સર્વ ગામના લોક અતિ ઉત્સાહે કરીને શ્રીજીમહારાજને સન્મુખ ગાઉ એક પર્યંત આવતા હવા ને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા. પછી શહેરમાં અસવારી ફેરવીને ગામની પૂર્વ ભાગોળે તળાવની પાળે લિંબડાને સમીપે સભા કરીને વિરાજમાન થયા ને તે સભામાં ગામના ઠાકોર મહારાજને પગે લાગીને સમીપે બેઠા ને તે સમે સંત કીર્તન ગાતા હવા. એવી રીતે શોભાએ યુક્ત થકા વિરાજતા હવા. પછી ભક્તજન થાળ કરીને ગામમાંથી લાવ્યા તેને પોતે જોઈને ત્યાંથી ઉત્તર દિશામાં દૂધિયા કૂવાને સમીપે આસોપાલવના વૃક્ષ તળે ભોજન કરવા પધાર્યા. ભોજન કરીને પાછળ સભામાં વિરાજમાન થયા તે સમે તે ગામના ભક્ત સુખડીના લાડુ લાવીને મહારાજને ભેટ કરીને પછી તે લાડુ સાધુ, પાળા ને અસવાર આદિ સર્વેને આપ્યા.

પછી પોતે ઘોડે અસવાર થઈને સર્વે સમાજ સહિત ગાજતે વાજતે ઠાકોર પિયુભાઈના માઢમાં પધાર્યા ને સર્વને દર્શન આપીને તેમની પૂજા અંગીકાર કરીને ત્યાંથી ગામ **ચરાડા** તથા **બિલાંદરે** થઈને **વ્યાહાર** પધાર્યા. તે ગામના ભક્ત ખુશાલદાસ તથા જેઠીભાઈને પિતાંબર તરવાડી તથા તુલસીદાસ તથા કલ્યાણદાસ તથા કુબેરદાસ આદિ સર્વ ભક્તજન શ્રીજીમહારાજને સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા. તે ગામની પૂર્વ ભાગોળે તળાવની પાળે લિંબડાના વૃક્ષ તળે સભા કરીને વિરાજમાન થયા ને પછી મધ્યાહ્નસમે પિતાંબર તરવાડીને ઘેર ભોજન કરવા પધાર્યા. ત્યાંથી જમીને પછી બીજા પણ ભક્તોને

ઘેર જમ્યા. એ રીતે લીલા કરીને પછી તે માઢમાં આવીને પરમહંસને ને પાળાને તથા અસવારને પોતે લાડુ પિરસીને સારી પેઠે તૃપ્ત કરીને પછી દહીં દૂધની રેલમછેલ કરતા હવા.

એ રીતે આનંદ ઉત્સવ કરીને ઘોડે અસવાર થઈને સર્વે અસવારે વિંટાણા થકા ગામ **ગેરીતે** પધાર્યા. તે ગામના ભક્ત પટેલ હરિસિંઘ તથા ભાવસાર મોતી તથા જલોજી તથા ગણેશ ભાવસાર એ આદિ સર્વ સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને બહુ પ્રકારના ભોજન કરાવીને મહારાજને જમાડ્યા ને ચંદન પુષ્પાદિકે કરીને પૂજ્યા ને સંત આદિ સર્વને સુખડીના લાડુ આપ્યા. તેમની સેવાને અંગીકાર કરીને ગામ પામોલ થઈને ગામ બામણવે પધાર્યા ને તે ગામના ભક્ત નારુજી, રતોજી તથા ગાંગજી એ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં ફેરવીને ગામથી દક્ષિણાદિ કોરે ઉતર્યા. પછી પોતાના હાથે શીરો ને બાટીઓની રસોઈ કરીને પોતે જમ્યા ને સર્વ સંતને પાર્ષદને જમાડ્યા. એ રીતે લીલા કરીને ભક્તને આનંદ પમાડીને ત્યાંથી ગામ વડનગર પધાર્યા. તે ગામના કુમાસદાર તથા અધિકારી સુમચંદ બ્રાહ્મણ તે અસવારી તથા નગારાની શાન ચોપદારને વાજીંત્ર આદિ સર્વે રાજ સામગ્રી લઈને એક ગાઉ સુધી મહારાજને સન્મુખ આવતા હવા. તે ગામના ભક્ત વનમાળી તથા સુરજરામને આદિતરામ, ઉજમ તથા સદાશિવ તથા ભિખા તરવાડી તથા શામળદાસ આદિ વિપ્રે તથા નાનચંદ તથા ઝુમખરામ તથા નરશીદાસ તથા બળદેવ તથા પ્રભુદાસ તથા પ્રેમચંદ તથા પુજારા એ આદિ સર્વે ભક્ત અતિ ઉત્સાહે ગાતા ગાતા શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને સાષ્ટાંગ પ્રણામ કરીને પગે લાગીને કેસર ચંદન તથા નાના પ્રકારના પુષ્પના હાર તોરા ગજરા બાજુ બંધ કરીને પૂજતા હવા. તે સર્વ ભક્તની પૂજા આદરે કરીને અંગીકાર કરીને ત્યાર પછી સરકારની અસવારીને પોતાના સર્વ અસવાર તેણે વિંટાણા થકા સર્વ સંત મંડળે સહિત ગાજતે વાજતે પુરમાં પિઠોરીને દરવાજે થઈને પ્રવેશ કરીને રાજમાર્ગમાં પધાર્યા ને સર્વનગરના લોકને દર્શન દેતા થકા ને એવી શોભાએ યુક્ત થકા ગામ સોસરા થઈને **નાગધરે** પધાર્યા. તે ધરા ઉપર આંબાના વૃક્ષના સમુહમાં ગાડી ઉપર વિરાજમાન થયા ને તે મહાસરોવર જોઈને પોતે બહુ પ્રસન્ન થયા ને પછી સર્વ

સંત સહિત નાગધરામાં પોતે ન્હાયા. પછી બહાર નિસરીને ભારે એક પિતાંબર પહેરીને તથા એક ઓઢીને ગરનાળાને સમીપે આંબાના વૃક્ષ તળે આસન ઉપર વિરાજમાન થયા ને ત્યાં જેઠીબાઈ તથા દોલીબાઈ આદિ સમસ્ત બાઈઓ થાળ કરીને લાવી તે સર્વના થાળ પ્રીતે કરીને જમ્યાને પાછા તે ગાડી ઉપર વિરાજ્યા. તે સમે ગામના મોટા મોટા શાહૂકાર લોક દર્શન કરવા આવ્યા ને તે સમે શેઠ જીતા મેતાએ શ્રીજીમહારાજના ચરણારવિંદમાં ઉર્ધ્વરેખા આદિ ચિહ્ન જોઈને અતિ આશ્ચર્ય પામીને કહ્યું જે, ''આ તો સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે.'' એ પ્રકારે નિશ્ચય કરતા હવા.

પછી ત્યાંથી પોતે ગામમાં તલાવને કાંઠે તે શેઠની કરાવેલ ધર્મશાળા તેમાં પધાર્યા ને સર્વ સંતને પોતે વારંવાર લાડુ પિરસતા હવા ને કહ્યું જે, ''આ ધર્મશાળા કરાવનારાનું કલ્યાણ થાશે.'' એમ કહીને પાછા સંતે સહિત નાગધરા ઉપર પધાર્યા. ત્યાંથી ઘડીક દિવસ રહ્યો ત્યારે ગામની ભાગોળમાં ઈશાન કોણે વિસામા ઉપર વિરાજમાન થયા ને સર્વમુનિ તથા હરિભક્ત સર્વે આગળ આવીને બેઠા ને તે સમે ગામનો કુમાસદાર આવીને શ્રીજીમહારાજની ઘણીક પ્રાર્થના કરીને વર માગ્યો જે, ''હે મહારાજ ! કાલનો દિન રહીને મારી રસોઈ જમીને પધારો. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમારે જવાની ઉતાવળ છે, વાસ્તે રહેવાય એમ નથી ને આવો તમારો ભાવ છે એટલે અમે જમી ચૂક્યા.'' એમ કહીને તેમને અતિ પ્રસન્ન કરીને પાછા ઉતારે પધાર્યા ને તે ગામના ભક્તોને આનંદ પમાડીને તેમણે કરી જે સેવા તેને પોતે અંગીકાર કરીને સવારે ત્યાંથી ઘોડે અસવાર થઈને સર્વ સંત ને પાળા તથા અસવારે વિંટાણા થકા ગામ સોસરા થઈને આથમણે દરવાજે નિસરીને ચાલ્યા તે સાંકળસર તળાવમાં ઘોડાને પાણી પાઈને પછી તે ગામના સર્વ હરિજનને પાછા વાળીને ચાલ્યા તે ગામ **ગુંજે** પધાર્યા. તે ગામના ભક્ત સોની સર્વ બાઈભાઈ શ્રીજીમહારાજ સન્મુખ સર્વ પૂજાની સામગ્રી લઈને આવ્યા તેને પોતે અંગીકાર કરીને તે ભક્તને આનંદ ઉપજાવીને ચાલ્યા તે તળાવ પેંડારીયાની પાળે ગરનાળા ઉપર ઉતર્યા.

પછી વિશનગરના હરિભક્ત બલદેવ તથા મોતીરામ તથા વૃજજીવન આદિ વિપ્ર તથા ભાવસાર હેમચંદ તથા હરિભાઈ તથા પાનાચંદ એ આદિ

સર્વ ભક્તજન સરકારની અસવારી લઈને ડંકો, નિશાન, નોબત છડીદાર એ આદિ સર્વ સાહિત્ય તથા ઝાંઝ, મૃદંગ આદિ વાજીંત્ર લઈને સન્મુખ આવ્યા ને શ્રીજીમહારાજને દંડવત પ્રણામ કરીને કહ્યું જે, "હે મહારાજ ! ગામમાં પધારો. ત્યારે પોતે કહ્યું જે, "ચાલો ! બહુ સારુ ! એમ કહીને ઘોડે અસવાર થયા ને સર્વે પોતાની અસવારી પણ ત્યાર થઈને ચાલ્યા તે ગાજતે વાજતે કડાણે દરવાજે થઈને શહેરમાં પેઠા ને રાજબજારે ચાલ્યા. તે સમે સર્વે લોક શ્રીજીમહારાજ પધાર્યા એમ જાણીને સર્વે હલકીને દર્શને આવતા હવા. તેમાં સ્ત્રીઓ તો સોના રૂપાના ફૂલ ને જ્વારા ને અક્ષત, લાજા (ધાણી) એ આદિ મંગલ દ્રવ્યે કરીને મહારાજને વધાવતી હવી ને દર્શન કરીને પોતાના નેત્રને સફળ કરતી હવી. શ્રીજીમહારાજની આગળ ચાલતા એવા જે સરબંધી તે બંદૂકોના ઘણાક અવાજ કરતા હવા. તેને સાંભળીને દુરિજનના અંતઃકરણમાં ત્રાસ થાતો હવો ને ભક્તજનના અંતઃકરણ પ્રફુલ્લિત થાતા હવા.

એવી રીતે સર્વજનને દર્શન દેતા થકા નગર સોસરા થઈને **નેમીનાથ** મહાદેવના મંદિરમાં પધાર્યા ને ત્યાં ધર્મશાળામાં ઉતર્યા. તે ગામના ભક્તે ઢોલિયા ઉપર પધરાવ્યા ને પછી ઉદેકુંવરને ઘેર થાળ થયો તે પોતે જમવા પધાર્યા. તે થાળ જમીને પાછા ઉતારે પધાર્યા ને પછી સંતની રસોઈ થઈ તેને પોતે પિરસીને સંતને જમાડીને સારી પેઠે તૃપ્ત કર્યા. પછી શ્રીહરિ જે તે ભીમનાથ મહાદેવના મંદિરની દક્ષિણાદિ રૂપચોકીએ ગાદી તકિયા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંતની સભા ભરાઈને બેઠી હતી ને ગવૈયા સંત દુકડ, સરોદા લઈને કીર્તન ગાતા હતા. પછી સંધ્યા આરતી કરીને પોતે વિરાજમાન થયા ને તે સમે બ્રહ્માનંદસ્વામી તથા મહાનુભાવાનંદસ્વામી એ બે જણ શ્રીજીમહારાજની અત્તર વડે કરીને પૂજા કરતા હવા. પછી પોતે તે ગામના દેસાઈ આદિ વિપ્રને દર્શન આપીને પોઢવા પધાર્યા. પછી પ્રાતઃકાલ થયો ત્યારે પોતે ઘોડે અસવાર થઈને સર્વે હરિજનને દર્શન દેતા થકા નગર સોસરા ચાલ્યા તે એક ગઉ જઈને સર્વે સત્સંગીને પાછા વાળ્યા ને પોતે **'જય સચ્ચિદાનંદ'** કહીને ગામ કડે પધાર્યા. તે ગામના વિપ્ર અમુલખ તથા મનછારામ આદિ સન્મુખ આવીને પોતાને ઘેર પધરાવ્યા ને શ્રીહરિને કેસર, ચંદન, પુષ્પ, વસ્ત્રાલંકારે કરીને પૂજતા હવા. પછી તે ભક્તોને દર્શન દઈને ચાલ્યા તે ગામ લાછડીએ પધાર્યા. ગામથી પૂર્વ દિશામાં મારગ ઉપર પટેલ તુલસીદાસની

બહેન થાળ કરીને લાવ્યાં તેને પોતે જમીને પ્રસાદી સર્વ ભક્તજનને આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ ડાબળે થઈને વસઈ જાતા વચ્ચે તળાવ આવ્યું તે વચ્ચે સોસરો રોઝો ઘોડો નાંખીને બહાર નિસર્યા. પછી પોતે ઘોડેથી ઉતરીને કોરા વસ્ત્ર સર્વ ધારણ કરીને પછી સવાર થઈને ચાલ્યા તે ગામ **વસઈ**એ પધાર્યા ને પૂંજો ભાવસાર તથા સાંકળચંદ આદિ હરિજન સન્મુખ આવીને ગાજતે વાજતે ગરાસીયાના ચોરામાં પધરાવ્યા. પછી શ્રીજીમહારાજને અર્થે સોનીને ઘેર થાળ કર્યો તેને પોતે જમ્યા. પછી પૂંજેભક્તે સુખડીના લાડુ લાવીને ભેટ કરી તેને મહાનુભાવાનંદસ્વામી શ્રીજીની આજ્ઞાએ કરીને સર્વ સંત ને પાળા આદિને વહેંચી આપતા હવા.

પછી તે ભક્તની સર્વ સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા તે ગામ વચ્ચે થઈને ગામ ધંધુસણની ઉતરાદિકોરે ભાગોળે વડના વૃક્ષ તળે પોતે એક ઘડી વિશ્રામ કરીને ચાલ્યા તે **મેઉ** પધાર્યા. તે ગામના ભક્ત ભૂખણદાસ તથા મંછારામ તથા તુલસીદાસ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામ વચ્ચે થઈને પશ્ચિમ દિશામાં ભાગોળે વડના વૃક્ષતળે ઉતાર્યા. પછી પોતે ત્યાં વતુ કરાવીને ન્હાયા. પછી ગામમાં થાળ થયો તે જમવા પધાર્યા ને પછી જમીને સંતની રસોઈ થઈ ત્યાં પોતે જઈને સારી પેઠે માલપૂવા ફેરવીને સંતને તૃપ્ત કર્યા. પછી તે ભક્તજને અર્પણ કર્યા એવા જે ચંદન, પુષ્પ, વસ્ત્રાલંકાર આદિ સર્વ સેવા તેને અંગીકાર કરીને પોતાને ઉતારે પધાર્યા ને સંત પણ આવ્યા. પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને ચાલ્યા તે ગામથી દક્ષિણાદિ ભાગોળે સર્વ સંત સહિત ઉતર્યા ને ત્યાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાની આગળ સંતની સભા થઈને ગવૈયા સંતે કીર્તન ગાયા તેને સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને તે સર્વ સભાને દર્શન દેતા થકા પોતે પોઢતા હવા. જ્યારે પ્રાતઃકાળ થયો ત્યારે પોતે ઘોડે અસવાર થઈને સંત પાળાને અસવાર તેણે વિંટાણા થકા ચાલ્યા તે ગામ **લાંઘણજ** પધાર્યા. તે ગામના ભક્ત રામો ભાવસાર તથા તેના પુત્ર ગણેશ ને જુમખરામ ને નાગરદાસ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા ને દર્શન કરીને ગાજતે વાજતે ગામથી ઉતરાદિ ભાગોળે હનુમાનની જાયગામાં ઉતાર્યા. પછી તે જાયગા જોઈને પોતે

કહ્યું જે, ''આ તો ઉતારો ઠીક નથી.'' એમ કહીને ચાલવાનું કર્યું તેટલાકમાં ગામના પટેલીયા આવીને શ્રીજીમહારાજને કહ્યું જે, ''તમે ભગવાન કહેવાવો છો ત્યારે અમને પરચો આપો.'' ત્યારે પોતે કહ્યું જે, ''પરચો તો આ તમારો બાવો આપશે.'' એમ કહીને ઘોડે અસવાર થઈને ચાલ્યા તે ગામ વચ્ચે થઈને દક્ષિણાદિ ભાગોળે જઈને ઉતર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંત પણ શ્રીજીમહારાજને સન્મુખ આવીને સભામાં બેઠા. પછી રામા ભાવસારને ઘેર ગંગામાંએ થાળ કર્યો તેને પોતે જમવા પધાર્યા ને ત્યાં જમીને પછી સંતને લાડુ ફેરવ્યા. પછી તે પોતાના સેવક એવા જે રામો ભાવસાર તથા પટેલ માનસિંઘ આદિ સર્વ ભક્તની સેવાને અંગીકાર કરીને પછી પોતાને ઉતારે પધાર્યા. ત્યાં સભા કરીને વિરાજમાન થયા ને સંત, પાળા ને અસવાર આદિ સર્વને બહુવાર સુધી જ્ઞાન વાર્તા કરીને દર્શન દઈને પછી પોતે સુખાળા થયા.

પછી જ્યારે પ્રાતઃકાળ થયું ત્યારે પોતે ઘોડે અસવાર થઈને સંતના મંડળે વિંટાણા થકા ચાલ્યા તે ગામ **વડહમે** પધાર્યા. તે ગામના સર્વજનને પોતે ઉભા રહીને દર્શન દઈને ચાલ્યા તે ગામ વચ્ચે થઈને ગામ **ડાંગરવે** પધાર્યા. તે ગામના પટેલ વેણીદાસ તથા અગરોજીને અમરોજી એ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા ને ગાજતે વાજતે ગામને મધ્યે થઈને વેણીદાસને ઘેર ઉતર્યા. બાઈ જતન ને ઘેર થાળ થયો તે પોતે જમ્યા ને પછી સાધુની જમવાની પંક્તિ થઈ તેને પોતે સારી પેઠે લાડુ ફેરવીને તે ઉપર સારી પેઠે દહીં ને દૂધ ફેરવીને પછી પોતે આસને પધાર્યા. પછી ભક્ત વેણીદાસ તથા અગરોજી તથા અમરોઝી ઈત્યાદિ સત્સંગીની સેવાને અંગીકાર કરીને પછી ત્યાંથી ઘોડે અસવાર થઈને સર્વ સંત મંડળે વિંટાણા થકા ગામ **વડુ** પધાર્યા. તે ગામના ભક્તજન જેરામદાસ આદિ શ્રીજીને સન્મુખ આવ્યા. તેમને દર્શન દઈને ચાલ્યા તે ગામ **ઝૂલાસણ** આવ્યા ને તે ગામના ભક્ત હીરાચૌધરી તથા પટેલ ઝવેર આદિ સન્મુખ આવ્યા. તેમની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **પાનસર** પધાર્યા. તે ગામના ભક્ત સુતાર આદિને દર્શન દઈને ચાલ્યા તે ગામ **ઓળે** પધાર્યા. તે ગામની પૂર્વ ભાગોળે વડના વૃક્ષ તળે પોતે ઉતર્યા ને પટેલ સિધરદાસે ઢોલિયા ઉપર પધરાવ્યા. પછી ગામમાં થાળ થયો તે પોતે

જમવા પધાર્યા ને રૂડી રીતે જમ્યાને પછી સર્વ સંતને લાડુ ફેરવી જમાડીને પોતાને ઉતારે પધાર્યા. પછી તે ભક્તની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **અડાલજ** પધાર્યા. તે ગામના ભક્ત મૂળુ ગઢવી તથા ગોદાલજી આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામની ઉત્તર ભાગોળે વાવ ઉપર ઉતર્યા ને ઢોલિયા ઉપર પૂર્વમુખે વિરાજમાન થયા. પછી સર્વ સંતની પણ સભા થઈ ને ગવૈયા સંત કીર્તન ગાવવા લાગ્યા તે ગાવણું સાંભળીને પોતે બહુ પ્રસન્ન થયા ને કહ્યું જે, "રાખો ! હવે રસોઈ થઈ." એમ કહીને પોતે ગામમાં થાળ થયો તે જમવા પધાર્યા. તે સારી પેઠે જમીને પછી મૂળુ ગઢવીના ફળિયામાં સંતને લાડુ ફેરવીને તૃપ્ત કરીને પોતાને ઉતારે પધાર્યા. ત્યાં રાત રહીને તે ભક્તની સેવાને અંગીકાર કરીને તે વાવમાં સંત સહિત પોતે સ્નાન કરીને ચાલ્યા તે ગામ **મોટેરે** પધાર્યા. તે ગામના પટેલ પુરુષોત્તમદાસ આદિ મહારાજને સન્મુખ આવ્યા ને ગાજતે વાજતે પોતાના ફળિયામાં ઢોલિયા ઉપર પધરાવ્યા ને પછી પુરુષોત્તમદાસને ઘેર થાળ થયો તે પોતે જમવા પધાર્યા. સારી પેઠે જમીને પછી સંતને સારી પેઠે લાડુ ફેરવીને જમાડીને તે ગામના ભક્તરાજની સેવાને અંગીકાર કરીને સાબરમતીમાં સ્નાન કરીને ઉતરીને ચાલ્યા તે **અમદાવાદ** પધાર્યા. તે ગામના ભક્ત લાલદાસ તથા હીરાચંદ તથા દામોદર તથા કુબેરસિંઘ આદિ સન્મુખ આવ્યા તે ગાજતે વાજતે દરિયાપુર દરવાજે થઈને શહેરમાં ફેરવીને નવા વાસમાં લાવીને ઉતાર્યા. પછી શ્રીજીમહારાજે તે ભક્તજનને ઘરોઘર થાળ જમ્યા ને સર્વે સંતને લાડુ જમાડ્યા ને પછી સભા કરીને વિરાજમાન થયા.

તે સભામાં એક નરભેરામ નામે કરીને શાસ્ત્રી આવ્યો તેણે મહારાજને ઘણાક પ્રશ્ન પૂછ્યાં તે પ્રશ્નના ઉત્તર પોતે એક કલાવિછિન્ન કરતા હવા. ને પોતે પ્રસન્ન થઈને તે શાસ્ત્રીને પોતાની ડગલી આપીને પછી પોતાને ઉતારે પધાર્યા. તે શહેરને વિષે ઘણાક દિવસ પોતે રહીને તે ભક્તોને ઘણુક સુખ દઈને પછી એક દિવસે પ્રાતઃકાળે પોતે ઘોડે અસવાર થઈને રાજમાર્ગે ચાલ્યા તે આષ્ટોડિયે દરવાજે થઈને નિસર્યા તે ચંડોલા તળાવમાં થઈને **અશ્લાલી**એ પધાર્યા. ત્યાંથી **જેતલપુર** પધાર્યા. ત્યાંના હરિભક્ત આશજીભાઈ આદિ સર્વે મહારાજને સન્મુખ

જઈને ઘણેક સન્માને કરીને મહોલમાં પધરાવ્યા. પછી મારગ મધ્યે જે આંબલી તેને તળે મંચ ઉપર પોતે વિરાજમાન થઈને તે સભામાં કીર્તન ગવરાવ્યા. પછી ભણેલા સંત પાસે પ્રશ્ન ઉત્તર કરાવ્યા ને પછી તે સમે શ્રીજીમહારાજે તે સભા મધ્યે આનંદાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી તથા સ્વયંપ્રકાશાનંદસ્વામી આદિક સાધુ બાર મૂર્તિને સર્વે સાધુના સદ્‌ગુરુ કર્યા ને પોતે એમ બોલ્યા જે, "જેમ અમારી સેવા સર્વે સાધુ તથા હરિભક્ત કરો છો તેમજ એ સદ્‌ગુરુની સેવા કરજો ને સર્વે સદ્‌ગુરુની આજ્ઞા માનજો." એવી રીતે પોતે સર્વે સભાને આજ્ઞા કરી તેને સર્વે સાધુ તથા હરિભક્ત અતિ રાજી થઈને માનતા હવા. પછી શ્રીજીમહારાજને વાસ્તે ગંગામાએ થાળ તૈયાર કરીને મુળજી બ્રહ્મચારીને કહેવરાવ્યું ત્યારે બ્રહ્મચારી આવીને કહ્યું જે, "હે કૃપાનાથ ! હે મહારાજ ! જમવા પધારો." પછી ભગુજી આદિક પાર્ષદે વિંટાણા થકા શ્રીજીમહારાજ જમવા પધાર્યા ને પોતાના ભક્તજનને પ્રિતી ઉપજાવતા થકા જમતા હવા.

જમીને પાછા મંદિરમાં પધાર્યા ને ત્યાં સભા કરીને વિરાજમાન થયા. પછી સર્વ સંત સહિત શ્રીજીમહારાજની ભક્તજને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી તે તેને પોતે ગ્રહણ કરીને મોલમાં આસોપાલવ સન્મુખ ગોખ તેમાં વિરાજમાન થઈને ભક્તજનના અગણિત હાર છડીએ કરીને દિવ્ય ભાવ દેખાડતા થકા ગ્રહણ કરતા હવા. એવી રીતે ત્યાં ઘણાક દિન રહીને લીલા કરીને સર્વ ભક્તજનને સુખ આપીને ત્યાંથી ચાલ્યા ને ગામ વસઈ થઈને **ધોળકે** પધાર્યા. તે ગામના રેવાશંકર તથા નારાયણજી તથા સેવકરામ આદિ ભક્તજને શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના પુરમાં પધરાવ્યા. પછી ગામથી આથમણી કોર જે ચકલી તળાવ તેની પૂર્વ પાળને સમીપે ચોકને વિષે સર્વ સમાજ સહિત વિરાજમાન થય. ત્યાં અવલબાઈ તથા પુતળીબાઈ થાળ કરીને લાવ્યા તેને પોતે જમ્યા ને ત્યાં રાત્રી રહીને ગામના હરિજનને આનંદ આપીને ગામ **જવારજ** પધાર્યા. તે ગામના આધાર બારોટ તથા ખોડોભાઈ તથા ચાંદોજી એ આદિ હરિભક્તે શ્રીજીમહારાજને સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા ને આધાર ભક્તની મેડીએ ઉતાર્યા. ત્યાં સુંદર રસોઈ કરીને ભક્તજને જમાડ્યા ને તેમની સેવાને અંગીકાર કરીને

ગામ અડવાલ પધાર્યા ને મેતા ત્રિકમજીને ઘેર વિરાજમાન થયા. તે ભક્તે થાળ કરીને શ્રીજીમહારાજને જમાડ્યા ને ત્યાં રાત્રી રહીને ગામ **સુંદરીયાણે** પધાર્યા. તે ગામના શેઠ વનાશા તથા પૂંજાશા તથા ડોસો ખાચર એ આદિ ભક્તે શ્રીજી મહારાજને પોતાના ગામમાં પધરાવ્યા ને તે ભક્તને ઘેર જમ્યા ને ત્યાંથી **સારંગપુર** પધાર્યા.

ત્યાં રાત્રી રહીને **ગઢડે** પધાર્યા ને ત્યાં દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા. પોતાના ભક્ત જીવુબાઈ તથા લાડુબાઈ તેમણે વસંતના ઉત્સવ ઉપર સર્વ સંતને તેડાવ્યા તેમાં આત્માનંદસ્વામીનું મંડળ પ્રથમ આવતું હવું તથા ચૈતન્યાનંદસ્વામી તથા ભજનાનંદસ્વામી તથા આનંદાનંદસ્વામીનું મંડળ તથા પૂર્ણાનંદસ્વામીનું મંડળ તથા નરોનારાયણાનંદસ્વામીનું તથા અદ્‌ભૂતાનંદસ્વામીનું મંડળ તથા શ્રી ગુરુચરણતાનંદસ્વામી ને કલ્યાણાનંદસ્વામી આદિ સર્વ સંતના મંડળ આવતા હવા. પછી તે સંતને પોતે ઉભા થઈને પૃથક્ પૃથક્ મળતા હવા ને પછી સર્વ સંતને બોલાવીને તથા પ્રસાદી, હાર, બાજુબંધ, વસ્ત્ર આદિ આપીને તથા જે દેશમાં ફરવા ગયા જે સંત તેમને ને દેશના સમાચાર પૂછી રાજી કરતા હવા.

પછી તે સંતે જે જે દેશમાં જે જે વાત થઈ હતી તે સર્વે મહારાજને કહી. પછી તે સાંભળીને પોતે બોલ્યા જે, ''હે સંતો! તમે ભૂખ-તરસને અપમાન ને સહન કરીને દેશમાં ફરીને સત્સંગ કરાવો છો તે તમારુ ઋણ હું જરાય ભૂલતો નથી.'' પછી સંતોએ કહ્યું જે, 'જીવ કર્માધીન થઈને ઘણા દુઃખ સહન કરે છે પણ તેની ઉપર કોઈ રાજી થાતા નથી ને તમે તો થોડાકમાં અમારી ઉપર રાજી થયા માટે અમારા મોટાં ભાગ્ય છે.'' પોતાં ભેળા જે સંત હતા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી ને શુકસ્વામી તે પણ એમ કહેતા હવા જે, ''હે મહારાજ ! પરદેશ ફરવા જે સંત જાય છે તેને બહુ દાખડો પડે છે પણ આપ રાજી થયા એટલે સર્વે સફળ થયો.'' એવી રીતે સંતના બહુ વખાણ કરીને પછી બીજે દિવસ વસંતપંચમી આવી ત્યારે પોતે સવારમાં ઉઠીને ઓસરીમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી સર્વે વસંતી વસ્ત્ર પહેરીને ઉભા થયા ત્યારે પ્રેમીભક્ત રંગ ને ગુલાલ

લાવ્યા તેની પોતે રંગની તાંસળીયો ભરીને સંતને હરિભક્ત ઉપર નાખવા માંડ્યો. ત્યારે નિત્યાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી શ્રીજીમહારાજને માથે રંગ ને ગુલાલ નાંખતા હવા. એવી શોભાએ જુક્ત થકા પોતે સંતમંડળે સહિત ઘેલામાં નાહીને પાછા દરબારમાં પધાર્યા ને પોતે જમીને સંતને ફૂલદોલના ઉત્સવ પર્યંત નિત્ય પ્રત્યે જલેબીને મોતિયા લાડુ આદિ પકવાન કરાવીને પંક્તિમાં વારંવાર ફરીને અતિઘણી તાણ કરીને પિરસતા થકા સંતને આનંદ ઉપજાવતા હવા. પછી ત્યાં ફૂલદોલના ઉત્સવ ઉપર દેશદેશના ભક્તજન આવતા હવા તેને પોતે રંગ ને ગુલાલ નાંખીને સારી પેઠે રસબસ કર્યા. પછી સર્વ સંતને હરિભક્ત પણ મહારાજને માથે રંગને ગુલાલ નાંખતા હવા. તે સમે સર્વે દરબાર રંગમય થઈ જાતો હવો.

પછી ઘોડે અસવાર થઈને સંત, પાળા ને હરિભક્તે સહિત ગાજતે વાજતે ન્હાવા પધાર્યા. પછી સંતને હરિભક્ત સહિત પોતે ઘેલામાં ન્હાતા હવા. પછી જળલીલા કરીને બહાર નીસરીને સર્વે નવીન વસ્ત્ર પહેરીને ઘોડે ચડીને દરબારમાં પધાર્યા. પછી થાળ જમીને સર્વ સંતને જમાડીને પોતે પોઢવા પધાર્યા. પછી સાંજને સમે બોટાદને માર્ગે મોટો મંચ કરાવીને તે ઉપર વિરાજમાન થયા ને સર્વે સંતને પાર્ષદ તથા હરિભક્તની સભા થઈ. પછી તે સમે બે લંઘા શરણાઈ વગાડીને વસંતના કીર્તન ગાતા હતા તેની ઉપર રાજી થઈને પોતે બાજુબંધ આપતા હવા. તે સમે વડોદરાનો દીવાનજી બોટાદ આવ્યો હતો તેણે પોતાનો અસવાર મોકલીને ખબર કઢાવી જે સ્વામિનારાયણ છે કે ભાગી ગયા ? ત્યારે તે સવારે જોઈને કહ્યું જે, ‘‘સ્વામિનારાયણ તો સભા કરીને મોટા મંચ ઉપર બેઠા છે.’’ પછી બીજો અસવાર મોકલ્યો. તેણે પણ જોઈને તેમ જ કહ્યું. પછી પોતે ત્યાંથી ચડ્યો તે ગઢડાને સમીપે આવ્યો ત્યારે તે સમે અસવારની કવાજ કરાવતો હવો. પછી તે સમે મહારાજે દાદાખાચરને પાંચ અસવાર લઈને સામા મોકલ્યા. પછી પોતે એમ બોલ્યા જે, ‘‘દીવાનજી તો શું તેનો બાપ આવે તો પણ આપણે આહીંથી ઉઠવું નથી.’’ એમ કહીને પોતે કીર્તન ગવરાવતા હવા.

પછી દીવાનજી લક્ષ્મીવાડીને આંટો દઈને ઘેલાને કાંઠે ઉતર્યો. પછી પોતે દરબારમાં પધાર્યા ને રાતે નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવતા હવા. તે સમે દીવાનજીના શાસ્ત્રી ને પુરાણી ને તેનો કારભારી આવ્યા. તેને શ્રીજીમહારાજે કહ્યું જે, "તમારે શાસ્ત્રમાંની ચર્ચા કરવી હોય તો આ નિત્યાનંદસ્વામી સાથે કરો ને જો બીજી ચર્ચા કરવી હોય તો પાળા પણ છે તે સાથે કરો." પછી તેમણે કહ્યું જે, "અમારે તો કંઈ ચર્ચા કરવી નથી. અમે તો તમને મળવા સારુ આવ્યા છીએ." એમ કહીને પછી રજા લઈને ઉતારે ગયા ને તે સર્વે વાત દીવાનજીને કહી. પછી મહારાજે સર્વે સંતને સંન્યાસીને આજ્ઞા કરી જે, "તમે સર્વે જ્યાં દીવાનજી ઉતર્યો છે તે આરે સવારમાં ન્હાવા જજો. પછી સર્વે ન્હાવા ગયા તે સમે દીવાનજી માર્ગને સમીપે ખુરશી નાંખીને બેઠો હતો. પછી તેણે સર્વેને ગણ્યા તે પાંચ સંતો સંન્યાસી હતા ને હજારો સાધુ દેખતો હવો. પછી પોતે બોલ્યો જે, "આટલા સંન્યાસી સ્વામિનારાયણે ક્યાંથી કર્યા ?" એમ કહીને પોતે મનમાં આશ્ચર્ય પામીને ત્યાંથી અમરેલી જાતો હવો.

શ્રીજીમહારાજ ત્યાં રહીને પછી ત્યાંથી સર્વે સંત તથા સર્વે હરિભક્ત સહિત ફૂલદોલનો ઉત્સવ કરવા ગામ **બોટાદ** તેરસને દિન પધાર્યા. તે ગામના ભક્ત હમીર ખાચર તથા ભગોશેઠ તથા અદોશેઠ એ આદિ સર્વે શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના ગામમાં પધરાવ્યા ને હમીરખાચરના દરબારમાં વિરાજમાન થયા. પછી ત્યાંથી ગામથી નૈઋત્ય કોણે તળાવની પાળે વિરાજમાન થયા. સર્વે સંતને હરિભક્ત આવીને સન્મુખ બેઠા ને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, દેવાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી આદિ સંત દુકડ, સરોદા, સિતાર લઈને કીર્તન ગાવતા હવા. બીજે દિવસ તે તળાવ ઉપર સર્વ ભક્તજનને રંગ નાંખતા હવા તે સર્વને રંગમાં રસબસ કરીને પછી ત્યાંથી સર્વના ઉપર ગુલાલ નાંખતા થકા હમીરખાચરના દરબારમાં પધાર્યા ને ત્યાં વિરાજમાન થયા. પછી સર્વ સંતને પોતે મોતૈયા લાડુ જમાડ્યા ને તે દરબારમાં ભુજના ગંગારામ આદિ મલ્લને રમાડ્યા. એવી રીતે તે ગામમાં ઉત્સવ કરીને સર્વ સંતને મોતૈયા લાડુનું ટીમણ આપીને સર્વ સંત સહિત **ગઢડે** પધાર્યા ને દરબારમાં વિરાજમાન થયા. શ્રીજીમહારાજને અર્થે મોટીબાને ઘેર

થાળ થયો તે પોતે જમવા પધાર્યા તે સારી પેઠે જમીને પછી સાધુની જમવાની પંક્તિ થઈ તે પોતે કેડે રૂમાલ બાંધીને સર્વ સંતને લાડુ સારી પેઠે ફેરવીને હસ્તકમળને ધોઈને પોતે ઉતારે પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે સર્વે સંતની સભા થઈ ને પછી સર્વ સંતોને કહ્યું જે, ‘‘તમે ગામ વડથલ જાઓ ને અમે પણ આવશું.’’ એમ કહીને સર્વ સંતને ગામ **વડથલ** મોકલ્યા ને પોતે ત્યાં ઝાઝા દિવસ રહીને પછી વડથલ જાવા સારુ તૈયાર થયા તે ગાડા ઉપર બેસીને સર્વ ભક્તજને વિંટાણા થકા ચાલ્યા તે પીપળાવાળી વાડીએ જોઈને પોતે ગાડા ઉપરથી ઉતરી પડ્યા. પછી કાગળ લખાવીને જેરામ બ્રહ્મચારીને મોકલ્યા ને તેમણે કહ્યું જે, ‘‘તમે સર્વે અમારી જેમ પૂજા કરો છો તેમ મુક્તાનંદસ્વામીની પૂજા કરજો.’’ એમ કહીને બ્રહ્મચારીને વડથલે મોકલ્યા ને શ્રીજીમહારાજ પાછા **શ્રીગઢડે** પધારતા હવા.

**(ઈતિ પંચોતેરની લીલા સંપૂર્ણ)**

એક સમેને વિષે તે ગઢડા મધ્યે સભા કરીને ઓસરીયે વિરાજમાન થયા તે સમે પૃથ્વી હલી ત્યારે સોમલાખાચરે શ્રીજીમહારાજનો હાથ ઝાલીને ઓસરીથી હેઠે ઉતર્યા. પછી સર્વે સંત સહિત પોતે નરનારાયણ સ્વામિનારાયણ એ પ્રકારે ધૂન્ય કરતા હવા. પછી પૃથ્વી હલી રહી ત્યારે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી દિવાળીનો પોશાક પેરાવીને આરતી ઉતારી. એવી રીતે દિવાળીનો ઉત્સવ કરીને ત્યાંથી ચાલ્યા તે સુંદરીયાણે થઈને ગામ **કઉકે** આવ્યા ને ત્યાંથી ચિત્રાસર થઈને સાભર નદીમાં નાહીને ગામ **જેતલપુર** પધાર્યા ને ત્યાં મંદિરમાં આવી વિરાજમાન થયા. ત્યાં સ્વયંપ્રકાશાનંદસ્વામી તથા ભૂમાનંદસ્વામી આવીને શ્રીજીમહારાજને સાષ્ટાંગ દંડવત કરીને પગે લાગ્યા. તેમને પોતે મળીને પછી ગંગાબાઈને ઘેર થાળ જમવા પધાર્યા. પછી જમીને મહોલમાં જઈને આસોપાલવને ઓઠીંગણ દઈને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે સર્વ હરિભક્ત ચંપા, મોગરાદિ પુષ્પના હાર લાવીને શ્રીજીમહારાજને પહેરાવતા હવા. પોતે તે સમે સભાને વિષે ઘણીક પ્રકારની વાતુ કરીને હરિજનને અતિ આનંદ પમાડતા થકા પોઢવા પધારતા હવા. પછી બીજે દિવસે પોતે વાડીમાં બોરસડીના વૃક્ષ તળે વેદિકા ઉપર સભા કરીને

વિરાજમાન થયા ને ત્યાં સર્વભક્ત નાના પ્રકારના વસ્ત્ર અલંકારને પુષ્પના હાર ચંદનાદિકે કરીને પૂજા કરતા હવા. તે સમે પોતે સભાને વિષે હરિજનને સમાધિઓ કરાવીને ઘણોક ચમત્કાર જણાવતા થકા વિરાજમાન એવા જે શ્રીહરિ તે જે તે તળાવને વિષે હરિજને સહિત સ્નાન કરીને જળલીલા ઘણીવાર સુધી કરીને પછી અતિ સુંદર વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થઈને ગામમાં ગંગામાને ઘેર જમવા પધાર્યા ને પાછા મહોલમાં પધાર્યા ને સભા કરી. એવી રીતે ત્યાં ત્રણ દિવસ રહીને લીલા કરતા હવા.

પછી ત્યાંથી **અશ્લાલી** થઈને શ્રીનગર પધાર્યા ને પુરથી બહાર આંબલીના વૃક્ષ તળે સર્વ સમાજ સહિત વિરાજમાન થયા. પછી કુબેરસિંહને લાલદાસ આદિ હરિભક્ત સમસ્ત છત્રીસ પ્રકારના વાજા લઈને શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે પોતાના પુરમાં પધરાવ્યા ને રાજબજારે થઈને નવા વાસમાં આવીને લીંબડા તળે ગાડા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા ને સર્વે હરિભક્ત ચંદન પુષ્પના હાર, વસ્ત્ર, અલંકારે કરીને શ્રીજીમહારાજની પૂજા કરતા હવા ને તે શ્રીનગરને વિષે રહીને સર્વ હરિભક્તને ઘેર થાળ જમવા પધારે. એવી રીતે ત્યાં ઘણા દિન રહીને લીલા કરીને હરિજનને આનંદ ઉપજાવતા થકા ચાલ્યા તે અશ્લાલીએ પધાર્યા. તે ગામના વેણીબાઈ આદિ ભક્તજન સન્મુખ આવીને પોતાના ગામમાં પધરાવ્યા ને તેમની પૂજાને અંગીકાર કરીને જેતલપુર પધાર્યા ને પછી સર્વે હરિજનને બોલાવીને આનંદ ઉપજાવતા થકા ત્યાંથી બોરસડી હેઠે ઓટા ઉપર વિરાજમાન થયા ને ત્યાં સર્વ સંતને હરિજનની સભા થઈને પછી પોતે ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય સંબંધી વાતો ઘણીક કરીને પાછા રાત્રીને સમે મંદિરમાં પધાર્યા ને ગંગામાને ઘેર પાર્ષદે સહિત જમવા પધાર્યા. જમીને પછી વડ હેઠે સભા કરીને વિરાજમાન થયા ને તે સમે ગામ મહુધાનો બ્રાહ્મણ દવે ઈશ્વર નામે તેને બ્રહ્મરાક્ષસ વળગ્યો હતો તે ત્યાં શ્રીજીમહારાજને દર્શને આવ્યો તે સામું જોઈને બળવા લાગ્યો ને અતિ બરાડા પાડવા માંડ્યો. તેને જોઈને શ્રીજીએ કહ્યું જે, “તું કોણ છે ?” ત્યારે તેણે કહ્યું જે હું બ્રહ્મરાક્ષસ છું. પછી પોતે કહ્યું જે, “તું તે બ્રાહ્મણનો ત્યાગ કરીને અમારે વિષે ને અમારા સાધુ ને સત્સંગીમાં આવ.” પછી તે બ્રહ્મરાક્ષસે કહ્યું જે,

''એમાં તો હું બળી મરું, ન રહેવાય.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''આ બાઈઓમાં રહીશ?'' ત્યારે તે ભૂતે કહ્યું જે, 'હા ! તે બાઈઓમાં કોઈ વર્તમાનમાં મોળુ વર્તતુ હોય તેમાં રહું.'' પછી શ્રીજીએ તાળી વજાડીને કહ્યું જે, ''આ ભૂત કહે છે જે વર્તમાનમાં મોળું વર્તતું હોય તેમાં હું રહું.'' પછી સર્વે બાઈઓ બોલી જે, ''હે મહારાજ ! મોકલશો મા. અમે વર્તમાનમાં ખબડદાર થઈને રહીશું.'' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, ''તું બદ્રિકાશ્રમમાં જા.'' ત્યારે તે ત્યાં જાતો હવો પછી તે બ્રાહ્મણ શ્રીજીમહારાજનો આશ્રિત થાતો હવો.

એવી રીતે પોતાનો પ્રતાપ દેખાડીને અસંખ્ય જીવને પોતાને શરણાગત કરતા થકા પોતે ત્રણ દિવસ રહીને ચાલ્યા તે **મહેમદાવાદ** આવ્યા. તે ગામના હરિભક્ત બેચરભટ્ટ તથા દુર્લભરામને અંબારામ તથા ઈશ્વર પંડ્યા એ આદિ સર્વેએ શ્રીજીમહારાજને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને સર્વે હરિજને પોતાના ઘેર નોખા નોખા થાળ કરીને જમાડ્યા ને પછી સંત ને પાળા તેમને જમાડ્યા. પછી ગામમાં ફરીને સર્વને દર્શન દઈને ઉગમણી કોરે વડ હેઠે વિસામાં ઉપર રાત્રી રહેતા હવા. પછી તે સમે ભણેલા બ્રાહ્મણ શ્રીજીમહારાજ પાસે આવ્યા. તેમને પોતે વેદાંતના ઝીણા ઝીણા પ્રશ્ન ઘણાક પૂછ્યા. પછી તે બ્રાહ્મણે કહ્યું જે, ''હે મહારાજ ! તમારા પ્રશ્નને જે સમજે તેને અમે ખરો શાસ્ત્રી કહીએ છીએ ને તમે તો પરમેશ્વર છો તે માટે એ પ્રશ્નનું સમાધાન અમારાથી થાય એમ નથી.'' એમ કહીને પગે લાગીને ઘેર ગયા ને પછી સર્વે હરિભક્તે મહારાજની પૂજા કરીને બીજે દિવસે ત્યાં જમીને ડભાણ પધાર્યા ને ત્યાં એક રાત્રી રહીને વડતાલ પધાર્યા ને સુતારના ઘરને વિષે ઉતર્યા. પોતાના પ્રેમી ભક્ત થાળ લાવ્યા તેને પોતે જમીને સાંજે સભા કરીને પોતાના સ્વરૂપના નિશ્ચયની વાર્તા ઘણી કરીને આસપાસના ગામથી આવ્યા જે સત્સંગી તેમની સેવાને અંગીકાર કરતા થકા ત્યાં ચાર દિવસ રહીને ગઢડાને માર્ગે ચાલ્યા તે ગામ પીપળાવના હરિભક્તને દર્શન દઈને **બુધેજ** પધાર્યા. ત્યાં જમીને **ગુડેલ** ગયા ને ત્યાં જીભાઈની મેડીએ ઉતર્યા ને એક બાઈ કણબણ હરિભક્ત તેણે મહારાજને કહ્યું જે આજ મારી રસોઈ લો. પછી તેની રસોઈ કરાવીને પોતે જમીને સંત ને પાર્ષદને પિરસીને જમાડ્યા. પછી તે બાઈએ મહારાજને ભેટ

સો રૂપિયા મેલીને પગે લાગી. પછી જીભાઈને પોતે કહ્યું જે, "તમે આ બાઈની ખબર રાખજો." એમ કહીને પોતે ચાલ્યા તે ગામ **કમીયાળે** ગયા. એક દિવસ તે બાઈને ઘેર ધાડ પડી ત્યારે જીભાઈ લડાઈમાં ચડ્યા તે અઢાર ચોરને ધવરાવ્યા (ભગાડ્યા) ને ધાડને ગામ બહાર કાઢી મેલી. તેમાં એક ચોર સંતાઈ રહ્યો હતો તેણે જીભાઈને ઘા કર્યો ને મૂર્છિત થઈ ગયા. પછી તેમને દેહ મૂકવાને સમે શ્રીજીમહારાજ અનેક વિમાન ને પાર્ષદ સહિત તેડવાને આવ્યા. પછી જીભાઈએ સર્વ સંબંધીને કહ્યું જે, "મુને મહારાજ તેડવા આવ્યા છે ને હું અક્ષરધામમાં જાઉં છું. એમ કહીને દેહ મૂક્યો. આ વાત પ્રકરણ વસાત લખી છે.

પછી કમિયાળે રાત રહીને ચાલ્યા તે ગામ **ઝીંઝર** ગયા. તે ગામથી દક્ષિણ દિશે તળાવને કાંઠે વડ હેઠે ઉતર્યા. તે ગામના હરિભક્ત થાળ કરીને લાવ્યા તેને પોતે જમ્યા ને સંતને અર્થે રસોઈ કરાવી તે પોતે સંત મંડળને પિરસીને જમાડ્યા. પછી ઘોડે ચડીને સર્વે હરિભક્તને ઘેર પગલા કરીને તેમની સેવાને અંગીકાર કરીને ઉતારે પધાર્યા. ત્યાં રાત્રી રહીને ચાલ્યા તે ભીમનાથ થઈને પોલાર પર પધાર્યા. ગામથી ઉગમણી દિશે તળાવની પાળે ઉભા રહીને હરિજનને દર્શન દઈને ચાલ્યા તે ગામ **કુંડળ** થઈને **કારીયાણી**એ પધાર્યા. ત્યાં બે દિવસ રહ્યા તેવામાં રંગીલદાસ નાગર તે ગામને પાદર થઈને નીકળ્યો. ત્યારે રાઘવ પટેલ મહારાજને કહ્યું જે, 'રંગીલદાસ જાય છે.' પછી પોતે ઘોડે ચડીને તેને મળ્યા ને કહ્યું જે, "તમે ગઢડે ચાલો." ત્યારે રંગીલદાસે કહ્યું જે, "જ્યાં તમે હો ત્યાં મારે આવવું નહિ." ત્યારે મહારાજે કહ્યું જે, "અમે તો વૈકુંઠ ધામને વિષે અખંડ રહીએ છીએ." ત્યારે તેણે કહ્યું જે, "તમે વૈકુંઠમાં હો તો મારે ત્યાં આવવું નહિ." એમ કહ્યું ત્યારે મહારાજ **ગઢડે** પધાર્યા.

ત્યાં રહીને પછી પોતે એક દિવસ પ્રકરણ ફેરવ્યું જે ટાટ (કોથળાનું વસ્ત્ર) પહેરીને આવે તેને અમે થાળ આપીએ. એમ કહીને પોતે થાળ જમવા પધાર્યા. પછી નિષ્કુળાનંદસ્વામી ટાટ પહેરીને આવ્યા ત્યારે તેમને થાળ આપ્યો. પછી જે સંત ટાટ પહેરીને આવે તેમને પોતે થાળની પ્રસાદી આપે. પછી

નિત્યાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ‘‘મારે દરબારમાં થઈને નિત્ય કથા કરવા આવવું વાસ્તે ટાટ પહેરે કેમ મર્યાદા રહેશે ?’’ ત્યારે પોતે કાંઈ બોલ્યા નહિ ત્યારે મહારાજની મરજી જાણીને એક ટાટ પહેર્યું ને એક માથે બાંધ્યુ ને એક ઓઢીને કથા કરવા ગયા. ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘આ પામરી ઓઢીને કોણ આવ્યું ?’’ એમ કહીને માથેથી ઉતારીને પાઘ આપીને પછેડી આપી. પછી બીજે દિવસે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ ઘણાક સંત ટાટ પહેરીને આવ્યા. તે સર્વેને પોતે પૃથક્ પૃથક્ થાળ આપતા હવા. પછી દેશ દેશ પ્રત્યે કાગળ લખતા હવા જે આજ દિવસથી સર્વે સંતને ટાટ પહેરવા એમ અમારું વચન છે. પછી એક દિવસ સાંખ્યાનંદસ્વામી ન્હાઈને આવતા માર્ગમાં કૂતરા બાઝી પડ્યા તે ટાટ ને તાણી ગયા. પછી બજારમાં વાણિયાએ મેલાવ્યા. પછી બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ‘‘આ પ્રકરણમાં અમારે તો એક મોટો ગુણ થયો છે જે જરાક શરીરને હલાવીયે તો ઘાઘરની ચળ મટી જાય છે. પણ ભેળી એકુડી લાકડીની આજ્ઞા કરો તો ઘણુ સારું કેમ જે સાંખ્યાનંદસ્વામીને બજારમાં કૂતરા બાઝી પડ્યા તે ટાટ તાણી ગયા.’’ તે વાત સાંભળીને પોતે એમ બોલ્યા જે ટાટનું પ્રકરણ અળસાવો ને સર્વે વસ્ત્ર પહેરો. એમ કહીને સર્વે દેશાંતરમાં કાગળ મોકલતા હવા. એમ ટાટનું પ્રકરણ થોડા દિવસ રહ્યું.

ત્યારબાદ એવું હિમ પડ્યું જે કપાસ માત્ર બળી ગયાને વૈતાક, મરચી એ આદિ ઘણીક વસ્તુઓ બળી ગઈને ઘેલામાં પાણી ઠરી ગયું ને હજારો માછલા મરી ગયા. પછી વળી બીજુ પ્રકરણ ફેરવ્યું જે સંત ને સર્વે હરિભક્તને દિવસ ઉગ્યા મોર ટાઢે પાણીએ ન્હાવું ને બીજુ પ્રકરણ એ જે સર્વે સંતને હરિભક્તને એકાદશી નકોરડી કરવી ને રાત્રીને વિષે ચાર પહોર જાગરણ કરવું ને ગાતે ગાતે ન્હાવા સવારમાં વહેલું જવું. પછી પોતે નકોરડી એકાદશી કરવા માંડી. પછી તો જેનાથી ન રહેવાય તે પણ નકોરડી કરે. પછી સુરાખાચરનો ભત્રીજો માણસીયો ખાચર તેણે એકાદશી કરી તે બંધાણી ને ચાર ટાણા ખાનારો તે ત્રીજો પહોર થયો એટલે ભૂખે કરીને મૂર્છિત થઈ ગયો. ત્યારે મહારાજને આવીને કોઈકે કહ્યું જે, ‘‘માણસીયો ખાચર મરી જાય છે.’’

ત્યારે તેને જોવા પોતે આવ્યા તે જોઈને કહ્યું દહીં ને સાકર લાવો. પછી તેને પોતે પાઈને પૂછ્યું જે તને કેમ થયું ? ત્યારે તેમણે કહ્યું જે, "મારે ચાર ટાણા ખાવા જોઈએ તે ત્રણ ટાણા ગયા પછી તો જીવ ઉંડો ઉતરી ગયો ને મને દેહની ખબર ન રહી." પછી સુરાખાચરે કહ્યું જે, "આવી એકાદશીથી ઘણાક હરિભક્ત મરી જશે." પછી મહારાજે કહ્યું જે, "જેને નકોરડી એકાદશી ન રહેવાય તે ફરાળ (ફળાહાર) કરજો" ત્યારે સુરાખાચરે કહ્યું જે આ દેશમાં ફરાળની છત નહી તે ખેડૂ લોકના શા હાલ ? ત્યારે મહારાજે કહ્યું જે "ફળાહારનો જોગ ન બને ને કામ કરવું પડે ત્યારે એક ટાણું ખાઈને એકાદશી કરવી પણ વ્રતનો ત્યાગ કરવો નહિ. એમ કહીને ઉતારે પધાર્યા.

પછી મુક્તાનંદસ્વામીને અમદાવાદ નરનારાયણના મંદિરની જગ્યા લેવાને વાસ્તે મોકલ્યા. પછી મછીયાવના ઠાકોર બાપુભાઈનો પત્ર આવ્યો તેને વાંચીને દેશ દેશ પ્રત્યે કંકોત્રીઓ મોકલી જે ફૂલદોલનો સમૈયો મછીયાવ કરવાનો છે તે સર્વે ત્યાં આવજો. એવી રીતે લખીને પછી સર્વે સદ્‌ગુરુ માત્રને લીંબડીએ જવાની આજ્ઞા આપીને પછી ત્યાં પોતે ચાલ્યા તે **સારંગપુર** પધાર્યા. ત્યાંથી **સુંદરીયાણે** પધાર્યા ને ત્યાંથી **શિયાળ** પધાર્યા. ત્યાં માધુ ને મેઘજી ને જેસંગ તેમને ઘેર ઉતર્યા ને પોતાના પાર્ષદે સહિત પોતે થાળ જમ્યા ને ત્યાં એક રાત્રી રહીને ચાલ્યા તે ગામ **કુમાળી** પધાર્યા. ત્યાંના ભક્તજનની સેવાને અંગીકાર કરીને ત્યાંથી ચાલ્યા તે દેવ ધોલેરાના પાદરમાં થઈને **કુંડળ** પધાર્યા. ત્યાંના હરિભક્તની સેવાને અંગીકાર કરીને ત્યાંથી **મછીયાવ** પધાર્યા. ત્યાના ઠાકોર બાપુભાઈ સન્મુખ અસવારીએ સહિત આવીને ગાજતે વાજતે પોતાના પુરમાં ફેરવીને દરબારમાં ઢોલિયા ઉપર ગાદી તકીયો બિછાવીને તે ઉપર વિરાજમાન કર્યા ને ત્યાં સર્વે દેશ દેશના હરિભક્ત પણ આવતા હવાને શ્રીજીમહારાજને પ્રેમીભક્ત હિંડોળામાં વિરાજમાન કરીને ઝૂલાવતા હવા ને ઠાકોર બાપુભાઈ રંગની મોટી કડાઈયો ને ચરુ ભરાવીને ગુલાલના ગાડા ભરીને તૈયાર કર્યા. પછી મહારાજને હાથ જોડીને કહ્યું જે, "રંગ તૈયાર થયો છે." પછી પોતે સર્વે સત્સંગી ઉપર તાંસળીઓ ભરીને રંગ નાંખતા હવા ને ગુલાલની ફાંટુ ભરીને નાખતા હવા ને સર્વે હરિભક્તને કરૂણાદ્રષ્ટિએ કરીને જોતા હવા. પછી ત્યાં

મનુષ્યનો બહુ ભીડો થયો તે ત્યાંથી ચારણના ફળિયામાં ચોતરા ઉપર વિરાજમાન થયા ને ત્યાં સર્વે સંત ને બ્રહ્મચારીને સત્સંગીની સભા થઈ ને સુરતનો સંઘ આવ્યો હતો તેમાં ગોવિંદ વાણંદ પાસે ત્યાં અસંત પુરુષનો વેષ કઢાવીને સંત અસંતના લક્ષણ જણાવતા હવા ને ભક્તજનને બહુ પ્રકારે આનંદ કરાવતા હવા. પછી પોતે મહાનુભાવાનંદસ્વામીને બોલાવીને આજ્ઞા કરી જે તમે સર્વે સત્સંગીઓમાં જે કોઈ ભૂખ્યો હોય કોઈને ખરચી ખૂટી હોય તેને અપાવજો ત્યારે તે અપાવતા હવા. ત્યાંથી શ્રીજીમહારાજ સંત મંડળને સર્વે સત્સંગીએ સહિત વિંટાણા થકા ચાલ્યા તે ગામથી આથમણી કોરે તળાવની દક્ષિણાદિ પાળ ઉપર કૂવાને કાંઠે જાઈને સર્વે સંતને સત્સંગીઓને પોતે હાથમાં પિચકારી લઈને રંગ નાંખતા થકા સર્વેને રંગમાં રસબસ કરીને પરસ્પર રંગે રમતા હવા. તે સમે ઈંદ્રાદિક દેવ વિમાન ઉપર બેસીને ત્યાં આવતા હવા ને શ્રીજીમહારાજને રંગે રમતા જોઈને અતિ આનંદ પામતા થકા પુષ્પની વૃષ્ટિ કરીને દુંદુભી વાજા વગાડતા હવા. એમ પોતે સારી પેઠે રંગમાં રમીને તળાવમાં જાઈને સારી પેઠે જળક્રીડાને કરતા થકા તાળી દઈને કીર્તન ગાતા હવા. પછી જળમાંથી બહાર નિસરીને ભારે જરીયાની વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થઈને સર્વે ભક્તજનને દર્શન દેતા થકા ઠાકોર બાપુભાઈના દરબારમાં પધાર્યા ને ત્યાં મેડીની ઉગમણી ઓસરીએ ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત ને દેશદેશના હરિભક્તની સભા થઈ તેને દર્શન દેતા થકા બહુવાર સુધી સ્વધર્મ, જ્ઞાન ને ભક્તિ સંબંધી વાર્તા કરીને પછી થાળ થયો ત્યાં જમવા પધાર્યા ને પોતે જમતા જાય ને પોતાના એકાંતિક ભક્તને પ્રસાદી આપતા જાય. એમ લીલાને કરતા થકા બહુવાર જમીને આચમન લઈને મુખવાસ બાપુભાઈએ આપ્યો તેને પોતે જમતા થકા સંતને જમવા સારુ પંક્તિ થઈ તેને પોતે સારી પેઠે લાડુ પિરસીને જમાડીને હાથ ધોઈને ઢોલિયા ઉપર વિરાજમાન થયા.

તે સમે ભુજનગરના ગંગારામભાઈ આદિ મલ્લને પોતે રમાડીને તેમને મલ્લવિદ્યા શિખવતા થકા બહુવાર મલ્લ રમત કરાવી ને તે મલ્લોના ઉપર રાજી થઈને પોતાના સર્વે વસ્ત્ર ગંગારામભાઈને આપતા હવા. એવી રીતે ત્યાં

ઘણીક લીલા કરીને ફૂલદોલનો ઉત્સવ કરીને પોતે ઘોડે અસવાર થઈને સંતમંડળે વિંટાણા થકા ત્યાંથી ગામ **દદુકે** ગયા. તે ગામના ભક્ત અલુભાઈ આદિ શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે ગામ વચ્ચે થઈને તળાવને કાંઠે ઉતર્યા. ત્યાં સર્વે સંતની તથા હરિભક્તની સભા થઈ ને ગવૈયા સંત કીર્તન ગાવતા હવા. પછી ગામમાં અલુજીને ઘેર થાળ થયો તે સંતે સહિત જમવા પધાર્યા તે જમીને પછી પોતે સર્વ સંતને લાડુ પિરસીને જમાડ્યા. પછી પોતાને ઉતારે વિરાજમાન થયા ને તે ગામના ભક્ત ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજતા હવા. ત્યાંથી પાછા ગામ **મછીયાવ** આવીને બાપુભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને પોતાના એકાંતિક ભક્ત એવા જે બાપુભાઈ તથા તેમની બહેન "બાઈબા" ને તેમની માતા ફૈબા તે શ્રીજીમહારાજને નાના પ્રકારના ભોજન કરાવીને જમાડતા હવા ને ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજતા હવા. પછી બાઈસાબાએ શ્રીજી પાસે ત્રણ વર માંગ્યા જે, "હે મહારાજ ! તમારે ટાઢે પાણીએ ન્હાવું નહિ ને એકાદશીનો ઉપવાસ કરવો નહિ ને બીજીવાર ભોજન કરવું. એ વર મુને આપો." પછી પોતે પ્રસન્ન થઈને એ ત્રણ વર અંગીકાર કરતા હવા. એવી રીતે તે ભક્તના મનોરથ પૂર્ણ કરીને ત્યાં ત્રણ-ચાર દિવસ રહ્યા. તે સમે ભારે હિમ પડ્યું તે તળાવનું પાણી જામીને ધોળુ પથ્થર સરખું થઈ ગયું ને તેવા સમામાં ન્હાવાનું પ્રકરણ પણ ટાઢે પાણીએ વ્હેલું ન્હાવું એવું ચાલે. પછી પોતે બાઈસાબાને વર આપ્યા પછી ઉને પાણીએ ન્હાતા હવા.

એવી રીતે છોતેરના ફૂલદોલનો સમૈયો મછીયાવ કરીને ચાલ્યા તે ગામ **ભેલાસણ** થઈને **કુંડળ** થઈને ગામ **શિયાળ** પધાર્યા ને શેઠ માધવજીને ઘેર ઉતર્યા ને ભક્તે અતિ પ્રેમે કરીને સેવા કરીને પ્રસન્ન કર્યા એવા શ્રીહરિ જે તે તે ભક્તની અતિ ધર્મનિષ્ઠા ને ભક્તિ તેને જોઈને તેનું તુલાધાર એવું નામ પાડતા હવા. એમ તે ભક્તને અતિ સુખ આપીને ચાલ્યા તે બળોલ થઈને ગામ **રોજકે** પધાર્યા. તે ગામમાં ગજા ગઢવી ને ઘેર ઉતર્યા ને કાકાભાઈ આદિ કેટલાક જનને પોતાના આશ્રિત કરતા હવા. ત્યાંથી ગામ ગઢડે પધાર્યા ને દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં રહ્યા થકા સમીપના ગામમાં

પોતાના ભક્તોને ઘોડે અસવાર થઈને દર્શન દેવા પધારે એવી રીતે ત્યાં રહ્યા થકા ભક્તજનને સુખ દેતા હવા. પછી એવામાં ભાવનગરથી દાદાખાચર સાથે લડાઈ કરવા હલ્લા આવી તે દોઢસો આરબને ગોવાળીયા વિગેરે કાઠિના અસવાર હતા. પછી દાદાખાચરને પાંચ અસવારે સહિત **સારંગપુર** મોકલ્યા ને પોતે ત્યાં રહ્યા થકા સુરવાલ ને ડગલી પહેરીને કેડે રેંટો બાંધીને બોકાની સહિત માથે રેંટો ધારણ કરીને હાથમાં કમાન ને ઢાલ, તલવાર ધારણ કરે ને માનસિંઘ ને કેસરીસિંઘ એ બન્નેને પોતાની પાસે રાખે. તે સમે એક ચારણ દર્શને આવ્યો. તેને પોતે નૃસિંહરૂપે દર્શન દીધું. પછી તે ચારણ તે લોકોને કહેતો હવો જે, 'તમારું ભૂંડુ થાય સર્વનાશી જાઓ.' દાદાના દરબારમાં નૃસિંહજી બેઠા છે તે તમને મારી નાંખશે પછી તેનું ન માનીને બંદૂકો ભરીને આરબ સર્વે આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, "તમે સર્વે કેસરીયા કરો." ત્યારે સોમલોખાચર ને ઘેલોધાધલ ને અલૈયો, કહર તથા નાજો જોગીયો એ આદિક સર્વે કેસરીયા વસ્ત્ર ધારણ કરીને ઘોડે અસવાર થઈને હાથમાં બરછીઓ લઈને તેમની સામા ઉભા રહીને કહ્યું જે, "પાપીઓ ! તમે પ્રથમ ઘા કરો ને પછી અમારી રમત જૂઓ. તમારા રાઈ રાઈ જેટલાં કટકા કરવા છે." પછી તેમણે બંદૂકો દાબી તે બંધ થઈ ગઈ ને બરિયાન ઉડ્યું તે સર્વેના દાઢા બળી ગયા. પછી જખ મારતા પાછા ગયા પછી શ્રીજીમહારાજ ઘોડે ચડીને પાર્ષદે સહિત જીવાખાચરના દરબારમાં ગયા ને જીવાખાચરને કહ્યું જે આ હલ્લા કોણે મંગાવી છે ? પછી તેણે કહ્યું જે મને ખબર નથી. ત્યારે મહારાજે કહ્યું જે, "સત્સંગી થઈને અમારી આગળ ખોટું બોલો છો ? તમારે ઘેર ખીચડું રંધાય છે ને આટલા અસવાર બાંધ્યા છે તે અમે શું નથી જાણતા ?" એમ કહીને પોતે કારીયાણીએ પધાર્યા. પછી રામદાસભાઈને અતિ માંદા સાંભળીને પાછા ગઢડે પધાર્યા ને તે ભાઈને પોતાનું દર્શન દઈને કહ્યું જે, "હે ભાઈ ! બ્રહ્મપુરમાં ચાલ્યા જાઓ." એમ કહીને તેમને સ્વધામમાં પહોંચાડીને તેમના દેહની ક્રિયા કરાવીને પોતે દાદાખાચરના દરબારમાં વિરાજમાન થઈને પાછા **કારીયાણી**એ પધાર્યા. ત્યાંથી ગામ **ઝમરાળે** જીવા દવેને ઘેર પધાર્યા ને ત્યાં થાળ જમીને પાછા **ગઢડે** પધાર્યા. ત્યાં ચોમાસુ રહીને ભક્તજનને સુખ આપતા હવા. પછી જન્માષ્ટમીનો દિવસ આવ્યો ત્યારે ગાજતે વાજતે ઘોડે ચડીને સંતમંડળે સહિત ગામથી

આથમણી કોરે ઘેલા વચ્ચે એક મોટો ઉંચો પથ્થરો હતો તે ઉપર વિરાજ્યા ને પોતાને સન્મુખ સંતની ને સર્વે સત્સંગીની સભા થઈ. તે સમે એક હરિભક્તે એક રેંટો માથે બંધાવ્યો ને એક રેંટો કેડે બંધાવ્યો ને ભાલને વિષે કેસર ચંદને કરીને અર્ચા કરી ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા ને મસ્તકને વિષે તોરા ધરાવ્યા ને પછી સંતની પૂજા કરવા આવ્યો તે પ્રથમ મુક્તાનંદસ્વામીની પૂજા કરી ને નિત્યાનંદસ્વામીની પૂજા કરીને હર્યાનંદસ્વામી ને વિશ્વચૈતન્યાનંદસ્વામીની પૂજા કરવા ગયો ત્યારે તેમણે ન કરવા દીધી. ત્યારે મહારાજને સારું ન લાગ્યું. પોતાના વસ્ત્ર નિત્યાનંદસ્વામીને પહેરાવીને માણકી ઘોડી ઉપર બેસારીને સર્વને કહ્યું જે, "એમની તે નાતમાં ચાલો ને અમે પણ ચાલશું." એમ કહીને પોતે આગળ ચાલ્યા તે બજારમાં થઈને દરબારમાં પધાર્યા ને પોતાની આગળ સર્વ સંતને હરિભક્તની સભા થઈ. પછી પોતે કહ્યું જે, "ગાન વિદ્યાએ કરીને સારા કીર્તન બોલો." ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી, દેવાનંદસ્વામી મોટા આદિ ગવૈયા સંત સરોદા, દુકડ લઈને કીર્તન ગાતા હવા. પછી આરતી કરીને જન્માષ્ટમીની નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવીને જન્મ ઉત્સવ થઈ રહ્યા કેડે પોતે પોઢવા પધાર્યા ને સંત ઉતારે ગયા. પારણાને દિવસે મોતિયા લાડુ પોતે જમીને સંતને પિરસીને એમ નિત્ય લીલા કરતા થકા પોતે ત્યાં રહીને બ્રહ્માનંદસ્વામીને નિત્યાનંદસ્વામી આદિ મોટેરા સંતને સુરત મોકલ્યા.

પછી દશેરાનો દિવસ આવ્યો ત્યારે સોમલે ખાચરે કહ્યું જે, "હે મહારાજ! આજ દશેરાનો દિવસ છે વાસ્તે સારા વસ્ત્રને ઘરેણા પહેરો." પોતાના એકાંતિક ભક્ત જે લાડુબા તેમણે સુરવાલ ને કિનખાબની ડગલી મેલી તેને પોતે પહેરીને મસ્તકને વિષે ભારે રેંટો ધારણ કરીને કેડે આસમાની રંગનો રેંટો બાંધ્યો ને હસ્તકમળને વિષે નંગ જડીત સોનાના કડા ને સાંકળા ધારણ કર્યા ને કંઠને વિષે મોતીની માળા ને સોનાની ઉતરી તેને પહેરીને મસ્તકને વિષે કલંગી ધારણ કરીને ચરણ કમળને વિષે સોનાનો તોડો ધારણ કર્યો. પછી માણકી ઘોડીને શણગારીને નાજો જોગીયો લાવ્યા તે ઉપર પોતે અસવાર થયા ને પછી સોમલોખાચર ને સુરોખાચર ને દાદોખાચર આદિ પાર્ષદે વિંટાણા થકા ગાજતે વાજતે ગામમાંથી બહાર પધાર્યા. જીવોખાચર પણ અસવારે સહિત મહારાજની

ભેળા નિસર્યા પછી ગામથી આથમણી તરફ નારાયણ ધરા ને સમીપે પોતે માણકી ઘોડીને ફેરવી. તેને જોઈને સર્વે અસવાર એમ બોલ્યા જે, "આવી ઘોડી કોઈને ફેરવતા આવડે નહિ." પછી મહારાજની આજ્ઞાથી સર્વે પોતે પોતાના ઘોડા ફેરવવા માંડ્યા ત્યારે રામાખાચરે દાદાખાચરને કહ્યું જે, 'આપણે બન્ને ઘોડીએ દોડીએ' ત્યારે ઘેલે ધાધલે કહ્યું જે, 'દાદોખાચર તો ભક્તરાજ છે ને હું તું બન્ને ઘોડીયે દોડીએ.' ત્યારે રામાખાચરે કહ્યું જે,"મામા ! હું તમારા સાથે તો નહિ દોડું." ત્યારે શ્રીજીમહારાજ હસતા હવા ને રામોખાચર ઘોડેથી પડી ગયા. પછી દાદોખાચર ને જીવાખાચર એ બેની ગાયોના ધણ આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, "ગાયોના ધણ દોડાવો ને જેનો દિવસ ચડતો હોય તેનું ધણ આગળ થાય ત્યારે બેયના ધણ લઈને દોડાવ્યા ત્યારે દાદાખાચરનું ધણ આગળ થઈ ગયું. પછી પોતે ગાજતે વાજતે મોટી બજારમાં થઈને દાદાખાચરના દરબારમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થાય. સર્વે સંતે ચંદન પુષ્પવતે પૂજા કરીને સર્વે હરિભક્તે વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરી. પછી મુકુંદ બ્રહ્મચારી જમવા સારુ બોલાવા આવ્યા તે પોતે જમીને સંતને મોતિયા લાડુ ને જલેબી પિરસીને જમાડ્યા ને પાર્ષદને પણ જમાડ્યા. એમ દશેરાનો સમૈયો કરીને સંતને પોતા પાસે રાખ્યા ને કેટલાક ને આસપાસ ફરવા મોકલ્યાને પોતે ત્યાં રહેતા હવા.

**(ઈતિ છોતેરની લીલા સંપૂર્ણ)**

અને સુરતથી બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામીને સ્વયંપ્રકાશાનંદસ્વામી ઈત્યાદિક સંત આવ્યા તે નરનારાયણ સ્વામિનારાયણ એ બે નામે અંકિત વસ્ત્ર લાવીને મહારાજને ઓઢાડ્યા. પછી પોતે અન્નકૂટના સમૈયા ઉપર સર્વે સંતને તેડાવ્યા. પછી મુક્તાનંદસ્વામી તથા મોટા આત્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી ને ભજનાનંદસ્વામી, મોટા પરમાનંદસ્વામી આદિ મંડળ આવ્યા. તેને પોતે ઉભા થઈને મળ્યા ને સર્વ દેશના હરિભક્તની ખબર પૂછીને સર્વને અમૃત દ્રષ્ટિએ કરીને જોઈને રાજી કર્યા, પછી કંદોઈને પાસે નાના પ્રકારના પકવાન પડાવ્યા ને સાકર ને બીજો પણ ઘણોક અન્નકૂટનો સામાન કરાવ્યો. પછી દિવાળીને દિવસે દાદાખાચરે ભારે દીપમાળા કરાવીને

તેને વિષે મહારાજને સોનેરી વસ્ત્ર પહેરાવીને પાટ ઉપર પધરાવ્યા. પછી પોતે સંત પાસે ફરીને કીર્તન ગવડાવીને પોતે ભેળા ફર્યા તે ઘણી રાત ગઈ ત્યારે પોઢવા ગયા ને સંત ઉતારે ગયા. બીજે દિવસ અન્નકૂટનો સામાન તૈયાર કરીને પછી નાના પ્રકારના કટોરાને વાટકા તાંસળીયો ભરીને પછી એક મોટા રૂપાનો થાળ તેમાં મેલીને પછી મહારાજને ઓસરી ઉપર ભારે પાટલો ઢાળીને તે ઉપર વિરાજમાન કર્યા. પછી તે થાળ લાવીને મુકુંદ બ્રહ્મચારીએ મેલ્યો તે મહારાજ જ્યાં સુધી જમ્યા ત્યાં સુધી લાડુબાઈએ અષ્ટપદીનુંગાન કર્યું. પછી પોતે જમી રહ્યા કેડે સંતને મોતિયા લાડુ ને જલેબી ને સાટા એ આદિક અન્નકૂટનો સામાન પિરસીને જમાડ્યા. એમ ઘણા દિવસ સંતને જમાડીને ભક્તના મનોરથ પૂર્ણ કરતા હવા.

પછી મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામીને દાદાખાચર ભેળા લશ્કરમાં મેલ્યા. એમ કરતાં વસંતપંચમી આવી. પછી પોતે રંગ ગુલાલ સંતને હરિભક્ત પર નાંખીને રસબસ કરી દેતા હવા. પછી સંત ને પાર્ષદ પણ મહારાજ ઉપર રંગ ને ગુલાલ નાંખતા હવા. પછી સંતને પાર્ષદે સહિત ઘેલામાં ન્હાવા પધાર્યા તે નાહીને દરબારમાં પધાર્યા. પછી પોતે જમીને સંતને પાર્ષદને જમાડ્યા. પછી સાંજને સમે વસંતના કીર્તન ગવડાવ્યા ને સર્વે સંતને પુષ્પના હાર પહેરાવ્યા. એમ નિત્ય નિત્ય નવી ને નવી લીલા કરતે સતે હુતાસનીનો સમૈયો આવ્યો. પછી પોતે રંગને ગુલાલ ઘણો મંગાવ્યો ને સંતને વાસ્તે વાંસની પિચકારીઓ કરાવી. પછી ઉત્સવને દિવસ ઓસરી ઉપર વિરાજ્યા ને પ્રેમી ભક્તે ધોળા વસ્ત્ર ને કડા સોનાના પહેરાવ્યા. પછી પોતે રૂપાની પિચકારી હાથમાં લઈને સંતની ઉપર હસીને રંગ નાખતા હવા. જેમ પરસ્પર રંગ નાંખતા હવા. જેમ અષાઢમાં મેઘની વૃષ્ટિ થાય તેમ મહારાજ ઉપર રંગની વૃષ્ટિ કરતા હવા. પછી પોતાના પાર્ષદ જે કાઠિ તેમણે મોટી રોઝી ઢાલો લઈને આડી ધરી તો પણ સંતે ચારેકોરથી પિચકારીઓ નાંખવા માંડી તે મહારાજ અકળાઈને લીંબડા ઉપર ચડી ગયા તો પણ સંતોએ હેઠેથી પિચકારીઓ મારવા માંડી. પછી મહારાજે કહ્યું જે, ''અમે લીંબડે ચડી ગયા તો પણ તમે આળસતા નથી.'' પછી સંત રંગ નાંખતા રહી ગયા. પછી પોતે હેઠા ઉતર્યા.

પછી જીવાખાચરે કહ્યું જે, "હે મહારાજ ! મારા દરબારમાં રંગ તૈયાર થયો છે તે ત્યાં પધારો." પછી મહારાજે કહ્યું જે અમે તો થાકી ગયા છીએ. પછી જીવોખાચર બોલ્યા જે, "દાદો વ્હાલો ને હું અળખામણો તે એનો રંગ રમ્યાને મારો નહિ." પછી પોતે હસતા થકા મારગમાં રંગને ગુલાલ ઉડાડતા થકા જીવાખાચરના દરબારમાં પધાર્યા તે ઉગમણા બારના ઓરડાની ઓસરી ઉપર વિરાજમાન થયા. પછી પોતાના પાર્ષદ ને કાઠિલોક તેને પોતાની તરફ રાખીને પછી પોતે તાંસળીયો ભરીને રંગ નાંખતા હવા ને ફાંટો ભરીને ગુલાલ નાંખતા હવા. પછી સર્વ સંત પણ મહારાજની ઉપર પિચકારીઓ ભરીને નાંખતા હવા. પછી તેણે કરીને પાર્ષદે સહિત પોતે અકળાઈ ગયા. પછી એક સાધુ ઓસરી ઉપર ચડવા ગયા તેને અલૈયેખાચરે ઠેલી પાડ્યા ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'એને હેઠો તાણી પાડો.' ત્યારે સંતો ઝાલીને તાણવા માંડ્યા ત્યારે તેમણે મોતિયું ઝાલીયું. ત્યારે સંતોએ જોર કર્યું તે મોતિયા સહિત હેઠા પડ્યા. પછી અલૈયોખાચર ઘોડીયે ચડીને આવ્યા ને સાધુ ઉપર ઘોડી નાંખી. ત્યારે સંતે પિચકારીઓ મારવા માંડી તે અલૈયાખાચરે ઘોડી ઘણી હાંકી પણ સંતની ઉપર ઘોડી આવી જ નહિ. પછી અલૈયાખાચર બોલ્યા જે, 'મારી ઘોડી દેવતામાં નાંખુ તો પડે પણ પિચકારીથી પાછી હઠી ગઈ એ તે શું થયું ? પછી તે સમે નિત્યાનંદસ્વામી ઓસરી ઉપર ચડી ગયા ને શ્રીજીમહારાજને પકડીને હાથમાંથી કડા કાઢી લીધા. પછી શ્રીજીમહારાજે કહ્યું જે, "તમે જીત્યા ને અમે હાર્યા." વાસ્તે ફગવા માંગો. આવો મળીયે એમ કહીને સર્વે સંતને મળ્યા. પછી પોતે ઘોડે ચડીને સંત ને પાર્ષદે સહિત ઘેલે ન્હાવા પધાર્યા. તે સમે ઘેલાનું પાણી રાતું થઈ ગયું. પછી નાહીને ભારે કસુંબલ વસ્ત્ર પહેર્યા ને પછી નિત્યાનંદસ્વામીએ હાથમાં કડા પહેરાવ્યા. તે જોઈને પોતે હસ્યા ને પછી ઘોડે ચડીને વાજતે ગાજતે દરબારમાં પધાર્યા. મુકુંદ બ્રહ્મચારી જમવા બોલવા આવ્યા તે પોતે થાળ જમીને સર્વ સંતને મોતિયા લાડુ પિરસીને ઉતારે પધાર્યા ને સાંજે મોટી સભા કરીને વિરાજમાન થયા. તે સમે દર્શને આવ્યા જે સર્વે હરિભક્ત તેમણે મહારાજની પૂજા કરીને પછી પોતે સંતને કહ્યું જે ઝિલણિયા કીર્તન બોલો. પછી પોતે પણ સંત ભેળા તાળી વજાડીને કીર્તન ગાતા હવા.

પછી આરતી કરીને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવીને અધ્યાય પૂરો થયો ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહી પોતે પોઢવા પધર્યા.

એવી રીતે ફૂલદોલનો ઉત્સવ કર્યો ને તે ઉત્સવ થઈ રહ્યા કેડે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને દાદોખાચર લશ્કરમાંથી ગઢડે આવ્યા. પછી થોડાક દિવસ કેડે મરકીનો રોગ આવ્યો તે ટુંટિયામાં બીજા લોક કુસંગી મરવા માંડ્યા. તે ભેળે પોતાનો પાળો જે હમીરભક્ત તેને પણ તે રોગ થયો ત્યારે બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, "બીજા લોક મરકી ને રોગે કરીને મરે તેમ તમારા હરિભક્ત મરે તે ઠીક નહિ." પછી પોતે કહ્યું જે કેને એ રોગ થયો છે ? પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, 'હમીર ભક્તને થયો છે.' ત્યારે પોતે તે પાસે જઈને તેને દહીં ને સાકર પાયું. પછી એક હરિભક્તે કહ્યું જે, 'બેચર ભટ્ટની સ્ત્રીને પણ એ રોગ થયો છે.' ત્યારે તેને ઘેર પોતે જાવા સારું ચાલ્યા ત્યારે માર્ગમાં ગાંગલી ઘાચણ હતી તેણે કહ્યું જે, 'તમે તમારી સેવક બ્રહ્માણીને સાજી કરો તો તમે ભગવાન ખરા ને ન કરો તો નહિ.' પછી પોતે હસતા થકા ત્યાં પધાર્યા. પછી લખીરામે કહ્યું જે, 'એ તો મરી ગઈ છે.' મહારાજ બોલ્યા જે, 'એ તો નથી મરી ગઈ.' એમ કહીને એને બોલાવીને દહીં ને સાકર પાઈ. પછી પોતે એમ બોલ્યા જે, "સર્વે સમ ખાવો જે મરી ગઈ હતી તેને મહારાજે જીવતી કરી એમ કહેવું નહિ." પછી લખીરામે કહ્યું જે, 'અમે તો નહિ કહીએ પણ ગાંગલી ઘાચણ કહે ત્યારે અમે શું કરીએ?' પછી પોતે હસતા થકા દરબારમાં પધાર્યા.

વળી, એક સમે સચ્ચિદાનંદસ્વામી વાવે જતા હતા ત્યારે મારગમાં ટૂંટિયું સામું મળ્યું. ત્યારે તેને કહ્યું જે તું કોણ છે ? ત્યારે તેણે કહ્યું જે હું ટૂંટિયું છું. ત્યારે તેને કહ્યું જે મારામાં આવીશ ? ત્યારે તેણે તેમનામાં પ્રવેશ કર્યો. ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ સમાધિ કરીને મળ સ્થાનમાં તેને ત્રણ દિવસ રોકી રાખ્યું. પછી રોવા લાગ્યું ને કહ્યું જે હું સત્સંગી પાસે નહિં જાઉં. ત્યારે તેને ઝાડે ફરતી વખતે મળ ભેળું કાઢી નાંખ્યું. પછી પોતે મહારાજ પાસે આવ્યા. પછી તેમને જોઈને પોતે હસીને કંઠમાંથી હાર કાઢીને આપ્યો. વળી, એક સમે પોતે માંદાનું મિષ લેતા હવા ને તે ઉપર સર્વ સંતને તેડાવ્યા ને સર્વને દર્શન દઈને

રાજી કર્યા. પછી મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, 'સર્વ સંતને વરીયાળી ને મરી ઘૂંટીને પાવો ને પાવલા કરાવી દો એવી રીતે આજ્ઞા કરી.' પછી ભગો શેઠ જલેબીની રસોઈ કરાવીને લાવ્યા તેને પોતે પિરસીને સર્વ સંતને જમાડ્યા. પછી આનંદાનંદસ્વામીને અમદાવાદ શ્રી નરનારાયણના મંદિરનું કામ ચાલતું હતું તેને કરાવવાં સારું મેલ્યા ને નિત્યાનંદસ્વામીને વડોદરે મેલ્યા.

**(ઈતિ સત્યોતેરની લીલા સંપૂર્ણ)**

તે પછી ત્યાં ગઢડામાં રહ્યા થકા ઉનાળામાં પોતાના ભક્તજન લાવ્યા જે કેરીઓ તેને પોતે જમે ને પ્રસાદી સંતને તથા પોતાના પાર્ષદને આપે. ચોમાસાને વિષે પાર્ષદને સંત મંડળ સહિત ખળખળીયાને વિષે ન્હાવા પધારે ને પાછા દરબારમાં આવે. પછી પોતે જન્માષ્ટમીનો સમૈયો ભારે કર્યો ને પાંચ દિવસ સુધી સંતને જમાડ્યા. દશેરાનો ઉત્સવ પોતે સારો કર્યો ને વાવને માર્ગે ઘોડા ફેરવ્યા. પછી અન્નકૂટનો ઉત્સવ કરીને સર્વ સંતને જમાડ્યા ને સર્વ સંતને મળ્યા. તે પછી મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામીને શ્રી નરનારાયણની પ્રતિષ્ઠા નિમિત્તે સામાન કરાવવા સારુ આગળ અમદાવાદ મેલ્યા. પછી શ્રીજીમહારાજે સર્વ દેશ પ્રત્યે કાગળ લખાવીને મેલ્યા જે, "શ્રીનગરમાં શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા ફાગણ સુદી ત્રીજની છે તે ઉપર હરિભક્ત સર્વ આવજો." એવી રીતે પત્ર લખાવીને પછી પોતે શ્રી નરનારાયણ પધરાવ્યાને અર્થે સર્વે સંતને દાદાખાચર ને સુરોખાચર આદિ કાઠિના અસવારે વિંટાણા થકા ત્યાંથી ચાલ્યા તે ગામ સારંગપુર થઈને **જવારજ** પધાર્યા ને ત્યાં તળાવની પાળે ઉતર્યા. તે ગામના બ્રાહ્મણે પ્રશ્ન પૂછ્યા તે સર્વના ઉત્તર તત્કાળ પોતે કર્યા તેથી તે બ્રાહ્મણ આશ્ચર્ય પામીને પગે લાગીને ઘેર ગયા. પછી પોતે ત્યાંથી **ધોળકે** પધાર્યા. ત્યાંથી ચિતરાસલ થઈને દશમને દિવસે જેતલપુર પધાર્યા ને એકાદશીને દિવસ વ્હેલા પ્રાતઃકાળમાં ઉઠીને કાઠિના અસવારે વિંટાણા થકા **શ્રીનગર** પધાર્યા. મંદિરમાં આવીને શ્રી નરનારાયણની મૂર્તિઓ જોઈને બહુ પ્રસન્ન થયાને મુખ આદિક સર્વ અંગને વિષે વારે વારે હાથ ફેરવીને મૂર્તિઓને મળીને બહુ વખાણતા થકા બ્રાહ્મણને ઘોડાનું દાન કરીને સર્વ અસવાર સહિત ભોજન કરીને પોતાને મુકામ કરવાની જાયગા જોવા સારું પાદશાવાડીના મહોલમાં પધાર્યા. તેને જોઈને

ત્યાંથી અંધારી વાડીએ પધાર્યા. તે વાડીને જોઈને ત્યાંથી દૂધેશ્વર પધાર્યા. ત્યાં દૂધેશ્વરની સર્વ આંબલીઓ જોઈને સર્વ અસવારે વિંટાણા એવા જે શ્રીહરિ તે જેતે ઈડરીયે દરવાજે થઈને શહેરમાં પ્રવેશ કરીને રાજ બજાર વચ્ચે ગાજતે વાજતે કાંકરીયે તળાવ પધાર્યા. તે તળાવની ભૂમિ જોઈને ત્યાં ઉતારો ઠેરવીને પાછા જેતલપુર પધાર્યા ને આસોપાલવને સન્મુખ મહોલમાં ગોખને વિષે વિરાજમાન થયા ને સર્વ સંત ને હરિભક્ત દર્શન કરતા હવા.

પછી શ્રીજીમહારાજ દ્વાદશીને દિવસ ગામ **અશ્લાલી** આવ્યા ને સર્વ સંત સહિત પટેલ વેણીભાઈને ઘેર થાળ જમીને તળાવની પાળે આંબલીઓ તળે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સંત સર્વ સન્મુખ ચોકમાં બેઠા. વેણીભાઈએ ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજા કરી તેને અંગીકાર કરીને ત્યાંથી સર્વ સંઘ સહિત ચાલ્યા તે મધ્યાહ્ન સમે કાંકરીયે તળાવ પધાર્યા. તે તળાવની દક્ષિણાદિ દિશે આંબલીઓમાં ડેરા તણાવીને શ્રીજી તે તંબુને વિષે વિરાજમાન થયા ને તે ડેરાથી ઉગમણી કોરે સર્વ સંત ઉતર્યા. મહારાજના તંબુને ચારેકોરા આંબલીઓમાં સંઘ ઉતર્યો. પછી શ્રીજીમહારાજે મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, "શાહૂકાર લોકને ઉતારો વચમાં આપવો ને જે શસ્ત્રધારી લોક હોય તેને છેવાડે ઉતારો દેવો." પછી મહાનુભાવાનંદસ્વામી તે જ પ્રકારે કરતા હવા ને દેશ દેશથી હજારો હજાર સંઘ તે ઉત્સવ ઉપર આવીને કાંકરીયા તળાવને ચારેકોર ઉતરતા હવા. પછી બીજે દિવસ પ્રાતઃકાળે ઉંચા મંચ ઉપર વિરાજમાન થયાને સર્વે સંતને દેશ દેશના હરિભક્તની આગળ સભા થઈ તે સમે શહેરમાંથી દુલાપસાહેબ તથા એરણસાહેબ આવીને ટોપીઓ ઉતારીને મહારાજને પગે લાગ્યા ને દર્શન કરીને બહુ ખુશી થયા ને કહ્યું જે, "હે સ્વામિનારાયણ ! તમે પાદશાહવાડીમાં કેમ ઉતર્યા નહિ ?" પછી પોતે બોલ્યા જે, "હજારો મનુષ્ય ભેળા થાય તે કોઈક સરકારના બાગમાં ફળફૂલ તોડે તો સરકારના બાગમાં નુકશાન થાય માટે ન ઉતર્યા." પછી તે સાહેબ ખુશી થઈને શહેરમાં ગયા ને પાછલો પહોર દિવસ રહ્યો ત્યારે ફેર દર્શને આવ્યા અને પ્રાર્થના કરીને કહ્યું જે, "હે મહારાજ ! તમે અમારે બંગલે પધારો." પછી પોતે બંગલે પધાર્યા. તે સાહેબ હાથમાં ટોપી લઈને મહારાજને સન્મુખ

આવીને હાથ ઝાલીને ખુરશી ઉપર વિરાજમાન કર્યા. પછી અત્તર, ગુલાબદાની, મેવા, ફળ, ફૂલના હાર, વસ્ત્ર, અલંકાર આદિક પૂજાની સામગ્રીએ કરીને સન્માન બહુ કર્યું. પછી પોતે તેને અંગીકાર કરીને ઉતારે પધાર્યા. પછી શિવરાત્રીને દિવસ સર્વ સંત ને કેળા, દૂધ ને પેંડાનું ફળાહાર તે ભક્તજનને કરાવ્યું. પછી તે દિન પોતે ચાર વેદના ભણેલા બ્રાહ્મણને વરુણીમાં વરતા હવા ને તે બ્રાહ્મણ મંદિર આગળ વેદિકામંડપમાં બેસીને હોમ કરતા હવા.

પછી ત્રીજને દિવસ પ્રાતઃકાળે દિવસ ઉગ્યા પહેલાં મંદિરના દરવાજાના મેડ ઉપર વિરાજમાન થયા. પછી સંવત ૧૮૭૮ અઢારસો ને અઠ્યોતેરના ફાગણ સુદી ત્રીજ ને રવિવારને દિવસ દોઢ પહોર દિન ચઢ્યે શ્રી નરનારાયણદેવને મળીને વિધિએ સહિત પોતે પધરાવતા હવા. પછી પોતે આરતી ઉતારીને બે ઘડી સુધી એકાગ્ર દ્રષ્ટિએ કરીને શ્રી નરનારાયણદેવને જોઈ રહ્યા. પછી અતિ પ્રેમે કરીને મળીને બોલ્યા જે, "અમે સદા આ મૂર્તિઓને વિષે રહેશું ને એમાં રહ્યા થકા ભક્તજનના મનોરથ પૂર્ણ કરશું. નરનારાયણદેવનો દિન દિન પ્રત્યે અધિક અધિક પ્રતાપ વધશે." એમ કહીને સંતને પગે લગાડ્યા ને પોતે ત્યાં બેસીને થાળ જમ્યા. એ પ્રકારે અતિ આદરે કરીને શ્રી નરનારાયણદેવની પ્રતિષ્ઠા કરીને ભણનારા સંત પાસે શ્લોક બોલાવ્યા ને સ્તુતિ કરાવી. પછી સર્વ સંત સહિત બેચર મણકીની હવેલીએ પધાર્યા. ત્યાં સર્વ સંતને જમાડીને મંદિરમાં પધાર્યા ને દરવાજાને મેડે વિરાજ્યા. પછી સાંજને સમે લીંબડા તળે સભા કરીને વિરાજમાન થયા ને વરૂણીમાં વર્યા હતા જે બ્રાહ્મણ તેમને બહુ પ્રકારની દક્ષિણાઓ આપી.

પછી મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ સદ્‌ગુરુને પોતે પૂછ્યું જે, "બ્રાહ્મણની ચોરાસી કરશું ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! હાલમાં ચોરાસી નહિ થાય ને ફેર જ્યારે પધારો ત્યારે કરજો. પછી પોતે બોલ્યા જે, "સ્વામી! એમ શું બોલો છો ? એક દિ'માં અમારે ચોરાસી કરવી." એમ કહીને પછી સંત સહિત કાંકરીયે પધાર્યા ને ત્યાં મંચ ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત આવીને સન્મુખ બેઠા.

તે સમે દેશાંતરથી આવ્યા જે સત્સંગી તે સર્વે શ્રીજીમહારાજની નાના પ્રકારના વસ્ત્ર, અલંકાર ને સોના રૂપા, મહોર આદિ દ્રવ્યે કરીને સેવા ઘણી કરતા હવા. તેને અંગીકાર કરીને પોતે પોઢવા ગયા. પછી પ્રાતઃકાળમાં પોતે કાંકરીયા તળાવને વિષે સ્નાન કરીને પછી શહેરમાં પધાર્યા ને શ્રી નરનારાયણના મંદિરમાં આવીને લીંબડાની હેઠે સભા કરીને વિરાજ્યા ને ચોરાસી નાતના પાતળીયા (આગેવાન) બ્રાહ્મણને તેડાવીને કહ્યું જે, "અમારે ચોરાસી કરવી છે કેમ તમે જમશો ?" પછી તે બ્રાહ્મણે કહ્યું જે, "હે મહારાજ ! અમદાવાદની ચોરાસી તો બહુ દિવસથી સામાન ભેળો કરે ત્યારે થાય ને તમે તો કોઈ સામગ્રી ભેળી કરી નથી માટે કીયે પ્રકારે ચોરાસી કરશો ?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "તમે જમવાની પ્રથમ હા પાડો ને અમારે સામાન ભેળો કરવાની સામર્થી છે તો કહીએ છીએ." પછી બ્રાહ્મણે કહ્યું જે, "બહુ સારુ મહારાજ ! શા સારુ નહિ જમીએ ?" એ પ્રકારે જમ્યાનું નક્કી કરીને પછી પોતે કહ્યું જે, "કાંકરીયે રસોઈ કરાવીએ." ત્યારે બ્રાહ્મણે કહ્યું જે, "ત્યાં તો કાગડા ને કીડીયું બહુ તે કેમ સુખ આવે ? પછી પોતે બોલ્યા જે, "કીડી ને કાગડા આવે તો જમવું નહિ."

પછી સહુ ખુશી થઈને ઘેર ગયા ને પોતે લાલદાસ ગોરા ને દામોદર ને માણેકશા ને લખાભક્ત ને હીરાભક્ત, કુબેરસિંહજી આદિ હરિભક્તને બીજા ગામોના જે ડાહ્યા ડાહ્યા હરિજન તેમને બોલાવીને કહ્યું જે, "તમે સર્વે શહેરમાં જઈને ગોળ, ઘી, ઘઉં, દાળ, ચોખા, મીઠું, મરચું, જીરૂ, મેથી, હળદર, આંબલી, તેલ આદિક વસ્તુને એક એક નોખા જોઈને નક્કી કરીને મણથી લઈને હજારો મણનું બહાનું દઈને આવવું. આવી રીતે આજ્ઞા કરી તે સર્વે જણ તેવી જ રીતે કરીને આવ્યા. પછી કુબેરસિંહે કહ્યું જે, "હે મહારાજ ! ઘઉં સારા મળ્યા નહિ." પછી પોતે બોલ્યા જે, "કોઠગાગડના ઘઉં બહુ સારા છે તે તમે બે ચાર હરિભક્ત દરવાજે જાઓ. ત્યાં ગાડા આવ્યા હશે." તે વાત સાંભળીને હરિજન તરત ત્યાં ગયા ત્યાં તો એક સામટા પચાસ ગાડાં આવીને ઉભા રહ્યા ને કહેવા લાગ્યા જે, "સ્વામિનારાયણનું મંદિર ક્યાં છે ? અમારે ઘઉંના ગાડા ત્યાં લઈ જવાના છે." પછી કુબેરસિંહે કહ્યું જે, "ચાલો ! હું તમને મંદિર દેખાડું." એમ

કહીને પચાસે ગાડા હકાવી લાવ્યા ને ભાવનું પૂછ્યું ત્યારે કહે જે, ''ત્યાંથી શેઠે ભાવ કરીને મેલ્યા છે.'' એમ કહીને સર્વે ગાડા ખાલી કરીને ચાલી નિસર્યા. પછી શ્રીજીમહારાજે બાઈઓની સભા સામુ જોઈને હાથ હલાવીને સાનમાં કહ્યું તે સર્વે બાઈઓ સૂપડા લાવીને એક ઘડીમાં ઝાટકીને સોજો કરીને દળીને લોટ તૈયાર કર્યો. પછી સંઘમાં જેને ગાડા હતા તે સર્વેને આજ્ઞા કરી જે શહેરમાંથી લોટ વિગેરે સર્વ સીધાનો સામાન કાંકરીયે પહોંચાડો. પછી એક કાલાવિછિન્ન ઘી, ગોળ, દાળ, ચોખા, મસાલો, ખાંડ આદિ સર્વ સામગ્રી હરિજન ગાડા ભરીને કાંકરીયે તળાવ પહોંચાડતા હવા. પછી પોતે ત્યાં પધાર્યા ને રસોઈયા બ્રાહ્મણને બોલાવીને તેને પ્રથમ જમાડીને પછી સર્વેને ચોકે સીધા અપાવીને પછી તેમને ચોકે ચોકે કાંઈ બગાડ ન થાય તે સારુ બે બે સંતને ચોકીમાં મેલ્યા તે સમે એક જાતિના બ્રાહ્મણ સીધાનું ગાડું લઈને શહેરમાં ચાલ્યા તેને નિષ્કુળાનંદસ્વામીએ પાછા વાળવા માંડ્યા તે વળ્યા નહિ ને તેમને બટકું ભર્યું. તે સમે દશબાર અસવાર સહિત ત્યાં પોતે પ્રગટ થઈને તેને કાઠિયો પાસે ડરાવીને તે ગાડા સહિત બ્રાહ્મણોને પાછા વાળીને સર્વે સમૂહ ભેળી રસોઈ કરાવીને પોતે ત્યાં મંચ ઉપર વિરાજ્યા ને એ પ્રકારે ચમત્કાર દેખાડીને સંતની રક્ષા કરી.

પછી સર્વે બ્રાહ્મણો પ્રત્યે પોતે એમ કહ્યું જે, ''સર્વે લાડવા જમજો પણ કોઈ અમારા સંતને કરડશો નહિ.'' એમ કહીને કહ્યું જે, ''સર્વે વ્હેલી રસોઈ કરી લ્યો ને રાત્રીભોજન શાસ્ત્રમાં નિષેધ છે તે સારુ નિર્વિઘ્ન દિવસ છતાં જમી લ્યો. એવું વચન શ્રીહરિનું માથે ચડાવીને તે બ્રાહ્મણ જે તે તત્કાળ પંક્તિ કરીને શ્રી નરનારાયણ દેવની જય એમ બોલીને સર્વે જમવા લાગ્યા ને મહારાજનું વચન જે કીડી કાગડા નહિ આવે તેને સર્વે બ્રાહ્મણ તે સમે સંભારીને ઘણુ આશ્ચર્ય પામીને એમ બોલ્યા જે, ''એ વાત કોઈ મનુષ્યથી થાય નહિ. આ તો કોઈ મોટા ઈશ્વર છે. જુઓને ! બાર મહિના સુધી સામાન ભેળો કરે ત્યારે શહેરની ચોરાસી થાય ને સ્વામિનારાયણે તો નોતરાને સામાન એક દિવસે કર્યું ને કીડી કાગડા નહિ આવે તે પણ ક્યાંઈ ન મળે એ મોટો પરચો.'' એમ સર્વે બોલતા જાય ને જમતા જાય. પછી શ્રીજીમહારાજ ઘોડે અસવાર થઈને સર્વે

અસવારે વિંટાણા થકા સર્વે બ્રાહ્મણને બે વાર પ્રદક્ષિણા કરીને લક્ષાવધી મનુષ્યને દર્શન દઈને પાછા મંચ ઉપર વિરાજમાન થઈને બોલ્યા જે, ‘‘આવી મનુષ્યની ભીડ તો કોઈ ઉત્સવમાં થઈ નથી. આ તો ‘ન ભૂતો ન ભવિષ્યતિ’ એવી ભીડ થઈ છે તે ફેર પોતે કાકંરીયામાં ઘણીવાર સખા સહિત જળક્રીડા કરીને સર્વ હરિભક્તને સુખ દેતા હવા.

એક દિવસ કાંકરીયા તળાવને વિષે સ્નાન કરીને ઉગમણી પાળે ગળનાળા ઉપર બેસીને નિત્ય વિધિ કરીને પ્રેમી ભક્ત લાવ્યા જે થાળ તેને પોતે જમીને ઉતારે પધાર્યા. એક દિવસ તે તળાવની દક્ષિણાદિપાળે પથ્થરનો ગોખ હતો તેમાં પોતે દક્ષિણાદે મુખારવિંદ વિરાજ્યા ને સર્વ સંત ને દેશ દેશના હરિભક્તની સભા થઈને તે સમે જ્ઞાનવાર્તા ઘણી કરી. પછી આરતી કરીને ઉતારે પધારે. એવી રીતે ઘણીક લીલા કરીને સુખ દીધું. એક દિવસ મંચ ઉપર વિરાજમાન થયા ને દામોદરને કહ્યું જે, ‘સંઘમાં સહુને સંભળાવો કે જેને પૂજા કરવી હોય તે કરે,’ પછી સહુએ પૂજા કરી પણ એકલી બાઈઓ રહી. તે સર્વે આવીને મહારાજની પૂજા કરતી હવી. તે સર્વે પૂજા કરી રહ્યા ત્યારે કેડે શ્રીજીમહારાજે આનંદાનંદસ્વામીને કહ્યું જે, ‘તમારે જે ખરચ થયું હોય તે ગણી લ્યો.’ પછી તેમણે ગણીને સર્વે ખરચ પુરુ કરતા એક અડધો રૂપિયો વધ્યો. પછી પોતે બોલ્યા જે, ‘‘આ અડધો રૂપિયો શ્રી નરનારાયણદેવને થાળનો. એમ કહીને પછી મુક્તાનંદસ્વામીને બ્રહ્માનંદસ્વામી, આનંદાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી આદિ મોટેરા સંતને પોતે કહ્યું જે, ‘તમારે સંઘ સહિત અમારા ભેળું ચાલવું નહિ.’ બ્રાહ્મણ જમી રહ્યા કેડે ચોરાસીનો જે સામાન વધે તે સર્વે શહેરમાં પહોંચાડીને પછી તમારે સર્વેને વેરાવવું. એમ આજ્ઞા કરીને પોતે ‘જય સચ્ચિદાનંદ’ કહીને ઘોડે અસવાર થઈને સર્વ અસવારે વિંટાણા થકા ચાલ્યા તે સર્વે સત્સંગી ચંડોલા તળાવ સુધી વળાવવા ગયા ને પછી પોતે બોલ્યા જે, ‘સર્વે પાછા વળો’ પછી સર્વે પગે લાગીને એમ કહેતા હવા જે, ‘‘હે મહારાજ ! પાછા વ્હેલા દર્શન દેજો.’’ એમ કહીને પાછા વળ્યા. પછી પોતે સર્વેને રાજી કરીને શીઘ્ર ગતિએ ગામ **જેતલપુર** પધાર્યા.

પછી વાંસેથી દુલાપ સાહેબ ને એરણસાહેબની ભેળી મેડમો (પત્નીઓ) લઈને, ત્યાં શહેરમાંથી કાંકરીયે તળાવ આવીને પૂછ્યું જે, "સ્વામિનારાયણ ક્યાં છે ? ત્યારે કુબેરસિંહે કહ્યું જે, 'સ્વામિનારાયણ તો ગઢડે પધાર્યા.' પછી તે સાહેબ કરડીને બોલ્યા જે, "અહો ! એ ક્યા સામાન સબ પડા હૈ બ્રાહ્મન સબ જીમતા હૈ એ સબ છોડકે ચલે ગયે. બડા, ઓલિયા, બડા ઓલિયા." એમ બે વાર બોલીને પછી સર્વ સામાન ફરીને જોઈને કહ્યું જે, 'અમારા જેવું કામકાજ કહેવું.' પછી સ્વામીએ કુબેરસિંહ પાસે કહેવરાવ્યું જે, 'સામાન શહેરમાં લઈ જાવો છે તે દરવાજાવાળાને કહેવું જે વાસે નહિ પછી સાહેબે કહ્યું જે, 'બહુ સારુ.' એમ કહીને શહેરમાં ગયા. શ્રીજીમહારાજ પછી જેતલપુરથી પ્રાતઃકાળે અસવાર થઈને ચાલ્યા તે ધોળકે પધાર્યા. ત્યાંથી ગણેશ ધોળકે દોઢ પહોર દિવસ ચડે પધાર્યા ને ત્યાં ગણપતિના મંદિરમાં જઈને પોઢ્યા. પછી ચાર ઘડી દિવસ રહ્યો ત્યારે રાણુંમાં આવીને વિરાજમાન થયા ને ત્યાં દહીં ને ભાત પોતે જમ્યા. ત્યાં બે રાત્રી રહીને ગામ બળોલ પધાર્યા. ત્યાંના હરિજનને દર્શન દઈને તેમની સેવા અંગીકાર કરીને ત્યાંથી **હડાળે** થઈને **શ્રીગઢડે** પધાર્યા ને દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં એક વર્ષ રહીને લીલા કરતા હવા ને પછી ત્યાં હુતાસનીનો ઉત્સવ કર્યોને રામનવમીનો સમૈયો કર્યો.

એક સમે સારુ મુહૂર્ત જોઈને વેદના ભણેલા બ્રાહ્મણની પાસે ઉત્તરાદા બારના ઓરડામાં વાસુદેવની મૂર્તિની પ્રતિષ્ઠા કરીને બ્રાહ્મણની ચોરાસી કરીને દક્ષિણા દઈને રાજી કર્યા. તે ઉત્સવ પર આવ્યા જે સંત તેમને મોતિયા ને જલેબી આદિક જે પકવાન તેને પોતે પિરસીને જમાડ્યા. અમદાવાદથી દામોદર ને માણેકશાહ તથા લખો ને હીરાચંદ ને અશ્લાલીના વેણીભાઈએ સર્વે આવ્યા હતા તેમણે મહારાજની પૂજા કરીને કેડે રૂપાનો કંદોરો ને હાથે સોનાના કડા ને કાને મોતીએ યુક્ત કુંડળ તે સર્વે પહેરાવીને આરતી ઉતારીને પગે લાગ્યા. તેને માથે પોતે હાથ મેલીને રાજી કર્યા ને તેમનો થાળ જમીને પ્રસાદી આપીને પછી ત્યાંથી પોતે **સારંગપુર** પધાર્યા ને જીવાખાચરના ઓરડામાં ઉતર્યા. ભેળા અમદાવાદના હરિભક્ત આવ્યા હતા તેમણે મહારાજ સારુ થાળ કરાવ્યો તેને પોતાના એકાંતિક ભક્તે કરીને આગળ લાવીને મેલ્યો. તેને પોતે રમુજ કરતા

જાય ને જમતા જાય. એમ પોતે જમીને પોતાના એકાંતિક ભક્તને આનંદ ઉપજાવતા થકા ત્યાં પોતે સાત દિવસ રહીને પાછા **ગઢડે** પધાર્યા.

તે જ વર્ષમાં એક દિવસ પોતે ઉદાસ થઈને કહ્યું જે, ''અમે તો બદ્રિકાશ્રમમાં જાશું.'' ત્યારે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી તથા બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, ''તમે શા ઉપાયે આહિં રહો ?'' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમને **પરમહંસ** કરો તો રહીએ ને અમારી પાસે કોઈ બાઈઓ આવે નહિ ને અમારે અર્થે કોઈ થાળ કરે નહિ તો અમે રહીએ.'' ત્યારે સંતોએ કહ્યું જે, 'બહુ સારુ. તમે પરમહંસ થાઓ.' ત્યારે પોતે માથાનો ફેંટો હતો તેને ફાડીને લપેટીને કોપીન વાળીને પછેડી ફાડીને કફની કરીને ઉપર રૂમાલ બાંધ્યો. પછી બ્રહ્મચારીને કહ્યું જે, 'આહિંથી ધાતુ પાત્ર સર્વ લઈ જાવ.' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'તમારે ધાતુ પાત્ર કેદી છે?' આ તો મારો કળશિયો છે. એમ કહીને ઉપાડી લીધો.

પછી મહારાજે કહ્યું જે, ''જે તુંબડી હોય તો લાવો. ત્યારે નિર્માનાનંદસ્વામીએ લાવીને તુંબડી આપી ત્યારે પોતે રાજી થઈને બોલ્યા જે, ''આ તુંબડી રજોગુણી છે.'' ત્યારે નિષ્કુળાનંદસ્વામી વાંકી ને રંગ્યા વિનાની તુંબડી લાવ્યા. ત્યારે હસીને પોતે બોલ્યા જે, ''આ તો લઘુશંકા કરીને હાથ ધોયા જેવી છે.'' એમ કહીને ચોકડી ઉપર મેલાવીને પ્રથમની હતી તે પણ પીવા રાખી. પછી નિત્યાનંદસ્વામીને કહ્યું જે ''કથા કરો.'' ત્યારે દત્તાત્રેયના આખ્યાનની કથા કરતા હવા. ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ''તમારો દત્તાત્રેયના જેવો સ્વભાવ છે.'' ત્યારે પોતે બોલ્યા જે, ''અમારે દત્તાત્રેય ઉપર ઘણુ હેત છે.'' એમ કરતા મધ્યાહ્ન સમો થયો ત્યારે મહારાજે કહ્યું જે, ''અમારે ભિક્ષા માંગવાનો સમય થયો.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, તમે દરબારમાં ભિક્ષા માંગો. ત્યારે પોતે, ઝોળી લઈને વાસુદેવના મંદિર આગળ આવીને ''નારાયણ હરે સચ્ચિદાનંદ પ્રભો'' એવો શબ્દ કરતા હવા.

પછી પોતાના રસોયા હતા તેમણે પૂરી ને બિરંજ આદિક ભિક્ષા ઝોળીમાં નાંખ્યુ. ત્યારે પોતે કહ્યું જે, ''અમે ના પાડી હતી ને કેમ આવી સારી રસોઈ કરી'' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'એ રસોઈ તમારા સારુ નથી કરી. એ તો

ઠાકોરજી સારુ કરી હતી' તે તમારી ઝોળીમાં નાંખી ને પછી પોતાના ઉતારામાં ભિક્ષા માંગી લાવ્યા તેને પોતે જમ્યા ને વધ્યું ત્યારે મહારાજને પૂછ્યું જે, 'આનું કેમ કરવું ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "પરમહંસનો પ્રસાદ તો પરમહંસને ખપે." પછી પોતે બોલ્યા જે, "તમે લઈ જાઓ." એમ કહીને પોતે પોઢી ગયા. પછી ત્રીજે પહોર કથાનો આરંભ કરાવ્યો તેમાં આત્મારૂપ થઈને પરમાત્માની ભક્તિ કરવી. એ વાર્તા આવી તેને પોતે વિસ્તારે કરીને કહી. પછી સાંજનો સમો થયો ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! જમવાનો સમય થયો ત્યારે પોતે બોલ્યા જે, "પરમહંસને બીજી વખત ભિક્ષા કેમ મંગાય ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'દત્તાત્રેય જેવા પરમહંસ તે તો અણ ઈચ્છાએ આવે, તેને પોતે જમવા માટે તમને વગર માંગ્યુ કોઈ આપે તો જમજો.' પછી બ્રહ્મચારી જમવાનું લાવ્યા તેને પોતે જમ્યાં. પછી આરતી થઈ રહ્યા કેડે પોતે પોઢ્યા ત્યારે મચ્છરીયા આવીને કાનમાં ગણગણાટ કરવા માંડ્યા ત્યારે પોતે કહ્યું જે, "આ તો મચ્છરીયા બહુ કનડે છે." ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'ફેંટો બાંધો તો કાનમાં ન પેસે.' ત્યારે ફેંટો પોતે બાંધીને પોઢ્યા.

પછી દિવસ ઉગ્યો ત્યારે પોતે પરમહંસ ભેળા ન્હાવા પધાર્યા. પછી ખળખળીયામાં કફની ને ફેંટે સહિત ન્હાવા બેઠા. પછી કફની ને ફેંટા તણાતા મેલ્યા તેને પોતાને પાર્ષદે લઈ લીધા. પછી મહારાજે પૂછ્યું જે, "અમારે કેમ કરવું?" પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'પરમહંસને બાઈ માણસને દેખતા કોપીન ભર ન થાવું.' પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'હમણાં તમે ખેસ પહેરોને ઉતારે જઈને કફની પહેરજો.' ત્યારે પોતે ખેસ પહેરીને પરમહંસે સહિત દરબારમાં પધાર્યા. પછી **જીવાખાચર** આવીને રોવા લાગ્યા ત્યારે મહારાજે કહ્યું, "જે શા સારુ રોવો છો ?" ત્યારે જીવોખાચર બોલ્યા જે, 'તમે પરમહંસ થયા ત્યારે મારાથી ઘરમાં કેમ રહેવાશે ?' ત્યારે પોતે બોલ્યા જે, "કાંઈ દિલગીર થાશો નહિ. તમે જેમ કહો તેમ કરીએ" ત્યારે તેમે કહ્યું જે, 'ડભાણના યજ્ઞમાં જેવા વસ્ત્રને ઘરેણા પહેર્યા હતા તેવા પહેરોતો રાજી થાઉં.' ત્યારે મહારાજે તેવા વસ્ત્રને ઘરેણા પહેર્યાં. પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'આવા

દર્શન સર્વેને દ્યો તો બહુ સારુ' પછી બહાર સભામાં પધાર્યા ને સર્વેને દર્શન દઈને આનંદ ઉપજાવતા હવા.

પછી તે જ સભામાં **પ્રેમાનંદસ્વામી** પંચભાષાનું કીર્તન નવું કરીને ગાતા હતા ત્યારે **બ્રહ્માનંદસ્વામીએ** કહ્યું જે હમણાં માંડ ઉપાધિ સમી છે ને તમે આવું કીર્તન કેમ ગાવો છો ? ત્યારે તેમણે ગાવવું બંધ રાખ્યું. ત્યારે નાજે જોગીયે મહારાજને કહ્યું જે, 'કોઈ કવિ અમને લેખામાં આવ્યા નહિ. આ જ પ્રેમાનંદસ્વામી લેખામાં લાવ્યા.' ત્યારે મહારાજે કહ્યું જે, "તેમને બોલાવો." ત્યારે નાજો જોગીયો પ્રેમાનંદસ્વામીને બોલાવી લાવ્યા. પછી મહારાજે કહ્યું જે, "પંચભાષાનું કીર્તન ગાવો" ત્યારે તેમણે કહ્યું જે, મને તો બ્રહ્માનંદસ્વામીએ ના પાડી છે તે નહિ ગાવું. ત્યારે પોતે બોલ્યા જે, "કોઈ ફિકર રાખશો નહિ. સુખેથી ગાવ" એમ કહીને સતાર મંગાવીને આપ્યો ત્યારે સતાર લઈને કીર્તન ગાવા માંડ્યા. ત્યારે મહારાજને ખભે રેંટો હતો તે ઉતારીને પ્રેમાનંદસ્વામીને આપ્યો ને એમ કહ્યું જે, "આ રેંટો ઓઢીને કીર્તન ગાતા ગાતા બ્રહ્માનંદસ્વામી પાસે જાવ." પછી તેવી જ રીતે ગાતા ગાતા ગયા ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, ઓય પ્રેમસખી! આવી મોજ ક્યાંથી લઈ આવ્યા ? ત્યારે તેમણે કહ્યું જે, 'મુને મહારાજે રેંટો આપ્યો.' તે સાંભળીને સર્વે સંત રાજી થયા. એવી રીતે અઠ્યોતેરાના વર્ષની લીલા ગઢડાપુરમાં રહીને પૂરી કરી.

**(ઈતિ અઠ્યોતેરની લીલા સંપૂર્ણ)**

પછી **ચાતુર્માસ** આવ્યો ત્યારે પોતે ઘોડીએ ચડીને સંતમંડળને પોતાના પાર્ષદ સહિત ઘેલા નદીમાં સ્નાન કરવા પધારે તે ખળખળીયે ને નારાયણધરે, ખિજડીયે ને ઉગમણે ખળખળીયે એમ નોખા નોખા નિત ન્હાવા પધારે. પછી નિયમની એકાદશી આવી ત્યારે **ધારણા પારણા, ચાંદ્રાયણ, આસનજીતવું ને લાંબા પગ કરીને સૂવું નહિ ને ખાતાં પાણી પીવું પછી ન પીવું એવી રીતે સંતોએ નિયમ નોખા નોખા રાખ્યા.** બાઈઓએ પળી પાણી પીવું ને પાશેર અન્નખાવું ને મટકું મારવું નહિ ને માંખો, મગતરુ (મચ્છર) ઉડાડવું નહિ એવા નોખા નોખા નિયમ રાખ્યા. દાદાખાચરે નિયમવાળા સંત ને વૃદ્ધ તેમને જમાડવાનું નિયમ રાખ્યું. પછી જન્માષ્ટમી ઢૂકડી આવી ત્યારે મહારાજે કહ્યું

જે, "એક માસ પૂરો થયો માટે આજથી નિયમની સમાપ્તિ કરો ને પ્રસાદી જમો. તમે તો હદ વાળી. તમારા જેવો ત્યાગ કોઈ રાખી શકે એવો નથી." પછી સંતોએ કહ્યું જે, "અમારે તો તમને રાજી કરવા છે." એમ કહીને સર્વ સંતોએ મહારાજને રાજી કર્યા. પછી પોતે સંતને સારી પેઠે પિરસીને જમાડ્યા. તેને જમીને નિયમની સમાપ્તિ કરી ને બાઈઓને પણ તે જ રીતે જમાડીને વ્રતની સમાપ્તિ કરાવી.

પછી ત્યાંથી ચાલ્યા તે **કારીયાણી** પધાર્યા ને વસ્તાખાચરના દરબારમાં ઉતાર્યા. પછી તે ભક્તે કહ્યું જે, "હે મહારાજ ! આજ તો મારી દીકરીનો માસીયો છે તે સારી પેઠે જમીને સંતને જમાડો." ત્યારે પોતે જમીને સંતને મોતિયા લાડુ જમાડીને સંત મંડળે સહિત સારંગપુર પધાર્યા ને જીવાખાચરના દરબારમાં ઉતર્યા. ત્યાં જમીને સંતને જમાડીને પછી જન્માષ્ટમીનો દિવસ આવ્યો ત્યારે પોતે ગામની બહાર પધાર્યા. ત્યાં ગાડા ઉપર ઢોલિયો ઢળાવીને તેની ઉપર વિરાજમાન થયા ને સંત ને હરિભક્તને દર્શન દઈને ગામમાં પધાર્યા. પછી સંત પાસે સામસામા પ્રશ્ન ઉત્તર કરતા થકા ત્યાં દોઢ માસ રહીને ગઢડે પધાર્યા ને ત્યાં નિત્ય ઘેલા નદીમાં ન્હાવા પધારે ને સભા કરીને વિરાજમાન થયા.

એક દિવસ પોતે સભામાં **મુક્તાનંદસ્વામીને પ્રેમાનંદસ્વામી** આદિ ગવૈયા સંત પાસે દુકડ, સરોદા, સતાર વજડાવીને કીર્તન ગવરાવતા હતા. તેમાં એ કીર્તન આવ્યું જે **"ઈન મોહના ને મેરો મન હર લીનો"** તે સમે એક હરિભક્તે મકાઈ (ડોડા) મેલ્યા તેને પોતે હાથમાં લઈને ફેરવવા માંડ્યા ને ઈન મોહના ને મેરો મનહર લીનો એમ બોલીને હસતા થકા ગવૈયા ને મોટા સંતને એક એક મકાઈ (ડોડો) આપ્યો. ત્યારે સુરાખાચર બોલ્યા જે, 'બાપને તો સર્વે છોકરા સરખા હોય.' ત્યારે પોતે હસીને સુરાખાચરને સોમલાખાચર ને દાદાખાચર આદિ પાર્ષદને એકુકો મકાઈ ડોડો આપ્યો. એવી રીતે નિત્ય પ્રત્યે નવીન નવી લીલા કરતા થકા ને પોતાના એકાંતિક ભક્તને પાર્ષદને આનંદ ઉપજાવતા થકા ત્યાં **કારીયાણી**એ પધાર્યા ને વસ્તાખાચરના દરબારમાં ઉતર્યા ને થાળ જમીને સંત ને પાર્ષદને જમાડ્યા. પછી દશેરાનો દિવસ આવ્યો

ત્યારે શ્રીજીમહારાજ ભારે વસ્ત્ર ને ઘરેણા પહેરીને ઘોડીએ અસવાર થઈને કાઠિયોના અસવારે સહિત ગાજતે વાજતે ગામની બહાર નિસર્યા તે તળાવને ચારે કોર ઘોડા ફેરવ્યા. પછી ગાજતે વાજતે ગામમાં પધાર્યા ને સર્વે હરિભક્તને મનવાંછિત સુખ આપતા હવા.

પછી એક દિવસ પોતે સર્વે સંતને કહ્યું જે ફરવા જાઓ. ત્યારે વસ્તાખાચરે કહ્યું જે, ''હે મહારાજ! ઘરમાં બાજરો, ઘઉં ને ડાંગર એ આદિક અન્ન ઘણુએ ભર્યું છે વાસ્તે દિવાળીના સમૈયા સુધી સંતને રાખો. ત્યારે પોતે રાજી થઈને સંતને રાખ્યા ને નિત્યે નવિન રસોઈ કરાવીને સંતને જમાડે. પછી એક દિવસ ઉતરાદાબારના ઓરડાની ઓસરીયે છપ્પર પલંગ ઉપર વિરાજમાન થયા ને આગળ સંત હરિજનની સભા ભરાઈ હતી તે સમે પગથિયાના દોરડાની ગાંઠ ઉપર એક ચકલી આવીને બેઠી તેની સામું પોતે જોઈને સમાધિ કરાવી. ત્યારે તેને પાળાએ ઉડાડવા માંડી પણ ઉડી નહિ. ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, ''અમારે જીવના નાડી પ્રાણ તાણી લેવા ને કલ્યાણ કરવું તે કાંઈ કઠણ નહિ પણ જેવો હું છું ને જેવો મારો મહિમા છે તેવો જીવને સમજવો ઘણો કઠણ છે ને અંત સમે આ સભા સાંભરે તો જીવનું કલ્યાણ થાય ને અમને સ્પર્શ કરીને જેને વાયરો અડે તેનું પણ કલ્યાણ થાય.'' એમ પોતાના મહિમાની વાત કરી.

એક દિવસ **વસ્તાખાચર** ને અને **રાઘવપટેલ**ને કહ્યું જે, 'આ તળાવ અમે ખોદાવ્યું છે વાસ્તે તેની પાળ બંધાવજો ને અમને પાતાળને પાણીએ કરીને સંતોએ નવડાવ્યા છે તે ઠેકાણે કૂંડ બંધાવજો ને યજ્ઞ કર્યો છે તેની ઉપર એંધાણ કરજો. ભગવાને પૈસા આપ્યા હોય તેનું ફળ એજ છે જે પુણ્યને અર્થે વાવરવું.'' પછી તેમણે કહ્યું જે, ''હે મહારાજ ! અમે તમે કહ્યું તેમ કરશું.'' ત્યારે તેમની ઉપર પોતે રાજી થઈને ચરણારવિંદ છાતીમાં આપ્યા. પછી અન્નકૂટ પર વસ્તાખાચરે કંદોઈ બોલાવીને પકવાન પકાવીને તૈયાર કર્યા. તેને જોઈને પોતે રાજી થયા દિવાળીને દિવસ દીપમાળ પૂરાવીને તે વચ્ચે પોતે વિરાજમાન થયા ને સંત પાસે ફરીને કીર્તન ગવડાવીને પોતે પણ ભેળા ફરીને ગાવા લાગ્યા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'બહુ ફર્યા હવે રાખો. થાક્યા હશો' ત્યારે પોતે પોઢવા પધાર્યા ને અન્નકૂટને દિવસે પોતે સવારમાં સર્વે સંતને મળ્યા ને

મધ્યાહ્ન થયો ત્યારે મહારાજ આગળ અન્નકૂટ પૂર્યો. પછી જલેબી ને મોતિયા ને સાટા એ આદિ સર્વે સામગ્રીને પોતે જમીને સર્વે સંતને મોતિયા, જલેબી આદિ પકવાન સર્વે પોતે પિરસીને જમાડીને પછી પોતે પોઢવા પધાર્યા. પછી સાંજની સભા કરીને પોતે ઘણા પ્રશ્ન ઉત્તર કર્યા. પછી તે સમે પોતાના પ્રેમીભક્ત લાવ્યા જે વસ્ત્ર અલંકાર તથા છત્ર, પાદુકા તેને પોતે સામા જઈને અંગીકાર કરતા હવા.

એવી રીતે ઘણીક લીલા કરીને પછી સુરાખાચરે આવીને મહારાજને કહ્યું જે, **વસંતપંચમી**નો સમૈયો લોયે કરો.' પછી તેને પોતે હા પાડી. ત્યાં દશેરાનો ઉત્સવ તથા દીપોત્સવી ઉત્સવ, અન્નકૂટનો સમૈયો કરી ને દેશ દેશના હરિભક્તને દર્શન આપીને સર્વ સંત મંડળ સહિત બોટાદ પધાર્યા. ત્યાં થાળ જમીને ત્યાંથી **લોયે** પધાર્યા ને સુરાખાચરના દરબારમાં ઉતર્યા. ત્યાં વસંતપંચમીના સમૈયા ઉપર દેશ દેશના હરિભક્ત આવ્યા તેને મહાનુભાવાનંદમુનિને બોલાવીને ઉતારા દેવરાવ્યા ને ત્યાં થાળ જમ્યા. પછી સુરાભક્તે સર્વ સંતને રસોઈ આપી તેને સંત જમ્યા. ખોલડીયાદના પટેલ ખેંગાર સિંધવ ને રામાસિંધવ તથા નારાયણસિંધવ તથા મુળો અડારજો એ ચાર ભક્તજને જુદી જુદી વૈંતાક (રીંગણા) મંગાવીને રસોઈ આપતા હવા. તે શાકને પોતે રૂડી પ્રકારે કરીને તે શાકને પોતે શ્રીજીમહારાજે સર્વે સંતને ફેરવીને જમાડ્યા. એવી રીતે દિન દિન પ્રત્યે **શાકોત્સવ** કર્યો. તે કેવી રીતે ? તો પીપરડીનો ભાણજી બ્રાહ્મણનું આઠ મણ ઘી ને પચાસમણ વૈંતાક તેનું શાક કરીને સંતને ફેરવીને પોતે જમાડ્યા. તે વાર પછી પોતાના ભાઈ ઈચ્છારામ આવ્યા તેમને પાટ ઉપરથી ઉઠીને મળ્યા ને અજાણ્યા થઈને સર્વ સમાચાર પૂછ્યા. પછી બે ચાર દિન કેડે પોતાના મોટા રામપ્રતાપભાઈ આવે છે એવું સાંભળીને સર્વ સાધુ, બ્રહ્મચારી પાળા તથા દેશદેશના હરિભક્ત આવ્યા હતા તેમને સન્મુખ મૂકતા તે રૂડી પ્રકારે સત્કાર કરીને લાવતા હવા.

પછી શ્રીજીમહારાજ પાટ ઉપરથી ઉઠીને મળ્યા ને પોતાના સગા-સંબંધીના સમાચાર પૂછ્યા. પછી પોતે વસંતને દિન વાસુદેવાનંદ બ્રહ્મચારીને મોટેરા કર્યા ને પાટ ઉપર બેસાડીને પોતે આરતી ઉતારીને એમ બોલ્યા જે,

''સાધુ બ્રહ્મચારીને પાળા એ સર્વેના બ્રહ્મચારી મોટેરા છે તે એમની આજ્ઞામાં સર્વેને રહેવું.'' એવી રીતની લીલા કરીને પછી ત્યારે કેડે પોતે રંગ ગુલાલ લઈને સર્વે સંતને હરિભક્તને માથે નાંખતા હવા ને સંત પણ મહારાજને માથે નાખતા હવા. એમ રંગ ને ગુલાલ નાંખીને પોતાના ભક્તજનને આનંદ ઉપજાવીને પોતે એકુકિ પોસ ભરી ફગવા આપીને પછી ઘોડે ચડીને સંતને હરિભક્ત સહિત પોતે ભાદર નદીમાં ન્હાવા પધાર્યા. પછી નાહીને સર્વે કસુંબલ વસ્ત્ર ધારણ કરીને ગાજતે વાજતે ગામમાં પધાર્યા. પછી રસોઈ તૈયાર થઈ તેને પોતે જમીને સર્વે સંત ને જમાડીને પછી રાત્રીને વિષે માહોમાહી પ્રશ્ન ઉત્તર કરાવ્યા ને એક દિવસ સંત પાસે **શ્લોક** બોલાવ્યા. તેમાં એક કોરે નિત્યાનંદસ્વામી ને એક કોરે સર્વ સંત એમ વિભાગ કરીને પોતે બોલ્યા જે, ''જે જીતે તેને થાળ દેવો.'' એમ વિવાદ કરાવતા હવા. તેમાં પ્રથમ **નિત્યાનંદસ્વામી** જીત્યા ત્યારે તેમને પોતે થાળ આપ્યો. બીજે દિન **શુકમુનિ** જીત્યા ને ત્રીજે દિવસે ભણનારા પાસે ચર્ચા કરાવી. તેમાં **ભગવદાનંદસ્વામી** જીત્યા ને ચોથે દિવસે નાના **આત્માનંદસ્વામી** જીત્યા ને પાંચમે દિન **કપિલેશ્વરાનંદસ્વામી** જીત્યા. એમ સર્વેની વિદ્યાની પરીક્ષા કરીને પોતાનો થાળ પૃથક્ પૃથક્ આપીને રાજી કર્યા.

પછી એક સમૈયામાં એક મોટુ ગ્રહણ આવ્યું તે સમે સભા કરીને ''સ્વામિનારાયણ'' નામની ધૂન્ય કરાવી ને કીર્તન ગવડાવીને ગ્રહણની સમાપ્તિ થઈ ત્યારે પોતે સંત ને હરિભક્તે સહિત ભાદર નદીમાં ન્હાવા પધાર્યા ને સ્નાન કરવા પેઠા. ત્યારે સર્વે સંત હરિભક્ત ઠરી ગયા તેને તાપણીયો કરીને તપાડ્યા. પછી ઘોડે ચડીને ગામમાં પધાર્યા ને સવારમાં બ્રાહ્મણને ઘણાક દાન દઈને બ્રાહ્મણ સાધુને સારી રસોઈ કરાવીને જમાડ્યા. પછી મહારાજે ચાલવાનું કહ્યું ત્યારે મહાનુભાવાનંદ મુનિ બોલ્યા જે, ''ચાર પાંચ રસોઈઓ છે તે નહિ ચલાય.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''લીંબડીના નવા સત્સંગી નરભેરામ બ્રાહ્મણ છે તેમની રસોઈ લ્યો ને બીજી રસોઈયોનું ભાતુ કરો.'' ત્યારે મુનિએ તેવી રીતે કર્યું ને અંકેવાળીયાના ખેંગાર પટેલ, જીવા પટેલ તથા મકા પટેલ તેમની રસોઈનું ભાતું કર્યું. પછી તેમની ઉપર રાજી થયા ને એમ પોતે બોલ્યા જે,

"આ તમારું ભાતું છે તે તો સ્વર્ગનું છે." એમ કહીને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ પીપરડી પધાર્યા ને ભાણજીને ઘેર પોતે જમ્યા ને સંતને ઘી પિરસીને જમાડ્યા ત્યાંથી ચાલ્યા તે હાથસણીને જસદણ આવ્યા ને ત્યાંથી વગડામાં નદી આવી ત્યાં સુખડી જમીને **બંધિયે** પધાર્યા ને **ગોંડલ** પધાર્યા ને **ઝાંઝમેર** પધાર્યા. ત્યાં હાથે રસોઈ કરીને સંતને જમાડ્યા. પછી **જાળીયે** પધાર્યા ને **ગણોદ** પધાર્યા ને **માણાવદર** થઈને **પંચાળે** પધાર્યા. ઝીણાભાઈના દરબારમાં ઉતર્યા. ત્યાં સર્વ દેશ દેશથી સાધુ ને સત્સંગી તેમને તેડાવ્યા ને ત્યાં ફૂલદોલનો સમૈયો કર્યો. તે ફૂલદોલના દિવસે પોતે દરબારમાં રંગ રમીને પછી બહાર મંચ ઉપર વિરાજમાન થયા. ત્યાં બે હોજ રંગના ભરાવીને એક કોરે પાર્ષદે સહિત પોતે ને એક કોરે સર્વ સંત એવી રીતે વિભાગ કરીને રંગે સારી પેઠે રમીને સર્વને આનંદ પમાડ્યા. પછી મઘરીયા ધરામાં સંત હરિજને સહિત રંગે ભર્યા સતા પોતે ન્હાવા પધાર્યા. ત્યાં સારી પેઠે જળક્રીડા કરીને ભારે ભારે વસ્ત્ર પહેરીને ગાજતે વાજતે દરબારમાં પધાર્યા ને પોતે જમીને સંતને મોતૈયા લાડુ ને જલેબી સારી પેઠે પિરસીને જમાડ્યા. પછી પોતે સભામાં એમ બોલ્યા જે, "એક એક સંત ઉભા થઈને ભગવાનની વાર્તા કરે." ત્યારે તે સંત વાર્તા કરતા હવા. પછી વાતની સમાપ્તિ કરાવીને પોતે સંત ભેળા ફરીને કીર્તન ગાતા હવા ને અર્ધરાત્રી વિતી ગઈ તો પણ ગાતે ગાતે થાક્યા નહિ પછી સંતોએ ચોર ચોર કહીને એ પ્રકારે ખોટી બૂમ પાડી ત્યારે પોતે ગાવવું રાખીને પછી પોઢવા પધાર્યા. પછી સવારે સર્વ સંત નાહીને મહારાજની પૂજા કરીને પછી પોતે રામપ્રતાપભાઈને **દ્વારિકા** મોકલ્યા. તે વાર પછી તે દ્વારિકા જઈને આવ્યા ત્યારે કેડે શ્રીજીમહારાજે રામપ્રતાપભાઈને પોતાના દેશમાં જાવાની આજ્ઞા આપીને તેમને વળાવ્યા.

એવી રીતે દોઢ માસ સુધી લીલા કરીને પછી ત્યાંથી ચાલ્યાં તે ગામ **માણાવદર** આવ્યા ને ભટ્ટને ઘેર જમીને **ગણોદ** થઈને **જાળીયે** થઈને **દૂધીવદર** આવ્યા. ત્યાં શીરાની રસોઈ કરાવીને પોતે જમીને સંતને જમાડ્યા. ત્યાંથી **બંધિયે** થઈને **રાયપર** થઈને **વાંકિયે** જમીને **ગઢપુર** પધાર્યા. ત્યાં પોતે મોટેરા સંતને પૂછ્યું જે, "આપણે ચરોતરમાં મંદિર કરવું તે કીયે ગામ કરશું ?"

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'બોચાસણ ગામ સારુ છે.' ત્યારે મહારાજે કહ્યું જે, "એની ભાગોળ સાંકડી છે." ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'જેતલપુર સારુ છે.' ત્યારે પોતે કહ્યું જે, "એ તો બે જોડે (અમદાવાદ-જેતલપુર) આવ્યા." ત્યારે નિત્યાનંદસ્વામીએ બામણ ગામ કહ્યું ને સ્વયંપ્રકાશાનંદસ્વામીએ કરાળી કહ્યું. ત્યારે પોતાની નજરમાં એકેય ન આવ્યું ત્યારે સંતોએ કહ્યું જે, તમારી નજરમાં આવતું હોય તે કહો. ત્યારે મહારાજે કહ્યું જે, "અમને તો વડતાલ ગમે છે." ત્યારે સર્વે સંતે કહ્યું જે, "એવું ચરોતરમાં કોઈ ગામ નથી.' ત્યારે પોતે રાજી થઈ બ્રહ્માનંદસ્વામીને મંદિર કરવા સારુ મોકલ્યા ને કહ્યું જે, "બોરડી તળે અમે જ્યાં પાટ ઉપર બેઠા હતા ત્યાં ઠાકોરજીના ચરણારવિંદ આવે એમ પાયો નાંખવો ને ગામથી ઉગમણું તળાવની કાંઠે જેવું મંદિર છે તેવડું કરજો." ત્યારે તેમણે કહ્યું જે, "બહુ સારુ મહારાજ !" એમ કહીને ચાલ્યા ત્યારે પોતે ઉભા થઈને મંડળે સહિત બ્રહ્માનંદસ્વામીને મળીને પોતે જમીને થાળ આપ્યો. તે જમીને ચાલ્યા તે વડતાલ આવ્યા ને મંદિરનો પાયો નાંખ્યો તે મોટા શિખરબધ્ધ મંદિરનો નાંખ્યો. ત્યારે તેની મહારાજને ખબર આવી. તે વાત સાંભળીને પોતે કાગળ લખીને નિષ્કુળાનંદસ્વામીને મોકલ્યા. તેમાં એક સાખી લખાવી જે-

"અપની પહોચ વિચાર કે, કરવર કીજે દોર
તે તે પાવુ પસારીયે, જેતી લંબી સોર."

એ સાખીને વાંચીને બ્રહ્માનંદસ્વામીએ એવો અર્થ કર્યો જે, "મહારાજ બરોબર કોઈની પહોંચ કહેવાય નહિ ને સત્સંગ બરોબર બીજી સોડ ન કહેવાય વાસ્તે સર્વે સત્સંગીને દર્શન કરતાં ભીડ ન થાય એવડું મંદિર કરજો. એમ કહ્યું છે." ત્યારે નિષ્કુળાનંદસ્વામી તો કાંઈ ન બોલ્યા. પછી મહારાજ પાસે ખબર મેલી જે મારું તો બ્રહ્માનંદસ્વામી માનતા નથી. ત્યારે પોતે વિચાર કર્યો જે, "હાથીને પાછો હઠાવવો હોય ત્યારે હાથી જોઈએ." એમ કહીને નિત્યાનંદસ્વામીને મોકલ્યા. પછી બે ભેળા થયા ત્યારે કહ્યું જે, 'તમે ઠીક કર્યું પણ આટલામાં ત્રણ શિખરનું મંદિર ક્યાંય નથી માટે આહીં થાય તો ઠીક.' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, "એક મંદિરનો પાયો મે ખોદાવ્યો ને બીજા

બેનો તમે ખોદાવો. પછી નિત્યાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામીએ ત્રણેય મંદિરના પાયા ખોદાવીને પુરાવીને ઓટો તૈયાર કરીને તે ઉપર લાકડાની ઘુમટી કરીને તેમાં નાની નરનારાયણની મૂર્તિઓ પધરાવીને પછી વડોદરે ગયા ને ત્યાંથી લક્ષ્મીનારાયણની મૂર્તિ લઈને બોચાસણ આવ્યા ત્યારે વરસાદ થયો ત્યારે ત્યાં મેલીને મહારાજ પાસે આવ્યા. ત્યારે નિત્યાનંદસ્વામી ને નિષ્કુળાનંદસ્વામી ને મંડળે સહિત સર્વેને મળ્યા ને થાળ દઈને બહુ પ્રસન્ન થયા. પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'અમે તો લક્ષ્મીનારાયણની મૂર્તિ લઈને આવતા હતા પણ વચમાં વરસાદ થયો તે બોચાસણ મેલી આવ્યા.' ત્યારે મહારાજે કહ્યું જે, ''એમને ત્યાં રહ્યાની મરજી થઈ છે'' એમ કહીને હસતા હવા ને તેમને પાસે રાખ્યા. ત્યાં ભીમ એકાદશી ઉપર દેશદેશથી સંતને તેડાવી તેમને દર્શન દેતા થકા પોતે ત્યાં વિરાજતા હવા.

**(ઈતિ ઓગણાએંશીની લીલા સંપૂર્ણ)**

પછી **મહાનુભાવાનંદસ્વામી** તથા **સ્વયંપ્રકાશાનંદસ્વામી** તેમને સુરત મેલ્યા ને કહ્યું જે, ''તમારે જન્માષ્ટમી પર આવવું નહિ.'' પછી પોતે ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. પછી દશેરા ઉપર સુરતથી મહાનુભાવાનંદસ્વામીનું મંડળ સંઘે સહિત ગઢડે આવ્યું ને ત્યાં ભારે ભારે શ્રીજીમહારાજને વસ્ત્ર ને અલંકાર પહેરાવીને લાવ લેતા હવા. પછી દિવાળીનો ને અન્નકૂટનો ઉત્સવ કર્યો. તે ઉત્સવને વિષે સર્વ સંતને નાના પ્રકારના ભોજન જમાડતા થકા અતિ સુખ આપ્યું. પછી પોતે કહ્યું જે, ''પ્રબોધિની એકાદશીનો ઉત્સવ વડતાલ કરવો છે.'' એમ કહીને પછી સંતને જલેબીનું ભાતુ બંધાવીને સર્વ સંત ને સંઘે સહિત **બોટાદ** પધાર્યા. ત્યાંથી ગામ અણિયાળીએ રાત રહીને ચાલ્યા તે **ધંધુકે** પધાર્યા. ત્યાં મહાનુભાવાનંદસ્વામીને કહ્યું જે, ''સંઘ લઈને તમે આવજો.'' એમ કહીને ઘોડા દોડાવ્યા તે **ગાંફ** પધાર્યા ને વસ્તારાવલને ઘેર ઉતર્યા. પછી પોતે કહ્યું જે, ''અસવાર સર્વે ભૂખ્યા છે'' ત્યારે વસ્તારાવલે કહ્યું જે, 'તમે રહો તો હું રસોઈ કરાવું.' ત્યારે મહારાજે કહ્યું જે, ''અમારે ઉતાવળ છે વાસ્તે જે તૈયાર હોય તે લાવો.'' ત્યારે રોટલા ને દહીં લાવ્યા તે તર ઉતારી લીધેલ. તે જોઈને પોતે હસીને સુરાખાચરને આપ્યું ને કહ્યું જે, 'બીજું દહીં લાવો ત્યારે તર

ઉતારી ને બીજા ગોરસામાં નાંખીને લાવે તે એમ જે જે ગોરસા લાવ્યા તે પોતે પાર્ષદને પિરસીને અને પૂછ્યું જે હવે દહીં છે ?' ત્યારે તર લાવીને મહારાજ આગળ મેલી તેને પોતે જમતાં હસ્યા. ત્યારે સુરાખાચરે કહ્યું જે, "તમારા ને અમારા દહીંમા ફેર છે બા !" ત્યારે પોતે તરની પ્રસાદી આપીને પોતાના ભક્તોને આનંદ આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ **કમિયાળે** ગયા. ત્યાં મુક્તાનંદસ્વામી ઘોડેથી પડ્યા તે હાથ ભાંગ્યો. તે જોઈને મહારાજ બહુ ઉદાસ થયા. પછી વૈદ્યને તેડાવીને હાથને ચડાવ્યો. પછી ત્યાં બે રાત્રી રહીને ચાલ્યા તે **નાની બોરૂ** ગયા ને હીરા સોનીને ઘેર થાળ જમ્યા ને સંતને જમાડ્યા. તે સમયે ગામ જાખળા ના ભક્ત કાશીદાસે આવીને કહ્યું જે, "હે મહારાજ ! મારે ઘેર પધારો." ત્યારે પોતે કહ્યું જે, "તમે કહો તેમ અમે કરીએ." ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, "મહારાજ તમારે ગામ આવશે પણ રહેશે નહિ." ત્યારે તે ભક્તે કહ્યું જે, 'ઠીક એમ કહીને પોતાને ગામ તેડી ગયા ને ગામની ભાગોળે માંડવામાં ઉતાર્યા.' પછી શ્રીજીમહારાજને પોતાને ઘેર પધરાવીને થાળ કરાવીને જમાડ્યા ને કેશર ચંદનાદિકે કરીને પૂજા કરીને પછી રૂપિયા પાંચસોને ઘણાક વસ્ત્ર પગે મૂક્યા. તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા તે ગામ ગલીયાણે ગયા. ત્યાં એક રાત્રી રહીને **સિંજીવાડે** ગયા. તે ગામના ભક્ત બાપુજી આદિ હરિજન સન્મુખ આવીને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને થાળ કરાવીને શ્રીજીને જમાડ્યા ને સર્વે સંતને જમાડ્યા. પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **વડતાલ** ગયા ને ત્યાં સુતાર વાસણને ઘેર ઉતર્યા ને સર્વે સંત મંડળ જેતે આંબાવાડીયામાં જઈને ઉતર્યા. પછી ગામમાં રસોઈ થઈ ત્યારે સંતની જમવા સારુ પંક્તિ થઈ. પછી પોતે જમીને સંતને લાડુ ફેરવવા સારુ પધાર્યા ને તે સારી પેઠે સંતને જમાડીને પછી પોતે ઉતારે પધાર્યા ને સંત પણ પોતાને ઉતારે ગયા. પછી દેશ દેશનાં સંઘ આવીને ગોમતીને કાંઠે ઉતર્યા ને તેને પોતે દર્શન દેતા થકા ત્યાં વેદના ભણેલા બ્રાહ્મણને તેડાવીને વરુણીમાં વર્યા. પછી ભારે હોમ કરાવીને શ્રી લક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા સંવત ૧૮૮૧ અઢારસોને એકાશીના કાર્તિક સુદી દ્વાદશીને દિવસે પોતાને હાથે કરી ને પધરાવતા હવા. પછી ભારે બ્રહ્મભોજન કર્યો ને તે સમે બ્રાહ્મણોને ભારે ભારે દક્ષિણાઓ દીધી. પછી પોતે ઉતારે ગયા ને સંત પણ ઉતારે ગયા.

પછી બીજે દિવસ શ્રી **લક્ષ્મીનારાયણ**ના દર્શન કરીને સર્વ સંત સહિત પોતે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા. અને લીલા કરતા થકા ત્યાં દેવ દિવાળીનો સમૈયો કર્યો ને વડોદરાના પ્રભુદાસની જલેબીની રસોઈ પોતે જમીને સંતને પિરસીને જમાડીને હરિભક્તોને મહા મોટો ઉપકાર કરીને ચાલ્યા તે ગામ **વસો** પધાર્યા ને રામેશ્વર તલાવના ઈશાન ખૂણાનાં ઓરડામાં ઉતર્યા. પછી સર્વે ગામના લોક અતિ હેતે કરીને દર્શન કરીને કહેતા હવા જે, "આવા સ્વામિનારાયણ જેવા કોઈ નથી ને આવા સંત પણ ક્યાંઈ નથી." પછી તેમને પોતે ભગવાનના પ્રતાપની ઘણીક વાતો કરીને પછી આરતી-ધૂન કરીને ત્યાં પોઢી ગયા. પછી સવારે પોતે ઉઠીને નિત્ય વિધિ કરીને સભામાં ઢોલિયે વિરાજ્યા ને સંત ને દેશાંતરના હરિભક્તની સભા થઈ. તે સમે એક હરિજને કેરીઓ પાકી લઈને ભેટ મેલી. તેને પોતે હાથે સુધારીને જમ્યા ને સંત તથા પાર્ષદને આપીને પછી ગામના સર્વે હરિભક્તે પ્રાર્થના કરી તે ઘોડે ચડીને પોતે પાર્ષદ સહિત ગામમાં પધાર્યા ને પટેલ તુલસીભાઈને ઘેર પધાર્યા. તેમણે ચંદન, પુષ્પ ને વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરી. પછી પટેલ હાંસજીભાઈ તથા દાદા દવે તેમને ઘેર પોતે જમ્યા ને વાલા ધ્રુવ તેમને ઘેર સાકર જમ્યા. પટેલ આસારામ ને જગન્નાથ એ આદિક બ્રાહ્મણ ને પટેલ વાલાભાઈ આદિ પાટીદાર એ આદિ સર્વે હરિભક્તે પોતાને ઘેર પધરાવીને તુલસીભાઈની પેઠે પૂજા કરી. તેને પોતે અંગીકાર કરીને ઉતારે પધાર્યા ને ગંગામાએ થાળ કર્યો તેને પોતે જમ્યા. પછી તુલસીભાઈએ કહ્યું જે, "હે મહારાજ ! સંતની રસોઈ તૈયાર થઈ છે. પછી તળાવની ઉતરાદિ પાળે કોઠિના વૃક્ષ હેઠે સંતની પંક્તિ કરી. ત્યાં પોતે લાડુ પિરસીને સંતને જમાડ્યા. પછી પોતે ઢોલિયા ઉપર વિરાજ્યા ને સંતને ગુજરાતમાં ફરવા મેલ્યા. બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી એ આદિ મોટેરા સંતને ભેળા લઈને ચાલ્યા તે **અલિંદ્રે** થઈને **પછે** ગામને આરે ઉતરીને પોતે કહ્યું જે, "આ વાડીમાં રીંગણા હશે ?" એમ કહીને ચાલ્યા. પછી ઝીંઝરના ખોડાભાઈને માતરો ધાધલ એ બે જણ રહીને વાડી વાળાને કહ્યું જે, 'રીંગણા આલ્ય' ત્યારે કહ્યું જે, 'રીંગણા નથી.' ત્યારે તેમણે કહ્યું જે, "એક રીંગણું આલ્ય તો અડધો આપું." ત્યારે તે બે રીંગણા લાવ્યા તે એક આપ્યું ને બીજું સંતાડ્યું. ત્યારે માતરા ધાધલે કહ્યું જે, 'કાંઈ પ્રભુથી ડરજો.' અમે તને એક

રીંગણાનો અર્ધો આપીએ છીએ ને તું બીજું સંતાડે છે ? ત્યારે તેણે બીજું રીંગણું આપ્યું ત્યારે ખોડોભાઈએ લાવીને મહારાજને તે બે રીંગણા આપ્યા. ત્યારે પોતે કહ્યું જે, 'લીલા મરચા હોય તો શાક કરીએ.' ત્યારે તે ગામના હરિભક્ત મરચા ને ઘીનો ઘાડવો લાવીને આપ્યો. ત્યારે પોતે જાજું ઘી મેલીને રીંગણાનું શાક કર્યું ને બાટીઓ કરીને પોતે જમીને કહ્યું જે, "આજના જેવું સ્વાદુ શાક કોઈ દિવસ થયું નથી." ત્યારે માતરો ધાધલ બોલ્યા જે ખોડોભાઈ અર્ધો આપીને એક રીંગણું લાવ્યા છે ને બીજું તો એને ડરાવીને લાવ્યા છે. ત્યારે પોતે કહ્યું જે, "એ તો ખોડાભાઈના પ્રેમને લઈને સ્વાદુ થયું છે." પછી સુરોખાચર બોલ્યા જે એ શાકની પ્રસાદી અમને આલો. પછી બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, સુરોખાચર, સોમલોખાચર ને દાદોખાચર એ સર્વેને શાકને બાટીની પ્રસાદી આપી તે સર્વે બોલ્યા જે, "આવી તો પ્રસાદી કોઈ દહાડે ખાધી નથી."

પછી ત્યાં રાત રહીને ગામ **કમિયાળે** પધાર્યા ને ત્યાં મુક્તાનંદસ્વામીને મળ્યાને તેમના હાથની ખબર પૂછી ત્યારે સ્વામીએ કહ્યું જે, "તમારી કૃપાથી શાંતિ છે." પછી તેમની સેવામાં સંત હતા તેમને મળીને સિસાવણારની મેડીએ પોતે ઉતર્યા. પછી ત્યાં જમીને સંત ને પાર્ષદને જમાડ્યા ને બે દિવસ રહીને મુક્તાનંદસ્વામીને સાથે લઈને ચાલ્યા તે **ગાંફ** થઈને **ખરડ** ગયા. ત્યાંથી **ઝીંઝર** થઈને **કુંડળ** થઈને **કારીયાણી** ગામ ને ત્યાંથી **ગઢડે** ગયા. ત્યાં થોડા દિવસ રહીને **કારીયાણીએ** પધાર્યા. ત્યાં રામપ્રતાપભાઈ ને ઈચ્છારામભાઈ એ બેની પત્નીઓ સુવાસિનીબાઈ ને વસુમતિબાઈ એ બે પોતાના સંબંધીએ સહિત ત્યાં આવતા સાંભળીને પોતે સામા ગયા. તે બન્ને મેનામાંથી ઉતરીને મહારાજના ચરણમાં માથુ મેલીને પગે લાગ્યા ને હેતના જે આંસુ તેણે કરીને ચરણારવિંદને પલાળી દીધાં. પછી પોતે રઘુવીરજી મહારાજના મામા જે સુફળ તેમને કહ્યું જે, "એમને કહી દો પગ છોડી દે" ત્યારે મામાએ કહ્યું જે, 'પગ છોડી દો.' ત્યારે પગે લાગીને મેનામાં બેસીને મહારાજ ભેળા ગામમાં આવ્યા. ત્યારે પોતે બ્રહ્મચારીને કહ્યું જે, 'એમને પાકી રસોઈનો સામાન આપો.' ત્યારે તેમણે ઘી, સાકર આદિ સર્વે આપીને રસોઈ તૈયાર કરાવીને મહારાજને કહ્યું જે, 'જમવા

પધારો.' ત્યારે પોતે પધાર્યા ને જમવા બેઠા. ત્યારે સુવાસિનીબાઈએ પોતાના બાળચરિત્રની વાર્તા કહેવા માંડી ત્યારે પોતે હસતા થકા તેમને દેશની વાતો પૂછીને સુખી કર્યા. પછી જમીને પોતાને ઉતારે પધાર્યા. પછી બીજે દિવસ ત્યાં રહીને ચાલ્યા તે **ઝીંઝાવદર** આવ્યા ત્યારે અલૈયાખાચરે ઘણી તાણ કરીને પોતાના દરબારમાં પધરાવ્યા ને કહ્યું જે, 'સંતને સારુ રસોઈ કરાવો.' ત્યારે મહારાજે કહ્યું જે, 'બહુ સારુ.' ત્યારે નિત્યાનંદસ્વામી એ કહ્યું જે, ''મહારાજનું વાકું બોલે છે તે હું એનું અન્ન નહિ ખાવું.'' ત્યારે અલૈયાખાચરની આંખુમાં પાણી આવ્યું ત્યારે મહારાજે ઘણીક તાણ કરી ત્યારે થાળની પ્રસાદી જમવાની હા પાડી. પછી પોતે જમીને પ્રસાદી આપી ત્યારે જમ્યા. ''એવો જેને ભગવાનનો પક્ષ છે તેને ધન્ય છે.''

પછી પોતે સંતને પિરસીને જમાડે એવી લીલા ઘણીક કરીને પછી **વસંતપંચમી**નો સમૈયો પોતે **ગઢડે** કર્યો ને બહુ રંગ ગુલાલ ઉડાડ્યો ને ઉત્સવ કરીને ત્યાંથી વડતાલને મારગે ચાલ્યા ને મુક્તાનંદસ્વામીને ડોલીએ બેસાડીને ભેળા લીધા ને ગામ **કારીયાણી**એ રહ્યા. ત્યાંથી **પોલારપર** પધાર્યા તે ગામથી ઉગમણીકોરે તળાવમાં રાત રહીને ત્યાંથી ખસતે થઈને નાની બોરુના તળાવથી ઉગમણી તરફ રાત રહીને **ગલીયાણે** ગયા ને ગરાસીયાની ઉગમણી ડેલીએ વિરાજ્યા ને સંતને શાકને રોટલા કરાવીને જમાડ્યા. ત્યાંથી **સિંજીવાડે** રાત રહીને **પિપળાવ** પધાર્યા ને વડતળે ઓટા ઉપર વિરાજ્યા. પછી પોતે ગામમાં જમીને સંતને જમાડીને ત્યાં રાત રહીને ચાલ્યા તે ૧૮૮૦ના ફાગણ સુદમાં **વડતાલે** પધાર્યા. ત્યાં સંત હરિભક્તને તેડાવ્યા ને હુતાસણીનો ઉત્સવ કર્યો ને રંગગુલાલ આદિ નાના પ્રકારના રંગને કરીને પોતે સર્વે સત્સંગીને નાંખીને બારે રાજી કર્યા. એક દિવસ સુતારને ઘેર ભણનારાને લૈયા સંતે મહારાજની કેશરચંદન વતે પૂજા કરીને પછી પોતે ગોમતીજીને સમીપે વેદિ ઉપર વિરાજ્યા. પછી રમતા સંતે સંકલ્પ કર્યો જે, 'આપણે શા ગુણે મહારાજને રાજી કરીએ?' ત્યારે પોતે સંતના સંકલ્પને જાણીને કહ્યું જે, ''સર્વ સંત પૂજા કરો.'' ત્યારે સર્વે સંતે પૂજા કરી. બીજે દિવસ ફરીને કીર્તન સર્વે સંતે ગાયા. તેમને પોતે હાર પહેરાવ્યા, ત્રીજે દિવસ બોરડીવાળા કૂવે સંત કીર્તન ગાવા માંડ્યા તેમાં બે તડ

પડ્યા. એક મોટા પ્રજ્ઞાનંદસ્વામીનું ને બીજુ ગોવિંદસ્વામીનું. એમ બે વાદે કરીને ગાતે ગાતે પહોર રાત રહી ત્યારે મહારાજે પૂછ્યું જે, આ શેનો ઘોસ થાય છે ? ત્યારે પાસે પાળા હતા તેમણે કહ્યું જે, 'એ તો સંત કીર્તન ગાય છે' બે તડ કરીને. પોતે ત્યાં પધાર્યા ને સર્વે સંતને મળ્યા. પછી મંદિરથી આથમણીકોર સર્વ સંઘના ઉતારા હતા ત્યાં પોતે નિત્યે જમવા પધારે. તેમાં એક દિવસ રામચંદ્રવૈદ્યને ઉતારે જમ્યા ને નારુપંત નાના ને ઉતારે જમ્યા. પછી શોભારામ શાસ્ત્રીને ચોકે જમ્યા. એમ નિત્ય પ્રત્યે પોતે ભક્તજનને આનંદ ઉપજાવતા થકા જમવા પધારે. પછી એક દિવસ હરિભક્તે ભારે ભારે વસ્ત્રે કરીને મહારાજની પૂજા કરી ત્યારે બ્રહ્માનંદસ્વામીએ વસ્ત્ર લેવાની યુક્તિ કરી જે પૂજારીને કહ્યું જે, 'આજ ઠાકોરજીએ વસ્ત્ર આવા સાદા કેમ પહેર્યા છે ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, ''ઠાકોરજી એમ કહે છે જે તમે બેઠાં મારે આવા સાદા વસ્ત્ર કેમ ?'' ત્યારે પોતા પાસે વસ્ત્ર હતા તે સર્વે ઠાકોરજીને આપ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'અમારે તો એટલું જ કામ હતું.' પછી પોતે હંસીને ઉતારે પધાર્યા ને થાળ જમીને સંતને પોતે લાડુ લઈને પિરસવા માંડ્યું તે એકથી લઈને અડધો લાડુ, ચોથિયા, કટકા લાડુ એમ કહીને પંગતમાં ફરીને સંતને તૃપ્ત થયા કેડે અડધો માગે તેને આખો આલે ને ચોથિયો માગે તેને અડધો લાડુ આલે. એમ રમુજ કરીને પછી પોતે હાથ ધોઈને ઉતારે પધાર્યા.

એવી રીતે ત્યાં રહીને રામનવમીનો સમૈયો આવ્યો ત્યારે પોતે ગોમતીને કાંઠે વેદી ઉપર વિરાજમાન થઈને સર્વે સંત હરિભક્તને દર્શન દેતા થકા ત્યાં હરિકૃષ્ણ નામે અંકિત એવી ને શ્રીકૃષ્ણ નામે અંકિત એવી બે છાપો કરાવીને પછી ચંદનની કરીને તે છાપોને પોતે લઈને પછી સર્વ સંતને હરિભક્તને છાપુ દીધી. એવી રીતે ભારે ઉત્સવ કરીને પછી પોતે સુરત જાવા ચાલ્યા તે દાવોલથી પાછા વળ્યા તે **બુધેજ** થઈને **કમિયાળે** ગયા. ત્યાંથી **પિપડી** થઈને **ધોલેરે** પધાર્યા. ત્યાં રાત રહીને **કારીયાણી** પધાર્યા ને ત્યાંથી **ગઢડે** પધાર્યા. પછી ત્યાં રહીને ઘણીક લીલા કરતા થકા ઉનાળામાં ગુજરાતમાંથી ગોપાળાનંદસ્વામીના સાધુ ને આત્માનંદસ્વામીના સાધુને હરિભક્ત કેસર કેરીઓ લાવીને મહારાજની આગળ મેલી. તેને પોતે જમીને તે સર્વેને પ્રસાદી આપીને તે સંતને મળ્યા ને

હરિભક્તને ચરણારવિંદ છાતીમાં દીધા. બીજે દિવસ તે કેરીઓ પોતે જમીને મુક્તાનંદસ્વામી આદિ મોટેરા સંત ને દાદાખાચર આદિ પાર્ષદને આપીને સુખ ઘણુ આપ્યું. ત્યાં ચાતુર્માસ આવ્યો જે સંતને મીઠું ખાવું નહિ. ત્યારે મુક્તાનંદસ્વામીએ ને આનંદાનંદસ્વામીએ કહ્યું જે, 'બહુ સારુ.' પછી વરસાદ વરસીને ખરડીયું કાઢ્યું તે બાજરીયું સૂકાવા માંડી ત્યારે દાદાખાચરે મહારાજને કહ્યું જે, 'બાજરા સૂકાઈ જાય છે તે સંતને શું જમાડશું ?' ત્યારે પોતે વાવ ગળાવવા માંડી તે નિત્યે ત્યાં પોતે પધારે ને પાર્ષદ પાસે કામ કરાવે. પછી પીઠવડીના ભગો મૂળો આવ્યા તે ભેળા આહીર હતા. તેમણે મહારાજને અરજ કરી જે ભેંશો મરી જાશે તો અમે શું ખાશું ? ત્યારે પોતે કહ્યું જે, 'એ શું કહે છે ?' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'એમ કહે છે જે અમારે ભેંશો વાંસે જીવારો છે તે ખડ વિના મરી જાશે ને અમે અન્ન વિના મરી જાશું. તે તમે તેડવા ક્યારે આવશો ?' પછી પોતે કહ્યું જે, ''ભગવાન સારુ કરશે.'' ત્યારે ભગો મૂળો બોલ્યા જે, ''શું બેસી રહ્યા છો ? વરસાદ કરો.'' ત્યારે પોતે રમુજ કરીને કહ્યું જે, ''કાંઈ મફત વરસાદ થાય ?'' ત્યારે તેમણે કહ્યું જે, 'સો રૂપિયા આપું.' ત્યારે પોતે બોલ્યા જે, ''એટલે તો વરસાદ ન કરું.'' ત્યારે તેમણે કહ્યું જે, ''સંતને મોતૈયાની રસોઈ આપું. ત્યારે પોતે હસીને ઉગમણું નાનું વાદળુ હતું તે સામું જોયું ત્યારે તે ઉંચુ ચડીને દરબારમાં લીંબડા ઉપર આવ્યું. ત્યારે પોતે સંતોને કહ્યું જે, ''ઓસરી ઉપર આવો.'' ત્યારે સર્વે ઉપર આવ્યા ને વરસાદ વરસવા માંડ્યો તે નેવામાં ને દરબારમાં પાણી સમાયું નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, ''પાણીમાં ડોલતા ડોલતા ઘેર જાઓ'' ત્યારે ભગે મૂળે કહ્યું જે, 'સંતની માનતા કરી છે ત્યારે વરસાદ વરસ્યો છે. માટે મોતિયા લાડુ કરાવીને સંતને જમાડીને જાશું.' પછી પોતે તેવી સંતને રસોઈ કરાવીને જમાડ્યા ત્યારે પોતાને ઘેર ગયા. એવી લીલા કરતા થકા ત્યાં વરસ પૂરું કર્યું ને પછી વાંસેથી વરસાદ થયો તે અન્ન ન પાક્યું.

**(ઈતિ ઐંશીની લીલા સંપૂર્ણ)**

પછી એકાદશીયો કાળ પડ્યો ત્યારે દાદેખાચરે આવીને શ્રીજીમહારાજને પગે લાગીને એમ કહ્યું જે, ''હે મહારાજ ! આ તો કાળ પડ્યો છે તે સાધુને

આહીં રાખો ને દાણા ઘણાય છે. એમ કહીને સંતને રાખ્યા. પછી જન્માષ્ટમીનો સમૈયો આવ્યો ત્યારે દેશ દેશના હરિભક્ત આવ્યા તેણે પ્રાર્થના કરી જે, ''હે મહારાજ ! અમારે તો બે કાળ પડ્યા. એક તો કાળ ને બીજો કાળ એ જે સંત નહિ આવે.'' ત્યારે પોતે કહ્યું જે, ''જેને જેટલા સાધુ જોઈ તેટલા લઈ જાઓ.'' ત્યારે દેશ દેશના હરિભક્ત તેમને જેને જોઈએ તેટલા સંત ને લઈ ગયા ને અન્ન વસ્ત્ર બાર મહિના સુધી પૂરું કરવું એમ પ્રતિજ્ઞા કરીને ઘેર ગયા. પછી પોતે ત્યાં જન્માષ્ટમીનો ને દશેરાનો સમૈયો કરીને ચાલ્યા તે **કારીયાણી**એ ગયા ને ત્યાં રાત રહીને **કુંડળ** ગયા. ત્યાં પાંચ સંતની મંડળી બાંધીને એમ બોલ્યા જે એક ગામમાં બે મંડળ લઈને જાવું નહિ. એમ કહીને પોતે ચાલ્યા તે કમિયાળે થોડુક ટકીને **નાની બોરુ** ગયા. ત્યાં અખંડાનંદસ્વામી પ્રથમથી આવ્યા હતા તેમને પોતે કહ્યું જે, 'અમે તમારે ગામ ઉતરીયે ?' ત્યારે તે સંતોએ કહ્યું જે, 'સુખેથી ઉતરો.' પછી પોતે ત્યાં રાત રહ્યા ને તે ગામના બ્રાહ્મણ હરિભક્તે થાળ કરીને મહારાજને જમાડ્યા તે પોતે જમીને થાળ અખંડાનંદસ્વામીને આપીને બીજાને શીરો જમાડીને ચાલ્યા તે **બુધેજ** ગયા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **વડતાલ** ગયા. ત્યાં પ્રબોધિનીનો સમૈયો કર્યો. દેવ દિવાળીના ઉત્સવને દિવસે ભક્તજને ભારે સોનેરી સુરવાળ ને ડગલી પહેરાવીને રેંટો મસ્તકે બંધાવ્યો ને કડા સાંકળા પહેરાવીને ચોકમાં દીપમાળ કરીને તેમાં વિરાજમાન કર્યા ને સંત ભેળા પોતે ફરીને કીર્તન ગાયા ને મંદિરને ચારેકોર દીવા કરાવ્યા.

એ રીતે ભારે ઉત્સવ કરીને **સુરત** જવા તૈયાર થયા તે ત્યાંથી ચાલ્યા તે ગામ **બોચાસણ** કાશીદાસને ઘેર રાત રહ્યા. ત્યાંથી ગામ **દેવાણ** પધાર્યા ને દરબારમાં ઉતરીને ત્યાં થાળ જમ્યા. ત્યાંથી ગામ **કારેલી** રાત રહીને **આમોદને** માર્ગે ચાલ્યા. પછી પોતે કહ્યું જે, ''સુરતના સત્સંગી બહુ રાજી થાશે.'' પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, ''કોઈ રાજી નહિ થાય.'' પછી પોતે બોલ્યા જે, ''અમે પધારીએ છીએ તે કેમ રાજી નહિ થાય ?'' પછી મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, 'બહુ રસોઈઓનો સામાન ભેળો કર્યો છે તે સાધુ વિના રાજી નહિ થાય.' પછી મહારાજ બોલ્યા જે, 'ત્યારે તો સાધુને તેડાવો.' પછી મહાનુભાવાનંદ સ્વામીએ માધવદાસ નામે સાધુને ચરણારવિંદ

આપવા કરીને સંતને તેડાવવા મેલ્યા. પછી સંત તો શ્રીજીને કેડે આવતાતા તેને તેડી લાવ્યા. પછી સર્વે સંત સહિત શ્રીજી **આમોદ** પધાર્યા ને શેઠ હરજીવનને ઘેર ઉતર્યા. પછી તેમણે કહ્યું જે, 'પધાર્યા તે બહુ સારું કર્યું માટે આજ રહીને જવાશે.' ત્યારે પોતે બોલ્યા જે, 'તમે આ સંતને જમાડજો.' અમે તો **બુવે** જઈને જમશું. એમ કહીને ગુલાબ મોટાના ઉતારે મેડી ઉપર થોડુક પોઢીને ચાલ્યા તે માર્ગમાં વિસામો એક આવ્યો. પોતે ઘોડેથી ઉતરીને આસન નાખ્યું તે ઉપર વિરાજ્યાને ત્યાં બરફીને દૂધ, પેંડા હરજીવન શેઠે મહારાજની પાસે મેલ્યા ને મમરા લાવ્યા તે અસવાર ને પાળાને આપીને પોતે એમ બોલ્યા જે આ જગ્યા ઘણી સારી છે તે આંહી એંધાણ કરજો. એમ શેઠને કહીને ચરણારવિંદ છાતીમાં દઈને પછી ઘોડે અસવાર થઈને ચાલ્યા તે રસ્તામાં નાગમાલે પૂછ્યું જે, હે મહારાજ! આ તે શું ખાવાનું તમે આપ્યું ? પછી પોતે બોલ્યા જે એ તો મમરા છે. ત્યારે નાગમાલે કહ્યું જે, "ભણે મમરા તે કાણું ?" એમ કહીને ખાતા ખાતા ચાલ્યા ત્યારે મહારાજે કહ્યું જે, નાગમાલા ! બુવાનો માર્ગ પૂછો. ત્યારે તેમણે ઘોડી આગળ કરીને વગડામાં કોઈક માણસ હતો. તેને સાદ કરીને પૂછ્યું જે, "એ ભણે મમરાનો મારગ કીસે ?" ત્યારે સુરાખાચરે કહ્યું જે, ભણે તારો મૂંડો એ મમરાનો માર્ગ." ત્યારે મહારાજ મુખ ઉપર રૂમાલ દઈને ઘણું હસતા થકા રમુજ કરતા કરતા ગામ બુવે પધાર્યા ને તળાવની ઉતરાદિ કોર સભા કરીને વિરાજ્યા. ત્યાં ઘણીક વાર્તા કરીને પછી ગુલાબ મોટાને ઘેર થાળ કર્યો તેને પોતે જમવા પધાર્યા. તે જમીને પાર્ષદને જમાડીને પોતાના ભક્તજનને આનંદ આપતા થકા પોતે મેડીયે થોડીકવાર પોઢીને ડેલીએ વિરાજ્યા.

ત્યાં ઘણી ભીડ થઈ ત્યારે ગામમાં શિવના ડેરા પાસે મોટો ચોતરો તેની ઉપર વિરાજ્યા ને મોટી સભા થઈ. પછી પોતે પ્રત્યક્ષ ભગવાનના સંબંધે કરીને જીવનું કલ્યાણ જેવું થાય તેવું બીજે સાધને કરીને થાતું નથી એ આદિ ઘણી વાતું કરી. ત્યારે કેટલાક મનુષ્ય વર્તમાન ધારીને મહારાજનું ભજન કરતા હવા પછી વાંસે સાધુ જમવા રહ્યા હતા તે પણ ત્યાં આવ્યા ને રાતે ગુલાબ મોટાની મેડીએ પોઢ્યા. સવારમાં તૈયાર થયા ત્યારે સેવક ઘોડી લાવ્યા

ત્યારે કાનદાસે કહ્યું જે, 'એક ઘર રહી ગયું.' ત્યારે પોતે હસીને તેને ઘેર પધાર્યા ને તે ભક્તની સેવા અંગીકાર કરીને ઘોડીએ ચડીને ચાલ્યા તે ગામ **કેલોદ**ના હરિભક્તને સુખ દઈને ટીમણ કરીને ચાલ્યા તે **ભરૂચ** પધાર્યા. ત્યાંના હરિભક્તે ગાજતે વાજતે શહેરમાં થઈને નર્મદાને કાંઠે પીપળા તલે ચોતરા ઉપર વિરાજમાન થયા. પછી સર્વે સંઘે સહિત પોતે વહાણે બેસીને નદી ઉતરીને અંકલેશ્વર ને પાદર વાવ ઉપર રાત રહીને ચાલ્યા તે ગામ ચોકી થઈને ગામ **કોહાર** પધાર્યા. કૂવા ઉપર રાત રહીને ચાલ્યા તે ગાંડીયે આરે નદી ઉતરીને રૂસ્તમ બાગમાં ઉતર્યા ભિખારી દાસની દીકરી મહાલક્ષ્મીબાઈએ થાળ કર્યો તેને પોતે જમ્યા ને ત્યાં રાત્રી રહ્યા. બીજે દિવસ સવારમાં આંબલી તળે મુક્તાનંદસ્વામીને આસને પધાર્યા. ત્યાંથી ઉઠીને ધર્મશાળામાં પાટ ઉપર વિરાજ્યા. પછી સંતને લાડુ પિરસીને જમાડ્યા. પછી સાંજને સમે સુરતના અરદેશર પલટન લઈને આવ્યા. ગિરધરલાલ, દયારામ તથા પુરુષોત્તમ કડિયા ને અંબારામ મેતા આદિ સર્વ હરિભક્ત શ્રીજીમહારાજને સન્મુખ નાના પ્રકારના વાજા લાવીને ગાજતે વાજતે પોતાના પુરમાં પધરાવ્યા ને લાલકૃષ્ણની વાડીમાં બજાર ઉપર બંગલાને વિષે ઉતર્યા ને ભક્તજન સર્વે ચંદન, પુષ્પ, અલંકારે કરીને શ્રીજીને પૂજતા હવા. પછી પોતે તે ભક્તના મનોરથ પૂરણ કરવાને વાસ્તે તે સર્વેને ઘેર થાળ જમવા પધાર્યા ને જમીને મંદિરમાં પધાર્યા. કૂવા પાસે ટાંકા ઉપર ઓરડીમાં લાલજીની સેવા હતી તેને પોતે હાથમાં લઈને કહ્યું જે, "આ લાલજી બહુ પ્રતાપી છે." ત્યારે હરિભક્તે કહ્યું જે હે, 'મહારાજ ! ઠાકોરજીને મંદિર બહુ સાંકડું છે.' ત્યારે પોતે બોલ્યા જે, 'આંહી તો ભારે શિખરબદ્ધ મંદિર થાશે ને ઠાકોર પણ મોટા બેસશે.' પછી હરિભક્ત સર્વે રાજી થયા. પછી પોતે સર્વે ભક્તોને કહ્યું જે, "આસપાસની જગ્યા લેજો." એમ કહીને ઉતારે પધાર્યા.

એક દિવસ ગામના શાસ્ત્રી આવ્યા તેમણે પ્રશ્ન પૂછ્યાં તેના ઉત્તર ભગવદાનંદસ્વામી આદિ ભણનારા સંતે કર્યા. પછી સર્વે સંતે પ્રશ્ન પૂછ્યા તેનો ઉત્તર શાસ્ત્રીથી ન થયો. પછી રૂગનાથશાસ્ત્રીને તેમને ચર્ચા થઈ તેમાં તેમણે પ્રશ્ન પૂછ્યા તેના રૂગનાથશાસ્ત્રીએ ઉત્તર કર્યા ને રૂગનાથશાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યા

તેનો ઉત્તર તે શાસ્ત્રીથી ન થયો. પછી શ્રીજીમહારાજ રૂગનાથશાસ્ત્રી ઉપર રાજી થઈને માથે હાથ મેલ્યો પછી બીજે દિવસ ગામના ગવૈયા આવીને વાજા લઈને ગાવા બેઠા ત્યારે મહારાજે પ્રેમાનંદસ્વામીને કહ્યું જે તમે કાંઈ બોલો. ત્યારે તેમણે તે વખતના રાગની આલાપચારી કરીને ધ્રુપદ ગાવા માંડ્યું. ત્યારે તે ગવૈયાના વાજા બંધ થઈ ગયા. તે જોઈને પોતે રાજી થયા ને કંઠમાંથી હાર ઉતારીને પ્રેમાનંદસ્વામીને આપીને માથે હાથ મેલ્યો ને તે ગવૈયાને બહુ રૂપિયા અપાવ્યા. બીજે દિવસ ગોવિંદસ્વામી, પ્રજ્ઞાનંદસ્વામી પાસે પોતે ઝિલણિયા કીર્તન ગવડાવીને તેમની ઉપર રાજી થઈને હાર તથા છાતીમાં ચરણારવિંદ આપ્યા.

બીજે દિવસે **નવાબ સાહેબે** મહારાજને પોતાના દરબારમાં પધરાવ્યા તે પોતાના દરવાજા સુધી સન્મુખ આવીને સત્કારપૂર્વક શ્રીજીમહારાજને તખત ઉપર પધરાવ્યા ને પોતા ભેળા કાઠિ હતા તે સલામ કરીને ખુરશીઓ ઉપર જઈને બેઠા ને સંત સર્વે સુંદર આસન પાથર્યું હતું તે ઉપર બેઠા. ઝીણોભાઈ આવીને સલામ કરીને પાછા પગે હઠીને કચેરીની રીતે બેઠા. ત્યારે નવાબે કહ્યું જે "તુમારે મે તો બેઠનેવાલા એક આદમી હે" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "આ તો સર્વે ડુંગરી (દેશી) રાજા છે." એમ કહીને પછી યોગીની વાતું કહી જે, "જે માર્ગમાં લોક સૂતા છે તે માર્ગમાં યોગી પુરુષ જાગ્યા છે ને જે માર્ગમાં યોગી સૂતા છે તે માર્ગમાં સર્વ લોક જાગે છે." એ અંગેની ઘણીક વાર્તા કરીને પોતાના દિવ્ય સ્વરૂપનું નવાબને દર્શન દઈને પોતાના વિષે ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. ત્યાર પછી તે નવાબ સાહેબે હીરા, મોતી, સુવર્ણ આદિ અલંકાર ને ભારે વસ્ત્ર તેણે કરીને મહારાજની પૂજા કરીને કાઠિઓને ગુલાબનું પાણી, અત્તર ને પાનબીડાં આપીને સન્માન કર્યું. પછી ત્યાંથી શ્રીજીમહારાજ ચાલ્યા ત્યારે પોતાના દરવાજા સુધી વળાવવા આવ્યા. તેને પોતે આશીર્વાદ દઈને ઉતારે પધાર્યા.

બીજે દિવસ **અરદેશરે** પોતાની વાડીના બંગલામાં પધરાવ્યા ને ભારે કોચ ઉપર વિરાજમાન કર્યા ને સર્વે સંત હરિભક્તને પાર્ષદની સભા પોતાની આગળ થઈ તેને પોતે જીવના કલ્યાણના માર્ગની વાર્તા ઘણીક કરીને કહ્યું જે,

"અક્ષરધામમાં મૂર્તિ છે તેમાં ને આ મૂર્તિમાં અણુમાત્ર ફેર નથી" ત્યારે અરદેશરે કહ્યું જે, 'હે મહારાજ ! હું પણ એ સમજું છું.' એમ કહીને ઘણી સ્તુતિ કરીને કહ્યું જે, 'આવા ને આવા દર્શન દઈને તમારા ધામમાં તેડી જજો.' ત્યારે પોતે બોલ્યા જે, "બેફીકર રહેજો. અમે ને તમે અક્ષરધામને વિષે ભેળા રહેશું." એમ વચન દઈને પછી સંત પાસે કીર્તન ગવડાવ્યા ને મહારાજની ચંદન, પુષ્પ, તથા વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરીને આરતી ઉતારીને સર્વે સંતને પુષ્પના હાર પહેરાવ્યા. પછી ગારદની પલટન આગળ બંદૂકના અવાજ કરતા જાય છે ને હજારો મશાલો કરાવીને નાના પ્રકારના વાજીંત્રે સહિત ગાજતે વાજતે ઉતારે પહોંચાડ્યા. બીજે દિવસ એરણ સાહેબે તથા જવન સાહેબ પોતાને બંગલે પધરાવ્યા ને ટોપીઓ ઉતારીને સન્મુખ આવીને પગે લાગીને ખુરશી ઉપર પધરાવીને રૂડે પ્રકારે સન્માન કરીને બહુ ખુશી થયા ને અતિ સ્નેહે કરીને વારંવાર મૂર્તિને નિરખીને મને કરીને મળ્યા. પછી બોલ્યા જે, 'હે મહારાજ ! તમે ડભાણમાં મળ્યાતા તે દિવસ તો જવાન હતા ને આજ તો તમે વૃદ્ધ થઈ ગયા. એમ કહીને હેતના આંસુ મેલ્યા ને પછી મહારાજને માહેલીકોર પધરાવીને તેમની મેડમો (સ્ત્રીઓ) ને છેટે ઉભી રાખીને દર્શન કરાવ્યા ને તેમને સાહેબે કહ્યું જે, "જેને બ્રહ્મ કહે છે તે જ આ સ્વામિનારાયણ છે." પછી તેમને મહારાજે દિવ્ય સ્વરૂપે દર્શન દઈને પોતાને વિષે ભગવાનપણાનો નિશ્ચય કરાવીને ચિત્તની વૃત્તિઓ તેમની પોતાને વિષે આકર્ષણ કરતા થકા ઉતારે પધાર્યા ને સુરતના હરિજને નવ દિવસ પર્યંત સંતને નવી નવી રસોઈઓ કરીને જમાડીને શ્રીજીને પ્રસન્ન કર્યા.

પછી મહારાજ ત્યાંથી ગાજતે વાજતે ચાલ્યા તે પાછા રૂસ્તમબાગમાં વિરાજમાન થયા. ત્યાં પ્રસન્ન થઈને અરદેશરને પોતાનો પાઘ આપીને તેને મળ્યા. પછી સુરતના હરિભક્તે તે સમે પાઘ બંધાવ્યો તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **કોહારમાં** રાત રહ્યા. ત્યાં આનંદાનંદસ્વામીએ દૂધની બાટીઓ ને વૈતાંકનું ભડથું જમાડ્યું. પછી ત્યાંથી ગાડીએ બેસીને ચાલ્યા તે શુકસ્વામીને ભેળા બેસારીને આગે જાતા બ્રહ્મચારીને કહ્યું જે, "તમારી પાસે જમવાનું શું છે ?" ત્યારે તેમણે સાથવો ને સાકર આપી. તેને પોતે થાળીમાં

ચોળીને જમીને સંતને પ્રસાદી આપીને પછી કીમ નદીમાં જઈને ન્હાયા ને ખીચડી જમ્યા. સંતે પણ ટીમણ કર્યા. પછી અંકલેશ્વર વાવ ઉપર રાત રહ્યા. પછી મહારાજે કહ્યું, 'જે રસોઈ કરો.' પછી સંતે કહ્યું જે, 'પાણીના ઠામ નથી.' ત્યારે પોતે કહ્યું જે, ''ઠાકોરજી તુંબડાનું પાણી શું નથી પીતા ?'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'પીવે છે.' પછી સંતોએ પાણીનું તુંબડું ભરીને રસોઈ કરી. ત્યારે પોતે કહ્યું જે, 'પંગત કરો.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'બ્રહ્માનંદસ્વામી ઘી લેવા ગયા છે.' ત્યારે પોતે બોલ્યા જે, ''એ તો સોંઘુ મોંઘુ કરવા રહ્યા તે નહિ આવે.'' એમ કહીને પોતે મસાલદાર લઈને ચાલ્યા તે કોઈ વાંસે પહોંચ્યા નહિ. પછી બ્રહ્માનંદસ્વામીને જઈને કહ્યું જે, ''સાધુ સારું લેવું તેમાં શું ભાવ કરવો.'' એમ કહીને કુડલું ઉપડાવી ચાલ્યા તે કહ્યું જે જે માગે તે આપજો.' પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'અણતોલ્યું લઈને માગે તે આપવું તે તો તમથી થાય. અમને તો સહુ ઠપકો દે.' પછી પોતે હસીને ઘી લઈને ઉતારે આવીને સંતને ઘી - ખીચડી જમાડીને ચાલ્યા તે નર્મદામાં નાહી ને કાંઠે બેસીને ઘોડા વહાણમાં ચડાવવા માંડ્યા ત્યારે જીભાઈની ઘોડીએ માથું હલાવ્યું. ત્યારે સુરાખાચરે કહ્યું જે, 'ઘોડી એમ કહે છે જે ભાલનું ખારું પાણી પીવા નહિ આવું.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમારી ઘોડી પ્રથમ ચડાવો.' ત્યારે તેમણે કહ્યું જે માણકી નહિ ચડે. ત્યારે પોતે પાળાને કહ્યું જે, ''અસવાર ને વહાણે ચડાવો.'' ત્યારે તેવી રીતે તે વહાણે તરત ચડી ગઈ. ત્યારે પોતે બોલ્યા જે, ''કહેતાતાને જે માણકી નહિ ચડે.'' ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'બે હજાર રૂપિયા થાણમાં જ આપીએ છીએ તે જાતને માથે છે.' ત્યારે પોતે હસીને વહાણે બેસીને સંતમંડળે સહિત નર્મદા ઉતરીને વહાણ વાળાને શિરપાવ આપીને **ભરૂચ** પધાર્યા. પછી તે ગામના હરિભક્ત સામૈયું લઈને ગાજતે વાજતે મોટી બજારમાં થઈને ભૃગુઋષિના આશ્રમ ને સમીપે આવ્યા. ત્યારે પોતે આનંદાનંદસ્વામીને કહ્યું જે, ''આહીં બળીરાજાએ યજ્ઞ કર્યો હતો ને વામનજી આવ્યા હતા. વાસ્તે તમે આહી સારું મંદિર કરજો ને અમે મૂર્તિઓ પધરાવવા આવીશું.'' તે જ્યારે આનંદસ્વામીએ મંદિર કર્યું ત્યારે પોતે દિવ્ય દેહે આવીને મૂર્તિઓની પ્રતિષ્ઠા પોતાને હાથે કરીને સ્વામીને કહ્યું જે, ''હું તો તમ જેવા

સાધુથી પળ માત્ર છેટે રહેતો નથી.'' એમ કહીને પોતે અદ્રશ્ય થઈ ગયા. આ વાત પ્રકરણ વશાત લખી છે.

પછી પોતે શહેર બહાર નિસરીને સંતને ફરવા મોકલ્યા ને ત્યાંથી પોતે **કેલોદ** રાત રહીને ચાલ્યા તે **આમોદ** આવ્યા ને શેઠ હરજીવનને ઘેર ઉતર્યા. તેમણે રસોઈની તાણ કરી ત્યારે મહારાજે કહ્યું જે, ''અમને દહીં ને રોટલા ને ખીચડી કરીને જમાડો તો બહુ રાજી થાય.'' ત્યારે તેવી રસોઈ કરીને જમાડ્યા ને પોતે દીનાનાથ ભટ્ટને ઘેર મેડા ઉપર જમીને શેઠ હરજીવનની મેડીએ રાત રહીને સવારમાં ચાલ્યા તે ગામ **કારેલી** થઈને બાદલ પર રાત રહીને **ખંભાત** પધાર્યા ને નારેશરના સમીપે ઉતર્યા ને સર્વે હરિભક્તે આવીને ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી ને બરફી, દૂધ, પેંડા આદિ ભેટ મેલીને પગે લાગીને દામાલાલ, સદાશિવ વ્યાસને પ્રાણવલ્લભ એ આદિ હરિભક્ત સર્વે આવીને કહ્યું જે, 'હે મહારાજ ! અમારા ઘર પાવન કરવા પધારો.' પછી પોતે ઘોડે ચડીને તેમને ઘેર પધાર્યા ને તેમણે કરી જે સેવા તેને પોતે અંગીકાર કરીને ચાલ્યા તે રાણાચકલે આવીને પૂછ્યું જે, ''આહીં મંદિર છે ?'' ત્યારે હરિભક્તે કહ્યું જે, નથી. ત્યારે પોતે કહ્યું જે, ''આ ચોગાન સારુ છે.'' આહીં મંદિર કરીને નાની મૂર્તિઓ પધરાવજો. એમ કહીને ચાલ્યા તે ગામ **ગુડેલ** પધાર્યા ને જીભાઈની મેડીએ ઉતર્યા. ત્યાં પોતે રીંગણાનું શાક ને બાટીઓ પોતાને હાથે કરીને, જમીને પાર્ષદને પ્રસાદી આપી. ત્યારે સુરાખાચરે કહ્યું જે, 'આવું શાક ને ભજીયા ને વડા જમાડો તો બહુ સારું.' પછી પોતે કહ્યું જે, ''કાલ જમાડીશું.'' એમ કહીને પછી પૂંજાભાઈની બહેનને સમાધિમાં દર્શન દઈને કહ્યું જે, ''અમારા થાળમાં ભજીયા, વડા ને રીંગણાનું શાક કરજો. અમે કાલ આવીને જમશું.'' પછી ત્યાં રાત રહીને ચાલ્યા તે **ધોલેરે** પધાર્યા. પૂંજાભાઈને ઘેર ઉતર્યા ને તરત જમવા બોલાવ્યા તે જેટલા વાના સમાધિમાં કહ્યા હતા તે સર્વે થાળમાં જોઈને પોતે હસ્યા. જમીને સૂરાખાચરને પ્રસાદી આપીને સર્વે પાર્ષદને આપી. ત્યાં એક દિવસ રાત રહીને ચાલ્યા તે **કારીયાણી**એ રાત રહીને **ગઢડે** પધાર્યા.

ત્યાં રહીને એક સમે મોટેરા સંતને પોતે વાસુદેવની **મહાદીક્ષા** દેવાની વિધિ અક્ષરઓરડીના ચોકમાં વેદિ કરાવીને સર્વેને શ્વેત વસ્ત્ર પહેરાવીને બે

ઉંચા હાથ રખાવીને ઉભા રાખ્યા. પછી તે દીક્ષા દેનાર વેદિયા બ્રાહ્મણે કહ્યું જે, "રૂપ ને વયની વ્યક્તિ સહિત સ્ત્રીનું મુખ દેખાય તો ઉપવાસ કરવો." ત્યારે દીક્ષાવાળા બોલ્યા જે, 'બાઢમ્.' ત્યારે મહારાજ મંદ મંદ હસ્યા ને પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'ધોળા વસ્ત્ર કોળી લૂંટી લેશે.' ત્યારે પોતે બોલ્યા જે, "દીક્ષા પૂરી થયા કેડે મોરે જેવા પહેરતા તેવા પહેરજો." એમ કહીને પોતે જમવા પધાર્યા ને સર્વે શ્વેત ધર્મીને થાળની પ્રસાદી આપીને બોલ્યા જેને દોરનાર હોય તે સર્વે શ્વેત ધર્મ રાખો. તે જેણે શ્વેત ધર્મ લીધો તેના નામ ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, શુકમુનિ, સ્વયંપ્રકાશાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી, વાસુદેવાનંદ બ્રહ્મચારી, નિષ્કુળાનંદસ્વામી, ભજનાનંદસ્વામી, પરમાનંદસ્વામી, અખંડાનંદ, ગુણાતીતાનંદ એ આદિ સંત એંશીને આશરે શ્વેત ધર્મ લીધો.

પછી **દાદાખાચર**ને પરણાવવાને સારુ મુહૂર્ત જોવરાવીને પછી પોતે ભારે શોભાયમાન વસ્ત્ર પહેરીને ઓસરીયે વિરાજ્યા ને મોટીબાને પૂછ્યું જે, 'તમારે પરણવા જાય ત્યારે શી રીત છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'ઘયડેરો (ગામધણી) હોય તે ગામ જમાડે,' ત્યારે પોતે બોલ્યા જે, 'દાદાખાચરથી કોણ ઘરડેરો છે ?' એમ કહીને તરત ગામમાં નોતરું ફેરવ્યું ને કંદોઈ પાસે શીરો કરાવીને દરબારમાં પંગત કરીને જમાડવા માંડ્યું. ત્યારે પોતે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'કંદોઈથી પૂરું નહિ થાય માટે તમે શીરો કરો.' ત્યારે તેમણે બે કડાઈઓ ચડાવીને શીરો કરીને એક પહોરમાં આખું ગામ જમાડી દીધું. પછી મહારાજ પોતે દાદાખાચરને પરણાવા ચાલ્યા તે **માલપરા** રહ્યા ને **પીઠવડી** થઈને. **ભટવદર** ગયા ને દાદાખાચરને પરણાવીને ચાલ્યા તે ગામ **વાવેરે** થઈને **ગોરડકે** થઈને **પીઠવડી**એ જમીને સર્વને જમાડીને ચાલ્યા તે **માલપર** થઈને ગઢડે પધાર્યા તે દાદાખાચરના ફૂલેકામાં પોતે ફર્યા ને ગાજતે વાજતે દરબારમાં પધાર્યા.

એમ લીલા કરતા થકા ત્યાં વસંતપંચમીના દિવસે સર્વે સંત ને હરિભક્તને પોતે રંગ ગુલાલ નાખ્યો ને સંતે પણ મહારાજને રંગ નાંખ્યો. એમ રંગે રમીને સંત મંડળે સહિત ઘેલે ન્હાવા પધાર્યા ને ત્યાં ઘણી જળક્રીડા કરીને બહાર નિસરીને શ્વેત વસ્ત્ર પહેરીને ઘોડીએ ચડીને દરબારમાં પધાર્યા. પોતે જમીને

સંતને જમાડીને પછી સાંજે સભા કરીને સંત ગવૈયા પાસે વસંતના કીર્તન ગવડાવ્યા. પછી આરતી કરીને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવીને પોતે પોઢવા ગયા. એમ પાંચ દિવસ સંતને રાખીને પછી સંતમંડળ બે ત્રણને ગુજરાતમાં ફરવા મેલ્યા ને મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ મોટેરા સંત આઠને પાસે રાખીને વસંતનો ઉત્સવ કરીને ચાલ્યા તે ગામ **સારંગપુર** થઈને વાગડ થઈને ગામ **કંથારીયે** પધાર્યા ને શેઠ કાનજીસા ને ઘેર થાળ જમ્યા ને રાત્રી રહીને ચાલ્યા તે **લીંબડી** થઈને ગામ **શિયાણી** પધાર્યા ને શિવરામ ભટ્ટ ને ઘેર ઉતર્યા. ત્યાં બે-ત્રણ રાત્રી રહીને લીલા કરીને **તાવી** પધાર્યા ને ઠાકોર જેઠીભાઈના દરબારમાં વિરાજમાન થયા. ત્યાં બે-ત્રણ રાત્રી રહીને સર્વેના ઘરના થાળ જમીને તેમણે કરી જે સેવા તેને અંગીકાર કરીને ગામ **દેવળિયે** પધાર્યા. ઠાકોર જાલમસિંહના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજ્યા ને કેસાબાએ થાળ કરાવ્યો તેને પોતે જમ્યા ને સંત ને પાર્ષદ ને જમાડીને રાત રહીને ભક્તજનને સુખ દઈને ત્યાંથી ગામ **સાપર** પધાર્યા ને તળાવ ઉપર ઉતર્યા. સર્વ સંત સહિત પોતે તળાવને વિષે નાહીને દક્ષિણાદિ પાળ પર બેસીને માનસીપૂજા કરીને તે એકાદશીને દિવસ ગામ શિયાણીના શેઠ ભીમાવોરાએ સર્વે સંતને ખજૂરનું ફળાહાર કરાવ્યું. ને તે ભક્તે નિષ્કામભાવે કરીને કરી જે સેવા તેના ઉપર પોતે બહુ રાજી થયા. ત્યાંથી તે ભક્તને પાછા વાળીને ચાલ્યા તે **દદુકા** પધાર્યા ને ઠાકોર અલુભાઈને ઘેર ઉતર્યા. તે ભક્તે દ્વાદશીને દિવસ સંતને શીરોપૂરી કરાવીને જમાડ્યા ને મહારાજને સારુ ભારે થાળ કરાવીને જમાડીને દહીં દૂધની રેલમછેલ કરીને સંતને તૃપ્ત કરીને પછી ત્યાંથી ગામ **મછીયાવ** પધાર્યા. ઠાકોર બાપુભાઈના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા તે પોતાના એકાંતિક ભક્ત એવા જે બાપુભાઈ ને બાસાહેબ તેમણે ભારે થાળ કરાવીને મહારાજને જમાડ્યા ને સંત ને પાર્ષદને જમાડ્યા ને રાત રહીને ત્યાંથી ગામ **કુંવારજ** થઈને **સાણંદ** થઈને **શ્રીનગર** પધાર્યા. ત્યાંના હરિભક્ત છત્રીસ પ્રકારના વાજા લઈને સન્મુખ આવીને ગાજતે વાજતે ખાનપરે દરવાજે થઈને શહેરમાં રાજબજાર સોસરા થઈને મંદિરમાં પધાર્યા ને ત્યાં દરવાજાને મેડે ઉતર્યા ને દરવાજાને પાસે લીંબડા હેઠે ઓટા ઉપર વિરાજ્યા. ફૂલદોલના ઉત્સવ ઉપર દેશ દેશના હરિજન દર્શને આવ્યા તેની ઉપર કૃપાદ્રષ્ટિ કરીને

જોતા થકા સર્વેને દર્શન દેતા હવા. પછી ઉત્સવને દિવસે ભારે ભારે રંગના કડાયા ને મોટી ત્રાંબાની કોઠીઓ ભરાવીને સર્વે સંતને ને હરિભક્તોને માથે તાંસળીયું ભરીને નાંખતા હવા. સંતને હરિજન મહારાજની ઉપર રંગને ગુલાલની ફાંટો ભરીને નાંખતા હવા. એમ પરસ્પર રંગમાં રમીને કીચ મચાવ્યો. પછી રંગે ભર્યા થકા એમને એમ ઘોડે અસવાર થઈને નારાયણઘાટે ન્હાવા પધાર્યા. સર્વ સમાજે સહિત સાબરમતીમાં નાહીને ઘણીવાર સુધી જળક્રીડા કરીને બહાર નિસરીને વસ્ત્રને ભારે ઘરેણા પહેરીને ઘોડે વિરાજ્યા. તે સમે દેવના વિમાન આકાશને વિશે છાઈ જાતા હવા ને પુષ્પની વૃષ્ટિ કરતા થકા જય જય શબ્દને કરતા હવા. એવી શોભાએ જુક્ત થકા ગાજતે વાજતે પાછા શહેરમાં થઈને નરનારાયણના મંદિરમાં વિરાજમાન થયા. તે સમે સર્વભક્ત ચંદનપુષ્પના હાર ને વસ્ત્રઅલંકારે કરીને મહારાજને પૂજતા હવા.

એક દિવસ લીંબડા તળે ઓટા ઉપર વિરાજમાન થયા ને સંત સર્વે એકાગ્ર દ્રષ્ટિ કરીને શ્રીજીના દર્શન કરતા હવા. તે સમે **નટ**ને પોતે આજ્ઞા કરી તે રમવા લાગ્યા ને તેમની એકાગ્રવૃત્તિ જોઈને પોતે સર્વે સંત પ્રત્યે બોલ્યા જે, "જેમ આ નટ પેટને અર્થે એકાગ્રચિત્ત થઈને રમે છે તેમ ભગવાનના ભક્તને ભગવાન વિષે વૃત્તિ રાખવી." એવી રીતે ઘણીક વાર્તા કરીને એ નટની રમતને જોઈને તેમના ઉપર પ્રસન્ન થઈને મોજ આપી. એવી રીતે શ્રીનગરને વિષે રહીને લીલા કરીને ભક્તજનને સુખ આપીને ત્યાંથી ગામ **અશ્લાલી** પધાર્યા. ત્યાં વેણીભાઈને ઘેર થાળ જમીને સંતને જમાડીને ત્યાંથી **જેતલપુર** પધાર્યા ને મંદિરમાં વિરાજ્યા. ત્યાં રાત્રી રહીને **વડતાલ** પધાર્યા. રામનવમીના ઉત્સવ ઉપર શ્રીજીના દર્શને દેશ દેશથી હરિજન આવ્યા ને નાના પ્રકારના ઉપહારે કરીને શ્રીજીની પૂજા કરી. ત્યાં સીતારામજીને પોતે જનોઈ દઈને બ્રહ્મભોજન કરાવ્યા. પછી એક દિવસ પોતે બોલ્યા જે, "મારે વિષે જ્ઞાન, વૈરાગ્યદિક ગુણ હતા તે મેં સંતને આપ્યા પણ મારે વિષે અષ્ટાંગ યોગ છે તે નથી આપ્યો." ત્યારે ગોપાળાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'અમને શિખવો.' ત્યારે પોતે અષ્ટાંગયોગ શિખવાની સર્વે વાત કરી દેખાડી. પછી ગોપાળાસ્વામીને વડોદરે મેલ્યા ને વડોદરેથી કરાળી જઈને યોગ શીખ્યા. પછી પોતે સર્વે

ભક્તજનને સુખ આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ મહેળાવ થઈને **સોજીત્રે** થઈને **સિંજીવાડે** રાત રહીને ચાલ્યા તે **ગલિયાણે** થઈને **કમિયાળે** રાત રહીને ચાલ્યા તે **રોજકે** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **કારીયાણી** પધાર્યા. ત્યાં રાત રહીને ગઢડે પધાર્યા ને ત્યાં રહ્યા થકા સર્વે સંતને અષ્ટાંગયોગ શિખવતા હવા.

**(ઈતિ એકાશીની લીલા સંપૂર્ણ)**

બ્યાશીના જેઠ મહિનામાં શ્રીજીમહારાજ **બોટાદ**ને માર્ગે ચાલ્યા ને બ્રહ્માનંદસ્વામીને ગાડે બેસાડીને તેમની પાસે કીર્તન ગવડાવતા ચાલ્યા તે પોતે ભેળા ગાતા જાય. તે એમ ગાતા ગાતા બોટાદના દરવાજામાં પેઠાને દાદાખાચરના દરબારમાં પધાર્યા ને ત્યાં પણ કીર્તન ગવડાવ્યા તે સવાર થયું તો પણ ગવડાવવા માંડ્યા તે બપોર થયાને થાળ જમવા પણ ઉઠે નહિ. ત્યારે સર્વે હરિભક્તે પ્રાર્થના કરી ત્યારે જમવા ઉઠ્યા તે જમીને દાહાખાચરની ઓસરીયે શીરો પિરસીને પોતે જમાડીને ત્યાંથી **ગઢડે** પધાર્યા.

પછી એક દિવસ પોતે **લક્ષ્મીવાડી**એ પધાર્યા ને ત્યાં ઓટા ઉપર વિરાજ્યા. પછી બાગવાન હરિભાઈ કેરીઓ મૂકીને પગે લાગ્યા. ત્યારે પોતે પૂછ્યું જે, 'કાળીયા આંબા ઉપર કેટલી કેરીઓ છે ?' પછી તેણે કહ્યું જે, 'સાધુ તે નિત્ય કેરીઓ માંગે છે વાસ્તે થોડી કેરીઓ રહી છે.' પછી પોતે બોલ્યા જે, 'સાધુને માંગવાની આજ્ઞા નથી. જેણે માંગીને અમને કેરીઓ જમાડી હોય તે ગુજરાતમાં જાય.' ત્યારે બ્રહ્માનંદસ્વામીને નિત્યાનંદસ્વામી બોલ્યા જે, 'અમને તો આલી ત્યારે તમને જમાડી છે.' ત્યારે પોતે ભણનારાને પૂછ્યું જે, "તમે માંગીને અમને કેરીઓ જમાડી કે વગર માંગે આપીને જમાડી ?" ત્યારે તેમણે કહ્યું જે, 'અમે માંગીને જમાડી.' ત્યારે મહારાજે કહ્યું જે, "તમે ગુજરાતમાં જાવ ને અમે હરિભક્ત ઉપર કાગળ લખીશું જે જેણે અમને કેરીઓ જમાડી તેને સારી પેઠે કેરીઓ જમાડજો." પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'તમે તો રાજાની પેઠે કરો છો. જેમ એક રાજા સાકર જમવા બેઠો તે સાકરનો કાંકરો માંહી આવ્યો. ત્યારે તેમણે કહ્યું જે આ સાકર કોણે દળી છે ?' ત્યારે કહ્યું જે, આપણી દાસી એ દળી છે ત્યારે રાજાએ કહ્યું જે, 'એને બસેર સાંકરના કાંકરા જમાડો.' એ દંડ કર્યો.' તેમ તમે ભણનારાને કેરીઓ ઉપર હેત હતું ને

હરિભક્તોને કહ્યું જે એમને કેરીઓ સારી પેઠે જમાડજો એ દંડ કર્યો. તે ખાઈ ને ઉંઘી જાશે તે ભણવું ભૂલી જશે. ત્યારે પોતે કહ્યું જે, ''ત્યારે તો ન મોકલશો. એમ કહીને પાસે રાખ્યા.''

પછી ચોમાસાની એકાદશી નિયમની આવી ત્યારે પોતે લાડુબાઈના ઓરડાની ઓસરીયે વિરાજ્યા ને ભણનારા ને લહિયા સંતો મળવા આવ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! નદીનું પાણી નિર્મળ ન્હાયા જેવું થયું છે.' ત્યારે પોતે બોલ્યા જે, ''ચાલો ન્હાવા.'' એમ કહીને સંત મંડળે સહિત ન્હાવા ખળખળીયે પધાર્યા' તે છાતી સમા પાણીમાં ઉભા રહ્યા તે પાણી અથડાયને આગળ છોળ્યુ પડે તેનું સંત પાન કરે ને માથે ચડાવે. એમ સુખ લેતા હવા. પછી સંતે કહ્યું જે, 'અમને નિયમ આપો.' તે કહ્યું જે, ''આ પાણીમાં તણાઈને આવે તેને આપીએ.'' ત્યારે સંત સર્વે ખળખળીયામાં તણાઈને પાસે આવીને પાણીમાં ઉભા રહ્યા. પછી નિત્યાનંદસ્વામીને કહ્યું જે, ''તમે તણાઈને આવો.'' ત્યારે તેમણે શરીર તણાતું મેલ્યું. ત્યારે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, 'હવે તમારો વારો આવ્યો.' ત્યારે તેમણે કહ્યું જે, ''શરીર ભારે તે વાગી બેસે.'' ત્યારે પોતે સુરાખાચરને પગે ઠેલીને પાણીમાં નાંખ્યા. ત્યારે તેમણે બ્રહ્માનંદસ્વામીને બાથ ભરી ત્યારે બન્ને આડા પડ્યા ને તણાવા માંડ્યા. ત્યારે તેને જોઈને પોતે હસવા લાગ્યા ને તે બે જણ જ્યાં હતા ત્યાં આવીને ઉભા રહ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'હાથે પગે વાગ્યું હોત તો કાવ્ય બંધ થાત.' ત્યારે મહારાજે કહ્યું જે, ''અમે તમને કાંઈ અડ્યા છીએ?'' ત્યારે બ્રહ્મમુનિ બોલ્યા જે, કાંઈ કૃષ્ણાવતારનો હેવા પગે કરીને કમાડ ઠેલવાનો રહી ગયો દીસે છે. પછી પોતે હસીને ઉંડા પાણીમાં સામા ગયા ને મંડળી બાંધીને જળ ઉછાળવા લાગ્યા. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'થોડા હાથ ઉંડા પાણીમાં ઘાલો તો પાણી ઘણું ઉછળે.' ત્યારે પોતે તેમ કર્યું જે થોડા હાથ ઉંડા પાણીમાં ઘાલો તો પાણી ઘણું ઉછળે. ત્યારે પોતે તેમ કર્યું ત્યારે જળ ઘણું ઉછળ્યું. તે જોઈને પોતે ઘણું હસ્યા. તે સમે મહારાજની જળક્રીડા જોવાને ઈંદ્રાદિક દેવ આવીને વિમાને કરીને આકાશ છવાઈ ગયું ને પુષ્પની વૃષ્ટિ કરતા હવા. પોતે સંત પાસે ઝીલણીયા કીર્તન ગવડાવતા હવા ને ભેળા પોતે

પણ તાળી પાડીને ગાવા માંડ્યા. તે જોઈને અપસરાઓ નૃત્ય કરતી હવી ને ગાંધર્વ ગાન કરતા હવા. બ્રહ્મા ને શિવ જય જય શબ્દ કહીને સ્તુતિ કરતા હવા ને શ્વેતદ્વીપના ને બદ્રિકાશ્રમના મુક્ત દર્શન કરીને સ્થિર થઈ ગયા. નદીને કાંઠે બાઈભાઈની ભીડ થાતી હવી એવી લીલા કરીને બહાર નિસરીને ભારે કિનખાપનો સુરવાળને ડગલી પહેરાવ્યા ને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો ને એક રેંટો કેડે બંધાવ્યોને એક ખંભાને વિષે ધરાવ્યો. ભાલને વિષે ચંદન કેસરની અર્ચા કરીને વચ્ચે કુમકુમનો ચાંદલો કરીને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા ને બે ભૂજાને વિષે ગજરા ને બાજુબંધ બાંધ્યા. એવી શોભાએ યુક્ત પોતે ઘોડીએ બેસીને સંત કીર્તન ગાતા થકા દરબારમાં લાડુબાઈના ઓરડાની ઓસરીયે વિરાજ્યા.

સંત નિયમ લેવા આવ્યા તેમને પોતે કહ્યું જે, ''જેને જેવા નિયમ લેવા હોય તે બોલો'' ત્યારે જુવાનિયાં સંતોએ ધારણા પારણાનાં નિયમ લીધા. મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'મુને નિયમ આપો.' ત્યારે તેમને કહ્યું જે, ''અમારા દર્શન કર્યા ત્યાંથી લઈને લીલા વર્ણવવી અને બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામીને પ્રત્યક્ષ લીલાના ચાર કીર્તન નવા નિત્ય કરવા એ નિયમ આપ્યું.'' નિત્યાનંદસ્વામીને કહ્યું જે, 'તમારે અમારી પાસે ચાર મહિના સુધી કથા કરવી' એ નિયમ ને દાદાખાચરની મા એ કહ્યું જે, 'એક મહિના સુધી મારા પારણા એ નિયમ.' ત્યારે મહારાજે કહ્યું જે, ''અમારે પિરસ્યાનું નિયમ.'' પછી નિત્યાનંદસ્વામી પાસે ભાગવતની કથાનો આરંભ કરાવ્યો ને પોતે પુસ્તકને પૂજીને નિત્યાનંદસ્વામીને પૂજા કરીને કંઠમાંથી હાર ઉતારીને પહેરાવ્યો. પછી પોતે કહ્યું જે, ''પુરાણીને સિધુ આપવું એ શાસ્ત્રનો મત છે તે બ્રહ્મચારીને કહ્યું જે મારો થાળ નિત્ય આપજો.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'એ ઠીક પડશે.' ત્યારે બ્રહ્મમુનિ બોલ્યા જે, 'એ તો બહુ કઠણ નિયમ આપ્યું.' એવું તો મુને આપો તો હું રાખું. પછી પોતે હસીને કથા પૂરી થઈ ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને પોતાને ઉતારે પધાર્યા. સાંજે એકાદશીના કીર્તન સભામાં ગવડાવ્યાને પછી પોઢવા પધાર્યા.

બારસને દિવસે પોતે પારણા કરીને સંતને પિરસીને જમાડ્યા ને દાદાખાચરે ચંદન પુષ્પના હાર પહેરાવીને પૂજા કરી. પછી બીજી એકાદશી પારણામાં આવી ત્યારે ડોશીએ કહ્યું જે સંતને લાડુનું ફરાળ કરાવો. ત્યારે મહારાજે કહ્યું જે, "એકાદશીને દિવસ અન્ન કેમ ખવાય ?" માટે તલના લાડુ કરાવીને દહીં દૂધ ભેળું કરાવો. પછી તેમણે તેમ જ કર્યું. પછી પોતે એકાદશીને દિવસ લાડુબાઈની ઓસરીને ઢોલિયાથી ચાર આંગળ ચરણારવિંદ બહાર રાખીને તકિયાનું ઓઠીંગણ દઈને પોઢ્યા ત્યારે એક હરિભક્તે સાકરની થાળી ભરીને મેલીને છાતીમાં ચરણારવિંદ લીધા. ત્યારે સર્વ હરિભક્તે જાણ્યું જે, 'મહારાજની સાકર લાવ્યાની મરજી છે.' એમ જાણીને સર્વે જન સાકર લઈ આગળ મેલીને છાતીમાં ચરણારવિંદ લે. પછી ખીમો સુતાર ગોળનું ભેલુ આગળ મેલીને છાતીમાં ચરણારવિંદ લેવા ગયા ત્યારે પોતે તાણી લીધા. ત્યારે તેણે કહ્યું જે કેમ ચરણારવિંદ તાણી લ્યો છો? ત્યારે પોતે બોલ્યા જે, 'ગોળ લાવે તે બ્રહ્માનંદસ્વામીને પગે લાગે.' ત્યારે તેમણે કહ્યું જે, "નકટીનો વર જોગી." ત્યારે પોતે મુખે રૂમાલ દઈને બહુ હસ્યા ને તે ભક્ત રૂપિયાની સાકર લાવીને પગે મેલીને ચરણારવિંદ લેવા ગયો ત્યારે પોતે તાણી લીધા. ત્યારે તે ભક્તે કહ્યું જે, 'હે મહારાજ ! ગોળને સાકર બન્ને લીધા તોય કેમ ચરણારવિંદ તાણી લ્યો છો ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! હવે તો દયા કરો.' ત્યારે પોતે ચરણારવિંદ છાતીમાં આપ્યા. ત્યારે તે સમે અજુભક્તે ચીભડાની ગાંસડી મેલી ત્યારે તેને પોતે ચરણારવિંદ છાતીમાં આપ્યા. ત્યારે ખીમે ભક્તે કહ્યું જે, 'ભગવાનનાં ઘરમાં એવો કેવો ન્યાય જે ચીભડાવાળા ને ચરણારવિંદ ને ગોળવાળાને નહિ.' પછી પોતે બોલ્યા જે, 'એ તો નવેનવા છે વાસ્તે આપ્યા.' એમ કહીને પોતે જમીને સંતને તલસાંકળી, દહીં, દૂધ ને સાકર પિરસીને તૃપ્ત કર્યા. પછી વ્રત પૂરું થઈ રહું ત્યારે સંતે મહારાજની ચંદન પુષ્પ વતે કરીને પૂજા કરીને છાતીમાં ચરણારવિંદ લીધા.

પછી બળેવ આવી ત્યારે લાડુબાઈની ઓસરીયે વિરાજ્યા ને અમદાવાદ ને સુરતના હરિભક્ત આવીને પવિત્રા ને રાખડીઓ ને ગોટા તે મહારાજને પહેરાવ્યા. પછી તે રાખડીની પ્રસાદી મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ

મોટેરા સદ્‌ગુરુ સર્વને આપીને પછી જન્માષ્ટમીના ઉત્સવ ઉપર ત્યાં સર્વે સંતને તેડાવ્યા ને દેશદેશાંતરના સર્વે હરિભક્ત દર્શન કરવા આવ્યા. તેને પોતે ભારે ભારે વસ્ત્ર ને ઘરેણા ને પુષ્પના હાર તોરા ને ગજરા તે પહેરીને ઘોડીએ ચડીને સર્વેને દર્શન દેતા થકા લક્ષ્મીવાડીએ ફરી આવીને પાછા દરબારમાં પધાર્યા ને સંત પાસે ગાન કરાવ્યું ને અર્ધી રાત સુધી દર્શન દઈને પોઢવા પધાર્યા. સવારમાં નાહીને ઓસરીયે વિરાજ્યા ને પૂછ્યું જે, "સંતની રસોઈની શી વાર છે ?" ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'રસોઈ તૈયાર થઈ છે. તમે પધારો.' પછી પોતે હસીને જમવા પધાર્યા તે જમીને સંતને પિરસીને જમાડ્યા. સાંજે સભામાં "હરિજન સાચા રે જે ઉરમા હિંમત રાખે" એ કીર્તન સંત પાસે ગવડાવ્યા ને પોતે તાલી પાડીને ગાવા લાગ્યા ને કહ્યું જે, "આ કીર્તનમાં કહ્યું છે તે ભગવાનના ભક્તને હિંમત રાખવી એમ વાતો કરીને પોઢવા ગયા." એવી રીતે જન્માષ્ટમીનો ઉત્સવ કર્યો. પછી ભાદરવા સુદી **જળઝીલણી** એકાદશીને દિવસ આસપાસથી સંતને હરિજન આવ્યા ને મધ્યાહ્ન સમે પોતે અસવારી કરીને ઠાકોરજીને ઝીલાવા નદીએ પધાર્યા. તે ઝીલાવીને જળક્રીડા કરીને ગાજતે વાજતે દરબારમાં પધાર્યા. સાંજે સભામાં "કોડે કોડે એકાદશી કીજીયે રે" એ કીર્તન ગવડાવીને રાત ઘણી ગઈ ત્યારે પોઢવા ગયા ને બારસના પારણા કરીને સંતને મોતૈયા લાડુ પિરસીને જમાડ્યા. પછી ધર્મદેવના શ્રાદ્ધને દિવસે મોતૈયા લાડુ કરાવીને સંતને જમાડીને તૃપ્ત કર્યા. પછી ભક્તિ માતાના શ્રાદ્ધને દિવસે પોતે કહ્યું જે, "બાઈઓ ને સંત જમે તેટલા મોતિયા કરાવો." પછી તે પ્રમાણે કરાવીને ભક્તિમાતાના શ્રાદ્ધને દિવસે પોતે સંતને લાડુ પિરસતા હસ્યા. ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'તમે કેમ હસ્યા ?' ત્યારે મહારાજે કહ્યું જે, "આજ બાઈઓને જમવાને લાડુ રહેશે કે નહિ રહે ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'ભક્તિમાતા રસોડામાં આવ્યા છે તે ખૂટે નહિ.' એમ રમુજ કરીને હાથ ધોઈને ઉતારે પધાર્યા. પછી બ્યાસી ના આસો વદીની દિવાળીના ઉત્સવ ઉપર સર્વે સંતને તેડાવ્યા. પછી તે સંત આવ્યા તેમને પોતે મળ્યા ને તે સંત મહારાજની સન્મુખ ચકોરની પેઠે જોતા હવા ને છેટેથી સંત આવ્યા તેમ તે તે દેશનાં સુખના સમાચાર પૂછીને પોતે જમીને સંતને જમાડ્યા.

દિવાળીનો દિવસ આવ્યો ત્યારે પોતે ઓસરીયે વિરાજ્યા ત્યારે સુરાખાચરે કહ્યું જે આજ તો ભારે વસ્ત્ર ધારણ કરો. પછી લાડુબાએ દાદા ખાચરને કહ્યું જે, 'આ વસ્ત્ર મહારાજને પહેરાવો.' ત્યારે તેમણે સોનેરી સુરવાળ ને સોનેરી ડગલી પહેરાવ્યા ને મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો ને કેડે રેંટો બંધાવ્યો ને કંઠને વિષે મોતીની માળા ને ભારે ઉતરી પહેરાવીને પુષ્પના હાર પહેરાવ્યા. એવી શોભાએ જુક્ત પોતે દિવાળીના કીર્તન ગવડાવ્યા. પછી પોતે જમીને સંતને જમાડ્યા. રાત્રીને સમે દાદાખાચરે દીપમાળ પૂરાવી તેને વિષે કાચના ઝાડ ને હાંડીઓ ને દિવાલગરીયું ને દીપકે સહિત બંધાવીયું ને તે દીપમાળને વિષે ભારે પાટ ઉપર શ્રીજીમહારાજને પધરાવ્યા. પછી પોતે સંત પાસે ફરીને કીર્તન ગવડાવવા માંડ્યા. પછી પોતે પણ ભેળા ગાવા લાગ્યા. તે સમે નંગજડીત જે કડા તેના આકાશને વિષે વીજળીની પેઠે જળકારા થતા હવા. તે શોભાને જોઈને કેટલાક ને સમાધિ થઈ ગઈને કેટલાક તો મટકે રહિત દર્શન કરતા હવા. પછી ઘણી રાત ગઈ ત્યારે ગાવવું બંધ કરીને સંતને રજા દઈને પોતે પોઢવા ગયા. પછી અન્નકૂટને દિવસે સવારમાં ઓસરીયે વિરાજમાન થયા. પછી બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, 'આજ ઝાલપટોળાનો દિવસ છે તે સર્વ લોક માંહોમાંહી મળશે માટે તમે સંતને મળો તો સારું.' ત્યારે પોતે હસીને સર્વ સંતને મળ્યા. પછી વાસુદેવની મૂર્તિ આગળ બ્રહ્મચારીએ અન્નકૂટ ભરીને આરતી કરીને મહારાજને જમવાનું કહ્યું ત્યારે પોતે વાસુદેવની સમીપમાં બેઠા તે જેટલી સામગ્રી અન્નકૂટમાં હતી તે સર્વ થાળમાં પૂરીને આગળ મેલ્યો. તેને પોતે જમતા જાય ને અન્નકૂટની શોભા જોતા જાય. તે જોઈને પોતે બહુ રાજી થયા. પછી પોતે ચળુ કરીને અન્નકૂટ પ્રસાદી સર્વ સંતને જમાડીને પોઢવા ગયા. સાંજે સભા કરીને વિરાજમાન થયા ને મુક્તાનંદસ્વામીને બ્રહ્માનંદસ્વામી આદિ ગવૈયા સંત સતાર, સરોદા ને દુકડ લઈને દિવાળીના કીર્તન ગાયા. તેમણે પોતે પ્રસન્ન થઈને હાર આપ્યા. બીજે દિવસ અન્નકૂટનો સામાન વધેલ હતો. તે સંતને જમાડીને ચાલ્યા તે **કારીયાણી** આવ્યા. ત્યાં એક દિવસ રહીને ગામ **બરવાળે** થઈને **ધોલેરે** પધાર્યા. ત્યાં એક દિન રહીને ચાલ્યા તે ગામ **પીંપળી** થઈને ગામ **કમિયાળે** આવ્યા ને ત્યાંથી ગામ **બુધેજ** પધાર્યા. ત્યાં પોતાના ભક્તજનને આનંદ પમાડીને **વડતાલ** પધાર્યા. ત્યાં સાધુ હરિભક્તને

તેડાવ્યા ને સંવત્ ૧૮૮૨ ના કાર્તિક સુદ એકાદશી પ્રબોધનીનો સમૈયો કર્યો ને સંતને મળ્યા. દેવદિવાળીને દિવસ લક્ષ્મીનારાયણના મંદિરની ચારેકોર દીવા કરાવ્યા ને ચોકમાં દીપમાળા કરાવીને પોતે ભારે સોનેરી વસ્ત્ર પહેરીને મંદિરને વાંસે વિરાજ્યા. મુક્તાનંદસ્વામીએ તે સમે "આજ દિવાળી રે નટવર નીરખતા રે લોલ" એ કીર્તન ગાયા ત્યારે તેમના ઉપર પોતે બહુ રાજી થયા. પછી વડોદરા ને અમદાવાદના ઉત્સવીયા સામસામા બેસીને કીર્તન ગાવા માંડ્યા તે રાસના ગાયા. ત્યારે વડોદરાના દયારામને રાગ બેઠો નહિ. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'તમે એને રાગ શિખવો.' ત્યારે સ્વામીએ ઝાંઝ લઈને તે કીર્તનનો રાગ શિખવ્યો. પછી રાત્રી ઘણી થઈ ત્યારે પોતે પોઢી ગયા.

પછી બીજે દિવસ વડોદરાના જગજીવન વકીલે મંદિરની વાંસે મહારાજ બેઠા હતા ત્યાં પૂજા કરી તે કિનખાબનો સુરવાલ ને ડગલી પહેરાવ્યા. મસ્તકને વિષે ભારે રેંટો બંધાવ્યો ને અત્તરની શીશી લઈને સર્વ અંગે ચરચ્યું ને પુષ્પના હાર કંઠમાં પહેરાવ્યા ને આરતી ઉતારી. પછી બ્રહ્મચારીએ જમવાને બોલાવ્યા તે પોતાને ઉતારે પધાર્યા. પ્રેમીભક્તે થાળ મેલ્યો તેને પોતે જમીને સંતને પિરસવા પધાર્યા તે જમતાં બોલવું નહિ એ પ્રકરણ હતું. ત્યારે સંતે સાન કરીને લાડુ માંગ્યો ત્યારે મહારાજે કહ્યું જે, 'અમારી પાસેથી જેટલું જોઈ તે માંગી લેવું પણ સાન કરીને માંગવું નહિ.' એમ સંતને જમાડીને ઉતારે પધાર્યા. દેશાંતરથી આવ્યા જે હરિજન તેમણે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને કરી જે પૂજા તેને પોતે અંગીકાર કરીને તેમને આનંદ આપીને ત્યાંથી ચાલ્યા તે ગામ **બોચાસણ** ગયા. કાશીદાસ મોટાને ઘેર થાળ જમીને સંતને જમાડીને ચાલ્યા તે ગામ **બુધેજ** ગયા ને તેજાભાઈને ઘેર ઉતર્યા. ત્યાં પોતે જમીને ચાલ્યા તે **ગુડેલ** થઈને **કમિયાળે** પધાર્યા. ત્યાં એક દિવસ રહીને ચાલ્યા તે **ધોલેરે** ગયા. ત્યાં બે દિવસ રહીને **કારીયાણીએ** પધાર્યા. ત્યાંથી સવારમાં ચાલ્યા તે **ગઢડે** પધાર્યા.

પછી મોટા શિવાનંદસ્વામીને પૂર્ણાનંદસ્વામીને હિંદુસ્તાની ગોપાળાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી તેમને પોતે કારીયાણીથી તેડાવ્યા ને ભૂમાનંદસ્વામીને પાસે રાખ્યા ને તે ચાર જણને

ઝીણાભાઈ માંદા હતા તે વાસ્તે જુનાગઢ મોકલ્યા. પછી થોડાક દિવસ થયા ત્યારે પોતે અર્ધીરાતને સમે બોલ્યા જે, 'અમારે તો આ ટાણે જુનેગઢ જાવું છે.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ! વાણુ વાવા દ્યો.' કાંઈ થોડે અસવારે જુનેગઢ જવાય નહિ. પછી **કારીયાણી**ને સારંગપુર માણસ મેલીને અસવાર તેડાવ્યા. પછી સવારમાં ત્યાંથી ચાલ્યા તે ગામ **રાણપર** પધાર્યા. ત્યાં રાત રહીને ચાલ્યા તે ગામ જૂનાગઢ પધાર્યા તે ઝીણાભાઈના દીવાનખાનામાં વિરાજમાન થયા. પછી જમવા સારુ બોલાવવા આવ્યા ત્યારે પોતે ઝીણાભાઈની મેડીએ પધાર્યા ને પોતે જમીને સંત ને પાળા અસવાર તેમને જમાડીને પછી ઝીણાભાઈને જોવા પધાર્યા ને ઢોલિયે વિરાજ્યા. ઝીણાભાઈને કહ્યું જે, 'તમારે ધામમાં જવું હોય તો મોકલીએ.' ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, 'મારે તો કાંઈ જાવું નથી.' તમારી સેવામાં રહેવું છે. ત્યારે પોતે રાજી થઈને કહ્યું જે તમને સેવામાં રાખશું. ત્યારે ઝીણાભાઈએ કહ્યું જે, ''મારી હવેલીને ઠેકાણે મંદિર કરો.'' ત્યારે પોતે મંદિર કરવાનું વચન આપ્યું. પછી પોતે ઉતારે પધાર્યા ને ઝીણાભાઈએ દેહ મૂક્યો ત્યારે પોતે તેમના દેહની ક્રિયા કરવા દામોદરકુંડે પધાર્યા. દેહની ક્રિયા થઈ રહી ત્યારે પોતે દામોદરની નદીને ઉપર મોટો પાણીનો ધરો હતો ત્યાં ન્હાયા. પછી ગિરનાર ઉપર ચડ્યા ને નિત્યાનંદસ્વામીને કહ્યું જે તમે ગામમાં જઈને અમારી સારુ રસોઈ કરીને સામા આવજો. એમ કહીને પોતે ચાલ્યા તે રાયખેંગારના મોલ આગળ ગયા ને ત્યાંથી ગૌમુખી ગંગાએ ગયા. ત્યાં પોતે જળપાન કરીને પાછા વળ્યા ત્યારે સુરોખાચર બોલ્યા જે, 'હે મહારાજ ! ભૂખ લાગી ખરી.' ત્યારે પોતે કહ્યું જે, ''રૂપિયાના એક શેર દાળીયા મળે તો લાવો પણ ક્યાંઈ ન મળ્યા.'' પછી પોતે હેઠા ઉતર્યા ત્યારે ચડાવની વાવ આગળ નિત્યાનંદસ્વામી જમવાનું લાવ્યા ત્યારે નદીને કાંઠે સારી જગ્યા જોઈને ત્યાં પોતે જમીને પાર્ષદને જમાડ્યા ને કહ્યું જે, 'સિતારામને શું જમાડશો ?' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'સાથવો ને સાકર લાવ્યો છું.' ત્યારે મહારાજ બહુ રાજી થયા ને સર્વેને જમાડીને પોતે ગામમાં પધાર્યા. ત્યારે દાદોભાઈ આવીને પગે લાગ્યા ત્યારે મહારાજે કહ્યું જે, ''આજ અમે ઝીણાભાઈને કોલ આપ્યો છે પણ જાયગા સાંકડી છે.'' ત્યારે દાદોભાઈએ કહ્યું જે, 'આપણી વાડીમાં મંદિર કરો.' ત્યારે મહારાજે લાધા ઠાકરને કહ્યું જે,

"લેખ કરી લ્યો." ત્યારે તેમણે લેખ કરીને મહારાજના હાથમાં આપ્યો ત્યારે પોતે દાદાભાઈને કહ્યું જે, 'આમાં તમે સહી કરો.' ત્યારે તેમણે સહી કરી ત્યારે મહારાજ રાજી થયા પછી નવાબ સાહેબે મહારાજને તેડાવ્યા ત્યારે દરબારમાં પધાર્યા. ત્યારે નવાબે સત્કારપૂર્વક સભાને વિષે કોચ ઉપર પધરાવ્યા ને પૂજા કરીને એમ બોલ્યા જે, સ્વામિનારાયણ જેવા ખુદા ને ઝીણાભાઈ જેવા સેવક પૃથ્વીને વિષે થાવા દુર્લભ છે. એમ કહીને કહ્યું જે આહીં તમે મંદિર કરો. ત્યારે મહારાજે કહ્યું જે, "તમારી મરજી છે તો થાશે." એમ કહીને પોતે ઉતારે પધાર્યા.

ત્યાંથી ચાલ્યા તે **વાસાવડ** થઈને **લખમણ**ને **પીપળી** પધાર્યા. ત્યાં બે દિન રહીને ચાલ્યા તે **કોટડે** થઈને **વાંકીયે** પધાર્યા. ત્યાં પોતે જમીને બીજે દિવસે ચાલ્યા તે **ગઢડે** પધાર્યા ને બીજે દિવસે પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા ને વેદિ ઉપર વિરાજમાન થયા. તે સમે નારાયણજીભાઈ આવ્યા ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે નખ ઉતારો.' ત્યારે તેમણે નખ ઉતાર્યા. પછી પોતે કહ્યું જે, "દેવરામ કહે છે જે આજ અડધી રાતે હું દેહ મૂકીશ." કેમ જે મારે ને ઝીણાભાઈ ને કોલ છે જે જે પ્રથમ ભગવાનના ધામમાં જાય તે તેડવા આવે. માટે આજ અર્ધી રાતે મુને તેડવા આવશે. ત્યારે મહારાજે કહ્યું જે, 'એ વાત સહુ સાંભળે તેમ કહો.' ત્યારે નારાયણજીભાઈએ તેમજ કરી. પછી પોતે બોલ્યા જે, "ચાલો દેવરામને દર્શન દેવા જાઈએ." એમ કહીને ચાલ્યા તે દેવરામને પાસે ગયા ને તેમને કહ્યું જે, "તમારે કાંઈ કેવું છે ?" ત્યારે તે દેવરામે કહ્યું જે, 'મારે તો કાંઈ કહેવું નથી. તમારી સેવામાં રહેવું છે.' ત્યારે મહારાજે રાજી થઈને હસતા થકા ઉતારે પધાર્યા. પછી સાંજને સમે નાના નાના ભણનારા સંતને દેવરામ પાસે મોકલ્યા. પછી રાતે અગિયાર વાગ્યા ત્યારે નારાયણજીભાઈને પૂછ્યું જે, 'કેટલી વાર છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'કલાકની વાર છે.' પછી અડધી કલાક રહી ત્યારે કહ્યું જે, 'ચોકો કરાવો.' પછી દશ મિનિટ રહી ત્યારે પોતે ઉઠીને ચોકામાં આસન વાળીને બેઠા. ત્યારે સંતને કહ્યું જે, 'તમે વેગળા બેસો.' એમ કહીને બાર વાગ્યા ત્યારે પોતે બોલ્યા જે, "ઝીણાબાઈ ને મહારાજ તેડવા આવ્યા છે તે હું અક્ષરધામમાં જાવું છું." એમ કહીને દેહ મૂક્યો. પછી

સવાર થયો ત્યારે ભારે વિમાન કરાવીને માંહી બેસારીને ઉત્સવ કરતે લઈ ચાલ્યા ને મહારાજ પણ ભેળા ચાલ્યા. ખીજડાને આરે ઘેલાને સામે કાંઠે અગ્નિસંસ્કાર કર્યો ને મહારાજ ત્યાં પાણીનો મોટો ધરો હતો ત્યાં નાહીને પોતે ગામમાં પધાર્યા.

પછી આંબા શેઠે શ્રીજીમહારાજને કહ્યું જે, 'મારે સંતને જમાડવા છે તે તમે આજ્ઞા કરો તો હું રસોઈ કરાવું.' ત્યારે પોતે કહ્યું જે, 'બહુ સારુ સંતને તેડી જાઓ.' પછી મહારાજની આજ્ઞાએ કરીને મોટા પ્રજ્ઞાનંદસ્વામી ને સવિજ્ઞાનંદસ્વામી બીજા સાધુને લઈને **ગઢાળી**એ ગયા ને ત્યાં મોતિયા લાડુ તૈયાર કર્યા. આંબો શેઠ મહારાજને તેડવા સારુ વ્હેલા ઉઠ્યા ત્યારે એક રજપૂત તેમને મારવા ફરે તે મારગમાં મળ્યો. ત્યારે તેમણે કહ્યું જે, 'બકાલ ! આજ માર્યા વિના મેલું નહિ.' ત્યારે આંબે શેઠે કહ્યું જે, 'ગરાસિયાભાઈ ! વિચારીને આવજો. પથરો મારીશ તો પગ ભાંગી જાશે.' એમ તેને પથરો માર્યો તે પાસે અવાણું નહિ. એમ લડતા થકા બન્ને ઘેલાને સમીપે આવ્યા. ત્યારે ગરાસિયો તો પાછો વળી ગયોને આંબો શેઠ મહારાજ પાસે આવ્યા. ત્યારે મહારાજે પૂછ્યું જે, 'તમને બીક ન લાગી ? રાતમાં આવ્યા ત્યારે તેમણે ગરાસિયા સંગાથ લડાઈ થઈ તે વાત કહી.' ત્યારે પોતે સોમલાખાચરને કહ્યું જે, આજ તો વાણિયો ગરાસિયાને જીત્યો. ત્યારે સર્વે હસ્યા. પછી મહારાજ તૈયાર થયા ત્યારે આંબા શેઠે કહ્યું જે, 'બાઈઓને ભેળા લો.' ત્યારે પોતે મોટીબા ને લાડુબાને કહ્યું જે, ''તમે ભેળા ચાલો.'' ત્યારે તે પણ ભેળા ચાલ્યા. પછી સંતમંડળે સહિત પોતે ચાલ્યા તે મારગમાં પોતે બહુ વાર સુધી ઘોડી ફેરવી. પછી ગામને સમીપે ગયા ત્યારે ઢોલ, શરણાઈ ને ઝાંઝ, મૃદંગ લઈને હરિજન સામા આવીને સર્વેને ગુલાલ નાંખ્યો. મહારાજને, પાર્ષદ ઉપર ગુલાલ નાંખીને ઉત્સવ કરતા થકા ગામમાં ગરાસિયાના ફળીયામાં ઉતાર્યા. આંબા શેઠે કહ્યું જે, 'હે મહારાજ! રસોઈ થઈ છે. ત્યારે પોતે તેમને ઘેર પધાર્યા.' ત્યારે મહારાજના ચરણારવિંદ દૂધે કરીને ધોયા. ત્યારે પોતે કહ્યું જે, 'આ શું કરો છો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'પ્રભુના પગ તો દૂધે ધોવાય.' ત્યારે પોતે હસીને જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યારે આંબા શેઠે મહારાજની પૂજા કરી. પછી પોતે સંતને પિરસવા પધાર્યા તે

એક હાથમાં બે બે મોતિયા લાડુ લઈને બે કોર પંગતમાં પિરસીને સંતને સારી પેઠે જમાડીને હાથ ધોઈને ભક્તજનના મનોરથ પૂર્ણ કરીને પાછા ગઢડાને મારગે ચાલ્યા. ત્યારે લાડુબાઈએ કહ્યું જે, 'તમે તાજણ ઘોડીને બહુ વખાણો છો તે આજ ફેરવો.' અમારે જોવું છે. ત્યારે પોતે કહ્યું જે, ''અમે તો બહુવાર ઘોડી ફેરવીને થાક્યા છીએ.'' એમ કહીને ઘેલા ધાધલને આજ્ઞા કરી. પછી તેમણે બહુ વાર સુધી ઘોડીને ફેરવી. પછી મહારાજે કહ્યું જે, 'એ ઘોડીનો વાજ તો માણકી ઘોડીના જેવો છે.' પછી પોતે ગામ **ગટડે** પધાર્યા.

પછી બીજે દિવસે પણ એવી લીલા કરતા થકા ગામ **ગઢાળી**એ પધાર્યા ને સંતમંડળને જમાડીને પાછા ગઢડામાં આવ્યા. ત્યારે કેડે અયોધ્યાપ્રસાદજી મહારાજ ને રઘુવીરજી મહારાજ પૂર્વ દેશમાંથી આવ્યા તેમણે પોતે પૂછ્યું જે, ''તમે મહી નદીના કીયે આરે ઉતર્યા ?'' ત્યારે રઘુવીરજી મહારાજે કહ્યું જે, ''બામણ ગામને આરે ઉતર્યા પણ અમે તો નદીમાં તણાઈ જતા હતા તે સમે એક વહાણવાળો આવ્યો તેમણે અમને હાથ ઝાલીને વહાણમાં બેસારીને કાંઠે મેલ્યા. પછી એને અમે પૂછ્યું જે તમે કોણ છો?'' ત્યારે તેણે કહ્યું જે, 'તમારે પૂછ્યાનું શું કારણ છે ?' એમ કહીને એ તો અદ્રશ્ય થઈ ગયા. ત્યારે મહારાજે હસીને કહ્યું જે, ''એ તો અમે હતા.'' એ વાત સાંભળીને સર્વે આશ્ચર્ય પામ્યા. પછી થોડાક દિવસ કેડે ગામ સુંદરીયાણેથી શેઠ વનાસા ને પૂંજોસા ને હીરાસા ને એ સર્વે આવીને મહારાજને કહ્યું જે, 'અમારે બાપે દેહ મૂક્યો તેના ખરચમાં અમારી નાત જમવા આવતી નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, ''સંતને તેડી જાવો.'' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'તમ વિના હરિભક્ત રાજી થાશે નહિ.' પછી પોતે કહ્યું જે, ''ત્યાં વસંતપંચમીનો સમૈયો ઠરાવ્યો છે ત્યારે હરિભક્ત બહુ રાજી થયા.'' પછી ત્યાંથી ચાલ્યા તે ગામ **સારંગપુર** ગયા ને ત્યાંથી **સુંદરીયાણે** ગયા ને હરિભક્ત સન્મુખ આવીને ગાજતે વાજતે ગુલાલ ઉડાડતા થકા ગામ વચ્ચે થઈને ગરાસિયાના ફળિયામાં ઉતાર્યા. પછી રસોઈ થઈ ત્યારે બ્રહ્મચારી જમવા તેડવા આવ્યા. ત્યારે પોતે વનાસાની મેડીમાં બેસીને થાળ જમ્યા પછી સંતને મોતિયા લાડુ લઈને પોતે પિરસીને જમાડ્યા. પછી

મંદિરમાં સાંજે સભા કરીને પોતે વિરાજ્યા ને ગવૈયા ને બોલાવીને દુકડ, સરોદા લઈને કીર્તન ગવડાવ્યાને આરતી ધૂન્ય કરીને પોતે પોઢવા પધાર્યા.

પછી બીજે દિવસે **વસંતપંચમી** આવી ત્યારે વનાસાએ રંગના મોટા ચરુ ભરાવ્યા ને ગુલાલનું ગાડુ ભરીને મંગાવ્યું. પછી મહારાજને કહ્યું જે, 'રંગગુલાલ તૈયાર થયો.' ત્યારે પોતે કહ્યું જે, ''આંહી સાંકડ છે'' ત્યારે તેમણે કહ્યું જે, 'ગામ બહાર પધારો તો બહુ સારી જગ્યા છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'બહુ સારુ.' પછી મોટો મંચ બહાર કરાવ્યો ને રંગગુલાલ તૈયાર કરીને પછી મહારાજને ગાજતે વાજતે પધરાવ્યા ને તે મંચ ઉપર પોતે બેઠા. ત્યારે નિત્યાનંદસ્વામીએ જઈને માથે રંગ નાંખ્યો ત્યારે મહારાજે પણ તેમને માથે રંગ નાંખ્યો. પછી તાંસળીયો ભરીને બીજા સંત ઉપર પોતે રંગ નાંખીને ગુલાલની ફાંટો ભરીને ઉપર નાંખી તે ચાર આંગળ પૃથ્વી પલળી ગઈ. એવી રીતે રંગ રમીને પોતે ગામમાં પધાર્યા ને વનાસાના ફળિયામાં પોતે ન્હાવા બેઠા. ત્યારે રંગ ભરેલા જે વસ્ત્ર તે ત્રણેયભાઈને આપ્યા ને પોતે ન્હાયા ત્યારે સર્વે ફળિયું રંગે કરીને રંગાઈ ગયું. પછી પોતે વનાસાની મેડીમાં જમવા બેઠા. પછી જમીને સંતને મોતિયા પિરસીને જમાડીને હાથ ધોઈને પોઢવા પધાર્યા. પછી સાંજને સમે સભાને વિષે વિરાજ્યા ને સંત પાસે કીર્તન ગવડાવ્યા. પછી બીજે દિવસ પોતે જાવાને તૈયાર થયા ત્યારે વનાસાએ કહ્યું જે, 'લાડુ વધ્યા છે' તે સંતને જમાડીને ચાલો પછી પોતે સંતને જમાડીને ચાલ્યા તે ગામ **ભેંસજાળ** ગયા ને કાયાભાઈના દરબારમાં ઉતર્યા. ત્યાં એક દિવસ રહીને **નાગડકે** ગયા ને ત્યાંથી **લોયે** ગયા. ત્યાં રાત રહીને **બોટાદ** ગયા ને ત્યાંથી સવારમાં ચાલ્યા તે **ગઢડે** પધાર્યા. પછી હુતાસણીના સમૈયા ઉપર શ્રી અમદાવાદને માર્ગે સર્વ સંત સહિત ચાલ્યા તે ગામ **કારીયાણી** થઈને ગામ **રોજકે** પધાર્યા ને ગૌચર જમીનમાં ઉતર્યા ને ત્યાં રાત્રીમાં સંત પાસે કીર્તન ગવરાવ્યા. તેમાં પ્રથમ બદ્રિનાથાનંદસ્વામી ને જ્ઞાનસ્વરૂપાનંદસ્વામી એ બે સંત ''ઓરા આવો નટવર નાનડીયા'' એ કીર્તન બોલ્યા. તેને પોતે સાંભળીને ખસતા ખસતા તે સાધુને સમીપે આવ્યા. પછી કીર્તનીયા ગોવિંદસ્વામી ને પ્રજ્ઞાનંદસ્વામી એ બે સંત આવીને કીર્તન બોલવા લાગ્યા તે ગાતા ગાતા પ્રાતઃકાળ થયું ત્યાં સુધી ગાયું.

પછી ત્યાંથી ચાલ્યા તે **ગાંફ** થઈને ગામ **સમાણી** પધાર્યા. ત્યાં પણ અર્ધરાત્રી પર્યંત કીર્તન બોલાવ્યા ને રાત્રી રહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **કઉકે** પધાર્યા. ત્યાં થાળ જમીને ત્યાં બપોરા કરીને ગામ ધોળકા પધાર્યા. તે સર્વ જગ્યા જોઈને તે સમીપે કૂવો તેને જોઈને પછી પોતે કહ્યું જે સંઘ સહિત અહિં તો નહિ માયે. એમ કહીને ગામથી બહાર નાગેશ્વર મહાદેવના દર્શન કરીને તે મંદિરથી ઈશાન ખૂણે કૂવાને સમીપે પીપળા તળે વિસામા ઉપર વિરાજમાન થયા ને સર્વ સંતની સભા ભરાઈને બેઠી તે સમે શહેરમાંથી બહુલોક દર્શને આવ્યા તેમને શ્રીજીમહારાજે ઘણીક ઉપદેશની વાત કરી. તેને સાંભળીને ઘણાક મનુષ્યે નિયમ ધાર્યા ને કેટલાક મનુષ્ય ઉપર ઘડામાંથી પાણી લઈને છાંટીને કહ્યું જે, ‘‘આ પાણી જેને અડ્યું તે સર્વનું કલ્યાણ થાશે.’’ પછી પોતાનું પીધેલ પાણી કૂવામાં નંખાવ્યું.

એવી લીલા કરીને ત્યાંથી ચાલ્યા તે સાભર નદીમાં નાહીને ગામ **કમોડના** વડ તળે વિરાજમાન થયા ને ત્યાં થાળ કરાવીને જમ્યા. ત્યાં બપોરા કરીને ચાલ્યા તે સર્વ સંત સહિત જ્યાં સાબરમતી ગુરક ખાઈને ચાલે છે તે ઠેકાણે નાહીને પછી **શ્રીનગર** પધાર્યા. સર્વ શહેરના ભક્તજને સન્મુખ આવીને ગાજતે વાજતે રાયપર દરવાજે થઈને શહેરમાં પધરાવ્યા. તે સમે સ્વામિનારાયણ આવ્યા એવો શબ્દ સાંભળીને શ્રીજીમહારાજને દર્શને શહેરના લોક બાઈભાઈ હજારોહજાર રાજબજારમાં આવ્યા. તેમને દર્શન દેતા થકા ને સર્વ અસવારે વિંટાણા થકા સંધ્યા આરતી સમે ઘણીક મસાલોને પ્રકાશે જુક્ત થકા મંદિરમાં પધરાવ્યા. બીજે દિવસ શંભુદાસ પટેલની રસોઈ જમીને પછી પાદશા વાડીના મહોલે પગથિયાને આરે ન્હાવા પધાર્યા ને સર્વ સંત સહિત ઘણીવાર ત્યાં નાહીને પછી પોતે કહ્યું જે, ‘‘સાધુ હોય તેને બહુ જળક્રીડા ન કરવી ને ઉન્મતની પેઠે ન વર્તવું.’’ ઈત્યાદિક સંતના લક્ષણની વાર્તા કરીને પછી ત્યાંથી ઉઠ્યા તે અસવારે વિંટાણા થકા અંધારી વાડીયે થઈને ગામમાં પધાર્યા ને શ્રી નરનારાયણના સન્મુખ વેદિકા ઉપર ગાદી તકીયા નંખાવીને વિરાજમાન થયા. સંત ને દેશ દેશના હરિભક્ત શ્રીજીમહારાજને ચારે કોર સભા ભરાઈને બેઠા ને ભક્તજન અગણિત ગુલાલ ને ચંપા આદિ પુષ્પના હાર તોરા શ્રીજીને

પહેરાવતા હવા. પછી શ્રીજી મધ્યાહ્ન સમે પતંગ ને કેસૂડાનો રંગ મંગાવીને પોતે હોળી રમવા લાગ્યા તે રંગની થાળીઓ ભરી ભરીને સર્વે સંત ને હરિભક્ત ઉપર નાંખીને રમતા થકા બહુવાર સુધી પોતાના એકાંતિક ભક્તજનને રમાડીને પછી ગુલાલની સર્વ સંત ઉપર ફાંટો ભરીને નાંખીને રાંગનો કીચ મચાવીને એ પ્રકારે ઝાઝીવાર રંગ રમીને પછી વેદિકા ઉપરથી ઉતરીને મંડપમાં ગયા. ત્યાં ઉત્સવીયા ઉપર સારી પેઠે રંગ ગુલાલ નાંખીને રંગબોળ કરીને પાછા વેદિકા ઉપર વિરાજીને એમ કહ્યું જે, ''આ અમારા રંગના લાવનારા મહાનુભાવાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી આદિ રહી ગયા.'' એમ કહીને પછી રંગની માટલી લઈને એ બન્નેને માથે ઢોળીને રંગબોળ કર્યા. એ પ્રકારે રંગનો ભારે કીચ મચાવ્યો. તે જોવાને આવ્યા એવા જે ઈંદ્રાદિક દેવ તે પોતાના વિમાન ઉપર રહ્યા થકા આશ્ચર્ય પામીને મૂર્છિતની પેઠે સ્થિર થઈ જાતા હવા. પછી પોતે સ્નાન કરવા સારું ઘોડે અસવાર થઈને સર્વે સંત ને હરિભક્તનો સમૂહ તેણે વિંટાણા થકા રાજમાર્ગે થઈને રંગના ભરેલા ચાલ્યા એવા જે શ્રીહરિ તેમને જોઈને પોતાના નેત્રનું સફળપણું કરતાં એવા જે તે શહેરના મનુષ્ય તેમને દર્શન દેતા થકા ઈડરીયે દરવાજે થઈને ગાતા ગાતા પોતે નારાયણ ઘાટે પધાર્યા. સર્વ સંતને હરિભક્ત સમસ્ત જળને વિષે પ્રવેશ કરીને ન્હાયા. તેણે કરીને તે સાબરમતીનું સર્વ જળ રંગમય થઈ ગયું ને તે સમે જળ લીલા જોવાને અર્થે બ્રહ્માદિક દેવતાના વિમાન આકાશમાં છાઈ ગયા ને તે જળક્રીડા જોઈને અતિ આશ્ચર્યને પામીને સ્થિર થઈ ગયા. મૂર્તિમાન ગંગાજી પણ શ્રીહરિના દર્શન કરવા આવ્યા. તે સમે સાબરમતીનું જળ પણ સ્થિર થઈ ગયુ ને શ્રીજીમહારાજ પણ બે ઘડી પર્યંત જળને વિષે સ્થિર થઈને ઉભા રહ્યા. પછી બહુવાર સુધી જળક્રીડા કરીને પછી પોતે બહાર નિસરીને કોરા વસ્ત્ર પહેરીને ભીનાં વસ્ત્ર દામોદર ભક્તને આપ્યા. પછી મુક્તાનંદસ્વામીએ મહારાજને પૂછ્યું જે, 'તમે બે ઘડી સુધી જળમાં સ્થિર થઈને ઉભા રહ્યા તેનું શું કારણ હશે ?' પછી પોતે બોલ્યા જે, ''આજ તો ગંગાજીએ અમારી બહુ સ્તુતિ કરીને પ્રાર્થના કરીને કહ્યું જે હે પ્રભો ! બહુ દિનથી તમારો ને તમારા સંતનો વિયોગ હતો તે આજ જોગ થયો છે ને સર્વ સંત સહિત આહી ન્હાયા માટે હું પણ સદા આહી નિવાસ કરીને રહીશ.'' એ પ્રકારે ગંગાજીએ અમારી પ્રાર્થના કરીને

આહી નિવાસ કર્યો. એમ મુક્તાનંદસ્વામીને કહીને પછી પોતે તે સ્થાનકનું "નારાયણઘાટ" એવું નામ પાડીને ઘોડે અસવાર થયા ને સર્વ અસવારે વિંટાણા થકા ગામ **મોટેરે** પધાર્યા.

ત્યાં સર્વભક્તને ઘેર થાળ જમીને પાછા મંદિરમાં પધાર્યા ને નરનારાયણને સન્મુખ વેદિકા ઉપર ગાદી તકિયા નંખાવીને વિરાજ્યા ને સર્વ સંત સન્મુખ સભા કરીને બેઠા. તે સમે ભક્તજન ગુલાબ, ચંપાદિ પુષ્પના અગણિત હાર પહેરાવતા હવા. પછી પોતે આરતી કરીને પાછા વેદિકા ઉપર વિરાજ્યા ને સંત પાસે કીર્તન બોલાવ્યા ને તે પછી પોતે વાર્તા કરતા હવા. પછી બીજને દિવસ વડોદરાના નાથભક્તે ઘેબરની રસોઈ આપી તેને પોતે વારંવાર ફેરવીને સંતને જમાડીને પછી શ્રીનગરથી વાજતે ગાજતે પોતે ચાલ્યા તે ગામ **અશ્લાલી** પધાર્યા. તે ગામના હરિભાઈ આદિ ભક્ત સામૈયું લઈને અર્ધગાઉ પર્યંત શ્રીજીને સન્મુખ આવ્યા ને ગાજતે વાજતે આંબાવાડીયામાં ઉતર્યા ને ત્યાં ઓટા ઉપર વિરાજમાન થયા ને વાજાના વજાડનારાને પ્રસન્ન થઈને પોતાનું શેલું આપ્યું. પછી ગામમાં હરિભાઈ ને ઘેર થાળ જમવા પધાર્યા. જમીને સર્વ સંતને લાડુ પિરસ્યા ને પાછા આંબાવાડીયામાં વિરાજ્યા. ત્યાંથી **જેતલપુર** પધાર્યા ને ગામની ભાગોળે જ્યાં પોતે મહારુદ્ર કર્યો હતો તે ભૂમિકાને વિષે વિરાજમાન થયા. ગામમાં ગંગામાને ઘેર થાળ જમીને આશજીભાઈ આદિ ભક્તને સંતને અર્થે રસોઈ કરાવી તે તેને પોતે પિરસીને સંતને જમાડીને પાછા ઉતારે પધાર્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ચોહર**ની નદીમાં ઘોડા પાઈને સર્વ સંત પ્રત્યે 'જય સચ્ચિદાનંદ' કહીને ઘોડા દોડાવ્યા તે **વડતાલ** પધાર્યા ને સંત બીજે દિવસ વડતાલ ગયા ને શ્રીજીમહારાજનાં દર્શન કર્યા. તે દિવસ પોતે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન હતા ને સર્વે સંતે ચંદન પુષ્પે કરીને પૂજા કરીને પોતે સર્વે સંતને એકુકો હાર આપીને પછી માણકી ઘોડીએ ચડીને મંદિરમાં પધાર્યા ને પોતે જમીને સંતને જમાડીને ઉતારામાં આવ્યા ને રામનવમીને દિવસ મંદિરને વાંસે વિરાજ્યા. તે સમે હરિભક્તે ઝીણો અંગરખો પહેરાવ્યો ને માથે ભારે રેંટો બંધાવ્યો. દશમને દિવસ પોતે જમીને સંતને જમાડીને તૃપ્ત કરીને ઉતારે પધાર્યા. એકાદશીને દિવસ ભારે વસ્ત્ર અલંકાર પહેરીને સર્વ ભક્તોને દર્શન

દઈને તૃપ્ત કર્યા ને દ્વાદશીને દિવસ પોતે જમીને સંતને જમાડીને પારણા કરાવ્યા ને સાંજની સભા કરીને વિરાજ્યાને તે ઉત્સવને વિષે હરિભક્તે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને મહારાજની પૂજા કરી.

પછી પોતે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, ''તમે તો મંદિર કરાવ્યાના કામકાજમાં રોકાઈ રહ્યા ને અમારે તો કીર્તનની બહુ ખોટ આવી માટે અમારા ભેળા ગઢડે ચાલો.'' એ પ્રકારે આજ્ઞા કરી પછી બ્રહ્માનંદસ્વામીએ કેસર ચંદન ને પુષ્પના હાર તેણે કરીને શ્રીજીમહારાજની પૂજા કરીને સારી પેઠે મળ્યા. પછી મહારાજ બ્રહ્માનંદસ્વામીને લઈને **ગઢડે** ચાલ્યા તે મારગમાં ગામ આવ્યા તે હરિભક્તને દર્શન દઈને તેમને ઘેર પોતે પધારીને સર્વ મનોરથ પૂર્ણ કરીને **ગઢડે** પધાર્યા. ત્યાં દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા ને ત્યાં પોતાના એકાંતિક ભક્તજનની સેવાનો અંગીકાર કરતા થકા પોતે જ્યારે કેરીઓ પાકી ત્યારે ઈચ્છારામભાઈએ રઘુવીરજી મહારાજને કહ્યું જે, 'લાવો જમીએ ને ઝાઝી કેરીઓ હોય તો સંતને જમાડીએ.' ત્યારે રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને કહ્યું જે, 'ભાઈને સંતને કેરીઓ જમાડવી છે.' ત્યારે પોતે બોલ્યા જે, ''ગુજરાતમાં પાળાને મોકલીયે તે સારી સરસ કેરીઓ હોય ત્યાંથી લાવે'' ત્યારે પાળા ગુજરાતમાં જઈને મહેળાવથી સાત ગાડા કેરીઓના ભરીને ગઢડે લાવ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે પોતે કહ્યું જે, 'કેરીઓ લાવ્યા ?' ત્યારે તેમણે કહ્યું જે, ''સાત ગાડા કેરીઓ લાવ્યા છીએ'' ત્યારે પોતે દરબારમાં લીંબડા પાસે આવ્યા. ત્યારે એક કણેરી કેરીઓનું ગાડુ હતું તેને જોઈને પોતે બહુ રાજી થયા ને કહ્યું જે, ''હમણા ને હમણા કેરીઓ જમવા માંડો.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'પ્રથમ તમે જમો ત્યારે બીજા જમે.' એમ કહીને પછી મહારાજને પોતે કરીઓ જમાડી ત્યારે મહારાજે કહ્યું જે, ''બે ઓસરીઓમાં કેરીઓની ઢગલી કરો.'' ત્યારે સંતે કેરીઓની ઢગલીઓ કરી. ત્યારે મહારાજે બાઈઓને ઢગલીઓને ચારેકોર બેસીને કેરીઓ જમો ને ગામમાં જે હરિભક્ત હોય તે સર્વે કેરીઓ જમો એમ સર્વેને આજ્ઞા કરી ને પોતે કેરીઓ જમાડી. પછી બ્રહ્માનંદસ્વામીએ સાધુને કહ્યું જે, 'તમે કેરીઓ ઓરડામાં ભરો.' ત્યારે તે સંતે ઓરડામાં ભરી. પછી સુરાખાચરે કહ્યું જે,

'કાલ મારે રસોઈ આપવી છે.' ત્યારે મહારાજે કહ્યું જે, "કેરીઓ છે ?" ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે છે. પછી બીજે દિવસ રસ કઢાવીને ભારે ઝીણી રોટલી કરાવીને ઘી માં બોળીને પછી પોતે જમીને સંતની જગ્યાને વિષે પંગત કરીને પોતે રૂપાને કટોરે કરી રસ ફેરવ્યો ને સાકર ને ઘી ઉપર ફેરવીને કહ્યું જે હે મહાપુરુષો ! રસ લ્યો. આવો રસ ફેર મળે એમ નથી. એમ કહીને બહુવાર રસ ફેરવીને સંતને જમાડીને મહાસુખિયા કરતા હવા. એવી લીલા કરીને ત્યાં વરસને પૂરું કરતા હવા.

**(ઈતિ બ્યાશીની લીલા સંપૂર્ણ)**

અને પછી જ્યારે ચોમાસુ આવ્યું ત્યારે શ્રીજીમહારાજે સર્વ સંતને તેડાવ્યા ને ધારણા પારણા કરવાના નિયમ આપ્યા. ત્યારે હરિભક્તે કહ્યું જે, 'હે મહારાજ! અમને શું નિયમ આપશો ?' ત્યારે પોતે દાદાખાચરની મા જે સુરબાઈ તેને એ નિયમ આપ્યું જે તમારે સર્વ સંત ધારણા પારણા કરે છે તેમને પારણા હોય ત્યારે લાડુ કરાવીને જમાડવા. એમ કહ્યું ત્યારે તેમણે તે શ્રીજીનું વચન માનીને તે પ્રમાણે કરતા હવા. પછી જ્યારે નિયમ પૂરા થયા ત્યારે કેડે અષ્ટમીનો સમૈયો આવ્યો ત્યારે તે ઉપર સર્વે હરિભક્ત દર્શને આવ્યા તેમને પોતે કરૂણાદ્રષ્ટિએ જોઈને બોલાવીને ઘણુ સુખ આપતા હવા. નવમીને દિવસ પોતે સંતને ઘી ને ખાંડ સારી પેઠે ફેરવીને સંતની પ્રસાદી પાળાને આપી. એવી રીતે અષ્ટમીનો સમૈયો કર્યો.

પછી ભાણખાચરને ને દાદાખાચરને કજીયો થયો તે ભાણખાચરના પક્ષના જે ખબર આદિ અસુરાંશ જે આરબ બસ્સો તેમનો ભગુજી આદિ પાળા બાર તે પાસે પરાજય કરાવ્યો. પછી ત્યાંથી ચાલ્યા તે ત્યાશીના ભાદરવા વદ ચોથના શ્રાદ્ધપક્ષને દિવસે સંત મંડળે સહિત **વડતાલ** પોતે પધાર્યા. દશેરાનો ઉત્સવ આવ્યો ત્યારે પોતે અસવારી કરીને સર્વે સંત, પાળા ને અસવારે વિંટાણા થકા ગોમતી ને કાંઠે ગયા. પછી વાસુદેવાનંદ બ્રહ્મચારીએ મહારાજને વિધિ સહિત જમાડી પૂજન કરાવ્યું ને બામરોલી માર્ગે ઘોડા ફેરવીને ગાજતે વાજતે મંદિરમાં પધાર્યા ને દશેરાના સમૈયામાં સ્વયંપ્રકાશાનંદસ્વામી મંડળે સહિત ગઢડેથી આવ્યા. તેમને પોતે મળ્યા ને પાસે રાખ્યા. પછી સર્વે માંદા પડ્યા

ત્યારે તેમને પોતે જોવા પધાર્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યા ને સર્વેને હાર આપ્યા ને તેમને પૂછ્યું જે, 'તમે જમ્યાનું કેમ કરો છો ?' ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, 'અમે તો સર્વે માંદા છીએ તે કોઈ રાંધી ખવડાવનારા નથી.' પછી પોતે બોલ્યા જે, 'તમે સાધુ મોકલજો.' મારા થાળમાંથી જે જોઈએ તે લઈ જાય. ત્યારે નારાયણાનંદસ્વામી સર્વેના પતર લઈ જાય તે સર્વેને પતર ભરીને પ્રસાદી આપે. એમ પંદર દિવસમાં સર્વે સાજા થયા. પછી મહારાજે કહ્યું જે, "તમે આહી રહો ને બીજા સંતને ફરવા મોકલો." પછી તે સંત વસો ગયા નેં ત્યાં ફરીથી માંદા પડ્યા. તેને પોતે તેડાવીને પાસે રાખીને પ્રસાદી આપીને સાજા કર્યા. પછી ગઢડેથી નિત્યાનંદસ્વામી આવ્યા તેમને ઉભા થઈને પોતે મળીને થાળની પ્રસાદી આપીને કહ્યું જે, 'તમારા વિદ્યાર્થી માંદા પડ્યા હતા તે અમે પ્રસાદી આપીને સાજા કર્યા એમ કહીને પછી સર્વ સમાચાર પૂછ્યા.'

આસો વદમાં દિવાળીનો ઉત્સવ ત્યાં કર્યો તે પોતે ભારે સોનેરી વસ્ત્ર પહેરીને ભારે દીપમાળ કર્યો તો ત્યાં પોતે વિરાજ્યા. ઉત્સવીયા એ દિવાળીના કીર્તન ગાઈ ઉત્સવ કર્યો તે બહુ રાત ગઈ ત્યારે પોતે પોઢવા ગયા. પડવાને દિવસ કૂવાથી ઉતરાદિ તરફ પાટ ઉપર પોતે વિરાજ્યા ને સર્વે સંતની સભા થઈ. પછી બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે આજ તો ઝાલપટોળનો દિવસ છે તે સર્વને મળવું જોઈએ. ત્યારે પોતે બોલ્યા જે, "ભીડ ન કરો તો મળીયે" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'ભીડ નહિ થાવા દઈએ.' ત્યારે પોતે હસીને ઉભા થઈને કહ્યું જે, 'એક એક આવીને મળો.' પછી સર્વને મળ્યા ત્યારે કેડે અન્નકૂટ પૂર્યો. ત્યારે બ્રહ્મચારી જમવા બોલાવવા આવ્યા તે ધર્મદેવના મંદિર આગળ દક્ષિણાદે મુખારવિંદે પોતે જમવા બેઠા ને આરતી કરી. પછી જેટલા અન્નકૂટમાં વાના હતા તે સર્વે થાળમાં પિરસીયા તે જમીને પછી સંતને પિરસીને ઉતારે ગયા. સાંજે ગોમતીજી ઉપર સભા કરી ત્યારે સર્વે હરિભક્તો શ્રીજીમહારાજની પુષ્પ, ચંદન લઈને પૂજા કરી પછી મંદિરમાં પધાર્યા. પછી કાર્તિકી એકાદશી પ્રબોધનીનો ઉત્સવ કર્યો તેવામાં ઈચ્છારામભાઈ માંદા હતા તે પોતે હોમ કરાવીને બ્રાહ્મણોને ઘણાક પ્રકારના દાન દીધાં ને લક્ષ્મીનારાયણ દેવની સવાસો પ્રદક્ષિણા કરતા હવા.

પછી તે સમે વડોદરામાં સયાજીરાવે પોતાના શાસ્ત્રીને પ્રશ્ન પૂછ્યો જે, 'કેટલાક સ્વામિનારાયણને નારાયણ અવતાર થયો એમ કહે છે ને ભગવાન કહે છે તે વાત સાચી કે નહિ તેનો શાસ્ત્ર પ્રમાણે ઉત્તર કરો.' ત્યારે સર્વ શાસ્ત્રીઓ શાસ્ત્રમાં જોઈને કહ્યું જે, 'સ્વામિનારાયણ ભગવાનનો અવતાર તો ખરો.' ત્યારે સયાજીરાવે કાગળ લખીને પોતાનો હજૂરી મનુષ્યને મહારાજ પાસે મોકલ્યો ત્યારે પોતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામીને વડોદરે મોકલ્યા. પછી તેમને નિત્ય મેના મોકલે તે ઉપર બેસીને નિત્યે સરકાર વાડામાં જાય ને દેવસેવા આગળ સભા થાય ત્યાં સરકાર આવીને નિત્ય બેસે. તેમને મુક્તાનંદસ્વામી મહારાજના પુરુષોત્તમપણાની વાર્તા કરે. તે સમે એક દિવસ અનંતાચાર્ય આવ્યા તે એમ બોલ્યા જે, 'કેટલાકનો કેવલાદ્વૈત મત છે ને કેટલાકનો શુધ્ધાદ્વૈત મત છે ને કેટલાકનો અદ્વૈત મત છે ને કેટલાકનો વિશિષ્ટાદ્વૈત મત છે. તેમાં એમનો કયો મત છે ? ત્યારે તેનો નિત્યાનંદસ્વામીએ ઉત્તર કરવા માંડ્યો તે સમે સરકારે સ્વામીની પૂજા કરી. ત્યારે નારુપંત નાનાએ કહ્યું અનંતાચાર્યની પૂજા કરો. ત્યારે સરકાર બોલ્યા જે, "વગર તેડાવ્યે આવ્યા છે વાસ્તે એમની પૂજા નહિ થાય." એમ કહીને સ્વામીની વિદાયગીરી કરીને સરકાર માહેલી તરફ ગયા. ત્યાર કેડે આઠ દશ દિવસે સરકારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી આદિ સદ્‌ગુરુની પૂજા કરીને હાથ જોડીને વિનયપૂર્વક સ્તુતિ કરીને કહ્યું જે, 'મારે શ્રીજીમહારાજનાં દર્શનની બહુ અભિલાષા છે માટે આહીં પધારે એમ કરવું.' એ પ્રકારના સયાજીના વચન સાંભળીને મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'એ તો ભગવાન છે તે સ્વતંત્ર છે પણ તમારી તરફથી મહારાજને વિનંતી કરશું.' પછી સરકાર રાજી થયા ને સંતને મેનામાં બેસાડીને **વડતાલ** પહોંચાડ્યા.

પછી સંતે પ્રાર્થના કરીને કહ્યું જે, 'સયાજીને આપના દર્શનની બહુ તાણ છે માટે અવશ્ય ત્યાં પધારવું.' એ પ્રકારના સંતના વચન સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "સરકારનો ભાવ સાચો છે વાસ્તે આપણે જાવું." એમ કહીને સર્વે સંતને આગળથી મોકલ્યા ને પોતે બીજે દિવસ ચાલ્યા તે ગામ **સાકરદે** ગયા ને ત્યાં વરસાદ થયો ત્યારે નિર્ગુણાનંદસ્વામીએ બે માફા

ઉપર મોદ નાંખીને મહારાજને ઢોલિયા ઉપર પધરાવ્યા. ત્યારે પોતે કહ્યું જે, ''મુક્તાનંદસ્વામીને આવું કરી દ્યો.'' ત્યારે બે ખાટલા મંગાવીને તેને ઉભા મેલીને તે ઉપર મોદ નાંખીને તેના તળે સ્વામીને બેસાર્યા. ગામમાં જમવાનું થયું ત્યારે સર્વે સંતને પાળાને અસવાર એમને જમાડ્યા. પછી કૂવાથી ઉતરાદા રાત રહીને ચાલ્યા ત્યારે રતનજીની મા પૂજા કરીને રૂપિયા મેલીને પગે લાગ્યા. ત્યારે ગણેશજી બોલ્યા જે, 'રૂપિયા તો લક્ષ્મીનું રૂપ છે વાસ્તે શુકન સારા થયા.' ત્યારે પોતે હસીને માફામાં બેઠા. પછી મેનામાં ઘોંચ આવી ત્યારે પોતે ઉતરીને ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ગામ **છાણી**એ ગયા. ત્યાંથી થોડેક છેટે ગયા ત્યારે સરકારની અસવારી આવીને આગળ ચાલ્યા હતા જે સંત તે પણ આવ્યા. પછી નારુપંતનાના સરકારના દીવાન તેઓ ચાર પ્રકારની સેના લઈને આવ્યા તે મહારાજને કહ્યું જે, 'આપના સારુ સરકારે હાથી મોકલ્યો છે તે ઉપર વિરાજો.' તે હાથીના ચારે પગમાં સોનાના સાંકળા ને વાંસે ડમચી ને ગળામાં સોના ને રૂપા ઝૂલર ને માથે કલંગી ને સોનાની અંબાડી માથે ધરેલી ને તેને વિષે મોતીના લેરખા ને ઝાળીને વિષે નંગ જડેલા એવી શોભાએ જુક્ત જે હાથી તે ઉપર મહારાજને પધરાવ્યા. ભારે સોનેરી વસ્ત્ર પહેરાવ્યા ને નંગ જડેલ સોનાના કડા ને સાંકળા પહેરાવ્યા ને કંઠને વિષે સોનાની ઉતરી ને મોતીની માળા ને હીરાકંઠી પહેરાવી ને આંગળીઓને વિષે નંગ જડીત વીંટીઓ પહેરાવી. એવી શોભાએ જુક્ત અલંકાર તે શ્રીજીમહારાજને ધરાવીને પોતે ચામર કરવા બેઠા ને બીજા હાથી ઉપર મુક્તાનંદસ્વામી, શુકમુનિ બેસાર્યા ને ત્રીજા હાથી પર અયોધ્યાપ્રસાદજી મહારાજ ને રઘુવીરજી મહારાજને બેસાર્યા. નિત્યાનંદસ્વામીને પાલખીમાં બેસાર્યા ને બ્રહ્માનંદસ્વામીને ઘોડા ઉપર બેસાર્યા. કેટલાક સંતને મેનામા ને માફામાં ને રથમાં બેસાર્યા. એવી રીતે સંત મંડળને પાળાને ચતુરંગની જે સેના તેણે વિંટાણા થકા પોતે ચાલ્યા તે કાંપની તલાવડીએ આવ્યા ત્યારે સાહેબે શોભા સારુ બેકોરા પલટન ઉભી રાખી હતી તેના વચ્ચે થઈને ચાલ્યા તે વિશ્વામિત્રીની પાળ ઉતરીને શહેરમાં પધાર્યા. પુરવાસી હજારો હજાર સ્ત્રી પુરુષ અતિ ઉત્સાહે કરીને તે પ્રણવ, દુદુંભિ, પડઘમ, ભેરી, ત્રાસા તેના શબ્દને સાંભળીને દર્શને આવતા હવા ને પુષ્પના હાર પહેરાવતા હવા. સોના રૂપાના ને પચરંગી નિશાન ઉડી રહ્યા છે ને પોતાના ભેળા જે અસવાર

તેમની બરછીઓના ફળને વિષે સૂર્યની કિરણ પડે તેણે કરીને આકાશમા વીજળીની પેઠે ચમકારા થઈ રહ્યા છે ને હરિભક્ત ઝાંઝ મૃદંગ લઈને આગે કીર્તન ગાતા હતા. એવી શોભાને ધરતા થકા પોતે પુરમાં પધાર્યા. તે શોભાને જોવાને બ્રહ્માદિક દેવતા આકાશમાં રહ્યા થકા પુષ્પે કરીને મહારાજને વધાવતા હવા. અપ્સરાઓ નૃત્ય કરતી હવી ને અક્ષરાદિ મુક્ત જય જય શબ્દને કરી રહ્યા છે ને શહેરને વિષે મહારાજના દર્શને આવ્યા જે મનુષ્ય તેમની ભીડ બહુ થઈ તે ઓટલા, કઠોડા, અગાશી ને નેવા ઉપર ચડીને બેકોરા બેસીને દર્શન કરતા હવા. અગાશીઓમાં રહીને પુરની સ્ત્રીઓ પુષ્પની વૃષ્ટિ કરીને એમ કહેતી હવી જે માયાથી પર જે અક્ષરધામ તેને વિષે રહ્યા જે ભગવાન તે જ મનુષ્યાકૃતિ ધરીને આપણા કલ્યાણને અર્થે આંહી પધાર્યા છે તે દર્શન કરો. એમ કહીને મહારાજની મૂર્તિને અંતરમાં ઉતારીને મળતી હવી. ત્યારે પોતે મંદ હસીને ઉંચુ જોઈને તેમના ચિત્તવૃત્તિને પોતાની મૂર્તિને વિષે આકર્ષણ કરીને માંડવીને તળે આવ્યા. ત્યારે સરકારી બાઈઓએ સોના રૂપાના ફૂલે કરીને વધાવ્યા ને સરકારની હવેલીને સમીપે આવ્યા. ત્યારે સરકાર બોલ્યા જે, 'પધારો મહારાજ ! ત્યારે પોતે હાથી ઉપરથી ઉતર્યા.' ત્યારે સયાજીરાવે ચરણમાં પડીને મહારાજનો હાથ ઝાલીને પોતાની હવેલીમાં ભારે આસન ઉપર પધરાવ્યા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી ને દાદાખાચર આદિ પાર્ષદ જે મહારાજના તેમને પણ સારાં આસન ઉપર બેસાડીને પછી મહારાજના ચરણારવિંદ ધોઈ તે જળ પોતાને મસ્તકે ચડાવીને પુષ્પના હાર કંઠને વિષે પહેરાવ્યા ને સોનેરી ડગલી પહેરાવીને દુશાલો ઓઢાડ્યાને મસ્તકે ભારે મંડિલ સોનેરી બંધાવ્યો ને હીરાજડિત ભારે શિરપેચ બંધાવ્યો. હસ્તને વિષે નંગજડિત કડા ને સાંકળા પહેરાવીને કંઠમાં મોતીની માળા ને હીરાજડિત ભારે કંઠાભરણ પહેરાવીને આગલ મીઠાઈને મેવા મેલીને આરતી ઉતારી. પછી સ્તુતિ કરવા માંડી જે, 'હે શ્રી નારાયણ ! હે અખિલ લોકપતિ! હે પરમ પુરુષ ! હે અનેક અવતારના અવતારી ! હે મહારાજ ! જે ચરણની રજને બ્રહ્માદિક દેવ ને મોટા મુનિ ઈચ્છે છે તોય મળતી નથી તે ચરણારવિંદનો મુને સ્પર્શ થયો તે આજ મારા મોટા ભાગ્ય થયા.' અમારું રાજ્ય, ઘર ને સંપત્તિ તે તમારી છે ને હું આપનો દાસ છું તે મુને આપના ચરણારવિંદને વિષે

સદાય રાખજો. પછી પોતે રાજાનો એવો શુદ્ધ ભાવ જાણીને તેને અભય વર આપીને કંઠમાંથી હાર ઉતારીને આપીને પછી પોતે ચાલ્યા. ત્યારે સરકાર મહારાજનો હાથ ઝાલીને બજાર સુધી વળાવીને હાથીએ બેસાર્યા.

પછી ત્યાંથી ચાલ્યા તે ચાંપાનેરને દરવાજે થઈને નારુપંતનાનાની હવેલી આગળ ગયા ત્યારે તેમનાં ઘરનાં માણસે ગોખમાં રહીને મહારાજની પૂજા કરી. તેને અંગીકાર કરીને ચાલ્યા તે પાણીને દરવાજે થઈને મંદિરમાં પધાર્યા. નારુપંત નાનાને કહ્યું જે, 'મંદિર નાનુ છે.' ત્યારે પોતે બોલ્યા જે આહીં તો શિખરબદ્ધ મંદિર થાશે. એમ કહીને માંડવીમાં થઈને ચાલ્યા ત્યાં સરકારની અસવારી આવી. ત્યારે તેમણે કહ્યું જે, 'આપની મરજી હોય તો ભેળો ચાલુ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમે આગળ ચાલોને અમે તો ધીરે ધીરે આવશું.' એમ કહીને પોતે મસ્તુબાગમાં લાકડાના બંગલા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત તંબુમાં ઉતર્યા. શહેરના ને ગામડાના હરિભક્તોએ દર્શન કર્યા ત્યારે કેડે સરકારે મહારાજને જમવા સારુ થાળ મોકલ્યો. તેને પોતાના પાર્ષદને જમાડ્યા ને પોતે મીઠું ને સાથવો જમ્યા ને સંતને ભારે રસોઈ કરાવીને જમાડ્યા. પછી દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકારે કરીને પૂજા કરી તેને પોતે અંગીકાર કરીને ઘણીવાર તેમને દર્શન દઈને પોઢવા પધાર્યા ને બીજે દિવસ પોતે સવારમાં બંગલા ઉપર વિરાજ્યા ને સંત ને દેશાંતરના હરિભક્તની સભા થઈ. પછી તે સમે મોટા ઉત્સવ ને દીવાન, ભટ્ટ પંડિત, જ્ઞાની, કવિ, ગુણવાન, મતવાદી ને અભિમાની એવા જે મત્ત ને નાટક ચેટક વાળા જન આવ્યા તે સૂર્યના તેજ આગળ પતંગિયાના તેજનો પ્રકાશ નાશ થાય તેમ મહારાજના પ્રતાપ આગળ તેમનો પ્રકાશ નાશ થાતો હવો. કેટલાક શાસ્ત્રી પુરાણીએ મહારાજને પ્રશ્ન પૂછ્યો તેના ક્ષણ માત્રમાં ઉત્તર પોતે કર્યા. તે સાંભળીને સંત ને હરિભક્ત સર્વે રાજી થયા ને મહારાજનો પ્રતાપ દેખીને શહેરના સર્વેજન આશ્ચર્ય પામીને એમ કહેતા હવા જે આ તો કોઈ અવતારી પુરુષ છે ને એમના પ્રતાપથી હજારો મનુષ્યને સમાધિ થાય છે. એમ કહીને ઘણા મનુષ્ય શ્રીહરિના આશ્રિત થયા. સાંજને સમે સયાજીરાવ ને ગણપતરાવ ને દીવાનજી એ સર્વે મહારાજને દર્શને આવ્યા ત્યારે તેને પોતે

બોલાવી પાસે બેસાડીને ત્રણેય ને એકુકો હાર આપીને પછી પોતે દીવાનજીને કહ્યું જે, ટતમે અમારું ને સાધુનું વાંકુ બોલો છો તે તમને ઘટે નહિ.ટ રાજા ને રાજાની સંગાથે વેર હોય પણ તમે રાજાના દીવાન ને અમે સાધુ તે તમારે સંતનો અપરાધ કરવો નહિ. કેમ જે મોટા પુરુષનો દ્વેષ કરીને કોઈનું સારું થયું નથી ને થાશે પણ નહિ. એમ ઘણુ કહીને બીજો હાર આપ્યો. પછી રજા લઈને સરકાર ને દીવાનજી ગામમાં ગયા. પછી આરતી કરીને ઘણીવાર સુધી સર્વેને દર્શન દઈને પોતે પોઢવા ગયા.

પછી દીવાનજીને સારાભાઈ આદિક દ્વેષી સર્વે ભેળા થઈને મનસુબો કર્યો જે સ્વામિનારાયણને પકડી લેવા. એમ કહીને લશકર સાબદુ કરવા માંડ્યુ. ત્યારે સયાજીરાવને ખબર પડી ત્યારે તે સમે નારુપંતનાના આવ્યા તેમને સયાજીરાવે કહ્યું જે, 'દીવાનજીએ તો સર્વે સેના વશ કરી લીધી છે તે હાલમાં મારી પાસે માણસ નથી.' વાસ્તે તમે મહારાજને પૂછો જે, 'આ સમે મારે કેમ કરવું ?' ત્યારે તેમણે તે વાત મહારાજને પૂછી ત્યારે પોતે બોલ્યા જે નિર્ભર રહેજો. ઈશ્વરનું ધાર્યું થાશે પણ જીવનું ધાર્યું કાંઈ થાવાનું નથી. એમ કહીને પોતે વરસાદ કરવા માંડ્યો તે એકે ઘોડું પાયગા (ઘોડાર) માંથી બહાર નીકળ્યું નહિ. ત્યારે દીવાનજીએ કહ્યું જે, 'હાથીની અસવારી ચડાવો.' ત્યારે મહારાજે વીજળીને આજ્ઞા કરી તે હાથીની આંખ્યોમાં પેશી ગઈ તે હાથી ચીસ પાડીને પાયગામાં પેસી ગયા. એમ કરતા દિવસ ઉગ્યો તે સર્વેના મનસૂબા મનમાં રહ્યા. પછી સયાજીરાવે નારુપંત નાના પાસે પૂછાવ્યું જે, 'મહારાજને રહ્યાની મરજી છે કે ચાલવાની છે ?' ત્યારે તેમણે તે વાત પૂછી. ત્યારે પોતે બોલ્યા જે, 'અમારે ચાલવાની મરજી છે.' ત્યારે સયાજીરાવે પ્રથમની પેઠે અસવારી મેલી. પછી પોતે સંતને જમાડીને હાથી ઉપર બેસીને સંત મંડળને પાર્ષદ સહિત રાજમાર્ગે થઈને સરકારની હવેલી આગળ ગયા ત્યારે સરકારે હાથ ઝાલીને પોતાની હવેલીમાં પધરાવ્યા ને મુક્તાનંદસ્વામી આદિ સંત, અયોધ્યાપ્રસાદજી મહારાજ, રઘુવીરજી મહારાજને દાદાખાચર આદિક પાર્ષદ તેમને સન્માન કરીને બેસાર્યા. પછી ચંદન, પુષ્પ ને વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરીને અયોધ્યાપ્રસાદજી મહારાજ ને રઘુવીરજી મહારાજને શાલ દુશાલા ઓઢાડ્યા.

મુક્તાનંદસ્વામી આદિ સંતમંડળની આગળ જગન્નાથથી તાકા મેલ્યા ને દાદાખાચર આદિ પાર્ષદને ભારે શિરપાવ કર્યા. પછી નારુપંતનાનાએ કહ્યું જે, 'સરકારને વર્તમાન ધરાવો' પછી મહારાજે નિત્યાનંદસ્વામીને કહ્યું તે વર્તમાન ધરાવ્યા. ત્યારે પોતે કહ્યું જે, ''હવે અમારે ચાલવું છે.'' ત્યારે સરકારે કહ્યું કે, 'હે મહારાજ ! વ્હેલા પધારજો ને જ્યારે સંભારું ત્યારે આવાને આવા દર્શન દેજો.' એમ કહીને મહારાજને હાથ ઝાલીને બજાર સુધી આવીને હાથી ઉપર બેસાડ્યા ને ચાલ્યા ત્યારે પાછા વળ્યા.

પછી અસવારીયે સહિત ચાલ્યા તે રાજમાર્ગે થઈને કાંપમાં પધાર્યા. ત્યારે સાહેબે પોતાનો છડીદાર મોકલીને કહ્યું જે, 'અમારે આપની મુલાકાત કરવી છે.' એક દિવસ આહીં રહો. પછી મહારાજે કહ્યું જે, 'અમારા નાનાભાઈ બહુ માંદા છે તે હમણા તો અમથી નહિ રહેવાય.' ફેર આવશું. પછી ત્યાંથી ચાલ્યા તે કાંપની તલાવડીએ આવ્યા. ત્યારે પોતે હાથીએથી ઉતરીને માણકી ઘોડીએ અસવાર થઈને લગામ તાણીને ઘોડીને દોડાવી તે વાંસે સરકારની અસવારી દોડીને થાકી ગઈ પણ કોઈ ઘોડુ પહોંચ્યુ નહિ. પછી ગામ છાણીથી અસવારી પાછી વાળીને પોતે ચાલ્યા તે ગામ સાકરદે જઈને પોતાના પાર્ષદને દહીં ને રોટલા જમાડીને ઘોડી દોડાવી તે વડતાલ આવીને ઠાકોરજીની શયન આરતીનાં દર્શન કર્યા ને ઠાકોરજીનો થાળ પોતે જમ્યા ને પછી પોઢવા ગયા. બીજે દિવસે સર્વે સંત આવ્યા ને પોતે સભા કરીને વિરાજ્યા ને સર્વે સંત ને હરિજન સન્મુખ આવીને મુખારવિંદ સામું ચકોરની પેઠે એકાગ્ર દ્રષ્ટિ કરીને દર્શન કરતા હવા. પછી મુક્તાનંદસ્વામીએ વડોદરામાં દિગ્વિજય કર્યો તે વાત સર્વે કહી ત્યારે સર્વે હરિજન બહુ રાજી થયા ને કહ્યું જે, 'હે મહારાજ ! આવો દિગ્વિજય તો તમે કરો પણ બીજાનો ભાર નહિ.' પછી નિત્યે સયાજીરાવ મહારાજને મેવાની કાવડ મોકલે તેને પોતે જમીને સંતને પાર્ષદને આપે. એમ લીલા દોઢ માસ સુધી કરીને **ગઢડા** ને માર્ગે ચાલ્યા તે ઈચ્છારામભાઈને મેનામાં બેસાડીને ભેળા લીધા.

સિંજીવાડે રાત રહીને ચાલ્યા તે સાભર ઉતરી જાખડા બપોરા કર્યા. ત્યાં જમીને **કમિયાળે** રાત રહીને ત્યાંથી **ધોલેરે** ગયા. ત્યાંના હરિભક્તોને આનંદ

પમાડીને એક દિવસ રહીને ચાલ્યા તે ગામ **કારીયાણી** ગયા ને ત્યાંથી **ગઢડે** ગયા. ત્યાં થોડાક દિવસ કેડે ભારે માવઠું થયું ત્યારે મહારાજે સંતની જાયગામાં આવીને સંતને કહ્યું જે, 'બાજરા પલળી ગયા વાસ્તે ચાલો ખળામાં તેની રક્ષા કરીએ.' એમ કહીને પોતે ચાલ્યા તે માથે રાતી છત્રી ધરી તે ઉપર સૂર્યની કિરણ પડી તેણે કરીને ગુલાબના ફૂલ જેવી મહારાજની મૂર્તિની કાંતિ શોભતી હવી. પછી ખળામાં જાઈને પોતે સંત પાસે પગરની ઢગલીઓ કરાવી. ત્યારે તે સમે નાના સંતો તાપ કરીને તાપવા બેઠા ત્યારે મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, "તમે સાધુને તેડી આવો." ત્યારે સ્વામી તેડવા ગયા તે પોતે પણ તાપવા બેઠા. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે પણ લોભાણા કે શું ?" ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'મુને તો આ છોકરા આવવા દેતા નથી.' ત્યારે પોતે બોલ્યા જે, "અમે તમારી જુક્તિ જાણી." એમ કહીને બોલાવી લીધા ને કહ્યું જે, 'સંતે બહુ દાખડો કર્યો તે કોઈક માંદા થઈ જાશે.' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'હું કહું એમ કરો તો માંદા ન થાય.' ત્યારે પોતે બોલ્યા જે, "કહો." ત્યારે તેમણે કહ્યું જે, 'સારી પેઠે ગોળ ને ઘી જમાડો તો કાંઈ નહિ થાય.' ત્યારે મહારાજે ઘઉંના રોટલા, ગોળ ને ઘી પોતે પિરસીને જમાડ્યા.

એક દિવસને સમે મુક્તાનંદસ્વામીને સ્વપ્ને વિષે રૂદ્ર દેખાણો તે એક હાથમાં ત્રિશૂલ ને બીજા હાથમાં ખપર. એવો થકો આવીને બોલ્યો જે બહુ દિવસથી મારુ ખપર ભરાણું નથી માટે આજ્ઞા કરો તો હું ખપર ભરું. ત્યારે સ્વામીએ મનમાં વિચાર કર્યો જે એતો કાળ સ્વરૂપ છે. વાસ્તે તેની શાંતિ કરીએ તો ઠીક. પછી પોતે સંકલ્પ કર્યો જે, 'મહારાજને જમાડીયે તો ત્રિલોકી તૃપ્ત થાય તે ભેળી રૂદ્રની પણ શાંતિ થાય.' સંત ને બ્રહ્મચારીને જમાડીયે તો સર્વે હરિભક્તને સુખ થાય. એવું રાત્રીમાં સ્વપ્ન થયું. પછી સવારમાં ઉઠીને નાહીને પૂજા કરવા બેઠા ત્યારે મુકુંદ બ્રહ્મચારી સ્વામીને પગે લાગવા આવ્યા ત્યારે તેમને ચાંદલો કરીને ધોતીયું ઓઢાડ્યું ને એમ કહ્યું જે, 'તમે મારા નામનો મહારાજને વાસ્તે થાળ કરજો ને તમે પણ જમજો.' પછી બ્રહ્મચારી ગયા ત્યારે મહારાજે કહ્યું જે, "અત્યારમાં ક્યા પૂજાઈ આવ્યા ?" ત્યારે તેમણે કહ્યું જે, 'મુક્તાનંદસ્વામીએ પૂજા કરીને કહ્યું જે મારા નામનો થાળ કરજો ને

તમે પણ જમજો. ત્યારે પોતે હસીને સભામાં પધાર્યા. ત્યારે મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે, 'તમે બ્રહ્મચારીને શું કહ્યું છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આજ મને સ્વપ્નમાં રૂદ્ર દેખાણાં ને તેણે કહ્યું જે હું બહુ દહાડાથી ભૂખ્યો છું.' ત્યારે તેની શાંતિને અર્થે આપને વાસ્તે થાળ કરવાનું કહ્યું ને સંતને ગળમાણાની રસોઈ ને સવા રૂપિયાની બ્રાહ્મણને ગાય દેવી એવો સંકલ્પ કર્યો છે. ત્યારે પોતે હસ્યા ને મોટીબા પ્રત્યે બોલ્યા જે, 'મુક્તાનંદસ્વામીના નામની ગળમાણાની રસોઈ શોભશે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'સ્વામિના નામની તો સર્વોપરી રસોઈ જોઈએ.' ત્યારે મહારાજે કહ્યું જે, 'મોતૈયા કરો ને આસપાસથી સંતને તેડાવો.' કાલ રસોઈ થાશે. પછી પવિત્રાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી આદિ સર્વેને કંદોઈ પાસે મેલીને પોતે જમવા ગયા. પછી સાંજે પોતે સભા કરીને વિરાજ્યા ને ઘણીવાર વાતુ કરીને પછી જમવા પધાર્યા. પછી સંત રસોઈ કરીને મોતૈયા લાડુનો થાળ ભરીને લાવ્યા તેને પોતે જોઈને રાજી થયા. જમીને સંતને પ્રસાદી કરીને આપી ત્યારે કહ્યું જે, 'લાડુ કરીને ક્યાં ભરીએ?' ત્યારે પોતે કહ્યું જે, 'લાડુબાઈના સભા કરવાના ઓરડામાં ભરો.' પછી સંતે ગોળના કડાયા ઉંચા બાંધીને તેમાં લાડુ ભર્યા. પછી પોતે સવારમાં ત્યાં પધાર્યા ને કડાયામાં લાડુ ભર્યા. તેને જોઈને સંત ઉપર રાજી થઈને પોતાના રસોયાને કહ્યું જે, 'અમારા થાળમાં જેવી સામગ્રી થાય છે તેવી સંત અર્થે કરવી.' પછી પોતે થાળજમીને સંતને પિરસવા પધાર્યા. તે સમે મુક્તાનંદસ્વામીએ પૂજા કરી તે શિખાથી તે કટીપર્યંત કેશર ચંદન લેપન કરીને પછી ચરણારવિંદથી લઈને ઢીંચણ સુધી પૂજા કરીને ભાલને વિષે કુમકુમનો ચાંદલો કરીને કંઠને વિષે હાર પહેરાવીને ભુજાને વિષે બાજુબંધને ગજરા બાંધીને આરતી કરીને પગે લાગ્યા. તે સમે પીળી બંડી પહેરી હોય ને પીળો સુરવાળ પહેર્યો હોય ને તે ઉપર ધોળું ધોતિયું પહેર્યું હોય ને જેવી શોભા આવે તેવી મૂર્તિ શોભતી હવી એવી શોભાએ જુક્ત પોતે સંતને લાડુ પિરસતા હવા તે બહુ તાણ કરીને સંતને જમાડ્યા ને ભંડારીને લાડુ આપીને પોતે વાસુદેવની ઓસરીયે વિરાજ્યા. પછી સર્વે સંત આવીને બેઠા ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીની પૂજા કરીને કંકુ વતે પીળા કરીને રૂપિયા પંદરસો થાળ ભરી આગળ મેલીને કહ્યું જે, 'તમારી નજરમાં આવે તે બ્રાહ્મણને દાન કરો.' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'આ સમે તો દાનનું

પાત્ર ધર્મકુળ છે.' એમ કહીને સિતારામ ને આપ્યાને સવા રૂપિયાની ગાયના સંકલ્પમાં સર્વશ્રેષ્ઠ એવી તે ગોરહેજ ગાય લાવીને કહ્યું જે, 'તમને ગમે તે બ્રાહ્મણને આપો.' ત્યારે ગાયે મહારાજના મુખારવિંદ સામું જોયું. ત્યારે પોતે કહ્યું જે, 'આનુ દૂધ અમે બહુ જમ્યા છીએ' માટે જ્યાં સુખી થાય ત્યાં આપજો. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'આ ગાય હું સિતારામજીને આપું છું.' ત્યારે પોતે હસીને રાજી થઈને પોઢવા ગયા.

એક દિવસ મહારાજ સવારમાં ઉગમણી ઓસરીયે વિરાજમાન થયા ને સર્વ સંતની સભા થઈ. પછી તે સમે ઉકો ભક્ત મૂળા લાવ્યા તેને પોતે જોઈને રાજી થઈને જમ્યા ને સંત ને તે પાર્ષદને પ્રસાદી આપી. ત્યારે ઉકે ભક્તે કહ્યું જે, 'મૂળા મોટા થઈ જાય છે.' ત્યારે પોતે બોલ્યા જે, "ચાલો ! મૂળા જમવા જઈએ." એમ કહીને પોતે માણકી ઘોડીએ ચડીને સંત ને પાર્ષદે સહિત વાવને મારગે ચાલ્યા તે વોંકળી આવી ત્યારે મહારાજને કહ્યું જે, "માણકીને અમારા ઉપર હેત છે તેવું વછેરી ઉપર હોય નહિ." ત્યારે પોતે બોલ્યા જે, 'એનું પારખુ લેવું છે ?' એમ કહીને સર્વે ઘોડાને ચાલવાની આજ્ઞા કરીને પોતે ઘોડેથી ઉતરીને ઉગમણા એક ખેતવા ગયા. ત્યારે માણકી પણ વાંસે ચાલી તે મહારાજ લઘુશંકા કરવા બેઠા ત્યારે પાસે જઈને ઉભી રહી. પછી પોતે ઉપર બેસીને ઘોડીને છૂટી મેલી ત્યારે પોતાની વછેરી ભેળી થઈ. ત્યારે મહારાજે સુરાખાચરને કહ્યું જે, 'તમે કહેતાતા ને જે માણકીને વછેરી ઉપર હેત એટલું આરી ઉપર નહિ તે જોયું કે નહિ ?' ત્યારે સુરાખાચરે કહ્યું જે, 'બે હજાર રૂપિયા થાણમાં જ આપી છીએ તે જાતને માથે છે અમથા કોઈ આપે ?' પછી મહારાજે કહ્યું જે, 'સુરાખાચરને ફરતા વાર નહિ.' એમ કહીને પોતે હસતા થકા વાવે પધાર્યા ને વાવથી દક્ષિણાદિ કોરે આસન નાંખ્યું તે ઉપર વિરાજ્યા. સંતે કૂવામાં મૂળા ધોઈને કેળના પાન ઉપર ઢગલો કર્યો. ત્યારે મહારાજને સોમલેખાચર ને નિત્યાનંદસ્વામીએ મૂળા સુધારીને આપ્યા તે મીઠું જીરું નાંખીને પોતે જમીને અડધો મૂળો નિત્યાનંદસ્વામી ને, સોમલાખાચર ને પોતાના પાર્ષદ ને બીજા ભેળા જે સંત ને સર્વેને પ્રસાદી આપી. પછી સચ્ચિદાનંદસ્વામીએ એક મોટી કેળાની લૂમ લાવીને આગળ મેલી. તેમાંથી અડધુ અડધુ કેળું જમીને

મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી એ આદિ સંતમંડળ, સોમલાખાચર આદિક પાર્ષદ તેમને આપે. એમ લીલા કરીને પોતે ત્યાંથી ઉઠીને બાગમાં ગયા ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ ગુલાબ ને મોગરાના હાર પહેરાવ્યા ને ગજરા ને બાજુબંધ પહેરાવ્યા ને પાઘમાં તોરા ધરાવ્યા. વાડીવાળા સેવકે રીંગણા મેલ્યા તેને જોઈને પોતે રાજી થયા ને બ્રહ્મચારીને કહ્યું જે, 'આને લઈ લો. શાક કરાવજો.' એમ લીલાને કરતા થકા દરબારમાં પધાર્યા ને થાળ જમીને પોઢી ગયા.

પછી સાંજે ગવૈયા પાસે દુકડ, સરોદા વજાડીને કીર્તન ગવરાવ્યા ને આરતી કરીને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવીને અધ્યાય પૂરો થયો ત્યારે પોઢવા ગયા. બીજે દિન હરજીભાઈએ મહારાજને કહ્યું જે, 'લક્ષ્મીવાડીએ મૂળા મોટા થઈ જાય છે.' ત્યારે પોતે સંતમંડળે સહિત માણકીએ અસવાર થઈને વાડીએ પધાર્યા ને આંબાવાડીયાથી ઉગમણે ખેતરમાં વિરાજમાન થયા. સંતે ધોઈને મૂળાનો આગળ ઢગલો કર્યો. પછી નિત્યાનંદસ્વામી ને શુકમુનિ તેમણે સુધારીને મેલ્યા. તેને પોતે જમીને મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ સર્વે સંત ને દાદાખાચર આદિ પોતાના પાર્ષદ તેમને પ્રસાદી આપીને મોટા પ્રજ્ઞાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામીને પોતે કહ્યું જે "હરિભક્ત જે રહી ગયા હોય તે સર્વેને મૂળા સંભારીને આપો." પછી સર્વે જમી રહ્યા ત્યારે પોતે બાગમાં છત્રીએ યુક્ત જે વેદિ તે ઉપર વિરાજમાન થયા. બાગવાને દાડમ, નારંગી, જામફળ, દ્રાક્ષ ને કેળા આદિ મેવા તે આગળ મેલ્યા. તેને પોતે જમીને સંત ને પાર્ષદ એ સર્વેને આપીને દરબારમાં પધાર્યા.

એક દિવસ કેટલાક સંત ઉત્સવ કરીને ગાય ને કેટલાક સંત ફરીને ગાય. એમ કરતા વાદ પડ્યા તે કોઈ આળશે નહિ તે રાત છ ઘડી પાછલી રહી ત્યારે મહારાજ આવ્યા તે કોઈ ન દેખે એમ બેસીને આઠ કીર્તન સાંભળીને પછી બન્ને મંડળીઓના મધ્યમાં આવીને બેઠા. પછી પોતે બોલ્યા જે, 'સંતો ! બહુ કીર્તન ગાયા.' હવે રાખો. ત્યારે સંત સર્વે આવીને પગે લાગ્યા. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું જે "ફરીને ગાયને ઉત્સવ કરીને ગાય તેમાં અધિક દાખડો કેનો ?" ત્યારે સ્વામીએ કહ્યું જે, 'ફરીને ગાય તેમને અધિક દાખડો.' ત્યારે પોતે કહ્યું જે, 'તેમને પ્રથમ મળીએ એમ કહીને તેમને મળ્યા.'

પછી ઉત્સવીયાને મળ્યા. પછી ઉત્સવીયા સર્વને આનંદ આપીને પોતે માંહી પધાર્યા. ત્યાર કેડે પોતાના ભાઈ ઈચ્છારામજી માંદા થયા ને ત્યાં સર્વ સંતને તેડાવ્યા ને તે સર્વે સંત ઈચ્છારામભાઈના દર્શન કરીને બેઠા. પછી બ્રહ્માનંદસ્વામીએ "લગાડી તે પ્રીતિ લાલ રે" એ કીર્તન ગાયા. તેને સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા ને સર્વ પોતાના વસ્ત્ર આપ્યા. પછી પોતે સર્વ સંતના ચરણામૃતનું જળ ઈચ્છારામભાઈને આપ્યું. પછી ઈચ્છારામભાઈ દેહ ત્યાગ કરીને સ્વધામ ગયા. પછી તેમના દેહને ડોલીમાં બેસાડીને સાધુ, બ્રહ્મચારી, પાળા, સત્સંગી તેમણે સહિત શ્રીજીમહારાજ ઉત્સવ કરતા થકા ઘેલાને વિષે લઈ ગયા ને ત્યાં દહનાદિક ક્રિયા કરીને ત્યાં મોટો પાણીનો ધરો હતો તેમાં સંત ને સર્વે હરિભક્ત તેણે સહિત પોતે સ્નાન કરીને મંદિરમાં પાછા પધાર્યા તે તેમનું રૂડી પ્રકારે ખરચ કર્યું ને ત્યાં વસંત ને શિવરાત્રી સુધી વિરાજ્યા.

પછી વસંત પંચમીને દિવસ પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા ને ત્યાં વેદિકા ઉપર વિરાજમાન થયા ને પોતાના મુખારવિંદની આગળ સંત હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી. તે સમે મુક્તાનંદસ્વામીને પ્રેમાનંદસ્વામીને પોતે કહ્યું જે, "તમે વસંતના કીર્તન ગાવો." ત્યારે તેમણે દુકડ, સરોદા, સતાર લઈને ગાન કર્યું. પછી વસંતના કુંભમાં આંબા મોરને ઘઉંની ડૂંડીઓ ને આંબાના પત્ર માંહી મેલીને તે ઉપર ગુલાલ નાંખીને દાદાખાચરે માથે લીધો ને શ્રીજીમહારાજ ઘોડીએ અસવાર થઈને સંત હરિભક્ત તે ઉત્સવ કરતા જાય ને ઢોલ ને શરણાઈઓ વાજતી જાય ને ગુલાલ ઉડતો જાય. એવી શોભાએ યુક્ત થકા વાસુદેવનારાયણના મંદિરમાં લાવીને મેલ્યો ને મહારાજ ઢોલિયે વિરાજ્યા. ત્યાં સારી પેઠે ઉત્સવ કર્યો. પછી પોતે સંત હરિભક્ત ઉપર રંગને ગુલાલ સારી પેઠે નાંખ્યો ને સંતે પણ મહારાજ ઉપર સારી પેઠે રંગ ગુલાલ નાંખ્યો. પછી હરિભક્તે ખજૂર ને ખારેક, ટોપરા ને દાળીયા લાવીને મૂક્યા. તેને જોઈને પોતે રાજી થયા ને સંતને પોસ ભરીને ફગવા આપ્યા ને પોતે વાજતે ગાજતે ઘેલામાં ન્હાવા ગયા. નાહીને કોરા વસ્ત્ર પહેરીને દરબારમાં આવ્યા ને પોતે થાળ જમવા પધાર્યા. ત્યારે દાદાખાચરે મહારાજની પૂજા કરી તે ભાલને વિષે પીળા ચંદનની અર્ચા કરીને તેને વિષે કુમકુમનો ચાંદલો કર્યો.

બાજુબંધ ગજરા બાંધ્યા ને પાઘમાં તોરા ખોંસ્યા. પછી પોતે ખેસને ડાબે ખભે આડસોડે નાંખીને કેડે બાંધીને લાડુ પિરસવા માંડ્યા તે મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી આદિ મોટેરા સંત પાસે આવ્યા. ત્યારે તેમણે છેલ્લીવારે આડા હાથ દીધા ત્યારે તેમના સેવકે પણ આડા હાથ દીધા. ત્યારે પોતે બોલ્યા જે, ''મોટેરાથી દબાઈને ના પાડવી તે ઠીક નહિ.'' જેને જેટલો આહાર હોય તેટલું લેવું. એમ કહીને મોટેરાના સેવકને બે બે લાડુ આપ્યા. એવી રીતે લીલા કરીને પંગતમાં ફરીને સર્વ સંતને તૃપ્ત કરીને પોતે ઉતારે ગયા.

ત્યાર કેડે પોતે પ્રકરણ ફેરવ્યું જે, 'અમારે આજથી ઘી ન ખાવું એવું થોડુંક પ્રકરણ રહ્યું.' ત્યારે હરિજને પ્રાર્થના કરી જે, 'હે મહારાજ ! તમે ઘી જમવાનો ત્યાગ કર્યો ત્યારે સંતે પણ ઘી નો ત્યાગ કર્યો.' ત્યારે અમે તમારી ને સંતની સેવા શી પ્રકારે કરવી ? માટે અમારી ઉપર કૃપા કરીને તમે ઘી જમો. ત્યારે પોતે પોતાના ભક્તજનની પ્રાર્થના સાંભળીને ઘી જમવાની હા પાડી. ત્યારે કેડે ભણનારા સંતને કારીયાણીને સુંદરીયાણે મોકલીને પોતે **વડતાલ** ચાલ્યા તે **સારંગપુર** ગયા. ત્યાંથી સુંદરીયાણે ગયા ને ગરાસિયાના ફળીયામાં ઉતર્યા ને સંતને શેરડીને ગોળ પોતે જમીને આપીને વનાસાની મેડીયે થાળ જમીને સંતને આપ્યો ને સાધુપાળા ને એકાદશીને દિવસ ખજૂર આપીને ચાલ્યા તે ગામ **અણીયાળી**એ ગયા ને ત્યાંથી **કમિયાળે** ગયા ત્યાંથી વરસડે થઈને **સિંજીવાડે** થઈને **વડતાલે** પધાર્યા. ત્યાં પોતે લક્ષ્મીનારાયણના મંડપનું કામ ચાલતું કર્યું. તેમાં એક દિવસ ચૂનાના તગારા ન પૂગ્યા ને કડિયા બેસી રહ્યા ત્યારે મહારાજે તગારું લીધું. ત્યારે કેડે સર્વે આવી પૂગ્યા ને હાથમાંથી તગારુ લેવા માંડ્યું પણ કોઈને આપ્યું નહિ. ત્યારે નિત્યાનંદસ્વામી તગારે બાજ્યાં ત્યારે પોતે બોલ્યા જે આવા ભક્તિવાન હતા ત્યારે આગળથી કેમ ન આવ્યા ? ત્યારે સ્વામીએ કહ્યું જે, 'એટલી ભૂલ આવી.' ત્યારે તગારું આપ્યું.

વળી, એક દિન ઈંટો ખૂટી ત્યારે પોતે ગામથી ઉગમણી કોરે આંબલાને પાસે ઈંટાલો હતો ત્યાં પધાર્યા. ત્યારે ભેળા હજારો હરિભક્તને સાધુ પણ ગયા. ત્યારે પોતે ત્રણ ઈંટો માથે લીધી ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'મારે

એક ઈંટ ઓછી છે એમ કહીને એક ઈંટ લઈ લીધી.' પછી નિત્યાનંદસ્વામીએ પણ એમ કહીને એક ઈંટ લઈ લીધી. પછી પોતે એક ઈંટ માથે મેલીને ચાલ્યા તે સમે રામચંદ્રની સેના જેવી શોભે તેવી શોભા આવી. પછી ઈંટો લાવીને મોટો ઢગલો કર્યો ને બીજીવાર જાવાને તૈયાર થયા ત્યારે ગંગામાએ કહ્યું જે, 'તમે રહેવા દો.' તમારી મરજી હોય તો અમે આખો ઈંટાળો હોય તો ઉપાડી લાવીએ. ત્યારે મહારાજે કહ્યું જે, "તમે લાવતાં હો તો બહુ સારુ. તો અમે શીદ જાઈએ ?" ત્યારે ગંગામા બાઈઓનો સાથ લઈને ગયા તે અર્ધો ઈંટાળો ઉપાડી લાવ્યા. તે જોઈને પોતે બહુ ખુશી થયા ને વળી એક દિન પોતે સંતને કહ્યું જે, "જેને ઈંટો દાબતા આવડે તે મંડપમાં જાઈને ચણવા બેસો ને બીજા ગારો લાવો." એમ કામ કરતે થકે બપોર થયા ત્યારે કારખાનું અળસાવીને પોતે જમવા પધાર્યા. જમીને સંતને પિરસવા ગયા તે સંતને જમાડીને પોતે થોડુક પોઢીને મંડપમાં પધાર્યા ને સંતે પણ સારી પેઢે ભક્તિ કરવા માંડી. પછી સાંજને સમે પોતે બોલ્યા જે, 'હે સંતો ! જેના ગારા વાળા અંગ હોય તેને આવો મળીયે.' ત્યારે સંત મળવા આવ્યા તે ગારો ને પરસેવો તે ધોવા માંડ્યો. ત્યારે પોતે બોલ્યા જે, 'એ તો અમને ચંદન કરતા સારા લાગે છે.' એમ કહીને સર્વેને મળવા માંડ્યું. ત્યારે જે ગારાળા નોતા તે ગારો ચોપડીને મળવા આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'જે નવો ચોપડીને આવ્યા છે તેમને અમે ઓળખીયે છીએ.' ત્યારે મહાનુભાવાનંદસ્વામી મળવા આવ્યા. ત્યારે પોતે બોલ્યા જે, "તમે ગારાળા નથી થયા." ત્યારે સ્વામીએ કહ્યું જે, 'હું સર્વને બતાવતો હતો.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'બતાવનારાની બમણી ભક્તિ કહેવાય.' એમ કહીને તેમને અતિ હેતે કરીને મળ્યા. એમ સર્વેને મળીને પોતે જમવા પધાર્યા.

પછી અમદાવાદની, વડોદરાની ને સુરતની સાંખ્યયોગી બાઈઓએ લાડુબાઈ આગળ કહ્યું જે, 'તમે મહારાજને કહો જે સંતને અમે ઘેર જમાડવા સારુ ગાડીએ બેસાડીને તેડી જાઈએ છીએ ને ગારાળા પગ પણ થાવા દેતા નથી તે સંત પાસે તમે ગારો ઉપડાવો છો તે તમારે જેટલા રૂપિયા જોઈતા હોય તેટલા આપીએ.' ત્યારે લાડુબાઈએ તે વાત મહારાજને કહી ત્યારે પોતે હસતા થકા મુખવાસ કરીને રામપ્રતાપભાઈના બંગલામાં આથમણે કઠોડે વિરાજ્યા

ને સર્વે સંત ન હરિભક્ત આગળ આવીને બેઠા. ત્યારે પોતે બોલ્યા જે, ''અમારી પાસે ન રહેતા હોય તેતો અમારા અભિપ્રાય ને ન જાણે તેની કોરનો અમારે ખરખરો નહિ પણ રાત દિવસ અમારી વાતો સાંભળે છે તો પણ અમારા અભિપ્રાયને ન જાણે ત્યારે ભેળા રહ્યા તેનું શું ફળ ?'' ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'એ વાત કાંઈ સમજાણી નહિ.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''આજ અમે જમવા ગયા'' ત્યારે હરિભક્ત બાઈઓએ અમને લોભી જાણી ને કહ્યું જે, 'તમારે રૂપિયા જોઈતા હોય તો અમે આપીયે પણ તમે સંત પાસે ગારો ઉપડાવશો નહિ.'' ત્યારે ગારો ન ઉપાડ્યો હોત તો પણ અમે ધારીયે તો સોનાનું મંદિર પૃથ્વીમાંથી બહાર કાઢીયે. અમે સંત પાસે સેવા કરાવીએ છીએ તે તો એમના પર ભગવાન રાજી થાય તે સારુ કરાવીએ છીએ. ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, 'અમે પણ એમ સમજીએ છીએ.' પછી પોતે હસતા થકા પોઢવા પધાર્યા. પછી પોતે ગોમતજીને ખોદાવવાનો આદર કર્યો તે નિત્યે ત્યાં પોતે છત્રીવાળી વેદિકા ઉપર વિરાજે ને સંત ને હરિભક્ત પાસે ગોમતી ગળાવે ને બપોર થાય ત્યારે મંદિરમાં પધારે. ત્યારે પોતે મૃતિકાની પોટલી લઈને ભારે મોળીયા ઉપર મેલીને ઘોડે બેસીને સંત ને હરિભક્ત મૃતિકાની પોટલીયો લઈને આગળ કીર્તન ગાતા થકા ચાલે ને આગળ વાજા વાગે. એવી શ્રીજીમહારાજની નવીન લીલા જોવા સારું ઈંદ્રાદિક દેવ આવીને પુષ્પની વૃષ્ટિ કરતા થકા એમ બોલ્યા જે, ''ઉંચે પુણ્યે કરીને અમે સ્વર્ગાદિક સુખને પામ્યા છીએ. તે સુખમાં જો બાકી રહ્યું હોય તો તે પુણ્યે અમને હરિભક્તને ઘેર જન્મ આપો ને આવી તમારી સેવામાં ભળીયે એવી કૃપા કરો.'' ત્યારે પોતે તેમના મનોરથ પૂર્ણ કરીને સર્વ મૃતિકાની પોટલીઓ ભંડારના ખાડામાં નંખાવે ને નિત્ય સાંજને સવાર બે વખત નિત્યે પચાસ ટોપલીઓ કાઢવી એ નિયમ સંતને આપ્યું. સાંજે પોતે ચાલ્યા ત્યારે ગોમતીમાં હળ વતે મૃતિકા ઉખેડાવીને કહ્યું જે, 'સવારમાં આવીને કઢાવશું.' પછી માધવદાસજીએ મહારાજને કહ્યું જે, 'રાતે દેવ આવ્યા તા તે મૃતિકા ગોમતીમાંથી કાઢીને કાંઠે નાંખી ગયા તે હું ધ્યાનમાં બેઠો હતો ત્યારે મે દેખ્યા.' પછી પોતે હસતા થકા બોલ્યા જે, ''જાઓ ! મૃતિકા ખોદાવીને તૈયાર કરો.'' પછી હળ જોડાવીને મૃતિકા તૈયાર કરી. પછી પોતે ગોમતીને કાંઠે વિરાજ્યા ને સર્વે સંતને હરિભક્ત

પાસે મૃતિકા કઢાવીને કાંઠે નંખાવી. પછી પોતે મૃતિકાની પોટલી માથે મેલી ત્યારે સર્વે સંત હરિભક્તો પોટલીઓ માથે મેલીને મંદિરમાં પધાર્યા.

એક દિવસ લક્ષ્મીનારાયણ મંદિરથી ઓતરાદિ તરફ લીંબડાના વૃક્ષ હેઠે પાટ ઉપર પોતે વિરાજ્યા. તે સમે એક હરિભક્તને સમાધિ થઈ ત્યારે રામચંદ્ર વૈદ્ય આવ્યા તેમને મહારાજે કહ્યું જે, 'આ મનુષ્યને શું થયું છે ? એની નાડી તમે જૂઓ.' ત્યારે તેમણે નાડી જોઈ તે શરીરમાં ન જણાણી. ત્યારે તેમણે કહ્યું જે, 'નાડી નથી ત્યારે પોતે બોલ્યા જે એમાં જીવ છે કે નથી ?' ત્યારે વૈદ્યે કહ્યું જે, 'એમાં જીવ છે.' ત્યારે મહારાજે કહ્યું જે, ''એને ઔષધ આપીને સાજો કરો.'' ત્યારે વૈદ્યે કહ્યું જે, 'મૂર્છા સુધીથી તો ઔષધ વતે કરીને હું પાછો લાવું પણ આતો આઘો ગયો છે તે મારી કારી ચાલે નહિ.' ત્યારે મહારાજે પોતે આંગળીની સાને કરીને જગાડ્યો. ત્યારે તે આવીને પગે લાગ્યો. ત્યારે તેમણે પૂછ્યું ત્યારે તે બોલ્યા જે, 'હું તો ભગવાનના અક્ષરધામમાં ગયો હતો ને ત્યાં જે મૂર્તિ છે ને ત્યાંના પાર્ષદ છે તેના  એક રોમ ને વિષે કોટીક સૂર્યના જેવો પ્રકાશ છે. તે મૂર્તિને ત્યાંના પાર્ષદ તથા આ મૂર્તિને આહીંના પાર્ષદ મુને એક રૂપે દેખાય છે. તે વાત સાંભળીને સભામાં બેસનારા સર્વે આશ્ચર્ય પામ્યા ને ત્યાની મૂર્તિને ત્યાંના પાર્ષદ ને આહીંના પાર્ષદ તે એક છે એમ સર્વે જાણતા હવા.'

પછી તે સમે શોભારામ શાસ્ત્રીએ પ્રશ્ન પૂછ્યો તે વાત વચનામૃતમાં છે. પછી તે ઉપર પોતે વાત કરી જે કેટલાક સંતના મનમાં એમ રહે છે જે અમે રાજાને સત્સંગ કરાવીયે પણ એમ નથી જાણતા જે અમારો ત્યાગ વૈરાગ્ય આવો નહિ રહેવા દે કેટલાક હરિભક્તને પણ એમ રહે છે જે રાજા સત્સંગી થાય તો સારુ. પણ તેમાં એમને શું લાભ છે ? કેમ જે સંતને ભિક્ષા માંગવા ન દે ને ગરીબ મનુષ્યને સેવા દેવાનો અવકાશ આવવા દે નહિ. માટે અમે ગરીબ હરિભક્તના મનોરથ પૂર્ણ કરવા સારુ આવું રાખ્યું છે. એમ વાત કહીને પછી ઉતારે પધાર્યા. એક દિવસ પોતે લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે સભા કરીને એમ બોલ્યા જે, 'કોઈ દિવસ સત્સંગમાંથી પાછો પગ હઠે નહિ તે વાતના મોટા સંતને જમાન આપો.' ત્યારે જે સારા સંત હતા તેમના

બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી જમાન થયા ને જેના કોઈ જમાન થાય નહિ ત્યારે તેમની રક્ષા સારુ પોતે બોલ્યા જે, ''તેના અમે જમાન છીએ એમ કહીને પોઢવા ગયા.''

એક દિવસ પોતે લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે કીર્તન ગવરાવવા માંડ્યા તે મધ્યાહ્ન થયું ને જમવાને સારુ બ્રહ્મચારી બોલાવા આવ્યા પણ ઉઠે નહિ ત્યારે જેરામ બ્રહ્મચારીએ કડિયાને કહ્યું જે, 'તમે મહારાજને કહો જે અમે ભૂખ્યા થયા છીએ.' ત્યારે તેમણે તેમ જઈને કહ્યું ત્યારે પોતે જમવા ઉઠ્યા ને જમીને સંતને પિરસીને પોતે ઉતારે પધાર્યા. સાંજે સભાને વિષે પોતે સંત પાસે ઝિલણિયા કીર્તન ગવડાવીને ભેળા પોતે પણ તાલી વજાડીને કીર્તન ગાતા હતા. પછી આરતી કરીને પોઢવા ગયા. એક દિવસ મંદિરને વાંસે વિરાજ્યાતા ને આનંદસ્વામી હરિભક્તને લઈને ગયા ને મહારાજની પૂજા કરાવી તે ભારે સુરવાળ ને કિનખાપની ડગલી પહેરાવીને મસ્તકે ભારે રેંટો બંધાવ્યો ને આસમાની રંગનું ભારે શેલુ ઓઢાડ્યું. ભાલમાં પીળા ચંદનની અર્ચા કરીને મધ્યે કંકુનો ચાંદલો કર્યો ને કંઠને વિષે પુષ્પના હાર ને પાઘમાં તોરા ધરાવ્યા. એવી શોભાને ધરતા થકા પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા પોતે બ્રહ્મચારી તેડવા આવ્યા તે મંદિરથી નૈઋત્ય ખૂણામાં જે બંગલો ત્યાં જમવા પધાર્યા ને તે બંગલાની ઓતરાદિબારીને વિષે આવીને ઉગમણે મુખારવિંદે ઉભા રહ્યા. ભૂમાનંદસ્વામી ને દામોદરાનંદસ્વામી આદિ પાંચ જણ ઠાકોરજીની દક્ષિણાદિ રૂપ ચોકીએ ઉભા હતા ને રૂપચોકીથી ઉગમણીકોરે બાઈઓ ઉભી હતી. તે સમે પોતે ખંભેથી રેંટો હતો તે પાળા ને આલ્યો ને ડગલી આલી ને સુરવાલ ને મસ્તકને વિષે પાઘ તેણે જુક્ત ઉભા રહીને મંદમંદ હસતા હવા. ધ્યાની સંતના મનને હરી લે એવી મૂર્તિ શોભતી હવી. પછી સુરવાળને પાઘ તે બ્રહ્મચારીને આપીને પોતે ન્હાવા બંગલાથી દક્ષિણાદિ તરફ કોઠો હતો ત્યાં પધાર્યા ને તે ન્હાયાનું જે જળ તેનો દંદુડો હેઠો પડતો હતો તેમાં કોળીના છોકરા નાના ન્હાતા હતા. તેને જોઈને બ્રહ્મચારી બોલ્યા જે, 'આ છોકરા પ્રસાદીના જળમાં ન્હાય છે જોવોને !' ત્યારે મહારાજે ધોતિયું પહેરીને તેના સામું જોઈને બોલ્યા જે, ''ચક્રવર્તી રાજ્યના અધિકારી તો થઈ ચૂક્યા.'' એમ કહીને પોતે

જમવા બેઠા ને બ્રહ્મચારી વા (પવન) નાંખવા બેઠા. પછી જમીને ચળુ કરીને મુખવાસ લઈને સંતને પિરીસને જમાડીને ઉતારે પોઢવા ગયા. પછી સાંજની સભા કરી ત્યારે દેશાંતરના હરિભક્તે ચંદન, પુષ્પ ને વસ્ત્ર અલંકાર તેણે કરીને પૂજા કરીને હાથ જોડીને સ્તુતિ કરીને કહ્યું જે, 'હે મહારાજ ! જ્યારે સાંભરીયે ત્યારે આવાને આવા દર્શન દેજો.' પછી પોતે તેમના સામુ જોઈને મંદ મંદ હસીને પોઢવા પધાર્યા.

ત્યાં મુક્તાનંદસ્વામી આવ્યા તે વાત કરતા તે સમે પંચાળાના મંદવાડની વાત કાઢી ત્યારે તે સમયે સ્વામીએ પ્રાર્થના કરીને કહ્યું હતું તે વાતનું પ્રકરણ આહીં લખીએ છીએ. એક સમે પોતે પંચાળામાં મંદવાડનો મિશ લઈને એમ બોલ્યા, "જે અમારો દેહ રહે એવો નિરાધાર જણાતો નથી." ત્યારે મુક્તાનંદસ્વામીએ હાથ જોડીને કહ્યું જે, 'હે મહારાજ ! સત્સંગની પરંપરા રહે ને અનેક જીવનો ઉદ્ધાર થાય એવો ઉપાય કરો ને તમારી જન્મભૂમિ કહો ને તમારા માતા પિતાના નામ કહો." ત્યારે પોતે કૃપા કરીને સંકલ્પનો મંદવાડ હતો તેનો ત્યાગ કરીને પોતે હસતા થકા બોલ્યા જે, 'અયોધ્યાથી ઉતરે સાત ગાઉ છપૈયા ગામ છે ત્યાં અમારી જન્મભૂમિ છે ને અમારા પિતાનું નામ હરિપ્રસાદજી છે ને અમારી માતાનું નામ ભક્તિમાતા છે ને મોટા ભાઈનું નામ રામપ્રતાપજી છે ને નાના ભાઈનું નામ ઈચ્છારામજી છે એ વાત સાંભળીને સર્વ રાજી થયા પછી માયાજીતાનંદસ્વામી છપૈયે જાઈને રામપ્રતાપજીને ઈચ્છારામજીને તેડી લાવ્યા ને લોયે ભેળા થયા તે વાત આગળ લખી છે. તે દિવસે પોતે બે ભાઈને દેશમાં મેલ્યા તે દિ આજ્ઞા કરી હતી જે તમારા કુટુંબે સહિત પાછા આવો. ત્યારે તે પણ દેશમાંથી પોતાનું કુટુંબ લઈને વડતાલે આવ્યા. ત્યાર કેડે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મહાનુભાવાનંદસ્વામી ને સ્વયંપ્રકાશાનંદસ્વામી એ આદિક સર્વે મોટેરા સંતને બોલાવીને પોતે કહ્યું જે, "નરનારાયણનું ને લક્ષ્મીનારાયણના બે મંદિર પૂરા થયા તે તમે રાખો." ત્યારે તેમણે કહ્યું જે, 'અમે નહિ રાખીયે.' કેમજે મંદિરમાં તો દ્રવ્યનો સંબંધ છે તે તમે અમને સ્ત્રી ધનનો ત્યાગ કરાવ્યો છે તે અમે નહિ રાખીયે.' તમારે ચહાય તે બ્રાહ્મણને આપો ને તેમાં તમારા

કુળના બ્રાહ્મણને આપો તો અમે બહુ રાજી. તે વાત સાંભળીને પોતે અતિ ઉદાસ થઈ ગયા ને ઘડીક રહીને બોલ્યા જે સત્સંગ તો સંતે કરાવ્યો છે તે એથી અમારે કોઈ વ્હાલુ નથી. ત્યારે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'તમારા કુળથી અમારા ધર્મની રક્ષા થાશે. માટે ધર્મવંશનો હોય તે મોટેરા કરો તો સંત સર્વે રાજી છે.' પછી રામપ્રતાપજી ને ઈચ્છારામજી બે ભાઈને મહારાજે કહ્યું જે અમારે તમારી પાસે વચન માંગવું છે. ત્યારે તેમણે કહ્યું જે, માગો ! જે ખુશી હોય તે. ત્યારે પોતે બોલ્યા જે, "તમે બે એક એક પુત્ર આપો." ત્યારે રામપ્રતાપજીએ કહ્યું જે ત્રણ પુત્ર છે. તેમાંથી તમારી નજરમાં આવે તે લ્યો. ત્યારે તેમાંથી પોતે અયોધ્યા પ્રસાદજીને માગ્યા ને ઈચ્છારામજીએ કહ્યું જે મારે પાંચ પુત્રો છે. તેમાંથી જે ખુશીમાં આવે તે લ્યો. ત્યારે તેમાંથી પોતે રઘુવીરજીને માંગ્યા. ત્યારે બે ભાઈએ કહ્યું જે, 'બહુ સારુ મહારાજ ! પછી પોતે ભણેલા વેદિયાને બોલાવીને વેદની વિધિએ કરીને દત્ત પુત્ર કરીને પોતાની ગાદીએ બેસાર્યા.' પછી લક્ષ્મીનારાયણના મંદિરને વાંસે બે પાટ ઢાલીને તેમાં એક પાટ ઉપર અયોધ્યાપ્રસાદજી મહારાજને બ્રહ્માનંદસ્વામીએ બેસાર્યા ને બીજી પાટ ઉપર રઘુવીરજી મહારાજને નિત્યાનંદસ્વામીએ બેસાર્યા. પછી મહારાજ સર્વે હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અયોધ્યાપ્રસાદજીની જીભને ઠેકાણે બ્રહ્માનંદસ્વામીને જાણજો ને રઘુવીરજીની જીભને ઠેકાણે નિત્યાનંદસ્વામીને જાણજો. આજથી અમારી ઠેકાણે એમને માનજો ને એમની પૂજા કરજો. ત્યારે સર્વે હરિભક્તે ચંદન, પુષ્પ વતે કરીને પૂજા કરી પણ મહારાજ સારુ વસ્ત્ર અલંકાર લાવ્યા હતા તે કોઈએ ન પહેરાવ્યા. ત્યારે પોતે મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે હરિભક્તોને સમજાવીને કહેશો ત્યારે એમનું મહાત્મ્ય સમજશે ને સેવા પૂજા કરશે." ત્યારે તેમણે કહ્યું જે, 'બ્રહ્મા, શિવજી, સૂર્ય, ચંદ્રમા અને કોટી બ્રહ્માંડ જેની આજ્ઞામાં છે તે પરમેશ્વર આ પ્રત્યક્ષ છે એમ તમે જાણતા હો તો જેમ શ્રીજીમહારાજ કહે તેમ કરો.' ત્યારે તે હરિભક્તોએ અતિ ભાવે કરીને વસ્ત્ર અલંકાર પહેરાવીને પુષ્પના હાર પહેરાવીને આરતી કરી ને સ્તુતિ કરી. તેને પોતે જોઈને બહુ રાજી થયા ને તે જ દિવસ બ્રહ્મભોજન કરાવીને શાસ્ત્રી પુરાણી ને વેદના ભણેલાને દાન દીધા.

પછી હુતાસણીને બીજે દિવસે બહુ રંગ કરાવ્યા ને રામપ્રતાપભાઈના બંગલાના આથમણા કઠોડામાં ઉભા રહીને પોતે સારી પેઠે રંગને ગુલાલ ઉડાડ્યો. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજને રઘુવીરજીમહારાજને કહ્યું જે, "તમે સર્વ હરિભક્ત ઉપર રંગ નાંખો." તેમણે તેમ કર્યું ત્યાર પછી સર્વે સંત મંડળે સહિત ગાજતે વાજતે ગોમતીજીના મધ્યે ઉંડુ પાણી હતું ત્યાં પોતે સંત હરિજને સહિત ન્હાયા. પછી બહાર નિસર્યા ત્યારે સર્વે હરિભક્તે ભારે વસ્ત્ર ને ઘરેણા પહેરાવ્યા. પછી પોતે સર્વેને આનંદ ઉપજાવતા થકા સંત મંડળે સહિત પોતે મંદિરમાં પધાર્યા. પછી અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી બે ભાઈ મહારાજને જમવાને બોલાવવા આવ્યા તે બે ભાઈને ઉતારે પધાર્યા. તે બે ભાઈની માતુશ્રીઓ થાળ લઈને મહારાજની આગળ મેલ્યો ત્યારે તે પોતે જમવા મંડ્યું. ત્યારે સુવાસીનીબાઈ બોલ્યા જે, 'હે મહારાજ ! સારી પેઠે જમજો. બહુ દિવસે આજ અમારે લાવ આવ્યો છે. એમ કહીને મહારાજનાં બાળ ચરિત્રની વાતો કરી. તેને પોતે સાંભળતા જાય ને જમતા જાય.' તે જમી રહ્યા ત્યારે કેડે બે ભાઈએ આપ્યો જે મુખવાસ તેને લઈને ચંદન પુષ્પાદિક વતે પૂજા કરી તેને અંગીકાર કરીને સંતને પિરસીને જમાડીને પોતાને ઉતારે પધાર્યા.

સાંજને સમે ગોમતીને કાંઠે સભા થઈ ત્યારે દેશાંતરથી આવ્યા જે હરિભક્ત તેમણે સોનાના કડા, સાંકળા, ઉતરી, મોતીની માળા ને શિરપેચ આદિ ઘરેણા ને સોનેરી સુરવાળ, ડગલી, શાલ, દુશાલા આદિ વસ્ત્ર તેણે કરીને મહારાજની પૂજા કરી ને સંતની ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી. એવી શોભાએ જુક્ત પોતે મંદિરમાં પધાર્યા. બીજે દિવસ મંદિરને વાંસે બે પાટ ઢળાવીને તે ઉપર બે ભાઈને બેસારીને અયોધ્યાપ્રસાદજી મહારાજના પડખામાં મહાનુભાવાનંદસ્વામીને વાસુદેવાનંદ બ્રહ્મચારીને બેસાડીને પોતે બોલ્યા જે, "આ બન્નેને અયોધ્યાપ્રસાદજીના હાથને ઠેકાણે જાણજો" ને રઘુવીરજી મહારાજના પડખામાં સ્વયંપ્રકાશાનંદસ્વામીને ને અખંડાનંદસ્વામી બ્રહ્મચારીને બેસાડીને પોતે બોલ્યા જે, "આ બન્નેને રઘુવીરજીના હાથને ઠેકાણે જાણજો.' એવી રીતે પોતે વ્યવસ્થા કરીને તૈયાર થયા ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'હે મહારાજ ! રસોઈયો ઘણી છે તે બે દિવસ રહીને ચાલશે.' ત્યારે પોતે બે

દિવસ રહીને ભક્તજનના મનોરથ પૂર્ણ કરીને ચાલ્યા તે મહેળાવના તળાવને કાંઠે રાત રહીને ચાલ્યા તે ગામ **પીપળાવ** ગયા. ત્યાંથી ચાલ્યા તે ગલીયાણે નદી ઉતરીને ત્યાં રાત રહીને ચાલ્યા તે **જાખડે** ગયા ને ત્યાંથી **કમિયાળે** ગયા. ત્યાં રાત રહીને ચાલ્યા તે **ગાંફ** થઈને ભાદર નદીને કાંઠે રાત રહ્યા. ત્યાં એક બ્રાહ્મણે દહીનું ગોરસું લાવીને મહારાજને આપ્યું. તેને પોતે જમ્યા ને મુક્તાનંદસ્વામીને પ્રસાદી આપીને કહ્યું જે, ‘‘તમથી જમાય તેટલું જમજો. આજ તમને દહીં નહિ નડે.’’ પછી ત્યાંથી ચાલ્યા તે **ખરડ** ગયા ને ત્યાંથી ઘોડા દોડાવીને પાછા રણમાં જઈને સંઘના મનુષ્ય બહુ તરસ્યા હતા તેમને શ્રીજીમહારાજે પાણી પાયું ને નાથાભાઈના ફળિયામાં લીંબડાના વૃક્ષ હેઠે પોતે પોઢ્યા. ત્યાંથી ચાલ્યા તે **અણિયાળી**એ ગયા ને ત્યાં સંતને પાળા ને સુખડી આપીને ત્યાંથી **સુંદરીયાણે** ગયા. ત્યાંથી **સારંગપુર** ગયા ને ત્યાંથી **ગઢડે** ગયા. ત્યાં પોતાના ભક્તજનને આનંદ ઉપજાવતા થકા ત્યાં તે વર્ષ પૂરુ કર્યું.

**(ઈતિ ત્યાસીની લીલા સંપૂર્ણ)**

ત્યાં જઈને પોતે પ્રકરણ ફેરવ્યું જે બ્રાહ્મણીયા સાધુ હોય તેમની વાસુદેવવાળા એવી સંજ્ઞા પાડીને ક્ષત્રિયમાં જે ભળતા હોય તેમની લક્ષ્મીનારાયણવાળા એવી સંજ્ઞા પાડીને વૈશ્યમાં જે ભળતા હોય તેમની રાધાકૃષ્ણના એવી સંજ્ઞા પાડીને ત્રણેયને રસોડા નોખા કરાવી આપ્યા. વાસુદેવવાળાનું રાંધેલું લક્ષ્મીનારાયણવાળા ને રાધાકૃષ્ણવાળા જમે તથા તે બન્નેનું રાંધેલું વાસુદેવવાળા ન જમે ને રાધાકૃષ્ણવાળાનું લક્ષ્મીનારાયણવાળા જમે. એવી પોતે આજ્ઞા કરીને એક દિન વળી પોતે ઉગમણી ઓસરીયે વિરાજ્યા ને મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામીને તથા નિત્યાનંદસ્વામીને કહ્યું જે, ‘‘તમે તો ચેલામાં બંધાઈ ગયા ને ચેલા તમારામાં બંધાઈ ગયા.’’ આમાં મારા સાધુ કોણ છે ? ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, ‘સર્વે સાધુ તમારા છે ને તમને રાજી કરવા અમારી સેવા કરે છે. એ વાતનું પારખું લેવું હોય તો મુક્તાનંદસ્વામીને ઉભા કરો ને જે એમના હશે તે ઉભા થાશે ને તમારા હશે તે ઉભા નહિ થાય. પછી પોતે કહ્યું જે એ તો ઠીક. એમ કહીને સ્વામીને ઉભા કર્યા ને કહ્યું જે એમના હો તે ઉભા થાવો. ત્યારે કોઈ સાધુ ઉભા થયા નહિ.

ત્યારે બ્રહ્માનંદસ્વામીને ઉભા કર્યા પણ તેમની ભેળા એકેય ન ઉઠ્યા. પછી પોતે હસ્યાને નિત્યાનંદસ્વામીને ઉઠાડ્યા. તે સમે દામોદરાનંદસ્વામી ઉભા રહીને દર્શન કરતા હતા તેમણે જાણ્યું જે મુને મહારાજ તેમનો જાણશે. એમ સમજીને પડતું મેલ્યું. ત્યારે પોતે બોલ્યા જે, 'કોણ પડ્યું ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'એ તો દામોદરાનંદે પડતું મેલ્યું જે મુને મહારાજ નિત્યાનંદસ્વામીનો જાણશે.' તેમાં એ સર્વે મોટેરાને ઉભા કરીને પછી પોતે બોલ્યા જે, ''મુક્તાનંદસ્વામીના સાધુ બ્રહ્માનંદસ્વામી ભેળા જાય ને તેમના સાધુ સ્વામી ભેળા જાય ને નિત્યાનંદસ્વામીના સ્વયંપ્રકાશાનંદસ્વામી ભેળા જાય.'' એમ સર્વે સંતની ફેરવણી કરીને ગુરુ શિષ્યને જુદા પાડ્યા.

પછી ત્યાર કેડે પોતે અયોધ્યાપ્રસાદજી ને રઘુવીરજી મહારાજને કહ્યું જે, 'તમને સર્વે મંદિર ને સત્સંગ સર્વે સોંપ્યો વાસ્તે તમારે માંદા સાજા સંતની સેવા કરવી. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે માંદાની ખબર રાખવા નિર્દોષાનંદસ્વામીને ને વૈષ્ણવાનંદસ્વામીને રાખ્યા ને રઘુવીરજી મહારાજે ભૂમાનંદસ્વામીને ને દામોદરાનંદસ્વામીને રાખ્યા. ત્યારે પોતે બે ભાઈ પ્રત્યે બોલ્યા જે આ ચાર સંત જે તમારે પાસે સાધુ વાસ્તે માંગે તે તરત આપવું પણ ના કહેવી નહિ. પછી એક ગુજરાતથી સંતનું મંડળ આવ્યું. તેમાં સંત બે માંદાને ભૂમાનંદસ્વામીએ પૂછ્યું જે, 'તમારે શું જમવું છે ?' ત્યારે તેણે કહ્યું જે, 'એક ને ભાતને દાળ જોઈએ ને બીજાને શાક રોટલી જોઈએ.' ત્યારે ભૂમાનંદસ્વામીએ રઘુવીરજી મહારાજને તે વાત કહી ત્યારે તેમણે પોતાને જમવાની થાળી પીરસી હતી તે સંતને આપીને નવી રસોઈ થઈ ત્યારે જમીને મહારાજની સેવામાં ગયા. ત્યારે પોતે કહ્યું જે, ''તમે આજ મોડા કેમ આવ્યા ?'' ત્યારે બ્રહ્મચારીએ કહ્યું જે, 'એમને જમવાનું હતું તે સંતને આપ્યું ને નવી રસોઈ થઈ ત્યારે જમીને આવ્યા.' ત્યારે પોતે સાંભળીને તેમની ઉપર રાજી થયા.

વળી, એક દિવસ રામપ્રતાપજીભાઈ ને બ્રહ્માનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, 'અમને સાધુ વહેંચી આપો.' ત્યારે પોતે કહ્યું જે, ''સંતને નરનારાયણના દેશમાં ફરવાની રુચિ હોય તે અયોધ્યાપ્રસાદજીની તરફ બેસો ને જેને

લક્ષ્મીનારાયણના દેશમાં ફરવાની રુચિ હોય તે રઘુવીરજીની તરફ બેસો.'' પછી જે સંતને જ્યાં રુચિ હતી તે ત્યાં રહ્યા. ત્યારે લક્ષ્મીનારાયણની કોરા સંત ઝાઝા થયા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે બરોબર ધાવા કરીને વહેંચી આપો. ત્યારે પોતે જે ગુણે કરીને બરોબર હોય તેમાંથી એકને નરનારાયણની કોરે મેલે ને એકને લક્ષ્મીનારાયણની કોરે મેલે. એમ વ્યવસ્થા કરી આપી પછી એક દિવસ પોતે અક્ષર ઓરડીને વિષે વિરાજમાન હતા ને મુક્તાનંદસ્વામીને નિત્યાનંદસ્વામી આદિ સર્વે સદ્‌ગુરુ તથા દાદોખાચર ને સોમલો ખાચર ને બે આચાર્ય એ સર્વે સન્મુખ આવીને બેઠા. ત્યારે મહારાજ બોલ્યા જે, ''અમારું સર્વસ્વ હતું તે બે ભાઈને વહેંચી આપ્યું. ત્યારે અમારે સંતને જમાડવા હોય ને બ્રાહ્મણને દાનદક્ષિણા આપવી હોય તે એમને પાસે અમારે માંગવું એ ઠીક નહિ.'' ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સર્વે મોટેરા બોલ્યા જે, ''તમારી જેમ મરજી હોય તેમ કરીએ.'' ત્યારે મહારાજે કહ્યું જે, ''સર્વે, સત્સંગી અમને બાર મહિનામાં એક વાર નામનો અર્ધો રૂપિયો આપે. ત્યારે સુરોખાચર ને દાદોખાચર બોલ્યા, 'જે પચ્ચીશ રૂપિયા અમે આપીશું. ત્યારે પોતે બોલ્યા જે, ''રામ ને રેંટિયો કાંતનારી એ બે નામનો અર્ધો રૂપિયો આપે પણ તેથી અધિક ન આપે.'' પછી સર્વે બોલ્યા હે મહારાજ ! તમે કહ્યું તેમ સર્વે હરિભક્ત કરશે. પછી પોતે બોલ્યા જે, 'સાધુ ગામ જઈને આવે તેને અમારા થાળ ભેળા જમાડવા. તે વાત સાંભળીને સર્વે બહુ રાજી થયા. ત્યાર કેડે બ્રહ્માનંદસ્વામીને કોઈક કાર્ય સારું થાળ જમાડીને કારીયાણી મોકલ્યા. પછી તે કાર્ય કરીને પાછા આવ્યા ત્યારે બ્રહ્મચારીને કહ્યું જે, 'અમારા મંડળ સહિત મહારાજના થાળ ભેળું નોતરું છે' ત્યારે તેમણે કહ્યું જે, 'કાલ જમીને ગયા છો ને આજ શાનું નોતરું છે ?' ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, ''મહારાજે સદાવ્રત બાંધ્યું તેનો થાળ માંગીયે. ત્યારે પોતે હસતા થકા બોલ્યા જે, ''અમારા રસોયાને કહો જે બ્રહ્માનંદસ્વામીના મંડળ સહિત અમે જમીયે એટલો થાળ કરજો.''

એવી રીતે નામના પૈસાની વ્યવસ્થા કરી. પછી એક દિવસ પોતે ઉગમણી ઓસરીયે વિરાજમાન હતા. તે સમે હરજીભાઈએ કહ્યું જે, 'લક્ષ્મીવાડીમાં શેરડી બહુ સારી થઈ છે તેને પીલવા કોલુ કરાવી દ્યો.' ત્યારે મહારાજે કહ્યું

જે, “શેરડી પીલીને ગોળ સંતને જમાડવો ત્યારે શેરડી જમાડીયે તો કેમ ?” ત્યારે તેણે કહ્યું જે, ‘તમે રાજી થાવો તેમ અમારે કરવું છે.’ પછી પોતે સંત ને પાર્ષદે સહિત લક્ષ્મીવાડીયે પધાર્યા. ત્યાં જામફળીયોથી ઉતરાદિ તરફ પાથરણું નાંખીને તે ઉપર વિરાજમાન કર્યા ને વાડીવાળા જે ભક્ત તેમણે શેરડી લાવીને આગળ ઢગલો કર્યો. ત્યારે મહારાજે કહ્યું જે, “જેને જેટલી જમાય તેટલી લઈને જમો.” એમ કહીને પોતે શેરડી જમવા માંડ્યા. પછી સંત ને પાર્ષદ શેરડી જમી રહ્યા ત્યારે મંદિરમાં પધાર્યા. એવી રીતે દશ દિવસ સુધી ત્યાં આવીને સંત ને પાર્ષદને શેરડી જમાડી.

વળી, એક દિવસ પોતે ઉગમણી ઓસરીયે વિરાજ્યાતા ને મુકુંદબ્રહ્મચારી પાકી કેરીઓની થાળી ભરીને લાવ્યા તે પોતે જમવા માંડી તે અવળું છોતરું કરીને ગોટલા સહિત ચૂસી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ એમાંથી કેરી માંગી. ત્યારે પોતે બોલ્યા જે, “એમાંથી અમારે કોઈને કેરી આલવી નથી. એમાંથી જે પ્રેમીભક્ત માથે ઉપાડીને ગુજરાતમાંથી લાવ્યા છે તેમને આપવી છે” એમ કહીને એક કેરી મુક્તાનંદસ્વામીને આપી ને એક કેરી નિત્યાનંદસ્વામીને આપી ને એક બ્રહ્માનંદસ્વામીને આપીને પોતે બોલ્યા જે, “જેને સંકલ્પ ન્હોતો થયો તેને પ્રથમ મળીને જેને સંકલ્પ થયો હતો પણ માંગી નહિ તેને તેની કેડે મળી ને જેણે માંગી તેને વાંસેથી મળી.” એમ હસીને એક એક કેરી સર્વ સંતને આપી. પછી બ્રહ્માનંદસ્વામી બોલ્યા જે, “મુક્તાનંદસ્વામી તો સર્વના ગુરુ ને હું તો એમનો શિષ્ય તે નાનો કહેવાવું. તે છોકરા માબાપ પાસે માંગે તે વાંકમાં કહેવાય નહિ.” પછી પોતે એવા મર્મના વચન સાંભળીને હસતા થકા બોલ્યા જે, “આવા વેણ ક્યાંથી ગોઠવી રાખે છે ?” ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, ‘કવિ હોય તેને ગોઠવતા કાંઈ વાર લાગે છે !’ પછી પોતે હસીને જમેલી જે કેરીઓ તે લાવ્યા હતા તે તેને આપી.

એક દિવસ પોતે ઓસરીયે વિરાજમાન હતા ને પ્રભૂતાનંદસ્વામી ને નરોત્તમાનંદસ્વામી કેરીઓ લઈને આવ્યા ને પગે લાગીને કહ્યું જે, ‘સ્વયંપ્રકાશાનંદસ્વામીએ નારાયણ કહ્યા છે ને તમારા સારુ કેરીઓ મોકલી છે.’ પછી પોતે રાજી થઈને સંતને છાતીમાં ચરણારવિંદ આપીને પોતે જમવાનું

કર્યું. ત્યારે કેરી બહુ મોટી ને મુખમાં આવી નહિ. ત્યારે પોતે છોલીને ચીરીયો કરીને જમ્યા ને બોલ્યા જે, ''કેરીઓ બહુ સ્વાદુ છે.'' એમ કહીને સર્વે સંતને પ્રસાદી આપીને પોતે જમવા બેઠા. ત્યારે તે કેરીઓ આગળ મેલી તેની બે ચીરીયો કરીને પડીયામાં મેલી તે દહીં જમે તેમ તેમાંથી પોતે રસ જમ્યા. એવી રીતે કેરીઓને દશ દિવસ સુધી જમ્યા. ભાઈના માસીયા ઉપર આસપાસથી સર્વે સંતને તેડાવ્યા તે મહારાજને પગે લાગીને પાસે બેઠા. ત્યારે પોતે ભારે રસોઈ કરાવીને થાળ થયો ત્યારે રઘુવીરજી મહારાજ તેડવા આવ્યા. ત્યારે તેમને ઘેર પોતે જમવા પધાર્યા ને ત્યારે તેમણે પૂજા કરીને થાળ આગળ મેલ્યો તેમાં વડા મોટા જોઈને પોતે હસતા જાય ને જમતા જાય. એમ જમીને પોતાના ભક્તના મનોરથ પૂર્ણ કરીને પોઢવા ગયા.

સાંજની સભા થઈ ત્યારે મોટીબાને પોતે કહ્યું જે, ''એક એકાદશીનું ફરાળ ને પારણા સંતને તમારે કરાવવા ને લાડુબાને અજવાળીયાની એકાદશીનું ફરાળ ને પારણા કરાવવા.'' ત્યારે તે રાજી થયા ને પછી પોતે પોઢવા ગયા. બારસને દિવસે પોતે ઓસરીયે વિરાજ્યા ને પૂછ્યું જે, ''સંતની રસોઈની શી વાર છે ?'' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, 'તૈયાર થઈ છે.' તમે જમવા ચાલો પછી પોતે ચાલ્યા તે ગંગાજળીયા કૂવાના થાળામાં નાહીને ધોળો ખેસ પહેરીને ઓટા ઉપર જઈને બેઠા. ત્યારે દાદાખાચરે પીળા ચંદનની ભાલને વિષે અર્ચા કરી ને વચ્ચે કંકુનો ચાંદલો કર્યો. બે ભુજાએ ચંદનનું લેપન કર્યું ને ચરણમાં ચંદન ચરચીને હાર, ગજરા, બાજુબંધ પહેરાવીને જમવા થાળ ધરાવ્યો તે જમતાં પોતે રમુજ કરતા જાય. પછી પોતાના રસોઈયાએ કહ્યું જે, 'સેવક ઉપર કૃપા કરીને જમજો.' પછી પોતે સેવકને રાજી કરીને ચળુ કરીને મુખવાસ લઈને ઉભા થયા. ત્યારે દાદાખાચરે પાઘમાં તોરા પહેરાવ્યા. એવી શોભાએ સહિત સંત ને પિરસતાં ડાબે ખભ્ભે ખેસ નાંખીને તે વતે કેડ બાંધીને બે હાથમાં ડંકો લઈને સંતને બિરંજ પિરસવા માંડ્યા. તે સર્વેને પિરસી રહ્યા ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને જમવાની આજ્ઞા કરી ને પોતે હરિસો ફેરવવા માંડ્યો તે થોડો માંગે તેને પત્તર ભરી દે. એમ સંતને તૃપ્ત કરીને હાથ ધોઈને ઉતારે ગયા. બીજી એકાદશીએ સંતને ફરાળ કરાવીને બારસને દિવસ મોતૈયા લાડુ ને જલેબી પોતે પિરસીને સંતને તૃપ્ત કર્યા.

એક હરિજને લક્ષ્મીવાડીએ રસોઈ કરાવીને તેને પોતે પિરસવા પધાર્યા. ત્યારે નિત્યાનંદસ્વામીએ ઉતરાદિ ધર્મશાળામાં ભારે હિંડોળો બાંધ્યો ને ચારેકોર પુષ્પની જાળી ભરીને ભારે શોભા કરીને મહારાજને હાથ ઝાલીને હિંડોળામાં પધરાવ્યા ને હીંચકા નાંખીને બહુવાર ઝૂલાવ્યા. પછી પોતે બોલ્યા જે, ''ચાલો સંતને જમાડીયે.'' એમ કહીને સંતને લાડુ પિરસીને તૃપ્ત કરીને દરબારમાં પધાર્યા. બીજે દિ દાદાખાચરે, ભૂમાનંદસ્વામીએ ને પવિત્રાનંદસ્વામી આદિ સંતે નિત્યાનંદસ્વામીને કહ્યું જે, ''તમે વાડીમાં હિંડોળો બાંધ્યો હતો તેવો અમને બાંધી દ્યો.'' ત્યારે તેમણે લાડુબાના વંડામાં લીંબડાની ડાળે તેવો જ હિંડોળો બાંધ્યો ને ભારે શોભા કરીને દાદાખાચરે મહારાજને કહ્યું જે વંડામાં રસોઈ તૈયાર થઈ છે. ત્યારે પોતે ત્યાં પધાર્યા ને હિંડોળો જોઈને રાજી થયા ને તેને વિષે પોતે વિરાજમાન થયા. સચ્ચિદાનંદસ્વામીએ બહુ વાર સુધી હીંચકા નાંખ્યા તે પોતે બહુવાર ઝૂલીને સંતને લાડુ પિરસવા ગયા. તે સંત જમીને તૃપ્ત થયા ત્યારે પોતે દરબારમાં પધાર્યા. બીજે દિવસ અયોધ્યાપ્રસાદજી મહારાજે હિંડોળો બાંધ્યો ને ચારેકોર ફૂલના હારની સંબંધી જાળી પાડીને માંહી હજારીના ને દાડમના ફૂલ ખોસીને આગળ છજું કાઢીને મેરાબ વાળીને ઉપર ઘુમ્મટ જરીયાની કર્યો તે ભારે વિમાન આવીને ઉભું હોય ને શું ! એવી શોભાએ જુક્ત ને મોતીની સેરુ લટકતી ચારેકોર મેલીને ભારે હિંડોળો બાંધીને અયોધ્યાપ્રસાદજી મહારાજ બોલાવવા ગયા તે મહારાજને હાથ જોડીને વિનંતિ કરીને હિંડોળામાં પધરાવ્યા ત્યારે પોતે જોઈને બહુ રાજી થઈને કહ્યું જે, ''આજ તો હિંડોળો સર્વોપરી થયો છે ને આવી શોભા કોઈ દિ થઈ નથી.'' પછી અયોધ્યાપ્રસાદજી મહારાજે હીરની દોરી ઝાલીને હીંચકા નાંખીને ઘણીવાર સુધી ઝૂલાવ્યા ને ઉપર ગુલાલ નાંખીને ઘણો લાવ લીધો. એવી રીતે પોતે લીલા કરીને દરબારમાં પધાર્યા ને કહ્યું જે હવે હિંડોળા એટલા ઘણા.

પછી જેઠ મહિનામાં પ્રથમ વરસાદ થયો ત્યારે પોતે ચાખડીયો પહેરીને સંતમંડળ સહિત નાગમાલાના વંડામાં જારની ખાણમાં પાણી પેસતું હતું તેને સમું કરવા પધાર્યા ને સંત પાસે મૃતિકા ખોદાવીને પાળા પાસેથી તલવાર પોતે હાથમાં લઈને તેને કહ્યું જે, ''તું મૃતિકા ખોદવા જા. પછી ખાણનું કામ થઈ

રહ્યું ત્યારે પોતે અસિ (તલવાર) હાથમાં લઈને દરબારમાં પાળાના ઉતારામાં વિરાજમાન થયા.'' ડેલીના વચ્ચે ઢીંચણ બૂડે એટલું પાણી ભરાણું. તે સમે એક પ્રેમીભક્તે કહ્યું જે, 'આમાં કેટલું પાણી છે ?' ત્યારે મહારાજે કહ્યું જે, ''લ્યો ! તમને ઉતારીયે.'' એમ કહીને જમણે હાથે અસિ ઝાલીને ડાબે હાથે તેને ઝાલીને ઉતાર્યો. ત્યારે તેણે કહ્યું જે, ''હાથ ઝાલ્યો તે મેલશો નહિ.'' ત્યારે પોતે હસીને માંહી પધાર્યા. ને જમીનો પોઢી ગયા. સાંજની સભા થઈ ત્યારે પોતે વિરાજમાન થયા ને સંતે મોગરા ને ગુલાલના હાર તોરા, બાજુ, ગજરા ધરાવ્યા ને ચંદનની અર્ચા કરીને ચાંદલો કર્યો. એવી શોભાએ સહિત પોતે ધૂન્ય કરવા માંડી તે જેમ તારા ખરે તેમ ગુલાબની પાંખડીઓ ખરવા માંડી. એમ ઝાઝી વાર ધૂન્ય કરીને પોતે 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વને છાના રાખીને માંહી પધાર્યા. વર્ષાઋતુમાં ઘેલા નદીનાં નિર્મળ નીર થયા ત્યારે પોતે રથને હાંકીને નારાયણહદ પ્રત્યે સંતમંડળ સહિત ન્હાવા પધારે ને નાહીને રથને દોડાવીને પોતે દરબારમાં પધારે. એમ મહિના સુધી ત્યાં ન્હાયા.

પછી જન્માષ્ટમીના સમૈયા ઉપર પોતે સર્વ સંતને તેડાવ્યા ત્યારે તે સંતને મળીને દેશાંતરના સમાચાર પૂછીને ખુશી થયા ને સંતને જમાડીને પોતે અક્ષરઓરડીયે પધાર્યા. જન્માષ્ટમી આવી ત્યારે પોતે સર્વે સંત મંડળે વિંટાણા થકા ઘેલા નદીનાં નિર્મળ એવા જે જળ તે પ્રત્યે ન્હાવા પધાર્યા. ત્યાં ખળખળીયામાં બહુવાર સુધી કીર્તન ગાઈને સંત સહિત સ્નાન કરીને પછી કોરા વસ્ત્ર પહેરીને પછી ઘોડે અસવાર થઈને ભક્તજનને દર્શન દેતા થકા દાદાખાચરના દરબારમાં આવીને વિરાજમાન થયા. પછી ત્યાં જન્માષ્ટમીનો ઉત્સવ ઉપર આવ્યા એવા જે ભક્તજન તેમને આનંદ ઉપજાવવા સારુ મધ્યાહ્ન કેડે પોતે ઘોડે ચડીને ઘેલામાં ઉગમણા ચાલ્યા તે સંતને ન્હાવાના આરા સુધી જોઈને ત્યાંથી બોટાદને ઝાંપે થઈને દરબારમાં પધાર્યા ને સંત પાસે ઝિલણિયા કીર્તન ગવડાવ્યા ને અર્ધી રાત થઈ ત્યારે પોઢવા પધાર્યા. નવમીને દિને પોતે સવારમાં ઓસરીમાં વિરાજ્યા ને કહ્યું જે, ''રસોઈને કેટલી વાર છે ?'' ત્યારે બ્રહ્મચારી બોલ્યા જે, ''તૈયાર થઈ છે. તમે ન્હાવા પધારો.'' ત્યારે પોતે નાહીને જમવા બેઠા તે જમીન સંતને પિરસવા ગયા ને સંતો મોતૈયા ને જલેબીની

કથરોટો લઈને આગળ ઉભા રહ્યા. ત્યારે પોતે એક હાથમાં બે બે લાડુ લઈને પંગતમાં હારે પિરસતા જાય. એમ સર્વે સંતને પિરસી રહ્યા ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને સંતને જમવાની આજ્ઞા કરી પોતે જલેબી ફેરવવા માંડ્યા તે બે માંગે તેને ચાર આપે. એમ સંતને તૃપ્ત કરીને પોતે અક્ષર ઓરડીએ પધાર્યા.

એવી રીતે નિત્યે લીલા કરીને સમૈયો પૂરો થયો ત્યારે સંતને ફરવા મેલ્યા. પછી જળઝીલણી એકાદશી આવી ત્યારે પોતે ભારે ભારે વસ્ત્ર પહેરીને ઘોડે અસવાર થઈને ઘોડાની ઘૂમરે વિંટાણા થકા સંતમંડળને હરિભક્તે સહિત ઠાકોરજીને ઝૂલાવા નીકળ્યા. સંત ઝાંઝ મૃદંગ લઈને આગળ કીર્તન ગાતા ને હરિભક્ત આગળ કીર્તન ગાતા જાય ને વાજા વાગતાં જાય. એવી શોભાએ યુક્ત થકા પોતે ઘેલા નદીને કાંઠે પધાર્યા. નિષ્કુળાનંદસ્વામીએ ભારે વહાણ કરીને કાંઠે ઉભું રાખ્યું. પછી તેમાં ઠાકોરજીને પધરાવીને મહારાજે કહ્યું જે, "કોઈ પાણીમાં આવશો નહિ અમે ઠાકોરજીને ઝૂલાવીશું." પછી પોતે પાંચ સાત આંટા ફેરવીને બ્રહ્મચારીને કહ્યું જે, "તમે ઠાકોરજી લઈ જાવો." એમ કહીને પોતે સંતને બોલાવ્યા ને પોતે સંત ઉપર જળ નાંખે ને સંત મહારાજ ઉપર નાંખે ને તાળી વજાડીને કીર્તન ગાતા જાય ને પોતે ચીભડાં ઉછાળવા માંડ્યા ત્યારે સંત પ્રસાદીનો મહિમા જાણીને લેવા જાય તેને પોતે જોઈને હસતા હવા. પછી બહાર નિસરીને વસ્ત્ર પહેરીને સંતને પાર્ષદ તેણે વિંટાણા થકા ઠાકોરજી લઈને વાજતે ગાજતે દરબારમાં પધાર્યા. પછી સંતે મહારાજની ચંદન પુષ્પે કરીને પૂજા કરીને હરિભક્તે વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરી. પછી આરતી ધૂન્ય કરીને ઘણી વાર્તા કરીને પોઢવા ગયા.

દ્વાદશીને દિવસ પોતે ભારે રસોઈ કરાવીને સંતને પિરસીને તૃપ્ત કર્યા. એવી રીતે એકાદશીનો ઉત્સવ કરીને પછી બ્રહ્માનંદસ્વામીને ને ગોપાળાનંદસ્વામી આદિ પચાસ સાધુ ને જુનેગઢ મંદિર કરવા સાર મોકલ્યા. પછી પૂંજાભાઈની બહેન જે ફૂલીબાએ આવીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરી જે હે મહારાજ ! તમે અમારે ગામ પધારો ને ત્યાં અન્નકૂટનો ઉત્સવ કરો. ત્યારે પોતે કહ્યું જે, "અમે આવશું." એમ કહીને જેરામ બ્રહ્મચારીને મોટા

પ્રજ્ઞાનંદસ્વામીને તેમની ભેળા અન્નકૂટનો સામાન કરવા સારુ મોકલ્યા. પછી સર્વે સંતમંડળે વિંટાણા થકા પોતે માણકી ઘોડી ઉપર બેસીને ચાલ્યા તે ગામ બોટાદથી લોયા પધાર્યા ને સુરાખાચરના દરબારમાં ઉતર્યા ને સંત મંદિરમાં ઉતર્યા ને અયોધ્યાવાસીનો ઉતારો સંઘા પટેલને ઘેર કરાવ્યો ને થાળ થયો ત્યારે પોતે અયોધ્યાવાસીને ઉતારે જમવા પધાર્યા. જમીને પોતે સંતને જમાડીને સાંજની સભા કરીને સર્વે હરિભક્તને વાતો કરીને આનંદ પમાડતા હવા. પછી બીજે દિવસ પોતે જમીને સંતને જમાડીને ગામથી બહાર ખળામાં સભા કરીને બેઠા. તે સમે સુરાખાચરને કાયાભાઈ એ બન્ને ભેળા આવીને પગે લાગ્યા ને બોલ્યા સૂરોખાચર કહે નાગડકે પધારો ને કાયોભાઈ કહે ભેંસજાળ પધારો. ત્યારે પોતે ઘોડે ચડીને બોલ્યા જે આ માણકી જે માર્ગે ચાલે તે ગામ જઈએ. ત્યારે સુરાખાચરે કહ્યું જે, 'તમે ઘોડીનું ચોકડું મેલી દ્યો.' ત્યારે મહારાજે મેલી દીધું. ત્યારે ઘોડી તો ભેંસજાળના માર્ગે ચાલી. ત્યારે કાયોભાઈ બોલ્યા જે ગરીબના બેલી ભગવાન છે. ત્યારે પોતે દોડ કરી તે કોઈના અસવાર પૂગ્યા નહિ. ગામમાંથી કાયોભાઈ સામૈયું લઈને સન્મુખ આવ્યા ને ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા તે અયોધ્યાવાસીને ઉતારે જમીને કાયાભાઈના ઓરડામાં પોતે પોઢ્યા. ત્યાંથી ચાલ્યા તે ગામ **ચાસકે** પધાર્યા. ત્યાંના દરબારે કહ્યું જે, "તમે આહીં રહો ને સંતને જમાડીને ચાલો." ત્યારે મહારાજે કહ્યું જે, "હમણા ઉતાવળ છે વાસ્તે વળતા રહેશું." એમ કહીને ચાલ્યા તે ગામ **કરમડ** ગયા ને ત્યાંના દરબારે ભારે સામૈયું લઈને મહારાજને ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા. પછી પોતે ફૂલીબાઈના ઘરમાં વિરાજ્યા ને ત્યાં થાળ કરાવીને પોતે જમ્યા ને તેમના કોડમાં સંતની પંગત બેસવાને માંડવો બાંધ્યો હતો ત્યાં પધાર્યા. સંતની પંગત થઈ ત્યારે લક્ષ્મીનારાયણની સંજ્ઞા વાળા સંત હતા તે લાડુની કથરોટો ભરીને આવ્યા ત્યારે રાધાકૃષ્ણની સંજ્ઞા વાળા સંતે કહ્યું જે, "લાડુ અભડાણા વાસ્તે અમે નહિ જમીયે." ત્યારે મહારાજે કહ્યું જે, "એકવાર એ ફેરવે ને દાળ ફરે ત્યારે તમે ફરજો ને ઘી માં પાક્યું હોય તે અડે ન અભડાય." એમ કહીને પોતે પિરસવા માંડ્યા તે જમાડીને સંત ને તૃપ્ત કર્યા ને પોતે હાથ ધોઈને ઉતારે ગયા.

પછી પોતે ગામની ભાગોળે પીપરના વૃક્ષ તળે ગાડા ઉપર આવીને વિરાજ્યા ને દેશાંતરના જે હરિભક્ત તેમને દર્શન દેતા થકા બહુવાર સુધી વાર્તા કરી. તે સમે ઈંદ્ર અતિ રાજી થયા ને અમૃત ધારાએ વરસ્યા તેમાં કરા પાડ્યા ત્યારે નિત્યાનંદસ્વામીએ માથે પછેડી ઝાલી ત્યારે તેમાં કરા પડ્યા તે મહારાજને આપ્યા. તેને પોતે જમ્યા ને બોલ્યા જે, ''તમારા પ્રેમી સંત ક્યા ?'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ''એ તો પૂજા પોથી સાચવવા ગયા.'' ત્યારે પોતે હસતા થકા ઉતારે પધાર્યા તે ત્યાં એકાંતિક ભક્તને સુખ દેતા થકા ત્યાં પોતે પોઢી ગયા. અન્નકૂટને દિવસે પોતે ફૂલીબાની મોટી ઓસરી હતી ત્યાં વિરાજ્યા. ત્યારે જેરામ બ્રહ્મચારીએ જેટલી સામગ્રી કરી હતી તે સર્વે લાવીને મહારાજની આગળ અન્નકૂટ ભર્યો. ત્યારે તેમની પ્રેમ લક્ષણા ભક્તિને વશ થયા સતા પોતે સર્વ સામગ્રીને જમીને સંતની પંક્તિ કરાવીને મોતૈયા લાડુ, જલેબી, સાટા આદિક સર્વે સામગ્રી સંતને પોતે પિરસીને તૃપ્ત કર્યા ત્યારે તે કેડે ઝાલાવાડ દેશના હરિભક્તે આવીને શ્રીજીમહારાજે પ્રાર્થના કરી જે, 'હે મહારાજ ! અમારે ગામ પધારો. ત્યારે પોતે કહ્યું જે, ''અમારે વડતાલ લક્ષ્મીનારાયણનો મંડપ કરવો છે તે તમે જેટલી શ્રદ્ધા હોય તેટલા પથ્થરના ગાડા લખાવો.'' ત્યારે તે ભક્તજને જેટલી શ્રદ્ધા હતી તેણે તેટલા ગાડા લખાવ્યા. ત્યારે પોતે સત્સંગીઓને કહ્યું જે, 'તમે ગામ ધ્રાંગધ્રેથી પથ્થરનું એકુકુ ગાડુ વડતાલ પૂગાડો.' પછી અમે તમારે ગામ આવશું. એમ કહીને ત્યાંથી ચાલ્યા તે ગામ **શિયાણી**એ પધાર્યા. તે ગામના મેઘા પટેલને મોરારજી ભટ્ટ ને વિઠ્ઠલજી પંડ્યા, શેઠ ભીમા ને શેઠ મેઘજીસાએ આદિ ઘણાક ભક્ત શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગામમાં પધરાવ્યા. મેઘા પટેલના ફળિયામાં ગાડા ઉપર ઢોલિયાની વિષે પોતે વિરાજમાન થયા ને ત્યાં થાળ કરાવીને ભક્તે જમાડ્યા ને સર્વ સંતને પણ જમાડ્યા. ત્યાં રાત રહીને તે ગામના ભક્તની સેવાને અંગીકાર કરીને ચાલ્યા તે ગામ **મછીયાવે** ગયા ને ત્યાં બાપુભાઈના દરબારમાં જાઈને ઉતર્યા. પછી જ્યારે થાળ થયો ત્યારે પોતે જમવા પધાર્યા તે સારી પેઠે જમ્યા. પછી સર્વે સંતને જમાડ્યા. પછી ઠાકોર બાપુભાઈએ શ્રીજીમહારાજની વસ્ત્ર અલંકારે પૂજા કરી. તેને અંગીકાર કરીને પછી ત્યાંથી ચાલ્યા તે **અમદાવાદ** પધાર્યા ને તે ગામના ભક્તજને શ્રીજીમહારાજને સન્મુખ આવીને ગાજતે વાજતે

શ્રી નરનારાયણના મંદિરમાં પધરાવ્યા. પોતે શ્રી નરનારાયણના મંદિરને સન્મુખ વેદિકા ઉપર વિરાજમાન થયા ને પોતાને ચારેકોર સર્વ સંતોની તથા દેશ દેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી. પછી પોતે સર્વેને દર્શન દેતા થકા ઝાઝી વાર સુધી જ્ઞાનવાર્તા કરતા હવા. પછી થાળ જમવા સારુ પધાર્યા તે સારી પેઠે જમ્યા ને સર્વે સંતને પણ જમાડ્યા. પછી પોતાને દર્શન આવ્યા એવા જે ભક્તજન તેમની પૂજાને અંગીકાર કરીને તે ભક્તોને આનંદ ઉપજાવતા થકા ત્યાં રહેતા હવા.

જ્યારે પ્રબોધિનીનો દિવસ આવ્યો ત્યારે પોતે મંદિરને ચારે કોર શહેરના ભક્ત પાસે દીવા કરાવ્યા ને મંડપમાં ને ઠાકોરજીની કોલીમાં સર્વે ઠેકાણે ભારે ઝુમ્મર ને હાંડીયો બંધાવીને માંહી દીવા કરાવ્યા. પછી વેદિકાને ચારે દિશ ભારે દીપમાળ પૂરીને માંહી ગ્લાસે હાંડીઓ બાંધીને દીવા કરીને વેદિ ઉપર મહારાજને પધરાવીને સંત ને હરિભક્ત ફરીને કીર્તન ગાવા માંડ્યા તે ભારે શોભા થઈ તેને જોવાને શહેરના મનુષ્ય સર્વે આવ્યા તે નરનારાયણના મંડપમાં ને ચોકમાં ક્યાંઈ માય નહિ ને હરિભક્ત પતાસા ને દૂધ પેંડાની લાણીઓ કરીને મહારાજને હાથે વહેંચાવતા હવા. ઠાકોરજીની આગળ વડોદરાની મંડળી ને અમદાવાદની મંડળી બે સામ સામા ઉત્સવ કરવા બેઠા તે ઠેકાણે થોડું બેસીને પછી વેદિકા ઉપર વિરાજ્યા. તે સમે આકાશને વિષે દેવતાના વિમાન છાઈ જાતા હવા ને પુષ્પની વૃષ્ટિ કરતા હવા તે સર્વે મંદિરમાં સુગંધ થઈ ગયો. એવી રીતે લીલા કરતા થકા ચાર વાગ્યા ત્યારે પોતે દરવાજામાં ઉભા રહીને સર્વે સંતને પાર્ષદને સર્વે હરિભક્તને મળવા માંડ્યા તે મળીને દરવાજા બહાર નીકળીને ન્હાવા ચાલ્યા જાય. એ રીતે સર્વેને મળીને ઘણું સુખ આપીને પ્રબોધિનીનો સમૈયો કરીને પોતે ચાલવાને દિવસે મંદિરના દરવાજામાં પેસતા ડાબે હાથ લીંબડા તળે ઓટા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા ને પોતાને આગળ સંત ને હરિજન દેશાંતરના આવીને બેઠા. તે સમે આનંદાનંદસ્વામીએ મહારાજને કિનખાપનો સુરવાલ ને ડગલી પહેરાવ્યા ને મસ્તકે મોળીયું બંધાવ્યું ને હાર, તોરા, ગજરા એ આદિ ધરાવીને ચંદન ચર્ચીને પૂજા કરી. પછી અમદાવાદી ખેસ મંગાવીને મહારાજને પાસે મેલ્યા તેને પોતે

પાંચસો પરમહંસોને ઓઢાડ્યા. તે સમે મહારાજના દર્શન કરીને ઈંદ્રાદિક દેવ તે જે તે પોતાના વિમાન ઉપર રહ્યા થકા તે શોભાને જોઈને મહા આશ્ચર્યને પામતા હવા. પછી પોતે શ્રી નરનારાયણના દર્શન કરવા પધાર્યા ને દર્શન કરીને તે મૂર્તિઓની શોભાને જોઈને પોતે બહુ રાજી થયા ને પાછા ઉતારે પધાર્યા ને સર્વે સંતને ચાલવાની આજ્ઞા કરી તે સર્વે સંત ધોળા ખેસ ઓઢીને ચાલ્યા ને તેમની કેડે પોતે ઘોડે અસવાર થઈને ચાલ્યા. તે સમે પોતાને આગળ નાના પ્રકારના વાજા વાજતે સતે ધીરે ધીરે રાજમાર્ગે થઈને સર્વેને દર્શન દેતા થકા ભક્તજનને આનંદ ઉપજાવતા થકા આષ્ટોડીયે દરવાજે થઈને ચાલ્યા તે ચંડોલા તળાવને કાંઠે જાઈને સર્વે હરિભક્તોને પાછા વાળીને પોતે ચાલ્યા તે ગામ **અશ્લાલી**એ પધાર્યા.

ત્યાં ગામથી ઉતરતા આંબાવાડીયામાં ઉતર્યા ને ત્યાં વેદિકા ઉપર ઢોલિયો ઢળાવીને વિરાજમાન થયા ને સર્વે સંત પણ સભામાં આવીને બેસતા હવા. પછી ગામમાં થાળ થયો તે સંત મંડળે સહિત શ્રીજીમહારાજ જમવા પધાર્યા. પછી પોતે જમીને સર્વે સંતને જમાડ્યા. પછી તે ભક્તજને ચંદન, પુષ્પ, વસ્ત્ર અલંકારે કરીને પૂજ્યા એવા જે શ્રીજીમહારાજ તે જે તે ઉતારે ગયા ને ત્યાં રાત રહીને બીજે દિવસ ત્યાંથી ચાલ્યા તે ગામ **જેતલપુર** પધાર્યા ને ત્યાં મંદિરમાં ઉતર્યા ને સંત પણ ઉતર્યા ને ત્યાં જમીને સંતને લાડુ પિરસીને તૃપ્ત કર્યા. ત્યાંથી ગામ ગામડી પધાર્યા ને ચોરામાં ઉતર્યા ને મંદિરમાં જાઈને ન્હાયા ને તે મંદિરમાં થાળ જમ્યા ને સર્વે સંતને લાડુ પીરસ્યા. સર્વે ભક્તજનને પરમેશ્વરની વાર્તા કરીને પછી ત્યાંથી ચાલ્યા તે ગામ કનીજની સીમમાં તળાવડીને કાંઠે રાયણ તળે વિશ્રામ કર્યો ને પછી કનીજ થઈને ગામ મહેદ્રાવદ પધાર્યા ને દુર્લભરામને ઘેરે ઉતર્યા. પ્રાતઃકાળે જૂના મંદિરમાં બેસીને ભક્તજનને માહોમાંહી સંપ રાખવો એ પ્રકારની વાર્તા કરીને કહ્યું જે, 'હે સંતો ! જમીને આવજો.' એમ કહીને પોતે ગામ **ડભાણ** પધાર્યા ને ગામની ભાગોળે લીંબડા તળે ઉતર્યા. ત્યાં થાળ થયો તે પોતે જમીને પાર્ષદને જમાડીને દેવ દિવાળીના સમૈયા ઉપર **વડતાલ** પધાર્યા ને મંદિરમાં ઉતર્યા. ત્યાં રહીને ઈચ્છારામભાઈની વરસી વાળી તે સર્વે સંતને જમાડ્યા ને મંદિરને વાંસે સભા કરીને વિરાજમાન

થયા ને કહ્યું જે, 'સર્વે સંત ધર્માદાના દાણા માંગવા દેશમાં જાઓ.' પછી જુનેગઢ મંદિર કરવાને અર્થે પોતે મહાનુભાવાનંદસ્વામીને આજ્ઞા કરી જે, 'જુનેગઢ પચાસ સાધુને મેલો.' ત્યારે તેમણે પચાસ મુરત (સાધુ) લાવીને મહારાજને કહ્યું જે, 'આ સંતોને જુનેગઢ મેલો.' ત્યારે તે સંતને પોતે રાજી થઈને મળ્યા ને છાતીમાં ચરણારવિંદ આપ્યા ને જમીને થાળ આપ્યો. પછી તે સંત પગે લાગીને જુનેગઢ ગયા. પછી પોતે ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજ્યા ને દેશાંતરના હરિજને ચંદન પુષ્પના હાર ને તોરા ને ગજરા ને વસ્ત્ર અલંકાર પહેરાવીને પૂજા કરીને મૂર્તિને જોઈને અંતરમાં ઉતારે ને તે હરિજનો નાના પ્રકારની રસોઈયો કરાવી તેને નિત્ય પોતે પિરસીને સંતને તૃપ્ત કરીને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને ભક્તિ ને આત્મનિષ્ઠા એ સંબંધી વાર્તા કરે.

એમ લીલા કરતા થકા બે માસ રહીને પોતે ધોલેરે પધાર્યા ને પૂંજાજીને ઘેર ઉતર્યા. ત્યાં રહીને મંદિર કરવા નિમિત્ત જગ્યા લીધીને તેનો લેખ કરાવીને પછી પોતે ત્યાંથી ચાલ્યા તે ગામ **ગઢડે** પધાર્યા ને ત્યાં દાદાખાચરના દરબારમાં વિરાજમાન થયા. પછી ત્યાં ભક્તજનને આનંદ ઉપજાવતા થકા નાના પ્રકારની રસોઈઓ કરાવીને સંતને જમાડતા થકા વિરાજતા હવા. પછી ગામ કારીયાણીથી મહાનુભાવાનંદસ્વામીને તેડાવીને કહ્યું જે, 'તમે ધોલેરે મંદિર કરવા સારું જાઓ.' ત્યારે મહાનુભાવાનંદસ્વામીએ કહ્યું જે, 'મારી પાસે વિદ્યાર્થી ભણે છે તેમનો પાઠ પડે. તો પણ જેમ તમે રાજી થાવો તેમ કરવું છે. એમ કહીને પગે લાગ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, 'બીજા કોઈક ને મોકલશું પણ વિદ્યા ભણાવ્યામાં અમારો ઘણો રાજીપો છે' માટે તમે રહેવા દ્યો. એમ કહીને પોતે આત્માનંદસ્વામી ને અદ્‌ભુતાનંદસ્વામી આદિ સંતને તેડાવીને ધોલેરે મંદિર કરાવવા મોકલ્યા. પછી ત્યાં પોતે સંવત ૧૮૮૪ ને મહા સુદી વસંતપંચમીનો ઉત્સવ ગઢડે કર્યો તે બહુ રંગ ગુલાલ ઉડાડયો ને સર્વે સંતને પાંચ દિવસ સુધી રાખીને જમાડી તૃપ્ત કરીને સમીપના ગામોમાં ફરવા મોકલ્યા. ત્યારે કેડે જુનાગઢથી બ્રહ્માનંદસ્વામીનો કાગળ લઈને ગુણાતીતાનંદસ્વામી ને પુરુષાનંદસ્વામી આવીને શ્રીજીમહારાજને પગે લાગીને આપ્યો. ત્યારે પોતે તેમને મળીને પત્ર વાંચીને બોલ્યા જે સંત તો ફરવા ગયા છે તે તેમને કોઈ

તેડવા જાશે ? ત્યારે પવિત્રાનંદસ્વામી ને દામોદરાનંદસ્વામીએ કહ્યું જે, 'અમે તમે કહેતા હો તો જાઈએ.' ત્યારે પોતે તેમને છાતીમાં ચરણારવિંદ આપીને કહ્યું જે તમે કારીયાણીએ જાવો ને વ્રજાનંદસ્વામીને કહ્યું જે, ''તમે સારંગપુર જાવો.'' પછી તે બે ગામથી સંત આવીને મહારાજને પગે લાગ્યા. તેમને જોઈને પોતે બહુ રાજી થયા.

એકાદશીને દિવસ સંતને ફરાળ કરાવીને પોતે સંતમંડળ ને પોતાના સેવક તેણે સહિત ચાલ્યા તે **માંડવધાર** ગયા. તે ગામના હરિભક્તે કહ્યું જે, 'સંતને બારસના પારણા કરાવીને ચાલો.' ત્યારે મહારાજે કહ્યું જે, ''અમે આવતા રહેશું.'' એમ કહીને પોતે ચાલ્યા ને મારગમાં શેરડીનો એક વાઢ આવ્યો ત્યારે તે વાઢવાળે મહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, ''સંતને આજ્ઞા કરો જે અમારી શેરડી જમે.'' ત્યારે પોતે કહ્યું જે, ''એકુકો સાંઠો લ્યો.'' એમ કહીને ચાલ્યા તે ગામ વાવડી ગયા ને ત્યાં એક હરિભક્ત બાઈએ કહ્યું જે, 'મારા વાઢમાં પધારો.' ત્યારે તેને વાઢે પોતે ગયા ને તેણે મહારાજને ગોળ જમાડ્યો ને સંતને શેરડી જમવા આપી. ત્યાંથી સાલેમાળ વચ્ચે થઈને ચાલ્યા તે **ખંભાળે** ગયા ને તેને પાધર ડેરીના ઓટા ઉપર વિરાજમાન થયા. ત્યાંથી **વાંકીયે** ગયા ને મોકાખાચરના આથમણાબારની ઓસરીયે વિરાજ્યા ને મોકાખાચરે કહ્યું જે, 'સંતને આજ્ઞા કરો જે રસોઈ કરે.' ત્યારે મહારાજે કહ્યું જે, ''આજ તો એકાદશી છે.'' ત્યારે મોકેખાચરે કહ્યું જે, ''મહારાજ પધાર્યા ને મોકાને ઘેર એકાદશી હોય નહિ.'' ત્યારે પોતે સંતને કહ્યું જે, ''હમણાથી રસોઈ કરશો'' ત્યારે સવારે કરી રહેશો. ત્યારે તેમના ઘરમાંથી બાઈઓએ સામાન કાઢીને મેલ્યો. ત્યારે ભૂમાનંદસ્વામી આદિ સર્વ સંત બોલ્યા જે, ''બાઈઓનું મેલેલુ અમારે લેવાય નહિ.'' ત્યારે તેમના ઉપર મહારાજ રાજી થઈને કહ્યું જે, ''લ્યો ! હું તમને નિર્બાધ કરી આપું. એમ કહીને પોતે સામાન સંતને આપ્યો ને સંતે બાટીઓ કરી.'' પછી બાટીઓ ને ગોળ-ઘી જમાડીને પોતે સવારમાં ચાલ્યા તે ભેળા ચાર પાંચ સંત ભેળા ગયા. તેમને મહારાજે કહ્યું જે, ''અહીં જળ છે.'' ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે આહીં નદી છે. પછી ત્યાં નદીને કાંઠે પોતે બહિર્ભૂમિ જઈને આવ્યા ત્યારે ઉનું પાણી સંતે

આપ્યું તે હાથ ધોયા ને દાતણ કરીને પોતે ચાલ્યા તે ગામ કોટડે ગયા. ત્યાં અસવારોને છાશ પાઈને ગામ ગરણીને પાદર ઘોડીને પાઈને ત્યાં સંતને કહ્યું જે, "તમે ધીરા રહીને આવો. હું તમારા સારુ રસોઈ કરાવું છું." એમ કહીને ગામ પીપળીયે ગયા ને લખમણ પાસે સુખડી ને ગાંઠીયા લેવરાવ્યા ને સંત પાસે ગામમાં ખીચડી કરાવીને ત્યાં પોતે પધાર્યા. ત્યારે મોટા જોગાનંદસ્વામી ચરણ દાબવા માંડ્યા ત્યારે પોતે ના પાડી. પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "નાના વિદ્યાર્થીને સેવા કરવા દ્યો." ત્યારે પોતે કહ્યું જે, "હા ! કરો." ત્યારે તેમણે એક કલાક સેવા કરી. ત્યારે પોતે બેઠા થયા ને બોલ્યા જે, "ખીચડી તૈયાર થઈ ?" ત્યારે કહ્યું જે, "થઈ છે." પછી બ્રાહ્મણીયા શિવાનંદસ્વામીએ રસોઈ કરી હતી ત્યાં પોતે જમીને સંતને પંગત થઈ ત્યાં સુખડી ને ગાંઠીયા પિરસ્યા ને વધ્યુ તેનું ભાતું બંધાવ્યું.

ત્યાંથી ચાલ્યા તે મારગમાં મોટીબાની વેલ ઉંધી પડી તેને પોતે સમી કરાવીને તેમને સુખનું પૂછીને પોતે સુલતાનપર ગયા ને ત્યાં બાવાની જાયગામાં ઉતર્યા ને ત્યાં ભગવદાનંદસ્વામી આગળ આખી રાત વાતો કરીને સવાર થયું ત્યારે ઘોડીએ ચડીને ચાલ્યા ને માર્ગમાં જાતે કહ્યું જે, "કોઈ બ્રહ્માનંદસ્વામીને ખબર કરે ?" ત્યારે સવિત્રાનંદસ્વામીને શ્રી નિવાસાનંદસ્વામીએ કહ્યું જે, 'અમે જઈએ.' ત્યારે તેમને પોતે છાતીમાં ચરણારવિંદ આપીને ચાલ્યા તે થાણાગાલોલ ગયા ને વડતળે ઉતરીને દાદાખાચર સારુ પોતે ગામમાં રોટલા લેવા ગયા. ત્યારે બાઈઓએ કહ્યું જે, "તમે બારવટીયા છો." ત્યારે પોતે બોલ્યા જે, "અમે તો સ્વામિનારાયણ છીએ." ત્યારે તે બાઈએ રોટલા આપ્યા તે ભોજાભાઈએ લીધા ને એક બાઈએ ઉનો રોટલો ને ધોળો પાપડ આપ્યો તેને પોતે જમણે હાથે લીધોને ડાબે હાથે લગામ ઝાલી. એવી શોભાએ જુક્ત પોતે ગામ બહાર નીકળ્યા. ત્યાં નિત્યાનંદસ્વામી ભેળા થયા ત્યારે તેમણે કહ્યું જે, "ભિક્ષા માંગવી તે અમારું કામ છે તે તમે ક્યા લઈ બેઠા ?" ત્યારે પોતે હસતા થકા ઘોડા દોડાવીને વડતળે ગયા ને અડધો રોટલો ને પાપડ દાદાખાચરને આપ્યો ને બીજો કોટડાના હરસુર વાલાને આપ્યો ને બીજા રોટલા પાળાને પોતે પિરસ્યા ને પોતે રથ હાંકવા બેઠા ને સંતને કહ્યું જે, "સર્વે રથની આગળ

ચાલો.'' એમ કહીને રથ દોડાવ્યો તે એક પહોર સવારમાં જુનાગઢને દરવાજે ગયા. ત્યારે સર્વે સંત હરિભક્ત સામૈયું લઈને આવ્યા ને ગાજતે વાજતે મહારાજને રાજમાર્ગે કરીને મંદિરમાં પધરાવ્યા. મંદિરને વાંસે પ્રદક્ષિણા ને ઉગમણે ખૂણે પોતે વિરાજ્યાને સર્વે હરિભક્ત દર્શન કરીને ગયા. ત્યારે પોતે ઝીણાભાઈની હવેલીએ પધાર્યા.

બીજે દિવસ વાવ ઉપર પોતે સભા કરીને વિરાજ્યાને પોતાના મુખારવિંદની આગળ સંત ને સોરઠ દેશના સર્વે હરિભક્તની સભા થઈ. તે સમે જેસલમેર આવીને પગે લાગ્યા. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, 'આ તો ડુંગરનો રાજા છે.' ત્યારે મહારાજે તેને હાર આપ્યા ને કહ્યું જે, 'મંદિરની ને સંતની ખબર રાખજો.' ત્યારે તેણે કહ્યું જે, 'સંતને મંદિર મારા માથા ઉપર.' ત્યારે પોતે તેની ઉપર રાજી થયા. ને માથે હાથ મેલ્યા. ત્યાંથી પોતે જમવા ગયા ને જમીને સંતને પિરસીને તૃપ્ત કર્યા ને હાથ ધોઈને પોઢવા ગયા. સાંજની સભા થઈ ત્યારે પોતે ત્યાં વિરાજ્યા ને તે સમે મોટા કારભારીલોક આવ્યા તે પગે લાગીને બેઠા. ત્યારે મહારાજે તેમને વાર્તા કરી જે, ''પ્રત્યક્ષ ભગવાન ને સંતે કરીને જીવનો મોક્ષ થાવો તે સુગમ છે ને પરોક્ષ ભક્તિએ કરીને થાવું તે ઘણું કઠણ છે.'' ત્યારે તેમણે પગે લાગીને કહ્યું જે તમે કહ્યું તે ખરું છે. પછી તે દેશના હરિભક્તે ચંદન, પુષ્પ, વસ્ત્ર, અલંકાર તે વતે કરીને શ્રીજીમહારાજની પૂજા કરી. તેને પોતે અમૃત દ્રષ્ટિએ કરીને જોઈને પોતે પોઢવા ગયા.

ત્રીજે દિવસે નવાબ સાહેબે મહારાજને તેડાવ્યા ને અતિભાવે કરીને પોતાના દરબારમાં પધરાવ્યા ને ભારે તખત ઉપર પધરાવ્યા ને અત્તર, ચંદન, પુષ્પના હાર, વસ્ત્ર, અલંકારે કરીને પૂજા કરીને બોલ્યા જે હે મહારાજ ! તમે તો ખુદા છો ને અનેક જીવનાં મોક્ષને અર્થે પૃથ્વીને વિષે ફરો છો. એમ કહીને હેતનાં આંસુ નેત્રમાં આવ્યા. ત્યારે મહારાજે કહ્યું જે અમે ઉઠશું. ત્યારે નવાબ સાહેબ બજાર સુધી વળાવવા આવ્યા. પછી પોતે મંદિરમાં પધાર્યા.

એક દિન પોતે ગિરનાર ચડવા ગયા ને સંતને કહ્યું જે, ''તમે શિખર ચડીને આવજો.'' એમ કહીને પોતે ચઢાવની વાવેથી પાછા વળ્યા ને મંદિરમાં પધાર્યા ને જમીને સંતને પિરસવા ગયા. તે સમે ગિરનાર ચડીને મોટા

પ્રજ્ઞાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી, લોકનાથાનંદસ્વામી, નિર્માનાનંદસ્વામી, ભુધરાનંદસ્વામી, શૂન્યાતીતાનંદસ્વામી, નારાયણાનંદસ્વામી ને પવિત્રાનંદસ્વામી આદિ સંતો આવ્યા. તેમને મહારાજે કહ્યું જે, “તમે ઠેઠ જઈને આવ્યા ?” ત્યારે તેમણે કહ્યું જે, ‘અમે શિખર સુધી જઈને આવ્યા.’ ત્યારે પોતે બોલ્યા જે, “શિખર ચડીને આવ્યા તેમના પતરમાં લાડુનું શિખર કરીએ લાવો.” એમ કહીને સર્વેના પતર ભરી દઈને પોતે સંતને તૃપ્ત કર્યા. એવી રીતે શિવરાત્રીનો સમૈયો કરીને ત્યાંથી **જમનાવડ** ગયા ને દાદાભાઈના દરબારમાં ઉતર્યા. બ્રહ્મચારીએ થાળનું કહ્યું ત્યારે પોતે કહ્યું જે, “આહીં લાવો.” ત્યારે લાવ્યા. તેને પોતે જમીને દાદાભાઈને કહ્યું જે, “તમે પ્રસાદી લો.” ત્યારે તેમણે કહ્યું જે, “હું તો હમણાં જમીને આવ્યો.” ત્યારે પોતે નિત્યાનંદસ્વામીને આપીને પોઢી ગયા ને ત્યાંથી જેતપુર ગયા ને ત્યાં મુળુવાળાની ડેલીએ ઉતર્યા. તેમણે સંતને રસોઈ દીધી. તેને પોતે સંતને જમાડીને ચાલ્યા તે ગામ **ગોમટે** રાત રહ્યા. ત્યાંથી સતાપર બપોરા કર્યા. ત્યાંથી **કોટડે** રાત રહીને **વાંકીયે** ગયા ને સવારમાં જમીને ચાલ્યા તે **ગઢડે** ગયા. ત્યાં હુતાસનીના સમૈયા ઉપર સર્વે સંતને તેડાવ્યા ને પોતે રંગ ગુલાલ બહુ ઉડાડ્યો ને સર્વે સંતને રંગમય કરીને પોતે ઘેલા નદીમાં ન્હાવા પધાર્યા. નાહીને ગાજતે વાજતે દરબારમાં પધાર્યા ને પોતે જમીને સર્વે સંતને મોતૈયા લાડુ પોતે પિરસીને જમાડતા હવા.

એમ નિત્ય પ્રત્યે નવી ને નવી લીલા કરીને ત્યાંથી પોતે વડતાલને માર્ગે ચાલ્યા તે **કારીયાણી**એ રાત રહીને વસ્તાખાચરના બે બળદ લઈને **ઝમરાળે** પધાર્યા. ત્યાંથી જમીને બહાર નિસર્યા ત્યારે તે બળદને જોડીને નિત્યાનંદસ્વામી આવ્યા. ત્યારે પોતે બોલ્યા જે, “એને છૂટા મેલો. અમારે ચાલ જોવી છે.” એમ કહીને માણકીને પડખે ચડાવી ત્યારે તેની બરોબર ચાલ જોઈને પોતે બોલ્યા જે, “આવા બળદ ક્યાયે નથી.” એમ કહીને ગામ ચોકડીના તળાવમાં ઉતર્યા. ત્યાંથી ગામ **ધોલેરે** પધાર્યા ને ત્યાં પૂંજાભાઈ, ભોજાભાઈ, કાયાભાઈ ને વરસાભાઈ આદિક સર્વે હરિભક્તે ગાજતે વાજતે મંદિરમાં પધરાવ્યા. જમીને ત્યાંથી **પીપળીયે** પધાર્યા ત્યારે **કમિયાળા**ના હરિભક્તે આવીને મહારાજને કહ્યું જે, “નિત્યાનંદસ્વામી સંઘને લઈને પાસરા જાય તો અમે

આવીએ.'' ત્યારે તેમણે કહ્યું જે, ''બહુ રૂડું.'' એમ કહીને સર્વે સૂઈ ગયાને મહારાજ તળાવને કાંઠે ઉગમણે મુખારવિંદે પોઢ્યા. ભૂમાનંદસ્વામીએ તે સમે ઉભા થઈને દર્શન કર્યા ત્યારે મહારાજે કહ્યું જે, ''તમે સૂઈ જાઓ.'' ત્યારે તેમણે કહ્યું જે, 'ઊંઘ આવે તો સુઈ જાઉં.' પછી પાછલી પહોર રાત રહી ત્યારે સંત નાહીને પરવાર્યા ને મહારાજ **કમિયાળે** ગયા ને સિંહાવણારની મેડીયે પોતે વિરાજ્યા ને પૂછ્યું જે, ''રસોઈની શી વાર છે ?'' ત્યારે સંતે કહ્યું જે, ''તૈયાર થઈ છે.'' ત્યારે પોતે ત્યાં જઈને નાહીને થાળ જમ્યા ને સંતને શીરો પિરસીને સારી પેઠે જમાડ્યા ને બાઈઓ છેટે ઉભી હતી તેમને કહ્યું જે, 'તમે દહીં લાવો.' ત્યારે તેમણે દહીં લાવીને મેલ્યું. તેને પોતે ફેરવીને સંતને તૃપ્ત કર્યા ને શિવાનંદસ્વામીને કહ્યું જે, 'નિત્યાનંદસ્વામી સારુ શીરો લ્યો.' એમ કહીને ડબ્બો ભરી દીધો. ત્યાર કેડે ઘોડીએ અસવાર થઈને ચાલ્યા તે ભોગાવાને કાંઠે ગયા ત્યારે સંતને પગે બળતા જોઈને દયા આવીને તે વાત મનમાં રાખીને ચાલ્યા તે ભોળાદ ને બોરુ વચ્ચે તળાવડી છે ત્યાં સમડાના વૃક્ષ તળે પોતે ઉતર્યા ત્યારે સંતે ચારેકોર પાણી છાંટીને પૃથ્વી પલાળીને ભીની ચાદરો કરીને આડી બાંધીને ત્યાં પોતે એક કલાક પોઢીને પછી જાગ્યા ને સંતને ઘણીક વાર્તા કરીને પોતે લઘુ કરવા મોજડી વિના ગયા. તેણે કરીને ચરણારવિંદ દાઝ્યા. ત્યારે સંતને કહ્યું જે, 'સર્વે પાવલાં પહેરજો.' એમ આજ્ઞા કરીને ચાલ્યા તે સાભરમાં નાહીને વડતળે ખળામાં ઉતર્યા. ત્યાં નિત્યાનંદસ્વામીએ થાળ કર્યો તેને પોતે ગાડી ઉપર બેસીને જમ્યા. ત્યાં રાત રહી ચાલ્યા તે **સિંજીવાડે** થઈને સંવત ૧૮૮૪ના ચૈત્રસુદી રામનવમી ઉપર શ્રીજીમહારાજ **વડતાલ** પધાર્યા. ત્યાં સંતને હરિભક્તને તેડાવ્યાને દેશાંતરથી દર્શને આવ્યા જે ભક્તજન તેમણે કરી જે સેવા તેને અંગીકાર કરીને તેમણે કરાવી જે નાના પ્રકારની રસોઈયો તેને પોતે સંતને પિરસીને તેમના મનોરથ પૂર્ણ કરીને રાજી કર્યા.

પછી મછીયાવના ઠાકોર બાપુભાઈએ દેહ મૂક્યો તેને વાંસે રસોઈ દેવા તેમના પુત્ર મદારસિંહજી બે ગાડા ભરીને સેવદળ લાવ્યા તેને પોતે પિરસીને સંતને સારી પેઠે જમાડ્યા ને ગોમતી કાંઠે વેદિ ઉપર પોતે વિરાજ્યા. તે સમે એક હરિભક્તે ભાલને વિષે કેશરચંદનની અર્ચા કરીને ભુજાને વિષે ગજરા,

બાજુબંધ બાંધ્યા ને ચરણને વિષે ચંદન ચરચ્યું. ભાલને વિષે કુમકુમનો ચાંદલો કરીને બે ભુજાને વિષે ચાંદલા કરીને મસ્તકને વિષે ફૂલની ટોપી પહેરાવીને કંઠને વિષે હાર પહેરાવ્યા ને ફૂલની પછેડી ઓઢાડી. એવી શોભાને જોઈને સર્વે હરિભક્તની ચિત્તવૃત્તિઓ મહારાજની મૂર્તિને વિષે આકર્ષણ થઈ ગઈ. એવી શોભાએ જુક્ત પોતે ઘોડીએ બેસીને સંત પાસે કીર્તન ગવડાવતા થકા મંદિરમાં પધાર્યા ને ત્યાં ઘણીક વાર સુધી સર્વે હરિજને દર્શન દઈને ફૂલની પછેડી ને ટોપી નિત્યાનંદસ્વામીને આપીને જમવા પધાર્યા ને પોતાને પ્રેમીભક્તે પૂજા કરી તેણે સહિત સંતને પિરસવા પધાર્યા ને સંત ને તૃપ્ત કરીને પોઢવા પધાર્યા.

બીજે દિન ગોમતીને કાંઠે વેદિ ઉપર વિરાજ્યા ને સર્વે સંત ને હરિભક્તની સભા ભરાઈને બેઠી. તે સમે અમદાવાદના દામોદર ભક્તે પોતે હાથે વણીને રાતા કિનખાપની ડગલી ને સુરવાળ પહેરાવ્યો ને કેશરની અર્ચા કરીને કુમકુમનો ચાંદલો કર્યો ને પુષ્પના હાર ને ગજરા ને બાજુબંધ પહેરાવ્યા ને મહારાજને પગે લાગીને બેઠા. પછી પોતે પોશાક ને ઝાઝીવાર અંગીકાર કરીને રઘુવીરજી મહારાજને આપ્યો. ત્યાર કેડે બુદેલખંડી હરિભક્તે મહારાજને પોતાના દેશનું અંગરખું ને રેશમી કોરની ધોતી કાછ વાળીને પહેરાવીને મસ્તકને વિષે પાઘ ધરાવી ને હસ્તને વિષે ધનુષ બાણ આપ્યું. તે સમે જે રામચંદ્રના ભક્ત હતા તેમને રામચંદ્રરૂપે પોતે દર્શન દેતા હવા ને એવી શોભાએ જુક્ત થકા ભક્તજનના નેત્રને આનંદ ઉપજાવતા થકા મંદિરમાં પધાર્યા ને જમીને સંતને પિરસીને તૃપ્ત કરીને પધાર્યા. સાંજને સમે ગોમતીના કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા ને મથુરાના ને વૃંદાવનના હરિજન દર્શને આવ્યા હતા તેમણે તે દેશનો પોશાક પહેરાવ્યો ને પાઘડી પણ દેશની બંધાવીને હાથને વિષે વાંસળી આપી. તે સમે જે કૃષ્ણના ઉપાસક સભામાં હતા તેમને કૃષ્ણરૂપે પોતે દર્શન દેતા હવા. એવી શોભાએ જુક્ત પોતે મંદિરમાં આવીને ઠાકોરજીની આરતી થઈ ત્યારે દર્શન કરીને પોતે પોઢવા ગયા.

પછી રામપ્રતાપજીના બંગલામાં મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી ને શુકમુનિ એ આદિક મોટેરા સંતને તેડાવીને કહ્યું જે, "અમને બીજા અવતાર જેવા ગ્રંથમાં લખવા." ત્યારે

નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "અમે તો તમને જેવા જાણીએ છીએ તેમ લખશું." એમ સાત દિવસ સુધી ટક્કર લીધી ત્યારે પોતે રાજી થઈને બોલ્યા જે, "નિશ્ચય તો આવો જોઈએ જે અમારા ફેરવ્યા પણ ન ફર્યા તે બીજાના ફેરવ્યા કેમ ફરો ?" માટે તમે જેમ સમજતા હો તેમ લખો. ત્યારે મુક્તાનંદસ્વામી આદિ સંત સર્વે રાજી થયા.

એક દિવસ પોતે મંદિરને વાંસે વિરાજ્યા ને સર્વે સંત હરિભક્ત સન્મુખ આવીને બેઠા. તે સમે વડોદરાના નાથાભક્ત ને સદાશિવ આદિક હરિભક્તે મહારાજની પૂજા કરી તેમાં જરીયાની સુરવાળ ને ડગલી પહેરાવી ને મસ્તકને વિષે ભારે પાઘ બંધાવીને આસમાની રંગનું ભારે સેલું ઓઢાડ્યું ને અત્તર ચર્ચીને હાથ જોડીને સ્તુતિ કરીને પગે લાગ્યા ને મહારાજ પછી જમવા ગયા. જમીને સંતને જમાડીને પછી સર્વે સંતને દેશમાં ફરવા મેલ્યા ને સદ્‌ગુરુને ભણનારા સંતને ભેળા લઈને સંઘે સહિત પોતે વ્હેલા ઊઠીને ચાલ્યા તે બોરુ જઈ ને રાત રહ્યા ને નિત્યાનંદસ્વામીને કહ્યું જે, "તમે સંઘ લઈને આવજો ને અમે તો આગળ ચાલશું." એમ કહીને પોતે ઘોડો હાંક્યો તે મધ્યાહ્ને **કારીયાણી**એ પધાર્યા. પોતે સાધુના ભંડારમાં પેસીને ઝાઝું મોણ નાંખીને બસેરના બે રોટલા કર્યા. તેમાં એકવાર ફેરવીને તાવીથા વતે ખાજાની પેઠે ખાડા પાડીને તેમાં ઘી ભરીને રીંગણાનું ભરત કરીને પોતે જમવા બેઠા. તે સમે સવિત્રાનંદસ્વામી, મોટા પ્રજ્ઞાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી આદિક સંત આવ્યા. તેમને પોતે પૂછ્યું જે, "સંઘ કેટલે છે ?" ત્યારે તેમણે કહ્યું જે, "ઘણે છેટે છે." ત્યારે તે સંતને ભરતને રોટલાની પ્રસાદી આપીને કહ્યું જે, "આ પ્રસાદી નિત્યાનંદસ્વામીને આપજો." એ સ્વાદનું પારખું કરશે. ત્યારે સુરોખાચર બોલ્યા જે, "એ પ્રસાદી અમને આપો." ત્યારે પોતે સુરાખાચર, દાદાખાચર ને વસ્તોખાચર એ સર્વને પ્રસાદી આપીને વસ્તાખાચરના ઓરડામાં પોઢવા ગયા. ત્યારે સંત મહારાજના પગ દાબવા માંડ્યા. ત્યારે પોતે ઘરનો કરો ફાટેલ જોઈને કહ્યું જે, "આ ઘરના પાયા નાંખ્યામાં કસર રહિ ગઈ તો કરો ફાટ્યો તેમ સત્સંગ કરતા જેમાં કસર રહિ તેનો સંત ભેળો પગ ટકે નહિ." એ અંગેની ઘણી વાર્તા કરીને પોતે ચાલ્યા ત્યારે સંત પણ ભેળા તૈયાર થયા. ત્યારે

પોતે બોલ્યા જે, ‘‘સદ્ગુરુને અને પાળાને રોટલા કોણ કરી દેશે ? માટે તેમને જમાડીને આવજો.’’ એમ કહીને પોતે **ગઢડે** પધાર્યા. નિત્યાનંદ સ્વામી આવ્યા ત્યારે સંતે કહ્યું જે, ‘‘તમને મહારાજે પ્રસાદી આપી છે.’’ ત્યારે તેમણે કહ્યું જે, ‘‘અમારા ઉપર મહારાજ ઘણી કૃપા કરી જે હું ન્હોતો ને પ્રસાદી સંભારીને આપી.’’ એમ કહીને નેત્રમાં હેતના આંસુ આવ્યા.

સંતને પ્રસાદી આપીને પોતે જમીને બીજે દિન સંઘ સહિત **ગઢડે** ગયા. ત્યારે મહારાજે કહ્યું, ‘‘જે બહુ વ્હેલા આવ્યા.’’ ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ‘‘તમારા દર્શન સારુ ઉતાવળ કરી.’’ ત્યારે પોતે રાજી થયા ને લાડુબાના ઓરડાની ઓસરીયે વિરાજ્યા. લાડુબાએ કહ્યું જે, ‘‘દાણાની કોઠીઓ ઓસરી ઉપર મેલવી છે.’’ ત્યારે પોતે વિદ્યાર્થીને બોલાવીને કોઠીઓ ઓસરી ઉપર મેલાવી. પછી તેમની ઉપર પોતે રાજી થયા ને જમીને થાળ આપ્યો. હમણાં મંદિર છે ત્યાં ઓરડો હતો તેની દક્ષિણાદિ ઓસરીયે સવારમાં પોતે વિરાજ્યા ને કહ્યું જે, ‘આજથી સર્વે સાધુ હાથે લોટ દળીને રોટલા કરો.’ એમ કહીને લાડુંબાને ત્યાંથી ઘંટી મંગાવીને તૈયાર કરાવીને પોતે બોલ્યા જે, ‘‘જેને દળતા આવડતું હોય તે ઉઠો.’’ ત્યારે કોઈ ઉઠ્યું નહિ. ત્યારે પોતે ઉઠીને દળવા બેઠા ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ કહ્યું જે, ‘‘મુને દળતા આવડે છે.’’ એમ કહીને મહારાજને ઉઠાડ્યા ને પોતે દળવા બેઠા ને પ્રભાતિયાં બોલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, ‘આ તો સરોદા કરતા પણ સારા લાગે છે.’ એમ દળવાની આજ્ઞા કરીને પોતે ઉતારે ગયા. પછી નિત્યવિધિ કરીને જમવા ગયા ત્યારે નિત્યાનંદસ્વામી ભગવદ્ગીતાની પ્રાકૃત ટીકા કરીને મહારાજની આગળ પોથી મેલી. ત્યારે પોતે રાજી થયા ને તેમને તથા શુકમુનિને થાળ આપ્યો ને પોતે પોઢવા પધાર્યા.

સાંજને સમે નાજે જોગીયે આવીને કહ્યું જે, ‘એક ભારે મોરલીનો વજૈયો છે તે તમારી મરજી હોય તો બોલાવું. ત્યારે પોતે કહ્યું જે, ‘બોલાવો.’ પછી પોતે ગંગાજળીયા કૂવા પાસે જઈને બેઠા ને ત્યાં ભીડ થઈ ત્યારે ઉઠીને સજ્યાથી આથમણીકોરે ઘોડાશાળની ઓસરીએ આવીને બેઠા. પછી વાદીએ મોરલી લગાડવા માંડી ત્યારે મુક્તાનંદસ્વામી, પ્રેમાનંદસ્વામી યોગાનંદસ્વામીને કહ્યું

જે, "તમે સરોદા, દુકડ મંગાવો ને તે ભેળા ચાલ વગાડો." ત્યારે તેમણે ચાલ વગાડવા માંડી. ત્યારે શિવાનંદસ્વામીએ ભૂમાનંદસ્વામીના હાથમાંથી મંજીરા લઈને વગાડવા માંડ્યા પણ ભેળા ભળ્યા નહિ. ત્યારે મહારાજે કહ્યું જે, "તમને નથી આવડતું. તેમને વગાડવા દ્યો." પછી તેણે ઘણીવાર મોરલી વગાડી ત્યારે પોતે બોલ્યા જે, "શ્રીકૃષ્ણ ભગવાને રાસ ક્રીડા કરી ત્યારે આવી મોરલી વજાડીતી." ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "ઠાકોરજીને વાંસળી કેમ ધરાવે છે?" ત્યારે મહારાજે કહ્યું જે, "એ તો શોભે નહિ વાસ્તે વાંસળી ધરાવે છે ને આડે દહાડે વાંસળી વજાડતા ને રાસને દિન મોરલી વજાડીતી પછી તે મોરલી વાળા ઉપર રાજી થઈને કહ્યું જે એને કાંઈ આપજો." એમ કહી પોતે પોઢવા ગયા.

એક દિન મહારાજ આથમણી ઓસરીયે વિરાજ્યા હતા ને સંત ને હરિભક્તની સભા સન્મુખ થઈ હતી. તે સમે ગંગારામ મલ્લના ભત્રીજા વાલજી મલ્લ આવીને પગે લાગીને મજરો કરીને આગે ઉભા ને કહ્યું જે, 'તમારી મરજી હોય તો અમે રમીયે,' ત્યારે મહારાજે કહ્યું જે, 'તમારો જોડીયો નાનો છે તેને જાળવજો.' ત્યારે બે જણે મલ્લ વિદ્યા કરવા માંડી. ત્યારે મહારાજે કહ્યું જે, "તમને હું દાવપેચ શિખવું." એમ કહીને પોતે ઉભા થઈને ખંભો થાબડ્યો ત્યોરે સર્વે હરિભક્ત હસ્યા ને પોતે તે સંગાથે કુસ્તી કરવા માંડ્યા. ને કોઈ મલ્લ જાણે નહિ એવા દાવપેચ શિખવ્યા ત્યારે વાલજીએ કહ્યું જે, "આવા દાવપેચ તો ગંગારામભાઈને નથી આવડતા." એમ કહીને પગે લાગ્યા. પછી પોતે રાજી થઈ તેને ભારે સરપાવ કરીને જમવા પધાર્યા. સાંજને સમે ઉગમણી ઓસરીયે વિરાજમાન થયા ને સર્વે સંત હરિભક્ત સન્મુખ આવીને બેઠા. તે સમે હસનભાઈનો નાનોભાઈ મુગો આવ્યો. તેને જોઈને સોમલોખાચર બોલ્યા જે, "મુગાને લાકડી રમ્યાનું બહુમાન છે" ત્યારે પોતે મુગાને બોલાવીને કહ્યું જે, "આપણે લાકડીયે રમશું." ત્યારે તેણે કહ્યું જે, "તમને લાકડી વાગે તો મુને પાપ લાગે." ત્યારે મહારાજે તેને કહ્યું જે, "તે ગુનો માફ છે." એમ કહીને લાકડીઓ મંગાવીને પોતે કેડ બાંધીને તેની સાથે રમવા માંડ્યા તે દક્ષિણાદિ ઓસરીમાં રમતા રમતા નાગમાલાના ઓરડા સુધી ગયા ને ત્યાંથી

રમતા રમતા દક્ષિણાદિ ખૂણે આવ્યા. પછી પોતે મુગાને લાકડીઓ મારવા માંડી તે પગમાં, માથામાં, હાથમાં, છાતીમાં ગોદા મારે પણ એનાથી એકેય લાકડી ઝીલાણી નહિ. ત્યારે આસનથી ઉતરીને લીંબડા તળે જાઈને ઉભો. ત્યારે મહારાજે તેને સાને કરીને બોલાવ્યો ત્યારે પોતે તેને હાર આપ્યો. એવી રીતે લીલા કરી તેને જોઈને સર્વે સંત હરિભક્ત રાજી થયા.

એક દિવસ એ જ ઓસરીયે પોતે વિરાજ્યાતા ને ભુજનગરથી બાર મલ્લો આવ્યાને મહારાજને પગે લાગીને ખભ્ભાના તાલ વજાડીને કહ્યું આપની મરજી હોય તો અમે રમીયે. ત્યારે પોતે કહ્યું જે, ''રમો.'' ત્યારે તે રમવા માંડ્યા તે આહીંથી ગલોટા ખાતા ખાતા લાડુબાઈની ઓસરી સુધી ગયા ને ત્યાંથી મહારાજ પાસે આવ્યા. એમ ઘણીક પ્રકારની રમત કરી. તેમાં એક દૂબળો મલ્લ હતો તેને જબરો હતો તે પાડીને ઉપર ચડી બેઠો ત્યારે મહારાજે કહ્યું જે, ''મેલી દ્યો.'' ત્યારે દુર્બળમલ્લ બોલ્યો જે, ''મુને દૂધ નથી મળતું એને મળે છે.'' ત્યારે પોતે બોલ્યા જે, ''તમને એનાથી ઝાઝુ મળશે.'' એમ કહીને તેમને પ્રસાદી આપીને રાજી કર્યા અને પોતે જમીને સંતને લાડુ પિરસીને તૃપ્ત કર્યા ને પોતે પોઢવા ગયા.

એક દિવસ બ્રહ્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, ''ઝોળીના અન્ને કરીને જેટલા સંત જમી રહે તેટલા રાખો ને બીજાને ફરવા મેલો'' ત્યારે બ્રહ્મમુનિએ ભૂમાનંદસ્વામીને પવિત્રાનંદસ્વામી આદિ સંત સાતને કહ્યું જે, ''તમે કારીયાણીએ ભણવા જાઓ.'' ત્યારે એ સર્વે તૈયાર થઈને મહારાજ પાસે ગયા ત્યારે પોતે બોલ્યા જે સરખે સરખા છોકરા ભેળા થઈને ક્યાં જાઓ છો ? ત્યારે તેણે કહ્યું જે, 'અમને બ્રહ્માનંદસ્વામી કારીયાણી મેલે છે.' ત્યારે પોતે બોલ્યા જે, ''એમને બીજા કાઢવાના ન મળ્યા તે છોકરાને કાઢે છે.'' એમ કહીને કહ્યું જે, ''હું તમને ખાવાનું આપીશ. જશો નહિ.'' ત્યારે તે આસને ગયા ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, ''કેમ આવીને બેઠા ?'' ત્યારે તેમણે કહ્યું જે, ''અમને તો મહારાજે રાખ્યાનું કહ્યું જે અમે ખાવા આપીશું.'' ત્યારે સ્વામી રાજી થઈને બોલ્યા જે, ''સુખેથી રહો.''

એક દિન પોતે વાસુદેવના ઓરડામાં પોઢ્યા હતા. તે સમે વાણિયાનું હાટ બળવા માંડ્યું ત્યારે પોતે રતનજીએ કહ્યું જે, ''તમે વાંસે જુઓ. શાનું અજવાળું છે?'' ત્યારે તેમણે કહ્યું જે, ''એ તો વાણિયાનું હાટ બળે છે.'' ત્યારે મહારાજે ઉઠીને ચોકમાં જઈને કહ્યું જે, ''સંતને બોલાવો.'' ત્યારે મીયાજીએ સંતને કહ્યું જે, ''મહારાજના ઓરડાને વાંસે બળે છે. ત્યારે સંત ગંગાજળીયા કૂવામાંથી પાણી કાઢીને ઓલવવા માંડ્યા. ત્યારે એક બાઈ કહે જે, ''મારે પાણીયારે ગોળોભર્યો છે.'' ત્યારે પોતે ભૂમાનંદસ્વામી ને માયાતીતાનંદસ્વામી ને ગોળો ઉપાડવા મેલ્યા તે ઉપડ્યો નહિ. ત્યારે પોતે ઉપાડવા લાગ્યા. પછી ઓલવી રહ્યા ત્યારે નિત્યાનંદસ્વામીએ નિસરણી માંગી ત્યારે મહારાજે કહ્યું જે, ''ક્યાં થઈને ચડ્યા હતા ?'' ત્યારે તેમણે કહ્યું જે, 'મોતીયું ઝાલીને ચડ્યો તો.' ત્યારે પોતે હસીને કહ્યું જે, ''આ તો ભીષ્મ પિતા જેવા શૂરવીર છે.'' આ ભણનારા સંતને અમારાથી નોખા ન પાડવા. ત્યારે સ્વામીએ કહ્યું જે, 'બહુ સારુ મહારાજ. પછી પોઢવા ગયા' ને સંત સર્વે ઉતારે ગયા.

એક દિવસ પોતે દાદાખાચરના દરબારમાં વિરાજ્યા હતા. તે સમે સુરોખાચર ઘોડી લઈને મહારાજને પાસે આવ્યા ને કહ્યું જે, ''આ ઘોડી તમારે ચડવા લાયક છે વાસ્તે એને ફેરવીને પાંસરી કરો.'' ત્યારે પોતે ઘોડીએ ચડીને માર્ગે ચાલ્યા તે વોકળીયે જાઈને ત્યાંથી ઉગમણી હાંકી તે અડતાળાના આડા મારગ સુધી ગયા ને ત્યાંથી પાછી ઘોડી કરીને ઓકળીને કાંઠે આવ્યા ને બોલ્યા જે, ''અમે અમારો દયાળુ સ્વભાવ મેલીને હાંકી પણ ઘોડીએ સ્વભાવ મેલ્યો નહિ.'' ત્યારે સુરાખાચરે કહ્યું  જે, ''મનુષ્ય એક દિવસમાં સ્વભાવ મેલતા નથી તો આ તો ઘોડી છે.'' ત્યારે પોતે હસતા થકા દરબારમાં પધાર્યા. એમ ઘણાક દિવસ ફેરવીને પોતાની મરજી પ્રમાણે ચાલે એવી કરી. ત્યારે સુરોખાચર બીજો ઘોડો લઈને આવ્યા ને કહ્યું જે, ''આને ફેરવીને સારો કરો.'' ત્યારે પોતે લક્ષ્મીવાડીએ પધાર્યા ને ઝાંપા આગળ ઉભા રહીને રાઠોડીયે કહ્યું જે, 'મુને વાગે છે' ત્યારે પોતે લીલા વાંસની સોટી કપાવીને હાથમાં લઈને ઉભા તે જ્યારે ઉભો થાય ત્યારે તેને સોટી મારે. એમ કરીને તે ઘોડાનો સ્વભાવ મેલાવ્યો.

એક દિવસ લાડુબાની ઉગમણી ઓસરીયે જમવા બેઠા. ત્યારે ભાવનગરથી પાળા આવ્યા તેણે મહારાજને કહ્યું જે, 'વજેસિંઘ ઠાકોરે શિકાર કરવાને આ કૂતરો રાખ્યો તો તો તેણે જીવ માર્યા નહિ ને અભક્ષ પણ ખાય નહિ.' ત્યારે વજેસિંઘે કહ્યું જે, 'આ તો આપણા કામનો નહિ વાસ્તે દાદાખાચરને આપો.' એમ કહીને આહી મોકલ્યો. ત્યારે પોતે તે કૂતરા સામું જોઈને કહ્યું જે, "આ તો પૂર્વે ભારે યોગી હતો પણ એણે સંતનો અવગુણ લીધો તે પાપે એ કૂતરો થયો છે ને અભક્ષ નથી ખાતો ને જીવ મારતો નથી તે તપનું ફળ છે. એમ કહીને કહ્યું જે, 'એને લક્ષ્મીવાડીયે લઈ જાઓ.' પછી જમીને તે પાળાને થાળ આપ્યો ને પોતે અક્ષરઓરડીયે પધાર્યા.

એક દિન પોતે મોટીબાની ઉગમણી ઓસરીયે વિરાજમાન હતા ને તે સમે ભીમો ને ખેતો એ બે છોકરા આવ્યા. તેને મહારાજે પૂછ્યું જે ભીમા ! તું ચડીયાતો કે ખેતો ? ત્યારે તેણે કહ્યું જે, 'ખેતો ચડીયાતો.' ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'હે મહારાજ ! ગાંડા માણસને ભગવાન બોલાવે છે તેણે શા પુણ્ય કર્યા હશે?' ત્યારે મહારાજ બોલ્યા જે, "આ બેય ઝાડના દેહને તમોગુણી કર્મો કરીને પામ્યા હતા. તેમાં પૂર્વે કોઈક મોટા સંતના અનુગ્રહના પુણ્યથી અમે દેશમાંથી આવતા ઝાડીમાં તે બે ઝાડ તળે બેઠા તે અતિ શીતળ છાયા જોઈને અમે અતિ રાજી થયા ને એવો સંકલ્પ કર્યો જે આ બે વૃક્ષને સત્સંગમાં દેહ ધરાવીને મોક્ષ કરવો. તે પુણ્યે આહીં આવ્યા છે ને ઝાડના અંશથી તેમાં જડતા છે. એમ કહીને સર્વે સંતને કહ્યું જે, "એની ખાધા પીધાની ખબર રાખજો."

એક દિવસ શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં જાત માર્ગમાં રતો આવીને પગે લાગ્યો. ત્યારે આવો ભાઈબંધ ! એમ કહીને ખંભે હાથ નાંખીને દરબારમાં પધાર્યા ને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી પોતે ત્યાં રાત રહ્યા ને તે રતા ને કહ્યું જે, "બહાર જઈને જોઈ આવ કેટલી રાત ગઈ છે." ત્યારે તેણે કહ્યું જે, 'છ-સાત પહોર રાત ગઈ છે.' ત્યારે મહારાજે કહ્યું જે, "કેટલી રહી ?" ત્યારે રતે કહ્યું જે, "દશબાર પહોર રહી હશે." ત્યારે એક હરિભક્તે પૂછ્યું જે, "હે મહારાજ ! આણે પૂર્વે શું પુણ્ય કર્યા હશે જે આવા

ગાંડાને તમે બોલાવો છો? ત્યારે પોતે બોલ્યા જે, 'આ તો પૂર્વે બહુ બુદ્ધિવાન ને ધર્મવાળો રાજા હતો. તેણે બુદ્ધિના છકે કરીને ભોળા ઋષિ હતા તેની ઠેકડી કરી ત્યારે તે ઋષિએ શ્રાપ દીધો જે તું બુદ્ધિએ રહિત થઈ જા. ત્યારે તેણે ઋષિની પ્રાર્થના કરી ત્યારે તે ઋષિએ અનુગ્રહ કર્યો જે બીજે અવતારે ભગવાન તારા સખા થાશે.' તે વાસ્તે અમે એને બોલાવીએ છીએ. પછી મહારાજે રતાને પૂછ્યું જે, 'તુને રાત્રીમાં બીક લાગે ?' ત્યારે રતે કહ્યું જે, 'મુને તો બીક લાગે જ નહિ.' ત્યારે પોતે બોલ્યા જે, ''ખળખળીયાને પાસે ધુંકમાં પીપળો છે તેના પાંદડા લઈ આવ.'' ત્યારે રતે કહ્યું જે, 'માણકી ઘોડી આલો તો પાંદડા લઈ આવું.' ત્યારે મહારાજે કહ્યું જે, ''આપીશું.'' ત્યારે તે લેવા ગયો તે વાણિયાની પછી તે પીપળો હતો તેના પાંદડા લઈને આવ્યો. ત્યારે મહારાજે કહ્યું જે, ''આ તો ઘુનાના પીપળાના પાંદડા નથી બીજા છે.'' ત્યારે તેણે કહ્યું જે, 'તમને કોણે કહ્યું ?' ત્યારે પોતે બોલ્યા જે, ''અમે તો છેટે હોય તેને પ્રત્યક્ષની પેઠે દેખીએ છીએ.'' એમ રમુજ કરીને પોતે પોઢી રહ્યા ને સવાર થયું ત્યારે દાદાખાચરના દરબારમાં આવ્યા.

એક દિવસ જીવાખાચરે કહ્યું જે, 'આજ મારી રસોઈ છે વાસ્તે મારે ત્યાં પધારો. ત્યારે પોતે ત્યાં પધાર્યા ને ઉગમણા બારની ઓસરીયે વિરાજ્યા. પોતે સંતને મોતિયા લાડુ પિરસ્યા ને દૂધને સાકર જમાડીને સંતને તૃપ્ત કર્યા. બીજે દિવસ અમુલાબાઈએ રસોઈ કરાવી ત્યારે તેમની ઓસરીયે પોતે વિરાજ્યા ને બ્રહ્મચારી થાળ લઈને આવ્યા. જેને પોતે જમ્યા ને પછી સંતને જલેબી પિરસીને તૃપ્ત કર્યા. બીજે દિવસ અમરબાઈની ઓસરીયે પોતે વિરાજ્યા ને પોતે થાળ જમીને સંતને મોતૈયા લાડુ ને સાટા ફેરવીને તૃપ્ત કર્યા ને પોતે દાદાખાચરના દરબારમાં પધાર્યા. બીજે દિને પોતે લાડુબાઈની આથમણી ઓસરીયે વિરાજ્યા ને અમુલાબાઈએ આવીને કહ્યું જે, 'મારા બાપને મંદવાડ ઘણો છે. ત્યારે પોતે જીવાખાચરને માંદા જાણીને તેમને જોવા પધાર્યા ને ઉગમણાબારના ઓરડાને વિષે વિરાજમાન થયા. પછી જીવાખાચર હાથ જોડીને પગે લાગ્યા ત્યારે પોતે બોલ્યા જે, 'જીવાખાચર ! ભગવાનની મૂર્તિને વિષે ચિત્તની વૃત્તિ રાખજો.' એમ કહીને પાછા દાદાખાચરના દરબારમાં લાડુબાઈની આથમણી ઓસરીયે

ઢોલિયા ઉપર વિરાજમાન થયા. તે સમે કારીયાણીથી વસ્તાખાચર આવીને પગે લાગ્યા ને કહ્યું જે, ‘‘મારા દીકરાનો વિવાહ છે તે તમે ત્યાં પધારો.’’ ત્યારે કાંઈ બોલ્યા નહિ,ત્યારે સુરોખાચર બોલ્યા જે, ‘મહારાજ ! તમે પધારો ત્યારે વિવાહનું સુખ આવે. ત્યારે પોતે બોલ્યા જે, ‘‘આવશું.’’ એમ કહીને તેમના ભેળા સંત ને હરિભક્ત સહિત ચાલ્યા તે **ઝીંઝાવદર** થઈને **કારીયાણી**ને પાદર ગયા. ત્યારે વસ્તોખાચર, રાઘવપટેલ આદિ હરિભક્ત સામૈયું લઈને મહારાજને સન્મુખ આવીને આગળ હરિભક્ત કીર્તન ગાય ને વાંસે બાઈઓ કીર્તન ગાય ને ગુલાલ ઉડાડતા જાય ને ઢોલ, શરણાઈઓ વાગતી જાય ને સંત ઉત્સવ કરતા જાય. એવી શોભાએ જુક્ત પોતે વાસ્તાખાચરના દરબારમાં પધાર્યા ને ઉતરાદિ ઓસરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. બ્રહ્મચારી જમવાને બોલાવવા આવ્યા ત્યારે પોતે જમવા પધાર્યા ને જમીને સંતની ફળિયામાં પંક્તિ કરાવીને પોતે મોતૈયા લાડુ પિરસીને સારી પેઠે તૃપ્ત કર્યા.

સાંજે સાધુની જાયગાને વિષે સભા કરાવીને વિરાજમાન થયા તે સમે એક હરિભકતે મહારાજની આગળ કેરીઓ મેલી. તેને પોતે જમીને મુક્તાનંદસ્વામી ને નિત્યાનંદસ્વામી ને ચૈતન્યાનંદસ્વામી ને સુરોખાચર ને સોમલો ખાચર આદિ સર્વેને પ્રસાદી આપી. તે સમે જોતોખાચર આવીને પગે લાગ્યો ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘ઉતરી આપ તો કેરી આપીયે. ત્યારે તેણે કોટમાંથી કાઢીને ઉતરી આપી. ત્યારે પોતે કેરી આપીને બોલ્યા જે, ‘‘એણે મહિમા જાણીને ઉતરી આપી નથી. એને કેરી જેટલો ઉતરીનો મહિમા જાણ્યો નથી.’’ એમ કહીને પોતે વાર્તા કરવા માંડ્યા જે, ‘‘ભગવાનને મૂકીને બીજા દેવની ઉપાસના કરે છે તે કેવા છે તો ચિંતામણિ આપીને ગાજરા લીધા તેવા છે. એ પ્રકારની ઘણીક વાર્તા કરી. તે સમે ભૂમાનંદસ્વામીને પગેવીંછી કરડ્યો ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘એને સાકર ને ઘી ખવડાવો.’’ ત્યારે બ્રહ્મચારીએ ઘી ને સાકર મહારાજના હાથમાં આપી. ત્યારે પ્રસાદી કરીને ભૂમાનંદસ્વામીને આપીને સાધુ ઉપર પોતાને દયા આવી તે તરત વીંછીની વેદના મટી ગઈ. પછી પોતે આરતી ધૂન્ય કરીને પોઢવા લાગ્યા.

બીજે દિવસ સાધુની જાયગામાં વતુ કરાવીને મંદિરના કૂવા ઉપર ન્હાવા બેઠા તે ઉના પાણીનો ચરુ અનોપમાનંદસ્વામી ઉપાડીને કુંડીમાં રેડવા ગયા પણ ઉપડ્યો નહિ ત્યારે પોતે બોલ્યા જે, ''આ સાધુ ભોળા છે'' ત્યારે પવિત્રાનંદસ્વામી ને મોટા પ્રજ્ઞાનંદસ્વામીએ ચરુ ઉપાડીને કુંડીમાં રેડ્યો. પછી શૂન્યાતીતાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામીએ સર્વેએ મહારાજને ચોળીને નવડાવ્યા ને કોરા વસ્ત્ર પહેરીને પોતે જમવા પધાર્યા. જમીને સંતની જાયગામાં મોતૈયા લાડુ ને જલેબી પિરસીને સંતને જમાડીને તૃપ્ત કરીને પોતે સંતની જગ્યામાં ઉગમણાબારના ઓરડામાં પોઢી ગયા. સાંજને સમે સભા થઈ ત્યારે સર્વે હરિભક્તે મહારાજની પૂજા કરીને પછી પોતે **ગઢડે** પધાર્યા ને લાડુબાઈના ઓરડાની આથમણી ઓસરીયે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. હસન કોઠારી મુંબઈથી મોતીની માળાઓ ને બાજુબંધ, ગજરા ને તોરા લઈને મહારજની પૂજા કરવા આવ્યા તે ભાલને વિષે કેસર ચંદનની અર્ચા કરીને તે મધ્યે મીનાકારી ચાંદલો ચોડ્યો ત્યારે બીજા સર્વે હરિજન હસ્યા. ત્યારે કેડે મોતીની માળાઓને તોરા, બાજુબંધ, ગજરા ધરાવ્યા. તે સમાની મૂર્તની શોભા જોઈને સર્વે સંતને હરિભક્ત ઘણા રાજી થયા ને પોતે એવી શોભાએ જુક્ત થકા જમવા પધાર્યા ને મોતીની માળા, બાજુબંધ આદિ સર્વે દાદાખાચરને આલ્યા ને ભાલને વિષે ચાંદલો હતો તેને તેમની સ્ત્રી જે જસુબાઈ તેને આપ્યો. પછી પોતે જમીને સંતને પિરસીને તૃપ્ત કરીને ઉતારે પધાર્યા.

પછી મૂર્તિઓનું ગાડુ વેચાવવા આવ્યું તેમાંથી પોતે ઘણી પ્રકારની મૂર્તિઓ પાષાણની લીધી. ત્યારે નિત્યાનંદસ્વામીએ પૂછ્યું જે, ''આટલી મૂર્તિઓ ક્યાં પધરાવશો?'' ત્યારે મહારાજે કહ્યું જે, ''બે આચાર્યને વહેંચી આપીશું.'' તે બેયના દેશમાં પધરાવશું. એમ કહીને અક્ષરઓરડીથી આથમણી મેડીએ મૂર્તિઓ પોતે મેલાવીને જ્યારે ત્યાં જમવા જાય ત્યારે તે મૂર્તિઓને પોતે હાથ ફેરવીને કહે જે આ મૂર્તિઓ વડે અનેક જીવના કલ્યાણ કરવા છે. એમ કહીને સભામાં પધારે. તેવામાં જુનેગઢથી બ્રહ્માનંદસ્વામીનો કાગળ આવ્યો ત્યારે પોતે મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી ને મહાનુભાવાનંદસ્વામી આદિ મોટેરા સંત તથા વેદના ભણેલા ને શાસ્ત્રી પુરાણી સર્વેને ભેળા લઈને ચાલ્યા તે ગામ

**વાંકીયે** ગયા ને ત્યાંથી **પીપળીયે** બપોરા કરીને **સુલતાનપુર** રાત રહ્યા ને ત્યાંથી જુનેગઢ પધાર્યા. ત્યાં સારું મુહૂર્ત જોઈને વેદોક્તવિધિએ કરીને મધ્યના મંદિરમાં રણછોડ ત્રિકમની મૂર્તિઓને ઉગમણા મંદિરમાં રાધારમણદેવને આથમણા મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવ એ રીતે ત્રણેય દેરામાં મૂર્તિઓ પધરાવી. બ્રાહ્મણોને જમાડીને ઘણીક પ્રકારની દક્ષિણાઓ આપીને વેદીયા ને શાસ્ત્રી પુરાણીઓને સોનારૂપાના દાન આપીને સર્વે આનંદ ઉત્સવ કરીને ચાલ્યા તે **જેતપુર** આવ્યા ને ત્યાંથી **ગોંડલ** આવ્યા. ત્યાંના રાજાએ ચતુરંગની સેના લઈને ગાજતે વાજતે પોતાના દરબારમાં પધરાવ્યા ને સંતને પાળા ને પાર્ષદે સહિત મહારાજને જમાડીને વસ્ત્ર અલંકારે કરીને પૂજા કરીને પ્રાર્થના કરીને કહ્યું જે, ''જેવું જુનેગઢ મંદિર કર્યું તેવું આહીં મંદિર કરાવીને મૂર્તિઓ પધરાવો.'' પછી પોતે ગુણાતીતાનંદસ્વામીને કહ્યું જે, 'મંદિર તમે કરાવો ને તૈયાર થશે ત્યારે અમે મૂર્તિઓ પધરાવશું.' એમ પોતે ભક્તજનને રાજી કરીને ચાલ્યા તે કોટડે થઈને **વાંકીયે** થઈને **ગઢડે** પધાર્યા.

તે સમે ઘોલેરેથી પૂંજાભાઈનો કાગળ આવ્યો જે મંદિરમાં ચોરની બીક લાગે છે વાસ્તે પાળા મોકલજો. ત્યારે મહારાજ બોલ્યા જે, ''આપણા ભણનારા સંતને મોકલો તે રાતે ભણ્યા કરશે.'' ત્યારે ત્રિગુણાતીતાનંદસ્વામી ને પવિત્રાનંદસ્વામી આદિક ભણનારાને મોકલ્યા. પછી પોતે ગોપીનાથજીના મંદિરનો પાયો ખોદાવવા માંડ્યા તે બે વિભાગ કર્યા. તેમાં એક કોરે મોટા પ્રજ્ઞાનંદસ્વામીને એક કોરે સવિત્રાનંદસ્વામી એ બેને મોટેરા કર્યા ને પોતે ઉપર બેસીને ખોદાવવા માંડ્યા. પછી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ''ખરેખરો પાયો ખોદે એવા છે તેને તો ધોલેરે મોકલ્યા છે તે સર્વે આવે તો તરત પાયો ખોદાય.'' ત્યારે પોતે તેમને કાગળ લખીને તેડાવ્યા. ત્યારે સંત ચાલવાને તૈયાર થયા ત્યારે એક જીવણ નામે વાણિયો તેણે ભૂમાનંદસ્વામીને કહ્યું જે, 'મહારાજ સારુ તમે જે કહો તે હું લાવી આપું.'' ત્યારે તેમણે કહ્યું જે, 'સારો મુખવાસ કરીને લાવો.' ત્યારે તેણે એલચી, તજ, લવીંગ, જાંવત્રી તે સર્વેની કોથળીઓ ભરીને આપી. તેને લઈને ત્યાંથી ભણનારા સર્વે ચાલ્યા તે ગઢડામાં મંદિરનો પાયો ખોદાતો હતો ત્યાં મહારાજ ઢોલિયા ઉપર વિરાજમાન હતા ત્યાં આવીને

પગે લાગ્યા. ત્યારે પોતે ઉભા થઈને મળ્યા ને કહ્યું જે, 'તમે આવ્યા તે બહુ સારું કર્યું.' પછી ભૂમાનંદસ્વામીએ મુખવાસ આગળ મેલ્યો ત્યારે પોતે જોઈને બહુ રાજી થયા ને બ્રહ્મચારીને કહ્યું જે, "જમીએ ત્યારે નિત્ય આપજો."

પછી પોતે નિત્ય ઘેલે ન્હાવા જાય તે નાહીને એક પથ્થરો પોતે માથે લઈને સર્વે સંતને આજ્ઞા કરી જે જ્યારે ન્હાવા જાવો ત્યારે એક પથ્થર લાવવો. એમ પથ્થરા મંગાવીને પાયો પૂરાવવા માંડ્યો. એક દિવસ નિષ્કુળાનંદસ્વામીને કહ્યું જે, "તમે સાલેમાળમાં જોઈ આવો ધોળો પથ્થર ક્યાંય છે ?" ત્યારે તેમણે ડુંગરમાં જાઈને ખોળી કાઢીને મહારાજને કહ્યું જે, 'પથ્થર તો બહુ સારો નીકળશે.' ત્યારે પોતે સર્વે સંતને તેડીને ખાણ સમી કરવા ગયા તે ઘણીવાર ત્યાં રહીને સમી કરાવી. પછી રામપરાનો ભાણખાચર આવ્યો હતો તેનો ભાવ ભૂંડો જોઈને પોતે ચાલી નિસર્યા. માર્ગમાં આવતા પોતે બહુવાર સુધી ઘોડી ફેરવીને ગઢડે આવ્યા ને સર્વે પાળાને બોલાવીને કહ્યું જે, "બંદૂકો બાંધીને પાંચ જણ ડુંગર ઉપર બેસજો ને બીજા પથ્થરા કાઢજો." એમ કહીને નિત્ય સંતને પાળાને પોતે પથ્થરા કાઢવા મેલે તે સાંજે આવે ત્યારે સંત ને પાળાને પોતે છાતીમાં ચરણારવિંદ આપે ને નિત્ય જમીને થાળ આપે. એવી રીતે પોતે ગોપીનાથજીના મંદિરનાં પથ્થરા કઢાવ્યા.

એક દિવસ પથ્થરનાં ગાડા ભરવા સારું સંતને મેલ્યા તે ગાડા ઝાઝા આવ્યા તે ભરતા વાર લાગીને થાક પણ બહુ લાગ્યો. તે સર્વે મહારાજ પાસે આવ્યા તે સમે પોતે મંદિરની સમીપે બ્રહ્મચારીના રસોડાની ઓસરીયે વિરાજ્યાતા ને બ્રહ્મચારીએ પાણી લાવીને પાયું. ત્યારે પોતે પી ને સંતને પ્રસાદી આપી. ત્યારે સંતે કહ્યું જે, "તરસ તો બહુ લાગી છે." ત્યારે મહારાજે ટાઢા પાણીની માટલી મંગાવીને માંહી પ્રસાદીનું જળ નાંખીને સર્વે સંતને પાયુ ને પછી ફળિયામાં બેસારીને સંતને લાડુ જમાડ્યા.

એક દિવસ ઘેલાને સામે કાંઠે પથ્થર ભાંગતા હતા તેને બ્રહ્મચારીએ જઈને મહારાજને કહ્યું જે, 'સંતે કાળો પથ્થર ભાંગીને મોટો ઢગલો કર્યો છે.' ત્યારે પોતે બોલ્યા જે, "એ સંતને બોલાવો. જમીને થાળ આપીયે." એમ કહીને રસોયાને કહ્યું જે, 'ઘઉંના રોટલા ને ઘી, ગોળ તૈયાર કરો.' ત્યારે તે

સમે સંત આવીને પગે લાગીને બેઠા ત્યારે પોતાના થાળની પ્રસાદી ને ગોળ, ઘી ને રોટલો જમાડીને તૃપ્ત કર્યા.

એક દિન પોતે અક્ષરઓરડીમાં વિરાજ્યા હતા ને તે સમે એક બાઈ ગરીબ હરિભક્ત તેણે વગડેથી કપાસ વીણીને પોતે હાથે કાતીને તેની રાતા છેડાની પછેડી વણાવી તે મહારાજને ઓઢાડીને તેને પોતે રાત દિવસ વેગળી મેલે નહિ. એમ છ મહિના સુધી પાસે રાખી. ત્યારે નિત્યાનંદસ્વામીએ મહિમા જાણીને લેવાનો ઉપાય કર્યો તે સારી પછેડી કરાવીને શૂન્યાતીતાનંદસ્વામીને કહ્યું જે, ''હું કથા કરવા જાઉં ત્યારે લાવજો.'' એમ કહીને ત્યાં જઈને પછેડી મંગાવીને મહારાજને ઓઢાડી. ત્યારે પોતે પાસેની પછેડીને ઢીંચણ તળે દબાવીને હરે કહીને કથા ચાલતી કરાવી પણ ન આપી. પછી ચોફાળ કરાવીને ઓઢાડ્યો તોય પછેડી ન આપી. ત્યારે મહારાજ ઘેલા કાંઠે બેઠા હતા તે સુરાખાચર, સોમલોખાચર ને દાદોખાચર તે પાસે બેઠા હતા તેમને નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'તમે મહારાજને કહીને આ પછેડી અપાવો.' ત્યારે સુરાખાચરે મહારાજને કહ્યું જે, 'આ પછેડી નિત્યાનંદસ્વામીને આપો.' ત્યારે પોતે બોલ્યા જે. ''આ તો અમારે કોઈને આપવી નથી.'' ત્યારે સુરોખાચર બોલ્યા જે હજારો રૂપિયાનાં વસ્ત્રો આપી દો છો ને આ પછેડીની શી ગણતી ? ત્યારે પોતે કહ્યું જે ગરીબ ડોશીએ હાથે સુતાર કાતીને ઘણે દાખડે કરી કરાવી છે વાસ્તે ફાટે ત્યાં સુધી રાખવી હતી પણ સર્વેની મરજી થઈને નિત્યાનંદસ્વામીએ પણ લેવા સારુ દાખડો બહુ કર્યો વાસ્તે આપીએ છીએ. એમ કહીને માથે પોતે એક પથરો લીધો. ત્યારે સર્વે સંત હરિજને પણ એક એક પથરો લીધો. એવી શોભાએ જુક્ત થકા પોતે મંદિરમાં પધાર્યા.

એક દિવસ મધ્યાહ્ન સમે સંત જમવા બેઠા હતા. તે સમે ભારે વરસાદ થયો ત્યારે પોતે હાથમાં રાત્રી છત્રી ધારણ કરીને સંતની જાયગામાં આવીને કહ્યું જે, ''શું જમ્યા કરો છો ?'' પાયામાં પાણી પેસી ગયું તે ઉઠીને ત્યાં જઈને પાણી બંધ કરો ને મહારાજે ચરણ વડે કરીને બંધ કરવા માંડ્યું તે વખત સૂર્ય વાદળામાંથી બહાર નિસર્યા તે છત્રી ઉપર કિરણ પડી ત્યારે તે સમે મહારાજની મૂર્તિની ગુલાબના ફૂલ જેવી શોભા આવતી હવી. પછી બ્રહ્મમુનિ બોલ્યા જે,

'સંત સર્વે ગારાળા થયા છે ને ઘેલામાં પાણી ઘણું સારુ છે વાસ્તે ન્હાવા પધારો તો સારુ.' ત્યારે પોતે ન્હાવા ચાલ્યા તે ખળખળીયામાં પાણી ઘણું હતું તેથી ઉતરાદિ તરફ ન્હાવા માંડ્યા તે ઉપરવાસ જઈને પોતે શરીર તણાતું મેલે તે કોઈક ફેરે બ્રહ્માનંદસ્વામી પાસે આવે ત્યારે બેઠા થાય ને કોઈ ફેરે નિત્યાનંદસ્વામી પાસે આવીને બેઠા થાય. પછી મહારાજે કહ્યું જે, "કીર્તન ગાવો." ત્યારે 'ચાલો સૈયરો જઈએ જમુના કાંઠડે' એ કીર્તન સંત તાળી દઈને ગાવા માંડ્યા. ત્યારે પોતે પણ તાલી દઈને ગાવા લાગ્યા ને શુકસ્વામીને ટાઢ ચડી ત્યારે પોતે બોલ્યા જે, "સારી પેઠે મૂંઝવણ થાય ત્યાં સુધી પાણીમાં ડૂબકી મારો તો ટાઢ ઉડી જાય." એમ લીલા કરતા હતા તેવામાં વોંકળીયે પૂર આવ્યું ત્યારે અચલાનંદસ્વામીએ કહ્યું જે, 'વોંકળીનું પાણી ફરી વળ્યું તે ઉતરાશે નહિ.' ત્યારે પોતે સામે પાણીએ ચાલ્યા. ત્યારે દામોદરાનંદસ્વામીએ મહારાજનો હાથ ઝાલ્યો ને ઉંડું પાણી આવ્યું ત્યારે તેમને મેલી દઈને પોતે એકલા ચાલ્યા તે ગઢાળીના ગાડા માર્ગે થઈને સામે કાંઠે ગયા ને ચાખડી પહેરીને પોતે દોડ્યા તે ભાવસારની લીંબડીઓ આગળ દરવાજા સામા ઉતરવા ગયા ત્યારે પવિત્રાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી એ આગળ ચાલ્યા તે ઓચિંતો ખાડો આવ્યો તે ભૂમાનંદસ્વામી પડ્યા. ત્યારે મહારાજે કહ્યું જે, "એને ઝાલો બૂડી જાશે." ત્યારે પવિત્રાનંદસ્વામીએ કહ્યું જે, "એમને તરતા આવડે છે તે નહિ બૂડે" પછી પોતે સર્વે સંતને તરવા શિખવાની આજ્ઞા કરીને કહ્યું જે, "સિતારામને તરતા કોણ શીખવશે?" ત્યારે નાજે જોગીયે કહ્યું જે, "હું શિખવીશ." પછી પોતે દરબારમાં પધાર્યા ને મારગમાં પાણીના છાંટા ઉડ્યા તે ગંગાજળીયે કૂવે જઈને ન્હાયા ને પછી સભામાં પધાર્યા.

એક દિવસ પોતે અક્ષર ઓરડીયે વિરાજમાન હતા ને પોતે નિત્યાનંદસ્વામીને કહ્યું જે અમારા સારુ એક પંચરત્નો સારો ગુટકો લખાવો ને સારા માથા બંધાવી (બુક બાઈન્ડીંગ) ને સારા લહિયા પાસે લખાવો. ત્યારે વૈષ્ણવનાનંદસ્વામીએ કહ્યું જે, ભૂમાનંદસ્વામીને માથા બાંધતા સારા આવડે છે પણ ભણનારાને તમે કામ બતાવવાની ના કહી છે તેનું કેમ ? ત્યારે મહારાજે કહ્યું જે, "ના તો બીજા કામની પાડી છે પણ અમારા કામની કે'દિ ના પાડી છે

?'' ત્યારે નિત્યાનંદસ્વામી કહ્યું જે, ''મહારાજના ઉપયોગમાં આવે એ જ શિખ્યાનું ફળ છે.'' ત્યારે પોતે પોઢી ગયા ને સંત ઉતારે આવ્યા. બીજે દિવસે મહારાજે ભણનારાને કહ્યું જે, ''તમે કારીયાણી, બોટાદ ને સુંદરીયાણે ભણવા જાવો.'' ત્યારે તે ભણવા ગયા ને ભૂમાનંદસ્વામીને માથુ બાંધવા રાખ્યા. થોડાક માથા બાંધીને મહારાજ પાસે લઈ ગયા ને હાથમાં આપ્યા ત્યારે પોતે જોઈને બહુ રાજી થયા ને કહ્યું જે, ''છોકરાને માથા બાંધતા સારા આવડે છે.'' પછી તેમણે કહ્યું જે, ''તમારી દયાથી આવડે છે.'' પછી પોતે બ્રહ્મચારીને કહ્યું જે, ''આ છોકરાને માથા બાંધે ત્યાં સુધી થાળ આપજો.'' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, ''બ્રહ્મચારી તો એક દિવસ આપશે ને બીજે દિવસે ભૂલી જાશે.'' ત્યારે પોતે બોલ્યા જે, ''છોકરા ! અમે જમવા બેસીયે ત્યારે તું આવજે અમે આપીશું.'' એમ કહીને નિત્યે એક મોટો કટોરો ભરીને એક મહિના સુધી પ્રસાદી આપી ને વેદાંતાનંદસ્વામીએ ગુટકો લખીને પૂરો કર્યો ને આધારાનંદસ્વામીએ બાંધીને તૈયાર કર્યો. પછી ત્રણેય જણા મહારાજ પાસે લઈને ગયા ત્યારે પોતે ગુટકાને જોઈને બહુ ખુશી થયા. તે સમે બ્રહ્મચારી જમવા સારુ બોલાવવા આવ્યા તે સમે ત્યાંથી આથમણી મેડીએ જમવા બેઠા. ત્યારે બ્રહ્મચારીએ રસોઈયાને કહ્યું જે, 'આજ લહિયા ઉપર રાજી થયા છે તે બધી પ્રસાદી એમને આપશે વાસ્તે થોડુક રાખીને થાળ પૂરો.' એમ કહીને થાળ લઈને મહારાજ પાસે મેલ્યો ત્યારે પોતે જમતા હસીને બોલ્યા જે બિરંજ ને પૂરી હોય તો લાવો. ત્યારે બ્રહ્મચારીએ વેંતે રખાવ્યું હતું તે લઈને આવ્યા ને પોતે જમીને થાળ વાળા સારુ થાળી ભરીને આપીને બીજી પ્રસાદી ગુટકાવાળા સંતને આપી. તેમાંથી બ્રહ્મચારીયે એક બાચકો ભરીને પૂરીઓ લીધી ત્યારે પોતે થાળે આપી હતી તે સાધુના થાળમાં ઠાલવી નાંખી. પછી સંત ઉતારે લઈ ગયા ત્યારે બ્રહ્મચારીએ મુક્તાનંદસ્વામીને કહ્યું જે, ''બધી પ્રસાદી આ લઈ આવ્યા ત્યારે હું થાળવાળાને શું આલુ ?'' ત્યારે સ્વામીએ તે સંતને કહ્યું જે, ''બ્રહ્મચારી જેટલી પ્રસાદી માંગે તેટલી આપો.'' તમને કાલે બમણી આપશે. એમ કહીને તે લઈ ગયા ને બીજે દિવસે બમણી પ્રસાદી સંતને આપી.

**(ઈતિ ચોર્યાશીની લીલા સંપૂર્ણ)**

પછી મહારાજ માહેલીકોર ઓરડીમાં પોઢ્યા હતા ત્યાંથી ઉઠીને સભાને વિષે વિરાજમાન થયા. ત્યારે દાદાખાચરે શ્રીજીમહારાજને કહ્યું કે જે, 'અષ્ટમીનો સમૈયો ઢૂકડો આવ્યો' ત્યારે પોતે સર્વે સંતને બોલાવ્યા ને તે સ્વયંપ્રકાશસ્વામી, મોટા આત્માનંદસ્વામી, ભજનાનંદસ્વામી આદિ સર્વે સંતના મંડળ આવ્યા. તેમને પોતે ઉભા થઈને મળ્યા ને જમીને થાળ આપી પછી સંવત ૧૮૮૫ની અષ્ટમીને દિવસ શ્રીજીમહારાજ ઉગમણાબારની ઓસરીયે ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમે કાઠિયાવાડના ને ગુજરાતના હરિભક્ત આવ્યા તે સર્વે મહારાજને ભેટ મેલીને પગે લાગ્યા ત્યારે પોતે દાદાખાચરને કહ્યું જે, "સર્વે હરિભક્તને ઉતારા કરાવો." ત્યારે જેને જ્યાં ઘટે તેને તે ઠેકાણે ઉતારા કરાવ્યા. પછી દરબારમાં ભીડ થઈ ત્યારે પોતે ભારે વસ્ત્ર પહેરીને ઘોડીયે અસવાર થઈને સંત, પાળા, અસવાર તેણે સહિત પોતે ઘેલામાં પધાર્યા ને કહ્યું જે, "સર્વે હરિભક્ત એકુકો પથરો લેજો." એમ કહીને પોતે એક પથરો માથે લીધો. એવામાં એક હરિભક્તે હાર પધરાવ્યા. એવી શોભાએ જુક્ત પોતે દરબારમાં પધાર્યા ને સાંજે સંત પાસે ઝિલણિયા કીર્તન ગવરાવ્યા ને પોતે ભેળા તાળી પાડીને ગાવા લાગ્યા. એમ પોતે આરતી-ધૂન્ય કરીને નિત્યાનંદસ્વામી પાસે શ્રીકૃષ્ણના જન્મ સમયની કથા કરાવી. એમ કરતા અડધી રાત ગઈ ત્યારે પોતે પોઢવા ગયા ને સંત હરિભક્ત સર્વે ઉતારે ગયા.

નવમીને દિવસ પોતે આવીને ઓસરીયે વિરાજ્યા ને સંત હરિજન સન્મુખ આવીને બેઠા ને બ્રહ્મચારીએ કહ્યું જે, 'સંતની રસોઈ થઈ છે તે જમવા પધારો.' પછી પોતે જમી રહ્યા ત્યારે દાદાખાચરે ચંદનપુષ્પ વાતે કરીને પૂજા કરી. એવી શોભાએ જુક્ત પોતે સંતને પિરસીને મોતૈયા લાડુ ને જલેબી જમાડીને તૃપ્ત કરીને અક્ષરઓરડીયે પોઢવા ગયા. એમ નિત્ય નવીને નવી રસોઈઓ કરાવીને સંતને જમાડ્યા ને બહુ દિન પોતા પાસે રાખ્યા. પછી જળઝીલણીનો સમૈયો આવ્યો ત્યારે પોતે ભારે ભારે વસ્ત્ર પહેરીને ઠાકોરજીને ઝીલાવવા નીકળ્યા તે આગળ સંત ઉત્સવ કરે ને નાના પ્રકારના વાજા વાગે. હજારો હરિભક્ત ને સંતમંડળ સહિત ઉગમણે ખળખળીયે પધાર્યાને ત્યાં ઠાકોરજીને ઝીલાવ્યા ને ગણપતિને પાણીમાં પધરાવ્યા કેડે ભારે વરસાદ થયો. પછી પોતે પગ પાળા

દોડ્યા તે ઘેલાને કાંઠે ઉગમણી વોંકળી ફરીને વાવને મારગે આવીને બેઠા ને બોલ્યા જે અમારા પગમાં કાંટા વાગ્યા છે તે જેની આંખમાં તેજ હોય તે જુવો. ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, 'આહીં કાંટો વાગીને નીકળી ગયો છે' ને કપિલેશ્વરાનંદસ્વામી ને શૂન્યતીતાનંદસ્વામીએ કહ્યું જે, 'આહીં કાંકરો ખૂંત્યો છે.' પછી પોતે ઘોડીયે ચડીને દરબારમાં પધાર્યા ને મુક્તાનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી આદિ ગવૈયા સંત પાસે વાજા વજાડીને કીર્તન ગવડાવ્યા ને આરતી ધૂન્ય કરીને પોઢવા ગયા..

બારસને દિવસ પોતે ઓસરીયે આવીને વિરાજમાન થયા ત્યારે મોટીબાએ દાદાખાચર પાસે કહેવરાવ્યું જે રસોઈ તૈયાર થઈ છે. ત્યારે પોતે જમવા પધાર્યા તે જમીને સંતને પિરસીને તૃપ્ત કરીને ઉતારે પધાર્યા.તે સમે કોઈના કહ્યાથી ઠાકોરે મંદિરનું કામ બંધ રખાવ્યું ત્યારે માણસ મેલીને પોતે બોલ્યા જે ઠાકોરને ન ગમે ત્યારે આપણે કામ બંધ રાખો. એમ કહીને પોતે સંત સહિત વાવ સુધી જોઈને પાછા દરબારમાં પધાર્યા ને નારાયણજીભાઈ પાસે ગોપીનાથજીની મૂર્તિનું પોતાના જેવું સ્વરૂપ કરાવ્યું ને વેદના ભણેલા શાસ્ત્રી, પુરાણી પાસે શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે પ્રતિષ્ઠા કરાવીને પધરાવ્યા તે સમે પોતે ભણનારા સંતને બોલાવીને મંદિર ઉપર પાટ નંખાવીને પોતે ધર્મદેવના મંદિર આગળ કોલીમાં વિરાજ્યા. ત્યારે દરબારના મનુષ્યે આવીને કહ્યું જે, 'તમને ના પાડી છે ને તમે કેમ કામ ચલાવો છો ?' ત્યારે મહારાજે કહેવરાવ્યું જે, "મંદિર ઉપર પાટ આડી અવડી પડી છે તે સમે કરાવીએ છીએ." ત્યાર પછી પોતે અમદાવાદ ને માર્ગે ચાલ્યા તે વોંકળી આગળ જઈને બેઠા ને ભગુજીને કહ્યું જે, 'તમે મંદિર સાચવવા રહેજો.' એમ કહીને કારીયાણી પધાર્યા. નિત્યાનંદસ્વામી કારીયાણી આવ્યા ત્યારે મહારાજ ગામમાંથી બહાર નિસર્યા ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'મહારાજને ઉભા રાખો.' ત્યારે ભૂમાનંદસ્વામી ને જીષ્ણુવાનંદસ્વામીએ જઈને ખબર કરી જે, 'નિત્યાનંદસ્વામી આવે છે તે ઉભા રહો.' ત્યારે પોતે તેમને ભેળા થઈને ચાલ્યા તે ગઢડાની સર્વે વાર્તા કરી. તેને સાંભળીને પોતે બહુ રાજી થયા ને ગાડામાં બેસારીને વાતું કરતા સતા **સારંગપુર** પધાર્યા. બ્રહ્મચારી જમવા બોલાવવા આવ્યા તે પોતે

નિત્યાનંદસ્વામીને ભેળા લઈને જમવા પધાર્યા. પછી જમીને નિત્યાનંદસ્વામીને પોતે થાળ આપીને દરબારમાં પોઢી રહ્યા.

પછી સવારમાં પોતે ઘોડે અસવાર થઈને ચાલ્યા તે સંત પણ ભેળા ચાલ્યા તે ગામ **ગુંદે** ગયા. ત્યાંથી માર્ગમાં ચાલતે વાત કરી જે ભગવાન મળ્યા તોય પણ મનમાં એમ રહે જે અમારે બેસવા વાહન નહિ તે શું એમ ન્યૂનતા સમજે તે શું ભગવાનનો મહિમા સમજ્યા ? એમ કહીને ચાલ્યા તે **સુંદરીયાણે** ગયા. ત્યાં દાદાખાચરનો ઉંટ ખાડામાં ખૂંતી ગયો ત્યારે પોતે ત્યાં આવ્યા ને સંતને કહીને બહાર તાણી કઢાવ્યો. પછી ગામમાંથી સામૈયું આવ્યું તે ગાજતે વાજતે ગામના ઝાંપા સુધી ગયા. ત્યારે પોતે કહ્યું જે, ''સંત સર્વે જમીને આવજો ને અમો તો વાગડ જઈને જમશું.'' ત્યારે વનાસાએ બહુ પ્રાર્થના કરી ત્યારે એના ઘર સુધી પોતે પધાર્યા. ત્યાંથી ચાલ્યા ને વાગડ ગયા ને પોતે ત્યાં જમવા બેઠા. તે સમે નિત્યાનંદસ્વામી પાસે આવ્યા ત્યારે પોતે જમીને એ બેયને થાળ આપ્યો ને એમ બોલ્યા જે, ''કોઈએ મુક્તાનંદસ્વામીને પ્રસાદી પહોંચાડી ? ત્યારે ભૂમાનંદસ્વામી ને દામોદરાનંદસ્વામી પ્રસાદી આપવા ગયા ને આપીને પાછા આવ્યા ત્યારે દામોદરાનંદસ્વામીએ કહ્યું જે, 'હાથ ધોવાનું પાણી જોઈએ.' ત્યારે પોતે કહ્યું જે નદીમાં જઈને ધોઈજો. એમ કહીને ઘોડીએ ચડીને પોતે નદીએ થઈને ચાલ્યા તે મારગમાં કીર્તન ગવરાવતા ગવરાવતા ગામ કંથારીયે ગયા ને ત્યાંના હરિભક્તે વાજીંત્ર સહિત સન્મુખ જાઈને રૂડી રીતે પોતાના ગામમાં પધરાવ્યા ને ત્યાં તળાવને કાંઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી મુક્તાનંદસ્વામી માટે રસોઈ કરવા સર્વેશ્વરાનંદસ્વામી ને ભૂમાનંદસ્વામી ગયા. ત્યારે એક હરિભક્તે કહ્યું જે, 'હું સામાન લાવું ને તમે મહારાજ વાસ્તે રસોઈ કરો.' ત્યારે તેમણે દૂધનો શીરો, પૂરી ને શાક કરીને લાવ્યા ને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, 'તમારી ભેળી મહારાજની પણ રસોઈ ભેળી કરી છે તે તમે મહારાજને બોલાવો તો જમવા પધારે.' ત્યારે મુક્તાનંદસ્વામીએ મહારાજને કહ્યું જે, ''રસોઈ તૈયાર થઈ છે તે તમે જમીને પ્રસાદી કરી આપો તો હું જમું.'' ત્યારે પોતે કહ્યું જે, 'હેઠે તો જીવડાં ઉડે છે વાસ્તે ગાડા ઉપર લાવો.' એમ કહીને જમવા બેઠા. ત્યારે કેડે કાનજી શેઠ ને ઘેર સંત સહિત જમવા પધાર્યા. જમીને

સંતને જમાડીને ત્યાં રાત્રીને વિષે સભા કરીને સંત પ્રત્યે જ્ઞાન, વૈરાગ્ય ને ધર્મ-ભક્તિ તે સંબંધી વાર્તા કરી. પછી ગાડીવાળાએ કહ્યું જે, 'બળદને ખડ નથી. ત્યારે એક હરિભક્તે કહ્યું જે મારા ખેતરમાં છે તે દાતરડાં લઈને ચાલો.' હું બતાવું. ત્યારે મહારાજે તે હરિભક્ત ભેળા મેલ્યા ત્યારે તેણે બાજરી લીલી હતી તે કપાવીને મહારાજ પાસે લઈને આવ્યા. ત્યારે પોતે કહ્યું જે, "લીલી બાજરી કેમ વાઢી ?" ત્યારે તે ભક્તે કહ્યું જે, "આ બાજરી વાવી ત્યારે મહારાજને અર્થે સંકલ્પ કર્યો હતો." ત્યારે પોતે રાજી થઈને કહ્યું જે, "બીજી જોઈએ તો કાપી લાવો." એમ કહીને ત્યાં પોતે પોઢી ગયા.

સવારમાં ચાલ્યા તે ગામ **અજરડે** થઈને બોરણે થઈને ગામ **લીંબડી** ગયા. ત્યાંના લોકે અવિદ્યા કરી માટે **ભલગામડે** ગયા ને તે ગામના હરિભક્તે તળાવની પાળે વડ તળે ઢોલિયો બિછાવ્યો તે ઉપર પોતે વિરાજમાન થયા ને નિત્યાનંદસ્વામીએ દાળિયા ને ગોળ જમાડ્યો. પછી અયોધ્યાવાસીયે થાળ કર્યો તેને પોતે સારી પેઠે હેત કરીને બહુ વખાણ કરતા સતા જમીને ચાલ્યા તે માર્ગમાં જીજ્ઞાસાનંદસ્વામીએ જીતેલા લઈને મહારાજને આલ્યા તે પોતે જમ્યાને કહ્યું જે, 'કોઈ ઉપવાસી હોય તેને આપીયે.' ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'આજ તો ઘણાક શ્વેતધર્મી ઉપવાસી છે.' તે વાતને મનમાં રાખીને ગામ **શિયાણી**એ પધાર્યા ને તળાવને કાંઠે ડેરીના ઓટા ઉપર વિરાજમાન થયા ને પોતે બોલ્યા જે શ્વેતધર્મીને અમારા દર્શન કરે ત્યારે ને ઝોળી માંગતા માર્ગમાં ચાલતા દેખાય તેનો ઉપવાસ નહિ. એમ કહીને ત્યાં સમીપ ગામનાં સર્વે સત્સંગીને પોતે દર્શન આપીને પછી ગામ મેમકાના હરિભક્ત ને સમલાના હરિભક્ત આવ્યા. તેમને પોતે કહ્યું જે, "અમારે અમદાવાદ જાવું છે" તે પાંચ ગાડા લાવો. ત્યારે તે હરિજન લાવ્યા. મેઘા પટેલ મહારાજને અર્થે સુંદર થાળ કરાવીને બોલાવવા આવ્યા તે સંત પાર્ષદે સહિત પોતે જમવા પધાર્યા. ત્યાં જમીને સર્વે સંત ને પાર્ષદને ખીચડીને ઘી, દહીં, દૂધ સારી પેઠે પિરસીને તૃપ્ત કરીને પોતે સભાને વિષે વિરાજમાન થયા. પછી સાયંકાળે શેઠ ભીમા વોરાને ઘેર થાળ થયો ને ત્યાં જમવા પધાર્યા ને સારી પેઠે હેતે કરીને જમીને પછી મેઘા પટેલને ઘેર સભા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન થયા. સર્વે સત્સંગીઓએ

નાના પ્રકારના ઘરેણાને વસ્ત્ર આદિક વડે કરીને મહારાજની પૂજા કરીને ત્યાં પોતે શિવરામ ભટ્ટને ઘેર પોઢવા ગયા. સવારમાં ત્યાંથી તાવીયે પધાર્યા ને ત્યાંના હરિભક્ત જેઠીભાઈ આદિ સર્વે સન્મુખ આવીને મહારાજને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા. પછી જેઠીભાઈને કહ્યું જે, 'વાળંદને બોલાવો.' એમ કહીને પોતે સંતને સુખડીના લાડુ આપ્યા ને રસોઈ કરવા ગયા તે સંતને છાતીમાં ચરણારવિંદ આપ્યા. પછી વાળંદે આવીને વતું (હજામત) કરવા માંડ્યું ત્યારે બહુ વસમું લાગવા માંડ્યું. ત્યારે પોતે ફેટો લઈને માથે બાંધ્યો. ત્યારે વાળંદે કહ્યું જે, 'અડધું વતુ થયું છે.' ત્યારે પોતે બોલ્યા જે, 'મોટા પુરુષનું વતું તો બહુ ગામે પુરુ થાય.' એમ કહીને તળાવને વિષે નાહીને જેઠીભાઈને ઘેર પોતે પાર્ષદે સહિત પધાર્યાને ત્યાં પોતે જમ્યા. પછી તળાવની પાળે લીંબડા તળે વેદિકા ઉપર વિરાજ્યા ને તે સર્વે હરિભક્તોનો પ્રેમભાવ જોઈને પોતે બહુ વખાણ કરીને પોતે દેવાળીયાને માર્ગે ચાલ્યા તે મધ્યે ગયા ત્યારે દેવળીયાના જાલમસિંઘજી ખભ્ભે કોથળી ભરાવીને વાળંદને પેગડું ઝલાવીને સામા આવ્યા. ત્યાં એક તળાવડી આવી ત્યાં પીપર તળે પોતે વિરાજમાન થઈને વાળંદ પાસે વતુ કરાવવા માંડ્યું ત્યારે મુક્તાનંદસ્વામીએ પૂછ્યું જે, 'આ વાળંદ કેવો છે ?' મારે વતુ કરાવવું છે. ત્યારે મહારાજ બોલ્યા જે, ''ઓલ્યો તો જીવનું જોખમ કરે એવો હતો ને આમાં દેહનું જોખમ થાય એટલો સારો છે.'' તે સમે પૂર્ણાનંદસ્વામી ગવૈયા મુક્તાનંદસ્વામી સારું કામળી પાથરી હતી તે ઉપર આવીને બેઠા પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે,'' તમે માનની મૂર્તિ ભાળી છે ?'' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મારે દીઠામાં આવી નથી.' ત્યારે પોતે બોલ્યા જે, ''માથે રૂમાલ બાંધ્યો હોય ને ખંભે સરોદો ભરાવ્યો હોય એવી માનની મૂર્તિ હોય.'' એમ કહીને પોતે તળાવડીમાં નાહીને ઘોડે અસવાર થઈને ચાલ્યા તે દેવળીયાને પાદર તળાવને કાંઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને ત્યાં જલપાન કર્યું. પછી તે ગામના હરિભક્ત સામા આવીને ગાજતે વાજતે ગામમાં પધરાવ્યા ને જાલમસિંહના દરબારમાં ઉતર્યા. ત્યાં થાળ જમીને પછી પોતે કેડ બાંધીને લાડુ વારંવાર પિરસીને સર્વે સંત પાળાને જમાડીને પછી ઢોલિયા ઉપર વિરાજમાન થયા. પછી ઉતારે પધાર્યા.

ત્યાં રાત્રી રહીને ત્યાંથી **અણિયાળી** થઈને **ડેરવાલે** પધાર્યા ને ત્યાંના હરિભક્તને પોતે દર્શન દઈને તેમની સેવા અંગીકાર કરીને ત્યાંથી **વળડે** પધાર્યા. ત્યાં સ્નાન કરીને અયોધ્યાવાસીએ થાળ કર્યો તેમને પોતે જમીને ત્યાં તળાવને વિષે સંત પાળા સહિત પોતે ન્હાયા. પછી ત્યાં સ્વધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ બહુ પ્રકારની ભગવદ્ વાર્તા કરીને ત્યાંથી **ઘોડાસર** પધાર્યા. ત્યાં તળાવની પાળે સાયંકાળે વિરાજમાન થયા. પછી મહાનુભાવાનંદસ્વામીએ મહારાજને બહુવાર સુધી વીંજણે કરીને વા નાંખ્યો. પછી તે મુનિ ઉપર શ્રીજીમહારાજ બહુ રાજી થયા. પછી બીજા સંતે પણ વા નાંખ્યો. તે ઉપર પણ પોતે રાજી થયા. ત્યાં રાત્રી રહીને પછી ત્યાંથી **દદુકે** પધાર્યા ને ત્યાં થાળ જમીને સંતને દહીંને લાડુ જમાડીને ત્યાંથી **મછીયાવ** પધાર્યા. ત્યાં બાપુભાઈના દરબારમાં ઉતર્યા ને ત્યાં સાસુ વહુ ને વ્યવહાર નિમિત્તે વિવાદ હતો તે ઉપર મહારાજે બહુ પ્રકારે વાર્તા કરી તોય તેમણે ન માન્યું તે વાસ્તે રસોઈ થઈ હતી તો પણ પોતે જમવા ન રહ્યા ને સાધુને ના પાડી. તે પણ જમવા ન રહ્યા ને ત્યાંથી **કુવારજ** પધાર્યા ને ત્યાં તળાવની પાળે ઉતર્યા. ત્યાં નાહીને પછી પોતે મુળજી બ્રહ્મચારીને બોલાવીને કહ્યું લીંબડીના હરિભક્તે ભાતું બંધાવ્યું છે તે સર્વેને આપો. ત્યારે તેમણે સર્વને આપ્યું ને ત્યાં સંતો બાટીયો કરીને જમ્યા ને ત્યાં સાધુ ને પાળા ને ચોકે ઝોળી માંગીને અયોધ્યાવાસીએ થાળ કરીને મહારાજને જમાડ્યા. સવારમાં ચાલ્યા તે મારગમાં એક મોટું પાણીનું નેરૂં આવ્યું ત્યાં પોતે ભણનારા સંત પાસે ગાડામાં ભાર હતો તે ઉપડાવીને સામે કાંઠે નંખાવ્યો ને પોતે ઘોડીયે બેસીને ઉતાર્યા ને તે સંતની ઉપર પોતે બહુ રાજી થયા ને મુક્તાનંદસ્વામીને કહ્યું જે, ''આ સાધુને અમારાથી નોખા પડવા દેશો નહિ.'' ત્યારે તેમણે કહ્યું જે, ''બહુ સારુ મહારાજ ! નહિ નોખા પડવા દઉ.'' એમ સંતને અભયવર આપીને ચાલ્યા તે **સાણંદ**ની બજાર સોસરા તઈને **મનિપર** પધાર્યા ને ત્યાં તળાવની પાળે ઉતર્યા. ત્યાના હરિજન સીધું લાવ્યા તે અયોધ્યાવાસી તેમણે રસોઈ કરી. તેને પોતે જમીને પછી સંતને કેડ બાંધીને અતિ હેતે કરીને જમાડ્યા. પછી સર્વે હરિભક્ત ગાજતે વાજતે મહારાજને ગામમાં પધરાવીને ચંદન પુષ્પાદિકે કરીને પૂજતા હવા ને તેમણે બહુ સેવા કરી તેને પોતે અંગીકાર કરી પછી ભાગોળે સભા કરીને ઢોલિયા ઉપર વિરાજમાન

થયા ને તે ગામના હરિજન પ્રત્યે બહુ પ્રકારની ભગવદ્‌વાર્તા રીને પછી બહુવાર સુધી સાધુ પાસે કીર્તન ગવરાવ્યાને ત્યાં રાત્રી રહીને પછી અમદાવાદને માર્ગે ચાલ્યા.

તે મધ્યે તળાવ આવ્યું ત્યાં ઉતર્યા ને તળાવને સમીપે આંબાના વૃક્ષ તળે પથ્થરના ચોતરા ઉપર વિરાજમાન થયા ને ત્યાં પોતે વતુ કરાવ્યું ને પછી અમદાવાદ પધાર્યા. ત્યાંના હરિભક્ત સર્વે સામૈયું લઈને આવ્યા ને મહારાજના દર્શન કરીને નાના પ્રકારના વાજીંત્ર તથા ઘોડા, વેલ્યો, રથ ને પાલખીયો, માફા ને મેના, અસવારી તથા નગારા, નિશાન, છત્ર, ચામર એ આદિક ઘણીક સામગ્રીઓ લઈને શ્રીજીમહારાજને સન્મુખ આવ્યા. પછી તે ભક્તજને યથા શાસ્ત્ર મહારાજની પૂજા કરી. પછી ઘોડે અસવાર થઈને શહેરમાં પધાર્યા ને શ્રીજીમહારાજની આગળ તે સમે બ્રાહ્મણ જે તે વેદનું ઉચ્ચારણ કરતા હવા. ને છડીદાર જે તે જય જય એ પ્રકારના શબ્દ ઉચ્ચારતા હવા. ભક્તજન જે તે ઝાંઝ મૃદંગ લઈને ઉત્સવ કરતા હવા ને એ સર્વેનો મનોહર શબ્દ જે તે આકાશ માર્ગે કરીને ત્રિલોકીમાં વ્યાપ્યો ને તે શબ્દને સાંભળીને શ્રીજીમહારાજનાં દર્શને કોટાનકોટી શહેરના મનુષ્ય ને દેશાંતરના મનુષ્યને ઈંદ્રાદિક દેવ ને નારદાદિક દેવ, ઋષિ તે સર્વે આવતા હવા તે નાના પ્રકારના વસ્ત્ર આભૂષણ તથા મોતીની માળાઓને ને જૂઈ, ચમેલી, મોગરા, ચંપા, ગુલાબના પુષ્પની માળાઓ તેણે કરીને અતિ શોભાયમાન એવી જે શ્રીજીમહારાજની મૂર્તિ તેના દર્શન કરીને દેવ જે તે આકાશમાં રહ્યા થકા પુષ્પની વૃષ્ટિ તથા જય જય શબ્દ કરતા હવા અને મનુષ્ય જે તે હવેલીઓના ઝરોખામાં રહીને શ્રીજીમહારાજની અસવારી ઉપર સુવર્ણ તથા રૂપાના ફૂલની ને જૂઈ, મોગરાદિક પુષ્પની વૃષ્ટિ કરતા હવા. એવી શોભાએ સહિત શ્રીજીમહારાજ ગાજતે વાજતે રાજમાર્ગે ધીરા ધીરા ચાલતા સતા શ્રી નરનારાયણના મંદિરમાં પધાર્યા ને ત્યાં લીંબડાના વૃક્ષ તળે વેદાકિ ઉપર ગાદી તકિયે સહિત ઢોલિયો ઢળાવ્યો હતો તે ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત શ્રીજીમહારાજને સન્મુખ બેઠા. તે સભાને વિષે હરિભક્ત અનંત ગુલાબના ને ચમેલીના હાર શ્રીજીના કંઠને વિષે પહેરાવતા હવા. પછી પોતે થાળ જમવા પધાર્યા ને જમીને સંતને વારંવાર લાડુ ફેરવીને

તૃપ્ત કર્યા. પછી શ્રીજીમહારાજને શહેરના સત્સંગી પોતાને ઘેર પધરાવીને નાના પ્રકારના ઘરેણા, વસ્ત્ર તેણે કરીને પૂજતા હવા. એ પ્રકારે નિત્ય પ્રત્યે ભક્તજને પૂજ્યા એવા જે શ્રીજીમહારાજ તે જે તે ભક્તજનની સેવા અંગીકાર કરીને સર્વેને રાજી કરીને પછી અયોધ્યાવાસી, સાધુ, બ્રહ્મચારી, પાળા સહિત ચાલવાને તૈયાર થયા ને ત્યારે તે સામાને વિષે શહેરના ભક્તજન છત્રીસ પ્રકારના વાજીંત્ર લાવીને વગડાવતા હવા. પછી શ્રીજીમહારાજને ચકોર પક્ષીની પેઠે જોઈ રહ્યા એવા જે સર્વે મનુષ્ય તેમને દર્શન દેતા થકા ને દુષ્ટજન તેમના હૃદયને કંપાવતા થકા ને તેમનો દ્રષ્ટિ માત્રે કરીને પરાભવ કરતા થકા શ્રીજીમહારાજ તે શહેર બહાર નિસરીને સર્વે સત્સંગીને પાછા વાળીને પછી પોતે **અશ્લાલીયે** પધાર્યા.

ત્યાંના હરિભક્ત સન્મુખ સામૈયું લાવીને વાવથી દક્ષિણાદેકોર કૂવાને સમીપે પીપર હેઠેલ પધરાવ્યા ને હરિજને ઢોલિયો ઢાળ્યો તે ઉપર વિરાજમાન થયા ને તે સભાને વિષે અમદાવાદથી શંકરાચાર્યના મનુષ્ય તેડવાને વાસ્તે આવ્યા. તેમને જોઈને શ્રીજીમહારાજ મોટેરા મોટેરા સંત પ્રત્યે બોલ્યા જે આ શંકરાચાર્યના મનુષ્ય સભા કરવા આવવાને વાસ્તે તેડવા આવ્યા છે તેનું કેમ કરવું ? ત્યારે તે સંતે કહ્યું જે, 'હે મહારાજ ! તમારી નજરમાં આવે તેમ કરો.' ત્યારે પોતે બોલ્યા જે, ''સર્વે સંત, પાળાને સત્સંગી ચાલો.'' એવી રીતે આજ્ઞા કરી. તે પછી થાળ થયો તેને પોતે જમવાને વાસ્તે વેણીભાઈને ઘેર પધાર્યા ને પોતે સારી પેઠે હેત કરીને થાળ જમીને પાછા પોતાને ઉતારે પધાર્યા ને ત્યાં સાયંકાળને વિષે સભા કરીને વિરાજમાન થયા ને પોતે સંત પ્રત્યે બહુ પ્રકારની વાર્તા કરીને ત્યાં રાત્રી રહીને પાછલી પહોર રાત્રી રહી ત્યારે બહુ દીવીયું કરાવીને દિવસ ઉગ્યા પહેલા શ્રીનગરના દરવાજે નાહી ધોઈને પૂજા કરીને સર્વ સંત પાળા સહિત આવીને ઉભા રહ્યા. પછી દ્વાર ઉઘડ્યો ત્યારે પોતે શ્રીનગરમાં પધાર્યાને પછી શંકરાચાર્યની હવેલીયે પધાર્યા ને ત્યાં માર્ગમાં ઊભા રહીને શ્રીજીમહારાજે દામોદરને કહ્યું જે, ''તમે શંકરાચાર્યને કહો જે તમે સ્વામિનારાયણને તેડાવ્યા છે તે આવ્યા છે ને તેમની ભેળા પાંચ હજાર મનુષ્ય છે ને બીજા પાંચસો-હજાર પછવાડે ચાલ્યા આવે છે. તેમનો ઉતારો ને સીધું

સામાન દેવરાવો ને પછી સભાની વાત.'' ત્યારે તે ભક્તે તેવી જ રીતે કહ્યું તે પછી પોતે શ્રીજીમહારાજ અસુર હૃદયને કંપાતા થકા બોલ્યા જે, ''શંકરાચાર્ય કેમ બોલતો નથી ? ને એના ઘરમાં કાઈ ખાવા પીવાનું નથી કે શું ? જે વારંવાર કહી મોકલીયે છીએ તોય પણ જવાબ દેતો નથી.'' એમ શ્રીજીમહારાજ બોલ્યા ત્યારે ચોઘડીયા વાજતા હતા તે બંધ થઈ ગયા ને તેના હૃદયને વિષે થર થર કંપારો થયો ને મરણ તુલ્ય થયો ને પોતાના મનુષ્ય પાસે કહેવરાવ્યું જે શ્રી નરનારાયણના મંદિરમાં ઉતરો. ત્યારે પોતે શ્રી નરનારાયણના મંદિરમાં પાંચ હજાર મનુષ્યે સહિત ઉતર્યા ને તે શંકરાચાર્યે કાંઈ સીધું સામાન ન આપ્યું ને સરકારને ખબર થઈ ત્યારે સરકારે કહ્યું જે, ''અમારી આજ્ઞા માંગીને સ્વામિનારાયણ ગયા હતા તેમને પાછા કોણે તેડાવ્યાં છે'' તે વાત જાણીને શંકરાચાર્યના સેવક મોરુબા દીવાન આદિક ઉપર પચ્ચીસ અસવાર કર્યા ને પછી હેમોભાઈને મોરુબા આદિક આવીને શ્રીજીમહારાજની પ્રાર્થના કરીને કહ્યું જે, ''તમને તેડાવ્યા તે ભૂલ્યા ને તમે તો મોટા છે. તે વાસ્તે મોટું પેટ રાખ્યું જોઈએ ને આ બ્રહ્માંડના સર્વે શાસ્ત્રી ને પંડિત તેમનાથી પણ તમારો પરાજય ન થાય ત્યારે આ શંકરાચાર્ય તે શી ગણતીમાં ? એનાથી તો એકે પ્રશ્ન ઉત્તર થાય એમ નથી.'' એવી રીતે કહ્યું ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ''અમારે તો એ વાતનું કાંઈ નથી ને સરકારને ના કહેશું તે કાંઈ હરકત નહિ કરે.'' ત્યારે તે સર્વે પગે લાગીને ગયા ને શ્રીજીમહારાજ જમવા પધાર્યા. ભાણાશાહની રસોઈ હતી તે ત્યાં પોતે જમીને કેડ બાંધીને સંતને સારી પેઠે લાડુ ફેરવીને ખૂબ સંતને જમાડીને પછી લીંબડા હેઠળ ચોતરા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત, બ્રહ્મચારી, પાળા ને સત્સંગી તે આવીને શ્રીજીમહારાજની સન્મુખ બેઠા. તે સમે જૂનાગઢથી બ્રહ્માનંદસ્વામીનું મંડળ આવ્યું. તેને જોઈને પોતે બહુ રાજી થયા ને તે સર્વે સંતને મળ્યા ને હાર આપીને પછી સંતના પંચવર્તમાનની બહુ વાર્તા કરીને પછી શ્રીજીમહારાજ શ્રી નરનારાયણના દર્શન કરીને પોઢવા ગયા.

બીજે દિવસે પ્રાતઃકાળે ઉઠીને નિત્ય વિધિ કરીને થાળ જમીને સંતને પિરસવા પધાર્યા ને એવી રીતની લીલા કરતા થકા ત્રણ દિવસ રહીને પછી

ચાલવાનું કર્યું ત્યારે શહેરના સત્સંગી જેટલા શહેરમાં વાજીંત્ર હતા તે સર્વે લાવ્યા ને મહારાજને આગળ વગડાવ્યા. શ્રીજીમહારાજ પછી ઘોડે અસવાર થઈને વાજતે ગાજતે રાજમાર્ગે ચાલતા હવા ને બેકોરે બજારને વિષે બહુ મનુષ્યનો ભીડો થયો ને રઘુનાથદાસનું મંદિર આવ્યું ત્યાં અત્યંત વાજીંત્ર વજડાવ્યાંને આષ્ટોડીયે દરવાજે નીસર્યા. પછી સર્વે સત્સંગીને પાછા વાળ્યા ને પોતે **અશ્લાલીને** માર્ગે ચાલ્યા. તે મધ્યે વાવને પાસે આંબા હેઠે ઉતર્યા ને ત્યાં વતુ કરાવ્યું. ત્યાં માણસનો સંઘ આવ્યો તેમને પોતે દર્શન આપ્યાં ને પોતે વાવને વિષે સ્નાન કરીને **અશ્લાલીયે** પધાર્યા ને પ્રથમ ઉતર્યા હતાં ત્યાં ઉતર્યા ને વેણીભાઈને ઘેર જમવા સંત ને પાળા સહિત પધાર્યા. પછી જમીને પોતે વિરાજમાન થયા ને પોતાને રહેવાનું ન્હોતું તે સારું સંતને વાસ્તે હરિભક્ત તેમણે દશમને દિવસ રસોઈ કરાવી તે સર્વે સાધુ પણ જમ્યા ને પોતે એવડા ને સમીપે ગાડા ઉપર વિરાજમાન થયા. પછી ત્યાં પોતે પોઢ્યા.

પ્રાતઃકાળને વિષે એકાદશીને દિવસ પોતે ઉઠીને પોતાનો નિત્યવિધિ કરીને વિરાજમાન થયા ને પોતાના સન્મુખ સંત આવીને બેઠા. તે સમે શ્રીજીમહારાજ બોલ્યા જે, 'નરનારાયણના સંત હો તે ઉત્તરદિશામાં બેસો ને લક્ષ્મીનારાયણના સંત હો તે દક્ષિણ દિશામાં બેસો.' ત્યારે બ્રહ્માનંદસ્વામીને ગોપાળાનંદસ્વામી આદિ અઢીસો સંત નરનારાયણના ઉત્તર દિશામાં બેઠા ને મુક્તાનંદસ્વામી આદિક સંત લક્ષ્મીનારાયણના દક્ષિણ દિશામાં બેઠા. તે વાર પછી બ્રહ્માનંદસ્વામીને અમદાવાદ શ્રી નરનારાયણનું મંદિર સોંપ્યું ને પછી પોતે ત્યાંથી જેતલપુર પધાર્યા ને ત્યાં વડની હાર થી ઉત્તર દિશામાં બે માર્ગમાં વચ્ચમાં આંબલી હેઠે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત સન્મુખ આવીને બેઠા ને સર્વે સત્સંગી તે પણ આવીને બેઠા. તે સમે બાલમુકુંદાનંદસ્વામીએ કહ્યું જે, 'હું તો લક્ષ્મીનારાયણની તરફ રહીશ.' ત્યારે પોતે બોલ્યા જે, "આજ્ઞા લોપી વાસ્તે એને સભામાંથી બહાર બેસારો." ત્યારે તે વેગળા બેઠા. ત્યારે તેમને હરિભક્તે પૂછ્યું જે, 'તમે નોખા કેમ બેઠા છો?' ત્યારે તે સંતે કહ્યું જે, 'મે નરનારાયણના દેશમાંથી લક્ષ્મીનારાયણના દેશમાં જાવાનું કર્યું તેમાં મુને નોખો બેસાર્યો.' ત્યારે હરિભક્તે કહું જે, 'કાંઈ વધારે

વાંક હશે નહિ તો મહારાજ આવડો દંડ દે નહિ.' તે વાત પોતે સાંભળીને બોલ્યા જે, 'આ તો આપણે થોડાકમાં ઘણો દંડ દીધો.' એમ કહીને કહ્યું જે, 'બ્રહ્માનંદસ્વામી ને નિત્યાનંદસ્વામીને ન ફરવું ને બીજા સાધુ, બ્રહ્મચારી, પાળા આજથી નજરમાં આવે ત્યાં રહે.' એમ કહીને પંગતિ નોખી બેસારીને કહ્યું જે "જેને ફરવું હોય તે આજ ફરજો." ત્યારે જેને જ્યાં ફાવતું હતું તે પંગતિમાં ઉઠી ઉઠીને બેઠા. તે જોઈને પોતે હસવા લાગ્યા. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "શ્રી નરનારાયણના સંત હો તે ઉત્તર દિશામાં બેસો ને શ્રી અયોધ્યાપ્રસાદજીની પૂજા કરો ને જે લક્ષ્મીનારાયણના પક્ષના સંત હો તે દક્ષિણ દિશામાં બેસો ને શ્રી રઘુવીરજીની પૂજા કરો." ત્યારે તે સંત શ્રીજીમહારાજની આજ્ઞાયે કરીને જે શ્રી નરનારાયણના સંત હતા તેમણે પાટ ઉપર બેઠા એવા જે શ્રી અયોધ્યાપ્રસાદજી તેમની પૂજા, ચંદન, પુષ્પ કરીને કરી ને જે લક્ષ્મીનારાયણના સંત હતા તેમણે પાટ ઉપર બેઠા એવા જે શ્રી રઘુવીરજી તેમની પૂજા ચંદન પુષ્પે કરી. પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેવી અમારી પૂજા કરો છો તેવી જ રીતે કરીને આબેય આચાર્યની પૂજા કરવી. કેમ જે એ બેયને અમારી ગાદી ઉપર અમે બેસાર્યા છે ને તેમની આજ્ઞામાં સાધુ, બ્રહ્મચારી, પાળા ને સત્સંગી તેમણે વર્તવું ને તે બેય આચાર્યની આજ્ઞા કોઈએ ઉલ્લંઘ ન કરવી."

એવી રીતે પોતે કહીને પછી ગામના હરિભક્ત પ્રત્યે બોલ્યા જે, "અમારે અહીંયા દિવાળી કરવી છે તે વાસ્તે સીધુ, સામાન ભેળો કરો." એમ કહીને પોતે પહોર રાત્રી ગઈ હતી તે સમે ચાલી નિસર્યા તે માર્ગમાં પાણી આવ્યું ત્યાં પોતે ઉભા રહ્યા. ત્યાર કેડે મોનજી માફો લઈને આવ્યો તેણે ત્રિગુણાતીતાનંદસ્વામી, સવિત્રાનંદસ્વામી, ભૂમાનંદસ્વામી ને નરોત્તમાનંદસ્વામીને કહ્યું જે, 'તમે ભેળા ચાલો. મારે મહારાજ પાસે જાવું છે.' ત્યારે તે સંત ભેળા ગયા તે મહારાજ પાસે ગયા. ત્યારે ત્રિગુણાતીતાનંદસ્વામી ને સવિત્રાનંદસ્વામી એ બેને ભેળા લીધા ને બેને પાછા વાળ્યા ને પોતે ખેડે ગયા ને દાદાખાચરને કહ્યું જે, 'તમે ગામમાં થઈને આવો ને અમે બારોબાર જઈએ.' એમ કહીને ચાલ્યા તે માર્ગમાં એક ખેતર આવ્યું. ત્યાં પોતે સંતની પછેડી

ઓઢીને પોઢી ગયા. તે સમે એક ભક્ત આવ્યો ત્યારે પૂછયું જે, ‘મહારાજ ક્યાં છે ?’ ત્યારે સંતે કહ્યું જે, ‘આ તો સાધુ સૂતા છે’ ત્યારે તેણે કહ્યું જે, ‘સાધુની પછેડીમાંથી તેજનો પૂંજ નીકળે નહિ.’ ત્યારે પોતે બોલ્યા જે, ‘આ વાત ક્યાંય કહેવી નહિ.’ એમ કહીને પોતે સંવત ૧૮૮૫ ની દિવાળી ઉપર વડતાલ પધાર્યા ને સંત રસોઈ જમીને કેડે ચાલ્યા તે તેને તે જ દિવસ વડતાલ પૂગ્યા ને મહારાજના દર્શન કર્યા ને પછી પોતે સભાને વિષે વિરાજમાન થયા. તે સમે સુરતના હરિભકતે પોશાક પહેરાવ્યો ને બ્રહ્માનંદસ્વામીને ને મહાનુભાવાનંદસ્વામી ઉપર બે દેશની વહેંચણી નિમિત્ત લગારેક ખીજ્યા ને પછી પોતે રાજી થઈને પોતાની પાઘ બ્રહ્માનંદસ્વામીને આપી ને ચોફાળ હતો તે મહાનુભાવાનંદસ્વામીને આપ્યો. પછી મંદિરમાં ચારે કોર દીવા કરાવ્યા ને ચોકને વિષે દીપમાળ કરાવીને પોતે વચમાં પાટ ઉપર વિરાજમાન થયા. એવી રીતે સર્વને દર્શન દઈને પોઢવા ગયા.

બીજે દિવસ સર્વે સંતને મળ્યા ને ઠાકોરજી આગળ અન્નકૂટ પૂર્યો ને પોતે મંદિરમાં જમ્યા ને સંતને નાના પ્રકારના પકવાન પિરસીને જમાડ્યા ને સાંજને સમે ગોમતીજીને કાંઠે સભા કરીને સર્વે હરિભક્તને દર્શન દઈ ગાજતે વાજતે પોતે ઘોડીયે ચડીને મંદિરમાં પધાર્યા. પછી બીજે દિવસ પોતે ઘોડીયે ચડીને બામરોલીયે પધાર્યા ને ત્યાં રાયણ તળે વિરાજમાન થયા ને ત્યાં પ્રેમી ભક્તે સોનારૂપાના ફૂલે કરીને વધાવ્યા ને પોતે ઘોડી ફેરવીને ચાલ્યા તે ગોમતીજીને કાંઠે વેદિકાને વિષે વિરાજ્યા. ત્યાં વડોદરાના હરિભક્તે કિનખાપનો સુરવાલ ને ડગલી પહેરાવ્યા ને રેંટો માથે બંધાવ્યો ને એક કેડે બંધાવ્યો ને ભાલમાં કેસરની અર્ચા કરીને કંકુનો ચાંદલો કર્યો ને હાર પહેરાવ્યા. એવી શોભાએ જુક્ત પોતે મંદિરમાં પધાર્યા. એમ નિત્ય પ્રત્યે લીલા કરતે સતે કારતક સુદી એકાદશી આવી તે દિવસ મંદિરને વાંસે વિરાજમાન થયા ને દેશાંતરના હરિભક્તની સભા થઈ. તે સમે વડોદરાના નાથ ભક્તે પૂજા કરીને આરતી ઉતારી. પછી પોતે જમવા ગયા ને સાંજની સભા થઈ ત્યારે પોતે સંત પાસે કીર્તન ગવરાવ્યા ને વાર્તા કરીને પોઢવા ગયા.

પછી બીજે દિવસ શ્રીજીમહારાજે કહ્યું જે શ્રી નરનારાયણના સંત, બ્રહ્મચારી, પાળા ને સત્સંગી જે હો તે શ્રી અયોધ્યાપ્રસાદજી પાસે મંત્ર લ્યો ને શ્રી લક્ષ્મીનારાયણના સંત, બ્રહ્મચારી, પાળા ને સત્સંગી હો તે શ્રી રઘુવીરજી પાસે મંત્ર લ્યો ને બે આચાર્યની આજ્ઞામાં સર્વને વર્તવું. ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, 'હરિભક્તને થાળ કરાવવો તેની વ્યવસ્થા કરો તો ઠીક.' ત્યારે મહારાજે કહ્યું જે, "નરનારાયણના દેશના હરિભક્ત હોય તે ગંગામાં પાસે થાળ કરાવે ને લક્ષ્મીનારાયણના દેશના હરિભક્ત હોય તે ગામ વસોના દાદા દેવની દીકરી જમના પાસે થાળ કરાવે." એમ વ્યવસ્થા કરીને બે ને બે રસોડા કરી આપ્યા ને બ્રહ્મચારીની ઓસરીયે બેય રસોડા ને વચ્ચે પોતે જમવા બેસે. બે કોરથી થાળ આવે તેને પોતે જમીને સંત, પાળાને અસવાર તેમને જમાડતા જાય. એમ નિત્યે ગોવાળ મંડળી કરીને સંતને જમાડે.

એમ લીલા કરીને પોતે બ્રહ્માનંદસ્વામીને મળીને અમદાવાદના સર્વ સંતને દેશ દેશમાં મેલીને પોતે ચાલ્યા તે **સિંજીવાડે** ગયા ને જગરૂપ બારોટને ઘેર રહ્યા. ત્યાંથી ચાલ્યા તે વરસડા ને **ગલીયાણા** વચ્ચે બીજી તલાવડીને કાંઠે શૂન્યાતીતાનંદસ્વામીએ સાથવોને સાકર આપી તે પોતે જમ્યા ને ત્યાંથી **ગલીયાણે** ગયા ને સંતની ઓરડીયે ઉતર્યા ને ત્યાં શૂન્યાતીતાનંદસ્વામીએ થાળ કર્યો તે પોતે જમ્યા ને ત્યાંથી ચાલ્યા તે **જાખડે** થઈને **પીંપળી** ગયા ને ત્યાં પણ સંતે ને રાત્રે થાળ કર્યો તે પોતે જમ્યા ને ત્યાંથી **ધોલેરે** ગયા. બે દિવસ રહીને ત્યાંથી **કારીયાણી** ગયા ને ત્યાંથી ચાલ્યા તે **ભાવનગર** ગયા ને રૂપાભાઈને ઘેર રહ્યા. શૂન્યાતીતાનંદસ્વામી જમવાનું લાવ્યા તે જમ્યા ને ઠાકોર વજેસંગને મળ્યા ને ત્યાંથી ચાલ્યા તે માર્ગમાં એક નદી આવી ત્યાં પોતે ભાત-દાળ જમ્યા ને ત્યાંથી પોતે ગઢડે પધાર્યા ને ગોપીનાથ મંદિરના મંડપનો પાયો ખોદાવ્યો ને રૂડી રીતે તે મંડપનું કામ ચલાવ્યું. પછી દાદાખાચરને પુત્ર થયો તે ઉપર દેશ દેશથી સંતને તેડાવ્યા ને મોટો ઉત્સવ કર્યો. પોતે ઘેલા ને વિષે પથ્થરા કઢાવતા હતા તે સમે વડનગરથી મહાનુભાવાનંદસ્વામીનું મંડળ આવ્યું તેમને પોતે મળ્યા ને આ મંડળ અત્યંત તપસ્વી છે એમ કહીને બહુ વખાણ કર્યા. પછી પથરા ઉપાડીને મંદિરમાં પધાર્યા. પછી શ્રીજીમહારાજ જમીને વિરાજમાન થયા ને

જુનેગઢ આનંદાનંદસ્વામી ને મહાનુભાવાનંદસ્વામી આદિક સંતને મંદિરની કોલી કરાવાને અર્થે મોકલ્યા ને એમ કહ્યું જે, ‘અમારે મંદિર કરાવવા તે થકી ભણાવવું તે દશ ગણું અધિક છે વાસ્તે સર્વે સંત પુસ્તક ભેળાં લેજો પણ કોઈ મેલશો નહિ.’ એમ સર્વે સંતને આજ્ઞા કરીને મેલ્યા ને પછી તે સંત જ્યારે કોલી કરીને આવ્યા ત્યારે તેમના ઉપર પોતે બહુ રાજી થઈને છાતીમાં ચરણારવિંદ આપીને મળ્યા. પછી ૧૮૮૫ના મહા સુદી વસંતપંચમીનો ઉત્સવ શ્રીજીમહારાજે ગઢડામાં કર્યો ને રંગ ગુલાલ બહુ ઉડાડ્યો ને ફાગણ સુદી પૂનમે પોતે સંતને હરિભક્તને તેડાવ્યા ને હુતાસનીનો સમૈયો કર્યો ને બહુ રંગ-ગુલાલ ઉડાડ્યો ને સંતને ભારે ભારે રસોઈયો કરાવીને જમાડ્યા ને ગોપીનાથજીના મંદિરનું કામ ચાલતું હતું ને મંદિરની સમીપનો કૂવો પોતે ઉપર બેસીને બંધાવ્યો.

એક દિવસે પોતે ગોપીનાથજીના મંદિર ઉપર પધાર્યા ને ત્યાં પોતે પોઢી ગયા ને ત્યારે ભૂમાનંદસ્વામીએ કારખાનામાંથી આવીને વાયરો નાંખવા માંડ્યો તે મહારાજ એક કલાક પોઢીને જાગ્યા ને મુખમાં એલચી હતી તે તેમને આપીને પોતે હેઠા ઉતરીને ઢોલિયા ઉપર વિરાજ્યા ને સર્વે સંત પણ આવીને બેઠા. સંતે મહારાજને હાર પહેરાવ્યા ને સંતે કીર્તન ગાયા ને આરતી ધૂન્ય તરીને અક્ષરઓરડીયે પોઢવા ગયા. એક દિવસ પોતે ગોપીનાથજીના મંદિરની કોલીમાં વિરાજ્યા હતા ને કંઠને વિષે વીશ હાર પહેર્યા હતા ને નિષ્કામાનંદસ્વામી લૂગડે કરીને વા (પવન) નાંખતા હતા તે લૂગડું સૂકાઈ ગયું ત્યારે ભૂમાનંદસ્વામી ભીનુ લૂગડું લઈને વા નાંખવા માંડ્યા ત્યારે તેમના ઉપર પોતે રાજી થઈ સર્વે હાર આપ્યા. પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, ‘નિષ્કામાનંદસ્વામીએ પણ વા નાંખ્યો છે માટે એમને થોડા હાર આપો.’ ત્યારે તેમાંથી પાંચ હાર આલ્યા. ત્યારે સ્વામી બહુ રાજી થયા.

એક દિવસ પોતે સવારમાં વિરાજમાન હતા ને તે સમે ભૂમાનંદસ્વામીએ બે તોરા મહારાજના પાઘને વિષે ખોસ્યા ને કંઠને વિષે હાર પહેરાવ્યા. તે શોભાને જોઈને મુક્તાનંદસ્વામી આદિ સંત સર્વે રાજી થયા. પછી ઘણીવાર ત્યાં બેસીને પોતે જમવા પધાર્યા ને સાંજે સભામાં આવીને વિરાજમાન થયા.

મુક્તાનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી આદિ ગવૈયાઓએ દુકડ-સરોદા લઈને કીર્તન ગાયા. તેમને રાજી થઈને હાર આપ્યા ને બીજે દિવસ મહારાજ સવારમાં ત્યાંથી વડતાલને માર્ગે ચાલ્યા તે વાવે આવીને ઉભા રહ્યા. સચ્ચિદાનંદસ્વામીએ હાર, બાજુબંધ, તોરા ને ગજરા પહેરાવ્યા ને કેળા આદિક ફળ ને ભાજીની આગે ભેટ ધરી. ત્યાંથી ગાડામાં બેસીને **ઉગામેડી** ગયા ને ત્યાં કૂવા ઉપર ઉભા રહ્યા ને પોતે જલપાન કર્યું ને બીજા સર્વે સંત ને પવિત્રાનંદસ્વામીને ભૂમાનંદસ્વામીએ પાણી પાયું ને પછી માણકી ઘોડી હણહણી ત્યારે મહારાજ કહે, ‘‘આ ઘોડી તરસી થઈ છે.’’ ત્યારે તેમણે પાણી પાયું ત્યારે પોતે બોલ્યા જે, ‘‘હે મહાપુરુષો! તમારી જવાની આજ લેખે લાગી.’’ એમ કહીને ત્યાંથી ચાલ્યા તે એક સમડાનું વૃક્ષ આવ્યું ત્યાં તદ્રુપાનંદસ્વામીએ બ્રહ્માનંદસ્વામીને પાણી પીવા આપ્યું. ત્યારે ઘોડી આકળી થઈ તે પાણી ન પીવા દીધું. ત્યારે આનંદાનંદસ્વામીએ ઘોડી પાછી વાળીને ઉભી રાખી ત્યારે પીવા દીધું. તે જોઈને મહારાજે બ્રહ્માનંદસ્વામીને કહ્યું જે, ‘પશુને માહોમાંહી હેત કરવું જણાય છે.’ એમ કહીને ચાલ્યા તે નીંગાળાની નદી ઉતરીને સામે કાંઠે ગયા ત્યારે રઘુવીરજી મહારાજના સેવક જે અરજણ તેને પોતે પૂછ્યું જે, ‘તુને કાંઈ સાંભરે છે ?’ ત્યારે તે કહે જે, ‘કે ગાયુ ચરતો તે દિ મે દૂધ બહુ પીધું છે તે ખાતા સાંભરે છે.’ ત્યારે મહારાજ બોલ્યા જે, ‘તે વાત ટાળીને છાશ પીવા શીખવું.’ એમ કહીને ગુણાતીતાનંદસ્વામી પાસે ‘‘હરિજન સાચા રે જે ઉરમાં હિંમત રાખે’’ એ કીર્તન ગવરાવતા ચાલ્યા તે પોતે તાલી વજાડીને ભેળા ગાવા માંડ્યા તે **ઝીંઝાવદર** આવ્યા. ત્યાં ગામ કેરીયાના હરિભક્ત શેરડીના ભારા લઈને આવ્યા તે પાસે મેલીને પગે લાગ્યા. ત્યારે પોતે ગામથી ઉતરાદે પાસે બાવળીયા તળે વિરાજ્યા ને ત્યાં નિત્યાનંદસ્વામીએ ગોળ ને દાળીયા જમાડ્યા.

પછી બ્રહ્માનંદસ્વામીએ ‘‘મારે મહોલે આવોજી નંદકુમાર’’ કીર્તન ગાયા ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘તમારે ત્યાગીને ગાવું ત્યારે મહોલ તે પોતાના હૃદયને વિષે માનવો ને ગૃહસ્થને ગાવું ત્યારે પોતાનું ઘર તે મહોલ જાણવું.’’ એમ કહીને ભૂમાનંદસ્વામી આદિ સંતને આજ્ઞા કરી જે આ શેરડી છે તે સર્વને વ્હેંચી આલો. ત્યારે તેમણે સારા બે સાંઠા સોમલાખાચરને મહારાજ સારુ આપીને

બીજા સર્વેને વ્હેંચી આપ્યા. તેમની ઉપર પોતે રાજી થયા ને ત્યાં ભાઈસ્વામી થાળમાં પૂરી, લાડુ, અડદની દાળ, તાંદળજાની ભાજી, રીંગણાનું ભરત ને ફૂલવડી કાઢીને ખીચડી એટલા વાના કરીને લાવ્યા. તેને પોતે જમીને ભાઈસ્વામીને પ્રસાદી આપી ત્યારે તેમણે નિત્યાનંદસ્વામીને પ્રસાદી આપી. ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું જે, ''બા ! પંક્તિભેદ ન થાય.'' ત્યારે ભાઈસ્વામીએ કહ્યું જે, ''તમને પહેલી. એમ કહીને તેમને આપી.'' પછી મહારાજ હસીને બોલ્યા જે, 'બ્રહ્માનંદસ્વામીના જેવી જુક્તી કોઈને ન આવડે.'' એમ રમુજ કરીને આનંદસ્વામીને રસોઈ કરાવવા કારીયાણીયે મોકલ્યા ને પોતે ત્યાં ઘણીકવાર ટકીને ઘોડીયે બેસીને ચાલ્યા ત્યારે સોમલેખાચરે શેરડીના માદળીયા મહારાજને આપ્યા. તેને પોતે જમીને ભણનારા સંતને પ્રસાદી આપીને પોતે ગાજતે વાજતે વસ્તા ખાચરના દરબારમાં ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે હરિજન દર્શન કરી રહ્યા ત્યારે પોતે જમવા પધાર્યા. ત્યારે પવિત્રાનંદસ્વામીએ આનંદસ્વામીને કહ્યું જે, 'મહારાજ પિરસે ત્યારે આટલે લાડુયે ન થાય.' ત્યારે તેમણે કહ્યું જે, 'માંહી ઘી નાંખો તો થાય.' ત્યારે કેડે માંહી ઘી ઉનું કરીને નાંખવા ગયા ત્યારે હાથમાંથી કડું નીકળી ગયું તે સર્વે ઘી ચુરમામાં પડ્યું. ત્યારે આનંદસ્વામીએ ઠપકો દીધો જે સદ્‌ગુરુના શિષ્ય થઈને આવા કામ કરો છો? ત્યારે ભૂમાનંદસ્વામીએ કહ્યું જે, 'તમને ઠપકો નહિ આવવા દે.' પછી મહારાજ જમીને સંતને પિરસવા આવ્યા ત્યારે તેમણે મહારાજને કહ્યું જે, 'અમે આજ વાંકમાં આવ્યા છીએ કેમ જે સ્વામીએ થોડુંક ઘી નાંખવાનું કહ્યું હતું પણ કડાઈ વાંકી થઈ ગઈ તેથી વધુ પડી ગયું તે લાડુ વળ્યા નહિ.' ત્યારે પોતે બોલ્યા જે, ''કાંઈ ચિંતા નહિ.'' એમ કહીને બે હાથે પોસો ભરીને પિરસીને સંતને તૃપ્ત કરીને પોઢી ગયા.

સવારમાં ત્યાંથી ચાલ્યા તે ગામ **સમઢીયાળા**ને પાદર ગયા ત્યારે કુંડળના હરિભક્તે કહ્યું જે, 'અમારે ગામ પધારો ને બરવાળાના વાણિયા કહે અમારે ગામ પધારો.' ત્યારે મહારાજ કહે જે, ''આ ઘોડી જે માર્ગે ચાલે તે ગામ આવીયે.'' ત્યારે ઘોડી તો બરવાળાને માર્ગે ચાલી ત્યારે વીરો ભૂતો ને દ્વારકો ભૂતો રાજી થયા ને મહારાજને ગઢમાં ઉતાર્યા. ત્યારે કોઈક અવિદ્યાવાળાએ

કહ્યું જે, 'કેની રજાથી ઉતર્યા છો ?' ત્યારે પોતે ખરે મધ્યાહ્ને ચાલી નીસર્યા ને તડકો બહુ વસમો લાગ્યો પણ નાવડાને પાદર ઘર લીંબડીયોની પાદરના છાયામાં ઉતર્યા ને ત્યાં પોતે બ્રહ્માનંદસ્વામી પાસે કીર્તન ગવરાવવા માંડ્યા તે બ્રહ્મચારી જમવા સારુ તેડવા આવ્યા પણ ઉઠ્યા નહિ. ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "સંતની રસોઈ થઈ છે." ત્યારે પોતે બોલ્યા જે, "ચાલો સંતને જમાડીયે." ત્યારે સ્વામીએ કહ્યું જે, "અયોધ્યાવાસી થાળ કરીને બેસી રહ્યા છે" ત્યારે પોતે જમવા ગયા ને જમીને હીરા સંઘવીની ઓસરીયે વિરાજમાન થયા ને સંતની પંગત ફળિયામાં થઈ. ત્યારે મોટા પરમાનંદસ્વામીને પોતે પૂછ્યું જે, "તમે કેમ જમવા બેઠા નહિ ?" પછી મોટા પ્રજ્ઞાનંદસ્વામીએ કહ્યું જે, "એ તો ઉપવાસી છે તે પ્રસાદી તો જમે." ત્યારે મહારાજે કંસારનો તાસ મંગાવીને હાથ મેલ્યો તે ચીકણો થયો. ત્યારે પોતે કહે જે, "લાવો સર્વે સંતને પિરસીયે." એમ કહીને સંતને કંસાર પિરસીને હાથ ધોઈને આજ્ઞા કરી જે સર્વે તુંબડા ભરી લેજો. આગળ રણ છે. એમ કહીને પોતે ઘોડીએ ચડીને ચાલ્યા તે ગામ **સાંગસર** રાત રહ્યા ને સવારમાં આનંદસ્વામીની ઘોડીને પોતે ફેરવીને કહ્યું જે, "આ ઘોડી બહુ હલવાર છે વાસ્તે તમે ચડવા રાખો." એમ કહીને આપીને ત્યાંથી **ધોલેરે** પધાર્યા ને ત્યાંના હરિભક્ત પૂંજાભાઈ ને ભોજાભાઈ ને વરસાભાઈ, ડાયાભાઈ ને શેઠ ડોસાભાઈ ને પટેલ ખીમાભાઈ એ આદિ સર્વે ભક્તજને સામૈયું લઈને ગાજતે વાજતે મંદિરમાં પધરાવ્યા ને ફરજાની ઓસરીયે ઢોલીયા ઉપર વિરાજમાન થયા. ત્યાં સંતે થાળ કર્યો તે પોતે ત્યાં નાહીને જમ્યા ને તેમાં આંબલીનું પાણી ને સાકર ને ભાત નાંખીને જમ્યા ને કહ્યું જે આનો ગુણ ભારે છે. જેને લૂક લાગી હોય તેને ખવરાવીયે તો ઉતરી જાય. એમ કહી અદ્‌ભૂતાનંદસ્વામીને થાળની પ્રસાદી આપી ત્યાં નાની ઓરડી હતી તેમાં પોતે પોઢ્યા.

સર્વે સંત જમી રહ્યા ત્યાર કેડે સર્વે હરિભક્તોને પોતે કહ્યું જે, 'મદનમોહનજીના મંદિર સારુ બરવાળેથી કાંકરીના ગાડા લાવે તે બોલો. ત્યારે જેણે હા પાડી તેને પોતે છાતીમાં ચરણારવિંદ આપ્યા ને એમ સર્વેને રાજી કરીને ચાલ્યા તે ગામ **આંબલી** પધાર્યા ને બ્રહ્માનંદસ્વામી સાથે રમુજ કરીને

ત્યાંથી **પીપળી** પધાર્યા ને ત્યાં તળાવને કાંઠે રાત રહ્યા. અયોધ્યાવાસીયે થાળ કર્યો તેમને ઉતારે જઈને પોતે જમ્યા ને સવારમાં ત્યાંથી પોતે ચાલ્યા તે ભોગાવાને કાંઠે ગયા ને સંતે ખડનો પાલ બાંધ્યો તે ઉપર પોતે ગાડે બેસીને ઉતર્યા ને સંત ઉપર બહુ રાજી થયા. ત્યાંથી ગામ વાયણે તળાવને કાંઠે અતીતની મઢીની ઓસરીમાં ઉતર્યા. પછી અયોધ્યાવાસીયે થાળ કર્યો તેને પોતે જમીને ચાલ્યા તે નદીને કાંઠે ગયા ને ત્યાં લીંબડાના વૃક્ષ હેઠે ઉતર્યાને સંતે મહારાજનું શરીર દાબ્યું ત્યારે કેડે પોતે નદીમાં નાહીને ગામ **વરસડે** ગયા. ત્યાં તળાવથી ઉતરાદિ તરફ ખેતરમાં ઉતર્યા ને ત્યાં પોતે થાળ જમીને પોઢી ગયા. ત્યાંથી વ્હેલા ઉઠીને ગાડે બેસીને ચાલ્યા તે સંતે ખડની દીવીયો કરી. તેને જોઈને પોતે બહુ રાજી થયા ને ત્યાંથી ઈંદ્રણજ થઈને ગામ **સિંજીવાડે** પધાર્યા. ત્યાંથી પંચાસીયાના ચૈત્ર સુદી રામનવમી ઉપર શ્રીજીમહારાજ **વડતાલ** પધાર્યા ને સર્વે સંતને હરિભક્તને તેડાવ્યા. સર્વ સંત મંડળ આવ્યા તેમને પોતે ઉભા થઈને મળ્યા ને સર્વેને થાળની પ્રસાદી આપી. પછી ગોમતીજીને કાંઠે વેદિકા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંત ને હરિભક્તની આગળ સભા થઈને તે સમે સુરતના હરિભક્તે કિનખાપનો સુરવાળ ને ભારે ઝીણું અંગરખું પહેરાવ્યું ને મસ્તકને વિષે ભારે સોનેરી મંડીલ બંધાવ્યું ને ભાલને વિષે કેસરની અરચા કરીને કંકુનો ચાંદલો કર્યો ને કંઠને વિષે પુષ્પના હાર પહેરાવ્યા ને બાજુબંધને ગજરા પહેરાવ્યા તે પાઘને વિષે તોરા ખોસ્યા. એવી શોભા જોઈને પ્રેમી ભક્તનાં ચિત્ત મહારાજની મૂર્તિને વિષે ખેંચાઈ ગયા. એવી રીતે ભક્તજનને આનંદ પમાડીને ઘોડીયે બેસીને ગાજતે વાજતે મંદિરમાં પધાર્યા. બ્રહ્મચારી તેડવા આવ્યા તે ભેળા જમવા ગયા ને જમીને ધર્મશાળામાં સંતને લાડુ પિરસીને તૃપ્ત કરીને ઉતારે ગયા. સાંજની સભા લક્ષ્મીનારાયણના મંદિરની વાંસે થઈ. તે સમે વડોદરાના હરિભક્તે મહારાજને રાતો રેંટો માથે બંધાવ્યો ને આસમાની રેંટો ખંભે નંખાવ્યો ને ભાલમાં કેસર ચંદનની અરચા કરીને હાર પહેરાવ્યા. પછી લક્ષ્મીનારાયણની આરતી થઈ ત્યારે પોતે દર્શન કરવા ગયા ને પાછા સભામાં પધાર્યા. પછી પ્રજ્ઞાનંદસ્વામી ને ગોવિંદસ્વામી પાસે કીર્તન ગવરાવ્યા. તે ભેળા પોતે પણ તાલી પાડીને ગાવા લાગ્યા. પછી પોતે તે સંત ઉપર રાજી થઈને હાર આપ્યો.

એક દિવસ મહારાજ ગામ **ગઢડા** પધાર્યા ત્યારે સંતે બિરંજની કથરોટો આગળ ધરી ત્યારે પોતે ડંકાવતે બિરંજ ફેરવવા માંડ્યો તે એકવાર ફેરવીને પછી હરિસો પિરસીને સારી પેઠે સંતને તૃપ્ત કર્યા ને સંતની પાસે વડા ને ભજીયા ફેરવ્યા. એમ સંતને જમાડીને પોતે અક્ષર ઓરડીયે પધાર્યા. સાંજને સમે સભામાં આવીને વિરાજમાન થયા ને સર્વે સંતની સભા થઈ ત્યાર કેડે વાડીયેથી હરજીભાઈએ મહારાજને ગુલાબના હાર-તોરા, બાજુબંધ પહેરાવ્યા તે મંદિરનું કામ કરાવનારા જે મોટા પ્રજ્ઞાનંદસ્વામી, નિઃસ્વાદાનંદસ્વામી, સવિત્રાનંદસ્વામી તેમને આપ્યા ને પોતે પોઢવા પધાર્યા.

તેરસને દિવસ પોતે ઓરીયે આવીને વિરાજમાન થયા ત્યારે ભગાશેઠે મહારાજને કહ્યું જે, 'સંતની રસોઈ થઈ છે તે તમે જમવા પધારો' ત્યારે પોતે જમવા ગયા. ત્યારે ભગાશેઠે પૂજા કરીને કંઠને વિષે સોનાની ઉતરી પહેરાવી. એવી શોભાએ સહિત લાડુબાઈની ઓસરીયે સંતને મોતૈયા લાડુ ફેરવવા માંડ્યા તે બે હાથમાં બબ્બે લાડુ લઈને બે કોર હારે પિરસે. એમ પિરસી રહ્યા ત્યારે 'જય સચ્ચિદાનંદ' કહીને સર્વે સંતને જમવાની આજ્ઞા કરીને પોતે જલેબી પિરસવા માંડ્યા તે એક માંગે તેને ત્રણ આપે ને બે માંગે તેને પાંચ આપે. એમ સંતને સારી પેઠે જમાડીને પોઢવા ગયા. પછી રઘુવીરજી મહારાજે શ્રીજીમહારાજને કહ્યું જે, 'અમારે કાલ સંતને જમાડવા છે' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, "રસોઈનો સામાન કરાવો." એમ કહીને પોતે માણકીયે અસવાર થઈને લક્ષ્મીવાડીયે પધાર્યાને ત્યાં વેદિકા ઉપર વિરાજમાન થયા. પછી વાડીના રક્ષક જે ભક્તજન તેમણે ગુલાબ, મોગરા આદિક પુષ્પના હાર પહેરાવ્યાં ને કેરીયો ને કેળા આદિક ફળ મહારાજને ભેટ મેલી ત્યારે કેડે મુક્તાનંદસ્વામી આદિક ગવૈયા ને કહ્યું જે, "તમે કીર્તન ગાવો." ત્યારે સરોદા, દુકડ લઈને કીર્તન ગાયા ત્યારે તેમને પોતે કેરીયો ને કેળાની પ્રસાદી આપી. નિત્યાનંદસ્વામી ને શુકમુની તેમને બે બે કેરીયો આપી ને ભગવદાનંદસ્વામી ને વાસુદેવાનંદસ્વામી આદિ મોટા ભણનારા તેમને એકુકિ કેરી આપીને નાના ભણનારાને એકુકા કેળાની પ્રસાદી આપી. એમ પોતાના ભક્તજનને રાજી કરીને પોતે દરબારમાં પધાર્યા.

બીજે દિવસ પોતે સભામાં આવીને વિરાજમાન થયા ત્યારે રઘુવીરજી મહારાજે બે હાથ જોડીને કહ્યું જે, ‘‘હે મહારાજ ! જમવા ચાલો. થાળ થયો છે.’’ ત્યારે પોતે હસતા થકા તેમને ઘેર પધાર્યા ને સારા બાજોઠ ઉપર બેસારીને પાંચેય ભાઈએ સારી પેઠે ચોળીને નવરાવ્યા ને સુંદર ભારે પીતાંબર પહેરાવ્યું. ગોપાલજી મહારાજ, રઘુવીરજી મહારાજ, વૃંદાવન મહારાજ, સિતારામજી મહારાજ ને બદ્રિનાથજી મહારાજ એ પાંચેય ભાઈએ શ્રીજીમહારાજની ચંદન પુષ્પ વતે કરીને પૂજા કરીને નાના પ્રકારનાં ભોજને કરીને ભરેલો એવો મોટો રૂપાનો થાળ તેને લઈને રઘુવીરજી મહારાજે બાજોઠ ઉપર મેલ્યો. ત્યારે તેમાં વડાં મોટા જોઈને પોતે હસતા હવા ને બિરંજ, હરિસો, દહીંવડા આદિ જમીને રઘુવીરજી મહારાજે આપ્યો જે મુખવાસ તેને પોતે જમીને સંતને પિરસવા પધાર્યા. તેમાં મોતૈયા, જલેબી, બિરંજ, હરિસો તેને પોતે પિરસીને પછી દહીંવડા ફેરવીને સંતને ખીચડી ફેરવ્યાનું કહીને પોતે ઉતારે પધાર્યા. ત્યાર કેડે અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું જે, ‘‘હે મહારાજ! કાલ અમારે સંતને જમાડવા છે.’’ ત્યારે પોતે કહ્યું જે, ‘‘શી રસોઈ કરાવવી છે ?’’ ત્યારે તેમણે કહ્યું જે, ‘‘મોતૈયા લાડુ કરાવવા છે.’’ ત્યારે મહારાજે કહ્યું જે, ‘‘આજથી આરંભ કરશો ત્યારે તૈયાર થાશે.’’ એમ કહીને પોતે સભામાં પધાર્યા ને પોતાના ભક્તજનને દર્શન દઈને ઘણીક વાર્તા કરીને ઉતારે પધાર્યા ને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવવા માંડી તે અધ્યાય પૂરો થયો ત્યારે કથાની સમાપ્તિ કરીને પોઢી ગયા ને સંત ઉતારે ગયા. સવારે ઉઠીને પોતે ઉગમણી ઓસરીયે ઢોલિયા ઉપર વિરાજમાન થયા ને સર્વે સંતની સભા થઈને પોતે જ્ઞાનવાર્તા ઘણી વાર સુધી કરી. પછી અયોધ્યાપ્રસાદજી મહારાજે કહ્યું, ‘‘હે મહારાજ ! રસોઈ તૈયાર થઈ છે તે જમવા પધારો.’’ ત્યારે પોતે તેમના ભેળા પધાર્યા. ત્યારે અયોધ્યાપ્રસાદજી મહારાજે સારી પેઠે શરીર ચોળીને ઉને પાણીએ નવરાવ્યા ને સારુ પીતાંબર પહેરાવ્યું ને મોટા પાટલા ઉપર બેસાર્યા. પછી ભારે રૂપાના થાળમાં નાના પ્રકારના પકવાન ને ભજીયા, વડા ને સાકર નાના પ્રકારના કઢી ને દૂધપાક, અથાણા આદિક સર્વે પિરસીને થાળ બાજોઠ ઉપર મેલ્યો. તેને જોઈને પોતે હસતા જાય ને જમતા જાય. ત્યારે અયોધ્યાપ્રસાદજીના માતુશ્રી

બોલ્યા જે, ''હે મહારાજ! સારી પેઠે જમજો ને જે બાલપણમાં મે તમારા ચરણારવિંદ જોઈને જ તમારા પાસે વચન માંગ્યું હતું તે આપેલું વચન આજ તમે સત્ય કર્યું. માટે સદાય તમારી સેવામાં રાખજો.'' ત્યારે પોતે હસીને બોલ્યા જે, ''નાનપણમાં ભક્તિમાતાએ મુને તમારા હાથનું કાંડુ આપ્યું છે તે હવે કેમ મેલશું ?'' એમ કહીને પોતે ચળું કર્યું ને અયોધ્યાપ્રસાદજી મહારાજે મુખવાસ આપ્યો તેને પોતે જમીને લાડુબાઈની ઓસરીયે સંતને પિરસવા ગયા. મોતૈયા, જલેબી પિરસીને તૃપ્ત કરીને સાકર ને દૂધ ને ભાત પિરસીને રેલ મચાવીને હાથ ધોઈને ઉતારે પધાર્યા.

પછી એકાદશી આવી ત્યારે આસપાસના હરિભક્ત દર્શને આવ્યા ને ધોલેરેથી પૂંજોભાઈ આવીને મહારાજને આગળ એલચી, તજ, લવીંગ, જાયફળ જાવંત્રી આદિક મુખવાસ મેલીને પગે લાગીને કહ્યું જે, 'હાલ મારે રસોઈ આપવી છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''બારસની રસોઈનું તો મોટીબાને નિયમ છે ને તેરશની રસોઈનું તમે રાખો.'' ત્યારે પૂંજાભાઈએ કહ્યું જે, 'તમારી મરજી હોય તેમ કરવું છે.' પછી મહારાજ અક્ષર ઓરડીયે પધાર્યા ને સાંજે મોટી સભા થઈ ત્યારે મહારાજ આવીને વિરાજમાન થયા તે સમે હરિભક્ત સર્વેએ ચંદન પુષ્પાદિકે કરીને મહારાજની પૂજા કરીને સંતે ઝિલણિયા કીર્તન ગાયા. ત્યારે કેડે આરતી ધૂન કરીને પોઢવા ગયા. બારસને દિવસે પોતે ઉગમણી ઓસરીયે વિરાજમાન થયા ને સંત આવીને બેઠા. પછી પોતે ઘણીક ઉપવાસની વાર્તા કરી પછી મોટીબાયે દાદાખાચરને કહ્યું જે, 'મહારાજને કહો જે રસોઈ થઈ છે તે જમવા પધારો.' ત્યારે પોતે જમવા પધાર્યા. તે જમી રહ્યા ત્યારે દાદાખાચરે મહારાજની ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી. પછી પોતે સંતને પિરસવા પધાર્યા ને લાડુ પિરસીને સંતને તૃપ્ત કરીને પધાર્યા.

તેરશને દિવસે મહારાજ સભામાં વિરાજમાન થયા ને સર્વે સંત આવીને સભામાં બેઠા. પછી પૂંજેભાઈએ કહ્યું જે, 'રસોઈ તૈયાર થઈ છે.' ત્યારે મહારાજ જમવા પધાર્યા ને જમી રહ્યા ત્યારે પૂંજોભાઈએ ઝીણું અગરખું પહેરાવ્યું ને માથે રેંટો બંધાવ્યોને ભાલમાં પીળા ચંદનની અર્ચા કરીને તેમાં કંકુનો ચાંદલો કર્યો ને બે ચરણારવિંદને વિષે ચંદન ચરચ્યું ને કંકુના ચાંદલા

કર્યા ને વિશેષ ગુલાબ, મોગરા આદિક પુષ્પના હાર પહેરાવ્યા ને ભૂજાને વિષે ગજરા, બાજુબંધ બાંધ્યા. એવી શોભાએ જુક્ત થકા સંતને પિરસવા પોતે ખભ્ભે ખેસ નાંખીને તેણે કેડ બાંધીને સંતની પંગતિમાં પ્રવેશ કર્યો. તે સમે શ્રીજીમહારાજની મૂર્તિને વિષે સંતની ચિત્તવૃત્તિઓ આકર્ષણ થઈ ગઈ. ત્યારે પોતે હસીને લાડુ પિરસવા માંડ્યા ને સંત સારી પેઠે જમીને તૃપ્ત થયા ને ઉતારે પધાર્યા. ત્યારે દાદાખાચરે કહ્યું જે પાંચુબાઈને કાલ રસોઈ દેવી છે. ત્યારે પોતે કહ્યું જે બહુ સારુ. પછી બીજે દિવસે રસોઈ થઈ ત્યારે નાગમાલે મહારાજને કહ્યું જે રસોઈ થઈ છે તે જમવા પધારો. ત્યારે પોતે ગંગાજળીયા કૂવા આગળ નાહીને ઓટા ઉપર જમવા બેઠા. જમી રહ્યા ત્યારે કેડે નાગમાળે ચંદન પુષ્પાદિકે કરીને પૂજા કરી. ત્યાર કેડે પોતે સંતને પિરસવા ગયા ને ઉગમણી ઓસરીયે ને બે ઓરડામાં સંતની પંગતિ થઈ ત્યારે મહારાજ લાડુ પિરસવા માંડ્યા તે સંતને સારી પેઠે તાણ કરીને પિરસીને તૃપ્ત કર્યા. ત્યારે પાંચુભાઈએ મહારાજને કહ્યું જે, "લાડુ તો બહુ વધ્યા છે. ત્યારે પોતે એક લાડુના બે ભાગ કરીને માંહી આંગળીયો ખૂચી જાય એમ દાબીને "લ્યો ! ગુરુપ્રસાદ" એમ કહીને પોતે પિરસવા માંડ્યા ને કહ્યું જે, "નૂગરા હશે તે નહિ લે." એમ કહીને સર્વે લાડુ ખૂટાડી દીધા. પછી પોતે પૂછ્યું જે, "હવે લાડુ કેટલા છે ?" ત્યારે પાંચુભાઈ કહે દશ બાર લાડુ છે. ત્યારે મહારાજે કહ્યું જે, "એટલા પ્રસાદીના રહેવા દ્યો." એમ કહીને પોતા પાસે હાર હતો તે નાગમાલને આપ્યો. એમ નિત્ય નવીન રસોઈ કરાવીને સંત ને હરિભક્તને રમુજ કરીને પોતે બહુ સુખ દેતા હવા.

તે સમે જુનેગઢથી ગગોભાઈ આવ્યા. તેમને પોતે ત્યાંના મંદિરના સમાચાર પૂછ્યા ત્યારે તેમણે જેમ હતું તેમ કહ્યું ત્યારે પોતે તેમને હાર આપ્યા. પ્રેમાનંદસ્વામીએ મહારાજને હાર તોરા, બાજુબંધ, ગજરા પહેરાવ્યા ત્યારે પોતે તેમની પાસે દુકડ સરોદા વજાડાવીને કીર્તન ગવરાવીને પોતે ખસતા ખસતા પાસે જઈને તેમને રાજી થઈને હાર તોરા, બાજુબંધ સર્વે આપ્યા. એમ લીલા કરીને પોતે ઉતારે ગયા ને નિત્યાનંદસ્વામી પાસે કથા કરાવી. તેમાં ભરતજીનું આખ્યાન આવ્યું ત્યારે પોતે બોલ્યા જે, "ભરતજી જેવા સમર્થ હતા

તેમને પણ મૃગમાં હેત રહી ગયું તો તેમને ત્રણ જનમ ધરવા પડ્યા. વાસ્તે ત્યાગીને ભગવાન વિના ક્યાંય હેત રાખવું નહિ.'' એમ વાર્તા કરીને કથાની સમાપ્તિ કરાવીને પોઢી ગયા.

એક દિવસ પોતે વાવે સંતમંડળને પોતાના પાર્ષદ તેમણે સહિત પધાર્યા ત્યારે સચ્ચિદાનંદસ્વામીએ મહારાજને ગુલાબના કંઠથી તે ઢીંચણ પર્યંત લાંબા હાર પહેરાવ્યા ને પાઘને વિષે તોરા ને ભુજ ને વિષે બાજુબંધ ને ગજરા બાંધ્યા. એવી રીતે પુષ્પમાં ગરકાવ કર્યા ને કેરીયો ને કેળા લાવીને આગળ મેલીને પગે લાગ્યા. પછી કેરીયો ને કેળા જમીને સંતને પાર્ષદ ને પ્રસાદી આપી. એમ પોતાના ભક્તજનને આનંદ પમાડીને પુષ્પમાં ગરકાવ થયા થકા દરબારમાં પધાર્યા ને એમ બીજે દિવસે પોતે લક્ષ્મીવાડીયે પધાર્યા ને આંબા તળે થઈને ચાલ્યા ત્યારે કેરીયો માથે અથડાણી ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, 'આ વૃક્ષના પુણ્યનો પાર નહિ.' ત્યારે મહારાજ બોલ્યા જે, ''એ તો વૃક્ષનો દેહનો ત્યાગ કરીને ભગવાનના ધામને પામશે.'' એમ કહીને પોતે વેદિકા ઉપર વિરાજમાન થયા. ત્યારે વાડીના ભક્તે ગુલાબ, મોગરો, જૂઈ, ચમેલી આદિ પુષ્પના હાર પહેરાવ્યા ને કેરીયો લાવીને મહારાજ આગળ મેલી. તેને જોઈને રાજી થયા ને જમીને મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી આદિ સંતને પ્રસાદી આપીને પોતે દરબારમાં પધાર્યા.

એક દિવસ લીંબડાને ચારેકોર ભેંસો ઉભી હતી તે સંતને બેસવાનો મારગ રહ્યો નહિ ત્યારે મહારાજ બોલ્યા જે, ''આજ ભેંસો કેમ ચારવા લઈ ગયા નથી? ત્યારે સોમલે ખાચરે કહ્યું જે બીજલો રીસાણો છે. ત્યારે પોતે તેને કહ્યું જે તું ઘેર હોત તો તારે કર્માધીન થઈને સર્વે ગામની ભેંસો ચારવી પડત ને અમારે વચને કરીને ચારે છે તે તારા મોટા ભાગ્ય જાણ. એમ કહીને પોતે માથાનું મોળીયું તેને આપ્યું. બીજે દિવસ જોધો ભરવાડ રીસાણો. તેને પોતે સમજાવીને અંગરખું આપીને મનાવ્યો. એમ સર્વે જનને પોતાનું ભક્તાધીનપણું દેખાડતા થકા દાદાખાચરની ભેંસો, ગાયું ચરાવતા હવા ને પોતે ઉપર બેસીને મંદિરનું કામ ચલાવતા હવા ને સાંજનો પહોર થાય ત્યારે પોતે કેરીયો જમીને કારખાનાના જે સંત, પાળા ને કડિયા તેમને આપે.

એક દિવસ પોતે ઉગમણી ઓસરીયે વિરાજ્યા હતા ને કડિયે કહ્યું જે, “ચૂનો થઈ રહ્યો છે.” ત્યારે મહારાજે ભણનારા સંતને કહ્યું જે, “તમારે ચૂનો કૂટી આલવો. એટલું કામ માથે રાખો.” ત્યારે સંત કહે જે, “બહુ સારુ મહારાજ ! એમ કહીને ચૂનો કૂટવા માંડ્યો” ત્યારે તેમને પોતે રાજી થઈને સર્વેને એકુકો હાર આપ્યો. એમ હંમેશા ચૂનો કૂટાવે ને હાર આપીને મંદિરનું કામ ચલાવતા હવા.

**(ઈતિ પંચાસીની લીલા સંપૂર્ણ)**

**(ઈતિ શ્રી સર્વાવતારધારી શ્રી સહજાનંદસ્વામી શિષ્ય ભૂમાનંદમુનિ વિરચિતઃ શ્રી હરિલીલામૃતમ્ ગ્રંથ સમાપ્તઃ)**






-: પ્રકાશક :-


વડતાલ મેનેજીંગ ટ્રસ્ટી બોર્ડ વતી

મુખ્ય કોઠારીશ્રી શા. શ્રી સંતવલ્લભદાસજી સ્વામી (Ph.D., D.Litt.)

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંસ્થાન

પીન. - ૩૮૭૩૭૫.

**E-mail :** vadtaldhamvikas@gmail.com ❇ **Website :** www.vadtalmandir.org